
મુનશી દંપતીનાં

બીજાં પુસ્તકો

નવલિકાઓ	૩-૮
નરસૈયો ભક્ત હરિનો	છપાય છે
નર્મદ	૧-૪
ગુજરાતની અસ્મિતા	૧-૮
શિશુ ને સખી	૨-૦
થોડાંક રસદર્શનો	૨-૦
અખંડ હિંદુસ્તાન	૫-૮
રેખાચિત્રો	૨-૮
કુમારદેવી	૧-૪
જીવનમાંથી જડેલી	છપાય છે

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો · અમદાવાદ


ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા
ગાંધીરસ્તાઃ અમદાવાદ.



શ્રીમુનશી હીરકમહોત્સવ

ગ્રંથાવલિ : ગ્રંથ નં. ૧



શ્રીમુનશી હીરકમહોત્સવ

ગ્રંથાવલિ : ગ્રંથ નં. ૧

ભગવાન પરશુરામ

મુનશી દંપતીનું સાહિત્ય

વેરની વસૂલાત
પાટણની પ્રભુતા
કોનો વાંક ?
નવલિકાઓ
ગુજરાતનો નાથ
વાવાશેઠનું સ્વાતંત્ર્ય
પૃથિવીવલ્લભ
રાજાધિરાજ
પુરંદરપરાજય
અવિભક્ત આત્મા
સ્વપ્નદ્રષ્ટા
તર્પણ
બે ખરાબ જણ
ભગવાન કૌટિલ્ય
કેટલાક લેખો ભાગ ૧–૨
ગુજરાતના જ્યોતિર્ધરો
આજ્ઞાંકિત
કાકાની શશી
ધ્રુવસ્વામિની દેવી
પુત્રસમોવડી
બ્રહ્મચર્યાશ્રમ
સ્નેહસંભ્રમ
શિશુ અને સખી
થોડાંક રસદર્શનો
લોપામુદ્રા ભા. ૧ (વિશ્વરથ)
લોપામુદ્રા ભા. ૨ (શંબરકન્યા)
લોપામુદ્રા ભા. ૩ (દેવે દીધેલી)

નરસૈંયો ભક્ત હરિનો
આદિવચનો ભાગ-૧
લોપામુદ્રા ભા. ૪ (વિશ્વામિત્ર ઋષિ)
પીડાગ્રસ્ત પ્રોફેસર
Gujarata & Its Literature
નર્મદ: અર્વાચીનોમાં આદ્ય
જય સોમનાથ
I follow the Mahatma
Early Aryans in Gujarat
અડધે રસ્તે
Akhand Hindustan
આદિવચનો ભા. ૨
મારી બિનજવાબદાર કહાણી
The Indian Deadlock
The Aryans of the West Coast
The Imperial Gurjars
લોમહર્ષિણી
અખંડ હિંદુસ્તાન (ગુ. ભાષાંતર)
The Bhagwadgita and Modern Life [છપાય છે]
ભગવાન પરશુરામ
કેટલીક વિભૂતિઓ [છપાય છે]
ડૉ. મધુરિકા [છપાય છે]
રેખાચિત્રો અને બીજા લેખો
કુમારદેવી
જીવનમાંથી જડેલી
રેખાચિત્રો, જૂનાં અને નવાં

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરસ્તો : અમદાવાદ.

શ્રી મુનશી હીરક મહોત્સવ ગ્રંથાવલિ ગ્રંથ નં. ૧

મુનશી ક્રમાંક : ૮

ભગવાન પરશુરામ

લેખક :

કનૈયાલાલ માણેકલાલ મુનશી

: પ્રકાશક :

ભારતીય વિદ્યાભવન તરફથી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરસ્તો : અમદાવાદ

પ્રથમ આવૃત્તિ : ૧૯૪૬

કીમત : ૫॥ રૂપિયા

પ્રકાશક :
ભારતીય વિદ્યાભવન તરફથી
શંભુલાલ જગશીભાઈ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરસ્તો : અમદાવાદ

મુદ્રક :
મણિલાલ કલ્યાણદાસ પટેલ
શ્રી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ
પાંચકૂવા દરવાજા બહાર
અમદાવાદ

પ્રસ્તાવના

૧૯૨૧-૨૨ માં મહાભારત અને પુરાણોની પ્રેરણાથી મેં પૌરાણિક વિષયો પર નાટક લખવાનો પ્રારંભ કર્યો. તે વખતથી મારો સંકલ્પ હતો કે મારે મહાભારતના પ્રસંગોની પૂર્વકથાની કૃતિઓની એક માળા લખવી.

એને માટે જે મેં થોડોવત્તો અભ્યાસ કર્યો હતો તે નીચેના લેખોમાં મેં પ્રગટ કર્યો છે.

૧ પ્રાચીન ભારતીય ઇતિહાસનાં સીમાચિન્હો. (સમાલોચક ૧૯૨૨)

2 Mahismati (Indian Antiquary , 1923).

3 Early Aryans in Gujarata.
(Vassanji madhavji lecture's delivered in The University of Bombay, 1938)

4 The Legend of Parashurama
(Address at the Bhandarkar Oriental Institute Poona, 1944).

5 The Aryans of the west coast.
(Glory that was Gurjardesh Vol. I).

પહેલાં બાર નાટકોનો એક (એને મહાકાવ્ય ભાગ્યે જ કહેવાય) મહા-નાટક લખવાનો સંકલ્પ કર્યો હતો, અને તે પ્રમાણે ૧૯૨૨ માં પુરંદરપરાજય, ૧૯૨૩ માં અવિભક્ત આત્મા, ૧૯૨૪માં તર્પણ

ને ૧૯૨૯માં 'પુત્રસમોવડી' લખ્યાં. ૧૯૩૨માં એ જ મહા–નાટકના ઉપોદ્ઘાત રૂપે 'વિશ્વરથ'ની નવલકથા લખી, પછી 'શંબરકન્યા' 'દેવે દીધેલી' ને 'વિશ્વામિત્ર ઋષિ,' એમ ત્રણ નાટકો લખ્યાં. આ ચારે લોપામુદ્રાના ભાગ ૧–૨–૩–૪ તરીકે પ્રગટ થયાં છે.

પછી મને ભાન આવ્યું કે નાટક ગુજરાતી વાચકોને સુગમ નથી ને ગમતું ય નથી. 'દેવે દીધેલી' જેવા નાટકે ભાગ્યે જ ધ્યાન ખેંચ્યું. એથી આ મહાનાટકનો ઉત્તરાર્ધ નવલકથા રૂપે જ લખવાનો મેં વિચાર રાખ્યો. એને બે ભાગમાં વહેંચી નાંખી. 'લોમહર્ષિણી' અને 'ભગવાન પરશુરામ.'

આ મહા–નાટક ચાર સ્વાભાવિક સ્કંધોમાં વહેંચાઈ જાય છે.

પહેલો સ્કંધ

૧ દેવો ને દાનવો વચ્ચે યુદ્ધ. માનવોનો રાજા યયાતિ દાનવોના ગુરુ શુક્રાચાર્યની પુત્રી દેવયાનીને પરણે છે. યયાતિ ઇન્દ્રાસન મેળવે છે ને ખુવે છે. દાનવો અને માનવોની કાયરતાથી કંટાળી શુક્રાચાર્ય તેમને છોડી ચાલી જાય છે. અપુત્ર પિતાને પુત્રરૂપ નીવડેલી દેવયાની એમની સાથે ચાલી જાય છે. આમ ભૃગુઓમાં આદ્ય એવા શુક્રાચાર્યની કથા શરૂ થાય છે. ('પુત્રસમોવડી').

૨ સપ્તર્ષિઓ સાથે અરુંધતી કેમ સ્થાન પામી, આર્યોને સપ્ત સિંધુમાં આવતાં શી શી મુશ્કેલીઓ પડી, પતિ ને પત્નીની તન્મયતાનો આદર્શ સંસ્કૃતિને કેમ સાંપડ્યો તેનું દર્શન. ('અવિભક્ત આત્મા')

૩ નર્મદાને તીરે વસતા શાર્યાતોની રાજકન્યા સુકન્યા ભૃગુઓમાં શ્રેષ્ઠ એવા ચ્યવન ઋષિને પરણી. નર્મદાતીરે આર્યો પહેલાવહેલા આવ્યા, ચ્યવને ઇન્દ્રને હંફાવ્યો એ પ્રસંગ. ('પુરંદરપરાજય')

આ સ્કંધમાંનું વસ્તુ ઋગ્વેદકાલમાં પણ કથારૂપે હતું. આમ માનવઇતિહાસના ઉષઃકાલમાં આર્ય સંસ્કૃતિનું દર્શન કરવાનો પ્રયત્ન આ સ્કંધમાં છે.

બીજો સ્કંધ.

આમાં ઋગ્વેદકાલનું પ્રારંભિક દર્શન છે. જે હકીકતોની આસપાસ એ રચાયું છે, તેમાંની કેટલીક ઋગ્વેદમંત્રોમાંથી લીધેલી છે.

૧ આર્યો ને દસ્યૂઓ વચ્ચે વિગ્રહ ચાલ્યા કરે છે. તુત્સુઓનો રાજા દિવોદાસ દસ્યૂઓના રાજા શંબરને મારી તેના ગઢ લઈ લે છે.

૨ ઋષિ લોપામુદ્રા મહર્ષિ અગત્સ્યનું સંવનન કરે છે ને તેને પરણે છે.

૩ તુત્સુઓનું પુરોહિતપદ જે વસિષ્ઠ પાસે હતું તે વિશ્વામિત્રને મળે છે.

૪ વિશ્વામિત્ર ઋષિ ગાયત્રી મંત્રનું દર્શન કરે છે.

આ સાથે કેટલીક પુરાણોની હકીકતો પણ લીધી છે.

૧ ભાર્ગવ ઋચિક નર્મદાતીરે આવેલી માહિષ્મતીના હૈહય જાતિના રાજા મહિષ્મતને શાપ આપી નર્મદાતટ પરથી સરસ્વતીને તીરે આવે છે, ગાધી રાજાની છોકરીને તે પરણે છે. તેને જમદગ્નિ નામનો છોકરો થાય છે. મામા ને ભાણેજ બન્ને સાથે ઊછરે છે.

૨ વિશ્વામિત્ર અને વસિષ્ઠ વચ્ચે વેર બંધાય છે.

૩ વિશ્વામિત્ર રાજપદ છોડી ઋષિ બની જાય છે અને વિશ્વામિત્રના નામથી ઓળખાય છે.

આ હકીકતો પર 'વિશ્વરથ', 'શંબરકન્યા', 'દેવે દીધેલી', ને 'વિશ્વામિત્ર ઋષિ' રચાયાં છે.

ત્રીજો સ્કંધ

ઋગ્વેદમાં સમાયેલા મુનિ વસિષ્ઠ અને મહર્ષિ વિશ્વામિત્રના મંત્રો જે કાલમાં બોલાયલા—જેને ખરો ઋગ્વેદકાલ કહેવાય—તે સમયની કથા આ લોમહર્ષિણી છે. એ નીચેની હકીકતોને આધારે વણાઈ છે.

૧ તુત્સુઓના રાજા સુદાસનું પુરોહિતપદ વિશ્વામિત્ર ભોગવતા તે વસિષ્ઠ લઈ લે છે.

૨ વસિષ્ઠે પ્રેરેલા સુદાસ, અને વિશ્વામિત્રે પ્રેરેલા દશરાજાઓ વચ્ચે યુદ્ધ શરૂ થાય છે, જેને 'દાશરાજ્ઞ' કહ્યું છે.

૩ વિશ્વામિત્ર આર્ય—દસ્યુઓનો ભેદ કાઢવા મથતા હતા. વસિષ્ઠ મુનિ આર્યોની સનાતન શુદ્ધિ ને વિદ્યાના પ્રતિનિધિ હતા.

૪ અજિગર્તના પુત્ર શુનઃશેપનો નરમેધ થતો હતો તે વિશ્વામિત્રે અટકાવ્યો, જે પ્રસંગ ઐતરેય બ્રાહ્મણમાં મળે છે.

૫ રાજા સુદાસની મદદમાં જે વીતહવ્યો હતા, તેજ પુરાણોમાં દર્શાવેલો, નર્મદાતટના હૈહય તાલજંઘા જાતિનો સમૂહ હતો.

પુરાણોમાં કોઈ ઠેકાણે પરશુરામનું બાલપણ નથી આપ્યું. આવતા સ્કંધના પુરોગામી સ્કંધ તરીકે આમાં પરશુરામનું બાલપણ આપ્યું છે.

ચોથો સ્કંધ.

૧ આમાં પરશુરામનું જીવન આવી જાય છે. એમાંનું વસ્તુ પુરાણોમાથી લીધું છે. ઋગ્વૈદિક કાળ અને બ્રાહ્મણોમાં દર્શાવેલા કાળ વચ્ચે ફેર કેમ પડયો તેની એ કથા છે.

૨ આના ઉપસંહાર રૂપે 'તર્પણ' આવે, જેમાં ઔર્વ પરશુ-

રામ પાસેથી જામદગ્ન્યાસ્ત્ર મેળવે છે.

આમાં શુક્રાચાર્યથી તે સગર રાજા સુધીની કથાઓનો આ ચાર સ્કંધમાં સમાવેશ થાય છે.

આ મહાનાટક માટે જે આધારો છે તે થોડાંક નાટકો પર શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીજીએ આપેલાં ટિપ્પણોમાં અને મેં ઉપર દર્શાવેલા સંશોધાત્મક લેખોમાં જડશે.

આ પુરાણકથાઓ એક અર્વાચીન નવલકથાકારે છેલ્લાં પચ્ચીશ વર્ષમાં રચેલી કૃતિઓ છે. મહાભારત, રામાયણ ને ભાગવતના કર્તાઓએ પુષ્કળ કાલ્પનિક સામગ્રીઓ ઉમેરી છે; પણ એ તો હવે સૈકાઓએ પુનિત કરી મૂકી છે. મેં જે સામગ્રી ઉમેરી છે; તેને કેટલાક અક્ષમ્ય પણ ગણે.

પણ મારી આગળ તો એક જ પ્રશ્ન હતો; વૈદિક ને પુરાણ કાળનાં દર્શન કરવાનો અને કરાવવાનો. એ સ્વનિયોજિત કર્તવ્ય કરવામાં મેં સામગ્રીની શોધ માટે ઋગ્વેદપુરાણની મદદ બની તેટલી લીધી છે. પણ એ તો સામગ્રી; આ મહાનાટક તો તે વડે રચાયલી સ્વતંત્ર કલાકૃતિ છે. માનવજીવનના મારા આદર્શો અને મારી જે કાંઈ સર્જક શક્તિ છે, તેનાથી જ આ ચણતર થયું છે.

૧૯૨૨ થી ૧૯૪૫ સુધીનાં તેવીશ વર્ષમાં આ મહાનાટક પૂરું થયું ગણાય. પ્રચંડ માનવીઓ ને પ્રચંડ પ્રસંગોનાં મારાં સ્વપ્નાં એમાં આલેખવાનો પ્રયત્ન છે.

વસિષ્ઠ–અરુંધતીના ઉદ્દ્ગારો, શંબરકન્યા ને વિશ્વરથનો પ્રેમ; લોપામુદ્રાનું સંવનન, રામ જામદગ્નેયની બાલચેષ્ટા, વિશ્વામિત્રનું અભયસંશોધન અને પરશુરામના કેટલાક જીવનપ્રસંગો મારા કથનપ્રયોગોમાં સફલમાં સફલ હું માનું છું.

શુક્રાચાર્યથી ઔર્વ સુધી અવિછિન્ન ચાલી આવતી પરંપરા એમાં છે. એવી ગગનસ્પર્શી માનવતા વિના સનાતન આર્ય સંસ્કૃતિનો પાયો નંખાયો ન હતો. આર્યત્વ ને આર્યાવર્ત બન્નેનાં દર્શન મને એમની દ્વારા થયાં છે.

મારા પર એક આક્ષેપ જરૂર થવાનો કે આ મહાનાટકમાં ભૃગુવંશના મહાપુરુષોની મેં કથા માંડી છે. હું ભરુચનો ભાર્ગવ બ્રાહ્મણ રહ્યો, એટલે ગુજરાતીઓ એમ કહેવાના જ. પણ જે અભ્યાસીઓ છે તે તો સમજી શકશે કે ભૃગુવંશ એ વૈદિક ને પુરાણકાળની એક મહાપ્રચંડ શક્તિ હતી. શુક્રાચાર્ય, દેવયાની, ચ્યવન, સુકન્યા, સત્યવતી ને રેણુકા, ઋચિક, જમદગ્નિ, શુનઃશેપ, પરશુરામ ને કવિ ચાયમાન, ઔર્વ ને માર્કંડેય એ મહાપ્રતાપી નામો છે. ભૃગુસંહિતાઓના ઠેર ઠેર ઉલ્લેખ જડે છે. મહાભારત એ તો ભૃગુઓ ઘડયું મહાકાવ્ય છે એ તો સદ્‌ગત ડૉ. સુખતણકર જેવા પ્રતિપાદન કરી ગયા છે અને ઋષિઓમાં કોઈ ઈશ્વરના અવતાર સ્વીકારાયા હોય તો ભગવાન પરશુરામ એકલા જ છે. હિમાલયમાં આવેલા પરશુરામ-શૃંગથી તે ત્રાવણકોર સુધી સ્થળેસ્થળ એમનાં પુણ્યસ્મરણોથી અંકિત છે. આખું મહાભારત એમના પ્રતાપની પશ્ચાદભૂની ભભકથી દીપી ઊઠે છે.

વર્ષો પહેલાં મેં પરશુરામ પર એક લેખ લખ્યો હતો તે અહીંયાં ફરી આપું છું. એમાં પરશુરામ વિષે કંઈક માહિતી ભેગી કરી છે.

આર્યજીવનનો પ્રાતઃકાલ હતો. આર્યોની મુખ્ય જાતિઓ પંજાબમાં વસી હતી; કેટલીક જાતિઓએ આગળ વધી ગંગા ને યમુનાને તીરે રાજ્ય સ્થાપ્યાં હતાં; બીજીઓ મથુરાનો પ્રદેશ છોડી છેક નર્મદાના તીર પર આવી વસી હતી. ધીમે ધીમે આ દેશના અસલ વતનીઓ—નાગલોકો, દસ્યુઓ, દૈત્યો પાછા હઠતા હતા.

પણ આર્યજીવનનું કેન્દ્રસ્થાન હતું, સરસ્વતી ને દૃષદ્વતીની

વચ્ચેના પ્રદેશમાં આજના સરહિંદ જિલ્લાની આસપાસ. એ જ ખરું આર્યાવર્ત હતું. તે જ આર્યોની પવિત્ર ભૂમિ હતી. ત્યાં યદુ ને પુરુ, ભરત ને ત્રિત્સુ, તુર્વસુ, અનુ ને દ્રહ્યુ, જન્હુ ને ભૃગુ જાતિઓ વાસ કરી રહી હતી, ત્યાં આર્યસંસ્કાર ને ધર્મના સ્થાપક મહર્ષિઓ—વસિષ્ઠ ને વિશ્વામિત્ર, જમદગ્નિ ને અંગીરા, ગૌતમ ને કણ્વના આશ્રમોમાંથી નીકળતી દિવ્ય ઋચાઓનો ધ્વનિ આર્યોના ઉત્કૃષ્ટ આત્માને શબ્દોમાં વ્યક્ત કરી રહ્યો હતો.

આ ભૂમિમાં જે રાજાએ સત્તા ભોગવી તે ચક્રવર્તી; જેણે તપ આચર્યું તે ઋષિ; જેણે ઋચા ઉચ્ચારી તે મંત્રદ્રષ્ટા; જે પ્રથાઓ પડી તે આચરણનું ધોરણ; અને જે સંસ્કારો પ્રગટ્યા તે ધર્મ–કર્મનાં મૂલ. અને છેક વારાણસીના તટથી તે નર્મદાના તટસુધી પ્રસરી રહેલી બીજી આર્યજાતિઓ વિગ્રહો કરતી, રાજ્યો સ્થાપતી, આગળ વધતી; છતાં પ્રેરણા માટે, ઉત્તેજન તેમજ છેવટની શાંતિ માટે આર્યાવર્ત તરફ ફરતી.

આ આર્યાવર્તમાં રહેનાર ઋષિઓમાં શ્રેષ્ઠ ને સંસ્કૃત ભરત જાતિના વિશ્વામિત્ર હતા. તે ઋગ્વેદની મુખ્ય ઋચાઓના કર્તા હતા. અને પુરુ અને ત્રિત્સુ જાતિના વિગ્રહમાં એકમેકની સામે અવારનવાર ભાગ લેતા. સંસ્કાર અને પવિત્રતામાં તેમની હરીફાઈ કરે એવા તો માત્ર વસિષ્ઠ મુનિ જ હતા.

આ વિશ્વામિત્રના પિતા ગાધિન્ (ગાધી) જન્હુ કુલના હતા. તેને ત્યાં ભૃગુજાતિના અને કાવ્યકુલના ઔર્વ ઋચિક આવ્યા, ઋચિકે હજાર શ્યામવર્ણ ઘોડા ગાધીને આપી રીઝવ્યા, અને તેની પુત્રી સરસ્વતી સાથે લગ્ન કર્યું.

જે ભૃગુઓના નેતા ઋચિક હતા તેઓ અગ્નિપૂજક ઋષિઓ હતા. તેઓ મંત્રજંત્ર વિદ્યામાં કુશળ મનાતા. અથર્વવેદ તેમનો જ

ગણાતો, અને તેમણે જ અગ્નિને અગ્નિ પર આણ્યો એવો તે દાવો કરતા હતા.

તેમના એક પૂર્વજ કવિ ઉશનસ્ (શુક્રાચાર્ય) અનાર્ય જાતિના આદિ ગુરુ હતા. તે પુરુ, યદુ, અનુ, દ્રુહ્યુ અને તુર્વસુ એ પંચજનોના મૂલ પુરુષ મનાતા યયાતિ રાજાના સસરા હતા. તેમના આચારવિચાર આર્યાવર્તની નજરે વિશ્વામિત્ર કે વસિષ્ઠ જેવા શુદ્ધ નહોતા. પણ એ પવિત્ર પ્રદેશની બહાર જ્યાં આર્યોના સંસ્કાર ઘણા શુદ્ધ રહેતા નહીં, જ્યાં અનાર્યો જોડે સમાધાન અને સંબંધ કરવા પડતા હતા, ત્યાં ભૃગુઓનું ધાર્મિક બલ ઘણું સજ્જડ હતું.

આ ભૃગુઓ માત્ર ધર્મગુરુઓની પદવીથી રાચતા નહીં. તેઓ અડગ યોદ્ધા હતા, અને આર્યાવર્તમાં વસેલી ઘણી આર્યજાતિઓની પડખે ઊભા રહી તેઓ લડતા. યદુ, તુર્વસુ ને દ્રુહ્યુ જાતિની તે મદદે હતા; પકથ ને શાર્યાતોના પણ તે શાગીર્દ હતા. અને જો કે આર્યાવર્તના સાંસ્કારિક જીવનમાં તેમનું સ્થાન ઊતરતું ખરું, પણ ત્યાંના રાજકીય જીવનમાં તો ભાર્ગવોનું સ્થાન અનન્ય હતું.

ગાધીના જામાતા ઋચિકે સત્યવતીને વિષે જમદગ્નિ ઉત્પન્ન કર્યા. જમદગ્નિ ને વિશ્વામિત્ર—ભાણેજ ને મામા—સાથે જન્મ્યા ને સાથે ઊછર્યા લાગે છે, અને ભાણેજ પણ મામાની સાથે આર્યાવર્તમાં જ રહી, ઊંચા આર્યસંસ્કાર પામ્યા હોય તેમ જણાય છે. ઋગ્વેદમાં એક ઋચાના સહયોજક જમદગ્નિ અને વિશ્વામિત્ર બન્ને છે.

પણ ઋચિક ઔર્વની ખરી સત્તા ને પ્રભાવનો મહિમા આર્યાવર્ત બહાર જ પ્રવર્તતો. સિન્ધુથી ભાગીરથી ને મદુરાથી નર્મદા સુધી તેની હાક વાગતી. ઋચિક ઋષિના આત્મજ જમદગ્નિ સાત્ત્વિક વૃત્તિના હતા. પિતા દેવલોક પામ્યા, તે વખતે ઇશ્વાકુ વંશની રાજકન્યા રેણુકા સાથે લગ્ન કરી આર્યાવર્તનું નિર્મલ અને સંસ્કારી જીવન

વીતાવતા હતા. તેને ચાર કે પાંચ પુત્રો હતા, જેમાં નાનામાં નાના રામ, જેમનો જન્મ વૈશાખ સુદ ૩ ને દિવસે થયો હતો એમ મનાય છે. તે સર્વશાસ્ત્રસંપન્ન હતા. તેની રગોમાં જગજૂના અગ્નિપૂજક ભૃગુ-ઓનું પ્રતાપી લોહી વહેતું હતું. અને ઋચિક ને સહસ્રાર્જુન જેવાએ આદરેલા ભયાનક વિગ્રહોમાં ભાગ લઈ તેમણે શૌર્ય ને મહત્ત્વાકાંક્ષા પ્રાપ્ત કર્યાં હતાં. અને છતાં તે ઉછર્યા હતા વિશ્વામિત્ર અને જમદગ્નિના ખોળામાં, સરસ્વતી કે દૃષદ્વતીને તીરે, જ્યાં વાણીની શુદ્ધિ જેટલી પ્રિય હતી, તેટલી જ પ્રિય હતી જીવનની સંસ્કારિતા, જ્યાં સામ્રાજ્યોનાં સિંહાસન કરતાં પણ અધિક ગણાતું હતું ઋષિપદ. અને જ્યાં આર્યસંસ્કારોનું રક્ષણ મનાતું હતું સંસ્કારાત્મક જીવનનું સાફલ્ય.

આ યુવકની પ્રથમ કસોટી બાપે કરી. માના લોહીમાં ઇક્ષ્વાકુ-ઓનો સ્વચ્છંદ હતો. આર્યોએ નિર્મેલા નીતિના પંથનો તેણે ત્યાગ કર્યો. મૃત્તિકાવતીના રાજા ચિત્રરથનો તેને મોહ થયો. આ કૃત્ય તે સમયના આર્યાવર્તના પુરુષોની જેમ શિષ્ટ જમદગ્નિને અક્ષમ્ય જણાયું. તેણે પુત્રોને શાસન કર્યું કે માતાનો વધ કરો. મોટા ભાઈઓએ તે શાસન માથે ચઢાવ્યું નહીં. રામના હૃદયમાં પિતાની આજ્ઞા ને માતાની શુદ્ધિ માતૃસ્નેહ કરતાં વધારે હતાં. તેણે પિતાનું શાસન સ્વીકાર્યું. માતાનું માથું ધડથી જુદું કર્યું. આ વખતે મથુરાથી તે નર્મદા સુધીના પ્રદેશમાં ખરું જોર જે આર્યજાતિઓના સમૂહનું હતું તેનો ખરો સત્તાધીશ અનુપદેશની માહિષ્મતીમાં રાજ્ય કરતો હતો તે, હૈહયજાતિનો સહસ્રાર્જુન બિરુદ ધારતો—અર્જુન કાર્તવીર્ય હતો.

પૂર્વમાં ચર્મણ્વતી (ચંબલ), પશ્ચિમે સમુદ્ર, દક્ષિણે નર્મદા ને ઉત્તરે આનર્ત (ઉત્તર ગુજરાત) એ આ અનુપદેશની સીમાઓ હતી.

માહિષ્મતી નગરી ભરૂચથી દશબાર માઇલ પૂર્વ કે પશ્ચિમે રેવા તીરે આવી હોવી જોઇએ.

સહસ્રાર્જુનની દુર્જય સત્તાથી અસલ વતનીઓ નાગલોકો

કાંપતા હતા. તેની દરિયાઈ ફોજથી રાવણ પણ ત્રાસતો હતો. અનુપદેશમાં પહેલેથી ભૃગુઓ આવી વસ્યા હતા, એટલે શરૂઆતમાં હૈહયો ને ભૃગુઓમાં મૈત્રી હતી. પણ જેવો અર્જુનનો પ્રતાપ હતો તેવો જ તેનો ગર્વ હતો. આવા અનેકજાતિના અને આટલા મોટા સામ્રાજ્યના ધણીને નાનકડા રાજાઓની બીક નહોતી; ત્યાં તપ આચરતા મહાત્માઓની પરવા નહોતી; ત્યાંના સંસ્કાર માટે તેને માન નહોતું. તેના રાજ્યમાં રહેલા ભૃગુઓ માટે પણ તેનો તિરસ્કાર વધતો જતો હતો.

મથુરાથી આર્યાવર્ત તો માત્ર એક જ ડગલું હતું. તેણે વસિષ્ઠનો આશ્રમ બાળ્યો, ભૃગુઓની ગાયો લૂંટી; આર્યાવર્તમાં ચારે દિશાએ આશ્રમો ચેતાવવા માંડયા. કોઈએ ધાર્યું નહોતું કે આર્યજાતિનો એક રાજા બ્રહ્માવર્તની આ દશા કરશે.

એક દિવસ રામ પિતાને આશ્રમે આવ્યા. આશ્રમમાં અર્જુન રાજા આવી ગયાનાં ચિહ્નો હતાં. ઋષિઓ નજરે ચઢયા નહીં; ગાયો અદૃશ્ય થઈ ગઈ હતી; પર્ણકુટિઓ બળતી હતી. રામ કારણ સમજ્યા. અર્જુનની પૂંઠ લીધી. તેને પકડયો ને મારી નાંખ્યો. હૈહયો વેર લેવા તલસી રહ્યા અને જ્યારે પરશુરામ આશ્રમમાં નહોતા ત્યારે તેણે તક સાધી જમદગ્નિનો જીવ લીધો. જ્યારે પોતાના સાત્ત્વિક પિતાને મરેલા પડેલા જોયા, ત્યારે રામના હૃદયમાં ક્રોધની પ્રચંડ જ્વાળા ભભૂકી. અગ્નિને પ્રગટાવનાર અને દૈત્યોને અમર કરનારા પૂર્વજોના શૂર સંસ્કારે પોષાયલો તેનો પ્રૌઢ આત્મા પ્રજ્વળી ઊઠયો.

તેની હાકે આર્યાવર્તના ત્રાસેલા યોદ્ધાઓમાં જીવ આવ્યો; નર્મદાથી સિન્ધુ સુધી ભૃગુઓ, ખૂનતરસ્યા થયા. વીફરેલા આર્યાવર્તની મૂર્તિસમો આ વીર હૈહયોની પાછળ પડયો. સરસ્વતીથી નર્મદા સુધી તેઓની પૂંઠ પકડી. સ્થલંતપંચક ક્ષેત્રમાં હૈહયોના રુધિરથી પાંચ વરો ભર્યાં. માહિષ્મતી લીધું અને પિતાનું શ્રાદ્ધ સહસ્રાર્જુનના પુત્રોના લોહીવડે કર્યું.

જ્વાલામુખી પર્વત ફાટ્યો હોય તેમ આર્યયોદ્ધાઓએ રામના નેતૃત્વ નીચે અનેક જાતિઓ જોડે વિગ્રહ આદર્યો અને આ વિજયી સેનાની પાછળ પાછળ આવતા આર્યાવર્તના ઋષિઓએ આર્યસંસ્કાર, આચારવિચાર, ચારેદિશામાં પ્રસારી દીધા; અને આગળ વધતી આર્યજાતિઓ જે માતૃભૂમિથી દૂર જતાં તેના સંસ્કારો વીસરી જતી હતી, તેમાં આર્યત્વની એકતાનતા પ્રસરાવી દીધી.

પરશુરામના પ્રતાપે હિમાલયથી રેવા સુધીના પ્રદેશોમાં રાજ્યોની ઉથલપાથલ થઈ ગઈ, ઘણી જાતિઓ હતી—નહતી થઈ આર્યોની વિજયી જાતિમાં મળી ગઈ. અને મહાભારતના યુદ્ધ વખતે જે રાજ્યો હતાં તેનાં બીજો વવાયાં.

રામના વિગ્રહોની પરંપરાથી—એકવીશ વારની નક્ષત્રીથી આર્યોની સંસ્કૃતિ આખા પ્રદેશમાં એવી પ્રસરી ગઈ કે આર્યાવર્ત બૃહત થયું. તેની સીમા સરસ્વતી ને દષદ્વતી નહીં પણ હિમાલય ને નર્મદા ગણાયાં; અને કૃતજ્ઞ આર્યોએ આ વીરને ઈશ્વરના અવતાર લેખી સદાને માટે દેવમંદિરમાં સ્થાન આપ્યું. નર્મદાની ઉત્તરે આર્યસત્તા બેસાડી આખા દેશને નવું જીવન, નવી સંસ્કૃતિ ને નવી એકતાનતા આપી, તે અનુપદેશમાં આવી રહ્યો. પુરાણો કહે છે કે કશ્યપને પૃથ્વી દાનમાં આપી, તેણે સમુદ્ર પાસે શૂર્પારક દેશ માંગી લીધો ને ત્યાં જઇ વસ્યા.

સહસ્રાર્જુનનો જે અનુપદેશ હતો તેનો કેટલોક ભાગ—એટલે ખંભાતના અખાતથી તે સોપારા સુધીનો દરિયાકાંઠાનો પ્રદેશ તે જ શૂર્પારક દેશ ગણાતો. આ શૂર્પારકની મુખ્ય જગ્યાઓ ભૃગુતીર્થ અને પાછળથી ભૃગુકચ્છ (ભરુચ) આલેખાયું તે; જામદગ્નેય તીર્થ, નર્મદાના સંગમ આગળ પરશુરામનું ક્ષેત્ર હજુ છે તે; અને એક ક્ષેત્ર નાશક આગળ, જેનું સ્થાન હજી ચોક્કસ કરી શકાયું નથી. શૂર્પારક નામ આજે પણ સોપારામાં મોજુદ છે.

જ્યારે ધર્મરાજા વનવાસ જવા નીકળ્યા ત્યારે આ તીર્થોમાં

ર્યા હતા અને રાજા જામદગ્નેયનાં સ્મરણો તાજાં કરી પુનિત થયા હતા. અને મહાભારતના યુદ્ધ સુધી પરશુરામના વંશજો કે શિષ્યો યુદ્ધકલામાં એવા પ્રવીણ હતા કે મોટામોટા વીરો તેમની પાસે શિક્ષણ લઇ રામના જ પોતે શિષ્ય છે એમ માનવામાં મગરૂરી માનતા.

પરશુરામ થઈ ગયા પછી ઘણી સદીઓ સુધી આર્યોના જીવનમાં જ્વલંત જુસ્સો હતો. તેઓ વિજેતા તરીકે આ દેશમાં ચારે તરફ ઘૂમી રહ્યા હતા. પોતાનાં રાજ્યો સ્થાપવા, પોતાના સંસ્કાર પ્રસારવા એ જ એમનું નિરંતર લક્ષ્ય રહેતું. તેમના સંસાર, વ્યવહાર ને રાજ્યકારભારમાં અનિયંત્રિત માનવતાની પ્રતાપી જ્યોત ઝગઝગતી. તે વખત તેમનો આદર્શ જુદો હતો. અને એ આદર્શને જે ઇશ્વરના અવતારમાં તેમણે મૂર્તિમાન કર્યો હતો તે પરશુરામ.

તે મહર્ષિ હતા, સંસ્કારી ઉચ્ચતાના પ્રતિનિધિ હતા; અને વળી ભયંકર ને દુર્જેય, પ્રતાપી ને અડગ વિજેતા હતા. કૃષ્ણપૂજાના સમય પહેલાના હિન્દુ લેખકોની કલ્પનાશક્તિ ભૂતકાલના પટ પર ચીતરાયલા એ નક્ષત્રીકારક દ્વિપેન્દ્રની મહત્તાના ગુણની ગુલામ થઈ હતી. જેવી રીતે શ્રીકૃષ્ણ આર્યાવર્તના જીવન ને સાહિત્યમાં અધિષ્ટાતા તરીકે અપૂર્વ સ્થાન પામે છે, તેવું સ્થાન ઈ. સ. ચોથી કે પાંચમી સદી પહેલાં પરશુરામ ભોગવતા. ત્યાર પછી દેશમાં જ્યારે શૌર્યનો જુસ્સો શમ્યો, જ્યારે વિલાસનો શોખ વધ્યો, જ્યારે તત્ત્વજ્ઞાનનો પ્રચાર થયો, ભક્તિમાર્ગની જરૂર જણાઈ, ત્યારે આ સ્થાન શ્રીકૃષ્ણને મળ્યું. ત્યારે તે મનુષ્ય મટી વિષ્ણુ થયા, યોદ્ધા અને મલ્લ મટી ઈશ્વર થયા, મુત્સદ્દી મટી યોગેન્દ્ર લેખાયા, વિલાસી મટી બાલ-બ્રહ્મચારી ગણાયા, ત્યાં સુધી ઈશ્વરનો આઠમો અવતાર વેદવ્યાસ કૃષ્ણ દ્વૈપાયન ગણાતા, કૃષ્ણ વાસુદેવ નહીં.

આર્યોની કલ્પનાશક્તિ આ વીર જામદગ્નેયથી એવી ઉત્તેજિત થતી કે અનેક ગુણ, લક્ષણ ને પરાક્રમનું સ્થાન તે હતા એમ મનાતું.

તે વિશ્વામિત્ર ઋષિની બહેનના પૌત્ર હતા, એ ઇક્ષ્વાકુ રાજાના દૌહિત્ર હતા. તે ઋષિને રંજાડનાર અજિત સહસ્રાર્જુનના કાળ બન્યા. એણે કાર્તિકેયની સ્પર્ધામાં ક્રૌંચપર્વતને પોતાના શરથી આરપાર વીંધી નાંખ્યો. તેણે પૃથ્વી એકવીશ:વાર નક્ષત્રી કરી. છેલ્લી વાર આખી વસુંધરા યજ્ઞ સમયે દાનમાં આપી દીધી. એક યુગ પછી પણ તેનું મનુષ્ય રાવણથી ન ઊપડયું—ઈશ્વિર અવતાર રામ દાશરથી જ તેને તોડી શક્યા. તેણે ભીષ્મને, બળદેવને, કર્ણને શસ્ત્રવિદ્યા શીખવી, વિદેશ ભોગવતા શ્રીકૃષ્ણને સલાહ આપી. સહસ્રાર્જુનથી શ્રીકૃષ્ણ—કેટલા વીરોની પરંપરા, કેટલો લાંબો કાલ, કેટલા પ્રતાપી યુગો ને યુગાંતરો, અને છતાં આર્યોનો આદર્શ તેનો તે જ વિજયની પ્રચંડ મહેચ્છાની જ્વલંત મૂર્તિસમા મહર્ષિ ધર્મનું અભ્યુત્થાન કરવા પ્રગટેલા મહેશ્વરનો અંશ. કવિવર વાલ્મિકીએ આ મહાપુરુષનું અદ્‌ભુત ચિત્ર આલેખેલું છે. સીતાનાં લગ્ન થયાં પછી દશરથ રામને લઈ પાછા ફરતા હતા તેવામાં :

तेषां संवदतां तत्र वायुः प्रादुर्बभूव ह ॥
कम्पयन् मेदिनीं सर्वां पातयंश्च महाद्रुमान् ।
तमसा संवृत्तः सूर्य्यः सर्वे नावेदिषुर्दिशः ॥
भस्मना चावृतं सर्वं संमूढमिव तद्बलम् ।
वसिष्ठो ऋषयश्चान्ये राजा च ससुतस्तदा ॥
संसज्ञा इव तमासन् सर्वमन्यद् विचेतनम् ।
तस्मिंस्तमसि घोरे तु भस्मच्छन्नेव स्मा चमूः ॥
ददर्शा भीमसङ्काशं जटामण्डलधारिणम् ।
भार्गवं जामदग्नेयं राजा राजविमर्दनम् ॥
कैलासमिव दुर्द्धर्षं कालाग्निमिव दुःसहम् ।
ज्वलन्तमिव तेजोभिर्दुनिरिक्ष्यं पृथग्जनैः ॥
स्कन्धे चासज्य परशुं धनुर्विद्युद्गुणोपत्रम् ।
प्रगृह्य शरमुग्रञ्च त्रिपुरघ्नं यथाशिवम् ॥

લોમહર્ષિણીમાં પરશુરામનો બાલ્યકાલ મેં ચીતર્યો છે, તેને જ અનુરૂપ આ પુસ્તકમાં એમની જુવાની ચીતરી છે. મારી સામે બાલપણથી એક સવાલ ઊભો હતો. 'પરશુરામ'માં એવું કેવું વ્યક્તિત્વ હતું કે સમસ્ત પ્રજાના સ્મરણોમાં એની પ્રચંડતા અંકિત થઈ રહી છે? વીરોમાં એ વીરોત્તમ કેમ લેખાયા? અઘોરીઓના પણ પૂજ્ય કેમ મનાયા? શસ્ત્રવિદ્યાના મહાગુરુ તરીકે આખું આર્યમાનસ એમને કેમ સ્વીકારતું? એને નામે ક્ષેત્રો કેમ સ્થપાયાં? એમાં એવી શી વિશિષ્ટતા હતી કે રામ અને કૃષ્ણની સાથે એ ઇશ્વરના અવતાર લેખાયા? ઋષિઓના વંશજ હોઈ કોઈ એને ઋષિ નથી કહેતું. શા માટે? એમના પુત્ર મહર્ષિ હતા ને માતા સતી લેખાયાં છતાં, મહર્ષિએ સતીએ ગંધર્વોનાં દર્શન કર્યાં તે માટે શા સારુ ત્યાગ્યાં? નક્ષત્રીઓની દંતકથા પાછળ એવાં ક્યાં મોટાં પરાક્રમો છુપાયાં છે કે જેથી તેની સ્મૃતિ અમર રહી છે?

અને એથી મોટો કોયડો તો એ હતો કે જમદગ્નિથી ઋગ્વૈદિક કાલ પૂરો થયો. શતપથ બ્રાહ્મણનો કાલ શરૂ થયો, ત્યારે આર્યો માત્ર જાતિઓ નહોતી, એક મોટી પ્રજા બની હતી. શંકર દેવાધિદેવ સ્વીકારાયા હતા. નાનાં રાજ્યોને બદલે મોટાં રાજ્યો થયાં હતાં. સરસ્વતી નદી અલોપ થઈ હતી. આર્યો નર્મદાથી–નર્મદાથી તે મગધ સુધી વિસ્તરી રહ્યા હતા.

એ બે વચ્ચેના ગાળામાં આવડા બધા ફેરફાર શાને અંગે થયા? એ બે કાલને સંકલતા એક જ પરાક્રમ જડે છે પરશુરામની નક્ષત્રીઓ. એને લીધે જ ઋગ્વૈદિક જીવન સમાપ્ત થયું, અને બ્રાહ્મણકાલનું જીવન શરૂ થયું. આ સક્રાન્તિકાલના અધિષ્ટાતા પરશુરામ હતા એમ મારું માનવું છે. એ વિષેની સામગ્રીઓ મેં Early Aryans in Gujarata માં મેં આપી છે. એ ઘટનાને આજે હું જીવંતસ્વરૂપ આપી રહ્યો છું.

આર્યાવર્તની મહાકથાની જે છેલ્લી કૃતિ મેં ધારી હતી, એના

ઉપસંહાર રૂપે 'તર્પણ' તો મેં વર્ષો પર લખેલું. પણ આ કથામાં પરશુરામના પહેલાં ત્રીશ વર્ષ પૂરાં થયાં. ભીષ્મ, દ્રોણ ને કર્ણના ગુરુરૂપે એમનું ચિત્ર રહ્યું. એ તો ઇશ્વરની ઇચ્છા હશે તો લખાશે. એટલે આ પુસ્તકથી આર્યાવર્તની મહાકથાના બધા અંકોડા પૂરા થાય છે એમ જ માની લેવાનું છે.

છતાં આ મહાત્માઓની પરંપરામાં અગત્સ્ય ને લોપામુદ્રા, વસિષ્ઠ ને અરુંધતી, વસિષ્ઠ ને વિશ્વામિત્ર, મૃગારાણી ને ડફુનાથના પાત્રોમાં ઓછી માનવતા નથી.

ભારતીય કલ્પનાએ હજારો વર્ષ આ મહત્તાના આદર્શો સજીવ રાખ્યા છે. એ સજીવતામાં અર્વાચીન જમાનાને યોગ્ય હું અણુમાત્ર પણ ઉમેરો કરી જાઉં તો મારી પા સદીની ઉલ્લાસમય તપશ્ચર્યા હું પૂરેપૂરી સફલ થયેલી માનીશ.

રીજરોડ : મુંબઈ
૧ લી એપ્રિલ, ૧૯૪૬

કનૈયાલાલ મુનશી

અનુક્રમણિકા

ખંડ પહેલો

ખંડ બીજો

ખંડ ત્રીજો

આમુખ

વિક્રમાદિત્યને હજી પંદરસો વર્ષની વાર હતી. સિકંદરનું હિન્દી આક્રમણ હજી ભાવિના ગર્ભમાં હતું–બારસો વર્ષ સુધી એમ રહેવાનું હતું. બુદ્ધ ભગવાનને જન્મતાં હજાર વર્ષની વાર હતી. મહાભારતના યુદ્ધને સૈકાઓની વેળ હતી.

આજે છે તે આર્યાવર્ત નહોતું. પંજાબ સપ્તસિંધુ કહેવાતો. આજે જેનું નામનિશાન નથી એવી વિદ્વત્તાની જનની સરસ્વતી નદીના વિશાળ તટ પર, વસિષ્ઠ, વિશ્વામિત્ર, ભૃગુ ને કણ્વના આશ્રમો વિસ્તરતા.

સપ્તસિંધુમાં આર્યોની જાતિઓ દ્વેષથી પ્રેરાઈ એકબીજા સાથે લડવા તત્પર બની હતી. બે મહાત્માઓ એક બીજા સાથે બાથ ભીડી રહ્યા હતા: એક વસિષ્ઠ અને બીજા વિશ્વામિત્ર. વસિષ્ઠ તૃત્સુઓના રાજા સુદાસના ગુરુ હતા.

દાસોના રાજા દિવોદાસનો પુત્ર ભેદ, સુદાસ રાજાના સંબંધીની સ્રી શશિયસીને ઉપાડી ગયો હતો. એક દાસ આર્ય રાજકન્યાને ઉપાડી જાય તેમાં મુનિ વસિષ્ઠને અધર્મ જણાયો અને ભેદની સામે ઉગ્ર પ્રકોપથી પ્રેરાઈ તેમણે આર્યોની મોટી સેના ઊભી કરી.

ભેદ પુરુઓના રાજા કુત્સને શરણે ગયો. તેણે દશ રાજાઓનો સમૂહ એકઠો કર્યો. વિશ્વામિત્રે એમનું ગુરુપદ સ્વીકાર્યું.

આજે જ્યાં રાજપૂતાના છે ત્યાં રેતીનાં રણ ને પાણીના ખરાબા વિસ્તરતા. જ્યાં આજે બંગાલ છે ત્યાં મોટી નદીઓનાં વિશાળ મુખ દરિયાને મળી જતાં.

આજનાં ગુજરાત-કાઠિયાવાડ ને માલવામાં, હૈહય અને તાલજંઘ નામની આર્યજાતિઓનો મોટો સમુદાય, જંગલો ભેદતો, નાગોને સંહારતો, નદીઓ ઓળંગતો, અને એકબીજા સાથે લડી શક્તિનો વ્યય કરતો, રહેતો હતો.

આ જાતિસમૂહમાં હૈહય, તાલજંઘ, શાર્યાત, આનર્ત, અવન્તી, તુંડીકેરા, અને યાદવ આદિ ગોત્રો હતાં.

કાઠિયાવાડ સુરાષ્ટ્ર કહેવાતું. ઉત્તર ગુજરાત તે આનર્ત. માલવા તે અવંતી. સોપારાથી ખંભાત સુધીનો ભાગ તે અનૂપદેશ નામે ઓળખાતો. આ બધા પ્રદેશમાં વસતી જાતિઓને હૈહય જાતિના રાજા મહિષ્મતે બળજોરીથી એક ચક્રમાં આણી હતી, અને નર્મદા તીરે અનૂપદેશમાં એણે માહિષ્મતી નગરી વસાવી હતી. એનો પુત્ર કૃતવીર્ય નામે હતો. તેનો પુત્ર અર્જુન અત્યારે હૈહય જાતિસમૂહનો ચક્રવર્તી હતો. એનો પ્રતાપ હજાર રાજાઓ જેટલો હોવાથી એને સહસ્રાર્જુન કહેતા.

આજના કાઠિયાવાડમાં-સુરાષ્ટ્રમાં—દ્વારકા પાસે પુણ્યજન રાક્ષસો વસતા. તેમના વસવાટની પશ્ચિમે તાલજંઘ ગોત્ર વસ્યું હતું. વચ્ચે શાર્યાત ગોત્ર હતું. ઉજ્જયંત અથવા ગિરનારની તળેટીમાં યાદવ ગોત્રની મુખ્ય છાવણી હતી. જે ગોત્રની મુખ્ય છાવણી જ્યાં હોય, ત્યાં તેની આસપાસ, અનેક જોજન સુધી, તે જ ગોત્રનાં થાણાં પડી રહેતાં.

૧. ગિરનારની છાંયમાં

૧

'**મારા** બાપ, આ શું થવા બેઠું છે? આવું તોફાન મારા જન્મારામાં મેં જોયું નથી.' એક વૃદ્ધ હોડીવાળાએ કહ્યું.

'એ તો મરુતો કોપ્યા છે.' એક જુવાને ઉમેર્યું.

'કોપે નહીં તો શું કરે? સહસ્રાર્જુને ઓછાં પાપ કર્યાં છે? એનો દી આવી લાગ્યો છે.' એક ઊંચા, સુક્કા, દાઢીવાળા પુરુષે કહ્યું. એના એક હાથમાં ભાલો હતો અને બીજે હાથે એના ઘોડાને એ દોરતો હતો.

'પણ એની સાથે તો ભાર્ગવને પણ લઈ આવે છે. જો, જો, પેલું વહાણ બૂડ્યું કે શું?' કહી યુવકે ચીસ પાડી.

દ્વારાવતીના દરિયાકિનારે ઊભેલી મેદની સ્તબ્ધ થઈ ગઈ. ક્ષિતિજ પરથી પાસે આવતાં બાર પંદર વહાણો ડાકમડોળ થયાં કરતાં હતાં. તે જાણે હમણાં ઊંધાં વળી જશે એવું બધાંને લાગ્યું.

'સહસ્રાર્જુન કયા વહાણમાં આવતા હશે?' યુવકે હોડીવાળાને પૂછ્યું.

'આ પેલું બધાંથી આગળ વહાણ આવે છે તેમાં હશે.' હોડીવાળાએ કહ્યું.

'કેટલાં વહાણ કિનારે આવે છે તે તો જોઈએ. બધાં જ ડૂબે તો?'

ઘોડાવાળા પુરુષે તિરસ્કારથી યુવક તરફ જોયું. 'મૂર્ખો થા મા! મહાઅથર્વણ ઋચીકના પૌત્ર રામ આવે છે, ખબર છે? પચાસ વર્ષે તમને દીધેલો શાપ ઉતારવા.'

'ત્યારે દરિયો કેમ કોપ્યો છે?'

'તમારાં પાપનું સ્મરણ કરાવવા.' ઘોડાવાળાએ કહ્યું.

એટલામાં પંદરેક ઘોડેસવારો લોકોની પરવા કર્યા વિના આગળ ધસી આવ્યા. 'જય! પશુપતિનો જય!' એકબે જણે જયઘોષણા કરી.

આગળ ધસી આવતા એક ઘોડાને પેલા દાઢીવાળા જટાધારી ઘોડાવાળાએ લગામ પકડી રોક્યો. 'જો, જો, આ લોકોને કચરી નાંખશે.'

રોકાયેલા ઘોડા પર બેસનાર સૈનિકે ખડ્ગ ઉગામ્યું. 'ચાલ, બાજુ હઠ!'

દાઢીવાળા જટાધારીએ કંઈપણ બોલ્યા વિના સૈનિકના ઘોડાની લગામ ખેંચી એવો આંચકો માર્યો કે ઘોડો એકદમ પાછો હઠી ગયો અને ઘોડેસવાર પડતો રહી ગયો.

'તારો રાજા તો ત્યાં મરવા સૂતો છે ને આટલી પતરાજી કરે છે?' જટાધારીએ કહ્યું ને ભાલો હાથમાં લીધો. ચારપાંચ ઘોડેસવારો આસપાસ આવી લાગ્યા. થોડાક લોકો તોફાનમાં ફસાઈ ગયેલાં વહાણો જોવાને બદલે આ ઝઘડો જોવા વીંટાઈ વળ્યા. બધા વચ્ચે પેલો જટાધારી અડગપણે ઊભો હતો.

'પાપીઓ! ત્રણ પેઢીએ તમારાં પાપ ધોવા ગુરુદેવ આવે છે, છતાં તમને ભાન નથી?'

'ભૃગુ!' 'ભૃગુ!' 'ભૃગુ!' લોકોમાંથી કોઈ કોઈ બોલી ઊઠ્યું.

'હા. હા. હું ભૃગુ છું. તમારા બધાનો ગુરુ–જો તમારા પર દેવો કૃપા કરે તો! ને મારો કુલપતિ આવે છે. ત્રણ પેઢી તો ગુરુ વિના દુઃખી દુઃખી થઈ ગયા ને હજી તમારો મદ ઊતરતો નથી?' તેણે ઉગ્રતાથી સૈનિકોને ઉદ્દેશીને કહ્યું.

હૈહય સૈનિકોનો નાયક આગળ આવ્યો.

'શા માટે આકળા થાઓ છો?'

એટલામાં કિનારે જામેલી ઠઠે હર્ષનાદ કર્યો, એટલે આ તકરાર કરતા ઘોડેસવારોનું ધ્યાન દરિયા તરફ ગયું. ડાકમડોળ થતાં વહાણોમાંથી એક, બધાંથી આગળ સડસડાટ કિનારા તરફ આવી રહ્યું હતું.

'ચક્રવર્તી એમાં હશે.' નાયકે કહ્યું.

ભૃગુએ આંખ ઉપર હાથ ધર્યો. બધા એકીટશે જોઈ રહ્યા. વહાણ ઝપાટાબંધ પાસે આવવા લાગ્યું.

'પેલો છોકરા જેવો કોઈ ઊભેલો દેખાય છે તે કોણ છે? એના હાથમાં હલેસું છે.' નાયકે કહ્યું.

'કોઈ ગૌરવર્ણો છે.'

'વહાણ ડોલે છે, પણ એ તો એમનો એમ જ ઊભો છે.'

'હું કહું કોણ છે તે, હૈહયરાજ?' જટાધારીએ આંખ ઝીણી કરી વહાણ પર ઊભેલા છોકરાને પારખવાનો પ્રયત્ન કર્યો. 'એ જ ભાર્ગવ—મહર્ષિ જમદગ્નિનો પુત્ર રામ, મહાઅથર્વણનો પૌત્ર."

'કેમ જાણ્યું?' નાયકે પૂછ્યું.

'મારા નાનપણમાં હું મહાઅથર્વણની સેવામાં હતો. એ જ શરીર, એ જ રંગ, એ જ છટા. જાણે વરુણદેવ સાગર પર શાસન કરતા હોય તેમ સાગર એમને માગ આપે છે.' એક વૃદ્ધ સૈનિકે કહ્યું.

'નવાઈ લાગે છે?' ભૃગુ હસ્યો. 'જ્યાં મહાઅથર્વણનો પુત્ર હોય ત્યાં દેવો હોય જ.'

પાસે આવતા વહાણના તૂતક પર પંદરેક વર્ષનો પણ પ્રચંડ દીસતો છોકરો હાથમાં હલેસું લઈ દેખાયો. વહાણ ડોલતું, પણ તે સ્થિર ઊભો હતો. એના લાંબા વાળ એના ખભાપર વિસ્તરી રહ્યા હતા. નમતા પહોરનાં સૂર્યકિરણો એનાં શ્વેત અંગોને દેદીપ્યમાન બનાવતાં હતાં.

વહાણ પાસે આવ્યું. છોકરાનું સુરેખ મુખ સ્પષ્ટ થયું. તેના પર ઉગ્રતા હતી. એકાગ્ર દૃષ્ટિએ જાણે તોફાને ચડેલા સાગરજલને એ

વશ રાખતો હોય એવો ભાસ કિનારા પર ઊભેલાં સ્ત્રીપુરુષોને થયો.

મેદનીના હૃદયમાં ધાક ને આનંદ બંને ઉદ્‌ભવ્યાં. 'ભાર્ગવ', 'રામ' 'મહાઅથર્વણનો પૌત્ર' બધાં બોલવા લાગ્યાં.

માહિષ્મતીના રાજા અને હૈહય, યાદવ, શાર્યાત, તાલજંઘ, અવંતી જેવી પ્રબલ જાતિઓના ચક્રવર્તી રાજા મહિષ્મતના અધર્મથી કંટાળી એમના ગુરુ મહાઅથર્વણ ઋચીક, શાપ આપી, આ ભૂમિ છોડી આર્યાવર્ત ચાલી ગયા હતા. આ શાપ આ જાતિઓને લાગ્યો હતો અને ચાલીશ વર્ષ સુધી આ પ્રદેશ પર દેવનો કોપ ઊતર્યો હતો એમ ઘણા માનતા. મહિષ્મત રાજાનો પુત્ર કૃતવીર્ય અકાલ મૃત્યુ પામ્યો, અને તેના પછી તેનો પુત્ર સહસ્રાર્જુન આજે ચક્રવર્તીપદ ભોગવતો હતો. તે ત્રણ હજાર સૈનિકો લઈ આર્યાવર્ત ગયો હતો, અને ત્યાંથી ઋચીક જમદગ્નિના પુત્ર રામને તેડી આવતો હતો.

આ વાતો કેટલાય વખતથી સુરાષ્ટ્રમાં ને અનૂપદેશમાં વસતી આર્ય જાતિઓમાં પ્રસરી હતી. મદમસ્ત યુવકો સિવાય બધાંના હૃદયમાં આનંદ પ્રવર્ત્યો હતો, કારણકે પાપાચારના યુગનો અંત આવ્યો હોય એમ તેમને લાગતું હતું. ચાલીશ વર્ષે આ પ્રદેશો શાપમુક્ત થતા હતા.

૨

પંદર વહાણો ડાકમડોળ થતાં તેમાંથી એક જ વહાણ નિર્ભય બને! તોફાન છતાં એક દેવ જેવો છોકરો તૂતક પરથી મોજાંઓને આજ્ઞા કરે! અને તે ભાર્ગવ રામ હોય! ન સમજાય એવો ધાક આ પ્રેક્ષકવૃંદમાં પ્રસર્યો.

બધાંનાં ચિત્તને હરનાર બાલક, પર્વત સમો નિશ્ચલ, તૂતક પર ઊભો હતો.

જ્યારે વહાણો ડૂબી જવાની તૈયારીમાં હતાં ત્યારે એ હલેસું હાથમાં લઈ નાવિક બની ગયો. દિવસ ને રાત એ બાલક થાક્યા વિના તૂતક પર અડગ ઊભો રહી સાગરને આજ્ઞા કરતો હતો, એમ એના વહાણમાં બેઠેલાંઓને લાગતું હતું.

યાદવ ગોત્રનો રાજા અને સહસ્રાર્જુનનો સેનાપતિ રાજા ભદ્રશ્રેણ્ય એની સાથે હતો. સહસ્રાર્જુન માનતો હતો કે ભાર્ગવ રામને અને તૃત્સુઓના રાજા સુદાસની બહેન લોમહર્ષિણીને એ પોતે બળજોરીથી પોતાને દેશ ઉપાડી લાવ્યો હતો; અને ભદ્રશ્રેણ્ય એમનો ચોકીદાર હતો. પણ મહિનાઓના સંસર્ગથી ભદ્રશ્રેણ્ય રામનો પરમ ભક્ત થઈ ગયો હતો. તે એને મહાઅથર્વણથી સવાયો માનતો. એને પગલે સુરાષ્ટ્ર ને અનૂપમાં શાતા પ્રગટશે એમ તેને વિશ્વાસ ઊપજ્યો હતો.

સહસ્રાર્જુને જ્યારે લોમહર્ષિણી પર અત્યાચાર કરવા માંડયો ત્યારે રામે વચ્ચે પડી તેને ઉગારી લીધી હતી. ક્રોધાંધ સહસ્રાર્જુને જ્યારે ઝનૂનના માર્યા પોતાના ગુરુપુત્રને મારવાનો પ્રયત્ન કર્યો ત્યારે ભદ્રશ્રેણ્યે જીવને જોખમે વચ્ચે પડી રામને ઉગારી લીધો હતો. જ્યારે સહસ્રાર્જુને મદાંધ બની લોમહર્ષિણી જેવી રાજકન્યાનું હરણ કરવાનો નિશ્ચય કર્યો ત્યારે રામે તેની સાથે સુરાષ્ટ્ર આવવાની તત્પરતા દેખાડી. અને કોઈ રીતે મહાઅથર્વણનો શાપ ઊતરે તેવી આશાએ ભદ્રશ્રેણ્ય રામને સાથે લઈ આવ્યો.

સહસ્રાર્જુનને તો રાજા સુદાસની બહેનનું હરણ કરવું હતું, સાથે ગુરુપુત્ર લઈ આવવો નહોતો. પણ ભદ્રશ્રેણ્ય એનો મામો હતો, તેમજ ઉસ્તાદ હતો. એને ગાદીપર બેસાડનારો હતો, અને આજે એનો સેનાપતિ હતો. આખા જગતને ત્રાસ આપનાર સહસ્રાર્જુન બે જણથી ડરતો: એક રાજા ભદ્રશ્રેણ્યથી, અને બીજી એની રાણી મૃગાથી. એ બંનેનાં ડહાપણ ને મુત્સદ્દીગીરી વગર એને ચાલે એમ નહોતું. એટલે એણે સેનાપતિને નમતું આપ્યું અને રામને સાથે લીધો.

પણ સહસ્રાર્જુનને આ મૂર્ખાઈ સાલ્યા જ કરી. રામ લોમહર્ષિણીનો રક્ષક થઈ પડયો. ભદ્રશ્રેણ્ય ને એના સૈનિકોના પરિચયમાં રામ આવ્યો તેમ તેમ તે બધા ભક્તિઘેલા થઈ ગયા.

બધાનો એ ગુરુદેવ થઈ પડ્યો, અને સહસ્રાર્જુનનું અભિમાન પલેપલે ઘવાયા કર્યું. પણ જેવો તે વિકરાળ હતો તેવો જ ખંધો પણ હતો. ભદ્રશ્રેણ્યને છંછેડવામાં તેને ડહાપણ ન લાગ્યું.

પચીશ ઘોડેસવાર લઈ પોતે એકલો આગળ ને આગળ જવા લાગ્યો. ભદ્રશ્રેણ્ય, રામ ને લોમા સહિત, બીજા સૈનિકો સાથે, પાછળ પાછળ આવતા હતા.

જેવી વસતી આવતી અને લોકોને જમદગ્નિના પુત્રના આગમનની ખબર મળતી કે તેનો સત્કારસમારંભ શરૂ થતો. પાતાલનગર સુધી તો સહસ્રાર્જુનનું પ્રયાણ ભાર્ગવ ને ભદ્રશ્રેણ્યનું વિજયપ્રયાણ થઈ ગયું. જ્યારે દ્વારકા આવવા આ બધા વહાણમાં બેઠા ત્યારે વરુણદેવે પણ એમનો પક્ષ કર્યો. બાંધેલા શાર્દૂલની માફક સહસ્રાર્જુન ક્રોધથી વ્યાકુળ થઈ રહ્યો. ક્યારે એનો દેશ આવે ને ભદ્રશ્રેણ્યને અને રામને એ કચરી નાંખે એ ઝંખના એને જાગતાં અને ઊંઘતાં સતાવવા લાગી.

અત્યારે એનું વહાણ ભયમાં હતું. સઢ તૂટી ગયા હતા. નાવિકો નિરાશ બન્યા હતા. હજાર સમરનો સેનાની એ પોતે અત્યારે માથે હાથ દઈ, તોફાની દરિયાને પરવશ બની પડ્યો હતો. તેવે રામનું વહાણ સડસડાટ આગળ ચાલ્યું જતું હતું. એણે દાંત કચકચાવી, ઝેરથી, તૂતક પર ઊભેલા ભાર્ગવને મનમાં હજારો ગાળો દીધી હતી. ઘણી વાર એ છોકરાને મારી નાંખવાનો વિચાર આવ્યો હતો. તે અમલમાં ન મૂક્યો તેથી તેને પોતાની નિર્બલતા પર પણ ગુસ્સો આવ્યો હતો. પણ આ ભયંકર માનસ ધરાવનારાના હૃદયમાં વહેમ હતો. રામ મહાઅથર્વણનો પૌત્ર હતો, એના પેઢીધર ગુરુનો પુત્ર હતો. ભલે એ ગુરુને એણે ત્યાગ્યા હોય, પણ એ છોકરામાં કંઈ એવું હતું જે એને મહાત કરતું. એને મારવાની તેનામાં હામ નહોતી. એને વશ કરવાની કરામત માહિષ્મતી જઈને શોધવાની હતી.

વહાણુ કિનારા પાસે આવી ઊભું રહ્યું.

'પ્રતીપ !' રામે ભદ્રશ્રેણ્યના પુત્રને કહ્યું, 'તું લોમાને ઉઠાડ ને લઈ આવ.'

તેણે દરિયામાં પડતું નાખ્યું ને ઝપાટાબંધ હાથ મારતો તે કિનારા પર આવ્યો. એની પાછળ ભદ્રશ્રેણ્ય પણુ તરતો આવ્યો.

ઘૂંટણુ સમાણું પાણી આવ્યાં એટલે રામ ઊભો થઈ ગયો, અને થોડા લોક પાણીમાં એને આવકાર દેવા ગયા. પેલો જટાધારી ભૃગુ દોડતો જઈ પગે લાગ્યો.

'ગુરુદેવ ! મહાઅથર્વણુના પૌત્ર ! હું, ભૃગુ વિકુક્ષ, આપને પ્રણુામ કરું છું.'

પાણીમાંથી નીકળી રામે એ વૃદ્ધના માથાપર હાથ લંબાવ્યા. 'શત શરદ જીવજે !' ગંભીરતાથી, મમતાથી તેણે કહ્યું.

આટલો નાનો બાલક આવા વૃદ્ધને આશીર્વાદ દે તેમાં કોઈને હસવા જેવું લાગ્યું નહીં. રામના વ્યક્તિત્વ પર અભેદ્ય અધિકારની છાયા હતી.

ત્યાં જામેલી મેદની પ્રણિપાત કરવા, એના ચરણુની રજ માથે મૂકવા, દોડી આવી. હૈહય સૈનિકો પણુ ભદ્રશ્રેણ્યને પગે લાગતો જોઈ પગે લાગવા બેઠા.

થોડાક ઘોડેસવારો આવી પહોંચ્યા. એમાંના બેને આવતા જોઈ, લોકોએ માગ આપ્યો.

'શાર્યાતરાજ !' ભદ્રશ્રેણ્યે કહ્યું, 'આ ગુરુદેવ ભાર્ગવ.' તાલજંઘાના રાજાને કહ્યું: 'રાજન્ ! આ મહાઅથર્વણુના પૌત્ર.'

બંને રાજાઓ ઘોડા પરથી ઊતરી રામને પગે લાગ્યા.

બે ખલાસીઓ હાથમાં લોમહર્ષિણીને ઊંચકીને લઈ આવ્યા. એ ઓકીઓકીને બેભાન બની ગઈ હતી.

'રાજન્, લોમાબાને મહાલયમાં મોકલી આપો.' રામે કહ્યું, 'પ્રતીપ, તું સાથે જા.'

એકાએક મેદનીમાં હાહાકાર થઇ રહ્યો. બધા દરિયા તરફ ફર્યાં. ત્રણ વહાણો ઊથલી ગયાં હતાં, અને તેમાંના એકમાં સહસ્રાર્જુન પોતે હતો.

'ભદ્રશ્રેણ્ય ! આપણે એને બચાવીએ. ચાલો ! હોડીઓ હંકારો, ખલાસીઓ.'

'ગુરુદેવ ! અમે જઈએ છીએ. આપ અહીં રહો.'

'ના.' કહી રામે પાછું પાણીમાં ઝંપલાવ્યું.

૩

સહસ્રાર્જુનનો થાક ઊતરી ગયો ત્યારે તેના ક્રોધનો પાર રહ્યો નહીં. એણે માન્યું હતું કે રામને એ કેદી બનાવી લઈ આવે છે, પણ રામ તો એનો પણ ગુરુદેવ હોય એમ મનાવા લાગ્યો હતો. રામને મારવા એ ઘાટ ઘડતો હતો, ત્યારે રામે એને જલસમાધિમાંથી ઉગાર્યો હતો. સુરાષ્ટ્રમાં ચાર રાજાઓ હતા, તેમાં ત્રણ રાજાઓ તો 'ગુરુદેવ'ને સત્કારી રહ્યા હતા. અને આ બધાનું મૂળ કારણ ભદ્રશ્રેણ્યની ગુલામગીરી હતી. સૌથી પહેલી તેને શિક્ષા કરવાનો એણે સંકલ્પ કર્યો.

માહિષ્મતીથી એક નાયક મૃગારાણી અને ગુરુ મૃકુંડનો સંદેશો લઈ આવ્યો હતો. લંકાનો રાજા રાવણ મોટું સૈન્ય લઈ નર્મદાની દક્ષિણ તટના પ્રદેશો પર ચડી આવતો હતો. એનો સામનો કરવાની તત્કાલ જરૂર હતી એટલે ભદ્રશ્રેણ્ય સાથે તરત આવી લાગો, એવો સંદેશો હતો.

સહસ્રાર્જુનને લાગ મળ્યો. એણે બસો સૈનિકો શાર્યાત રાજા પાસેથી લીધા, બસો તાલજંઘાના રાજા પાસેથી લીધા અને બન્યાં તેટલાં માણસો તૈયાર કરાવ્યાં.

બધી ગોઠવણુ કરી એણે ભદ્રશ્રેણ્યને બોલાવ્યો, 'મામા, હું રાવણુ સાથે યુદ્ધ કરવા જાઉં છું.'

'હું પણુ તૈયાર છું.'

'તમારું કામ બીજું છે.'

'શું?' ભદ્રશ્રેણ્ય ચકિત થયો. કોઈ યુદ્ધ હજી એના વિના ખેલાયું નહોતું.

સહસ્રાર્જુનની આંખોમાં અગ્નિ ચમકી ઊઠયોઃ 'તમારું કામ તમારા ગુરુદેવ ને લોમાને સાથે રાખવાનું છે. ગિરનાર આગળ તમારા યાદવ ગોત્રનું થાણું છે ત્યાં એ બંનેને લઈ જાઓ. ને હું પાછો આવું ત્યાં સુધી એ બેમાંથી એકને પણુ ત્યાંથી જવા દીધાં છે તો —"

ભદ્રશ્રેણ્ય જરા ક્રોધે ભરાયો. 'તો—'

'એક યાદવ જીવતો નહીં જવા દઉં.' સહસ્રાર્જુને ભયંકર અવાજે કહ્યું.

'મારા વગર તમે યુદ્ધે જશો?'

'હું તમારો શિષ્ય છું ને?' સહસ્રાર્જુને મજાકમાં કહ્યું. 'અને હું યાદવ ગોત્રમાં જેટલા હોય તેટલા ઘોડા ને યુવકો સાથે લઇ જઈશ.'

'પણુ—'

'મામા, હું કહી ચૂકયો. ધીમેધીમે ગિરનાર જજો. હું આ ચાલ્યો.'

ભદ્રશ્રેણ્ય મૂંગો રહ્યો. સહસ્રાર્જુને એને પદભ્રષ્ટ કર્યો, ને રામનો પહેરેગીર બનાવી દીધો એટલે એ હવે એક નાનકડા યાદવ ગોત્રનો કંગાલ રાજા બની ગયો હતો.

સહસ્રાર્જુન ખડખડ હસ્યો ને ત્યાંથી માહિષ્મતી જવા ચાલી નીકળ્યો.

ચાર પાંચ દિવસે લોમાની તબિયત સુધરી એટલે બાકી રહેલા સૈનિકો સાથે ભદ્રશ્રેણ્ય, રામ, લોમા ને પ્રતીપ યાદવગોત્રે જવા

નીકળ્યાં. શાર્યાત ને તાલજંઘાના રાજાઓ આ બનાવ પરથી ચેતી ગયા કે હવે ભદ્રશ્રેણ્યનો દહાડો આથમી ગયો હતો. હવે એ સહસ્રાર્જુનનો ઉસ્તાદ અને સેનાપતિ નહોતો, પણ એક નાનકડી જાતિનો રાજા હતો અને તેના પર ચક્રવર્તીનો રોષ ઊતર્યો હતો. આ બે રાજાઓનાં ગોત્રો સબળ હતાં એટલે હવે યાદવોને હંફાવી શકાશે એવી એમને ખાતરી થઈ ગઈ.

રામે ભદ્રશ્રેણ્યની નિસ્તેજ મુદ્રાનાં રહસ્ય પારખ્યાં. એણે પોતાનો ઘોડો રાજાના ઘોડાની બાજુએ આણ્યો.

'રાજન્ !' તેણે સરલતાથી ને હેતથી પૂછ્યું. 'સહસ્રાર્જુને તમને સેનાપતિપદેથી ઉઠાડી મૂક્યા, નહીં ?'

'હા.'

'મારે લીધે ?' સુંવાળી, નમ્ર રીતે તેણે પૂછ્યું. રખેને રાજાને ઓછું આવી જાય ! ભદ્રશ્રેણ્ય કંઈ બોલ્યો નહિ.

'સારું થયું. આપણે અહીં ધર્મ પ્રવર્તાવીશું.' રામે હસીને કહ્યું. એના હાસ્યમાં માધુર્ય હતું. તે હસતો ત્યારે નિર્મલ કૌમુદીનો મનોહર પ્રકાશ પ્રસરી રહેતો.

ભદ્રશ્રેણ્ય પણ હસ્યો. એના હૈયાનો ભાર ઓછો થયો. રામના સૌમ્ય પરિચયમાં ન સમજાય એવું આકર્ષણ હતું.

'ગુરુદેવ ! હું તો તમારી સેવાનો જ ભૂખ્યો છું.'

'આપણે હજી સહસ્રાર્જુનને ધર્મ શીખવવાનો છે.'

ભદ્રશ્રેણ્ય આ છોકરા સામે જોતાં ધરાતો નહીં. એના સ્વભાવમાં ભય કે દ્વેષનો છાંટો નહોતો. એ કશાથી છેતરાતો નહીં. મીઠાં કે કટુ વચનની તેના પર અસર નહોતી. એની આત્મશ્રદ્ધા ડગતી નહીં. એને વિચાર કરવો પડતો નહીં. એ ધર્મથી ચળતો નહીં, કોઈને ચળવા દેતો નહીં.

'આપણો ધર્મ હવે યાદવોને ઉદ્ધારવાનો.' ધીમેથી રામે કહ્યું.

'મારા યાદવો તો ગરીબડા છે'

'વનમાં વનરાજ સંચરે તેમ યાદવો સંચરશે.' રામે કહ્યું.

ભદ્રશ્રેણ્યના હૃદયમાં હિંમત આવી. આ છોકરાના બોલ એને સંજીવની સમા લાગ્યા.

'મને એક જ ચિંતા થાય છે,' ભદ્રશ્રેણ્યે કહ્યું, 'હું હવે સેનાપતિ નથી એટલે મારા યાદવોનું શું થશે?'

'રાજન્, યાદવોને કોણ છેડે એમ છે? હું છું ને?' રામે કહ્યું.

ભદ્રશ્રેણ્ય વિચાર કરી રહ્યો. આ છોકરો પરદેશમાં એકલો હતો. એને ભય નહોતો, ચિંતા નહોતી, કોઈની પરવા નહોતી. જ્યારે એ નિશ્ચય પર આવતો ત્યારે એ સ્વસ્થતા ને ઉગ્રતાની મૂર્તિ બની જતો. અધર્મ દેખાય ત્યાં તેને વિનાશવા તેની સમસ્ત શક્તિ જ્યારે તે એકત્ર કરતો, ત્યારે નર્મદામાં વર્ષાઋતુમાં આવતા પાણીના ઘોડાની માફક એનો પ્રભાવ મનોવેગે આગળ વધી બધે જલજલાકાર કરી દેતો. શું એ યાદવોને ઉદ્ધારશે?

૪

ઉજ્જયંત અથવા ગિરનાર પર્વતની તળેટીમાં યાદવ ગોત્રની મુખ્ય છાવણી હતી. ત્યાં બારે માસ ઝરણાંનું પાણી મળતું, પણ આ વર્ષે તો તે પણ સૂકાવા લાગ્યાં હતાં. અને ઉનાળો હજી સામે ઊભો હતો.

સેંકડો છૂટેલાં ગાડાં આ છાવણીમાં પડયાં હતાં. તડકો ખાળવા તેના પર તાડછાના ચંદરવા કર્યા હતા. બપોરે સ્ત્રીઓ ને બાળકો તેની નીચે ભરાઈ બેસતાં.

દરેક કુટુંબે પોતાના ગાડા આગળ ઝાવલીની નીચી ઝૂંપડીઓ કરી હતી. તેમાં બપોરે મરદો બેસતા, અને રાતે ધણીધણિયાણી સૂતાં. થોડે દૂર દરેક કુટુંબના જુદાજુદા ચૂલા પર ખાવાનું રંધાતું.

સાંજ પડવા આવી હતી.

દરેક કુટુંબના ચૂલાની આસપાસ સ્ત્રીઓ ઘાંટાઘાંટ કરતી હતી. ખુલ્લી જગ્યામાં છોકરાઓ રમતા કે મારામારી કરતા હતા. સમૃદ્ધિવાન કુટુંબીઓ જંગલી નાગો પર ગાળોની વૃષ્ટિ કરતા કે તેમને સાટકાના માર મારતા. આ બધા અવાજથી વાતાવરણ ભેદાઈ રહ્યું હતું.

યાદવો આર્ય હતા, પણ સપ્તસિંધુના આર્યો કરતાં શ્યામલા હતા. ઘણા ખરા પુરુષોએ લંગોટી મારી હતી. સ્ત્રીઓએ ટુંકડો કાછડો માર્યો હતો. કોઇકે જ સ્તન ઢાંક્યાં હતાં. સમૃદ્ધિવાનોએ મૃગચર્મ પહેર્યાં હતાં. ગરીબ સ્ત્રીપુરુષો ગંદાં, ગંધાતાં હતાં.

માટીનાં વાસણોમાંથી માંસ રાંધવાની ગંધ આવતી. આ ગંધ, કકળાણ, ગડબડાટ ને ગાયઘોડાના હણહણાટ, ચૂલામાંથી નીકળતા ધુમાડામાં ભળી વાતાવરણને કલુષિત કરતાં હતાં.

યાદવો ઢોર ચરાવી હમણાં જ પાછા આવતા હતા. એમની દૈનિક જીવનચર્યાની એ ધન્ય પળ હતી. બકરાં, ઘેટાં, ગાય ને ભેંસ યાદવોની સમૃદ્ધિ હતી. ઘોડાઓ એમનું સર્વસ્વ હતા. તેમને એ દેવની જેમ પૂજતા. એમના પરમ આનંદ ને ગર્વનું તે મૂલ હતા, કારણકે તેમના વિના યુદ્ધમાં વિજય મળતો નહીં. કૂતરાઓ એમના ચોકીદાર હતા. આ બધાનો ઉછેર, ઉસ્તેવારી ને ઉપયોગ એ જ આ ગોત્રનું મુખ્ય કર્તવ્ય હતું.

સૂકા અરણ્યમાં ઘેરી સોનેરી ધૂળના ગોટાઓ પાછા વળતા યાદવો અને તેમનાં જાનવરોના માર્ગ સૂચવી રહ્યા હતા. સ્ત્રીઓ આગળ આવીને ઊભી રહેવા લાગી. કેટલીક ગાય દહોવા હાથમાં ગોળી લઈ ઊભી. કેટલીક પોતાના તીણા સ્વરથી પતિઓ કે પુત્રોને વઢવા કે આજ્ઞા કરવા લાગી.

કેટલાક યાદવો દોરડાની લગામ ને ખુલ્લી પીઠે ઘોડાઓ પલાણી ધાંધલ કરતા આવ્યા. ઘોડાને વશ રાખવા તે સાટકાનો છૂટથી ઉપયોગ કરતા. ઘોડાઓ પ્રચંડ ને તોફાની હતા. તેમની લાંબી વણ-કપાયલી પૂંછડી ને યાળ પર ધૂળ વળગી હતી. ભોંય પર રમતા

છોકરાઓ આઘા ખસી કે ગાડાં પર ચડી સીસોટીથી કે બૂમાટાથી ઘોડેસવારોની કદર કરવા લાગ્યા. ઘોડાઓને થકવનારાઓની મા-બહેન તીખા તમતમતા શબ્દોમાં તેમને ઠપકો આપી રહી.

એક મોટા ગાડામાંથી વીજો મુખી નીચે ઊતર્યો. આ ઉંમરે હવે તેને બપોરે ઊંઘ્યા વિના ચાલતું નહીં. અત્યારે આ વૃદ્ધ હતાશ બની બેઠો હતો. પાંચ વર્ષ સુધી પાણી માટે યાદવ ગોત્ર આખા સૌરાષ્ટ્રમાં ભટક્યું હતું. શાર્યાત ને તાલજંઘા ગોત્રોની મહેરબાની પર ક્યાં સુધી જીવ્યું હતું. પણ આ વર્ષે તો સુંદર પાણીપંથા ઘોડા ને દૂઝણી ગાયના વેલાઓ નાબૂદ થવા માંડ્યા હતા. ગયું ચોમાસું સૂકું ગયું એટલે હવે તો ગિરનારની તળેટીમાં પણ રહેવાનું કઠણ થઇ પડ્યું હતું. હવે શું કરવું તે સૂઝતું નહોતું.

રાજા ભદ્રશ્રેણ્ય સહસ્રાર્જુન જોડે સપ્તસિંધુ ગયા હતા. ચક્રવર્તીના સેનાપતિ થવાથી આ નાના ગોત્રની પ્રતિષ્ઠા વધી હતી, પણ તે ઠાલી હતી. ભદ્રશ્રેણ્યથી અહીં રહેવાતું નહીં. તેને તો સહસ્રાર્જુનનાં સદાય લડાતાં યુદ્ધોમાં હાજરી આપવી પડતી. પણ આસપાસના ગોત્રો મહેરબાની રાખતાં. અત્યારે મુખી એવો થાકી ગયો હતો કે ભદ્રશ્રેણ્ય આવીને એને આ જોખમદારીમાંથી ક્યારે છોડાવે તેની જ એ રાહ જોઈ રહ્યો હતો. ગોત્રને બીજે લઈ જવાની એને ઘણી મરજી હતી. પણ ક્યાં જવું ? શું કરવું ?

તેણે નિસાસો નાખ્યો.

અધૂરામાં પૂરું વળી સહસ્રાર્જુન ચાર દિવસ પર અહીં આવી, રાતવાસો રહી ગયા હતા, ત્યારથી તેની ચિન્તાનો પાર નહોતો. મુખી પાસે એણે ચારસો ઘોડેસવારો માગ્યા. બહુ કરગરી એણે આખરે સાડી ત્રણસો ઘોડેસવાર આપી સહસ્રાર્જુનને વિદાય કર્યા હતા.

સહસ્રાર્જુનની આજ્ઞા માન્યે જ છૂટકો હતો. એની હાકથી આખું જગત કાંપતું. વંટોળિયાની માફક એના ઘોડેસવારો ચારે

તરફ વિનાશ પ્રસારતા. જ્યાં એ પડતા ત્યાં તીડોની માફક બધો રસકસ ચૂસી લેતા.

પણ મુખી જોડે તેણે છેલ્લી વાત કરી તેથી મુખીનાં હોજાં ગગડી ગયાં હતાં.

એણે ભદ્રશ્રેણ્યની ખબર પૂછી. જવાબમાં સહસ્રાર્જુનના મુખ પર ક્રોધ છવાઈ રહ્યો. એની મોટી આંખોમાં લોહી તરી આવ્યું.

'ભદ્રશ્રેણ્ય ! તારો રાજા ! હા–હા–હા !' ક્રૂર હાસ્યથી તેણે કહ્યું: 'આવશે, આવશે, હું જલદીથી આવ્યો. એને ધીમે ધીમે પાછળથી આવવાનું કહ્યું છે.'

'યુદ્ધમાં રાજા નથી આવવાના ?' મુખીએ પૂછ્યું. વિશ્વાસુ સેનાપતિ વિના સહસ્રાર્જુન રણે ચડે એ નવાઈ જેવી વાત હતી.

'યુદ્ધને માટે હવે એ નકામો થઈ ગયો છે. બહુ ઘરડો થયો. ને આવે ત્યારે એને સાફ સાફ કહી દેજે: હું બોલાવું નહીં ત્યાં સુધી મારા બંને પરોણાને સાચવે—જવા ન દે. ને—' સહસ્રાર્જુને મૂછને ક્રોધથી આમળો આપ્યો. 'મારી આજ્ઞામાં જરા ફેર કર્યો છે તો—તો એક યાદવને જીવતો નહીં જવા દઉં !'

યાદવોના દુર્ભાગ્યનો પાર નહોતો. એક વાર યાદવોની જાહોજલાલી હતી. પશુપતિ સોમનાથ મહાદેવનો મેળો ભરાતો ત્યારે યાદવોનાં બે હજાર ગાડાં ગિરનારની તળેટીમાં છૂટતાં. જ્યારે સહસ્રાર્જુન નાનો હતો ત્યારે ભદ્રશ્રેણ્ય આખું રાજ ચલાવતો હતો. પણ યુદ્ધોમાં સેંકડો યાદવો મરી ફીટ્યા હતા. કેટલાંક યાદવ ગોત્રોએ શ્વભ્રમતીને તીરે હૈહયોનો ને આનર્તોનો આશરો લીધો હતો. ગોત્ર હવે ક્ષીણ થઈ ગયું હતું. અને અનાવૃષ્ટિએ ત્રાસ પ્રસાર્યો હતો.

વીજા મુખીએ ડોકું ધૂણાવ્યું. દેવો યાદવો પર કોપ્યા હતા. એમનું હવે નિકંદન નીકળી જવાનું હતું. ને આ બધાનું કારણ નવા ગુરુઓ હતા. જ્યારે મહાઅથર્વણ ઋચીક શાપ આપી ચાલ્યા ગયા

ત્યારે સહસ્રાર્જુને મૃકંડ ઋષિને ગુરુ સ્થાપ્યા હતા. તેનો શિષ્ય કુક્ષિવંત યાદવોને ગુરુપદે હતો. તેને લીધે દેવની કૃપા તેમના પર ઊતરતી નહોતી. હવે યાદવો મરવા બેઠા હતા ને ભદ્રશ્રેણ્ય આવતા નહોતા.

૫

તાપ ઘણો પડતો હતો. દર વર્ષની માફક આ વખતે માવઠાં પણ થયાં નહોતાં. મુખીએ કપાળ પરથી પરસેવો લૂછ્યો, નિસાસો નાખ્યો ને કંટાળીને તે થૂંક્યો. આખું જગત બગડી ગયું હતું. એનો એક પુત્ર રાજા ભદ્રશ્રેણ્ય સાથે હતો. ત્રણ બીજા છોકરાઓ સહસ્રાર્જુન લઈ ગયો હતો. નાના બે અહીં હતા, તે ઘોડા ચરાવી આવવામાં હતા. એણે કાળા સૂકા ગિરનાર પર નજર નાંખી. અંગારાની માફક તે ધીકતો હતો. તેની એક ભેખડ પર ભગવાન પશુપતિ સોમનાથની ધજા પવન વિના લચી પડેલી હતી.

ત્રણ છોકરાઓ ઘોડા દોડાવતા આવતા હતા. મુખી જરા દૂર ખસ્યો. સહુથી આગળ ભદ્રશ્રેણ્યનો નાનો પુત્ર મધુ આવતો હતો. તેની પાછળ એના બે છોકરા કૂર્મા ને ઉજ્જયંત આવતા હતા. ત્રણે છોકરાઓ હોકારાબૂમાટા કરતા, ઘોડાને સાટકા મારતા હતા. મુખીને કચવાટ થયો. મધુ તોફાની, ક્રોધી, લુચ્ચો હતો. એની મા રેવતી એને ફટવતી હતી. એ બધાને મારતો, ડરાવતો ને સ્વચ્છંદથી બીજા છોકરાઓને બગાડતો હતો. એના પોતાના છોકરાઓ ડાહ્યા હતા, છતાં તેમને મધુનો પાસ લાગતો હતો.

જે ઘોડા પર મધુ બેઠો હતો તેનું નામ 'ગાંડો' હતો. તે બહુ વીર્યવાન ને તોફાની હતો, અને અનેક વીર અશ્વો ને અશ્વિનીઓનો પિતા હતો. યાદવ ગોત્રના એ શણગારને મધુ બેદરકારીથી મારતો હતો તે જોઈ મુખી ઊકળી ઊઠ્યો.

'ઊભો રહે.' તેણે બૂમ મારીને ડાંગ ઉગામી.

મધુએ ઘોડો રોક્યો. ફાટી આંખે ને ફાટતે નસકોરે 'ગાંડો' ઊભો થઈ ગયો.

'ગાંડાને આમ કેમ મારે છે? એ તે કંઈ બળદ છે?'

મધુ નફટાઈથી હસ્યો. 'આ તો બળદથી પણ ભૂંડો છે.'

'તારા બાપ હમણાં આવશે તો કહેશે શું? જા, જઈને ગાંડાને બાંધી દે.' મુખીએ કહ્યું, 'ને કૂર્મા, જઈને ઋષિ કુક્ષિવંતને કહે હું હમણાં આવું છું.'

"વારુ, બાપા." કહી કૂર્મા ત્યાંથી છૂટો પડ્યો. મધુ અને ઉજ્જયંત હસતા હસતા આગળ ચાલ્યા.

મુખી ડાંગ ઠોકતો આગળ ચાલ્યો. મધુનું નફ્ટ હાસ્ય સાંભળી તેના હૈયામાં ફરી અકળામણ થઈ આવી. આ નફ્ટ છોકરો વીશ વર્ષનો થયો પણ એનામાં ડહાપણ નહોતું આવ્યું. કુક્ષિવંતના હાથમાં એ રમતો. રાજા ભદ્રશ્રેણ્ય ન હોય તો ભાઈઓને મારી એ ગોત્રનો ધણી થવાનો પ્રયત્ન જરૂર કરવાનો. ને એ રાજા થશે ત્યારે યાદવો નિર્મૂલ થઈ જવાના. 'પશુપતિ કરે તે ખરું.' તે બબડ્યો.

થોડે આગળ વધતાં મુખીએ મહાભયાનક યુદ્ધ થતું ભાળ્યું. સાતઆઠ સ્ત્રીઓ બાથમબાથા પર આવી હતી. તેમની ગાળો ને ચીસોના તરંગોએ માઝા મૂકી હતી. નખ ને દાંતનો છૂટથી ઉપયોગ થઈ રહ્યો હતો. વાળની ખેંચાખેંચીથી આ ચંડિકાઓના યુદ્ધમાં વધારે ઝનૂન પ્રગટતું હતું. બાજુ પર ઊભેલી થોડીક વૃદ્ધ સ્ત્રીઓ પ્રોત્સાહન આપતી હતી. થોડાંક છોકરાંઓ હસીહસીને કૂદતાં હતાં. સમરાંગણમાં ઊતરેલી સ્ત્રીઓનાં છોકરાં ઘાંટો પાડીને રડતાં હતાં. "તારું નખ્ખોદ જજો... પકડ રાંડનો ચોટલો...તારા ડોળા ફોડી નાખું, ઊભી રે'!" આવી સર્જનજૂની ભયાનક રણગર્જના સંભળાતી હતી. પ્રેક્ષકવૃંદ ચારે તરફ એકઠો થઈ ગયો હતો. રુધિરની સરિતાને બદલે ફૂટેલાં માટલાંનાં પાણી ચારે તરફ રેલાયાં હતાં.

મુખીને કાળ ચડ્યો. આ શંખણીઓ હમેશાં લડ્યા કરતી ! ડાંગને ઝપાટે તેણે પ્રેક્ષકવૃંદમાં છીંડું પાડ્યું ને યુયુત્સુ ચંડિકાઓને મોટે સાદે પૂછ્યું, 'શું કરો છો, કુલટાઓ ?'

રણઘેલી ચંડિકાઓનો ઉત્સાહ એમ શમે એવો નહોતો. ગોત્રના મુખી કરતાં પ્રતિસ્પર્ધીના ચોટલાની તેમને વધારે પરવા હતી. મુખી બૂમ પાડતો આગળ આવ્યો. અને ચંડિકાઓને ડાંગ વતી ફટકા મારવા લાગ્યો. પહેલાં બે છૂટી થઈ, પછી ત્રણ, પછી એક. પણ બે યુદ્ધાકાંક્ષિણીઓ ઉત્સાહભેર યુદ્ધમાં મચી રહી. બંનેએ એક બીજાના ચોટલા પકડ્યા.

બંનેને મોઢે દંત ને નખના ઘા પડ્યા હતા. 'દેહં પાતયામિ'ના ભયંકર સંકલ્પથી આ બે વીરાંગનાઓ સૃષ્ટિ બધી વિસ્મરી એક બીજીના વિનાશમાં મશગૂલ થઈ રહી હતી. મુખીના બાપની પણ એમને પરવા નહોતી.

મુખીએ ફડાફડ ફટકા માર્યા. સ્ત્રીઓ લડતી લડતી ભોંયે પડી ગઈ, તોય બાથમબાથા કરતી તે રગદોળાવા લાગી. વૃદ્ધ મુખીની રગોમાં પણ શૌર્ય આવી ગયું. તેણે ભોંયે પડેલી ચંડિકાઓને ચાર પત્નીના પતિની કુશળ કળાથી ફટકારવા માંડી. આખરે ડાંગની અસર થઈ. ચંડિકાઓ છૂટી પડી, બેઠી થઈ.

'કુલટાઓ, કંઈ લાજ આવે છે ? આ કરો છો શું ?' મુખીએ હાંફતાં હાંફતાં પૂછ્યું.

'બાપુ !' એક સ્ત્રી હાંફતી, રડતી કહેવા લાગી, 'મેં ત્રણ ઘડા પાણી આ રાંડને આપ્યું. પાછું લેવા આવી ત્યારે મને નહીં કહેવાનું કહ્યું. ને મારી ગાય મરવા પડી છે...મારી એકની એક ગાય ?'—તેણે પોક મૂકી.

'ને બાપુ !' બીજીએ રડતાં રડતાં કહ્યું, 'આ મોંબળી મને કહે કે મારો માટી નથી એટલે આખા ગોત્રની હું રાખેલી છું. આ મારાં મા ને બાપરે......' તેણે પણ ફૂકવો કર્યો.

'તમે બંને છાની મરશો ?' ડોસાનો અવાજ ગાજ્યો. 'નહીં તો માથાં ફોડી નાંખીશ. જરા શરમ તો રાખો ? કાલે આવજો. હું ચોકસી કરીશ.'

'પણ, બાપુ, મારી ગાય તો મરવા પડી છે.'

'દુધાળી છે ?'

'હા, બાપુ.'

'તો એ ઘડા મારે ત્યાંથી લઈ જા. મરતી ગાય છોડી અહીં લડવા બેઠી છે ? ને આ કેટલા ઘડા પાણી વેડફી માર્યું ? હત્તારી જાતની !' કહી ખિન્ન હૃદયે તે ચાલી નીકળ્યો. કોનો દોષ ? પાણી વિના ઢોર નહીં; ઢોર વિના જીવન નહીં. આજે તો આ છોકરીની ગાય મરશે. કાલે કોની નહીં મરે ?......

૬

યાદવ ગોત્રનો ગુરુ ને પશુપતિ સોમનાથનો પૂજારી કુક્ષિવંત માર્કંડેય ચાલીશેક વર્ષનો ને સૂકો ને ઊંચો હતો. પોતે પોતાને ઋષિ કહેવડાવતો, પણ જે એને એમ કહેતા તે મડમાં કે કટાક્ષમાં કહેતા. એના બંધા મુખ પર ચંચલતા હતી. તપ એને સ્પર્શ્યું નહોતું. સારું ખાવું, સારું પીવું, ને મોજ કરવી એ એને ગમતું. એની વિદ્વત્તાની સીમા બેચાર જેમતેમ ઉચ્ચારેલા મંત્રોમાં હતી. માત્ર ગુરુની પાખંડકલામાં એ પ્રવીણ હતો. એ બધાની નિર્બલતા જાણતો, અને આડંબરથી ને ખટપટથી વહેમી ને અજ્ઞાન યાદવોને વશ રાખતો. મધુને એ હાથ પર રાખતો. કેટલાંય કુટુંબોમાં એ કજિયા ઊભા કરતો, અને ગોત્રમાં પક્ષાપક્ષી ઊભી કરી હકુમત ચલાવતો. કોઈ પણ યાદવની એના પર પ્રીતિ નહોતી. ગુરુ વિના દેવ ન રીઝે તેથી કેટલાક એને માન આપતા. સહસ્રાર્જુનનો એ વિશ્વાસુ માણસ ગણાતો તેથી બધા એનાથી ડરતા.

કુક્ષિની ઝૂંપડી સામે એક ગમે તેમ તૈયાર કરેલી વેદિ હતી. તેમાં કેટલાક દહાડાની રાખ ભેગી થઈ હતી. ઝૂંપડીમાં તે જમવા બેઠો હતો. એક સ્ત્રી બહાર રાંધતી હતી, બીજી ખાવાનું લઈ આવતી હતી. ને કલ્વિણી, ત્રીજી સ્ત્રી—જુવાન, રૂપાળી, જાડી—સામે બેસી એને વધારે ખાવાની પ્રેરણા કરી રહી હતી. બીજા ભલે ભૂખે મરતા, દેવના આ પરમ ભક્તને ત્યાં લીલાલહેર હતી. ગોત્રમાં સારામાં સારી ગાયો એને મળતી; એને ગોદાન કર્યાં વગર કોઇનો પિતૃ દેવલોક પ્રાપ્ત કરતો નહીં. જરૂર પડે એ ગમે તે વસ્તુ ગમે તેની પાસે મંગાવતો ને દેવ કે એની અવકૃપાથી ડરતા યાદવો તે હાજર કરતા.

'મુખી, આવો. કેમ આમ ચિન્તાતુર દેખાઓ છો?'

'રયશી,' મુખી ઋષિને હમેશાં 'રયશી' કહેતા. 'હું તો હવે હારી બેઠો છું. બાપુ આવે એટલી વાટ જોઉં છું.'

'કેમ છે શું?' કુક્ષિએ દૂધપાકનો સડકો માર્યો.

'દુઃખનો પાર નથી, મારા બાપ!' મુખીએ સામે બેસી કહ્યું. 'પાણી નથી, ચારો નથી. ઢોરો મરવા માંડયાં છે. શું થવા બેઠું છે?'

'અરે ગભરાઓ છો શું? મહાદેવજી કરશે એટલે લીલાલહેર થઈ જશે.'

'મહાદેવજી તો કાંઈ કરતા નથી.' મુખી બબડયો.

'જોઈ શું રહી છે?' કુક્ષિ ઋષિપત્ની પર તાડૂકયા. 'બીજો દૂધપાક છે કે નહીં?'

'આ લાવી.' કહી કલ્વિણી વીજળીની માફક ઝબકીને દૂધપાક લાવવા ઊઠી.

'મુખી, મારા પર શ્રદ્ધા રાખો. બધાં સારાં વાનાં થશે.' કહી કુક્ષિએ મીઠા હોઠ પર જીભ ફેરવી.

'રયશી, જો માવઠાં નહીં થાય તો સાબરમતીને કિનારે જવું પડશે.'

'એમ કંઇ અહીંથી જવાય ? હું બેઠો છું ને શું થવાનું છે ?' કુક્ષિએ નિરાંતે કહ્યું.

'શું નથી થતું ? એક પાણીની માટલી માટે પેલી રથી ને વિજી વાળ પીંખી નાંખતી હતી. મારાથી આ દુ:ખ દેખ્યું ખમાતું નથી. આનર્તરાજનો સંદેશો આવી ગયો છે. ચોમાસા સુધી આપણા ગોત્રને એ નદીકિનારે જગ્યા આપશે.'

'ક્યારે સંદેશો આવ્યો ?' જરા ખંધાઇથી એણે પૂછ્યું. એની જાણ વગર ગોત્રમાં કંઈ થાય તે એને ગમતું નહોતું. એની ને મુખીની આંખ દ્વેષથી મળી.

'આજે.'

'મને કેમ નહીં પૂછ્યું ?'

'આવી નાની વાતમાં તમને ક્યાં તસ્દી આપું ?' મુખીએ કહ્યું.

'અહીંથી ન જવાય.' કુક્ષિએ ડોકું ધુણાવ્યું. 'રાજા અર્જુનની આજ્ઞા છે."

'મને તો કંઈ એવી આજ્ઞા નથી કરી.' મુખીનો અકળાયલો જવાબ આવ્યો. 'અમે કંઇ ગુનેગારી કરી છે કે એ કહે ત્યાં રહી મરવું ? એ તો દશ વર્ષે પાછા ન ફરે.'

'એમની આજ્ઞા ઉલ્લંઘશો તો તમારું શું થશે ?'

'આજ્ઞા કરતા ગયા તો સાથે પાણીના ઘડા કેમ મોકલાવતા ન ગયા ?' મુખીએ મડમાં કહ્યું, 'અમારા જુવાનો લે છે, ઘોડા લે છે, ગાય લે છે, હવે જીવ લેવાનો બાકી છે. પરમ દહાડે બપોર પછી હું તો ઉચાળા ભરવાનો છું—બાપુ ન આવે તો !'

'મુખી, ડહાપણ રાખો. હું માહિષ્મતી માણસ મોકલી રજા મંગાવું.'

'મારાં ગાલ્લાં હું ગમે ત્યાં હાંકું તેમાં વળી રજા કેવી લેવાની ?' ઉગ્રતાથી મુખીએ પૂછ્યું.

'મધુને પૂછ્યું છે ?'

'એ બાળક છે. એને શું પૂછવાનું હોય ?'

'તો ય રાજાનો છોકરો તો ખરો ને ?'

'એ પણ જવાબ દેશે તે તમને પૂછીને જ ને ? એને એવો ફટવ્યો છે કે કોણ જાણે એનું શું થવાનું છે ?'

'એ ને એના જુવાનીઆઓ નહીં માને તો ?' કુક્ષિએ પૂછ્યું.

'મુખી હું છું કે એ ? કાલે તમે પ્રયાણ-યજ્ઞ કરાવજો !' કહી મુખી ત્યાંથી ચાલી નીકળ્યા.

તેમણે નિશ્ચય કરી દીધો હતો. અજવાળું રહ્યું ત્યાં સુધી તે ધીમે ધીમે બધે ફર્યા. જ્યાં જોયું ત્યાં એ જ કર્મકથા હતી—પાણીની તંગી. દૂધપાકનાં બટેરાં પીતા કુક્ષિ પર એમને કાળ ચડયો. આ ગુરુ નહોતો, પણ કાળો નાગ હતો. એને જ લીધે દેવો કોપ્યા હતા ને આનર્તોને શરણે જવું પડતું હતું.

આખરે મુખી પોતાની ઝૂંપડીએ પહોંચ્યા, પંચને બોલાવ્યું ને તેમની સંમતિ લીધી. ત્રીજે દિવસે બપોર પછી આખા ગોત્રે સાબરમતી તરફ પ્રયાણ આરંભવું એવું નક્કી થયું.

અજવાળી રાત હતી. આ ખબર જ્યારે આખા ગોત્રને પડી ત્યારે બધાંને ઉત્સાહ આવ્યો. એક ઠેકાણે બેસી મરવા કરતાં દોડીને અગ્નિમાં ઝંપલાવવું સારું. સ્ત્રીઓ ને છોકરાં આનંદમાં આવી ગયાં.

મુખી થાકયોપાકયો આડો પડયો. એના છોકરાઓ ને ભાઇ-ભત્રીજા એની આસપાસ સૂવાની તૈયારી કરતા હતા. એની ડોસી કંઈ ધીમી ધીમી વાત કરતી હતી. એકદમ મધુ અને ચાર છોકરાઓ હાથમાં ખડ્ગ લઇ આવી પહોંચ્યા. મુખીનાં કુટુંબીઓ એકદમ ઊભાં થઇ ગયાં.

'મુખી !' મધુએ તોછડાઇથી પૂછ્યું, 'આ શું... કોને કહીને આ ગોત્ર અહીંથી ઉઠાવી જાઓ છો ?'

'મારે કોને પૂછવાનું હોય ?' મુખીએ જિદ્દી બની જવાબ દીધો.

'અહીંથી નહીં જવાય. ખબરદાર.' મધુએ ગુસ્સામાં હુકમ કર્યો.

'હજી તને ગાદીએ આવતાં વાર છે. મારે માથે તારા બાપ ને ચાર ભાઈઓ છે.'

'તું મને કહેનાર કોણ?' કહી હોઠ પીસી મધુ આગળ આવ્યો. મુખી ઊભો થઈ સામે ઊભો. 'તારા બાપને મેં ઊછેર્યો છે, ખબર છે? તું તારે રસ્તે જા. તારું માથું ફરી ગયું છે.'

'તારું માથું હમણાં ફરશે.' કહી ખડ્ગ ઉગામી મધુ પાસે આવ્યો. હાહાકાર થયો. મુખીએ આડી ડાંગ ધરી. મુખીના છોકરા કૂર્માએ મધુ પર પાછળથી ધસારો કર્યો ને પગ પકડી તેને ફેંકી દીધો. ચારે તરફથી માણસોએ આવીને મધુનું ખડ્ગ લઈ લીધું.

ખડ્ગની માફક એ ચંદ્રિકામય મધ્યરાત્રીની શાન્તિ શંખનાદે ભેદાઈ ગઈ. 'રાજા આવ્યા!' બધાંના મોંમાંથી નીકળી ગયું. બધાંનાં હૈયાંમાં આનંદનો સાગર ઊલટયો ને કામ કે ઊંઘ છોડી સ્ત્રી, પુરુષ ને બાળક રાજા ભદ્રશ્રેણ્યને સત્કારવા દોડી ગયાં. મધુ એકલો ચોરની માફક એના ગાડામાં જઈ ભરાઈ ગયો.

ગોત્રને સીમાડે યાદવોની ઠઠ જામી. બધા અધીરા બની હસવા ને બોલવા લાગ્યા. છેક નાનાં છોકરાં આ ધાંધલનું કારણ ન સમજાવાથી રડવા માંડયાં. મોટા છોકરાઓ કૂદાકૂદ કરવા લાગ્યા.' રાજા આવ્યા! રાજા આવ્યા!' ના અવાજ થયા. ગામમાં ઘોડા ને ઢોરોએ પણ હર્ષથી આરડવા માંડયું. ચંચલ કૂતરાઓ ભસ્યા વગર એકી નજરે ક્ષિતિજ નિહાળી રહ્યા.

મુખીએ શંખનાદ કર્યો. તેના પ્રતિશબ્દરૂપે ભદ્રશ્રેણ્યે નાદ કર્યો. ને ત્રીજો શંખનાદ થયો—યાદવોથી પ્રૌઢ, સ્પષ્ટ, નિરાળો. ઘણાને આ નાદ પરિચિત નહોતો. મુખીને તે ન ઓળખાયો. પછી સ્મરણભંડારમાંથી કાંઇક સંસ્કાર જાગ્યા. તેણે આશ્ચર્યચકિત બની માથે હાથ ચૂકયા, 'એ મારી મા.'

'કેમ? આ કોનો શંખનાદ?' બેત્રણ જણે પૂછયું.

'મહાઅથર્વણુ ભાર્ગવનો—હું નાનો હતો ત્યારે સાંભળ્યો હતો. હું પણુ શીખ્યો હતો.'

મહાઅથર્વણુ ભાર્ગવ! ઋચીક! જેણે આ ભૂમિને શાપ આપ્યો હતો તે! આ શું? દેવો વધારે રુઠયા કે પછી પ્રસન્ન થયા?

ઘોડેસવારોની નાની ટુકડી આગળ આવતી દેખાઇ. યાદવોએ હર્ષનાદ કર્યો. સામેથી ઘોડેસવારોએ હેતના હાકોટા કર્યા.

ઘોડેસવારો ઘોડાપરથી પડતું નાખી સ્વજનોને ભેટવા દોડયા. રાજા ભદ્રશ્રેણ્ય ઊતરી મુખીને ભેટી પડયો. બધાને ભેટવાનો તલસાટ લાગ્યો હતો. કેટલાક સ્વજનોને ભેટવાનો લહાવો ન મળવાથી ઘોડાઓને જઇને ભેટી પડયા.

બે ઘોડેસવારો ઘોડા પરથી ઊતરી પાસે પાસે હાથ ઝાલી ઊભા રહ્યા હતા. કોઇ તેમને ઓળખતું નહોતું. તેમને કોઇને ભેટવાનું નહોતું. પરદેશમાં એ બે જ એકબીજાનાં હતાં. પણુ ભદ્રશ્રેણ્ય તરત મુખીને અને પોતાના કાકાને તેમની પાસે લઈ આવ્યો.

'વીજા, કાકા!' ભદ્રશ્રેણ્યે ગદ્‌ગદ્ કંઠે કહ્યું. 'આવો, પગે લાગો. આ મહાઅથર્વણુના પૌત્ર–આપણા ગુરુદેવ–ભાર્ગવશ્રેષ્ઠ જમદગ્નિના પુત્ર. વીજા, પચાશ વર્ષે શાપ ઊતર્યો. મારા પર કૃપા કરી ગુરુદેવ અહીં પધાર્યા. પગે લાગો, એમને પગલે ઉદ્ધાર છે.'

થોડા સમજ્યા, ઘણા ન સમજ્યા, પણુ પ્રણિપાત બધાએ કર્યા.

બે ઘોડેસવારમાંથી ઊંચા ઘોડેસવારે સ્વાભાવિક ગૌરવથી વીજા મુખીને ઉઠાડી ભેટ દીધી, ને હાથ લંબાવી આશીર્વાદ દીધો! 'યાદવો! અગ્નિ, વરુણુ ને ઇંદ્ર તમારું કલ્યાણુ કરે!'

ભાર્ગવ રામના સાથીએ એના જેવો પુરુષવેશ પહેર્યો હતો, છતાં તે લાવણ્યવતી સ્ત્રી હતી એમ સ્પષ્ટ દેખાઈ આવતું હતું. એના સુકુમાર મુખ પર ને રીસ ચડે એવા નફ્ટ નાકની રેખાઓમાં જગત જીતવા સર્જાયેલી સુંદરીની મોહિની હતી. એ નાનકડી, ઘાટીલી હતી.

'આ તૃત્સુઓના પ્રતાપી રાજા સુદાસની બહેન, લોમાબા.' ભદ્રશ્રેણ્યે ઓળખ આપી.

રામ ને લોમાને લઈ જઈ રાજાએ પોતાની પાસેની ઝૂંપડીમાં વાસ આપ્યો. મધરાતે પણ ચૂલા ચેત્યા. ખાવાનું રંધાયું ને ખવાયું, ને ક્યાંય સુધી રંગરાગ ચાલ્યા.

રાજા આવ્યા ને મહાઅથર્વણના પૌત્રે શાપમાંથી મુક્ત કર્યો, આ બે બનાવે બધાંને હર્ષઘેલાં કરી મૂક્યાં.

૭

દૂર એક ઝાડ નીચે ભદ્રશ્રેણ્ય મુખી, રાજાના કાકા ને પંચ નવાજૂની સાંભળવા–સંભળાવવા લાગ્યા.

'સહસ્રાર્જુન મારા પર ઘણા ગુસ્સે થયા છે, હું જાણું છું.' ભદ્રશ્રેણ્યે કહ્યું. 'હું હવે નામનો જ સેનાપતિ છું. પણ વીજા, કોઈ દહાડો તો આ શાપમાંથી છૂટવું કે નહિ? દેવોએ કૃપા કરી. જેનાં દર્શન દુર્લભ એવા ભૃગુશ્રેષ્ઠનો પુત્ર સાંપડ્યો. કાલે જોજે! હું તો દિવસ ને રાત એની સાથે રહ્યો છું. જ્યાં અમે ગયા છીએ ત્યાં લીલાલહેર થઈ છે. એ ગુરુનો પુત્ર નથી, દેવ પોતે છે. ને રાજા અર્જુન ભલે કોપે. આપણને જરા આંચ લાગવાની નથી. ને લાગે તો ભલે. આપણા બાપદાદાએ કર્યાં પાતકનું પ્રાયશ્ચિત્ત કરીશું.'

'પણ આ રાજાની બહેન કેમ આવી છે?'

ભદ્રશ્રેણ્યે લોમહર્ષિણીની બધી વાત માંડીને કરી. 'સહસ્રાર્જુનની દાનત ભૂંડી છે. એને એ છોકરી પરણવી છે તેમાં અહીં લઈ આવ્યો છે અને ભૃગુશ્રેષ્ઠ જમદગ્નિએ એ લગ્નની વિરુદ્ધ આણ મૂકી છે. અર્જુનનાં નસીબ ફૂટ્યાં છે. જ્યારે માનવી દેવ સાથે લડે ત્યારે હારે જ, એમાં નવાઈ શી?'

'પણ હવે અહીંથી જવું કે નહીં? બાપુ, તમે આવ્યા એટલે તમે જ નક્કી કરો.'

'કાલે સવારે વાત.'

એટલામાં કુક્ષિ આવી પહોંચ્યો અને બધાએ ઉપરટપકે વાત કરી. આખરે કુક્ષિએ કહ્યું: 'રાજન્, મારે તમારી સાથે વાત કરવી છે, એકલા.'

'હમણાં જ? કાલે નહીં ચાલે?'

'ના, અત્યારે જ.' કુક્ષિએ જીદ ઝાલી રાખી. બધા ઊઠી ગયા

'રાજન્! ચક્રવર્તી સહસ્રાર્જુન અહીં આવી આપને માટે સંદેશો મૂકી ગયા છે.'

'શો?'

'પોતે પાછા ન આવે ત્યાં સુધી તમારે અહીંથી ખસવાનું નથી.' કુક્ષિની મૃદુ વાણીમાંથી ઝેર ટપકતું હતું તે ભદ્રશ્રેણ્યે પારખ્યું.

'હું જાણું છું. મને સહસ્રાર્જુને કહ્યું હતું. તમને પણ કહ્યું એ અજાયબીની વાત!' રાજાએ કટાક્ષથી કહ્યું.

'મને આજ્ઞા કરી છે કે તમે આવો એટલે મૃગારાણી ને ગુરુ મૃકુંડને આપની ઇચ્છા શી છે તેની મારે ખબર આપવી.'

"કુક્ષિવંત, તમે અમારા ગુરુ થઈ અમને કેદી બનાવી રખેવાળ બની ગયા છો, કેમ?'

'ચક્રવર્તી સહસ્રાર્જુનની આજ્ઞા મારાથી નહીં લોપાય. એ યુદ્ધમાં ગયા ત્યારે તમને સોંપતા ગયા છે.'

'કુક્ષિવંત, હું જાણું છું. હું હવે સહસ્રાર્જુનનો સેનાપતિ નથી. એનો કોપ મારા પર ઊતર્યો છે. હું હવે યાદવોનો રાજા નથી પણ તમારો કેદી છું. બીજું કાંઈ કહેવું છે?'

'એવું શું બોલો છો?' કુક્ષિએ ઝેરી મીઠાશથી કહ્યું. 'હું તો તમારો પુરોહિત છું.'

'મારા પર ચોકી કરવા, મૃગારાણીને છૂપા સંદેશા મોકલવા, મારા યાદવોને નિરાધાર બનાવવા!'

'મુખીએ પરમ દહાડે સાબરમતીને તીરે જવાની ઘોષણા કરી છે. મેં ઘણી ના કહી. હવે તમે શો નિર્ણય કરો છો? જે કરો તે વિચારીને કરજો.'

'કુક્ષિવંત, મને સાઠ થયાં. વગર વિચારે કરવાનો અધિકાર તો તમારો જુવાનિયાંનો. હું કાલે સવારે નક્કી કરીશ.'

'અહીંથી તમે જશો તો પરિણામ બહુ માઠું આવશે.'

'કુક્ષિવંત, મારે શું કરવું તેની મને ખબર છે.' જરાક અધી-રાઈથી ભદ્રશ્રેણ્યે કહ્યું.

'તમને નથી, તેથી કહું છું. તમે પેલા ભાર્ગવને ગુરુદેવ તરીકે ઓળખાવ્યો. તો હું કોણ? ગુરુ મૃકુંડ કોણ? સહસ્રાર્જુન તો આ બે પરોણાને કેદી રાખવાનું કહી ગયા છે, ને તમે તો આ છોકરાને ગુરુ ઠોકી બેસાડ્યો, ગુરુ મૃકુંડ કે મને પણ પૂછ્યા વિના!'

ભદ્રશ્રેણ્ય ખડખડ હસી પડ્યો. 'કુક્ષિવંત, તમારું ડહાપણ હવે તમારી પાસે રાખો, અથવા તો પછી અજ્ઞાન યાદવો આગળ બતાવો. હું તો ઘરડો થયો. મેં તો અગસ્ત્ય ને લોપામુદ્રા, વસિષ્ઠ ને કણ્વ, વિશ્વામિત્ર ને જમદગ્નિનાં દર્શન કર્યાં છે. તમારું ગુરુપદ તમે સમાલીને બેસી રહો.'

'એટલે તમે કહેવા શું માગો છો?' કુક્ષિવંતે ગુસ્સામાં પૂછ્યું. રાજા ફરીથી હસ્યો.

'તમે પણ માર્કંડેય એટલે ભૃગુ, અને ભૃગુઓના કુલપતિ તો ભૃગુશ્રેષ્ઠ જમદગ્નિ. તેના પુત્રને આ દેશના આર્યોનું ગુરુપદ તો જન્મે આવ્યું છે, ખુશામત કે ખટપટથી નથી આવ્યું. ધનભાગ્ય તમારાં કે જીવતી આંખે એનાં દર્શન કર્યાં.'

'તમારે બહુ સહેવું પડશે હો.'

'સાચવનારો ને સહેવડાવનારો તો દેવ છે, માણુસ નથી.'

'ને હું દેવનું મંત્રદર્શન કરનારો છું.'

'કુક્ષિ,' ભદ્રશ્રેણ્યે હોઠ પીસી, ઉગ્ર બની કહ્યું. 'ગુરુ ભાર્ગવના પગ ધોઈ પાણી પી. મંત્ર શું છે તે તને સમજાશે.' એની આંખોમાં ખુન્નસ આવ્યું. "ને જો ભાર્ગવનો વાળ વાંકો થયો છે તો તારું લોહી પીશ. જા—'

કુક્ષિ ત્યાંથી ચાલી ગયો. ભદ્રશ્રેણ્યનું પુણ્ય પરવારી ગયું એ તો ચોક્કસ હતું. એ હવે સહસ્રાર્જુનનો માનીતો સેનાપતિ ન હતો, પણ કેદી જેવો હતો. પોતે તેનો ચોકીદાર, ગુરુ મૃકંડ ને મૃગારાણીનો માનીતો હતો. ભદ્રશ્રેણ્ય કાબૂમાં ન રહે તો સહસ્રાર્જુન યાદવોનું નામોનિશાન રહેવા દે એમ નહોતું. અને નામોનિશાન ન રહે તેમાં જ એને ફાયદો હતો. ગુરુ મૃકંડ એંશી વર્ષના થયા હતા. અને સહસ્રાર્જુનને એ રીઝવી શકે તો એમની પછી પોતે માહિષ્મતીનું પુરોહિતપદ પ્રાપ્ત કરી શકે એમ હતો.

કુક્ષિએ પોતાના ગાડા તરફ જતાં અનેક ઘાટો ઘડ્યા ને કરેલા સંકલ્પો પાર પાડવા એણે વિશ્વાસુ માણસોને પરોઢિયું થતાં પહેલાં સહસ્રાર્જુનની રાણી મૃગા અને ગુરુ મૃકુંડને સંદેશો કહેવા મોકલી આપ્યા. બીજા માણસોને એના ચુસ્ત અનુયાયીઓમાં પ્રચાર કરવા મોકલ્યા.

૮

ભદ્રશ્રેણ્યે પોતાની પાસેની ઝૂંપડી રામ અને લોમાને કાઢી આપી. રામે લોમાની પથારી કરી મૃદુતાથી તેનાં મૃગચર્મ ઠીક કરી આપ્યાં. લોમા તેનું અંગ હતી. તેના વિના ખાવું–પીવું, સૂવું, શસ્ત્ર ફેરવવાં કે ઘોડે બેસવું એને ગમતું નહીં. છતાં એની તરફ તેને જરાય પુરુષવૃત્તિ નહોતી.

બેઉ જણ બાલપણથી સાથે ઊછર્યાં હતાં અને બે દેહે

એક આત્મા હોય એમ તેઓને લાગતું. એ લોમાના મનની વાત સમજી જતો. તે એના મનની વાત જાણી જતી.

રામ જાણતો હતો કે સહસ્રાર્જુન લોમાનું હરણ કરી લાવ્યો હતો, અને તેથી જ તે પણ સાથે આવ્યો હતો. સહસ્રાર્જુન બંનેને લઈ આવ્યો ત્યારે થોડા દહાડા તો લોમા ઘણી ગભરાઈ ગઈ હતી. પણ રામે તેની પડખે રહી તેને અભયદાન દીધું હતું.

એની પાસેથી એ પળવાર પણ ખસતો નહીં. રાતે પણ તે ઊંઘી જાય પછી એની ચોકી કરતો. તેનો નિશ્વાસ સંભળાય તો તરત હાથમાં ખડગ લઈ બેઠો થઈ જતો. લોમા એનાથી મોટી હતી, છતાં સુકુમાર ને નાનકડી હતી. તેને જરાક કષ્ટ પડે કે રામ તેને ઊંચકી લેતો.

રામને લાગ્યા કરતું કે લોમા જરાક બદલાઇ છે. હવે જરા જરામાં એ શરમાતી. તેના ગાલ લાલ થઈ જતા. કોઈ કોઈ વાર એના સ્પર્શથી તે કાંપી ઊઠતી. તે હવે રામને વળગતી તો તેમાં ન સમજાય તેવી ઊર્મિલતા જણાતી. પહેલાં લોમા મિત્રદાવે તોફાનમસ્તી પણ કરતી. હવે તે એના તરફ પૂજ્યભાવ રાખતી. સ્ત્રીઓ નિર્બળ હોય છે એવી રામની માન્યતા હતી, એટલે આ બધું પરિવર્તન સ્ત્રીઓના ન સમજાય એવા સ્વભાવને લીધે હશે એમ એ માનતો.

લોમા ઊંઘી ગઈ, પછી રામ તેની પાસે સૂઇ ગયો. ભળભાંખળું થયું ત્યારે એ ઊઠયો અને ઊંઘતી લોમા તરફ જોઈ રહ્યો. જાણે દૃષ્ટિ–સંદેશના જવાબમાં હોય તેમ લોમાએ આંખો ઉઘાડી.

'ચાલ, હવે નાહી આવીએ.'

'પણ નદી ક્યાં હશે ?'

'પ્રતાપ કહેતો હતો કે ગોત્રની પાસે ગોમતી નદી છે.'

બંને ઝૂંપડીની બહાર નીકળ્યાં. આખું ગોત્ર હજી ઊંઘતું હતું. ચારે તરફ ગંદવાડો, ગંધ અને ગરીબી દેખાયાં.

બંનેએ હાથમાં માટીના ઘડા લીધા ને બહાર આવ્યાં. એમને

જોઈ કૂતરાંઓ ભસવા લાગ્યાં. દૂર એક વૃદ્ધ સ્ત્રી ગાતી ગાતી ઘંટીએ દળતી હતી.

'માજી, અહીંયાં નદી ક્યાં આવી છે?'

'અમારાં નસીબ ક્યાંથી કે નદી પાસે હોય! ગિરનાર પર જવું પડશે. ભાઈ, તું કોણ?"

'હું ભાર્ગવ. કાલે આવ્યો તે.' હસીને રામે કહ્યું.

'ભાર્ગવ! ઓહો, મહાઅથર્વણનો દીકરો! ભાઈ, તારે પગલે પાણી આવે તો સારું. ગોમતીમાંથી તો પાણી ટપકે છે. ઘડો ભરતાં ઘડીઓ નીકળી જાય છે. આ છોકરી કોણ છે, ભાઈ?'

'એ લોમહર્ષિણી છે. રાજા દિવોદાસની દીકરી.'

'તું તો, અલી, બહુ રૂડીરૂપાળી છે. ચાલો. હું પણ ઘડો લઈ લઉં.'

ડોસી ખૂંધી ચાલતી હતી, પણ તેના પગમાં ઘણું જોર હતું. એ વાતુડી પણ હતી. પાણીનું કેમ દુઃખ હતું, એક ઘડા પાણી માટે સ્ત્રીઓ કેમ મુષ્ટામુષ્ટી ને કેશાકેશી કરતી હતી, મુખી કેવો સારો માણુસ હતો, ગોત્રનો ગુરુ કુક્ષિવંત ઋષિ કેવો ખરાબ માણસ હતો, મોટી રાણી–પ્રતીપની મા અને શેઠાણી કેવી સારી હતી, નાની રાણી રેવતી કેવી લુચ્ચી હતી,–આ બધી વાત ડોસીએ વગરપૂછે કરી નાંખી.

જંગલની પગથીએ થઈ એ ગિરનાર ચડ્યાં. ત્યાં સુકાએલી ગોમતીના પથ્થરિયા પટ પર થઈ એક નાનું વહેણ વહી જતું હતું.

સહુ ત્યાં ગયાં. ડોસી લૂગડાં ધોવા ગઈ. લોમાએ મૃગચર્મ કાઢી સ્નાન કર્યું. એ સ્નાન કરતી ત્યારે એનું રક્ષણ કરવા રામ પાસે ઊભો રહેતો, પણ આંખો મીંચીને અને આડો ફરીને.

પછી રામ નાહવા ગયો, અને લોમા એમ જ ઊભી રહી. એ બંને નાનાં હતાં ત્યારે રામની મા રેણુકાએ–જેને બંને 'અંબા' કહેતાં હતાં—આ શિષ્ટાચાર શિખવ્યો હતો. હજી તેમાંથી એ ચળ્યાં

નહોતાં. આ જોઈ ડોસી ખડખડ હસી, પાસે આવી, તાબોટા પાડવા બેઠી. રામને લાગ્યું કે આ ડોસી જરાક ગાંડી હતી.

'માજી, ઊભાં રહો, અમે અર્ધ્ય આપી આવીએ.'

અર્ધ્યવિધિ સમાપ્ત થયે રામ અને લોમાએ ભરેલા ઘડા લઈ પર્વત ઊતરવા માંડ્યો. ડોસીને માથે બેડું હતું.

પર્વતની તળેટીમાં પગથી પાસે ઝાડનું એક ઝુંડ હતું. તેમાં થોડા છોકરા ઊભેલા દેખાયા. અચાનક સાટકાનો અવાજ આવ્યો ને એક છોકરાની કારમી ચીસ સંભળાઈ. મંદ મંદ હસી રહેલા રામની મુદ્રા ગંભીર થઈ ગઈ. તેની આંખો સ્થિર થઈ ગઈ.

'આ શું?'

'ભાઈ, એ તો નાની રાણીના મધુનું કારસ્તાન હશે. ચાલો, જતાં રહીએ. એ બહુ ખરાબ છે.'

આ ચેતવણી પર ધ્યાન આપ્યા વિના રામ ઝાડના ઝુંડ તરફ આગળ વધ્યો. પાછળ લોમા અને ડોસી પણ ગયાં. ત્યાં પંદર–વીસ છોકરાઓનું ટોળું ઊભું હતું. બે છોકરાઓએ એક છોકરાના હાથ ઝાલી રાખ્યા હતા, અને એક યુવક જે પ્રતીપના ભાઈ જેવો લાગતો હતો, તે પકડેલા છોકરાને સાટકા મારતો હતો.

સાટકા મારનાર મધુ વીસેક વર્ષનો ઊંચો ને મજબૂત હતો. અત્યારે એનું મોં ક્રોધ ને દ્વેષથી રાતું થઈ ગયું હતું. જે છોકરાને એ સાટકા મારતો હતો તેનો નાનો ભાઈ દૂર ઊભો ધ્રુસકાંભેર રડતો હતો. બાકીના છોકરા મોજમાં ઊભા હતા.

'આ મુખીનો છોકરો કૂર્મી. ને પેલો રડે છે તે એનો નાનો ભાઈ ઉજ્જયંત.' ડોસીએ રામને કહ્યું.

'ચાડિયા, બદમાશ, મારો થઈને મને કાલે પાડી નાખ્યો?'

'માફ કરો, માફ કરો!—' કૂર્મીએ રડતે રાગે કહ્યું.

જવાબમાં મધુએ એક સાટકો ખેંચી કાઢ્યો. કૂર્મીએ ચીસ પાડી ને રડવા લાગ્યો. આસપાસ ઊભેલા છોકરા હસી પડ્યા.

રામનું મુખ નિશ્ચલ થઈ ગયું. એની તેજસ્વી આંખો વાઘની હોય એવી વિકરાલ બની ગઈ. ધીમેથી, સ્વસ્થતાથી તેણે પોતાને ઘડો લોમાને આપી દીધો અને ટોળાની અંદર જઈ મધુનો હાથ પકડયો.

'બસ કર !' તેણે ત્રાડ પાડી.

આસપાસ ઊભેલા છોકરા સ્તબ્ધ થઈ ગયા. મોડી રાતે આવેલા રામને કોઈ ઓળખતું નહોતું. મધુનો હાથ પકડનારની હિંમત જોઇ તે અવાક્ થઇ ગયા. કૂર્માની ચીસ તેના ગળામાં રહી ગઈ, ઉજ્જયંત રડવાનું ભૂલી ગયો.

મધુ પણ વિસ્મય પામી ક્રોધથી જોઇ રહ્યો. યાદવ ગોત્રમાં એને રોકે એવું કોઈ એણે જોયું જાણ્યું નહોતું, ને રાતે રામને સત્કારતી વખતે એ હતો નહીં એટલે એ કોણ છે તેનું એને ભાન નહોતું. તેણે જોરથી પોતાનો હાથ રામનો હાથમાંથી ખેંચી લીધો અને રામના મોં પર સાટકો ખેંચી કાઢયો. લોમાએ ચીસ પાડી. છોકરાઓ પોતાના સરદારોની બહાદુરી જોઈ હસ્યા.

રામના મુખ પર રુધિરની આડી રેખા તરી આવી. એની સ્થિર, વિકરાલ આંખોમાંથી આગની સરિતા વહેતી હોય તેવો ભાસ થયો. વાઘ કૂદે તેમ તે એકદમ કૂદ્યો ને મધુનું ગળું પકડી તેને નીચે નાખી દીધો. પડતા મધુએ તેને બાથ ભીડી, ને બંને ભોંયે પડ્યા.

છોકરાઓ અજાયબ થઈ ગયા. કૂર્માએ પોતાના હાથ પકડનારના હાથ છોડવ્યા. ઉજ્જયંત રડતો રહી હિંમતવાન થઈ ગયો. લોમાએ ઘડા નીચે મૂકી દીધા અને કેડેથી ગોફણ કાઢી.

મોટી ઉંમરના, જબરા ને ક્રોધાવિષ્ટ મધુનો રામને ડર નહોતો. બંને ભોંય પરથી ઊઠી, એકબીજાને વળગ્યા. રામે જોયું કે મધુ પોતાની પ્રતિષ્ઠા ફરી સ્થાપવાને ઉત્સુક હતો, અને તે પોતાના બળથી કચરવા માંગતો હતો.

રામે ચપલતાથી મધુને ચુકવવા માંડ્યો. એના પગ નર્તકીની

જેમ નર્તતા હતા, એટલે ધીમાપગા મધુને હંફાવવો સહેલું કામ થઈ પડયું. સ્વસ્થ ને સચોટ રામ, જેણે બાલપણથી ચાયમાન અને વિમર્દ જેવાની તાલીમ લીધી હતી, તેને મધુ તો એક બાલક સમાન હતો. મધુનો શ્વાસ રૂંધાવા લાગ્યો, ત્યારે રામ શાંતિથી શ્વાસ લેતો હતો.

લોકવૃંદની પ્રશંસા ને નિંદા ચંચળ હોય છે. છોકરાઓ રામની શક્તિ જોઈ ખુશ થઈ ગયા. મધુને આખરે કોઈ માથાનું મળ્યું ખરું!

રામે મધુને પાશામાં જકડી લીધો. તેને દૂર કરવાનાં મધુનાં ફાંફાં નિષ્ફળ ગયાં. તે ધરણીએ ઢળ્યો. રામ તેની છાતી પર ચડી બેઠો, અને તે બેભાન થઈ ગયો ત્યારે મુક્કીનો માર બંધ કર્યો.

મધુ બેભાન થયો એટલે રામે ઊઠીને લોમા પાસેથી પાણી લીધું, તેના મોં પરથી લોહી સાફ કર્યું, ને તેને સચેત કર્યો.

'છોકરા, આમ આવ!' રામે કૂર્માને આજ્ઞા કરી. 'આ સાટકો લે!'

કૂર્મા ડરતો ડરતો પાસે આવ્યો ને સાટકો લીધો.

'તને આણે કેટલા સાટકા માર્યા?'

'પાંચ.'

'ચાલ, તું એને પાંચ સાટકા લગાવ!'

'પાંચ સાટકા?' બેભાન જેવા કૂર્માએ કહ્યું. રાજકુમારને પાંચ સાટકા મારવાના? તેના હાથમાંથી સાટકો સરી ગયો.

'ચાલ!' રામે ગર્જના કરી. 'સાટકો લે! હું એને પકડી રાખું છું. ચાલ!'

કૂર્માએ રામની ભયંકર મુખમુદ્રા જોઈને બીતાં બીતાં સાટકો પાછો લીધો.

'ચાલ, એને લગાવ.'

કૂર્માને રામનો ધાક લાગ્યો. એણે સાટકો લઈ અડધા ભાનમાં આવેલા મધુને અડકાડયો.

'એક, ચાલ!' રામે કહ્યું. 'બે, ત્રણ, ચાર, પાંચ,' તે બોલ્યો ને મધુને છોડી દઈ ઊભો થઈ ગયો.

'લે તારો સાટકો. ફરીથી કોઈ નાના છોકરાને સાટકા માર્યા છે, તો જેટલા મારશે તેટલા ખાવા પડશે. ઊઠ ?' રામે હાથ ઝાલી મધુને ઉઠાડ્યો.

'જા—'

ખોડંગતે પગે મધુ જંગલ તરફ જતો રહ્યો. થોડાક છોકરા ગોત્ર તરફ નાસી ગયા.

ડોસીએ રામનાં ઓવારણાં લીધાં. 'જીવતો રહે, મારા દીકરા! આજે તેં મધુને ઠેકાણે આણ્યો ખરો.'

રામે સ્વસ્થતાથી મોં ધોયું, જટામાંથી ધૂળ ખંખેરી ને પોતાનું મૃગચર્મ ઠીક કર્યું.

૯

રામ ઊંઘમાંથી ઊઠ્યો ત્યારે એનાં અંગેઅંગ કળતાં હતાં. એની પાસે લોમા અને ભદ્રશ્રેણ્ય ચિંતાગ્રસ્ત બેઠાં હતાં.

એ બેઠો થયો ને ખાવાનું માગ્યું. પ્રતીપ બારણા આગળ ચોકી કરતો હતો. એ તરત ગયો અને એની મા–મોટી રાણી પાસેથી ખાવાનું લઈ આવ્યો.

'ગુરુદેવ,' ભદ્રશ્રેણ્યે કહ્યું. 'મધુએ તમને સાટકા માર્યા, એ પાતક હું ક્યારે ધોઈશ ?'

'રાજન્, એથી તો મને એને ધર્મ શીખવવાનો પ્રસંગ મળ્યો.' રખેને રાજાને ઓછું આવી જાય, એમ ખંચાતા રામે કહ્યું. 'એને કોને ત્યાં શીખવા મૂક્યો હતો ?'

'એ તો અહીંઆં કુક્ષિવંત પુરોહિત પાસે જ શીખ્યો.'

'સારું થયું. હવે ખો ભૂલી જશે. બધાને તોબા તોબા પોકરાવતો હતો.' મોટી રાણીએ કહ્યું.

'રેવતીઆને બહુ ખોટું લાગ્યું હશે?' રામે કહ્યું.

'એણે તો મધુને ફટવી મૂક્યો છે!'

'ગુરુદેવ! પુરોહિત અને મુખી આપની ખબર લેવા આવે છે.'

કુક્ષિવંત પુરોહિત આધેડ વયનો હતો. એ પણ ભૃગુવંશનો હતો, અને માહિષ્મતીના રાજ્યગુરુ મૃકુંડનો શિષ્ય હતો. રામ નવા માણસને જોતો કે તેને પારખી લેતો. અજ્ઞાની, અભિમાની, ખટપટી ને લોભી માણસને ઋષિપદ પર બેઠેલો જોઈ એને અણગમો થયો. મુખી વૃદ્ધ, ડાહ્યો ને બાહોશ લાગ્યો. શિષ્ટાચાર થઈ રહ્યો એટલે રામે કૂર્માની ખબર પૂછી.

'એને તાવ આવ્યો છે, પણ આપના દર્શન માટે અધીરો થયો છે.'

'હું હમણાં જ આવું છું, એની ખબર પૂછવા.'

'ના, ના, રામ, સૂઇ રહે.' લોમાએ કહ્યું, 'રાતના આજે ઉત્સવ છે. તું થાકી જશે.'

'મને શું થયું છે? કશું જ નહીં.' કહી રામ ઊઠ્યો.

રામ ઝૂંપડીની બહાર આવ્યો ત્યારે છોકરાઓની ને યુવાનોની ઠઠ જામી હતી. એણે જોયું કે બધાની દૃષ્ટિ ને રીતમાં ધાક ને સદ્‌ભાવ બંને હતાં. એ હસ્યો ને બધાને આશીર્વાદ આપ્યા.

એ મુખીની ઝૂંપડીમાં ગયો ત્યારે કેટલાક યુવકો એની પાછળ પાછળ આવ્યા. ગંદા રસ્તા, જૂનાં ગાડાં, ફાટેલાં કપડાં ને નિસ્તેજ સ્ત્રીપુરુષો જોઈ રામનું હૃદય દ્રવી ઊઠ્યું. ઠેકઠેકાણે પુરુષો ટોળે વળી એની કાન્તિ પ્રત્યે દ્વેષથી જોઈ રહ્યા હતા.

'ઋષિજી!' એણે કુક્ષિવંતને કહ્યું. 'આ લોકો અકળાયેલા લાગે છે.'

'પાણી વિના કોનો જીવ ઠેકાણે હોય!' કુક્ષિવંતે કહ્યું.

'કાલે તો એક ઘડા માટે સાત બૈરાં લડી મર્યાં.' મુખીએ કહ્યું. 'બધાંને હવે અહીંથી કોઈ સારી જગાએ ચાલી નીકળવું છે.

રાજન આવી નહીં પહોંચ્યા હોત તો તોફાન થઈ જાત.'

'એ તો ચક્રવર્તી આવીને ત્રણસો ઘોડા ને પુરુષો લઇ ગયા, તેથી પાણી પહોંચે છે.' કુક્ષિવંતે કહ્યું.

ભદ્રશ્રેણ્યે નિસાસો મૂકયો અને કહ્યું; 'મારા સારામાં સારા માણસો ને ઘોડાઓ યુદ્ધમાં ગયા. કોણ જાણે કયારે આવશે?'

રામ કુક્ષિવંતના મોં સામે જોઈ રહ્યો. આ બધામાં એ એને નકામો લાગ્યો.

'ઋષિ,' રામે કહ્યું. 'કેમ દેવ આરાધતા નથી?'

આ સવાલથી કુક્ષિનું અભિમાન ઘવાયું લાગ્યું. 'દેવની તો અવકૃપા થઇ હોય એમ લાગે છે.'

'જો અધર્મ આચરાય તો જ દેવની અવકૃપા થાય.' રામે નિશ્ચયથી કહ્યું.

'ભાર્ગવ!' ભદ્રશ્રેણ્યે કહ્યું. 'અમારે ત્યાં અધર્મનો ને દુઃખનો પાર નથી. હું તો આખો વખત માહિષ્મતીમાં કે ચક્રવર્તીની સાથે રહું છું, અને આ વખત તો યુદ્ધ જીતીને પણ આવ્યો નથી કે સાથે બધાને માટે ધન ને કીર્તિ લેતો આવું.'

રામ મૂંગો થઈ ગયો. એની આગળ યાદવ ગોત્રનું ચિત્ર ખડું થયું. પાણી વિનાનાં, ખેતી વિનાનાં, એક ઠામથી બીજે ઠામ રખડતાં સ્ત્રીપુરુષ; અભિમાની ને અજ્ઞાન ગુરુ; પરદેશ ફરતો રાજા; ગંદવાડ, અસંસ્કાર ને અજ્ઞાન! આવા આ બધા મૂર્ખા! જેમણે એના પિતામહને ત્યાગ્યા હતા, જે તેમના શાપના ભોગ બન્યા હતા; જેનો એ ઉદ્ધાર કરવા આવ્યો હતો!

રાતના ઉત્સવમાં જવા રાજા, મોટી રાણી ને પ્રતીપ રામ ને લોમાને તેડવા આવ્યાં ત્યારે ભક્તિબીના છોકરાઓનું સરઘસ સાથે થયું. જ્યાં યજ્ઞની તૈયારી થતી હતી ત્યાં રાજા પહોંચ્યા એટલે ખબર આવી કે જંગલમાંથી મધુનો પત્તો લાગ્યો હતો. થોડી વારે એને

રાજા સામે ખડો કરવામાં આવ્યો. એ ધુંધવાયેલો, લોહીથી ખરડાયેલો, દ્વેષભર ડહોળાયેલી આંખે ન સૂજેલા ભયંકર મુખે આવીને ઊભો.

ગુસ્સામાં ભદ્રશ્રેણ્યની આંખો પણ લાલ થઇ ગઈ હતી. 'અત્યાચારી, અધર્મી, કુળકલંક, ગુરુ ભાર્ગવને હાથ અડાડતાં તારા હાથ કેમ બળી નહીં ગયા ? પ્રતીપ એને બાંધી મૂક. હું એની વલે કરું છું.'

ઘવાયેલા, નિસ્તેજ મધુ તરફ રામે મમતાભરી દૃષ્ટિ નાંખી. 'રાજન્ હવે એને શિક્ષા કરવી એ અન્યાય છે. કૂર્માને રંજાડ્યો. તેનો મેં યોગ્ય ન્યાય કરી દીધો છે. એણે સવારનું ખાધું પણ નહીં હોય. પ્રતીપ, એને લઈ જા. રેવતીબા, એને જમાડો !'

મધુના દ્વેષને સીમા નહોતી. એના ગુલામો, ગોત્રના છોકરાઓ હસતા હતા. જેણે એને માર્યો હતો ને એની પ્રતિષ્ઠા લઇ લીધી હતી તે એને માફી આપતો હતો. રેવતી પણ ગુસ્સાભરી આંખે રડતી હતી. તે ઊઠીને મધુને પોતાને ત્યાં લઇ ગઇ.

રામે યજ્ઞની તૈયારી તરફ નજર નાંખી અને એને દયા આવી. કુક્ષિને કાંઈ આવડતું નહોતું. વેદિની એકે બાજુ સીધી કે શાસ્ત્રપ્રમાણિત નહોતી. એ કાંઇક અસ્પષ્ટ બબડતો, તેમાં માત્ર મંત્રોચ્ચારની નકલ હતી. એના શિષ્યોને કાંઇ આવડતું નહીં. કુક્ષિ અવારનવાર એની સામે દ્વેષથી ને ડરથી જોતો, તે પણ તેની નજરબહાર નહોતું. હવે રામને સમજ પડી કે યાદવો કેમ નિસ્તેજ થઈ રહ્યા હતા !

જેમતેમ યજ્ઞ પૂરો થયો. બકરાંનો હવિ હોમાયો, રામ ગાંભીર્યથી બેસી રહ્યો. લોમાની આંખમાં આ યજ્ઞવિધિ જોઈ તિરસ્કાર ને તોફાન આવ્યા કરતાં, પણ રામનું ગાંભીર્ય જોઇ તે મૂંગી બેઠી.

પછી જમણવાર શરૂ થયો. હવિનો પ્રસાદ વહેંચાયો. કકલાણ, અવ્યવસ્થા, ગાળાગાળી, ખેંચાખેંચી થઈ રહ્યાં. લોમાના મુખ પર અણગમો છવાઇ રહ્યો. રામ દયાભરી આંખે આ બધું નીરખી રહ્યો.

'ભાર્ગવ!' ભદ્રશ્રેણ્યે પૂછ્યું. 'આ બધું આર્યાવર્તથી જુદું છે, નહીં?'

રામની આંખમાં ઊંડાં તેજ આવ્યાં. 'આ પણ આર્યાવર્ત જ છે.' તેણે કહ્યું. 'ધર્મ વિના એના સંસ્કાર લોપાયા છે, એટલું જ.'

ભદ્રશ્રેણ્ય આ વિચિત્ર જવાબ સાંભળી રામ તરફ જોઈ રહ્યો. એના ગોત્રને આર્યાવર્તમાં કોઈએ ગણ્યું હોય તો આ પહેલીજવાર. એનું ગોત્ર આર્યાવર્તમાં આવે?

પછી સ્ત્રીપુરુષોએ રાસડા લેવા માંડ્યા. સુરા પીવાનું શરૂ થયું. પહેલાં હસાહસ થઈ, પછી કંઈક મારામારી થઈ. સ્ત્રીપુરુષો છાકટાં થઈ ગાળાગાળી કરવા લાગ્યાં. સ્ત્રીઓ મોંમાંથી ગમે તે બકવા લાગી. ભદ્રશ્રેણ્ય, કુક્ષિ ને મુખી પણ મોજમાં આવી ગયા.

રામે સુરાને સ્પર્શવાની ના પાડી. લોમા તો સ્પર્શે જ શાની? એમનું જોઈ છોકરાઓએ પણ ના પાડી. આ અધઃપતનથી રામના હૈયામાં હોળી પ્રગટી હતી. આ જાનવરો આર્ય ક્યારે થશે? ભરત, તૃત્સુ ને ભૃગુઓના સંસ્કાર ક્યારે પામશે?

લોકો ધક્કામુક્કી કરતા આગળ વધ્યા. એમાંથી ચાર જણ રાજા પાસે આવી ગમે તેમ બોલવા બેઠા. 'અહીં નથી રહેવું. ગાયો મરી ગઈ. ઘોડાઓ મરી ગયા. મુખીએ કહ્યું હતું કે સાબરમતીને તીરે જઈએ. ચાલો, અહીં નથી રહેવું.'

'બેસ, બેસ, હવે,' રાજાએ પણ લહેરમાં કહ્યું. 'કાલની વાત કાલે.'

'નેસ પગલાંનાં માણુસ અહીં આવ્યાં છે.' એક જણે કહ્યું.

'અમારે નથી રહેવું.'

'ગાલ્લાં હાંકો. આજે બએ વર્ષથી તો ગિરનાર પાછળ ભમીએ છીએ.' ત્રીજાએ કહ્યું.

'આજે સાત ગાયો મરી ગઈ. દેવ રૂઠ્યા છે. નેસ પગલાંનાં માણુસ આવે ત્યારે શું થાય?' પહેલાએ કહ્યું.

'કાલે રાતે આપણે નીકળવાના હતા.' મુખીએ આશ્વાસન

આપ્યું. 'હવે રાજા આવ્યા છે, તે કાલે પંચ બોલાવી નક્કી કરશે.'

'ખોટી વાત, ખોટી વાત. નેસ પગલાંનાં માણસો અહીં આવ્યાં છે. અમારે તરફડી મરવું નથી.'

આ નિર્દેશ એના ને લોમા વિષે હતો, એમ રામને ચોક્કસ લાગ્યું. એણે ભદ્રશ્રેણ્ય તરફ જોયું. રાજાનો નશો ઊતરી ગયો હતો. અને તે આ લોકવાણી પાછળની પ્રેરણાનું મૂળ સમજી ગયા ! કુક્ષિ મૂંગો પણ મોજમાં બેઠો હતો.

'હવે કાલે સવારે વાત,' રાજાએ કહ્યું.

'ના, ના,' બધા સાથે બોલી ઊઠચા. 'હમણાં જ બળદ જોડીએ. ચાંદની રાત છે, દેવ કોપ્યો છે. નેસ પગલાંનાં માણસો આવ્યાં છે. અહીં રહેશે એનું નખ્ખોદ નીકળી જવાનું.'

'પણ રયશી કુક્ષિવંત પણ જવાની વિરુદ્ધ છે.' મુખીએ કહ્યું.

કુક્ષિએ મલકાઈ દાઢી પર હાથ ફેરવ્યો. 'કાલે હું વિરુદ્ધ હતો.' તેણે કહ્યું. 'પણ આજે યજ્ઞ કરતાં અપશુકન થયા.' તેણે રામ તરફ નજર નાખી, 'અગ્નિદેવે હવિ સ્વીકારતાં વિલંબ કર્યો. કાલે ઝરણાં સુકાઇ જવાનાં. સૂર્ય સો સો સૂર્યના તાપે તપવાનો, લોકવાયકામાં દેવવાયકા છે. ગાડાં હાંકચા વિના છૂટકો નથી.' કુક્ષિએ દ્વેષભરી દૃષ્ટિ રામ તરફ નાખી.

રામને સમજણ પડી ગઈ. કોઈએ રાજા આવવાની આશા રાખી નહોતી, એના વિના મધુ અને કુક્ષિ સત્તા ભોગવતા હતા. અને હવે રાજા આવ્યા અને મધુનું ગૌરવ તૂટયું એટલે કુક્ષિ વેર લેતો હતો. એના હૈયામાં ઉગ્રતાનું તોફાન શરૂ થયું. ભદ્રશ્રેણ્યને દુ:ખ દેવા એ પોતે અહીંઆં આવ્યો હતો?

ભદ્રશ્રેણ્ય પણ કુક્ષિની કરામત સમજી ગયો, અને લોકોને રિઝવવા મહેતત કરવા લાગ્યો. રકઝક ચાલતી હતી, ને મધુની મા રેવતી દોડતી આવી, ને ગુસ્સામા પતિને સંબોધીને બોલી: 'લો, સાંભળ્યું ?'

'શું ?'

'કહેતા હતા ને કે શાપમાંથી છૂટીને આવ્યા ? આ બે જણને લઈ ને આવ્યા ને અમારાં ભાગ્ય ફૂટી ગયાં. મારો રતન જેવો છોકરો મરવા સૂતો છે, ને ગોમતી સુકાઈ ગઈ!

'સુકાઈ ગઈ ?' બધાં ચકિત થઈ બોલી ઊઠયાં.

'બે બૈરીઓ હમણાં ખાલી બેડે પાછી આવી.'

સુકાઈ ગઈ! જેને ઝરણે એ બધાં જીવતાં એ ગોમતી સુકાઈ ગઈ! બધાં એકબીજાની સામે જોઇ રહ્યાં. કુક્ષિએ મોજમાં દાઢી પર હાથ ફેરવ્યા કર્યો. 'હું નહોતો કહેતો કે દેવ કોપ્યા છે ? અહીંથી ચાલી નીકળ્યા વિના છૂટકો નથી.' તેણે દ્વેષભરી નજર રાજા પર નાંખી.

'ચાલો, ચાલો, ચાલો !' બધા બોલવા લાગ્યા.

જાજરમાન રેવતી કેડે હાથ દઈ ચંડિકા સમી રાજાની સામે ઊભી હતી. 'જેને રહેવું હોય તે રહો. હું ને મારો મધુ તો આ ચાલ્યાં.'

ભદ્રશ્રેણ્ય ઊભા થઈ ગયા. 'જેને જવું હોય તે જાઓ. કુક્ષિવંત, સિધાવો ! રેવતી, તું પણ જા. હું આ ભૂમિ નહીં છોડું. જરૂર પડશે તો ઉપર ગઢમાં રહીશું.'

રામ, લોમા સાથે દૂર ઊભો ઊભો આ વાતો સાંભળ્યા કરતો હતો. એ સમજી ગયો કે ભદ્રશ્રેણ્ય આ સ્થાન છોડીને જઈ શકે તેમ નથી. અને તેની સત્તા તોડવા માટે આ બધું તોફાન થતું હતું.

'પ્રતીપ તમારી બધાની સાથે આવશે.' રાજાએ કહ્યું.

'ના, બાપુ, જ્યાં તમે ત્યાં હું.' પ્રતીપે કહ્યું.

'હું પણ તમારી સાથે.' મોટી રાણીએ કહ્યું.

રામના મગજમાં અજબ જેવો ઝંઝાવાત શરૂ થઈ ગયો. આ બધું તોફાન એને લીધે હતું. એ અહીં આવ્યો એટલે વરુણ રૂઠયા ને પાણી લઈ લીધું. એની નસેનસ ને તંતુએ તંતુનું બળ એકાગ્ર થઈ ગયું. એની આંખો વિકરાળ, સ્થિર, દઝાડતી થઈ ગઇ. એની અવગણના ! ભૃગુ, શુક્ર ને ચ્યવનના પ્રતાપનો વારસ, મહા-

અથર્વણ ને મહર્ષિ જમદગ્નિની વિદ્યાનો અધિકારી—એની આ અવગણના? ગોમતીની શી મગદૂર કે પાણી ન આપે?

એણે લોમાનો હાથ પકડ્યો, 'ચાલ!'

રાજાએ સાંભળ્યું. 'ભાર્ગવ! ક્યાં જાઓ છો? ક્ષમા કરો. આ અપમાન મને કારી ઘા સમાન લાગે છે, પણ મારા યાદવો ગાંડા છે.' એનો અવાજ ખિન્ન થઈ ગયો હતો.

સ્પષ્ટ સત્તાવાહી અવાજે રામે કહ્યું. 'હું ગોમતી પાસે જાઉં છું.'

ચાલ્યા જવાને તત્પર થયેલાં સ્ત્રીપુરુષો ખડખડ હસી પડ્યાં. રામ તેમની વચ્ચે આવીને ઊભો. એની દઝાડતી આંખની ભભક જોઈ બધાં મૂંગાં થઈ ગયાં. વિડંબનાથી એનાં અનિમેષ નેત્રો જરાય વિહ્વલ થયાં નહોતાં. હાસ્ય શમ્યું એટલે નિષ્કંપ મોટે અવાજે તેણે કહ્યું. 'ગોમતી પાસે જાઉં છું, એને દંડ દેવા.'

લોમાનો હાથ પકડી વનરાજ સમાં ડગ ભરતો રામ ચાલી ગયો. એ ગયો એટલે પલવારનો જાદુ જતો રહ્યો.

'એ દંડ દેશે એટલે ગોમતી પાણી આપશે.' એક ટચાકે કહ્યું. 'ચાલો, ચાલો!' કહી ઘણાખરા ચાલવા માંડ્યા.

'બાપુ, હું રામની સાથે જાઉં છું. એને રક્ષવા તો કોઈ જોઇએને?' પ્રતીપે કહ્યું ને તે ચાલી નીકળ્યો. ફૂર્મી ને ઉજ્જયંત પણ સાથે ગયા.

પોણું ગોત્ર ગાડાં જોડી નીકળી જવામાં રોકાયું.

૧૦

ઉગ્રતામાં લપેટાયેલો રામ, જાણે કોઈ અલગ સૃષ્ટિમાંથી ઊતરી આવ્યો હોય એમ બધાથી નિરાળો ગિરનાર ચડ્યો. એનું મુખ શાંત, નિશ્ચલ હતું, એની આંખના અંગારા સ્થિર બની ધીકતા હતા. એના ક્રોધની આગ એકાગ્ર બની ગઈ હતી. એને એક જ વસ્તુ દેખાતીઃ ગોમતી ધર્મ ચૂકી હતી. અને એને દંડ દેવો એ એનો ધર્મ હતો.

સાથે ચાલતી લોમા તરફ એ જોતો નહોતો. પાછળ આવતા પ્રતીપ, ફૂર્મી, ઉજ્જયંત ને છોકરાઓ તરફ જોતો નહોતો.

તે ઉપર ચાલ્યો. કાલે જ્યાં એણે સ્નાન કર્યું હતું ત્યાં ઝરણાં સુકાઇ ગયાં હતાં. માત્ર બે ભેખડો વચ્ચે એક દોરી જેવી નાની સેર આવતી હતી.

ફ્રુક્ષિની આગાહી ખરી હતી. સૂર્ય પણ પ્રખર તાપે તપવા લાગ્યો હતો. ઝાડપાન જરા પણ હાલતાં નહોતાં. પંખીઓ અદૃષ્ટ થઈ ગયાં હતાં.

સહસા તેણે પાછળ જોયું. 'પ્રતીપ, ફૂર્મી ! ગોમતી તરસે મારે છે' અધર્મ આચરે છે, એને પૂરી દઈએ. આ પથ્થર ગબડાવવા લાગ !'

કોઈ સમજ્યું નહીં કે આનો અર્થ શો, પણ તેણ કહ્યું તેમ બધા કરવા લાગ્યા. પાસે પશુપતિનું સ્થાનક હતું. તેમાં સોમનાથનું મોટું લિંગ હતું. ચારે તરફ નાગ લોકોએ ધરાવેલા પ્રસાદના અવશેષો પડ્યા હતા. રામે ત્યાં જગ્યા સાફ કરી. લોમાએ સમિધ વીણ્યાં, ને વેદિ તૈયાર કરવા માંડી.

રામે યજ્ઞ આરંભ્યો.

ભદ્રશ્રેણ્ય, મોટી રાણી અને જે નહોતાં ચાલી નીકળ્યાં તે, રામની શોધ કરતાં આવી લાગ્યાં ને નિઃશબ્દ, સ્વસ્થ ને ઉગ્ર રામને યજ્ઞની તૈયારી કરતો જોઈ મૂંગે મોંએ ઊભાં. તેમણે આવો વ્યવસ્થાસર યજ્ઞ જોયો નહોતો, એટલે તેમના અસંસ્કારી હૃદયમાં ભક્તિ પ્રગટી.

રામ તો ઊંઘમાં ફરતો ને બોલતો હોય તેમ મંત્રોચ્ચાર કર્યે જતો હતો. કાળી એની ભમ્મરો નીચે અગ્નિની જ્વાલા નીકળતી, અને વાતાવરણ ભયભર્યું કરી દેતી. એણે પૂર્ણાહુતિ કરી અને એનો ઊંડો, નાભિમાંથી આવતો ગંભીર સ્વર શાપ આપી રહ્યો.

'ગોમતી, હું મહાઅથર્વણનો પૌત્ર, ભૃગુશ્રેષ્ઠ જમદગ્નિનો પુત્ર રામ, તને શાપ આપું છું. તેં મારા યાદવોને તરસે માર્યા. હું આવ્યે તું સુકાઈ ગઈ. હું તને શાપ આપું છું. તારો પટ સદાય

સુકાયેલો, પથ્થરભર્યો હો. તારા તીર પર કાંટા ઊગો. દેવો ને ઋષિઓનો ક્રોધ તારા પર ઊતરો. મનુષ્યને પાવન કરવાની તારી શક્તિ નષ્ટ હો. હું રામ, જમદગ્નિનો પુત્ર, તને શાપ આપું છું.'

રામ ભેખડની ધસ પર ગયો અને ભવ્ય લયથી એણે મંત્રો ઉચ્ચારવા માંડ્યા.

'વરુણ, દેવાધિદેવ ! આવ, ને યાદવોને ઉદ્ધાર ! પંખીઓના પંથને જાણનાર, અસુરશ્રેષ્ઠ આવ ! હું, જમદગ્નિનો પુત્ર રામ, તારું આવાહન કરું છું.'

નમતો પહોર થવા આવ્યો હતો. ભૂખ્યા ને તરસ્યા એક પણ શબ્દ બોલવાને અશક્ત, યાદવો, જોઈ રહ્યા હતા. અને આત્મશ્રદ્ધામાં અડગ આ બાળક, અથાક શક્તિથી આવાહન કર્યાં કરતો હતો !

સાંજ પડવા આવી. રામની ઉગ્રતા, એના મંત્રોની હૃદયભેદકતા વધતી ચાલી. સૂર્ય અસ્ત થવાની તૈયારી થઈ ત્યારે એના આવાહનના જવાબમાં હોય તેમ એક કાળું વાદળ પશ્ચિમ ક્ષિતિજ પર આવ્યું, ને વીજળીનો કડાકો થયો.

યાદવો ભયભીત થઈ ને, ભેખડની ધસ પર જટા વિસ્તારી આવાહન કરતા આ ભાર્ગવને પ્રણિપાત કરી રહ્યા.

વાદળ વધ્યું. વીજળી ચોમેર ચમકવા લાગી. પવન શરૂ થયો. મંત્રોચ્ચાર થયે જ ગયો.

મરુતોએ ઝાડો હલાવી મૂક્યાં. ગિરનારની ગુફામાં ભયંકર ધ્વનિ થવા લાગ્યો. અંધારું વીંટાવા લાગ્યું. ભેખડની ધસ પર, વીજચમકની પરંપરામાં, પશુપતિ મહારુદ્રના અવતાર સમો ભાર્ગવ, ઊભો હતો,—જાણે ત્રણે જગતને કંપાવતો, વિદ્યુલ્લતાથી વીંટાયેલો.

વરસાદ તૂટી પડ્યો, અને યાદવો ઢોરને ગુફાઓમાં લઈ જવા નીચે ગયા.

વીજળી પડી. દિશાઓ કંપાયમાન થઈ ગઈ. એક મોટું શૃંગ

ભેદાઈ ગયું. જ્યાંથી શિખર તૂટયું હતું ત્યાંથી નવી નદીનો ઘોષ, નવો પટ શોધતો, નીચે નીચે સરતો ચાલ્યો.

રામે આવાહન પૂરું કર્યું, ને પાસે ઊભેલી લોમાની કેડે હાથ મૂકી તેની સાથે ગિરનાર ઊતર્યો. એમાંથી કોઈ બોલ્યું નહીં. નીચે સાંત્વના પામેલા યાદવો, તેમનાં ઢોર ને ઘોડાઓ સાથે પાણીમાં કલ્લોલતા હતાં.

૨. નાગમોચન

૧

સાંજ પડવા આવી હતી. યાદવ ગોત્રના છોકરાઓ ઢોર ને ઘોડા ચરાવી આવતા હતા. તેમને મોખરે પાંચ જણ ઘોડા પર આવતા હતા.

વચ્ચે બે જણ હતા. એક સત્તર વર્ષનો, સ્વરૂપવાન, પ્રચંડ યુવક ચારે તરફ ચમકતી દૃષ્ટિથી જગત નિહાળતો બેઠો હતો; સ્વસ્થ, શાંત, દુર્ધર્ષ ! દેવોની અભેદ્ય શાન્તિ તેના મુખ પર હતી.

તેની પાસેનો ઘોડેસવાર નાનો, સુકુમાર, ઘાટીલો હતો. મૃગચર્મમાંથી તરી આવતું સ્તનમંડલ તેનું સ્ત્રીત્વ પુરવાર કરતું હતું.

તેની પાસેનો ત્રીજો એક ઊંચો જુવાન, ભક્તિભીની દૃષ્ટિએ આ બે સવારોને જોઈ રહેતો ને માનથી વાતો કરતો.

ચોથો નાનો ને નીચો પણ બધાથી પાકો દેખાતો યુવક હતો. પાંચમો સહુથી નાનો ને છેલબટાઉ લાગતો. એણે ગળે હાર પહેર્યો હતો, અને અવારનવાર સિસોટી વગાડી બીજા છોકરાઓને આજ્ઞા કરતો.

આ રામ, લોમા, પ્રતીપ, કૂર્મા ને ઉજ્જયંતનું પંચાયતન યાદવગોત્રની શક્તિનું ને સુખનું મૂળ બન્યું હતું.

રામગોમતી વહેતી થઇ એને બે વર્ષ થઈ ગયાં હતાં. જે યાદવો જતા રહ્યા હતા, તે વરસાદમાં ને કીચડમાં ફસાઈ પડી જેમ તેમ પાછા આવ્યા હતા ને ભાર્ગવના ચમત્કારથી મહાત થઈ તેની ભક્તિ કરવા લાગ્યા હતા.

સહસ્રાર્જુન યુદ્ધ કરીને આવ્યા નહોતા, અને ભદ્રશ્રેણ્યને હવે ચિંતાનું કારણ રહ્યું નહોતું. યાદવ ગોત્ર ઉદ્ધરી ગયું હતું. હવે નદીને તીરે ગામ વસ્યું હતું. ગાડામાં બેસી પાણીની શોધમાં આખું વર્ષ

રઝળવાની હવે યાદવોને જરૂર રહી નહોતી.

રામે ભૃગુનો આશ્રમ સ્થાપ્યો હતો, જ્યાં તે બધા યુવકોને શસ્ત્ર, અસ્ત્ર ને મંત્રવિદ્યામાં કુશળ બનાવી રહ્યો હતો. ચારે ગમથી લોકો પણ આવી આવીને આ ગામમાં વસવા લાગ્યા હતા. ભાર્ગવ રામની ખ્યાતિથી આકર્ષાઈ ઘણાં એનાં દર્શન ને આશીર્વાદ વાંછતાં આવતાં.

હવે યાદવ મહાજનો ઝાવલીની ઝૂંપડીમાં નહોતા રહેતા. તેમણે મહાલયો બનાવ્યા હતા. ઢોરોને માટે અલાયદી મોટી જગા બનાવવામાં આવી હતી. કવિ ચાયમાનની અશ્વવિદ્યાનો માહિતગાર રામ પોતે હવે બધા ઘોડાની ઊછેર ને ઉસ્તેવારી કરતો. મહિષ્મતના ક્રોધથી બચેલા છૂટાછવાયા ભૃગુઓ પણ અવારનવાર અહીં આવી અથર્વણોની વિદ્યાની અભિવૃદ્ધિ કરી જતા.

રામ હસતો, એની આકર્ષક રીતે. તે હસતો ત્યારે લોમા પણ હસતી. બંને એકબીજાથી છૂટાં પડતાં નહીં, ને એકબીજાની બધી પ્રવૃત્તિમાં ભાગ લેતાં. પાંચે જણે સરખાં વસ્ત્રો પહેર્યાં હતાં, ને સરખાં આયુધો ધાર્યાં હતાં. બધાં હસતાં હતાં; રામ ઓછું બોલતો ને હસતો પણ મંદ મંદ, પણ આત્માના કલ્લોલથી.

રામે ધર્મ પ્રવર્તાવવો ક્યારનો શરૂ કરી દીધો હતો. છોકરાઓ શિસ્તભેર, સખત મહેનત કરતા. અને રામ તેમને અશ્વવિદ્યા શીખવતો.

રામે પહેલેથી જ જોયું હતું કે યાદવ સ્ત્રીઓમાં સંસ્કાર નહોતા. લડવું, ગાળો દેવી, વાળ પીંખવા, એમની સામાન્ય રીત હતી. મોટી રાણી ને લોમા એમને સુધારવા મથતી, પણ એ કામ સહેલું નહોતું.

'ચોટલા પીંખ્યા વિના એમને ખાધું પચતું નથી.' લોમાએ કહ્યું.

'કોનો ધણી કોની જોડે કેમ બોલ્યો–ચાલ્યો, તેની જ એમને પડી છે.' રેવા ડોસી, જે ભૃગુના આશ્રમની કારભારી થઈ પડી હતી, તેણે કહ્યું.

રામ મૂંગે મોંએ સાંભળી રહ્યો.

'પતિ એમનું સર્વસ્વ છે. તે હાથમાં રહેતો નથી, તેમાં અડધી જંજાળ ઊભી થાય છે.'

રામે ગાંભીર્યથી કહ્યું, 'પતિમાં લીન થતાં એમને આવડતું નથી.'

લોમા શરમાઈ ગઈ હોય એમ નીચું જોઈ રહી.

'મારે એમને શીખવવું રહ્યું.' રામે કહ્યું.

થોડે દહાડે ગોત્રમાં ખળભળાટ મચી રહ્યો. એક સારા ઘરની સ્ત્રી સોમા, ધણીછોકરાં મૂકી રૂરૂના ઘરમાં ચાલી ગઈ. ધણી ને રૂરૂ વચ્ચે ઝઘડો થયો. સગાંઓમાં મારામારી થઈ. વાત મુખી પાસે ગઈ. પંચમાં પક્ષ પડ્યા. બંને તરફનાં સગાંઓ મોટાં માણસો હતાં. ભદ્રશ્રેણ્ય પણ કંઈ ન કરી શક્યો. સોમા રૂરૂને ઘેર નફ્ફટ થઈને રહેવા લાગી.

રામને અધર્મ વ્યાપ્યો જણાયો. મધરાતે એણે લોમા, પ્રતીપ અને પચીસેક યુવકોને લઈ છાનામાના રૂરૂના ઘરને ઘેરે ઘાલ્યો, ને તેને સળગાવી દીધું. રૂરૂ ને સોમા નગ્નાવસ્થામાં ચીસ પાડતાં ઘરની બહાર નીકળ્યાં. તેમને પકડી, આશ્રમે લાવી, બે સામસામાં ઝાડ જોડે બાંધી દેવામાં આવ્યાં.

બીજે દહાડે આખા ગામમાં હાહાકાર થઈ રહ્યો. સ્ત્રીઓ બધી આ શિક્ષાથી રાજી થઈ. ગામલોક આ ગુનેગારને જોવા આવ્યું. કેટલાક રામના આ કાર્યથી ઘણા અકળાયા, કુક્ષિવંત પાસે ગયા, પણ રામની સામે થવાની કોઈની હિંમત ચાલી નહીં.

છ દહાડા રૂરૂ ને સોમાને પાણીભેર બાંધી રાખ્યાં, અને પછી સોમાને શુદ્ધ કરી રામે તેના પતિને પાછી આપી.

રૂરૂની ફજેતીનો પાર રહ્યો નહિ. આઠમે દહાડે રામે તેને છોડ્યો ને કહ્યું: 'જા, આ વખત જીવતો જવા દઉં છું. ફરી નહીં છોડું. જે બીજાનું ઘર ભાંગે તેને તો ભાંગવો જ રહ્યો.'

આ પ્રસંગથી રામનો ધાક ઘરેઘરમાં પ્રસરી ગયો. એનું ધર્મ-શાસન વરુણના વ્રતની માફક સર્વમાન્ય ગણાવા લાગ્યું. ગુરુદેવની આજ્ઞાનું નિયમન અજાણ્યે યાદવોને ઘડી રહ્યું.

આ વાતને પણ આઠેક મહિના વીતી ગયા હતા.

આજે પંચાયતન જંગલમાંથી પાછું આવતું હતું, ત્યારે યાદવ રખેવાળો નાગો પાસે લાકડાં ફડાવતા હતા. આર્યાવર્તના દસ્યૂઓ કરતાં અહીંના નાગો ગરીબ, અજ્ઞાન ને નિર્બલ હતા. યાદવો એમની પાસે મજૂરી કરાવતા, એમને વેચતા, ફટકારતા અને તેમની સ્ત્રીઓ પર અત્યાચાર કરતા.

રામ એનો ઘોડો ફેરવી નાગો જ્યાં લાકડાં ફાડતા હતા ત્યાં ગયો. આખું પંચાયતન પણ તેને અનુસર્યું.

રામ ઘોડા પરથી ઊતરી એક નાગ પાસે ગયો. નગ્ન, નિર્બલ, નીચો નાગ ત્રસ્ત હરિણની આંખોથી એની સામે જોઈ રહ્યો, અને નાસવાનો માર્ગ શોધી રહ્યો. રખેવાળે સાટકો તૈયાર રાખ્યો:

'રખેવાળ, તું દૂર જા.'

'ગુરુદેવ, આ નાગ દુષ્ટ છે.'

'તું કેમ ગભરાય છે?' રામે કહ્યું ને તે નાગની પાસે આવ્યો.

નાગ પગે પડી જીવિતદાન માગવા લાગ્યો. રામે તેને હેતથી ઊભો કર્યો ને પૂછ્યું, 'તું ક્યાં રહે છે?'

'ગુરુદેવ,' રખેવાળે કહ્યું, 'એ આપણી બોલી નથી સમજતો. એ પાસેના ખેતરમાં રહે છે.'

'એ બધા કેમ રહે છે તેની મેં બહુ વાતો સાંભળી છે. રખેવાળ, ચાલ એમના ખેતરે મને લઈ જા!'

રખેવાળ ચમક્યો. આવા પવિત્ર મહાપુરુષ નાગને ખેતરે આવે એ એના સ્વપ્નમાં પણ નહોતું. 'જી, હા.' કહી તેણે નાગોને જે દોરડાંથી બાંધ્યા હતા, તેના છેડા હાથમાં લીધા, ને પંચાયતનને એક કેડીએ થઈ ને દોરી ગયો.

'પ્રતીપ!' લોમાએ કહ્યું. 'તમે નાગોને જાનવરની જેમ રાખો છો. આર્યાવર્તમાં તો દસ્યુઓ મહાલયમાં રહે છે.'

'આ તો ઢોર જેવા છે.' પ્રતીપે કહ્યું.

'ના, એ મનુષ્ય છે.' રામે કહ્યું.

'એને મનુજ કેમ કહેવાય?'

'મંત્રોચ્ચાર કરી શકે તે મનુજ.' રામે કહ્યું.

'આ લોકો મંત્રોચ્ચાર નહીં કરે.'

'હું કરાવીશ.' રામે કહ્યું.

જંગલ વચ્ચે માથોડાંપૂર ઊંચી કાંટાની વાડવાળું ખેતર આવ્યું હતું. ત્યાં બે રખેવાળો તરવાર લઈને ઊભા હતા. તેમના હાથમાં સાટકા પણ હતા.

'ગુરુદેવ, આ કુક્ષિવંતનું ખેતર છે.' કૂર્મીએ કહ્યું.

રામની આંખમાં વીજળી ચમકી. 'હું એનો કુલપતિ છું.'

વાતાવરણ ભયાનક થયું હોય એમ કૂર્મીને લાગ્યું. રામનું મુખ નિશ્ચલ બની ગયું હતું, અને આંખો અંગારા જેવી ધીકતી હતી.

'દોરડાં છોડ!' તેણે કહ્યું.

'જેવી આજ્ઞા.' રખેવાળે કહ્યું.

છૂટેલા નાગો રામને જોઈ રહ્યા. રખેવાળ સિવાય બીજા યાદવો તેમણે જોયા નહોતા, પણ આ મૃદુ મૃદુ હસતા ને હેતભર્યો યુવક તરફ તેઓને આકર્ષણ થયું, અને તેને પગે પડ્યા. રામે એક નાગને ખભે હાથ મૂક્યો.

છીંડું ખોલાવી રામ ખેતરમાં ગયો. પ્રતીપ, કૂર્મી ને ઉજ્જયંતને અંદર પેસતાં કમકમાં આવ્યાં. અંદરથી ઝાડ નીચે કુંડાળું વળીને બેઠેલી નાગ સ્ત્રીઓનું કારમું કલ્પાંત સંભળાયું. લોમા એ તરફ ગઈ. વચ્ચે પડેલું કંઈ જોયું અને એણે પણ કારમી ચીસ પાડી.

એક ફલંગે રામ ત્યાં ગયો. લોમાનું શરીર કાંપતું હતું. રડતી સ્ત્રીઓ વચ્ચે પંદર વર્ષની નવસ્ત્રી બાલિકા, અત્યાચારનો ભોગ બની,

લોહીના ખાબોચિયામાં પડી હતી. એને જોઈ સાથે આવેલા નાગો પણ આક્રંદ કરવા લાગ્યા.

તોફાન પહેલાં ગિરિરાજ શાન્ત ને સ્વસ્થ ઊભો રહે તેમ રામ ઊભો.

'કોણે અત્યાચાર કર્યો છે?' તેના અવાજમાં ભયંકર રણકાર હતો.

બેભાન પડેલી છોકરીના મુખમાંથી વેદનાભર્યો ડૂસકાનો અવાજ આવતો હતો. લોમા પણ ડૂસકાં ખાતી હતી.

'આ કોઈ રખેવાળનું કામ હશે.' પ્રતીપે કહ્યું. રખેવાળ નાગ-કન્યા પર અત્યાચાર કરે, એ જાણીતી વાત હતી.

'અહીંયાં આવો!' રામે રખેવાળોને બોલાવ્યા! 'આ તમારું કામ?'

આમાં રખેવાળોને કંઈ અસાધારણ ન લાગ્યું.

'છોકરી બહુ જિદ્દી હતી.' એકે કહ્યું.

શાન્તિથી, વિકરાલ આંખે રામ એ બોલનાર રખેવાળ પાસે ગયો.

'ઉજ્જયંત, કોઈ રખેવાળ નાસી ન જાય.' તેણે કહ્યું ને રખેવાળના હાથમાંથી સાટકો લઈ તેને ફટકારવા માંડ્યો.

રખેવાળ ચીસેચીસ પાડી રહ્યો, અને લોહીલુહાણ થઈ તે બેભાન બન્યો ત્યાં સુધી તેને રામે ફટકાર્યો.

બીજો રખેવાળ રામને પગે પડ્યો. ત્રીજો ઉજ્જયંતની નજર ચૂકવી નાસી ગયો. રામે બીજા રખેવાળને પણ લોહીનીંગળતો કરી નાખ્યો ને સાટકો ફેંકી દીધો.

'લોમા, અશ્વિનોનું આવાહન કર અને આ છોકરીને સાફ કર.'

લોમાએ તેમ કર્યું, એટલે પોતાનાં શસ્ત્ર તેને આપી રામે પેલી છોકરીને ઊંચકી લીધી, અને નાગોને પોતાની સાથે આવવા કહ્યું.

યાદવ ગોત્રે કદી ન કલ્પેલું તે જોયું. એક નાગકન્યાને ઊંચકીને ભાર્ગવ ચાલે, સાથે લોમાબા નાગસ્ત્રીઓ વચ્ચે ચાલે, પાછળ પ્રતીપ, ફૂર્મી ને ઉજ્જયંત શરમિંદા બનીને આવે, ને શેરીઓ વચ્ચે થઈને આખું ગામ અભડાવતા ભૃગુને આશ્રમે જાય! આશ્ચર્યની અવધિ હતી.

ગામમાં ખળભળાટ થઈ રહ્યો: કુક્ષિવંતનું નાગનું ખેતર રામે ખોલી નાખ્યું ને રખેવાળોને માર્યો. કુક્ષિવંતના ગુસ્સાનો પાર ન રહ્યો. તેણે પંચોને મળી આ પાપાચારની અવધિની ફરિયાદ કરી. દેવોનો શાપ વહોરી રહ્યા છો એવી ધમકી આપી.

બધા મોટા યાદવો પાસે પોતાનાં નાગનાં ખેતરો હતાં. એ નાગોને પકડાવતા, વેચતા, કામ કરાવતા. એક રીતે એ યાદવોનું ધન હતું. કુક્ષિવંતનું ખેતર લૂંટાય તો એમનું તો શુંયે થાય?

રામ આશ્રમે ગયો, ત્યાં સો છોકરાઓ રહેતા તેને બદલે પાંચ સાત છોકરાઓ દૂર ઊભેલા જોયા. તેણે પ્રતીપ તરફ ફરીને કહ્યું: 'પ્રતીપ, મારો ધર્મ તને દેખાતો નથી. તું તારે મહાલયે જા!'

'ગુરુદેવ—'

'પ્રતીપ, તને આ મનુજ દેખાતા નથી, મને દેખાય છે. ઉજ્જયંતે રખેવાળને નાસી જવા દીધો. જે મને ધર્મ દેખાય છે, તેમાં તમને શ્રદ્ધા નથી. જાઓ!'

કોઈ ખસ્યું નહીં.

'જાઓ!' તેણે કહ્યું, ને મૌનસમાધિમાં બેસી રહ્યો.

પ્રતીપ, કૂર્મો ને ઉજ્જયંત શરમિંદા બની ભારે પગે ત્યાંથી ચાલી નીકળ્યા. રામના ધર્મમાં તેમને શ્રદ્ધા નહોતી.

૨

લોમા રડતી હતી. રામે તેને વાંસે હાથ મૂક્યો. લોમા એને વળગી પડી.

'રામ, મારે અહીં નથી રહેવું. આર્યાવર્ત જવું છે. આ લોકો રાક્ષસ જેવા છે.' તે મુક્તકંઠે રડી પડી.

'લોમા, તું બહુ થાકી ગઈ છે.'

'હા, તું તો કઠણ વજ્ર જેવો છે. મહર્ષિ નથી સાંભરતા ને અમ્બા નથી સાંભરતાં. ને વૃદ્ધા તો સાંભરે જ શાનાં?' તેણે ડૂસકાં

ખાતાં કહ્યું.

'લોમા, યજ્ઞ કરું છું; ને ભૃગુશ્રેષ્ઠ જોઉં છું. ઘોડા સંભાળું છું ને વૃદ્ધા સામે દેખાય છે; ને તને જોઉં છું ત્યારે અમ્મા જોઉં છું.'

લોમાએ કેટલાય મહિના થયાં રામને મુક્કા મારવાનું છોડી દીધું હતું. અત્યારે તે ધ્રૂસકાં ભરતી ગઈ ને મુક્કા મારતી ગઈ.

'અમ્મા ? હું તારી અમ્મા ? તું તો માણુસ છે કે રાક્ષસ ?'

રામે માના હેતથી લોમાને છાતીએ ચાંપી. 'માર, લે માર, તારા જીવને શાતા વળતી હોય તો.'

'મારે અહીં રહેવું નથી. આર્યાવર્ત જવું છે.'

'કાલે ભદ્રશ્રેણ્યને કહી મોકલાવી દઉં !'

'ને તું અહીં રહેશે ? તને લાજ નથી આવતી ? હું એકલી જઈ શું કરીશ ?'

'લોમા,' રામે કહ્યું. 'હું આવું તો આ મારા ધર્મભ્રષ્ટ શિષ્યોનું શું થાય ?'

'તું તો ગાંડો છે. આ લોકો આર્ય થવાના છે ?'

'ગુરુ આર્યત્વ શીખવે, તો જરૂર શિષ્યો શીખે.'

'આ લોકો તને ગુરુ માનવાના જ નથી, જા !'

'હું એમને કહે ઓછો ગુરુ થયો છું ? હું તો છું જ. ચાલ, તું હવે સૂઈ જા ! સવારે આપણે આ આશ્રમ ત્યાગવો છે.'

'કેમ ?' ચકિત થઈ લોમાએ કહ્યું.

'હું, તું ને રેવા ડોસી ત્રણ રહી ગયાં છીએ. આપણે નાગના ખેતરમાં આશ્રમ બનાવીશું.'

૩

રાજમહાલયમાં મંત્રણા ચાલી રહી હતી. રાજા, મુખી, કુક્ષિવંત તો હતા જ, ત્યાં પ્રતીપ, કૂર્મો ને પંચો પહોંચી ગયા.

'આજે એ નાગોને ગામમાં લાવ્યા. કાલે યજ્ઞમાં લાવશે.'

કુક્ષિ કહેતો હતો. ' પરમ દહાડે મંત્રોચ્ચાર કરાવશે. ચોથે દહાડે આપણી છોકરીઓ વરાવશે. '

' એ તો કહે છે કે મંત્રોચ્ચાર કરે તે મનુજ. અને નાગો મનુજ છે. ' કૂર્માએ કહ્યું.

' એ ચાર નાગિણીઓ મરી ફીટી તેમાં તો, અહોહો, શું કંઈ એક થઈ ગયું ! '

' આર્ય તે આર્ય. નાગ તે નાગ. '

' આર્યાવર્તમાં વિશ્વામિત્ર ઋષિ દાસોને મંત્રબળે આર્ય કરે છે. ' ભદ્રશ્રેણ્યે કહ્યું.

' પણ એમનો વિરોધ મુનિ વસિષ્ઠ કરે છે. વસિષ્ઠ મુનિઓનો પણ મુનિ છે.' કુક્ષિએ કહ્યું. ' આ નાગ તો પશુથી પણ ભૂંડા છે. ગુરુ મૃકંડ હમેશાં એમ માનતા આવ્યા છે. '

' કાલે સવારે આપણે ભાર્ગવને સમજાવીશું. ' મુખીએ કહ્યું.

' આપણે કહ્યે ભાર્ગવ સમજવાના છે ? ' કૂર્માએ કહ્યું.

' એને મનાવવાનું કામ રાજનનું. ' કુક્ષિએ કહ્યું. ' એમને ભાર્ગવ ઘણો વહાલો છે. '

' છે. કહી રહ્યા ? ' ભદ્રશ્રેણ્યે તપી જઈને કહ્યું. ' હું એને પૂજું છું. તમારામાં કૃતજ્ઞતા હોય તો તમારે પણ પૂજવા જોઈએ. આર્યાવર્તમાં દાસોને મેં તો રાજમહાલયોમાં ઘોડા નચાવતા જોયા છે. હું તમારા જેવો આંધળો નથી. પણ હવે જાઓ. કાલે વાત ! '

૪

કૂર્મા ઘેર ગયો, પણ તેને કંઈ ગમ્યું નહિ, એ ઘણો પાકો હતો. રામને લીધે યાદવો કેટલા વધ્યા, કેટલાં ઢોર ને ઘોડાની સમૃદ્ધિ વધી, કેટલું બળ વધ્યું, એ બધું એની આંગળીને ટેરવે હતું. યાદવોની પ્રતિષ્ઠા કેટલી વધી હતી, તે પણ એ જાણતો હતો. અને.........

રામ ચાલી જાય તો યાદવો પાછા ઢોર ચરાવતા થઈ જાય એ પણ ચોક્કસ હતું. રામ વગર, પોતે અને યાદવો નમાલા થઈ જાય. રામ તો દેવ જ હતો ને? પ્રતીપ ને ઉજ્જયંત મૂર્ખા હતા. રામ જાય પછી કુક્ષિની સેવા કરવી? કદી નહીં. કૂર્માએ શસ્ત્ર સજ્યાં ને ભૃગુને આશ્રમે જવા નીકળ્યો.

તે આશ્રમે ગયો તો આશ્રમ નિર્જન હતો. તેણે બૂમ મારી તો કોઈએ જવાબ ન આપ્યો. માત્ર ઘોડારમાં રામનો પ્રિય ઘોડો 'ગાંડો' હણહણ્યો.

'ગુરુદેવ ક્યાં, ગાંડા?'

ગાંડાએ ફરીથી હણહણાટ કર્યો. કૂર્માએ ગાંડાને છોડી મૂક્યો, ને તેની પાછળ પાછળ ચાલ્યો.

નાગોનું ખેતર બળતું હતું. પ્રલયની મૂર્તિ જેવો રામ વાંસ વડે આગ સંકોરતો હતો. નાગો આનંદમાં નાચતા હતા. દૂર લોમા, રેવા ડોશી, પેલી છોકરી ને નાગણો બેઠી હતી.

કૂર્માએ સાક્ષાત્ પશુપતિનાં દર્શન કર્યાં.

એ દોડીને પગે પડ્યો. 'ગુરુદેવ, ભાર્ગવ, ક્ષમા કરો.' રામે તેને ઉઠાડ્યો ને હૈયે ચાંપ્યો.

કૂર્મા જાણી ગયો કે રામે તેને પાછો સ્વીકાર્યો હતો.

૫

પ્રતીપ એના આવાસે ગયો ત્યારે એની સ્ત્રી વિશાખા—જે આનર્તરાજની ભત્રીજી થતી હતી, તે અજાયબી પામી. બંને જણ રોજ ભૃગુને આશ્રમે જ સૂતાં હતાં.

'હું હમણાં આવતી હતી તમે ક્યાંથી આવ્યા?'

'ભાર્ગવે મને રજા આપી.'

'કેમ?'

'મને શિષ્ય તરીકે નહીં સ્વીકારે.'

'હું જાણતી જ હતી કે તમે કંઈ નવાજૂની કરવાના છો.'

'ના, રામ નાગોના ખેતરમાંથી નાગોને અહીં લઈ આવ્યા.'

વિશાખા ગુસ્સે થઈ ગઈ. 'તમારા યાદવો તો જાનવરો છે. ગરીબ બિચારી નાગિણી ઉપર અત્યાચાર કર્યો તેનુ કંઈ નહીં! ઠીક થયું કે ભાર્ગવે પાપીઓને દંડ દીધો.' તે પ્રતીપની સામે જઈ ઊભી. 'તમે તો યાદવોનો પક્ષ કરીને ઊભા રહ્યા, કેમ? તમને લાજ આવે છે કે નહીં? હાશ, રામે તમને કાઢી મૂકયા તે મને ગમ્યું. તમારા જેવા શિષ્ય રાખીને એ કરે શું? ધૂળ?'

'વિશાખા!' આ શબ્દ પ્રવાહ રોકવાને અસમર્થ પ્રતીપે કહ્યું. 'નાગ–નાગિણીઓને ગામ વચ્ચેથી આણી, તેમાં ગામમાં તોફાન થઈ રહ્યું છે. કોઈ એ પાપાચાર સાંખી શકતું નથી.'

'કયાંથી સાંખે? ભાર્ગવ પેલી નાગકન્યાને લઈ આવ્યા તે મેં જોઈ હતી. તમારી બહેન–દીકરીઓને કોઈ આમ રંજાડે ત્યારે શું કહેશો?' વિશાખાએ પથારી કરી આપી ને હતાશ પ્રતીપ તેના પર બેઠો. 'ને હવે તમે શું કરશો?'

'કાલે બાપુ રામને મનાવવા જવાના છે.' પ્રતીપે કહ્યું.

'ને એ માનશે? બધા તમારા જેવા હશે? તમને ભાન છે? આ બે વર્ષમાં તમારા ગોત્રનાં રૂપરંગ ભાર્ગવને લીધે કેવા બદલાઈ ગયાં છે તેનું? આજે તમને આ બધી વિદ્યા કયાંથી મળી? રોજ રોજ મોટાં ભગીરથ કામ તમને કોણે આપ્યાં? ભાર્ગવ તો તમને સગા ભાઈથી વધારે ગણે છે, ને કોઈએ એમને છોડયા તે પહેલાં તો તમે એને છોડી આવ્યા!' વિશાખાનો પ્રત્યેક શબ્દ એને વીંધી નાખતો હતો. તેણે નીચું જોયું.

'અને હવે મધુ મોસાળથી આવે એટલે એની સાથે ફર્યા કરજો.'

પ્રતીપ રડવા જેવો થઈ ગયો.

'વિશાખી, હું ગધેડો છું. ભાર્ગવનો શિષ્ય થવાને હું લાયક નથી.'

'તે હું જાણું છું.' આનર્તરાજની કુંવરી બોલી. 'તમે તો

કુક્ષિને લાયક છે. એને ત્યાં રોજ નાગિણીઓ ઉપર અત્યાચાર થાય છે. તમારા ગુરુ થવાને લાયક તો કુક્ષિ જ છે.'

પ્રતીપ ગાંડા જેવો થઈ ગયો. 'હું રામને નહીં છોડું.'

'ત્યારે બેસી શું કામ રહ્યા છો?'

પ્રતીપ ઊભો થયો, ઝપાટાભેર ભૃગુને આશ્રમે ગયો. ત્યાં કોઈ નહોતું. ધસ પરથી જોયું તો નીચે નાગનું ખેતર બળતું હતું, ને આસપાસ લોકો નાચતા હતા.

જીવન ને જગત બંને એનાં સૂનાં થઈ ગયાં હતાં. એ ભદ્રશ્રેણ્યને આવાસે ગયો ને બાપને ઉઠાડી ખબર આપી.

'પ્રતીપ, આપણે દુર્ભાગી છીએ. આવા ગુરુનું સદ્દભાગ્ય આપણને ક્યાંથી હોય?'

'ચાલી જશે? નહીં આવે?' પ્રતીપે સચિંત મને પૂછ્યું.

'એ નહીં ચાલી જાય, એ મને નહીં છોડે. પણ આપણાં કર્મ ફૂટેલાં છે. આજે હું સહસ્રાર્જુનનો માનીતો નથી, છતાં શાર્યાતરાજ આપણી અદેખાઈ કરે છે, ને આનર્તો મૈત્રી શોધે છે. એ બધું ભાર્ગવને પ્રતાપે છે. સહસ્રાર્જુન આવતા પહેલાં આપણે જબરા નહીં બની જઈએ તો તે યાદવોનું નામનિશાન નહીં રહેવા દે.'

'હું એમની પાસે જાઉં છું.'

'બેટા, એને વળગીને રહેવામાં આપણો જયવારો છે. એ ઋષિ નથી, દેવ છે. પશુપતિના અવતાર જેવો છે.'

ભળભાંખળું થયું ત્યારે પ્રતીપ નાગને ખેતરે જઈ પહોંચ્યો. બધું બળી ગયું હતું, અને નાગ ને નાગિણીઓ હારમાં ઊભાં રહી આગ છાંટવા માટે નદીથી પાણીના હાથોહાથ ઘડા લાવતાં હતાં. સ્વસ્થ ને અથાક રામ ઘડામાંથી પાણી ઠાલવી આગ હોલવતો હતો.

પ્રતીપ ગયો, પગે લાગ્યો ને રડી પડ્યો. રામે તેને ઉઠાડી એક હાથે છાતીસરસો ચાંપ્યો, ને વગર બોલે તેના હાથમાં ઘડો આપી દીધો.

પ્રતીપને આગ હોલવવાનું સોંપી રામ ઘવાયેલી નાગકન્યા પાસે ગયો. ત્યાં એની છેલ્લી ઘડી ચાલતી હતી.

૬

વિશાખાને એનાં સાસરિયાંના ગોત્ર તરફ જે તિરસ્કાર હતો, તેને વેગ મળ્યો. એનું સ્ત્રીનું હૃદય પણ નાગિણી પર થયેલા અત્યાચારથી કકળી ઊઠ્યું હતું. માત્ર કોના પર ક્રોધ કાઢવો તે સૂઝતું નહોતું.

ભળભાંખળા પહેલાં એ નદીએ નાહવા ગઈ. ત્યાં એને કુક્ષિની ત્રીજી સ્ત્રી કલ્વિણી મળી. એ બે વચ્ચે બહેનપણાં હતાં, કલ્વિણી પણ નખરાળી ને મસ્ત હતી. વિશાખા નખરાળી હતી ને તીખી હતી. બંને શોખીન હતી, ને યાદવો જંગલી છે એ બંનેનો અભિપ્રાય હતો.

વિશાખા રામના આશ્રમમાં જ રહેતી, એટલે રામની વાત તે હમેશાં કલ્વિણીને કરતી. કલ્વિણીએ રામનું મોહક રૂપ જોયું હતું, ત્યારથી રામ વિષેની વાત રસ દઈને સાંભળતી હતી. રામ અને લોમાનો સંબંધ પણ આ બે સહિયરો ચર્ચતી.

વિશાખા કહેતી એ ભાઈબહેન છે. કલ્વિણીને ખાતરી હતી કે એ ધણીધણીઆણી છે.

વિશાખાએ કલ્વિણીને બધી વાત કહીને પોતાનો ગુસ્સો ઠાલવ્યો. કલ્વિણી કુક્ષિની માનીતી સ્ત્રી હતી, અને તેને ખુશ રાખતી, પણ અંતરથી એના તરફ એનો સંપૂર્ણ તિરસ્કાર હતો. વિશાખાની વાત સાંભળી તે પણ રામના પક્ષમાં ભળી ગઈ. એનો પતિ માનભંગ થાય તો પણ તેને આનંદ થાય તેમ હતું.

એ સહિયરો વાત કરતી હતી ત્યાં બીજી સ્ત્રીઓ પાણી ભરવા આવી લાગી. નાગિણી પરના અત્યાચારથી બધાં સ્ત્રીહૃદયો દુઃખાયાં તો હતાં જ. યાદવો નાગિણીઓ જોડે આડો વ્યવહાર રાખતા, તેથી પણ તેમની પત્નીઓને તેમના તરફ અણગમો હતો. સોમા તથા રૂરૂને શિક્ષા કરી ઘર ભાંગતાં અટકાવનાર ને નાગિણી પર અત્યાચાર કર-

નારને ફટકા મારનાર રામ અને લોમાને યાદવોએ આશ્રમમાંથી કાઢી મૂકયાં, એ વાત કયાંકથી આવી અને બધી સ્ત્રીઓને ઉગ્ર કરી રહી.

એટલામાં એક સ્ત્રી નાહવા આવી તેણે ખબર આપી, 'રામે નાગોનું ખેતર બાળી મૂકયું અને ત્યાં જ બેઠા છે.'

'આપણે ભાર્ગવનાં દર્શન કરવા જવું જોઈએ.' વિશાખાએ કહ્યું. એના પતિને રામે પાછા સ્વીકાર્યા કે કેમ તે જાણવા એ ઉત્સુક હતી.

'હા, ભાર્ગવનાં દર્શન કરવા જઈએ.' રુક્મિણીએ ઉમેર્યું. રામનાં દર્શન કરવા એ સદાય તૈયાર હતી.

ઘણીખરી સ્ત્રીઓએ હા પાડી ને માથે ઘડા મૂકી ઘેર જવાને બદલે તે બધી રામનાં દર્શન કરવા નાગના ખેતર તરફ ચાલી નીકળી.

નાગને ખેતરે આ સ્ત્રીસમૂહ પહોંચ્યો ત્યારે સૂર્યોદય થઈ ગયો હતો. ખેતરની આગ લગભગ હોલવાઈ ગઈ હતી. થોડે દૂર નાગોનો સમૂહ રડતોકકળતો, કુંડાળું વળીને ઊભો હતો. વચ્ચે રામ, લોમા, કૂર્મી ને પ્રતીપનાં શ્વેત મુખ દેખાતાં હતાં. યાદવ સ્ત્રીઓ આવી એટલે તેમને નાગોએ માગ આપ્યો.

વચ્ચે, ચિતા પર, ધવાયેલી નાગિણીનું શબ રામ મમતાથી ગોઠવતો હતો. તેના મુખ પર મોટાભાઈની હેતાળ સંરક્ષકવૃત્તિ હતી, આંખોમાં આર્દ્રતા હતી–ધીમેથી મંત્રોચ્ચાર કરતાં, તેણે નાગિણીનું-માથું હલકે હાથે ગોઠવ્યું. સુકુમાર સ્પર્શે તેના વાળ સમાર્યા.

ફિક્કી, કૃશાંગી નાગબાળાનું શબ જોઈ યાદવ સ્ત્રીઓનાં હૈયાં ભરાઈ ગયાં. ઘણી ધ્રૂસકાં ખાવા લાગી. ઘડા બધીઓએ દૂર મૂકી દીધા.

વિશાખા આંસુ સારતી લોમાને પડખે આવી ઊભી. રુક્મિણી પાસે ઊભી ઊભી છાતીફાટ રડવા લાગી.

આર્યોને યોગ્ય મંત્રોચ્ચારે રામે નાગકન્યાને અગ્નિદાહ કર્યો. આંસુ સારતા સમૂહમાં એ એક જ અશ્રુવિહોણો હતો, પણ એના મુખના સ્નેહભર્યા ભાવની અંજલિનું સદ્‌ભાગ્ય વરવાની ઇર્ષ્યામાં ઘણી યાદવ સ્ત્રીઓ આવું મૃત્યુ ઝંખવા લાગી.

સવાર પડી અને યાદવ ગોત્રમાં હુલકું પડ્યું. ઘેરેઘેર દોડાદોડી થઈ રહી. રામ ચાલી ગયા. નાગો પણ ચાલી ગયા. રાતના નાગનું ખેતર રામે બાળી દીધું. સારાં ઘરનાં બૈરાં નદીએથી પાછાં નહોતાં આવ્યાં. કેટલાંક ઘરમાં મા વગરનાં છોકરાંઓ રડારોળ કરવા લાગ્યાં. કલ્વિણીસૂનું ઘર જોઈ ઋષિ કુક્ષિવંતે અનેક દેવોનો કોપ પોતાની પ્રિય પત્ની પર નિમંત્ર્યો. કોઈને સમજ ન પડી કે આ શું થાય છે!

જ્યારે આગેવાનોને ખબર પડી ત્યારે તેઓ ભદ્રશ્રેણ્યના આવાસમાં આવી પહોંચ્યા. રામના આશ્રમમાં છોકરાઓ પ્રતીપની તપાસ કરવા આવ્યા અને તે ન મળ્યો એટલે કૂર્મી ને ઉજ્જયંતની શોધમાં ગયા; અને તે પણ ન મળ્યા એટલે રામની શોધમાં નાગના ખેતર તરફ દોડ્યા. રાજાએ આગેવાનોને સત્કાર્યા.

'રામ ચાલી ગયા.'

'હા. આપણે એમને મળી સમજાવવાના હતા ને? હવે તે મહેનત ટળી ગઈ.'' તેણે મજાકમાં કહ્યું.

'ના, એણે તો નાગનું ખેતર બાળી મૂક્યું. કોઈ કહેતું હતું કે નાગકન્યાને અગ્નિદાહ કર્યો. આપણાં ઘરનાં બૈરાં ચાલી ગયાં. લોકો ત્યાં જવા લાગ્યા છે.'

'ત્યારે હવે આપણે શું કરીશું?' રાજાએ પૂછ્યું.

'તમે કહો તેમ.' મુખીએ કહ્યું.

'કુક્ષિ ગુરુ શું કહે છે?' રાજાએ પૂછ્યું.

'આ તો જુલમની વાત છે. નાગકન્યાને અગ્નિદાહ ને તે પણ ભૃગુશ્રેષ્ઠ જમદગ્નિનો પુત્ર કરે! આકાશપાતાળ એક થવા લાગ્યું છે. અને કલ્વિણી પણ સવારની ત્યાં જ ગઈ છે કે શું?'

'મારે ઘેર તો સવારનાં છોકરાં ટળવળે છે.' એક યાદવ અગ્રેસરે કહ્યું.

'ને મારા ઘરમાં કોઈ રાંધનાર નથી.' ભદ્રશ્રેણ્યે મજાકમાં પોતાની વિપત્તિનું દર્શન કરાવ્યું.

'આપણે ત્યાં જવું જોઈએ." એક પંચે કહ્યું.

'જઈને શું કરીશું?' રાજાએ ફરીથી પૂછ્યું.

'નાગોને છોડી દે. બીજું શું? ને ગામ અભડાવ્યું તેનું પ્રાયશ્ચિત કરે.' કુક્ષિએ સમાધાન સૂચવ્યું.

'હવે એમને છોડવાનું ક્યાં રહ્યું? એ તો આપણને છોડી ગયા છે.'

'ત્યારે?' બે ચાર જણ બોલી ઊઠ્યા.

'ને આપણી બૈરીઓ પણ લેતા ગયા છે. મોટી રાણી પણ ઘરડેઘડપણ એની પાછળ ચાલી ગઈ, અરે સુપર્ણ–પેલો ગાંડો–પણ પાછળ પાછળ ગયો. ઘોડો પણ ગાંડો થાય તો ગામ ગાંડું કેમ ન થાય?' દ્વેષભરી મજાકમાં રાજાએ રસ લીધો.

'આપણે એમને સમજાવી પાછા લઈ આવવા જોઈએ.' મુખીએ કહ્યું.

'ને આજે તાલજંઘા ગોત્રના લોકો એમનાં દર્શન કરવા આવશે તો આપણે મોં શું બતાવીશું?'

'તમારો એ લાડકો છે.' કુક્ષિએ કહ્યું. 'તમે મનાવો ત્યારે.'

'લાડકો તો એ દેવોનો છે. તમારામાં જોર હોય તો દેવોને એમને મનાવવાનું કહો.' ભદ્રશ્રેણ્યે કહ્યું.

આખરે રાજા, મુખી ને કેટલાક આગેવાનો જવા તૈયાર થયા. કુક્ષિએ કહ્યું, 'મને તો બધું પાપ દેખાય છે. મને આમાંથી દૂર રાખો.'

બપોરે ભદ્રશ્રેણ્ય ને યાદવ આગેવાનો નાગને ખેતરે ગયા ત્યારે યાદવ છોકરાઓ પ્રતીપની દેખરેખ નીચે વાડની ધુંધવાતી રાખ દૂર ખસેડતા હતા. થોડા યાદવો પણ તેમાં મદદ કરતા હતા. નાગ ને નાગિણીઓ ત્યાં ઝાડુ કાઢતાં હતાં. ખેતર વચ્ચે લોમા, કૂર્મા, વિશાખા,

ક્લિવિણી વગેરે લીંપી ગૂંપીને મોટા યજ્ઞકુંડ તૈયાર કરતાં હતાં. આ બધું જોવા લોકોની ઠઠ ચારે તરફ જામતી હતી અને તેમાંથી કેટલાક મદદે જતા હતા.

'ભાર્ગવ ક્યાં છે?' રાજાએ પૂછ્યું.

'નાગકન્યાનાં અસ્થિ ગોમતીમાં પધરાવવા ગયા છે.'

'આ બધું શું કરો છો?' મુખીએ પૂછ્યું.

'ભાર્ગવ હવે અહીંયાં આશ્રમ કરી રહેવાના છે.'

રાજા ને યાદવો અવાક્ થઈ એક ઝાડ નીચે બેઠા. થોડીવારે રામ અસ્થિ વિસર્જન કરી આવ્યો એટલે બધાએ પ્રણિપાત કરી આવકાર આપ્યો.

'ગુરુદેવ! આ શું કરો છો?'

'ભદ્રશ્રેણ્ય,' રામે ધીમેથી હસીને કહ્યું, 'યાદવોને એમનો ધર્મ સમજાય ત્યાં સુધી હું અહીંયાં જ આશ્રમ કરીશ. મારે એમનો જીવ દુખાવવો નથી.'

'પણ ભાર્ગવ, અમે આપને બોલાવવા આવ્યા છીએ.' મુખીએ કહ્યું.

'ના, હું અહીંયાં જ રહીશ. જ્યાં હું વસું ત્યાં ધર્મ જ પ્રવર્તે. ગુરુમાં તમારી શ્રદ્ધા ચળી એમાં જ મને અધર્મ દેખાય છે. જેને શ્રદ્ધા હોય તે અહીંયાં આવીને મને મળી જાય.'

'ગુરુદેવ!' ભદ્રશ્રેણ્યે કહ્યું, 'તો હું તો અહીંયાં જ રહેવાનો.'

રામની આંખો હેતથી હસી. 'રાજન્, હું જાણું છું. પણ યાદવોને તમારામાં પણ પૂરી શ્રદ્ધા નથી. હવે મારે યજ્ઞની તૈયારી કરવી છે.'

'અમે પણ કરવા લાગીશું.' રાજાએ કહ્યું.

'પણ એક વાત યાદ રાખજો.' રામે નિશ્ચયાત્મક અવાજે કહ્યું. 'મારા આશ્રમમાં નાગોને કનડશે તે મરશે.'

આગેવાનો અવાજની ભયંકરતાથી કાંપ્યા. આખા ગામે

ખેતરની જગ્યાએ આશ્રમની ભૂમિ કરી નાંખી હતી. યજ્ઞકુંડ આગળ બેસી રામે વિધિ આરંભી. ભદ્રશ્રેણ્યે જાફતની તૈયારી કરવાની આજ્ઞા આપી.

એક તરફ નાગો અપરિચિત સ્વાતંત્ર્યનો અનુભવ કરતા બેઠા હતા. બીજી તરફ યાદવ આગેવાનો હતા, સ્ત્રીઓ પણ હતી. માત્ર રુક્મિણી નહોતી. કુક્ષિએ એને આ આશ્રમમાં આવવાની મનાઈ કરી હતી.

યજ્ઞની આહુતિ પૂરી થઈ અને હાંફળોફાંફળો ઉજ્જયંત નાસી ગયેલા ત્રીજા યાદવ રખેવાળને દોરડે બાંધી લઈ આવ્યો.

'ગુરુદેવ ! ગુરુદેવ ! હું આવ્યો છું.' ઉજ્જયંત હરખાઈને પગે પડ્યો.

'ઉજ્જયંત, હું તારી વાટ જ જોતો હતો.'

'જે રખેવાલ નાસી ગયો હતો તેને હું પકડી લાવ્યો છે.'

'ઠીક કર્યું.' હસીને રામે એનો વાંસો થાબડ્યો, 'પણ એને અહીંયાં શા માટે લાવ્યો?'

'કેમ ?'

'નાગને કનડનાર અહીંયાં આવે તો મરે જ, એવું મારું વચન છે.'

'ગુરુનું વચન સદાય અભંગ રહેશે.' પગે લાગી ઉજ્જયંતે કહ્યું. ભાથામાંથી તેણે એક બાણ કાઢ્યું અને, પલકમાં, બાંધેલો ત્રીજો રખેવાલ જે બાજુ પર ઊભો હતો તેની છાતીમાં ભોંકી દીધું.

આ ન્યાયની નિશ્ચલતા જોઈ યાદવોનાં હૈયાં પલવાર કાંપી ઊઠ્યાં. રામ, શાંત અને સ્વસ્થ, જાણે કંઈ ન થયું હોય એમ મૂંગો બેઠો.

૬

રામનો નવો આશ્રમ પહેલાથી ઘણો વિશાળ ને **સમૃદ્ધ** હતો.

સો યાદવ છોકરાઓનું શતક તો દિવસ ને રાત ત્યાં રહી કસરત, શસ્ત્રવિદ્યા, અને અશ્વવિદ્યાનો અભ્યાસ કરવા લાગ્યું. પ્રતીપ ને વિશાખા, કૂર્મી અને ઉજ્જયંતે પણ ત્યાં જ ઘર કર્યું. નાગો એક તરફ ઝૂંપડીઓમાં નિરાંતે રહી આશ્રમની સેવા કરતા. એ લોકોનું આ અભયસ્થાન છે એમ ખબર પડી કે જે નાગ દુઃખનો માર્યો કોઈને ત્યાંથી નાસી છૂટે તે રક્ષણ માટે ત્યાં આવતો થયો.

લોમાને નવા આશ્રમમાં વધારે ગમવા માંડયું. વિશાખા જેવી સંસ્કારી સ્ત્રી સાથે એને ગોઠી ગયું, પણ એના અંતરની અકળામણ વધવા લાગી હતી.

હરિશ્ચંદ્ર રાજાને ત્યાંથી આવતાં એક રાતે રામનું મુખ જોઈ એના હૃદયમાં અજબ જેવા ભાવ ઉદ્‌ભવ્યા હતા. ત્યારથી માત્ર તેના સાન્નિધ્યમાં તેને સુખ નહીં મળતું. તેને રામના શરીરમાં સમાઈ જવાનો તલસાટ લાગ્યો હતો. પણ રખે રામ જાણે તો એના તરફ અણગમો થાય એવી બીક એને રહેતી અને તેથી એક પણ શબ્દ કે આચરણથી એ તેને જાણવા દેતી નહીં કે હવે એ બાલસખી નહોતી રહી પણ વિહ્‌વલ પ્રણયિની બની ગઈ હતી.

એની સાથે રહેવું, ખાવું, મંત્રો ભણવા, ઘોડે ફરવું, શસ્ત્રવિદ્યા મેળવવી, સૂવું—એકાન્તમાં ને બધાની હાજરીમાં—અને છતાં હૃદયમાં જલતો જ્વાળામુખી ઢાંકીને ફરવું હવે એને બહુ અઘરું પડતું હતું. રામ જેમ દેવ જેવો દેદીપ્યમાન ને પ્રતાપી થતો જતો તેવો જ દેવની તટસ્થતામાં સદાય ફરતો. લોમા તરફના એના હેતનો પાર નહોતો. બંનેના સ્વભાવનો સંવાદ તે જરાય બેસૂરા કરતો નહીં. તેને સુવાડી એ પોતે સૂતો. પોતે ઊઠી તરત તેને ઉઠાડતો, પણ કર્તવ્યની નિરંતર ધૂનમાં તે ફર્યા કરતો. એ મંત્ર શીખવતો, ઘોડાની ઉછેરમાં મશગૂલ રહેતો, કુસ્તી કરતો, નવાં શસ્ત્રો તૈયાર કરતો, ક્યાંય સુધી એ ભદ્રશ્રેણ્ય કે પ્રતીપાદિ જોડે મસલત કરતો અને કંઈ ન હોય તો લોકોને દર્શન આપતો. આ બધામાં લોમા

એની સાથે હોય જ. પણ એની દૃષ્ટિ સહજીવી બાલસખાની હતી; કદી તે વધતી નહીં ને કદી ઘટતી નહીં.

રુક્મિણી આશ્રમમાં આવતી નહીં પણ વિશાખાને લીધે લોમાના પરિચયમાં ઘણી આવતી. કુક્ષિની આ સ્ત્રીમાં નખરાં હતાં, મદ હતો, આકર્ષણ હતું. તે આખો દહાડો રામની વાત લોમા પાસે કર્યા કરતી અને તે ગામમાં કોઈ પણ કારણે જાય તો તેનાં છાનાંછપનાં દર્શન કરી લેતી. લોમાને આ જાડી, સુંવાળી, વિલાસાકાંક્ષી, મદમસ્ત સ્ત્રી તરફ અવિશ્વાસ આવ્યો. જે રસથી રુક્મિણી ભાર્ગવ વિશે વાત કરતી હતી તે સાંભળી એનો જીવ ઉચાટમાં રહેતો.

પ્રતીપે હવે યાદવોને સબળ કરવાનું માથે લઈ લીધું હતું. વિશાખા તો ભૃગુના આશ્રમની અધિષ્ઠાત્રી બની ગઈ હતી. એની વ્યવસ્થાશક્તિ ને તેજનાં રંગરૂપ બધે દેખાતાં. વળી એના કાકા આનર્તરાજ જોડે વાટાઘાટ કરવા માટે રામે એને એલચી બનાવી દીધી હતી. કૂર્મો એના બાપથીય વધારે મોટો મુત્સદ્દી બન્યો હતો. એ ચારે તરફની ખબરો ભેગી કરતો. શોખીન, સ્વરૂપવાન ને બહાદુર ઉજ્જયંત, રામ જે શિષ્યોનાં સશસ્ત્ર શતકો તૈયાર કરતો હતો તેની સરદારી કરતો. આ છ જણના ષટ્કનો એક જ પ્રાણ હતો—રામ. રામ શસ્ત્રવિદ્યામાં નવી શોધો કરતો. એણે સામાન્ય કુહાડીને નવે અવતારે આણી. એ હવે માત્ર ઝાડ કાપવાનું ને માથાં ફોડવાનું શસ્ત્ર નહોતી રહી. એનું મોટું, પાતળું ફલક, તીક્ષ્ણ ધાર અને લાંબા દાંડાથી તે ઘોડા પર બેસી શિર છેદવાની પરશુ બની ગઈ.

પોતાના શિષ્યોને રામે શતકોમાં વહેંચી દીધા. બધા જોડે એ ભાઈ જેવો સંબંધ રાખતો, બધાથી વધારે મહેનત ઉઠાવતો; બધાને ખવાડી તે ખાતો ને સુવાડી સૂતો; પણ કહેલું કામ પાર પાડવામાં કોઈ નિષ્ફળ જાય કે એક શબ્દે તેને એ સળગાવી મૂકતો. કોઈ નિર્વીર્ય કે કાયર જણાય કે તરત તેને સ્થાનભ્રષ્ટ કરી બીજાને કામ સોંપતો. એક દિવસ એક યુવકે કાંઈ બડબડાટ કર્યો; તરત રામે

તેને બે હાથે ઊંચકી ભેખડ ઉપરથી ફેંકી દીધો.

આ બધા રામ સાથે સરસાઈ કરવા ઊતરતા, પણ એની અડગ સ્વસ્થતા, આક્રમણ કરવાની ઝડપ ને સચોટતા, નિર્ભય ચીવટ અને સામાની ચૂક જોવાની ચપળતાને કોઈ પહોંચી શકતું નહીં. એનાં ચાપ, બાણ ને પરશુ બધાથી મોટાં ને ધારદાર રહેતાં. બીજાને એનો ઉપયોગ અઘરો થઈ પડતો. અને સુંદર ઘોડાઓ પર બેસી એના શતકને એ સાથે લઈ ફરવા જતો ત્યારે યાદવોની છાતી ફૂલી આવતી.

કોઈ કોઈ વાર એ અને લોમા ભૃગુગ્રામ અને તૃત્સુગ્રામની વાતો કરતાં ત્યારે સ્વજનોને યાદ કરી લોમા આંસુ સારતી, અને રામ અમ્મા, વૃદ્ધા ને પિતાજી જાણે ગયા અવતારનાં સ્મરણાં હોય તેમ તટસ્થતાથી વાત કરતો. ક્વચિત્ એ મૂંગે મોંએ ગિરનારની ઊંચામાં ઊંચી ટૂંક પર જતો ને પ્રહર સુધી સ્થિર નયને ક્ષિતિજ જોયા કરતો. હમેશાં લોમા સાથે જતી. કોઈ વાર પ્રતીપ, કૂર્મો કે ઉજ્જયંત પણ જતા. જ્વલંત આંખે રામ એકલો ચારે દિશાને માપતો. એના મનમાં શું થતું તે કોઈ જાણતું નહીં, પણ ત્યારે એની ભેદભરી મૂક ભવ્યતા એની આસપાસ કિરણોનો અંબાર વરસાવતી.

મધુની મા રેવતી શાર્યાત રાજાની પુત્રી હતી. શાર્યાત ગોત્રની સીમા યાદવ ગોત્રની સીમાને અડતી. રામે મધુને માર્યો ત્યારથી રેવતીએ રૂસણું લીધું હતું. થોડા દિવસમાં તે મધુ સાથે પિયર ચાલી ગઈ હતી. ભદ્રશ્રેણ્યે તેઓને પાછાં બોલાવ્યાં ન હતાં. યાદવોના ઉત્કર્ષમાં મધુની આડખીલી હતી એમ એ માનતા.

સહસ્રાર્જુન યુદ્ધમાંથી પાછો આવે કે મૃગારાણી ને ગુરુ માર્કંડેયને વહેમ જાય તે પહેલાં યાદવો સશક્ત બની જાય એ એમની નેમ હતી. રામની પ્રવૃત્તિથીતેમની નેમ ધાર્યા કરતાંય વહેલી સફળ થતી હતી.

રામની દૃષ્ટિ ને નેમ સર્વગ્રાહી હતાં. કુક્ષિના ઉપર નજર

રાખવાનું કામ કૂર્મીને સોંપ્યું હતું, અને શાર્યાતરાજ મૃગારાણી અને ગુરુ માર્કંડેય જોડે તે સંદેશા ચલાવતો હતો તેની ખબર એને હતી. મનુષ્યમાત્ર કેવા સંયોગોમાં કેવી રીતે વર્તશે એ રામ અચૂક જાણતો.

યાદવોનાં થાણાં પૂરાં થાય એટલે શાર્યાતોનાં થાણાં આવતાં. આ સીમાડા પર સ્ત્રીઓનાં અપહરણો ને ગોચરોની લૂંટ હમેશાં થયા કરતી. એકબીજાના નાગોની પણ લૂંટ થતી.

પહેલાં ભદ્રશ્રેણ્ય સહસ્રાર્જુનનો માનીતો સેનાપતિ હતો એટલે એની ધાકે યાદવો પર આક્રમણ કરતાં બધા ડરતા. પછી એમને રંજાડવાનું શાર્યાતો અને તાલજંઘાઓને સહેલું થઈ પડેલું. પણ રામની સર્વ-વ્યાપી પ્રવૃત્તિથી આ સહેલું કામ હવે કઠણ થઈ પડયું. એ જે થાણે જતો ત્યાં ઘોડાઓ ઉછેરવાની પ્રેરણા કરતો, શસ્ત્રો તૈયાર થતાં ને જુવાનિયાઓ તાલીમ લેવા ઉત્સુક બનતા. હથિયારબંધ રામશતકના યોદ્ધાઓ થાણાં વચ્ચે ફર્યા કરતા. આથી યાદવો સહેલાઈથી લૂંટી શકાતા નહીં.

બધાં થાણાંનું વ્યવસ્થાસર રક્ષણ ઉજ્જયંતના હાથમાં હતું. દરેક થાણામાં ચોકીદારો ચોકી કરતા થયા. ઠેકઠેકાણે ઝાડ પર ઢોલ મૂકવામાં આવ્યા, જેનો નાદ બધાને ચેતવણી આપતો. દરેક થાણેથી પાંચ યુવકો તાલીમ લેવા ભૃગુ આશ્રમમાં આવતા અને દર મહિને પોતાને થાણે પાછા જઈ બીજાને તાલીમ આપતા. જોતજોતામાં યાદવોની સીમા અભેદ્ય થઈ ગઈ, અને શાર્યાતરાજની ચિંતાનો પાર ન રહ્યો.

રામને જોઇતા યુવકો મળી રહેવા લાગ્યા. એના નામ ને પ્રતાપને કારણે એમની મેળે ખેંચાઈને જુવાનો આવતા. પણ એ તો ઘોડાનો પૂજક હતો. ઘોડા વિનાના મનુષ્યમાં એને શક્તિ દેખાતી નહીં.

પાતાલ (સિંધ-હૈદરાબાદ) થી વહાણવટીઓ દ્વારકા સુધી

વહાણોમાં માલ લાવતા. સાથે ઘોડા પણ લાવતા. ત્યાંથી વણઝારાઓ પોઠ લઈ તાલજંઘા, શાર્યાત, યાદવો, આનર્તોમાં અને છેક માહિષ્મતી (ભરૂચ) સુધી માલ વેચવા લઈ આવતા.

અત્યારસુધી વણઝારાઓની પોઠ દ્વારકાથી સાબરમતીને કિનારે આવે ત્યાં સુધી આર્યોનાં થાણાં તેમને લૂટતાં, અથવા તો તેમની પાસેથી બને તેટલો માલ પડાવી લેતાં. આ લૂંટમાં ઘણુંખરું તાલજંઘા, શાર્યાતો ને યાદવ થાણાંઓ ભાગીદાર રહેતાં. રામે આ લૂંટ બંધ કરી. પોઠના રસ્તા પર શતકમાંથી વીણી કાઢેલા યોદ્ધા ઉજ્જયંતની સરદારી નીચે ચોકી કરતા, પોઠોને વગર પૈસે અભયદાન આપતા અને કંઈ પણ લીધા વગર સાબરમતી સુધી મૂકી આવતા. આ ચોકી કરવાનું કામ દરેક યાદવ થાણાને કરવું પડતું. પહેલાં તો લૂંટનારાઓ કચવાયા, પણ રામની આજ્ઞાનો ભંગ થતાં પરશુધર રામના શિષ્યો વિધિની નિશ્ચલતાથી વિરોધીને ઉજ્જડ બનાવી દેતા. નિર્ભય બનેલા વણઝારાઓ યાદવોને ભેટ આપવા લાગ્યા. રામે તે લેવા ના પાડી. ભેટમાં એ માત્ર ઘોડાઓ જ લેતો.

સૌરાષ્ટ્રમાં, ભદ્રશ્રેણ્યના રાજ્યની સીમામાં પહેલી વાર લૂંટફાટ બંધ થઈ ને સમૃદ્ધિ આવવા લાગી. સીમાની બહાર પણ લાંબે સુધી જંગલોના રસ્તા સુરક્ષિત થવા લાગ્યા. કૃતજ્ઞ વણઝારાઓ ગમે ત્યાંથી ઘોડાઓ લઈ આવતા ને ભાર્ગવને ચરણે ધરતા. આ ઘોડાઓ જુદાં જુદાં થાણાંઓની અશ્વશાળામાં કેળવાતા અને પ્રતીપના હાથ નીચે તાલીમ લેતા રામના શિષ્યોના ખપમાં આવતા. આ બધું કામ અથાક ષટ્કની આજ્ઞા હેઠળ ચાલતું. એ બધાનો અધિષ્ઠાતા મૂંગે મોઢે ને તેજસ્વી આંખે રાત ને દિવસ બધે ફરી વળતો, શીખવતો, આજ્ઞા કરતો, નવી રીતો શોધતો, નવી વ્યવસ્થા પ્રસારતો.

યાદવોના વધતા પ્રતાપથી શાર્યાત રાજાની ચિંતાનો પાર

નહોતો. તેણે પોતાના નાના પુત્ર જયામઘને મંત્રીઓ સહિત યાદવ-ગોત્રે મોકલી આપ્યો. જયામઘે સંદેશો કહ્યોઃ યાદવો શાર્યાતોને ઘણા સતાવે છે; અમારા નાગોને યાદવો સંરક્ષણ આપે છે; યાદવો અમારી રાજ્યસીમામાં પેસી લૂંટફાટ કરે છે; શાર્યાત રાજા બે મહિના પછી યજ્ઞ કરે છે એટલે રેવતી ને મધુ ત્યારપછી આવશે; તે પ્રસંગે ભદ્રશ્રેણ્યને જરૂર આવવાનું છે; વગેરે.

જયામઘ શ્યામળો ને નાનો હતો. તે ઘણો બુદ્ધિશાળી હતો, અને તેની છટાભર વાત કરવાની રીતથી બધાને આંજી નાખતો. ચારે તરફ દેખાતી યાદવોની જાહોજલાલીની એણે નોંધ લીધી.

ભદ્રશ્રેણ્ય એને રામના દર્શને લઈ આવ્યો. રામના બધા લડાયક શિષ્યોને લઈ ઉજ્જયંત દૂર થાણાંઓની વ્યવસ્થામાં ગયો હતો. ફૂર્મી એક ઠેકાણે કેટલાક છોકરાઓને મંત્રોચ્ચાર શીખવતો હતો. લોમા, વિશાખા અને બીજી સ્ત્રીઓ પોતપોતાના કામમાં ગુંથાયેલી હતી. નાગો વગર નિયંત્રણે છૂટથી કંઈ ને કંઈ કામ કરતા ફરતા હતા. આવી સ્વચ્છતા અને વ્યવસ્થા જયામઘે કદી જોઈ નહોતી. તે રામને પગે લાગ્યોઃ "ગુરુવર્ય, પિતાજીએ પ્રણામ કહાવ્યા છે, અને જાતે દર્શને નથી આવી શકયા તેથી ક્ષમા યાચી છે. પિતાજી યજ્ઞ કરે છે ને આપ આવી તેને પાવન કરો એમ આજીજી કહાવી છે."

રામે કુશળતાના સમાચાર પૂછયાઃ 'જયામઘ, મહાઅથવર્ણના શાપમાંથી તમે મુક્ત થઈ સુખી થાઓ, એ જ મારા આશીર્વાદ છે.' તેણે કહ્યું.

'તો આપ આવશો ?' જયામઘને આ તેજસ્વી યુવકને જોઈ માન ઊપજ્યું. આ છોકરો ગુરુવર્ય–જેના નામથી સૌરાષ્ટ્ર ગાજતું હતું તે? આવા ગુરુ પાસે રહેવાનું ધનભાગ્ય મેળવવા માટે પ્રતીપ તરફ એ ઇર્ષાદૃષ્ટિ નાંખી રહ્યો.

'આવું, કેમ નહીં આવું ? પણ તારા પિતાજી અધર્મ ત્યાગે તો આવું.' રામે કહ્યું.

'અધર્મ ? અમે શું અધર્મ કરીએ છીએ ? ' ખેદથી જયામઘે કહ્યું.

ઊંડા સ્નેહથી રામ હસ્યો. "ભાઈ, તારા પિતાજીને કહેજે કે ધર્મ પ્રવર્તાવવાનો સંકલ્પ કરશો એટલે મને બોલાવવાની જરૂર નહીં પડે. હું જાતે ચાલીને આવીશ.'

રામનું અભેદ્ય ગૌરવ જોઈ જયામઘને પૂજ્યભાવ થયો.

'આપની શી આજ્ઞા છે ?'

રામ થોડી વાર મૂંગો રહ્યો, અને પછી ધીમેથી, સ્પષ્ટતાથી બોલવા લાગ્યો. 'યાદવો જોડે વેર છોડી દો. પચાસ શાર્યાત યુવકોને લઈ તું અહીંયાં આવી છ મહિના રહે ને પ્રતીપને સાથ આપ. શાર્યાત થાણાંઓને લૂંટફાટ કરતાં ને સ્ત્રીઓનું અપહરણ કરતાં અટકાવી દો. નાગ સ્ત્રીઓ પરના અત્યાચારો અટકાવો ને જેમ મહાભાગ ભદ્રશ્રેણ્ય વણઝારાઓને અભયદાન દે છે તેમ તમે દો. જ્યાં આ ધર્મ પ્રવર્ત્યો કે હું કાચે તાંતણે બંધાઇને ખેંચાઇ આવીશ.'

જયામઘે ડોકું ધુણાવ્યું. 'આ કામ સહેલું નથી, છતાં હું પિતાજીને કહીશ.'

'યાદવોએ સહેલ કરી નાંખ્યું છે.'

'અમે બહુ તેજી પ્રજા છીએ.' જયામઘે કહ્યું.

'આમાં મને ક્યાંય તેજ દેખાતું નથી. તારા પિતાજીને મારે એક જ સંદેશો કહેવાનો છે. ભદ્રશ્રેણ્ય ધર્મ પ્રવર્તાવે છે તેમ તેની સાથે રહી આખા સૌરાષ્ટ્રમાં ધર્મ પ્રવર્તાવો.'

'પણ આપ આવીને પિતાજીને મળો.' જયામઘે ફરીથી પ્રાર્થના કરી.

'તું અહીંયાં આવીને રહે, હું ત્યાં આવીને રહું.' રામે હસીને કહ્યું. રામના સ્નેહભર્યા નિમંત્રણથી એને અહીંયાં આવી રહેવાનું મન થયું.

'પિતાજીને પૂછી જોઇશ.' કહી જયામઘે રજા લીધી.

'તારા પિતાજીને કહેજે કે એ માને છે તેમ હું ભદ્રશ્રેણ્યની

મહત્તા વધારવાનું હથિયાર નથી. ભદ્રશ્રેણ્ય ધમ પ્રવર્તાવવાનું નિમિત્ત માત્ર છે.' રામના અવાજમાં ઊંડો ઘેરો રણકાર થઇ રહ્યો. 'ભદ્રશ્રેણ્ય પર આક્રમણ થશે તો હું તેને ધર્મ પર આક્રમણ થયું માનીશ.'

જ્યામઘ નીચું જોઈ રહ્યો. એના પિતાના હૃદયમાં થતા વિચારોને આ તો પડકાર હતો.

જ્યામઘના ગયા પછી ષટ્ક ભેગું થયું, ત્યારે રામે એક વાક્ય કહ્યું, 'મારી ચેતવણી નિરર્થક છે. યજ્ઞ પછી શાર્યાતો આક્રમણ કરશે.'

પ્રતીપે પૂછ્યું, 'ખરેખર?'

'આક્રમણ કરવું છે તો મારે નિર્ધારેલે વખતે જ એ કરે. આપણે તૈયાર છીએ.'

'તમે કેવી રીતે વખત નક્કી કરશો?' લોમાએ પૂછ્યું.

રામ હસ્યો. 'હમણાં હું નક્કી કરી દઉં છું. ઉજ્જયંત, કુક્ષિ ઋષિને કહી આવ કે હું ઘણા અગત્યના કામે મળવા આવું છુ.'

રામ એકલો કુક્ષિને આવાસે ગયો. કલ્વિણીએ હસી હસીને તેને આવકાર આપ્યો. આ જાડી, હસમુખી, રમતિયાળ યુવતીને ઘણા દિવસ થયાં રામને મળવાની તીવ્ર ઉત્કંઠા હતી. દૂરથી આ દેદીપ્યમાન યુવકને જોઈ જોઈ એના હૈયામાં અણકથ્યા ભાવો ઉદ્ભવ્યા હતા. અત્યારે તેના સત્કારમાં લાડનો પાર ન હતો.

રામ નમસ્કાર કરીને બેઠો, ને કલ્વિણી સામે બેસી ખબર અંતર પૂછવા લાગી. 'લોમાબા કેમ છે? હું તો આજે મળી જ નથી. આજે મારાં અહોભાગ્ય કે આપે અમારું આંગણું પાવન કર્યું.'

લોમા સપ્તસિંધુના રાજાની બહેન છે, રામ જોડે આમ એકલી રહે છે ને ફરે છે, એની જોડે પરણી નથી અને છતાં બન્ને એક બીજાનાં હોય એમ વર્તે છે, આ વાતથી કલ્વિણીની કલ્પના ઘણી ઉત્તેજિત થઈ હતી. રાતે સ્વપ્નામાં અનેક રૂપે રામ એને દેખાયા કરતો ને દિવસે રામની વાત કરી કરીને એ રસના ઘૂંટડા ભરતી.

'લોમા રાજાને ત્યાં બેઠી છે.'

'હું એક દહાડો તમારે આશ્રમ આવવાની છું. હું પહેલે દહાડે મળી હતી. યાદ છે ને? હું લોમાબાને યજ્ઞકુંડ કરવા લાગતી હતી. હવે આશ્રમ કેવો થયો છે તે મેં જોયો જ નથી. ઋષિજીની સેવામાં મને તો વખત જ નથી મળતો.' વૃદ્ધ પતિની સેવામાં એની જુવાની બળી રહી હતી એવો મુખ પર ભાવ આણી, નિસાસો નાંખી, કલ્વિણી બોલી.

આ કથનમાં રહેલો ધ્વનિ જાણે સમજ્યો ન હોય તેમ રામે સરળતાથી કહ્યું, 'ઋષિ અને તમે મારો આશ્રમ પાવન કરો, જ્યારે ઇચ્છા થાય ત્યારે. હું કૃતાર્થ થઇશ.'

'ઓહો, ભાર્ગવ!' કુક્ષિએ અંદર આવતાં હસીને કહ્યું, 'પધારો, પધારો, તમે ક્યાંથી? અને તમારે કૃતાર્થ થવામાં શું બાકી રહ્યું છે?' પહેલી જ વાર એને ત્યાં ભાર્ગવ આવ્યા હતા તેથી એનો ગર્વ સંતોષાયો હતો.

રામ હસ્યો, ઊભો થયો, નમસ્કાર કર્યા. એને આ અસત્ય બોલનાર પર ચીડ ચડતી છતાં વિનયથી તેણે હાથ જોડયા.

'હું આપ બંનેને મારે આશ્રમે નિમંત્રી રહ્યો હતો.'

'શું અમારાં સદ્ભાગ્ય! કલ્વિણી દૂધ લાવ. મહર્ષિ જમદગ્નિના પુત્રની પધરામણી આપણે ત્યાં!'

કલ્વિણી શરીર હલાવતી, નખરાં કરતી, દૂધ લેવા દોડી. 'કુશળ તો ખરા? ને લોમાબા કેમ છે?'

'ખુશીમાં.' રામે કહ્યું, 'હું આપની પાસે એક વિનંતિ કરવા આવ્યો છું.'

'શી? આપની તે વિનંતિ હોય? આપે તો આજ્ઞા જ કરવાની હોય.'

'ઋષિવર્ય, ઋષિઓમાં શ્રેષ્ઠ એવા વિશ્વામિત્ર પાસે દેવ વરુણે નરમેધ અટકાવ્યો એ તો આપ જાણતા હશો. મેં તે દિવસે વાત કરી હતી.'

'હાં.' જરા વિચારમાં પડી કુક્ષિએ કહ્યું.

'નરમેધથીયે ભયંકર એવો નરશિકાર કેટલાક યાદવો ને શાર્યાતો કરે છે. આપે એ અટકાવી દેવો જોઇએ.'

'ભાર્ગવ, નરશિકાર બહુ ખરાબ રીત છે. અટકાવવાને મેં બહુયે ફાંફાં માર્યાં, પણ જંગલી યાદવો ને શાર્યાતો આપણા હાથમાં નથી. બહુ અસંસ્કારી છે. એ બને એમ નથી.' કુક્ષિની વાત કરવાની રીતમાં વિનમ્રતાનો આડંબર હતો, તે રામને ન ગમ્યો.

'આપ બંધ કરવા માંગો તો જરૂર બંધ થાય. ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં યાદવો અટકશે.'

'મારું ચાલે તો હું બધું કરું. પણ આ મારાથી નથી થાય એવું.' સફાઇથી કુક્ષિએ કહ્યું.

'જે શિકારમાં જાય એને શાપ આપો.' રામે સીધી વાત કરી.

'શાપ! ઓહોહો? શું બોલ્યા? હું કંઈ મહર્ષિ છું? એ તો આપ જેવા કરી શકે. ને વનવાસીઓનો શિકાર પરાપૂર્વથી ચાલે છે. ચાલતી રૂઢિ અનુસરનારને શાપ કેમ અપાય?'

'દેવોનું આવાહન કરો, તે શક્તિ આપશે.'

'દેવોએ મને શક્તિ આપી છે, પણ આમાં મારી શક્તિ ખપ નથી લાગતી.' ફરી આડંબરી વિનમ્રતાથી કુક્ષિએ કહ્યું. એટલામાં કલ્વિણી દૂધ લાવી. 'લો, આ દૂધ પીઓ, ભાર્ગવ.'

રામે દૂધ લીધું.

'ઋષિવર્ય! નરશિકારથી વરુણદેવતાના વ્રતનો ભંગ થાય છે.'

'આપ કહો છો તો મારાથી ના કેમ કહેવાય?' કુક્ષિએ ઠેકડી કરી કહ્યું. 'પણ વનવાસીઓ દેવના દ્વેષી છે. એમના શિકારથી દેવ અસંતુષ્ટ નથી થતા. નાગનું દાન સદાય સ્વીકાર્ય ગણાયું છે. એ લોકો એકબીજાનો નરમેધ પણ કરે છે.'

'નરમેધ ને નરશિકાર એ પાપાચાર છે. આપ નહીં અટકાવો તો દેવ અટકાવશે.' રામે નિશ્ચયથી કહ્યું.

'એટલે તમે--?'

'જો દેવની ઇચ્છા હશે તો.'

'ભાર્ગવ, હું ઘડાયેલો માણુસ છું. આપ હજી બાળક છો. અનુભવીનું માનો તો આ બાબતમાં વચ્ચે પડશો નહીં. શાર્યાતોનાં જંગલોમાં નાગો પકડાય છે ને એમના બજારોમાં વેચાય છે, તે કેમ અટકાવશો? ને અટકાવવા જશો તો વેર થશે.'

રામની આંખો જરા કરડી થઈ, પણ એના મુખ ઉપર હાસ્ય હતું એવું રહ્યું: 'આજે વેર ક્યાં નથી?'પણ દેવની આજ્ઞા થશે ત્યારે હું તે કોણ વિસાતમાં? ઋષિવર્ય, રજા લઉં છું.'

૯

રામ એના મિત્રો પાસે ગયો.

'શું થયું?'

'કંઈ નહીં. આપણે જ નરશિકાર અટકાવવો રહ્યો.'

'શું કરીશું?' પ્રતીપે કહ્યું.

'આપણે સો તો છીએ. બીજા પચાસ તમારા મિત્રોને અહીંયાં લઈ આવો. અને કૂર્મા, નરશિકારમાં પાવરધો કોઈ મળે તો એને તું લઈ આવ.'

'જેવી આજ્ઞા.'

બીજે દિવસે બીજા પચાસ ચુનંદા યુવકો રામના આશ્રમમાં રહેવા ગયા અને શસ્ત્રોપયોગમાં સખત તાલીમ લેવા લાગ્યા. સાથે સાથે નરશિકાર કેમ કરવો તેનું પણ શિક્ષણ બધાએ લેવા માંડયું. રામે આજ્ઞા કરી કે બધાએ પંદર દહાડામાં પોતાની શક્તિ હોય તેનાથી સવાગણું દૂર તીર ફેંકવાની, અને પોતાનાથી ફેરવી શકાય તેનાથી સવાગણી મોટી પરશુ વાપરવાની કળા હાથ કરવી જોઈએ. પંદર દહાડામાં દોઢસો યુવકો તાલીમ લઈ તૈયાર થઈ ગયા.

અજવાળિયું આવ્યું. એક થાણામાંથી ખબર આવી કે આજે

રાતે નરશિકાર કરવા યાદવોની ને શાર્યાતોની એક ટોળી શાર્યાતોના જંગલમાં જવાની હતી. મધરાતે રામનું નાનકડું સૈન્ય ખભે તીર ચડાવી, હાથમાં પરશુ લઈ, કમરે દોરડાં બાંધી, ઘોડે બેસી એ થાણાની પાસે આવેલા જંગલ આગળ ગયું. ત્યાંથી થોડા જણને ઘોડાઓ સોંપી બાકીના છાને પગે જંગલ તરફ ચાલ્યા. રામ રાતે પણ બધું જોઈ શકતો એટલે જે દિશામાં શિકારીઓ જતા હતા તે તરફ આ લોકો સહેલાઈથી ગયા.

ચાલીસેક શાર્યાત ને યાદવ શિકારીઓ ઢોરોની પગથીઓને માર્ગે અંદર ગયા. સવાર પડવા આવી ત્યારે એક ઝરણાનું પાણી જ્યાં એકઠું થયું હતું ત્યાં આવી ઝાડ ને ખડકને ઓથે તેઓ સંતાઈ ગયા. દરેક પાસે નાગલાવાળું દોરડું હતું.

ભળભાંખળું થયું ત્યારે એક કોતરમાંથી બે વનવાસી નાગોએ બહાર ડોકિયાં કર્યાં. બધું નિર્જન દેખાયું એટલે તે બહાર આવ્યા. બંને પુરુષ કાળા, નીચા, નગ્ન હતા. હરિણની આંખો જેવી એમની આંખો ભયગ્રસ્ત હતી. જંગલી જાનવર જેવી ચિચિયારી પાડી તે પાણી પીવા ઝરણ તરફના ઢોળાવે ઊતર્યા.

ચિચિયારીના જવાબમાં બે ત્રણ નાગો ઝાડ પરથી ઊતર્યા. તેમાં એક નગ્ન સ્ત્રી હતી, તે પણ બે છોકરાં લઈ પાણી પીવા આવી. દૂરથી પાંચ છ એવાં બીજાં મનુષ્યો દોડતાં આવ્યાં. અજાણ બોલીમાં એ કંઈ બોલતાં હતાં, પાણી પીતાં હતાં, અને રખેને કોઈ આવી લાગે એવી બીકે ચારે તરફ જોતાં હતાં. બે બીજી સ્ત્રીઓ આવી લાગી. તેઓની સાથે પણ બાળકો હતાં.

એકદમ દૂર ઝાડ પાછળ સંતાઈ રહેલા શિકારીઓ વર્તુલાકારે બહાર આવ્યા અને પાણી પીતા નાગો તરફ વ્યૂહબદ્ધ ધસી આવ્યા. વનવાસીઓની કારમી ચીસોથી જંગલનું શાંત વાતાવરણ હૃદયવેધક બન્યું. એમનાં બાળકો બીકથી રડી ઊઠયાં. બે ત્રણ વનવાસીઓ ઝાડ પર ચડી ગયા. બાકીના ગભરાયેલા, બહાવરા, ચારે તરફ સસ-

ર્લાની માફક દોડવા લાગ્યા. શિકારીઓએ કેડે બાંધેલાં દોરડાં કાઢી તેના નાગલા વનવાસીઓ પર ફેંકી તેમને કેડે, ગળે કે ખભાપર ફાંસો નાખ્યો. ત્રસ્ત વનવાસીઓનું આક્રંદ કાન ફાડી નાખે એવું હતું. જે નાગો ઝાડ પર ચડયા હતા તેને શિકારીઓએ પથ્થર મારી નીચે પાડયા ને પકડયા. એક વનવાસી લોહીલુહાણ થઈ ભોંયે પડયો. એ છોકરાંને પ્રહારે મારી નાંખ્યા. તેમની મરણુવેદનાની મોજને શિકારીઓએ અટ્ટહાસ્યથી વધાવી લીધી.

તરત જ 'મહા અથર્વણની જય'ની ગર્જના સાથે રામ ને એના સાથીઓ વર્તુલાકારે ધસ્યા અને દોરડાં ફેંકી તેમના નાગલાથી શિકારીઓને ગળે ફાંસો નાંખ્યો. જેમ વનવાસીઓ ચીસો પાડતા હતા તેમ શિકારીઓ પણ હવે પાડવા લાગ્યા. રામ, ઉગ્ર ને ગંભીર, એમની સામે આવીને ઊભો. એના હાથમાં પ્રચંડ પરશુ હતી.

'ખબરદાર કોઈએ નાસવા માંડયું છે તો.'

પણ એ વાક્ય પૂરું કરે તે પહેલાં એક શિકારી ગળામાંથી નાગલું સેરવી દોડવા લાગ્યો. રામે તેને જોયો. તેના હાથમાંની ફરસી વિદ્યુત્વેગે ઊછળી. પેલા નાસનારનું ગળું છેદાઈ ભોંયે પડયું. રામ ધીમે ધીમે પરશુ પાસે ગયો, તેને હાથમાં ઉપાડી, સૂકા પાંદડાવતી તેના પરનું લોહી લૂછી નાંખ્યું, અને બધા વચ્ચે તે આવી ઊભો.

'જે નાસવા માંડશે તેની આ વલે થશે.' એણે ધીમેથી કહ્યું. 'તમે નાગોનો શિકાર કરો છો. મારે તમારો કરવો પડયો. લોમા, તું ને ઉજ્જયંત આ નાગોને આપણા આશ્રમે લઈ જાઓ. હું આ લોકોને રાજા ભદ્રશ્રેણ્ય પાસે લઈ જાઉં છું.'

બીજે દિવસે યાદવગોત્ર દિંગ થઈ જોઇ રહ્યું. તેજી ઘોડાઓ પર બેઠેલા રામના શિષ્યો, હાથમાં ચમકતી પરશુ લઈ, દોરડે બાંધેલા યાદવો ને શાર્યાતોને દોરતા યાદવગોત્રે લઈ ગયા.

રામ અને પ્રતીપ ભદ્રશ્રેણ્ય જોડે વાત કરતા હતા. લોમા,

વિશાખા, ફૂર્મી અને ઉજ્જયંત પણ ત્યાં બેઠા હતા. મોટી રાણી પણ ત્યાં બેઠાં હતાં.

'રાજન્, શાર્યાત રાજા સાથે યુદ્ધ થવાનું છે.' રામનાં નેત્રો સ્થિર થઈ ગયાં હતાં.

'હું તેનાથી ડરતો નથી. એની સાથે હું બહુ લડયો છું.'

'આ વખતે હવે અમને લડવા દો.'

'એ બહુ પાકો છે. આપણાથી વધારે યોદ્ધાઓ એની પાસે છે.'

'ભદ્રશ્રેણ્ય, સાઠ વર્ષમાં તમે ઓગણીસ યુદ્ધો કર્યાં; હજારો માણસો મૂઆ ને સેંકડો સ્ત્રીઓ હરાઈ ગઈ. હજી આ વેરનો અંત નથી આવ્યો. મને આ એક યુદ્ધ લડવા દો.'

'એથી શું ફેર પડવાનો છે?'

રામ થોડી વાર મૂંગો રહ્યો. એનું સ્વરૂપ ગહન ને અમેય ગૂઢ શક્તિનું મૂલ હોય એવું થઈ રહ્યું. એની આંખો કોઈ ન જોતું હોય તે જોઈ રહી લાગી.

'આ તમારી વચ્ચે છેલ્લું જ યુદ્ધ થશે.'

'છેલ્લું?'

'હા. ફરીથી એક પુરુષ નહીં મરે, એક સ્ત્રી નહીં હરાય, એક ગાય નહીં લૂંટાય.' ભયંકર નિશ્ચલતાથી રામે કહ્યું. 'આ યુદ્ધથી અમિત્રાઈ નષ્ટ થશે. પછી ધર્મ પ્રવર્તશે, યાદવો ને શાર્યાતો વચ્ચે.'

'કેવી રીતે?' ચકિત થયેલા ભદ્રશ્રેણ્યે કહ્યું.

'દેવોમાં અખૂટ સામર્થ્ય ભર્યું છે.' આ શબ્દોમાં દીનતા નહોતી, પડકાર હતો. અજાણતાં ભદ્રશ્રેણ્યના હૃદયમાં ભય સંચર્યો. આ ભયંકર આંખો આગળ શાં શાં દૃશ્યો ખડાં થયાં હતાં?

રામ ફરી થોડીવાર મૂંગો રહ્યો ને પછી ધીમેથી ઉમેર્યું: 'સહસ્રાર્જુન આવશે એટલે તમારો કાળ આવશે. તે પહેલાં આપણે નિર્ભય થવું જોઈએ.'

ઉપકારવશ ભદ્રશ્રેણ્યની આંખમાં આંસુ આવ્યાં. તેણે આ

અઢાર વરસના યુવકને પૂજ્યભાવથી પ્રણિપાત કર્યા. 'ગુરુદેવ! હું તમારે શરણે છું. જે કરવું હોય તે કરો.'

'કૂર્મા,' રામે સ્થિર નયને કહ્યું. 'શાર્યાતરાજના યજ્ઞમાં જા અને એને વાત કહેજે.'

'શી?'

'પહેલાં તો એમને પકડેલા શાર્યાતો ભેટ તરીકે આપજે અને કહેજે કે હવેથી જંગલોમાં નરશિકાર કરનારને ગુરુ ભાર્ગવનો શાપ છે.'

'જેવી આજ્ઞા.'

'બીજું કહેજે કે રાજા ભદ્રશ્રેણ્યે રેવતી રાણી અને મધુકુમારને પાછાં બોલાવ્યાં છે, માટે તારી સાથે મોકલે.'

'જી.'

'અને ત્રીજું એ કહેજે—ભૂલતો નહીં—કે વૈશાખ સુદ પૂર્ણિમાએ મહર્ષિઓમાં શ્રેષ્ઠ એવા ભૃગુની જન્મતિથિ ઉજવવા બધા ભૃગુઓ આનર્તરાજના દશસીમાડે ગોકર્ણતીર્થમાં મળવાના છે. એ દહાડા પહેલાં—તેરસે—ભાર્ગવ તથા એના શિષ્યો જશે, અને વદ પાંચમે ત્યાંથી પાછા આવશે. આપ કૃપા કરી જો વદ દશમે અહીંઆં પધારશો તો આપની સાથે રાજા ભદ્રશ્રેણ્ય બધો નિકાલ લાવી દેશે.'

'વૈશાખ વદ દશમ—લગભગ બે મહિના પછી!' ભદ્રશ્રેણ્યે કહ્યું.

'હા, ચિંતા નહીં કરશો.' ને રામનો અવાજ પાછો ધીમો ને ભયંકર થઇ ગયો. 'વૈશાખી પૂર્ણિમાએ તમારી ને શાર્યાતરાજ વચ્ચેનું વેર પૂરું થઈ જશે.'

બધાંને આ શબ્દોમાં રહેલા અણજાણ પણ ભયંકર અર્થથી કંપારી વછૂટી.

'રાજન્, કૂર્મા સાથે વિશાખાને પણ મોકલો. રેવતીરાણીને નિમંત્રવા આપના કુટુંબમાંથી કોઈએ તો ત્યાં જવું જોઇએ. ને ઉજ્જયંત, મેં જે સંદેશો અત્યારે કૂર્મા સાથે મોકલ્યો છે એની

ખબર સાંજે આખા ગામને પડે, હોં. વિશાખા, આજે કુક્ષિવંતને ત્યાંથી શાર્યાતરાજ ને મૃગારાણીને છૂપા સંદેશા જશે. કલ્વિણી પાસેથી ખબર કાઢી લાવજે.'

બધાં થોડીવાર મૂંગાં રહ્યાં.

'વિશાખા, રેવતીરાણી તારી સાસુ છે. અણગમો આવે તો ય તેની સેવા કરજે. તારી આંખ ને કાન કદી બંધ રહેતાં જ નથી એ હું જાણું છું, પણ શાર્યાતરાજને ત્યાં તો ઉઘાડાં રાખજે.' હસીને રામે કહ્યું.

'પણ હવે આપણે શું કરવું?'

'પ્રતીપ, આપણે આપણો ધર્મ આચરવો. બીજું શું? આજે લગભગ પોણાબસો શિષ્યો બધી રીતે તૈયાર થઇ રહ્યા છે. વૈશાખ સુદ તેરસની સવારે ગોકર્ણતીર્થે આપણે જવા નીકળીએ ત્યારે આપણા દરેકની સાથે એકેકું શિષ્યશતક—એટલે કુલ પાંચસો શિષ્યો તૈયાર જોઇએ, ઘોડા, શસ્ત્ર ને તાલીમ ત્રણેમાં અપૂર્વ, આ કામ તારું, ઉજ્જયંત. તું થાણાઓમાં ફરી વળ. જે જે યુવકો તૈયાર હોય તેનાં શતકો તૈયાર કર. યાદવગોત્રના સીમાડામાં કોઈ આવે નહીં; કોઈ કોઇને કનડે નહીં; વણઝારાને કોઈ લૂંટે નહીં.' પછી રામે ઉમેર્યું. 'યાદવો પાસે બીજા ગોત્રથી પુરુષો ઓછા છે. સ્ત્રીઓને મદદમાં લેવી જોઇએ. બા, આપનું ને બીજી સ્ત્રીઓનું શું કરવું એ લોમા જાણે છે.'

૧૦

લોમા પણ રાત ને દિવસ અવિરત ઉત્સાહથી સાથે કામ કરતી, સાથે વિચરતી, નિરંતર સહયોગમાંથી પ્રગટતી નિકટતાનો લહાવો લેતી. પણ આ બધાં શુષ્ક કાચલાં હતાં. રામની એની ભૂખ મટતી નહીં અને કલ્વિણી વિશેનો ભય વધતો જતો.

કલ્વિણી હવે રોજ આશ્રમે આવતી. રામ એને ઘેર જઈ આવ્યો એટલે શિષ્ટાચાર પ્રમાણે કુક્ષિ પોતાની ત્રણે સ્ત્રીઓ સાથે ભૃગુ–આશ્રમમાં આવી ગયો. કલ્વિણી, લોમા અને વિશાખાની સહિયરના હક્કથી, આશ્રમમાં પોતાના ઘરમાં હોય એમ વર્તવા લાગી, ને લળીલળીને રામની જોડે વાતો કરવા બેઠી.

કુક્ષિ શાર્યાતરાજને ત્યાં યજ્ઞમાં ગયો. કલ્વિણીએ અસ્વસ્થ તબિયતનું બહાનું કાઢયું એટલે ત્રીજી લાડકી સ્ત્રીને સાંગોપાંગ સંતાન થાય તેની આશામાં કુક્ષિએ એને પાછળ રાખી. પતિના ગયા પછી કલ્વિણી રોજ આશ્રમમાં આવવા માંડી. લોમાને કરગરીને પોતાને ત્યાં લઈ ગઈ. વિશાખાની ગેરહાજરીમાં થોડો કારભાર પણ કરવા લાગી. જ્યાં રામ હોય ત્યાં એ આવી જ ચડે ને કેટલાંય વર્ષોનો પરિચય હોય તેમ વચ્ચે બોલે, અને કામ કરવાની ઉત્સુકતા તો દર્શાવ્યા જ કરે. અને રામ ઘણીવાર તેની સામે જોઈ એને સ્વાભાવિક એવું હેતભર્યું, ખંચાતું, શરમાળ હાસ્ય હસે.

એને આશ્રમમાં રોજ આવતી જોઈ લોમાના હૃદયનો ભય વધી પડયો. રોજ તેની સરખામણી એ પોતાની સાથે કરતી. કલ્વિણીની મોટી મોહભરી આંખો, તેનાં પ્રૌઢ, ઉછળતાં, ટોચિલાં સ્તન, તેની લચકતી ચાલ ને ઉછળતા નિતંબો, તેની અર્થભરી દૃષ્ટિ આ બધાં જોઈ એની ઇર્ષાનો પાર રહ્યો નહીં. ઘોડે બેસી, દોડી, લોમાના નિતંબ છોકરા જેવા સખત થઈ ગયા હતા. ધનુષ્ય ને ચક્રની તાલીમ લઈ એના હાથ કર્કશ બન્યા હતા. પુરુષો જોડે ને ખાસ કરીને રામ જોડે દિવસ ને રાત રહી એની આંખમાં શરમાળપણું રહ્યું નહોતું. એની રીતમાં લળી પડવાની કળા નહોતી. તેના અવાજમાં કામોદ્દીપક માર્દવ નહોતું. પોતે છોકરા જેવી હતી. રામ એને નાના ભાઈ જેવી ગણતો. એના હૃદયમાં તેને માટે પ્રણયોર્મિ કયાંથી આવે? કલ્વિણી એની જોડે હોડમાં ઊતરતી હતી અને પોતે હારી ચૂકી હતી. લોમામાં સ્પર્ધા કરવાની શક્તિયે નહોતી અને હામે નહોતી.

એક દહાડો રામ આહુતિ આપતો હતો ને પાસે દર્ભ નહોતો. કલ્વિણી તરત ચેતી ગઈ, ઊઠી ને જલદીથી દર્ભ લઈ આવી રામને આપ્યો. આપતાં તે હસીઃ સુમધુર, સૂચનાત્મકઃ એનું મંદ હાસ્ય ઉન્માદક કૌમુદી પ્રસારી રહ્યું. રામ મંત્ર બોલતો હતો, તેણે હસીને દર્ભ લીધો. રામની આંખમાંનો ભાવ લોમાએ જોયો ને એ હતાશ થઇ. એનું મુખ લાલચોળ થઈ ગયું. યજ્ઞ પૂરો થયો એટલે એ ત્યાંથી ઘોડારમાં ગઈ. આ અપરિચિત દુનિયામાં રામ સિવાય એનું કોઈ નહોતું, તેમ સારા જીવનમાં પણ રામ સિવાય કોઈ નહોતું. અને તે જ એના હાથમાંથી સરી ગયો—કલ્વિણીનો થઈ ગયો. એ રામના પ્રિય ઘોડા સુપર્ણને ગળે વળગી ને ગર્વીલો ઘોડો સ્નેહભર તેને જોઈ રહ્યો. લોમા તેના પર બેઠી અને પાણી પિવડાવવાના બહાને તે વનમાં ગઈ.

મંદ, શીતળ પવન વાતો હતો. સંધ્યાકાળે પંખીઓ કલ્લોલ કરતાં હતાં. વૃક્ષોમાં સમીરનું સંગીત સંભળાતું હતું. એ સુપર્ણ પરથી ઊતરીને તેને ગળે વળગી. તેનું કોઈ નહોતું. ભાઈ વેરી હતો. માબાપ મરી ગયાં હતાં. ગુરુ લોપામુદ્રા અદૃષ્ટ થયાં હતાં. રામ એનો હતો નહીં—નહોતો રહ્યો. એ નિરાધાર હતી. એ છાતીફાટ રડી. સુપર્ણ એકલો મૂક હેતથી એના શરીર પર નાક ઘસી એને આશ્વાસન આપી રહ્યો.

રામ એને તેનું અંગ ગણતો અને એ તેને અંગ ગણતી. બે વચ્ચે ઊર્મિઓની આપલે શક્ય નહોતી. બન્ને એકબીજાનાં જ છે એમ પળેપળ વર્તતાં. કોઈને એકબીજાને જીતવાની પરવા નહોતી, કારણકે બન્ને એક બીજાનાં જન્મથી જિતાયેલાં હતાં. પણ હવે રામ કલ્વિણીનો થશે. કોઈ બીજી સ્ત્રીને પણ પરણે. લોમાનું જગત વેરી થઈ ગયું. એને મરવાનું મન થયું.

તે રડી, ખૂબ રડી. થોડીવારે એની આંખે એક નાનો બાળક દેખાયોઃ જબરો; સ્વરૂપવાન; અસ્પષ્ટ શબ્દો ઉચ્ચારતો; સગી માને છોડી એને વળગી આનંદ માણતો—એનો રામ, દેવ, જીવનસર્વસ્વ એ એને છોડે?

પોતાના અવિશ્વાસ પર તેને તિરસ્કાર આવ્યો. રામ એવો ક્ષુદ્ર, અસ્થિર, ચંચળ હતો? જે વૃદ્ધ અને અનુભવીઓને પોતાની અડગતાથી ડારતો તે એને છોડી કલ્વિણી પર પ્રીત કરશે?

આશ્વાસન જેને સુલભ નહોતું એવી રાજા દિવોદાસની પુત્રી લોમહર્ષિણી સુપર્ણ પર બેસી પાછી આવી, એની એકલતામાં ઊના વાયરા એનું હૈયું દઝાડતા હતા.

જ્યારે એ આવી ત્યારે રેવાએ કહ્યું કે કલ્વિણી માંદી પડી હતી અને તેનો સંદેશો આવ્યો હતો એટલે રામ તેને આવાસે ગયો હતો. ડૂબતા માણસની માફક લોમાએ ચારે તરફ જોયું. એની આંખ વ્યાકુળ થઈ ગઈ. એનું મોં લાલચોળ બની ગયું. તે કંઈક બહાને દૂર ગઈ અને ફરીથી રડી પડી.

જ્યારે કલ્વિણીને ત્યાંથી એક સ્ત્રી એને બોલાવા આવી ત્યારે રામ અજાયબ થયો. કલ્વિણી માંદી હતી. જરૂરનો સંદશો કહેવો હતો, ગુરુદેવ પધારે તો કૃપા થશે. કોઈપણ યાદવને રામની જરૂર પડે એટલે એ મદદ કરવા જતો. 'લોમાબાને મોકલું? ચાલશે?'

'ના, આપને જ ખાસ બોલાવ્યા છે.'

'ઠીક આવું છુ.' તેણે કહ્યું અને તે સાથે થયો. કલ્વિણી કુક્ષિની સ્ત્રી હતી. એને આશ્રમે રોજ આવતી હતી. તેની મદદે જવાનો તેનો ધર્મ હતો.

કુક્ષિના બે આશ્રમ હતા. એક ગામ વચ્ચે મુખીના ઘરની બાજુમાં, બીજો ગામની બહાર. એકાન્તમાં કુક્ષિ તપ કરવા માટે એ ઘર રાખતો એમ તે કહેતો. ત્યાં એ યાદવોના જાણ્યા વિના ઘણી વસ્તુઓ કરી શકતો, ત્યાં કલ્વિણી રહેતી હતી.

રામ ગયો ત્યારે મહાલયમાં એકાન્ત હતું.

'કોઈ નથી, બધા ઋષિજી જોડે ગયા છે, પધારો!' જે બોલાવવા આવી હતી તેણે કહ્યું અને બારણું ઉઘાડ્યું. રામ બારણામાં પેઠો અને પેલી સ્ત્રીએ બારણું ઢાંકી દીધું.

કલ્વિણી મૃગચર્મની પથારી પર પડી હતી અને મૃગચર્મ ઓઢયું હતું. એના છૂટા વાળ પર એનુ શ્વેત મોહક મુખ, કાળા વાદળમાંથી નીકળી ચંદ્ર થંભી ગયો હોય એવું લાગતું હતું. એની મદમસ્ત આંખોમાંથી અત્યારે મોહક આકર્ષણ નીતરતું હતું.

'ગુરુદેવ, આવો, પધારો, ક્ષમા કરજો, મારાથી ઉઠાતું નથી.' તેણે કંપતે સ્વરે કહ્યું. એનાં પ્રૌઢ સ્તનો તોફાનમાં ઊછળતાં હતાં. 'આ ઉપહાર સ્વીકારશો?' કલ્વિણી જયાં સૂતી હતી ત્યાં દૂધ ને ફળ મૂકયાં હતાં અને એક મૃગચર્મ પાથર્યું હતું.

રામ બેઠો ને એક બોર નામનું મોઢામાં મૂકયું. એને આ સ્ત્રીનો ચાળો ગમ્યો નહીં, તેમાં ધૃષ્ટતા અને અવિનય દેખાયાં, 'બોલો શું કહેવું છે?'

'ભાર્ગવ! પાસે આવો. તમારી જિંદગી જોખમમાં છે. ભદ્રશ્રેણ્ય રાજાની પણ.'

'મને કોણ શું કરી શકવાનો છે?' રામે હસીને કહ્યું.

'પાસે આવો, પાસે આવો!' કલ્વિણીએ રામનું મોં પાસે જોયું અને એનો સંયમ જતો રહ્યો. રામને એનો ઊનો શ્વાસોશ્વાસ લાગ્યો ને તેણે પોતાનું મોં પાછું ખેંચ્યું.

'તમે જાણતા નથી. તમારે માથે ભય છે--મોટો ભય છે.'

'મારે શું ડરવાનું હોય? ચિન્તા નહિ કરો.' એની હેતાળ રીતે રામે કહ્યું.

'મને બહુ ચિન્તા થાય છે.' ઉમકળાથી કલ્વિણીએ કહ્યું. 'મને ઊંઘ નથી આવતી. ભાર્ગવ, ભયની મારી હું મરવા પડી છું. કોઈ પણ પળે તમારું શું થાય એ વિચારે હું મરી રહી છું, ઓ દેવ! પશુપતિ! ભાર્ગવ, તમારો હાથ આપો. હું બેઠી થાઉં.' તેણે હાથ લંબાવ્યો. રામે તેને બેઠી કરવા હાથ આપ્યો અને તેના સ્પર્શે ઝણઝણી રહેલી રગોથી ઉન્મત્ત કલ્વિણી બેઠી થઈ. એને ડિલેથી મૃગચર્મ સરી ગયું. એ નવસ્ત્રી હતી. એનું ધાટીલું સ્તનમંડળ

વિલાસના સત્ત્વ સરખું રામની આંખો આગળ ઝઝૂમી રહ્યું–સ્પર્શ-નારની ભૂખે અધીરું.

રામની આંખો સ્થિર થઈ, ચમકી ઊઠી. 'ભાર્ગવ, ભાર્ગવ, શું જુઓ છો? હાથ ગ્રહો. ઉદ્ધારો.' એની કામવિહ્વલ આંખોમાં ન ઠેલાય એવું નિમંત્રણ હતું. પછી અશ્વિનીની છટાથી તે ઊભી થઈ ગઈ. આંખથી, હાથોથી, હોઠથી, આખા શરીરથી તે રામની અભેદ્ય માનવતાને નિમંત્રી રહી.

રામ પણ બેઠો હતો તે ઊભો થઈ ગયો. એનું ગંભીર મુખ ભયંકર થઈ ગયું. એની આંખો વિકરાલ થઈ ગઈ. એણે એક ખીટી પર લટકતો સાટકો જોયો; સ્ત્રીઓને, દાસોને સીધા રાખવા કુક્ષિએ ત્યાં રાખી મૂકયો હતો. ધીમેથી વિચારપૂર્વક રામે તે લીધો અને ધીમેથી ઘોડા કેળવનારની અચુક કલાથી એક ફટકો કલ્વિણીની છાતી પર ને બીજો એના નિતંબ પર લગાવ્યો. અશ્વિની કૂદે તેમ કલ્વિણી કૂદી. તેના મુખમાંથી ગુસ્સાનો વેદનાપૂર્ણ હણહણાટ નીકળ્યો, અને ધીમે પગે ખીટી પર સાટકો મૂકી રામ ત્યાંથી ચાલી ગયો.

રામ, વૃદ્ધોને પણ દુઃસાધ્ય એવી તીક્ષ્ણ અવિકારી દૃષ્ટિથી નિષ્ફળતામાં તરવરતાં ગોત્રોના વિગ્રહો, મનુષ્યોના ઝગડાઓ, ધર્મ-અધર્મના ભેદો જોઈ શકતો, પણ અત્યાર સુધી સ્ત્રીપુરુષના સંબંધ તરફ તે આંધળો હતો. કલ્વિણીના દર્શન ને આજીજીથી તેની આંખો ખુલી ગઈ. જે જે વસ્તુઓ ને સંબંધોને વિષે એને વિચાર સરખા નહોતા આવ્યા, તે સ્પષ્ટ થયા. સોમા ને કલ્વિણીઓ, મોહાંધ રુરુ ને અત્યાચારી યાદવ રખેવાળો, પ્રતીપ ને વિશાખા, પિતાજી ને અંબાના વર્તનમાં રહેલાં બળો ને રહસ્યો તેને એકદમ સમજાયાં. લિંગપ્રધાન અધર્મનું મૂળ અને તેનું નિયમન, પતિપત્નીના સંબંધમાં રહેલો ધર્મ તેને સ્પષ્ટ દેખાયો.

અંધારામાં એ ઝપાટાબંધ જતો હતો, અને તેની આંખ

આગળ લોમા દેખાઈ. કલ્વિણી જેવી હતી તેવી નવસ્ત્રી. ઘણીવાર એણે તેને નાહતાં, મૃગચર્મ બદલતાં જોઈ હતી. આજે એ રેખાઓ જાણે વિદ્યુતની બની હોય એવી દેખાતી અને તેની રગોમાં અપરિમેય ઉત્સાહ પ્રસર્યો; જ્યારે એ બે જણ સાથે રહેતાં, વાતો કરતાં, ઘોડા દોડાવતાં, સંકલ્પ કરતાં ને પરિપૂર્ણ બનાવતાં, વગર બોલીએ માત્ર દૃષ્ટિથી વાર્તાલાપ કરતાં તે વખતના હજાર નાનામોટા પ્રસંગો તેને નવે રંગે મઢાયેલા, નવે અર્થે મોહક યાદ આવ્યા. વીજળી ચમકે ને અંધકાર ભેદાઈ વસ્તુ નજરે ચડે તેમ તેને દેખાયું. પોતે ને લોમહર્ષિણી પતિ ને પત્ની હતાં—જન્મથી, અત્યાર સુધી એને આ કેમ ન દેખાયું તેની એને અજાયબી લાગી. લોમાને એ કેમ ન સૂઝયું તેથી પણ એને આશ્ચર્ય થયું. એના માથામાં આનંદટંકાર થયા. એના પગમાં પાંખો આવી.

શંકાવિહોણા, ભયવિહોણા, વિશાળદર્શી આ યુવકની આત્મશ્રદ્ધા ને સ્વામિત્વભાન હમેશાં અચલ રહેતાં. એ પોતે ખોટો હોઈ શકે, એ જે જુએ છે તે સત્ય ન હોય એવો એને વિચાર સરખો આવતો નહીં. પોતે ભૃગુ હતો, દેવપ્રેર્યો એ ધર્મ પ્રવર્તાવવા જ જન્મ્યો હતો, જગતનું આધિપત્ય ને ગુરુપદ એનાં જ હતાં એ વિશે એને કદી સંશય ઉદ્ભવ્યો નહોતો. આ નિર્મળ આકાશમાં એક નાનું શું વાદળ આવ્યું. એનું હૈયું શંકાશીલ બન્યું, 'લોમાએ બબે જણને પરણવાની ના પાડી. મને ના પાડે તો?' ને તે એકલો ખડખડ હસ્યો. અસંભાવ્ય! એ તો જન્મતાં જ પરણેલાં હતાં.

એ આશ્રમે ગયો. જે ઝાડ નીચે એ, લોમા, રેવા ડોસી ને કૂર્મી સૂતા ત્યાં ગયો. લોમા ત્યાં ઊંઘતી હતી. પોતાની પરશુ પાસે મૂકી એ પોતાના મૃગચર્મ પર બેઠો. એની આંખમાં ઊંઘ નહોતી. આજે પાસે સૂતેલી લોમા એને નવે સ્વરૂપે દેખાતી હતી. લોમાએ ઓઢેલા ને પહેરેલા મૃગચર્મમાંથી એની વિદ્યુલ્લેખામાં લપાયલી શરીરરેખા એની આંખ આગળ તરતી હતી. ઊગતો ચંદ્ર ઝાડોની

ટાંચો જે રૂપે રસી રહ્યો તેના તરફ એણે નજર નાંખી. એણે ફરીથી લોમાના મુખ સામે જોયું. જેમ સત્ય એને સદાય સ્પષ્ટ રીતે દેખાતું તેમ અત્યારે પણ દેખાયું, લોમા એના પુત્રોની માતા થવાની હતી.

તેણે નીચે વળી લોમાની સામે જોયા કર્યું. માત્ર આંખો મીંચી તે સૂઈ રહી હતી, તેની પાંપણે પણ આજે નિદ્રા વસી નહોતી. રામની આંખોમાંથી નીતરતા તેજથી દાઝી તેણે આંખો ઉઘાડી. રામ, એનો રામ, માદક એકાગ્રતાથી એની સામે જોઈ રહ્યો. તેની આંખમાં અપરિચિત ઝનૂન હતું, વિલાસભૂખ્યું, આહ્લાદક, હૃદયવેધક. તેના તારેતારમાં પ્રણયોર્મિઓ આંધીની માફક વાઈ રહી, સૃષ્ટિ આનંદથી ડોલતી હતી, એમ તેને સ્પષ્ટ ભાસ્યું. સુખની અવધિના ભારથી તેણે આંખો મીંચી દીધી.

રામનો શ્વાસ ઊંડો, ધેરો આવતો ને જતો. એની આંખો ભભૂકતી. એણે વગર બોલે લોમાને ઊંચકી લીધી. એના સ્નાયુબદ્ધ હાથોમાં એણે તેને ઊંચકી ને છાતી સરસી ચાંપી અને તેને આશ્રમની બહાર લઈ ગયો. લોમા આંખો મીંચી જાણે ઊંઘમાં સ્વર્ગ અનુભવતી હોય તેમ લપાઈ રહી. જે પળ માટે એ ઝંખી મરતી હતી તે આવી હતી.

નદીકિનારે જઈ રામ તેને ગિરનારની ટૂક પર ઊંચકી ગયો, અને એક પથ્થર પર બેસાડી. હવે આંખો ઉઘાડ્યા વિના તેને છૂટકો નહોતો. ચંદ્ર ઊંચે ચઢયો હતો અને કૃષ્ણપક્ષની ફીકી ચંદ્રિકા નીચે નદી પર ક્ષિતિજ સુધી સૃષ્ટિ પર આછો સ્વપ્નસૃષ્ટિનો હોય એવો પ્રકાશ નાંખતી હતી. રામ તેના પગ આગળ પાસે બેસી ગયો. લોમાએ જોયું કે આ રામ બાલમિત્ર નહોતો, પ્રણયી હતો, સ્વામી હતો.

'લોમા, પેલી કુલટા કલ્વિણીએ ખોટું બહાનું કાઢી મને બોલાવ્યો.'

'ને પછી?' લોમાનું હૈયું ધબકી ઊઠયું.

'તે મારી સામે નવસ્ત્રી ઊભી—મને આલિંગવાને તૈયાર થઈ ને.'

'હાય હાય! પછી?'

'મેં સાટકો લઈ એને એની છાતી પર ને બીજો એના નિતંબ પર લગાવ્યો, હવે એ ડામ લઈને થોડા દહાડા ફરશે.'

લોમા રામને વળગી. 'મારા રામ–રામ–રામ' તેના હૃદયે માળા જપવા માંડી. 'અરે રે રે, આ શું કર્યું.'

'એ કુક્ષિની પત્ની ન હોત તો એનો જીવ લેત. આવી સ્ત્રીઓ પૃથ્વી ભારે મારે ત્યાં સુધી ધર્મ કેમ પ્રવર્તે?'

લોમા મૂંગી રહી.

'લોમા'—

'કેમ રામ?'

'આજે મને એક વાત દેખાઈ—દીવા જેવી—અત્યાર સુધી નહોતી દેખાઈ તે.'

'શી?' અને લોમાનું હૈયું ફરી ધબકી ઊઠ્યું.

'તું મારી પત્ની છે; જેમ અરુંધતી હતી વસિષ્ઠની અને લોપામુદ્રા હતી અગસ્ત્યની તેમ.'

'શું કહે છે?' લોમાએ હર્ષની મૂર્છામાં ગાંડી બની પૂછ્યું.

'તેં બૃહદ્રત્નને ના પાડી. અર્જુનને ના પાડી. તું મને ના નહીં કહેતી.'

લોમાને હસવું કે રડવું તે સૂઝયું નહીં. હર્ષનાં અશ્રુસારતી તે રામને કોટે વળગી પડી. "મારા રામ! હું હસું કે રડું? હું ના કહેવા ક્યાં બેઠી છું? કોણે કહ્યું હું ના કહેવાની છું.'

રામ–વિચિત્ર રામ–ગંભીર મુખથી જોઈ રહ્યો, 'મને હવે સમજાયું કે તું મારી પત્ની છે.' અને સિંહ સમું તેનું વાળવાળું માથું તેણે લોમાની સુકુમાર છાતીમાં સંતાડી દીધું.

લોમા મૂંગી બેઠી. રામ તેની છાતી પર, તેના શરીર પર

પોતાનો હાથ ધીમેથી, રખેને તેને વાગી જાય એ બીકથી ફેરવતો. વનોની નિઃશબ્દતા ચેતનવંતી બની. પોતે જાણે જીવનદાયી અગ્નિ-જ્વાલાઓની બની હોય એમ તેને લાગ્યું. રામની આંખો, સહસ્ર ચંદ્રોનાં તેજ વરસાવતી તેની આંખોમાં અમૃતની ધારાઓ વરસાવી રહી. થોડી વાર તે ઊભાં રહ્યાં. હૈયાં સાથે ધબકતાં, આંખો એકબીજામાં તરતી.

'અમ્બા કે વિમદ અહીંયા હોત તો કેવું સારું ?' રામે પૂછ્યું.

જાણે એના પ્રત્યુત્તરમાં હોય તેમ ક્ષિતિજ પર શંખનાદ થયો. એક વાર, બે વાર, ત્રણ વાર.

'લોમા, આ તો ભૃગુઓનો શંખનાદ. વિમદ આવ્યો,' રામે સહર્ષ કહ્યું, અને કેડે લટકાવેલો શંખ ફૂંક્યો, પૂર્વજો ભૃગુઓને આવાહન કરવા ફૂંકતા હતા તેમ. ધૂળના ગોટાઓથી વિંટળાયેલી ઘોડેસવારની ટુકડી દૃષ્ટિપથ પર આવી. સામેથી ફરી શંખનાદ સંભળાયો તેવો જ.

'વિમદ જ છે. ચાલો તમે ને હું સામે લેવા જઇએ.' લોમાએ કહ્યું. લોમાએ એને માટે બહુવચનનો ઉપયોગ કર્યો તે જોઈ રામ હસ્યો. એણે જમણા હાથ વતી તેને છાતીસરસી ચાંપી.

આશ્રમમાં જઈ રામે ફરી શંખ ફૂંકી શિષ્યોને બોલાવ્યા. અને ત્રણસો ઘોડેસવાર શિષ્યો ને પશુધન લઈ રામ ને લોમા સામે ગયાં. સોએક ઘોડેસવાર લઈ આવતા વિમદે એના બટુક દેવને જોયો—દેવથીય દેદીપ્યમાન—હાથમાં અપરિચિત એવી વિશાળ ફલકની ભયંકર પરશુ લઈને સ્વયંનિર્મિત પ્રભાવના સૂર્ય જેવો ! વિમદ ને રામ પોતપોતાના ઘોડા પરથી ઊછળી નીચે ઊતર્યા. વિમદે ભોંય પર પડી સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. રામે તેને ઉઠાડી કોટે વળગાડયો. લોમા આંખમાંથી હર્ષના આંસુ સારતી ઊભી. ભદ્રશ્રેણ્ય રાજાએ વિમદ ને ભૃગુઓના સત્કાર માટે ત્રણ દહાડાનો ઉત્સવ કર્યો. વિમદે નવાજૂની કહી.

'સહસ્રાર્જુન તમારું હરણ કરી ગયો ને થોડી જ વારમાં હું તેને ઉતારે પહોંચ્યો. એ કયે રસ્તે જાય છે તે જોવા હું પાછળ પાછળ છાને પગે આવ્યો. મારું ચાલત તો તમને બન્નેને ઉપાડી જાત, પણ ભદ્રશ્રેણ્યની ચોકી જબરી હતી.

'રોજ રોજ તમારી પાછળ પાછળ આવતાં મને ખાતરી થઈ કે ભદ્રશ્રેણ્ય અને એના યોદ્ધાની ભક્તિ ભાર્ગવ પર ચોંટી છે, મારા બટુકદેવ અને લોમાબાને નિર્ભય બન્યાં જોઈ મેં પાછા જવાનો વિચાર કર્યો. સિન્ધુ તટ સુધી પાછળ આવ્યો. ત્યાં રાવણ...પર ચડી આવે છે એ વાત સાંભળી.

'હું પાછો ભૃગુ ગામ ગયો અને ભૃગુશ્રેષ્ઠને મળ્યો. અંબા તો રોજ બટુકદેવનું રટણ કરી કરી રડતાં હતાં. વૃદ્ધા પણ સહસ્રાર્જુન પર સવારી કરવાની તૈયારી કરતા હતા. એ બધાને મેં સાંત્વના આપી, અને મુનિવર વસિષ્ઠ અને રાજા સુદાસ પાસે ગયો. તમને બન્નેને પાછા આણવા માટે સહસ્રાર્જુન પર ચઢાઈ કરવાનો ભૃગુશ્રેષ્ઠનો સંદેશો લઈ ગયો હતો, તે તેમને કહ્યો.'

'મારા ભાઈએ શું કહ્યું?' લોમાએ પૂછ્યું.

'તમારા ભાઈએ ઠંડે કલેજે કહ્યું કે લોમાને તો હું સહસ્રાર્જુનને વરાવી ચૂકયો છું. વર વધૂને ખુશીથી લઈ જાય કે બળજોરીથી તેનું હરણ કરી જાય, એમાં શો ફેર?'

લોમાએ જીભ કાઢી. એની બાલપણની તોફાની ટેવ જાય એમ નહોતી. 'કયાંથી એ મારો ભાઈ પાકયો?'

'પછી હું મુનિવર વસિષ્ઠ પાસે ગયો. એ તો ભેદની સામે આર્યોને ઉશ્કેરવામાં ગુંથાયા હતા, એમને તમારામાં રસ નહોતો. હું હતાશ થઈ પાછો આવ્યો. પછી મેં ભૃગુશ્રેષ્ઠને જઈ આજીજી કરી કે મને થોડા યોદ્ધાઓ લઈ અહીયાં આવવા દો ને હું કોઈ પણ કરામતે તમને પાછા લઈ આવીશ. આથી બસેં બાહોશ ભૃગુ યોદ્ધાઓ લઈ હું અહીંયાં આવ્યો.'

'બાકીના સૌ ક્યાં ગયા?" ભદ્રશ્રેણ્યે પૂછ્યું.

'જુદે જુદે ઠેકાણે ગયા છે. પાછા જવાનો માર્ગ સાચવે છે.' વિમદે હસીને કહ્યું. 'પણ ભાર્ગવ, તમે તો અહીંયાં જ ગુરુપદ જમાવીને બેઠા લાગો છો.'

'મારે જમાવવાની શી જરૂર? હું તો એમનો ગુરુ છું જ.' રામે કહ્યું.

'આ બધું જોઈને હું તો ચકિત જ થઈ ગયો. પણ રાજન, બોલો હવે ક્યારે ભાર્ગવ ને લોમા બાને પાછાં મોકલો છો?' વિમદે પૂછ્યું.

ભદ્રશ્રેણ્યના મુખ પર ખેદ પ્રસરી રહ્યો. 'આચાર્ય ગુરુદેવ જાય પછી અમારું શું થાય?'

'એટલે તમે એમને નહીં મોકલો?' સખતાઈથી વિમદે પૂછ્યું.

'આચાર્ય પશુપતિ મારો દેવ છે ને ભાર્ગવ મારા ગુરુ છે. એમને વિનાકારણ હું એક દહાડો નહીં રાખું. એમને જવું હોય તો સીધાવે. હું એમનો દાસ છું. હું ના કહેનાર કોણ?' ભદ્રશ્રેણ્યે દીનતાથી કહ્યું, અને રામના મુખ તરફ આજીજીભર નયનો ઠેરવ્યાં.

આ બધી વાત ચાલતી હતી ત્યારે રામ એની હમેશની ટેવ પ્રમાણે હેતાળ પણ મંદ હાસ્યથી મૂંગો મૂંગો રસ લઈ રહ્યો હતો. તેણે જવાબ આપ્યો, 'વિમદ, હું પોતે જ નથી આવવાનો.'

'કેમ?'

'ભદ્રશ્રેણ્યે મને અર્જુનના પંજામાંથી બચાવ્યો, મને ગુરુ સ્વીકાર્યો, મને અહીંયાં સર્વસ્વ આપ્યું છે. એ મને પાછા આવતા રોકતા નથી. યાદવોએ મારો હાથ ગ્રહ્યો છે; હું એમને કેમ છોડું?' રામે ધીમેથી કહ્યું. 'વિમદ! અર્જુન યુદ્ધમાંથી પાછો આવશે એટલે યાદવોનો જીવ લીધા વિના રહેવાનો નથી. અને જો મને અને લોમાને રાજા જવા દે તો તો યાદવ સ્ત્રી કે બાળક જીવતું જવા દે એમ નથી. હું ભદ્રશ્રેણ્યનો કેદી નથી, એ મારો કેદી છે.'

'એમ છે? તો પછી શું કરીશું?'

'તેની ચિંતા નહીં કર. આ વિપત્તિમાંથી યાદવોને ઉગારવા એ તારો પ્રથમ ધર્મ છે. હું આર્યાવર્ત પાછો આવીશ.' અને રામ જાણે એ દિવસનાં દર્શન કરતો હોય તેમ જોઈ રહ્યો. 'પણ આવીશ ત્યારે યાદવ યોદ્ધાઓને મોખરે, ભદ્રશ્રેણ્યના ગુરુ તરીકે.'

'પણ તે કેવી રીતે? તમે કહો છો કે અર્જુન પાછો આવશે ત્યારે બધાનો જીવ લેશે.'

'વિમદ, ભૃગુ એકલો મંત્રદ્દષ્ટા નથી. એ તો ધર્મનું દર્શન કરે છે ને તેનું પ્રતિપાલન પણ કરાવે છે.' રામે કહ્યું.

'ત્યારે લોમાબાનું શું?'

'મારું? મારા ભાઈને તો મને જ્યાં ત્યાંથી પરણાવવી જ હતી ને. ઠીક ત્યારે હું પરણી જવાની છું. આચાર્યની જ વાટ જોઈએ છીએ.'

વિમદે રામ ને લોમાના મોં ઉપરનો પ્રણયભાવ જોયો. તે સમજ્યો, પણ ખરું માની ન શક્યો. ભદ્રશ્રેણ્ય આદિ પણ વિસ્મિત બની ગયા. 'શું કહો છો?'

'હું લોમાને પરણું તો ચાલશે ને? રાજન્!' શરમાળપણાથી હસીને રામે પૂછ્યું: 'વિમદ, તું આચાર્ય થશે ને?' વિમદે હર્ષથી હાથ જોડ્યા. 'દેવ! તમારાથી તોબા છે. આ કરવા શું બેઠા છો?'

'ગુરુદેવ! કહો ક્યારે લગ્નતિથિ નક્કી કરીએ.'

લોમા શરમાઈને રામના મુખ તરફ જોઈ રહી. 'રાજન્ વૈશાખી પૂર્ણિમા પછીના વિજયોત્સવમાં.' રામે કહ્યું.

'વૈશાખી પૂર્ણિમાએ શું છે?'

'કંઈ નથી.' રામે કહ્યું. 'તે દહાડે ગોકર્ણ તીર્થે બધા ભૃગુઓ મળી પૂર્વજોના આદ્ય એવા ભૃગુની જન્મતિથિ ઉજવે છે. અને તે દહાડે–' અને રામનો અવાજ શાંત તટસ્થ ભવિષ્ય ભાખતો

ગાજ્યો. '–યાદવોમાં શ્રેષ્ઠ ભદ્રશ્રેણ્ય સૌરાષ્ટ્રમાં એક ચક્રે રાજ્ય કરશે.'

ભયંકર ભવિષ્યવાણી હતી. ભદ્રશ્રેણ્ય એ સાંભળી સ્વપ્નું આવ્યું હોય તેવો અનુભવ કરવા લાગ્યો. ખરી વાત ? ખોટી વાત ? આ સ્વસ્થ ને નિર્ભય–કોઈકવાર ભયંકર–એવા યુવકની આત્મશ્રદ્ધાનો હિસાબ કાઢવાના પ્રયત્ન કર્યો, પણ તે નિષ્ફળ ગયા. એને લાગ્યું કે તેના હાથમાં પોતે કાચી માટી સમાન હતા. એ ઘડે તેમ ઘડાવું જ હવે રહ્યું હતું.

'ત્યારે હું શું કરું ?' અપાર્થિવ ભયથી વાતાવરણ દુઃસહ થયું હતું. તેને વિમદે પ્રશ્ન પૂછી સહેવાય એવું કર્યું.

'વિમદ ?' રામે શરમાળ હાસ્યથી કહ્યું. 'તું મારો આચાર્ય છે. મારી ને મારા શિષ્યોની અધૂરી વિદ્યા પૂરી કરાવ.'

'જેવી આજ્ઞા.'

'ને વિમદ થોડા ભૃગુઓને સપ્તસિંધુમાં સંદેશો લઈ પાછા મોકલ. શેષને થોડા યાદવો જોડે આખા સૌરાષ્ટ્રમાં મોકલી આપ. વસતીએ વસતીએ પહેલેથી થોડા થોડા, ભૃગુઓ વસે છે. તેમને મારી આજ્ઞાની ઘોષણા કરતા કરી મૂક. વૈશાખ સુદ તેરશે અહીંથી હું ગોકર્ણ જવા નીકળીશ. બધાં પૂનમે ત્યાં આવી લાગો.'

'રાજન્ ભદ્રશ્રેણ્ય આવવાના છે ?'

રામ જવાબ ખાઈ ગયો.

'ગુરુદેવ! શું ધાર્યું છે તે તો કહો ? કે મને જ અંધારામાં રાખવો છે ?' ભદ્રશ્રેણ્યે હસીને કહ્યું.

રામ હસ્યોઃ 'રાજન્! આઠ દહાડામાં કુક્ષિ, રેવતી, રાણી ને મધુ આવે પછી કહેવાય.'

'એ શું કરશે ? આવશે એટલે ચિન્તા ઊભી કરશે.'

'હું કહું, શું કરવાનાં છે તે ? વૈશાખ સુદ પૂનમે એ બધાં મધુને તમારી ગાદી પર બેસાડવાનો સંકલ્પ કરીને આવે છે.'

જે રામને દેખાતું તે થયા વિના રહેતું નહીં, એથી સૌના હૈયામાં ભય પ્રસરી રહ્યો.

શાર્યાત રાજાનો યજ્ઞ પૂરો થયો. રેવતીરાણી, મધુ, વિશાખા, કુક્ષિ, કૂર્મી, પચાશ શાર્યાત યોદ્ધાઓને લઈ યાદવગોત્રે આવી પહોંચ્યા.

ભદ્રશ્રેણ્ય રાજાને માટે મોટી રાણી સિવાય કોઈ રાંધતું નહીં. એ ચાર દહાડામાં મોટી રાણીને પોતાના રાંધેલા પર વહેમ ગયો. તેણે બિલાડીને નાંખ્યું, તે તેણે સુંઘ્યું પણ નહીં. ગાયને નાખ્યું તે ગાયે પણ ત્યાગ્યું. એણે રાજાને વાત કરી, અને રાંધેલું પોતે ચાખીને રાજાને ચખાડવા લાગી.

રામે કૂર્મી ને વિશાખાની બધી વાતો સાંભળી લીધી, ને પછી વિશાખાને એના પિતા આનર્તરાજને ત્યાં મોકલી.

'આનર્તરાજનાં મારે દર્શન કરવાં છે. જો એ પોતે ગોકર્ણ-તીર્થ પધારે તો હું કૃતાર્થ થઈશ.' રામે કહ્યું.

વિશાખાએ હસીને પ્રતીપને કહ્યું, 'જુઓ હું કેટલી કામ લાગું છું. તમે અહીંયાં ઘોડા પર બેસી વરણાગિયા થઈ ફર્યાં કરો છો.'

'તું લોમાબાની માફક શસ્ત્ર તો ચલાવી જો, પછી ખબર પડશે.'

૫

કુક્ષિએ મુત્સદ્દીગીરીની હદ કરી. શાર્યાત રાજા જોડે કરેલા સંકેત પ્રમાણે ભદ્રશ્રેણ્યને પદભ્રષ્ટ કરવાના વ્યૂહ એ રચી રહ્યો. કેટલાક અગ્રગણ્ય યાદવોને તેણે હાથ પર લીધા. કોને કોને કોણે મારવા તે નક્કી થયું. પહેલાં ગામનો કબજો કરી મધુનો રાજ્યાભિષેક કેમ કરવો તે પણ નક્કી કર્યું. એણે વૈશાખ સુદ તેરશ પર મીટ માંડી હતી. એને ભાન નહોતું કે એ ચોઘડિયું કોઈ બીજાએ જ ઘડયું હતું.

આચાર્ય વિમદે સપ્તસિંધુની બધી શસ્ત્ર ને અશ્વવિદ્યાના પાઠ રામના શિષ્યોને શીખવ્યા. દિવસ ને રાત એ તાલીમ સિવાય રામના

આશ્રમમાં બીજું કંઈ ચાલતું નહોતું. રામનું મુખ બંધ હતું, એની આંખ સ્થિર બની ગઈ હતી. ને એની પાસે જ તો તેને વિદ્યુતના ચમકારા તેમાંથી ખરતા લાગતા.

વૈશાખ સુદ તેરશે ઘોડા ચરવા ગયા. કોઈ કોઈ દહાડો છોકરાઓ છેક સાંજે પણ ઘોડાઓને પાછા લઈ આવતા એટલે ઘોડા આવે તેની કોઈને પરવા નહોતી.

શાર્યાતોના પાંચ યોદ્ધાઓ ઘોડાઓને ચરાવવા સાથે ગયા હતા. બાકીના બધા નિરાંતે મોજ કરતા હતા, નહીં તો ગપાટા મારતા હતા. એમની સાથે શતકના ચાલીશ પચાશ યોદ્ધાઓ હતા.

સાંજના પ્રતીપ બાપ પાસે ગયો. 'બાપુ, આજે રાતના નવાજૂની ઘણી થશે. બસો શાર્યાતો અહીંયાં આવશે—આપને મારી મધુને ગાદી અપાવવા. એમને પહોંચી વળે એટલાં માણસો તૈયાર રાખજો, બાપુ, મને આશીર્વાદ આપો.'

'બેટા, તું જે કરી રહ્યો છે તેમાં તને વિજય મળે. ગુરુદેવ મને બધું કહી ગયા છે. પ્રતીપ ! હું નહીં હોઉં તો યાદવોને સાચવજે, ને ગુરુદેવની ભક્તિમાંથી ચળતો નહીં.'

પ્રતીપ ને રામ પગથીએ થઈ ડુંગર ઊતરી ગયા.

'ગુરુદેવ, આપણી તૈયારીમાં હવે વાંધો નથી.'

'હજી થોડી તૈયારી બાકી છે.' રામે શાંતિથી કહ્યું.

'શી બાકી છે ?'

'આજે આપણે સાંજે ગોકર્ણતીર્થે જવાના છીએ. આપણા વેરીઓ તૈયાર થઈ બેઠા છે.'

શતકનો એક શિષ્ય આવીને રામના કાનમાં કંઈ કહી ગયો.

રામ હાથમાં ફરસી લઈ એક પગથી તરફ વળ્યો. 'પ્રતીપ, હિંમત છે ?'

'હા, ગુરુદેવ!' ત્રણે જણ ધીમેથી પણ ઝપાટાબંધ આગળ વધ્યા.

એક ઝાડના ઝૂંડ વચ્ચે મધુ ને ત્રણ યુવકો બરછીઓ ઘસતા

હતા. તે એમનાં પગલાં સાંભળીને ઊભા થઈ ગયા.

'તું અહીંયા ઊભો રહે,' રામે હેતથી પ્રતીપને કહ્યું, 'આ તારું કામ નહીં.'

રામ આગળ ગયો 'મધુ !'

મધુ ચમકીને ઊભો થઈ ગયો. એના સાથીઓએ બરછી પર હાથ મૂકયો. રામ બધાથી ઊંચો ને સશકત, ગિરિશિખરની માફક ઝઝૂમી રહ્યો.

'તમારી બરછીને છેડશો નહીં!' ને રામની આંખ વાઘની જેમ ચમકી રહી.

'મધુ, આ બરછી તારા બાપ ને ભાઈ માટે તૈયાર થાય છે, નહીં?' તેણે શાંત અવાજે પૂછયું.

મધુ ફિક્કો પડયો. પણ તે જવાબ દે તે પહેલાં રામની ફરશી ચમકી. મધુનું ડોકું ધડથી જુદું થઈ ભોંય પર ગબડી ગયું. બીજા માણસો નાસી ગયા. પ્રતીપ બેભાન થઈ ધરણીએ ઢળ્યો. રામે તેને ઉઠાડયો, 'પ્રતીપ, આતતાયીઓ માટે વધ જ હોય.'

પ્રતીપના ખભા પર હાથ મૂકી રામ તેને આગળ ધસડી ગયો. થોડીવારે તે શુદ્ધિમાં આવ્યો. સુપર્ણ અને બીજા બે ખાલી ઘોડાઓ લઈ એક શિષ્ય પોતાના ઘોડા પર તૈયાર ઊભો હતો.

બંને જણ ઘોડા પર બેઠા. પ્રતીપ ભાર્ગવ તરફ જોઈ રહ્યો. એના બાપને અને યાદવોને બચાવવા આ અજબ જેવા યુવકે મધુનો શિરચ્છેદ કર્યો હતો—તે પણ દ્વેષથી નહીં, ગુસ્સામાં નહીં, પણ શાંતિથી, દૂરંદેશીપણામાં વિધિની નિશ્ચલતાથી. પ્રતીપ રામથી સાત આઠ વર્ષે મોટો હતો. પણ તેની ભયંકર વજ્રઘાતશી સચોટ વિનાશકતાનાં દર્શને એ થરથર કાંપી રહ્યો.

ચાર ઘોડાઓ ગામને બીજે છેડે આવ્યા.

'આ ચોથો ઘોડો કોને માટે છે?' પ્રતીપે પૂછયું.

'ઊભો રહે. હમણાં એના બેસનારને લઈ આવું છું' કહી રામ ઘોડા પરથી ઊતરી બે ગલીઓ વટાવી કુક્ષિના આશ્રમમાં ગયો.

ઝૂંપડીમાં હમેશની રીત પ્રમાણે કલ્વિણી ભાવ કરી પીરસતી હતી અને કુક્ષિ રસ લઈ લઈને ખાતો હતો. કેસરી, દઢ ડગ ભરતો ધીમી ત્રાડ પાડે તેમ, રામ હાથમાં ફરસી લઈ તેને સંબોધી રહ્યો. ‘કુક્ષિવંત’

‘કોણ ભાર્ગવ! ઓ હો તમે—’ કુક્ષિએ જ્વલંત આંખોનાં વિનાશક તેજ જોયાં ને તેનું વાક્ય અધૂરું રહી ગયું.

‘ચાલો મારી સાથે.’ રામે આજ્ઞા કરી.

‘ક્યાં ? અત્યારે ?’

‘યુદ્ધમાં પ્રતીપ શાર્યાતો સામે રણે ચઢે છે. પુરોહિતનો ધર્મ છે કે યુવરાજની સાથે રણે ચઢવું.’

‘શાર્યાતો સામે ?’ બેબાકળા બની કુક્ષિએ પૂછ્યું. એની આંખોમાંથી ડોળા નીકળી આવ્યા.

‘હા.’

‘હું નથી આવતો. નથી આવવાનો. શાર્યાતો સામે યુદ્ધ! મારું શું કામ છે ?’

‘કુક્ષિવંત, ચાલો !’ રામે બારણા તરફ હાથ બતાવ્યો.

‘અરે, મારે ને યુદ્ધને શું ? હું તો મહર્ષિ છું.’

‘તમે ભૃગુ છો. તમારું કર્તવ્ય માત્ર ધર્મનું દર્શન નથી, સંસ્થાપન છે.’

‘પણ મારે શું ?’ થરથર કાંપતાં કુક્ષિએ કહ્યું.

‘કુક્ષિવંત ! હવે જ્યામઘની વાટ જોવી નકામી છે. શાર્યાતો આવે તોયે મધુને તમે રાજ્યાભિષેક કરી શકો એમ નથી. પ્રતીપનું સૈન્ય શાર્યાત ગોત્રનો સંહાર કરવા અડધે રસ્તે પહોંચી ગયું છે. તમે આણેલા યોદ્ધાઓના ઘોડાઓ પર યાદવ યોદ્ધાઓ બેઠા છે. મધુનો મેં હમણાં જ શિરચ્છેદ કર્યો છે. હજી એનું લોહી આ રહ્યું. તમે ઋષિ છો, ભૃગુ છો. અહીંયાં પણ, હું તમારો કુલપતિ છું. હું તમારો શિરચ્છેદ કરી શકું છું.’

કલ્વિણી ચીસ પાડવા ગઈ પણ રામે તેને ભયંકર દૃષ્ટિથી ડારી દીધી.

'ચાલો, તમે પ્રતીપના પુરોહિત છો. એને આશીર્વાદ આપો'

એક શબ્દ બોલ્યા વિના કુક્ષિવંત રામની જોડે બહાર નીકળ્યો અને ચોથા ઘોડા પર બેસી યુદ્ધે ચઢ્યો. કલ્વિણીનાં ડૂસકાં માત્ર શાંતિ ભેદી રહ્યાં.

શાર્યાત ગોત્રથી બે પ્રહરની મજલે વિમદ ને કૂર્મો વાટ જોતા હતા. તેમની સાથે સપ્તસિંધુથી આવેલા સવાસો ભાર્ગવો અને રામના આશ્રમમાં કેળવાયલા પાંચ શિષ્યોના શતકો હતા. દરેક ઘોડો મજબૂત ને અધીરો હતો. દરેક સવાર સશસ્ત્ર ને કૃતનિશ્ચય હતો. રામના શિષ્યોના હાથમાં ભયંકર પરશુઓ ચમકતી.

મધરાત પછી રામ ને પ્રતીપ કુક્ષિને લઈ આવી પહોંચ્યા. જાસૂસો ખબર લાવ્યા કે શાર્યાતો નિરાંતે ઊંઘતા હતા, અને એમના બસો માણસો, મધુ ગાદી પર આવ્યો માની, તેને મદદ કરવા ગિરનાર જવા નીકળી ચૂક્યા હતા.

અંધારી રાતે બધા યોદ્ધાઓ રામને વીંટાઈ વળ્યા. અંધારામાં એની આંખો વાઘની હોય એવી ચમકતી હતી.

'પ્રતીપ, તને ને બધા યાદવોને મારે એક વાત કહેવાની છે. મેં અત્યાર સુધી કહી નથી. પરાપૂર્વથી તમે ને શાર્યાતો એક બીજાની ગાયો ને સ્ત્રીઓ હરી જવા યુદ્ધ કરો છો, એવું આ યુદ્ધ નથી. એવું યુદ્ધ લડવામાં મને રસ નથી. ધર્મ સંસ્થાપવા આ યુદ્ધ માંડ્યું છે. એમાં પરાજય પામી આપણે જીવવું નથી. કબૂલ છે?'

'જેવી આજ્ઞા.' બધાએ અનુમોદન આપ્યું.

'આપણે કેદી પકડવા પણ નથી આવ્યા. આ રમત નથી. જીવલેણ વિગ્રહ છે. સશસ્ત્ર શત્રુને જીવવા દેશે તેને હું ધર્મદ્રોહી ગણીશ. એને હું જીવતો નહીં રહેવા દઉં. ને બને ત્યાં સુધી એકે ઘોડો મારશો નહીં.'

પ્રતીપ ને કૂર્મી તો રામની આ દૃષ્ટિથી ટેવાયલા હતા. બીજા બધા આ ભયંકર આજ્ઞા સાંભળી ઉત્સાહમાં આવી ગયા. આનું નામ યુદ્ધ! વિમદે આંખ ફાડી જોયા કર્યું. જેને એણે ઉછેર્યો હતો તેની વાણી વડે મહાઅથર્વણ ને કવિ ચાયમાનની અસ્પષ્ટ દષ્ટિ સ્પષ્ટ સૂત્રરૂપે મૂર્તિમાન થતી જોઈ તેને ગર્વનો ઉમળકો આવ્યો. એને લાગ્યું કે યુદ્ધકલાનું પરિવર્તન થઈ રહ્યું હતું.

'ને એક ત્રીજી વાત,' રામે ચલાવ્યું. 'શાર્યાતોનાં બધાં ગાડાં હાંકી ગિરનાર લઈ જવાં છે. સ્ત્રી ને બાલક, ઘોડા ને ગાયો સાથે.'

'શું?' પ્રતીપે પણ ચમકીને પૂછ્યું. ગોત્રો માંહોમાંહ્ય રોજ લડે પણ આવી સર્વગ્રાહી રીત કોઈએ જાણી કે કલ્પી નહોતી. લડવું, હારવું, જીતવું, રાજાને છોડી દેવો, સમાધાન કરવું, તેની છોકરી પરણવી ને ફરી લડવું એ પ્રણાલિકા આજે રામ સમૂળગી તોડી નાંખતો હતો.

'પ્રતીપ,' રામે નિશ્ચલ અવાજે કહ્યું, 'કાલે બે ગોત્ર નહીં હોય. એક જ રહેશે.'

બધાનાં હૃદયમાં કંપ હતો.

'ચાલો, હું રસ્તો બતાવું. મારી પાછળ આવો!' રામની આંખો અંધારાં ભેદી રહી.

થોડા વખતમાં યાદવ ગોત્ર પર શાર્યાતો પ્રભુત્વ મેળવશે એવી વાયકા બધા શાર્યાતોમાં પ્રસરી હતી; એટલે તે નિરાંતે ઊંઘતા હતા. રામ ને એના શિષ્યો તો પૂર્વ દિશામાં ગોકર્ણતીર્થે જવાના હતા, એમ પણ બધાં જાણતાં હતાં. ગિરનારથી કોઈ સૈન્યે પ્રયાણ આરંભ્યું હોય તેની પણ કાંઈ ખબર આવી નહોતી.

મોડી રાતે આખું શાર્યાત ગોત્ર જાગી ઊઠયું. જંગલોના સમસમાટમાંથી ઘોડાઓના દાબડાઓના સ્પષ્ટ વેગભેર આવતા અવાજો સંભળાયા. શાર્યાતો જાગી ને સમજી શકે તે પહેલાં તો દાબડાઓનો

નાદ પાસે આવતી ગર્જના જેવો સંભળાયો ને થોડીવારમાં યાદવોની ને ભૃગુઓની ગગનભેદી જયઘોષણા તેમને ગુંગળાવી રહી.

અંધારામાં જેમ તેમ શાર્યાત વીરો ઊઠયા, ઘોડા છોડયા, શસ્ત્રો લીધાં ને સજ્જ બન્યા. એ બધા જેમ તેમ બહાર પડયા ને જાણે સેંકડો વીજળીઓ ચમકે તેમ પરશુઓનો અનંત ચમકાર સમુદ્રના તરંગોને વેગે તેમના ઉપર ધસી આવતો દેખાયો. અંધારામાં તેમણે ગમે તેમ બાણ ફેંક્યાં પણ માથા ઉપર વીંઝાતી લાંબી, પ્રચંડ ફરસી-ઓને અથડાઈ તે ધાર્યાં નેમ તાકયા વિના ભોંયે પડયાં, ને ફરસી-ઓનું વન આગળ ધપ્યું. ધડાધડ શાર્યાતોનાં ધડ ને માથાં જુદાં થઈ ભોંય પર પડયાં.

ગોત્રમાં ચીસાચીસ થઈ રહી. સ્ત્રીઓ અને બાળકોનું આક્રંદ ગગનને ભેદી રહ્યું. કેટલાક ગોત્ર છોડી જંગલો તરફ નાઠા. ભળ-ભાંખળું થયું. કોપેલા ઇન્દ્રસમો રામ એની ફરસીથી ઠેરઠેર રુધિરનાં વહેણ વહેતાં મૂકી શાર્યાત રાજાના ધજાપતાકાથી ઓળખાતા નાના દુર્ગ તરફ આગળ વધ્યો. રાજા શસ્ત્ર સજી પચાસેક યોદ્ધાઓથી સંવૃત્ત શરણે થવા આવ્યો.

'ભાર્ગવ!' પ્રતીપે પૂછ્યું 'આ શરણે આવે છે શું?'

રામ પ્રતીપ તરફ ફર્યો. એની આંખોની એકાગ્ર ઉગ્રતા પ્રતીપને દઝાડી રહી, શાંતિથી એણે એક બાણ હાથમાં લીધું અને પાસે આવતા શાર્યાત રાજાની છાતીમાં માર્યું. તે ઘોડા પરથી પડ્યો. પ્રતીપની આંખે અંધારાં આવ્યાં.

રામની આજ્ઞાનું પાલન થયું. જ્યારે સૂર્યોદય થયો ત્યારે એકે સશસ્ત્ર શાર્યાત જીવતો નહોતો.

તરત શાર્યાતોનાં દોઢ હજાર ગાડાંઓને બળદ જોડવામાં આવ્યા. રડતાં કકળતાં વૃદ્ધ સ્ત્રી-બાળકોને તેમાં બેસાડવામાં આવ્યાં. અને ફર્મી આખા શાર્યાત ગોત્રના મનુષ્ય અવશેષો ને તેમની ગાયો, બળદ ને ઘોડાઓ લઈ ગિરનાર તરફ નીકળ્યો.

સો યોદ્ધાઓ પાછળ રહ્યા. તેમણે બધાં શબો એકઠાં કર્યાં. અને વિધિસર પ્રતીપ પાસે અગ્નિદાહ કરાવ્યો. રામ પાસે ઊભો રહ્યો; મૂક, સ્વસ્થ ને શાંત. યમરાજની મૂર્તિ સમો.

૬

તેરશે સવારે ખબર આવી કે પ્રતીપે શાર્યાતો પર મોટો વિજય મેળવ્યો હતો. સાંજે શંખ ફૂંકાયો એટલે યાદવ માત્ર ગિરનાર પર ચડી જોઈ રહ્યા.

દરેક જોનારનું હૈયું થંભી ગયું. ક્ષિતિજ પર મોટો અજગર આવતો હોય તેમ ગાડાંઓની હારની હાર આડીઅવળી થતી એમના તરફ આવતી હતી. આખું મોટું ગોત્ર જાણે એમના તરફ આવતું હોય એવો ભાસ થયો. કોઈવાર ચારો પાણીની શોધમાં ફરતાં ગોત્રોનો ભેટો થતો ને સાથે ઉત્સવો થતા. પણ આવડો મોટો ગાડાંનો સમૂહ આમ આવી શકે એવી કોઈને કલ્પના નહોતી.

રાજાને વિચાર આવ્યોઃ 'મુખી, શાર્યાત રાજા આખું ગોત્ર લઈ શરણ આવે છે. આ છોકરાઓએ તો અજબ કર્યું. કોઈ રાજાને જશ નથી મળ્યો એવો મારા પ્રતીપને મળ્યો.'

'એવું જ લાગે છે. પણ આ બધાંને ખવડાવશે કોણ? આખા ગોત્રને લાવવાની શી જરૂર હતી?'

કોઈને કાંઈ સમજાયું નહીં. રાજા, લોમા, મુખી, યાદવો બધા ઉત્સાહઘેલા બની રામ ને પ્રતીપને સામે મળવા ગયા. કેદીઓ પર દેખરેખ રાખવા ઉજ્જયંત પાછળ રહ્યો.

ગાડાઓના વિશાળ અજગરની આગળ ઘોડા પર પરશુ લઇ ને કૂર્મો આવતો હતો. એના ઘોડેસવારો ગાડાંઓની હારની રખેવાળી કરતા. શાર્યાત રાજાનું નામ ને નિશાન નહોતું. માત્ર ગાડાંઓમાંથી સ્રીઓની રડારોળ આવતી. રાજાને ધ્રાસકો પડ્યો. 'રામ ક્યાં? 'પ્રતીપ ક્યાં? ને શાર્યાતોનાં ગાડાંની હાર શી?'

કૂર્મી પાસે આવતાં ઘોડા પરથી ઊતરી રાજાને અને એના પિતા મુખીને અને રાજાના કાકાને પગે લાગ્યો.

'દીકરા, આ શું? પ્રતીપ ક્યાં? ને ભાર્ગવ ક્યાં? ને આ બધાંને કેમ લાવ્યો છે?'

'રામ ક્યાં?' લોમાએ ચિંતાતુર અવાજે પૂછ્યું.

કૂર્મીએ વધામણી ખાધી. શાર્યાત ગોત્ર હવે યાદવોમાં મળી ગયું. બન્નેનો એક જ રાજા. પહેલાં તો બે ગોત્ર એક કેમ થાય તે કોઈને સમજાયું નહીં. કૂર્મીએ રામની આજ્ઞા કહી સંભળાવી. બે ગોત્રને બદલે હવે એક જ ગોત્ર બની રહેવાનું. બધા શાર્યાતોને યાદવોએ દત્તક લેવાના હતા.

આ અકલ્પ્ય વસ્તુ ભદ્રશ્રેણ્યના મગજમાં ઊતરતાં વાર લાગી. કૂર્મીએ તેને વિસ્તારથી કહી, 'બાપુ! હું ગુરુદેવે શીખવ્યું તે સમજું છું. આપ સાઠ વર્ષોમાં ઓગણીશ યુદ્ધો શાર્યાતો જોડે લડ્યા, આખી જિંદગી શાર્યાતરાજનો દ્વેષ કર્યો; સદાય ભયથી આપણે મૂંજતા રહ્યા. એમની ને આપણી ગાયો ને સ્ત્રીઓનું અપહરણ થતું. હવે યાદવો ને શાર્યાતોનો એક રાજા, એક પુરોહિત ને એક મુખી. ન અપહરાય એવી એમની ભેગી સમૃદ્ધિ. એક એમનો ધર્મ—આર્ય પૂર્વજોએ શીખવેલો, ને ગુરુદેવે આપણને શીખવેલો.'

પણ રાજાનો ઉલ્લાસ લાંબો સમય ટક્યો નહીં. યાદવો બચી ગયા. પિતૃહત્યારો મધુ મરી ગયો. દગલબાજ કુક્ષિ પકડાઈ નિરાધાર બની ગયો. શાર્યાતોનું ઉચ્છેદિયું નીકળી ગયું. પોતે જીવતો રહ્યો. યાદવો અકલ્પ્ય વીરતા ને સમૃદ્ધિ પામ્યા. આ બધું ભાર્ગવ રામે કર્યું હતું. એ મહા અથર્વણના પૌત્રને નહોતો લાવ્યો. દેવને એણે પધરાવ્યા હતા. અને તેને પગલે આ રિદ્ધિ ને સિદ્ધિ ચાલી આવતી હતી.

'મારા દેવ ક્યાં? ભાર્ગવ ક્યાં?'

'બધાને વિધિસર અગ્નિદાહ કરવા રહ્યા છે.'

*

૭

ચૌદશની રાતે ગોકર્ણતીર્થે જવા યાદવગોત્ર તૈયાર થયું ત્યારે રામે ભૃગુના આશ્રમમાં દેવોને આહુતિ આપી. નીકળતાં પહેલાં એ થંભીને ઊભો ને દૂર દૃષ્ટિ નાંખી રહ્યો. ' રાજન્ ' તેણે કહ્યું. ' હું અહીંયાં ફરી પાછો નથી આવવાનો '

ભદ્રશ્રેણ્ય ચમક્યા. ' શું કહો છો ? ગુરુદેવ ? '

જાણે નજર આગળ ભવિષ્ય તરતું હોય તેમ રામે કહ્યું. ' ને તમે પણ નથી આવવાના. '

ગોકર્ણતીર્થ ગોકર્ણી નદીના તટપર આવ્યું હતું. યાદવ ગોત્ર ને આનર્ત ગોત્રની એ સીમા હતી. એ નદીના તટપર ચારે તરફથી આવેલા ભૃગુઓ સહકુટુંબ પડ્યા હતા. દરેક કુટુંબે અગ્નિ સ્થાપ્યો હતો. ચારે તરફથી આવતા યાત્રાળુઓ પણ સહકુટુંબ ત્યાં આવ્યા હતા. તે સવારસાંજ એ અગ્નિની પૂજા કરવા ભેગા થતા હતા.

વિશાખા પિતાને સમજાવવામાં સફળ થઈ હતી અને આ ઉત્સવમાં આનર્તરાજ વૃષ્ણિ ત્રણસો યોદ્ધાઓ લઈ પૂર્ણિમાની સવારે આવી પહોંચ્યા. વૃષ્ણિએ રામના ચમત્કારની વાતો સાંભળી હતી, પણ ભત્રીજીને મુખે તે સાંભળતાં એ દિંગ થઈ ગયો. એના મનમાં પણ મહાઅથર્વણના શાપમાંથી બચવાનો લોભ હતો. એટલે વિશાખાની ભક્તિની આંચ એને પણ તરત લાગી ગઈ.

ઉત્સવમાં આવેલી મેદનીએ મધુના કાવતરાંની અને શાર્યાતોનાં પરાજયની વાતો સાંભળી ત્યારે તેમને અચંબો અને ઉત્સાહ બન્ને થયાં. આખું શાર્યાતગોત્ર રામે નષ્ટ કર્યું એ સાંભળી બધા પહેલાં દિંગ થયા, પછી કાંપી ઊઠ્યા; પછી રામની અદ્ભુત શક્તિની પ્રશંસામાં ધાક ખાઈ ગયા. વૃષ્ણિ આ વાત સાંભળી જરા વિચારમાં પડ્યો. ' આ રામ કોણ છે ! મિત્ર છે ? દુશ્મન છે ? એનું શું થશે ? '

એણે તરત વિશાખાને બોલાવીને પૂછ્યું.

'બાપા, તમે ગુરુદેવને ઓળખતા નથી. એમણે પોતે મને તમારી પાસે મોકલી- એ જો દગો કરવા માંગતા હોત તો મોકલત નહીં. ને બાપા ! એ તો દેવ છે. એ દગો કદી કરે નહીં. શાર્યાત રાજાએ ગુરુદેવનાં આજ્ઞા ને ધર્મ બન્ને લોપ્યાં હતાં.'

'પણ બેટા, યાદવો મજબૂત થાય તો કાલે આપણા આનર્તોનું શું થાય ?'

'સસરાજી તમારી સાથે કોઈ દહાડો લડ્યા છે ?'

'ભદ્રશ્રેણ્ય તો નથી લડ્યો. પણ તારો કોઈ જેઠ ગાદીએ આવે ને વેર કરે તો ?'

'શાર્યાતોનો પરાજય ગુરુદેવે નહીં કર્યો હોત અને સસરાજી-ને મારી મધુ ગાદી પર બેસત તો ?' ઉસ્તાદ વિશાખાએ કહ્યું.

'એ તો ખરું. એ ભય તો ગયો. તેમાં તો મને થયું કે ભાર્ગવનાં દર્શન કરું, પણ પ્રતીપના મોટાભાઈઓને હું સારી પેઠે ઓળખું છું.'

'પણ આર્યપુત્ર છે ને ?'

'પ્રતીપ નાનો ભાઈ છે. એનું શું ચાલશે ?'

'બાપુ, તમે એમને મળશો ત્યારે ખબર પડશે. ગુરુદેવને સ્પર્શે એ તો જુદા જ થઈ ગયા છે. એ નાના હોય કે મોટા—પણ અહાહા—શું થઈ ગયા છે ?'

'તું, છોકરી, હમેશાં વરઘેલી જ રહી.'

'બાપા, પણ શું વર છે ? જો જો તો ખરા. ને બાપા એક વાત કહું ? કોઈને કહેશો નહીં.'

'શી ?'

'જો ગુરુદેવની કૃપા હશે તો તમારા જમાઈ કોઈ દહાડો ચક્રવર્તી થશે.'

'તું તો ગાંડી છે.'

'વારુ, જો જો ત્યારે.'

બપોરે દૂરથી શંખ ફૂંકાયા ને રામની પધરામણી થઈ. ઉત્સવઘેલી મેદની સામે ગઈ. આનર્તરાજ, એમની સ્ત્રી ને વિશાખા આર્નતયોદ્ધાઓ લઈ સત્કાર કરવા ગયાં.

ઘોડાઓનાં આગળ આવતાં ઝુમખાને મોખરે, સુપર્ણ પર રામ, ઊંચો, વિશાળ વક્ષ, દુર્ધર્ષ, સંગેમરમરમાં કોતરેલી સુંદર મૂર્તિ સમો—બેઠો હતો. એના હાથમાં પરશુ વીજળીસમ ચમકતી.

એક તરફ ભદ્રશ્રેણ્ય ને મુખ્ખી, બીજી તરફ લોમા ને પ્રતીપ હતાં, પાંચસો છસો ઘોડેસવારો, પરશુનાં વન લઈને પાછળ આવતા. તેની પાછળ આખું યાદવગોત્ર–નવા શાર્યાતો સાથે—પાછળ આવતું. સાથે થાણુંઓમાંથી યાદવો ને શાર્યાતો પણ આવતા. પગે ચાલીને, ઘોડાપર, ગાડાંઓમાં. સ્ત્રીઓ ગીતો ગાતી, પુરુષો હોંકારા કરતા.

થોડે દૂર રહ્યા એટલે રામે ઘોડા પરથી ઊતરી પગે ચાલવા માંડયું. બધા યાદવો પગે ચાલી સાથે ગયા. જયનાદથી ગગન ગાજ્યું અને વૃષ્ણિ રામના તેજથી અંજાઈ પ્રણિપાત કરી રહ્યો. રામે આશીર્વાદ દઈ રાજાને ઉઠાડયા, છાતીએ ચાંપ્યા, પછી રાજાઓ ભેટયા. અને દંડવત પ્રણામ કરી રહેલી મેદનીને 'શતં જીવ'ના આશીર્વાદ દેતા ગુરુ ભાર્ગવ આનર્તરાજ ને ભદ્રશ્રેણ્યની સાથે પોતાને ઉતારે ગયા.

આચાર્ય વિમદે યજ્ઞનો સમારંભ શરૂ કર્યો. તે કુક્ષિને રાજ પુરોહિત તરીકે આગળ ને આગળ રાખતો કે જેથી તેના પર નજર રહે. આ તૈયારીઓ ચાલતી હતી ત્યારે રામ ને લોમા ભદ્રશ્રેણ્ય, મોટી રાણી, પ્રતીપ ને વિશાખા, આનર્તરાજ ને તેની રાણી અને બે ગોત્રના મુખીઓ ભેગા મળ્યા, અને નવાજૂના થઈ રહ્યા. ભદ્રશ્રેણ્ય અને

કૃષ્ણએ એક બીજાની મૈત્રીના કોલ ફરી આપ્યા ને લીધા. પણ આનર્તરાજને શાર્યાત ગોત્રનો વિનાશ ન ગમ્યો.

'આનર્તરાજ,' રામે હસીને કહ્યું. 'રાજાઓ ભેગા મળી ધર્મ ન આચરે તો બીજું શું થાય?'

'અમે ધર્મનો લોપ કેમ થવા દઈએ?' આનર્તરાજે કહ્યું.

'સ્વાર્થ આંધળા કરે છે તેથી. ધર્મ પ્રવર્તે જ્યારે અધર્મીઓને દંડવાનું તમારામાં સામર્થ્ય હોય તો. જો રાજાઓ ભેગા મળી, આ સામર્થ્ય ન કેળવે તો પછી એમનો વિનાશમાં જ ધર્મનો જય છે!'

આનર્તરાજ આ અપરિચિત સૂત્રો સાંભળી વિસ્મય પામ્યા.

'શાર્યાત રાજા નષ્ટ થયો પણ યાદવો ને શાર્યાતોમાંથી નવું ગોત્ર પ્રગટ્યું છે, વધારે સબળ, વધારે સંસ્કારી, વધારે ધર્મરત.'

'પણ એ તો યાદવ ગોત્રને—શાર્યાત ગોત્ર તો ગયું.'

'એ ભ્રમ છે. જ્યાં ધર્મ પ્રવર્તે ત્યાં એક જ, ગોત્ર.' રામે શાંતિથી કહ્યું.

'રાજન, અહીંયાં ને સપ્તસિન્ધુમાં રાજાઓ માંહ્યો માંહ્ય લડે છે કારણ કે બન્ને માને છે કે, અમે કહીએ તે ધર્મ. તેમાં જ અપહરણો, વિઘ્નો ને દુઃખો પ્રગટે છે. ધર્મ તો એક જ મનુજે મનુજનો.'

'પણ રાજાઓ પણ એમ માનતા નથી ને ઋષિઓ પણ એમ માનતા નથી.' આનર્તરાજે કહ્યું.'

'કારણ કે ઋષિઓ રાજાઓ પર આધાર રાખી બેઠા છે. ઋષિઓ એ તો વિશાળ દૃષ્ટિનું ગોત્ર છે. રાજા ને રાજરમતની મર્યાદાથી પર જેની દૃષ્ટિ ન હોય તે ઋષિ જ નથી. અને રાજા પણ તે જ કે જે ધર્મ પ્રવર્તાવવામાં સામર્થ્ય વાપરે.'

'ન વાપરે તો?'

'તે દોષ એના ગુરુનો'

'પણ રાજાઓને જુદા ગુરુઓ હોય તે.'

'ધર્મ એક હોય તો ગુરુઓ જુદો ધર્મ કેમ શીખવે?'

'ને શીખવે તો?'

'ગુરુઓ એક જ ધર્મ શીખવે ને રાજાઓ એક જ ધર્મ રક્ષે એ જોવાનું કામ મારું પડ્યું છે ને?' રામે ધીમેથી કહ્યું.

'સહસ્રાર્જુન પાછો આવશે એટલે આ તમે કરો છો તે બધું ધૂળમાં મળશે?'

'હું તો એની વાટ જ જોઈ તૈયાર બેઠો છું.'

'તમે શું કરશો?'

'હું કંઈ પણ નહીં કરું. દૈવ આપોઆપ કરશે.' રામે ધીમે ધીમે શાંત અવાજે કહ્યું. 'એની ને મૃગારાણી પાસે એક જ ઉપાય છે, વિનાશ પ્રસારવાનો. એ ભદ્રશ્રેણ્યને મારી નાંખવા મથશે ને યાદવોનું નામનિશાન નહીં રહેવા દે.'

'મને પણ એવો ભય રહે છે. અને એ તમને બંનેને અહીંયાં વગર મુદ્દે નથી લઈ આવ્યો.'

'પણ મને એ મારી શકે એમ નથી. લોમાને એ પરણી શકે એમ નથી; ભૃગુશ્રેષ્ઠની આણ છે. ને આજે અમે પરણી જઈએ એટલે તો આણરૂપ હું બેઠો છું. એ એની પણ ગુરુપત્ની થશે.'

'તો પછી? યાદવોનું શું? અમારું શું? તમારે પડખે ઊભા રહેવા જઈશું તો એ અમારો જીવ લેશે. એ તો લોહીતરસ્યો છે.'

'એને તરસ્યો રાખવો એ તમારું કામ છે.'

'હું એ કેમ કરી શકું? એનો રોષ મારા પર ને મારા ગોત્ર પર ઊતરે.'

'આતતાયીઓનો રોષ વધે ત્યારે જ એ વિનાશ પામે છે. તમને મેં અહીંયાં આવવાની તસ્દી આપી છે તેનું પણ એ જ

કારણ છે. સાંભળો. આ ઘડીએ શાર્યાતોનો વિનાશ મેં વગર કારણે નથી સાધ્યો. સહસ્રાર્જુન આવ્યા પહેલાં હમણાં જ ભદ્રશ્રેણ્ય અને મૃગારાણી મને બોલાવ્યા વિના નહીં રહે. તમારી મદદ વિના એમની પાસે એટલું સૈન્ય નથી કે યાદવો પર આક્રમણ કરી શકે.'

'પણ પછી યાદવોનું શું થશે?'

'આનર્તરાજ પોતાની મેળે સમસ્ત યાદવ ને શાર્યાત ગોત્રનો કબજો લઈ લેશે, એટલે કાંઈ કરવાનું નહીં રહે. યાદવો ઉત્તરના જંગલોમાં ચાલી જશે.'

'રાજા ભદ્રશ્રેણ્ય શું કરશે?' ચકિત થયેલા વૃષ્ણિએ કહ્યું.

'એ ને હું કોણ જાણે ક્યાં હોઈશું. ભદ્રશ્રેણ્યનો જીવ લેશે એમ માનો છો? જે દહાડે એમણે સહસ્રાર્જુનને લોમા પર અત્યાચાર કરતાં ને મને મારતાં રોક્યો ત્યારથી એમનાં ચોઘડિયાં તો વાગી જ ગયાં છે. એમનાં એકલાનાં નહીં, એમના મોટા બે પુત્રો જે એની સાથે યુદ્ધમાં ગયા છે તેનાં પણ. ગભરાઓ છો કેમ? હું એમનું રક્ષણ કરવા બેઠો હોઈશને?'

'અને ન થાય તો?'

'મેં રાજા ભદ્રશ્રેણ્ય જોડે નક્કી કરી રાખ્યું છે. યાદવો બચે તો એ સહસ્રાર્જુનને હાથે મરવા તૈયાર છે.'

'પણ હું એમને મદદ કરું તો અમે પણ મરી જઈએ.'

'તમારી દીકરીજમાઈ ને તેમના ગોત્રને બચાવવાનો હું ઉપાય બતાવી રહ્યો છું. તમને કંઈ થવાનું નથી.'

'કેમ જાણ્યું?'

'જેવા અમને માહિષ્મતી બોલાવે તેજ પર્વે યાદવ ગોત્રના યોદ્ધાઓ પ્રતીપની સરદારી હેઠળ ઉત્તરના જંગલોમાં ચારાની શોધમાં ચાલી જશે. અને યાદવ ને શાર્યાત ગોત્રના બાલક ને વૃદ્ધો ને સ્ત્રીઓ

તમે કબજો કરી બેસી જજો. તમે સહસ્રાર્જુનનું કામ કરશો એટલે તમને જશ મળશે. તમે આનર્ત સૌરાષ્ટ્રના માલિક થશો. ઘર બેઠાં હું તો તમારું રાજ્ય બેવડું કરવા આવ્યો છું. ને યાદવો બન્ને રીતે નિર્ભય થશે. આનર્તમાં થઈ પ્રતીપને તથા યાદવ યોદ્ધાઓને તમારે તમારા જંગલોમાં થઈ ને ઉત્તરમાં જવા દેવા. એટલું કામ તમારે માથે છે.'

'એ બધા નાસીને ક્યાં જઈ શકશે ? જંગલોમાં મરી ફીટશે તો.'

'એવું હોય તો હું જવા કેમ દઉં. વૃદ્ધ ચાયમાન કહેતા હતા કે એમના પિતા એક વખત જંગલોમાં ને પર્વત પર થઈને જમીન વાટે સપ્તસિન્ધુ જઈ પહોંચ્યા હતા. જે કવિએ કર્યું તે પ્રતીપ ફરી કરશે.'

'સપ્તસિન્ધુ ! બાપરે !'

'હા, યાદવોને સહસ્રાર્જુનના કોપથી બચવાનો બીજો રસ્તો નથી. ત્યાં એમને સંહારનારો સહસ્રાર્જુન નથી. ત્યાંથી એ અર્જુનને સંહારવા આવશે.'

'સહસ્રાર્જુન પ્રતીપને મારશે તો ?'

રામે આનર્તરાજ તરફ જોયું ને તેનું મુખ ગંભીર થયું. 'સહસ્રાર્જુનને હું તો મરવા સૂતો જોઈ રહ્યો છું. જ્યાં અધર્મ ત્યાં વિનાશ તો ખરો જ.'

વૃષ્ણિ સ્વપ્નામાં હોય એમ ભાર્ગવની ભયજનક મુખમુદ્રા જોઈ રહ્યો.

૮

યજ્ઞનો સમારંભ શરૂ થયો. વિમદ ને કુક્ષિ આચાર્યસ્થાને હતા. ચારે તરફ લોકોની ઠઠ જામી હતી. યજ્ઞ પૂરો થયો એટલે પહેલાં રામ ને લોમાનાં લગ્ન થયાં. પછી યાદવો ને શાર્યાત સ્ત્રીઓનાં લગ્ન થયાં.

એમાંની કેટલીક વધૂઓ ડૂસકાં ભરતી, કેટલીક આંસુઓ લૂછતી, કેટલીક હસતી. પણ રણશીંગાં વાગતાં હતાં, ગીતો ગવાતાં હતાં, ચારે તરફ ચૂલે ચઢેલા ચરુઓમાંથી પ્રોત્સાહક સુગંધ આવતી હતી ને યાદવો ને શાર્યાત છોકરાંઓ બાપદાદાનાં વેર વીસરી સાથે બેસી રમતાં હતાં.

જમતાં પહેલાં જ્યામઘ ને શાર્યાત કેદીઓ જેણે નવું ગોત્ર નહોતું સ્વીકાર્યું તેમને બોલાવવામાં આવ્યા. તેમને જોઈ શાર્યાત સ્ત્રીઓ ને પુરુષોની આંખમાં આંસુ આવ્યાં.

'જ્યામઘ!' રામે કહ્યું. ' તું બહાદુર છે. તારું દુઃખ હું સમજું છું. તારાં મરી ગયેલાં સ્વજનોનાં સ્મરણો તને પ્રજાળે છે. પણ મેં તને નહોતું કહ્યું કે આપણે એક ગોત્ર બનાવવું છે? બનાવ્યા વગર છૂટકો નહોતો. તમે યાદવમાં ભળવાની ના પાડી છે. તમારી વીરતા મારે હૈયે વસી છે. પણ હવે એ બધું ભૂલી જાઓ. તમને યાદવ ગોત્ર વહાલું ન હોય તો આવો, આચાર્ય વિમદ વીરશિરોમણી કવિ ચાયમાનનો પુત્ર છે. ભૃગુઓની પરમ વિદ્યાનો ધણી છે એ તમને બધાને દત્તક લેશે.'

જ્યામઘ ક્રોધથી તરવરતો આગળ આવ્યો. એની આંખોમાં જ્વાલા હતી.

'રામ! જમદગ્નિ પુત્ર! અમારાં સ્વજનો માર્યાં, અમારા ગોત્રનું નિકંદન કાઢ્યું. તું હવે મને તારા આચાર્ય પાસે દત્તક લેવડાવવા માગે છે. તું ઋષિપુત્ર નથી—તું યમરાજ છે. તું દેવ નથી—રાક્ષસ છે. તું ધર્મ નથી શીખવતો—ઘોર અધર્મ આચરાવે છે. મારા પિતા મૂઆ, સ્વજનો મૂઆં, મારી બહેન માઓ પારકે ઘર બેઠી. મારા ગોત્રનું નામનિશાન નથી રહેવા દીધું. તું અમારો કાળ છે. મને મારી નાંખ—તારામાં મારવાની અજબ શક્તિ છે. પણ શાર્યાત જ્યામઘ

શાર્યાત જ રહેશે. ને આ ભવે ને ભવેભવ તારું લોહી પીશે ત્યારે એ તૃપ્ત થશે.'

આ ભયંકર અપમાનથી કેટલાક ગુસ્સે થઈ ગયા. રામે હાથ ઊંચો કર્યો ને બધા મૂંગા રહ્યા.

'તારે સ્વતંત્ર રહેવું છે. જા, હું જવા દઉં છું. તારે શું જોઈએ છે?'

'મારે શું જોઈએ છે? શું જોઈએ છે? લે—' તેણે પાસે ઊભેલા યાદવના હાથમાંથી ખડ્ગ છીનવી લીધું ને કોઈ સમજે તે પહેલાં સચોટતાથી માર્યું. લોમાએ ચીસ પાડી ને વચ્ચે આવી.

ખડ્ગ લોમાના શરીર પર જઈ ચોંટ્યું. તેણે કારમી ચીસ પાડી. રામે તેને પડતી ઉઠાવી લીધી.

ચારે બાજુ બૂમરાણ થઈ ગયું. ધાંધલ મચી રહી. એમાં જ્યામઘ અદૃશ્ય થઈ ગયો.

ખંડ બીજો

મૃગારાણી

૧. રેવાના તટ પર

૧

રેવા એની પ્રાગ–ઐતિહાસિક નિઃસીમતામાં વહી જતી હતી. એના તરંગો ઊછળતાં, વિસ્તરતાં, તોફાની સાગરનું સ્મરણ કરાવતાં ધસી જતા હતા.

એના ઉત્તર તટપર માહિષ્મતી નગરી આવી હતી. એના બંદરમાં પાતાલ, સુમેર ને મિસરનાં વહાણો નાંગર્યાં હતાં. એના ઘાટો પર ચક્રવર્તી અર્જુન કાર્તવીર્યનું નૌકાસૈન્ય પડ્યું હતું. એનાં બજારોમાં નવી નવી ભાતના લોકો, આર્યો, દ્રવિડો, નાગો, કોલ્લો, પાતાલવાસીઓ, શોણિત નગરવાસીઓ જુદી જુદી બોલીમાં ઘાંટાઘાંટ કરી મૂકતા હતા. આર્યાવર્તની વન્ય સંસ્કૃતિમાં ઊછરેલાને આ શંભુમેળો અમાનુષ લાગ્યા વિના રહે નહીં.

નર્મદાના તટપર પશુપતિ મહાદેવનું પથ્થરિયા સ્થાનક આવ્યું હતું. તેની પાસે રાજગુરુ મૃકુંડનો આશ્રમ હતો. પૂર્વે તે ભૃગુઓના શ્રેષ્ઠ એવા ઋચિક મહાઅથર્વણનો આશ્રમ હતો. એની બાજુમાં નાની ટેકરી પર ચક્રવર્તી સહસ્રાર્જુનનો પથ્થરનો ગઢ હતો. એ ગઢની મોટા પથ્થરની દીવાલો વચ્ચે નાનાં લાકડાનાં મહાલયો હતાં.

આમાંના એક મહાલયની અગાશીમાં એક પાટ પર વાઘ ને હરણના ચામડાંની પથારી પાથરેલી હતી. તેની પર ત્રીશેક વર્ષની શ્યામરંગી સ્ત્રી બેઠેલી હતી. એનાં તેજ ને ઘાટ તેજી ઘોડીની સુશ્લિષ્ટ

મોહકતાનો ખ્યાલ આપતાં. એનું નાક નમણું હતું. એનાં ભભકભર નયનોમાં રુવાબ હતો. તેનાં ભરેલાં વિલાસભૂખ્યાં અંગો સહજ જોનારને આંજી નાંખવાની શક્તિ ધરાવતાં.

મૃમારાણીના નામથી હૈહય ને તાલજંગ જાતિઓ કાંપતી. સહસ્રાર્જુનને ઘણી રાણીઓ હતી, પણ મૃમારાણીની તેમાં ગણના નહોતી થતી. એ તેની પરિણીતા નહોતી. એ કઈ જાતની હતી, એનાં માબાપ કોણ હતાં તે કોઈ જાણતું નહીં. પણ એનો પ્રભાવ અદ્ભુત હતો. એની મોરલી વિના સહસ્રાર્જુન નાચતો નહીં. જ્યારથી તેણે રાજસત્તા હાથ કરી હતી ત્યારથી તેની ખરી વ્યવસ્થા એ કરતી આવી હતી. યુદ્ધની તૈયારી, લોકોનું દમન, પરરાજાઓ જોડે મસલત ને રાજસત્તાની ખટપટ, આ બધાનું તંત્ર તેના હાથમાં હતું. સહસ્રાર્જુન એને હંમેશાં નમતું આપતો. મૃમાએ પણ એની સત્તા અને પ્રતિષ્ઠા સાચવવા સિવાય બીજો ધર્મ જાણ્યો ન હતો. એ સહસ્રાર્જુનની રાજ્યલક્ષ્મી હતી. રાજા, રાણી ને મહારથીઓ એનાં રમકડાં હતાં.

એની સાથે એક પાટલા પર ગુરુ મૃકુંડ બેઠા હતા. એ વૃદ્ધ ને ખૂંધા હતા. એની વિનોદી આંખોનું ઊંડાણ ન મપાય એવું હતું.

સહસ્રાર્જુનના દાદા મહિષ્મતને શાપ આપી મહાઅથર્વણ ચાલી ગયા ત્યારે ભૃગુકુલના કોઈ સંતાનને પુરોહિતપદે સ્થાપવાની જરૂર જણાઈ. ગુરુ એ જ કુલનો હોઈ શકે અને ગુરુવિના આરો નહોતો. મહિષ્મત એક જુવાન ભૃગુને ઓળખતા હતા. એ મિસર સુધી જતાં વહાણોમાં નાનકડો વેપાર કરતો. હોશિયારીમાં અઠંગ ગણાતો. રાતોરાત એ વેપારીને ગુરુ બનાવી દીધો અને પૈસાની આપલેને બદલે સ્વર્ગ અને સંતાન અપાવવાનો વેપાર મૃકુંડે કરવા માંડ્યો.

મૃકુંડને આ પરિવર્તન જરાય ગમ્યું નહીં. પણ રાજાની તરવારની ધારની બીકે એણે ગુરુપદ સ્વીકાર્યું. એણે ઋષિનો સ્વાંગ ધર્યો, આશીર્વાદ આપવા માંડ્યા, યજ્ઞો કરાવવા માંડ્યા, અને ડહાપણથી લોકોને વશ

રાખવા માંડયા. મહિષ્મતની રાણી અને તેજસ્વી સેનાપતિ ભદ્રશ્રેણ્ય તેના પરમમિત્ર થઈ રહ્યાં. મહિષ્મત પછી જુવાન કૃતવીર્ય ગાદીએ આવ્યો ત્યારે તેના સાળા ભદ્રશ્રેણ્ય અને એણે મળીને રાજ્યવ્યવસ્થા સાચવી લીધી. એની પ્રતિષ્ઠા વધી. કૃતવીર્ય અકાલ મરણ પામ્યો, ત્યારે ભદ્રશ્રેણ્યની પડખે રહી બાલક સહસ્રાર્જુનની રાજ્યસત્તા સાચવી. રાજા મોટો થયો અને મૃગાના હાથમાં રાજ્યતંત્ર આવ્યું ત્યારે પણ ત્રણેયે મળી સત્તાને સબળ બનાવી.

અત્યારે વૃદ્ધ મૃકુંડ ઋષિ મૃગાની સામે જોઈ ખેદથી માથું ધુણાવતા હતા. ‘ આ છોકરાનાં પરાક્રમનો પાર નથી ’ તેમણે કહ્યું.

‘ હું સાંજના મળવા આવું તે પહેલાં મારે બધું જાણવું છે. ’ મૃગાએ કહ્યું.

મૃકુંડે ધીમેથી આછી દાઢી પર હાથ ફેરવ્યો. ‘ તને બધી જ ખબર છે. ’

‘ દેદીપ્યમાન સૂર્યસમો એ ઘોડા પર બેઠો હતો. ’ મૃગાએ આંખો ઝીણી કરી કહ્યું.

‘ મૃગા ! ’ ગુરુએ કહ્યું ‘ તારું હૈયું વશ રાખજે. તારી ઉંમર હજી વહી નથી ગઈ. નહીં તો આટલી મૂંઝવણમાં મૂંઝવણ વધારશે ! ’

‘ હું સ્વરૂપ દેખું છું ને ગાંડી થઈ જાઉં છું. એ દેવ જેવો છે. ’

‘ પાછું ચસકવા માંડયું કે ? ’ કહી મૃકુંડ ગુરુ ખડખડ હસી પડયા. ‘ સહસ્રાર્જુન એનાથી ડરે છે, ને મારો શિષ્ય કુક્ષિ તો એનું નામ સાંભળી થરથર ધ્રૂજે છે.’

‘ તમારા એ શિષ્યનું મને મોઢું નથી ગમતું. ’

‘ એ બહુ ઉપયોગી છે. ભાર્ગવે સૌરાષ્ટ્રમાં શું શું કર્યું એ કુક્ષિ ન હોત તો આપણે જાણત નહીં. હવે એનું કરીશું શું ? ’-

‘ સારું થયું આપણે એમને બોલાવી લીધા. વહેલા બોલાવ્યા હોત તો સારું. ’ મૃગાએ કહ્યું.

'એને અહીંયાં આણી ચક્રવર્તીએ ભૂલ કરી. ને લાવ્યા તો સીધા ગુરુ સ્થાપવા હતા. ભાર્ગવને વશ કરવાની વાતો બધી ખોટી છે. હવે યાદવ ને શાર્યાતો પર કેર વર્તાવવો પડશે. ભૃગુઓ મારા કહ્યામાં નહીં રહે. જેમ તેમ કરતાં હું એમનો કુલપતિ છું એમ મનાવી રહ્યો હતો. એ ઢોંગ છોડી દેવો પડશે.' મૃકુંડે નિખાલસપણે વાત કરી.

'હવે?'

'ભાર્ગવ તો મહારુદ્રના ગળામાં વિષની માફક ચોંટ્યા છે. નહીં ગળાય કે નહીં કઢાય.'

'તમારું ડહાપણ ક્યાં ગયું?' મૃગાએ ચિન્તાતુર વદને પૂછ્યું.

'મારું ડહાપણ પૂરું થઈ ગયું. એ તો હીરો નહીં હોય ત્યાં સુધી મારા જેવા સ્ફટિકની કિંમત થાય.' ને ચમકતી આંખે વૃદ્ધ હસ્યા. 'હું વેપારી, આ પેઢીધરનો ગુરુ. આની આગળ હું નકામો.'

'એમ શું કહો છો? આટલાં વર્ષ થયાં તમે ગુરુપદ ભોગવો છો.'

'મૃગા! મારા ગુણ ને દોષ બન્ને હું જાણું છું. મને ખબર નહોતી કે આ છોકરો આવો છે. નહીં તો અહીંયાં બોલાવત નહીં. એ જ્યાં જશે ત્યાં ખળભળાટ મચાવશે ને ધાર્યું કરશે.'

'તો તો બેમાંથી એક રસ્તો છેઃ કાંતો પૂરો કરીએ કે આર્યાવર્ત ભગાડીએ.'

મૃકુંડે ડોકું ધુણાવ્યું 'મૃગા, મારો એ કુલપતિ છે. હું એનો વાળ વાંકો નહીં થવા દઉં. ને તમારે કર્યે એ મરશે ય નહીં ને ભાગશે પણ નહીં. એ તો ભોંયે ચોંટીને બેસશે.'

મૃગા ખડખડ હસી પડી. 'ગુરુદેવ! આજે તમને ઘરડાપો લાગ્યો છે. મને એમને મળવા દો પછી ઘાટ ઘડીશું. હું હારી જાઉં એવી નથી. એમની સ્ત્રી કેવીક છે?'

'સ્ત્રી?' મૃકુંડે માથે હાથ મૂક્યા. 'તને ન સમજાય એવી. આચાર ને વિચારમાં એક, વગર બોલે એક બીજાને સમજી શકે,

સહાય એક બીજામાં સમાયલાં વિચરે, એવાં એ બે છે. મૃગા! તારી ચાંચ એમાં બૂડે એમ નથી. ,

મૃગા તિરસ્કારથી હસી 'ગુરુજી! આજે તમે કવિતા કરતા થઈ ગયા છો.'

મૃકુંડે નિસાસો મૂક્યો. 'હું ગમે તેવો છું પણ કદી છેતરાતો નથી. આને બોલાવી મોટી ભૂલ કરી. ઠીક, ભદ્રશ્રેણ્યને બોલાવીએ. પણ સાવધાન રહેજે. એ આપણો દુશ્મન છે.'

મૃગારાણીએ સ્તનાંશુક ઠીક કર્યું ને કેડની મેખલા સમારી.

૨

ત્રણ જણનું મુત્સદ્દી ત્રેખળું હતું. આજે તેમાંથી ભદ્રશ્રેણ્ય ખરી ગયો. યાદવરાજ આવ્યા એટલે ત્રણેને એ ભાન થયું.

ભદ્રશ્રેણ્ય રાજા આવ્યા, મૃગારાણીએ ઊભા થઈ નમસ્કાર કરી સત્કાર્યાં. ગુરુએ તેને આશીર્વાદ દીધા.

'મામાજી!' મૃગાએ હસીને પૂછ્યું 'આ શું માંડ્યું છે તે સમજાવો તો ખરા? તમે સહસ્રાર્જુનના મામા, આચાર્ય, ને જમણા હાથ, ને આ શું?'

ભદ્રશ્રેણ્ય હિંમતથી જોઈ રહ્યો.

'મૃગા, મારી સાથે આમ ઠાલી વાત શા માટે કરે છે? હું આ બધી રાજ્યલક્ષ્મીનો કારીગર તમારો હિતશત્રુ થાઉં?' રાજાના અવાજમાં ખેદ અને ઘવાયલો સ્નેહ બન્ને હતાં.

'ત્યાર ચક્રવર્તીને કેમ રંજાડ્યા? શાર્યાતોને શેં નિર્મૂલ કર્યા? આ ભાર્ગવની પૂજા શું કામ ચલાવી રહ્યા છો?' મૃકુંડે રાજાને જવાબ આપ્યો.

'ગુરુવર્ય! મને દોષ દેવો હોય તો જુદી વાત. આજે વીશ વર્ષોથી અર્જુન પોતાના સ્વાર્થનો ભોગ બને છે તેમાંથી એને ઉગારવા

આપણે શું શું નથી કર્યું ? એને ઉગારવામાં હું નિષ્ફળ ગયો. તમે પણ નિષ્ફળ ગયા ને જશો.''

'એટલે હવે તમે ચક્રવર્તીનો વિરોધ લઈ બેઠા છો ?' મૃગાએ જરા તોરમાં પૂછ્યું.

ભદ્રશ્રેણ્ય હસ્યા 'એનાં લક્ષણ પ્રિયતમા ન જાણે, એટલાં હું જાણું છું. સુદાસની બહેન વરી આર્યાવર્તમાં ચક્રવર્તી થવાની આપણી યોજના એણે નિષ્ફળ કરી. એ સંસ્કારના ધામમાં એણે સુદાસને છંછેડયા, મુનિવર વસિષ્ઠ ને મહર્ષિ જમદગ્નિની અવગણના કરી, જગદંબા જેવાં પૂજ્ય રેણુકાને કેદ પકડયાં. જે રાજકન્યા એને વરાવવા સમસ્ત આર્યાવર્ત તૈયાર હતું તેના પર અત્યાચાર આરંભી મહર્ષિ જમદગ્નિની આણ વહોરી લીધી. મારો દોષ છે ખરો, મેં અર્જુનને લોમાબા પર અત્યાચાર ન કરવા દીધો, ને ગુરુદેવ ભાર્ગવને ગુંગળાવી મારી નાંખવા ન દીધા. આ દોષમાં તો હું રાચું છું. એ વડે તો મેં બધાને ઉગાર્યા છે.'

'ને હવે ચક્રવર્તીની સામે પ્રપંચ કરી રહ્યા છો ?'

'મેં પ્રપંચ કર્યો ? મૃગા, અર્જુન મને ને મારા યાદવોને મારવા અધીરો બન્યો છે. મને સેનાપતિપદ પરથી ભ્રષ્ટ કર્યો, મને યાદવ ગોત્રમાં કેદ કર્યો, કુક્ષિને મારો પહેરેગીર બનાવ્યો. હું ફરિયાદ નથી કરતો, ફરિયાદ સાંભળવાની તમારી દશા નથી. તમે સ્વચ્છંદનાં રમકડાં છો.' ભદ્રશ્રેણ્ય ફરી હસ્યા. 'આજે તમે મને ને યાદવોને મારવાનો સંકલ્પ નથી કરી બેઠાં એની શી ખાત્રી ?'

રાજાએ આબાદ બાણ માર્યું. મૃગા ફિક્કી પડી. મૃકુંડ વહારે ધાયા 'રાજન્ ! તમે કલ્પનામાં વિહરો છો. તમારી ઓળખ મને આપવાની હોય ?''

રાજાએ ખિન્નતાથી કહ્યું 'મારું જેટલું નહિ માનો તેટલા પસ્તાશો.'

'આ શાર્યાતોને જડમૂલ કર્યા તેનું શું? આખો હૈહય સંઘ સામે ઊકળી રહ્યો છે.'

'એ તો ગુરુદેવની આજ્ઞા હતી. નાનાં ગોત્રો એકબીજા સાથે રોજ વઢે તેના કરતાં એક મોટું સંપીલું ગોત્ર શું ખોટું એમ એ કહે છે.'

'પણ તમે એ કરવા શા માટે દીધું?' મૃગાએ પૂછ્યું.

'મને એમનામાં શ્રદ્ધા છે. મને ન સમજાય તો ય એમની દૃષ્ટિ સાચી જ હોવાની.'

'એમ ગોત્રો એકઠાં થતાં હશે?' મૃકુંડે કહ્યું. 'આપણે અનુભવી છીએ.'

ભદ્રશ્રેણ્યે ધીમેથી કહ્યું 'ગુરુવર્ય! ભાર્ગવને તો સિંધુથી સિંહલ સુધી એક ગોત્ર કરવું છે.'

'સ્વપ્નાં, રાજન્!' મૃકુંડે કહ્યું.

'આપણે અર્જુનને સિંધુથી સિંહલ સુધી ચક્રવર્તી બનાવવાનાં સ્વપ્નાં ક્યાં નથી સેવ્યાં?' ભદ્રશ્રેણ્યે પૂછ્યું.

'રાજ્યચક્ર આમ વિસ્તરે.' મૃગાએ કહ્યું.

'પણ આ બાલક એમાં શું સમજે?'

ભદ્રશ્રેણ્ય ખડખડ હસી પડ્યો 'એ ન સમજે! આપણાં સ્વપ્નાં ને ધર્મબળ એ સજીવન કરી રહ્યા છે. આપણી નિર્બળતા, આંખ આડા કાન ધરી, આપણે જોઈ શક્યાં નથી, ને એ કાયરતાને મુત્સદ્દીપણું માની બેઠા છીએ. ધર્મબલ વિના એકચક્ર લોકો સ્વીકારે નહીં ને કદી ટકે નહીં. જોજો ભૂલ કરતાં. જીવન આખુંય બાલક ભાર્ગવ જાણે છે, પ્રેમથી તેને ઝંખે છે, ને અડગતાથી ઉદ્ધારે છે.'

'જે આપણે બળથી ન કરી શક્યા તે આ છોકરો કરશે?' મૃગાએ તિરસ્કારથી કહ્યું.

'જો સહસ્રાર્જુન એવું માને તો."

'સમજ્યો! સમજ્યો! ચક્રવર્તી ને ભાર્ગવ બે મળીને એ ચમત્કાર કરે. એમ? હા! હા! હા!' મૃકુંડ હસ્યા.

ભદ્રશ્રેણ્ય ગયા. રાણી ને ગુરુ એક બીજા સામે જોઈ રહ્યાં.

'ભદ્રશ્રેણ્ય હજી તેવા ને તેવા જ છે, નવા નવા ઘાટ ઘડતા !'

'ના, તેથી ભયંકર' મૃકંડે કહ્યું 'એને ભાર્ગવદ્વારા ચક્રવર્તીને વશ કરવા છે.'

ક્યાંય સુધી બેમાંથી એક બોલ્યું નહીં. બન્નેના મનમાં એક જ વિચાર આવ્યો હતો.

'ગુરુ ! આ ગાંડાનો જીવ જ લેવો રહ્યો.' મૃગાએ દૃઢતાથી કહ્યું.

'જ્યામઘ એ કામ કરશે.'

'કોણ ? શાર્યાત રાજાનો છોકરો ?'

'હા ! ભગવતી લોમાને ઘાયલ કરી એ અઘોરીઓ સાથે અહીંયાં નાસી આવ્યો છે. પણ એનું દુઃખ એ છે કે એને તો ભાર્ગવનો જીવ લેવો છે.'

મૃગા મૂગી બેઠી 'મને કાંઈ પાપ નડતું નથી. જ્યામઘને મારી પાસે મોકલજો. સીધાવો. હું સાંજના ભાર્ગવનાં દર્શન કરવા આવીશ.'

મૃકંડે ડોકું ધુણાવ્યું. 'ભાર્ગવ મારવા સહેલા નથી. મળીએ પછી વાત.'

મૃકંડ ગયા એટલે મૃગા વિચારમાં પડી. સહસ્રાર્જુનની તે ગુલામ હતી. એનું પ્રચંડ બાહુબળ, એનો ક્રોધી સ્વભાવ, એની લોહીની તરસ, તેને સદાય મોહ પમાડતાં. એની મહત્ત્વાકાંક્ષા અર્જુનની મહત્ત્વાકાંક્ષા પોષવામાં રહી હતી. આ ભાર્ગવની વાતો સાંભળી એના મનમાં બીક પેઠી. એની મહત્ત્વાકાંક્ષાની વચ્ચે એ આવશે ?

ભદ્રશ્રેણ્યની વાત પરથી મૃગાને નવો વિચાર સૂઝ્યોઃ 'યાદવ રાજને જે પ્રતાપી કરી શકે તે સહસ્રાર્જુનને શું ન બનાવે ? ભાર્ગવ ને ચક્રવર્તી વચ્ચે પડેલી તૂટ સંધાઈ જાય, હૈહય ને ભૃગુઓ વચ્ચે સહચાર સધાય તો સિંધુથી સિંહલ સુધી સામ્રાજ્ય મૂર્તિમાન કેમ નહીં થાય? સહસ્રાર્જુનની રાજ્યલક્ષ્મી વધારવાનો ભાર ભાર્ગવને માથે કેમ ન નંખાય ? અને એ સત્તા પોતે કેમ ન ભોગવી શકે ?'

'સિંધુથી સિંહલ' તે બબડી—ફરી ફરી. જીવનમાં તેણે મિત્રો કર્યાં, અમિત્રોના કાંટા કાઢ્યા હતા. આ છોકરાને એ મિત્ર કરી શકે તો? સવારે ગઢ પરથી જોયેલું મુખ યાદ આવ્યું. કેવું મુખ? તેણે આજે વસ્ત્રાભૂષણ ત્યાગી દીધાં. તેને ખબર હતી કે તેના વિના એ વધારે મોહક લાગતી. દાસીઓ પાસે પૂજાની સામગ્રી લેવાડી સહસ્રાર્જુનની રાણીઓને સાથે લીધી.

અજબ જેવું આકર્ષણ એને આ છોકરા તરફ ખેંચી રહેલું લાગ્યું. એણે મહાઅથર્વણ, જમદગ્નિ, રેણુકા, કવિ ચ્યાયમાન વિષે અનેક દંતકથાઓ સાંભળી હતી તે બધી અત્યારે યાદ આવી. મૃકુંડને આશ્રમે તે પહોંચી ત્યારે તે ક્ષોભ અનુભવતી હતી.

બાજુ પર રેવા ગર્જતી. આશ્રમમાં દર્શનઘેલા લોકોની મેદની ભરાઈ હતી. પીપળાના ઝાડ નીચે વ્યાઘ્રાંબરધારી ભાર્ગવ મૃગાએ જોયા. એની જટા બાંધવાની રીત ગમી. નાની કાળી દાઢીમાંથી ભભકતું મંદ શરમાળ હાસ્ય કરતું મુખ જોયું. શરીરના સ્ફટિકના કોરી કાઢેલાં હોય એવાં અપૂર્વ સ્નાયુઓનો પ્રભાવ પારખ્યો. પાસે હતી ભગવતી લોમહર્ષિણીઃ નાની નાજુક, ફિક્કી; મૃગચર્મના તકિયે અઢેલીને બેઠેલી; વસંતના પ્રાદુર્ભાવ જેવું હાસ્ય હસતી; પતિ પર ભક્તિભીની આંખો ઠેરવી જોઈ રહેલી. મૃકુંડ હતા, ભદ્રશ્રેણ્ય હતા, બીજા પણ ત્રીશ ચાલીશ જણ બેઠા હતા. લોકો આવતા, પ્રણિપાત કરતા, ચાલી જતા.

મૃગાનું હૈયું ધબકી ઊઠયું. એનો ગર્વ ગળી ગયો. જે જે વિચારો કર્યાં હતા એ બધા ભૂલી, પોતાની અલ્પતા અનુભવી તે ભાર્ગવ આગળ માથું નમાવીને પગે લાગી; અને ત્યાંથી ઊઠીને ભગવતીને પગે લાગીને તેની પાસે બેઠી. ભાર્ગવે આશીર્વાદ આપ્યા. મૃગાએ તેમની સામે જોયું ને જાણે વગર કહ્યે તે બધું સમજી ગયા હોય તેમ લાગ્યું. મૃકુંડ મનમાં હસ્યા. 'નકલી ગુરુ આગળ પટલાઈ કરતી હતી. હવે અસલી ગુરુ આવ્યો ત્યારે રીતભાત આવડી.' તે મનમાં બોલ્યા.

'શત શરદ જીવજો, મૃગારાણી' ભાર્ગવનો હેતાળ અવાજ આવ્યો. 'ને તમારું સૌભાગ્ય અખંડ રહેજો. યુવરાજ જયધ્વજ ક્યાં છે?'

'શિકારે ગયો છે. કાલે દર્શન કરવા આવશે.' મૃગાએ કહ્યું. ચક્રવર્તીના પુત્ર જયધ્વજને મૃગાએ પુત્રની માફક ઉછેર્યો હતો.

'મૃગારાણી' ભાર્ગવનો સુંવાળો અવાજ તેને કાને પડ્યો. 'મેં તમારી ઘણી પ્રશંસા સાંભળી છે. રાજા ભદ્રશ્રેણ્ય તમારાં ઘણાં વખાણ કરે છે.'

મૃગાનું હૃદય હરખ્યું. ગર્વ પણ થયો. 'એ તો એમની મોટાઈ છે.' તેણે હસીને ઉમેર્યું.

'મેં સાંભળ્યું કે ચક્રવર્તી થોડા દહાડામાં વિજય કરી પાછા વળશે.'

'હા, કાલે જ એમનો સન્દેશો આવ્યો છે, ભગવતી! આપ કુશળ છો?'

'હા' લોમાએ કહ્યું. 'હું મરતાં બચી ગઈ.' પછી તે મૃગારાણી તરફ જોઈ હસ્યાં. 'તમને મેં આવાં નહોતાં ધાર્યાં.'

'કેવી ધારી હતી?' મૃગાએ પૂછ્યું.

'પડછંદ ને બીહામણાં.'

બધાં હસ્યાં.

'આપને કાંઈ જોઈએ તો આજ્ઞા કરજો.' મૃગાએ કહ્યું.

'મારે શું જોઈએ?' ભાર્ગવે હસીને કહ્યું. 'ગુરુ મૃકુંડનાં દર્શન થયાં, મહાઅથર્વણ જ્યાં રહેતા તે આશ્રમમાં રહ્યો. જે પશુપતિ એ પૂજતા તેમની પૂજા કરી. અનેક વાર સ્તવેલી રેવાનાં પુણ્યદર્શન પામ્યો. નારીઓમાં મહામુત્સદ્દી એવાં તમને મળ્યો. પછી શું જોઈએ?' ભાર્ગવે શરમાતાં કહ્યું.

'અમારાં ધનભાગ્ય કે આપે મહાઅથર્વણનો શાપ ઉતાર્યો.' બોલતાં તો બોલાઈ ગયું, પણ મૃગા આભી થઈ ગઈ. પૂજ્યભાવ એને અનિચ્છાએ જકડી રહ્યો હતો.

'મારા પિતામહના શિષ્યોનો પરિચય પામી હું પણ ભાગ્યશાળી બન્યો છું.'

'હવે આપ અહીંયાં જ રહો.'

ભાર્ગવની આંખમાં તેજ વર્ષ્યું. તેણે મૃગાના શિષ્ટાચારને ભેદી નાંખ્યો. 'તમે ધર્મ અનુસરો તો હું તમારો જ છું.'

મૃગા ઝાંખી પડી. 'અમે ધર્મ નથી અનુસરતા?'

'તમે ભલે ધર્મ કહેતા હો. હું નહીં કહું. વિદ્યાની સેવા નથી. તપનો સત્કાર નથી. સત્યનું શાસન નથી. જ્યાં એ ન હોય ત્યાં ધર્મ હોય?'

'ત્યારે આપ શીખવો.'

ભાર્ગવ ગુરુના હેતથી જોઈ રહ્યા. 'શીખવું—શીખવવા દો તો; રેવા તો માતા સરસ્વતીની સહજા છે. એના બન્ને તટો ઋષિઓના આશ્રમ માટે સર્જાયા છે. એ આશ્રમોમાંથી મંત્રોચ્ચાર સંભળાય ત્યારે ધર્મ સ્થપાયો એમ સમજજો.'

'મેં આર્યાવર્ત જોયું નથી. માતા સરસ્વતીનાં દર્શન નથી કર્યાં.'

'આર્યાવર્ત અહીંયાં છે. તમને ખબર નથી એ જ મને દુઃખ છે. જ્યાં આર્યત્વ ત્યાં આર્યાવર્ત.'

'અહીંયાં તો શૌર્ય છે, પુષ્કળ.' મૃગાએ કહ્યું.

ક્ષમા આપતા હોય તેમ ઔદાર્યથી ભાર્ગવ જોઈ રહ્યા. 'મૃગારાણી, અહીંયાં જુઓ છો તે શૌર્ય નથી,—શબ્દઆડંબર છે—જૂઠાણું છે. એને શૌર્યનું નામ આપીએ તેથી એની અસલી કાયરતા જતી નથી. શૌર્ય ને આર્યત્વ એક જ—વિદ્યા તપ ને ધર્મનું મૂલ.'

ગરવાઈ મૃગા જોઈ રહી.

'ગુરુદેવ! કાલે રાતના મારે મહાલયે જમવા પધારશો? સોમાબ્બા પણ સાથે પધારશોને?'

ભદ્રશ્રેણ્ય આજીજીભર નયને ને મૃકુંડ અજાયબીથી ભાર્ગવને ચેતવી રહ્યા. મૃગાના ભોજનથી કેટલાય વેરીઓ માટે યમનાં દ્વાર ખૂલ્યાં હતાં. મૃગાએ શું માંડયું હતું!

ભાર્ગવ નિખાલસપણે હસ્યા. 'હું અવશ્ય આવીશ. ભગવતી નહીં આવે. એ સ્વસ્થ નથી.'

ભગવતી શબ્દથી ભાર્ગવે એના ગુરુપત્નીપદ પર ભાર મૂક્યો.

૩

માહિષ્મતીનો રંગ પલટાઇ ગયો હતો. લોકો ગુરુનાં દર્શન કરવા આવતા ને જતા. દાસદાસીઓ બાધા રાખી આવતાં ને પૂજા કરી આવતાં. જાણે મોક્ષનાં દ્વાર ખૂલ્યાં હોય તેવો ઉત્સાહ ચારે તરફ ફરી વાળ્યો.

આથી ય વધારે ઉત્સાહ મૃગાના હૈયામાં હતો. તે ભાર્ગવની વાટ જોઈ બેઠી હતી. કોઈ એને સમજ્યું નહોતું.—ભાર્ગવ એકલા એને સમજી ગયા હતા. એનાં સ્વપ્નાંઓ એ એકલા સિદ્ધ કરે એમ હતા. જ્યારે મૃકુંડ આવ્યા ત્યારે મૃગાએ કહ્યું, 'પેલા જ્યામઘને કહી દેજો કે હું કહું નહીં ત્યાં સુધી કાંઈ ન કરે.'

'ભદ્રશ્રેણ્યને પણ નહીં?'

'ના.'

'ખરી વાત છે. બાઈ, આટલે વર્ષે મારું હૈયું ચગડોળે ચઢે તો તારું શું કહેવાય? એક દિવસમાં આમ થાય તો એને ગુરુપદે સ્થાપીએ તો શું થાય?'

'તમે શું ધારો છો, ગુરુવર્ય?' મૃગાએ પૂછ્યું. 'શક્તિ વધશે કે ઘટશે?'

'મૃગા! એને બળે શક્તિ વધશે, રાજ્ય પણ વધશે. પણ એ તારું કે ચક્રવર્તીનું નહીં રહે. જે એ કહેશે તે જ થશે.'

'એને જ આપણો કરીએ તો?' મૃગાએ પૂછ્યું.

'આપણે એના મોંમાં જઈ બેસીએ તો ધારીએ તે કરી શકીએ. પણ સહસ્રાર્જુન એને પલવાર નહીં સાંખે.—બહુ સ્વાર્થી ને અભિમાની છે.'

'જોઈએ આજે રાતે શું થાય છે.' મૃગાએ કહ્યું.

'મૃગા, તું મારી દીકરી જેવી છે એટલે ચેતવું છું. તારી વિલાસાકાંક્ષા કાબૂમાં રાખજે. નહીં તો એ તને બાળીને ભસ્મ કરી દેશે.'

મૃગા ખડખડ હસી પડી. 'આટલો જ વિશ્વાસ કે? ને હું આગ હોલવું એટલી ઠંડી છું તે?'

મૃગાના મહાલયમાં ભોજનની તૈયારીઓ થઈ રહી. ચંદનની ને ખાવાની વાસ મહેકી રહી. આભૂષણે સજ્જ દાસીઓ ચમક ચમક ફરવા લાગી.

સંધ્યાનો સમય થવા આવ્યો એટલે તે કોટના કાંગરા પર જઈ મીટ માંડી બેઠી. ચાંદનીમાં આશ્રમમાંથી એક ઊંચો પડછાયો બહાર પડયો અને ટેકરી ચઢવા લાગ્યો. તેના હાથમાં પરશુ હતી. મૃગાનું હૈયું ધબકી ઊઠયું. ભાર્ગવ સહસ્રાર્જુનનો રાજ્યસ્તંભ થાય ને પોતે સિંધુથી સિંહલના રાજ્યચક્રની અધિષ્ટાત્રી બને તો! ભાવિના ગર્ભમાં રહેલી સિદ્ધિનો દેનારો આવતો હતો. એ શું શું અપાવશે!

મૃગા સામ્રાજ્ઞીની સત્તા ભોગવતી, પણ સામાન્ય સ્ત્રીની છૂટ પણ લેતી. તે નીચે જઈ મહાલયના બારણા આગળ ઊભી. ભાર્ગવ આવ્યા. તેમના મુખ પર જરાય અવિશ્વાસ નહોતો. 'ગુરુદેવ, પધારો, પધારો, મારો મહાલય પાવન કરો!'

ભાર્ગવે પરશુ બારણા બહાર રાખી. 'અહીંયાં મૂકું?' અવાજમાં જૂદો ધ્વનિ હતો: 'તારા જેવી સ્ત્રીના હાથમાં સગો ભાઈ જીવ ન સોંપે! પણ મને વિશ્વાસ છે. હું સોંપું છું.' ગઈ કાલે આનું કાસળ કાઢવા પોતે તૈયાર થઈ હતી તે સ્મરી તે શરમિંદી બની ગઈ. આવું હેત અને આવો વિશ્વાસ તેણે જન્મ ધરીને જોયાં નહોતાં.

'અંદર લઈ લો.' તેણે કહ્યું.

'પરશુ તો અહીંયાં જ સારી.' કહી ભાર્ગવ અંદર પેઠા.

મૃગાએ ભાર્ગવના પગ ધોયા, પૂજન કર્યું, પછી તેમને જમાડયા.

એણે તૈયાર કરેલા ભોજનની ભભક નકામી ગઈ. સ્વસ્થ ને શાંત, દેવ હોય તેમ ભાર્ગવ પ્રસાદ લઈ રહ્યા.

જમીને મૃગા ભાર્ગવને અગાશી પર લઈ ગઈ. પળવાર વિચાર થયો કે તેને પાટે બેસાડી સામે પાટે બેસવું કે નહીં. અજાણે અંતરમાંથી દીનતા પ્રગટી ને તે સામે પાટલા પર બેઠી.

'ગુરુદેવ, આજે ત્રણ વર્ષથી આપને મળવા હું તલસતી હતી.'

'તમે તો હૈહયનાં રાજ્યલક્ષ્મી છો. મને સ્મર્યો હોત તો તે પળે હાજર થઈ જાત. નકામો પેલા કુક્ષિને વચમાં રાખ્યો.'

મૃગાએ હસીને ગુનો કબુલ રાખ્યો. 'આપને કુક્ષિ નથી ગમતો?'

'એ અભણ, નીચ, ખટપટી ને લોભી છે. એને સ્થાપવાથી તમે ગુરુપદ ભ્રષ્ટ કર્યું.' ભાર્ગવે કહ્યું.

'ગુરુદેવ, એક વાત પૂછું?' મૃગાએ હસીને કહ્યું. 'કલ્વિણીને આપે ફટકા માર્યા એ ખરી વાત?'

ભાર્ગવ હસ્યા 'તમારા સુધી વાત પહોંચી ગઈ? એનો મેં વધ ન કર્યો કહોને.'

'તો મારા જેવાનું શું?' મૃગાથી પુછાઈ ગયું. શું જવાબ મળશે તેના વિચારમાં તે ગૂંગળાઈ ગઈ.

ભાર્ગવ ગંભીર બન્યા. 'પત્ની એ સંસ્કાર અને સંતાન બન્નેની ખાણ છે. એ જ્યાં સુધી વિશુદ્ધ હોય ત્યાં સુધી જ સાચવવા યોગ્ય છે.'

'તો મારા જેવીનો તો તમે વધ જ કરો.'

ઊંડી સમજથી ભાર્ગવનાં આંખો, મોં ને અવાજ હસી રહ્યાં.

'સહસ્રાર્જુનની તમારી ભક્તિથી હું ક્યાં અણજાણ છું? પણ તમે જે પત્નીના અધિકાર વિના કરી રહ્યાં છો તે પત્નીના અધિકારથી કરો તો મને ગમે.'

'કલ્વિણીમાં ને મારામાં શો ફેર?'

'કલ્વિણી પરિણીતા થઈ પતિને છેહ દે છે. તમે પરિણીત નથી

છતાં પતિવ્રતા છો.' ભાર્ગવે કહ્યું. 'તમે એવાં ન હોત તો હું તમારે ત્યાં નહીં આવત.'

મૃગાના હૃદયમાં ઉન્નત ભાવ સંચર્યો. તે તિરસ્કરણીય નહોતી.

'હું મારાથી બનતું કરી રહી છું, ને આપની સહાય માગું છું.'

'તમે લો એટલી જ વાર છે.'

'સહસ્રાર્જુનનું સામ્રાજ્ય સૂર્ય તપે એવું કરી આપો.'

'એ તો સહેલી વાત. ધર્મ સંરક્ષો ને પ્રવર્તાવો. આપોઆપ તમારું રાજ્ય તપશે.'

'કેવી રીતે ?'

'આર્યાવર્તથી ઋષિઓ નિમંત્રો ને વિદ્યા ને તપની લહાણ કરો.' મૃગા બોલી નહીં. 'જુવાન હૈહયો મને સોંપી દો, હું એમને આર્યત્વ પ્રસારતાં શીખવીશ, જંગલો ભેદી આશ્રમો સ્થાપતાં શીખવીશ, કાયરતા ફીટાવી વીરત્વ શીખવીશ.'

'અમારા લોકો એ નહીં સમજે.' મૃગાએ ડોકું ધુણાવ્યું. 'એમને તો મારતાં જ આવડે છે.'

'મરતાં ન આવડે તેને વિજય સાંપડે નહીં, મૃગારાણી!' ભાર્ગવે કહ્યું. 'વિજય મેળવવા પણ તપની જરૂર છે.'

'સહસ્રાર્જુનને તમે સમજાવો.'

'એ સમજે? પશુબળે એ નિર્બળને મહાત કરતાં જાણે છે. સ્વચ્છંદને એ શાસન લેખે છે, દ્વેષને મહત્ત્વાકાંક્ષા માને છે. એને મારતાં આવડે છે, મરવા એ તૈયાર નથી. એનો ઉદ્ધાર નથી, નહીં તો તમે ક્યારનો ય કરી નાંખ્યો હોત.'

'એમ શું કહો છો? કંઈ તો રસ્તો બતાવો. એમને ને મને ઉગારી લો.' વિનવતી મૃગા બોલી. પોતાના નમ્ર વચન સાંભળી એ પોતે વિસ્મય પામી, પણ હૈયામાંથી સોંસરા શબ્દો આવતા હતા. 'આપ ગુરુ છો.'

'હું ગુરુ છું તેમાં કહું છું. મારા કહ્યાની કસોટી કરવી હોય તો એને કહી જુઓ કે જે સ્થાન તમે ભોગવો છો તેને એ અગ્નિ સાન્નિધ્યે તમને અપાવે.'

મૃગાને આઘાત થયો. સહસ્રાર્જુનની એ રાજ્યલક્ષ્મી નહોતી, રાખ હતી તેનું એને તીવ્ર ભાન થયું.

'હું રાજકુલની નથી.' તેણે નીચું જોઈ કહ્યું.

'રાજકુલ શોભાવે એવી તમારામાં શક્તિ ને ભક્તિ બન્ને છે. પત્ની તરીકે તમારો ઉપયોગ થાય તો તમને વિધિસર સ્વીકારતાં શો વાંધો હોય?

મૃગાની મહત્તાની સૃષ્ટિમાં ફાટ પડી. તે મૂંગી બની ગઈ.

'મૃગારાણી, તમને યાદવો પર ઘણો કાળ ચઢ્યો છે?' ભાર્ગવે વાત બદલી.

'હા! એમણે શાર્યાતોનું નાહક નિકંદન કાઢ્યું.'

'ભદ્રશ્રેણ્યે નથી કાઢ્યું. મેં કાઢ્યું છે.—જો નિકંદન માનતા હો તો.'

'એમાં આપને ધર્મ દેખાયો?' મૃગા રાજ્યસત્તાધિકારણી થઈ ગઈ.

ભાર્ગવે એનો ધ્વનિ પારખી લીધો. 'તમે રાજાઓને એક ધુરા નીચે લાવવા માગો છો. મારે ગોત્રો એક કરવાં છે.'

'એટલે હૈહયો, તાલજંઘો, યાદવો, બધા એક થઈ જાય?'

'હા! યુદ્ધો રાજાઓના દ્વેષથી થાય છે. ગોત્રો એક થાય તો એ દ્વેષ આપોઆપ ટળે.

'મારે ગળે નથી ઊતરતું.'

'સિંધુથી સિંહલ સુધીનું આર્યાવર્ત કરવું સહેલું નથી.' મૃગાએ જવાબ નહીં દીધો.

'હું માત્ર એક જ માગી લઉં છું.'

'શું?'

'ભદ્રશ્રેણ્યને શિક્ષા ન કરશો. નહીં તો મારે તમારા વેરી થવું પડશે.'

મૃગા શરમાઈ ગઈ. ભાર્ગવે તેના હૃદયની ઇચ્છા પારખી લીધી. તે કાંપી ઊઠી. 'ના, ના. શિક્ષા શાની?' તેણે સસંભ્રમ કહ્યું.

'તો તમને હું ભદ્રશ્રેણ્ય ને યાદવો સોંપી જાઉં છું.'

પલવાર મૃગા ખંચાઈને ઊભી. ભાર્ગવના મુખપર મંદ હાસ્ય હતું.

'જેવી આજ્ઞા' તેણે કહ્યું.

ભાર્ગવ મહાલય છોડી ગયા ત્યારે મૃગા તેમના ચરણની રજ થઈ રહી હતી.

૪

ભાર્ગવ ને ભદ્રશ્રેણ્ય રેવા કિનારે એકલા ફરતા હતા.

'ભદ્રશ્રેણ્ય, તમારે અહીંયાંથી ચાલી જવાનું છે. તમે અહીંયાં રહેશો તો મારી મુશ્કેલી વધશે.'

'ગુરુદેવ! તમે મારા પર જુલમ કરો છો. તમે મને લડવા નથી દેતા, અને તમારી પડખે રહી સહન પણ નથી કરવા દેતા.'

'રાજન્, તમારે હજી મરવાની વાર છે. યાદવ ઉદ્ધારવા બાકી છે.'

'પણ તમને મૂકીને હું કેમ જાઉં?'

'તમારો જીવ જોખમમાં છે. તમારા પર મૃગારાણીનો ડોળો છે.'

વૃદ્ધ રાજાની આંખમાં પાણી આવ્યાં. 'ગુરુદેવ મારા દુઃખનો પાર નથી. મેં શાં પાપ કર્યાં કે દેવો મને આ કસોટી પર ચઢાવે છે? આજે મારું ગોત્ર નાસતું ફરે છે. મારાં સ્ત્રી છોકરાં રઝળે છે. હવે મારે ચોરની માફક નાસી જવાનું રહ્યું છે.'

ભાર્ગવે રાજાને છાતી સરસા ચાંપ્યા. 'રાજન્, આ તો તમારી અગ્નિપરીક્ષા છે.'

'હું તો થાકી ગયો.'

'એમ થાકી ગયે ચાલશે? દુઃખમાં જ મહત્તા આવે, મૃત્યુથીયે અભેદ્ય.'

'મારે એ મહત્તા નથી જોઈતી.'

'રાજન્! જે જીવનના તાપથી ત્રાસે તે તો પરાજય પામી ચૂકયો.' ભાર્ગવે કહ્યું. 'એમાંથી તો કાંચન થઈ નીકળે તેને જ જયવારો છે.'

'જેવી આજ્ઞા.' ખિન્ન હૃદયે ભદ્રશ્રેણ્યે કહ્યું ને તે પગે પડ્યા.

'રાજન્! ખીણો વટાવવાનો શ્રમ ઉઠાવીશું તો જ ગિરિશૃંગની શીતળતા મળશે.'

'ગિરિશૃંગ! પશુપતિ જાણે ક્યારે પામીશું. પણ ગિરિશૃંગ સમા અદ્ભૂત આપ તો છો.' ભદ્રશ્રેણ્યે ગળગળા થઈ કહ્યું. 'આસપાસ તોફાન થાય છે ને શમે છે. મેઘમાલા તમારા પર છાય છે ને તમને છોડી જાય છે. પણ તમારી પાસે તો પ્રાણદાયી સમીરો વાયાં જ કરે છે. અહીંયાં હૈયાંના ઘા રુઝાય છે; ચિન્તા કદી સ્પર્શતી નથી. પણ હું એકલો કેમ જઈશ?'

"મૃકુંડને મોકલી આપો. એ વિશ્વાસુ માણસો આપશે. તમે મહીને તીરે બેસજો, વિશાખા ને પ્રતીપને મળજો, ને જરૂર પડે અહીંયાં આવવાની ને અમને લઈ જવાની તૈયારી કરજો."

રાજા ભદ્રશ્રેણ્ય ગયા ને મૃકુંડને મોકલી આપ્યા. વૃદ્ધ ગુરુ કેડે હાથ દઈ ઝપાટાબંધ આવ્યા. ભાર્ગવ મૃગાને મળી શું કરી આવ્યા તે જાણવા ઘણા ઉત્સુક હતા.

'ગુરુવર્ય!' ભાર્ગવે કહ્યું. 'ચાલો આપણે ફરતા જઈએ ને વાત કરીએ.'

મૃકુંડે ભાર્ગવના અવાજમાં રહેલું ગાંભીર્ય પારખ્યું ને તેને ફારકો પડ્યો. 'ચાલો.'

'મૃકુંડ! તમારી હોંશિયારીની મેં ઘણી વાતો સાંભળી છે. મારે હવે સીધી વાત કરવી છે'

'જેવી આજ્ઞા.'

'ભદ્રશ્રેણ્યનું, યાદવોનું ને મારું શું કરવા ધાર્યું છે?'

મૃકુંડ ચમક્યા ને મૂંગા રહ્યા.

'કહેવાની ઇચ્છા નથી?'

"હું શું જાણું?'

'તમે ડાહ્યા માણસ છો.' ભાર્ગવે કહ્યું. 'તમારે નહીં કહેવું હોય તો હું કહું. મને ને ભગવતીને કેદ કરી રાખવા ભદ્રશ્રેણ્યને ગિરનાર આગળ રાખ્યા હતા. અમને અહીંયાં શા માટે બોલાવ્યા? તમારે નહીં કહેવું હોય તો હું કહું? અમને તમારી આંખ આગળ રાખવા.' મૃકુંડે બોલવાનો પ્રયત્ન કર્યો.

'બે દહાડામાં તમે પારખી ગયા કે તમે ધાર્યો હતો એવો હું ઉછાંછળો છોકરો નથી. મને તમે મારી શકો એમ નથી. આનર્ત-રાજની મદદ વિના તમે યાદવોને સંહારી શકો એમ નથી. ભદ્રશ્રેણ્યને એકલાને તમે મારી શકો છો. તમારો વિશ્વાસુ હતો, હવે નથી."

'ગુરુદેવ, એવો કંઈ વિચાર નથી. ને મારું સાંભળે છે કોણ?"

'ભૃગુવર' ભાર્ગવે મૃકુંડને કુલનું સ્મરણ કરાવ્યું. 'એ વાત સાચી નથી. તમે ને મૃગરાણી વિચાર કરી રહ્યાં છો કે સહસ્રા-ર્જુનની અને તમારી સત્તા વધારવાનું હું સાધન કેમ બની રહું. તમારા હાથમાં હું રમવા તો તૈયાર બેઠો છું.—ભદ્રશ્રેણ્ય ને યાદવો નિર્ભય બને તો."

'ભદ્રશ્રેણ્યે શાર્યાતો માર્યા તેથી એણે ઘણું વેર ઉગાડ્યું છે."

'એનો રસ્તો તમારે કાઢવાનો રહ્યો. ભદ્રશ્રેણ્યનો વાળ વાંકો થશે તો હું તમારો કટ્ટો વેરી થયો સમજજો. તમે મને મારી શકો એમ નથી પણ હું તમને ભારે પડી શકું એમ છું.'

'આપને કોણ કંઈ કહી શકે એમ છે?'

'પણ ભદ્રશ્રેણ્યની પડખે મને મરતાં રોકી શકો એમ નથી.'

'ના! ના! ગુરુદેવ!' મૃકુંડના ગૂંચવાડાનો પાર નહોતો.

'મૃકુંડ! તમે ભૃગુ છો. હું ભૃગુશ્રેષ્ઠનો પુત્ર તમારો કુલપતિ છું. હું તમને કહું છું કે ભદ્રશ્રેણ્યને મારવાનો સંકલ્પ કર્યો હોય તો છોડી દો. મૃગાએ કર્યો હોય તો છોડાવી દો.' ભાર્ગવે આજ્ઞા કરી.

'પણ એવું ક્યાં કોઈ કરવા માંગે છે? એ તો વહેમ છે.'

'સાચું બોલો છો? તો તમારા ને મારા પુણ્યનામી પૂર્વજો—ભૃગુ, શુક્ર ને ચ્યવન—ના શપથ લઈ વચન આપો કે ભદ્રશ્રેણ્યને તમે ઉગારી લેશો.'

'...... પણ'

'લેશો કે નહીં, શપથ લઈ કહો.'

મૃકુંડ ધ્રૂજવા લાગ્યા. 'હું એવા ઠાલા શપથ નહીં લઉં. કોઈ એને મારવાનું નથી.'

'તો હું તમને શપથ આપું છું' ભાર્ગવે શાંતિથી કહ્યું. 'તમારા કુલપતિના અધિકારથી.'

મૃકુંડે ભાર્ગવને ભયંકર રુદ્રાવતાર બની જતા જોયા. તેણે બે ભભૂકતી આંખોનાં કારમાં તેજ જોયાં ને તેનાં હાજાં ગગડી ગયાં.'

'મૃકુંડ, મહાઅથર્વણનાં ગુરુપદ સ્વીકારતાં તમને લાજ નહીં આવી? આજે મને થાપ આપો છો?' તેમણે મૃકુંડના ખભાપર હાથ મૂક્યો. ધ્રૂજતા મૃકુંડની આંખ આગળ જાણે ભાર્ગવ પ્રચંડ ને પ્રચંડ થતા હોય એમ લાગ્યા. 'તમે જીવનભર ચાલાકી વાપરી છે. આજે હું આપણા પિતૃઓના શપથ આપું છું. ભદ્રશ્રેણ્યને ઉગારવો એ તમારો ધર્મ છે.'

મૃકુંડનું બોખું મોં ઊઘડી ગયું. એનું નીચલું જડબું કાંપી રહ્યું. એની ઝીણી ઊંડી આંખોમાં ભય તરી આવ્યો, એમને જિંદગી ઘણી વહાલી હતી.

'મધુ કેમ મૂઓ તે જાણો છો? શાર્યાતરાજ કેમ મૂઆ તેની ખબર છે?' રામની વિકરાળ આંખ ભય પ્રેરી રહી. 'અસત્ય શપથ લીધા તે ક્ષણે તમે પિતૃઓનો દ્રોહ કરશો. તમારું માથું ધડથી જુદું થઈ પડશે.'

'ભાર્ગવ! ભાર્ગવ! ક્ષમા કરો.' ઊંચી સ્હાએલી પરશુપર નજર કરતાં મૃકુંડે આજીજી કરી.

'ભદ્રશ્રેણ્યને અભયદાન આપવાના શપથ લો છો?'

'પણ મારું અભયવચન શા કામનું? મૃગારાણી ધારે તે કરે છે.'

'મારા જીવતાં ભૃગુને વચનભંગ નહીં થવા દઉં. શપથ લો છો?' મૃકુંડે ચારે તરફ જોયું.

'કોઈ તમારી વારે ધાય એમ નથી. મારા કુલની પ્રતિષ્ઠા રાખતાં મને કોઈ રોકે એમ નથી.' ભાર્ગવના અવાજમાં દૃઢ સંકલ્પ હતો. તેમણે ધીમેથી ઉમેર્યું 'તમે ડાહ્યા ગણાઓ છો. ડહાપણ છોડો નહીં. સહસ્રાર્જુનને હું આ મરતો જોઉં છું.'

ફાટે ડોળે બહેબાકળા મૃકુંડે નદી તરફ જોયું—ભાર્ગવે જ્યાં હાથ બતાવ્યો હતો ત્યાં નર્મદાનાં પાણી પર ચમકતાં ચન્દ્રકિરણોમાં એમણે ભાર્ગવને ઊભેલા જોયા,-વિકરાળ ને વિજયી. એમના પગ આગળ સહસ્રાર્જુનનું ધડ અને માથું છૂટું પડયું હતું. મૃકુંડના પગ ભેવડાઈ ગયા. તેણે ભોંયે પડી હાથ જોડયા.

'ગુરુદેવ! ગુરુદેવ! ક્ષમા કરો. આપ આજ્ઞા કરો તે માથે ચડાવીશ.'

'તમારા બે મોટા પુત્રોને વિશ્વાસુ માણસો સાથે મોકલો. ભદ્રશ્રેણ્યને માહિષ્મતીની બહાર લઈ જઈ મૂકી આવે. સાથે આચાર્ય વિમદ ને ચાર ભૃગુઓ આવશે.'

'જેવી આજ્ઞા.'

'ને પરમ દહાડે વિમદ ને બીજા ભૃગુઓ તમારા પુત્રો જોડે સહીસલામત પાછા નહીં આવે તો—'

મૃકુંડે નિરાધારીમાં ફરી હાથ જોડયા.

'હું તમારો વધ કરીશ.'

મૃકુંડ હાથ જોડી, થરથર કાંપતા ઊભા રહ્યા. 'કાલે હું મૃગારાણીને શું કહીશ ?'

'જઈને સત્ય હકીકત કહેજો કે તમારા કુલપતિનો બોલ તમારાથી નહીં ઉથાપાયો.'

'ના, ના. એમ કેમ કહેવાય ?'

'તો જીવનભર એટલું જૂઠું બોલ્યા છો કે જરા વધારે જૂઠું બોલતાં મહેનત નહીં પડે. ચાલો વખત જાય છે.'

૫

લોમા ભગવતી લોમહર્ષિણી બની ગઈ ત્યારપછી ભાર્ગવનો ને તેનો સખાભાવ ઘટયો નહીં. સાથે સૂવું, સાથે ઊઠવું, સાથે ફરવું, સાથે શસ્ત્રો ફેરવવાં કે યજ્ઞ કરવો એ બન્નેની નિત્યચર્યા કાયમ રહી. પણ ભાર્ગવની અર્ધાંગના અગ્નિ સાન્નિધ્યે થતાં લોમહર્ષિણીમાં એક મહત્ત્વનો ફેરફાર થયો. એ હવે માત્ર સાથી નહોતી, ભગવતી હતી; ભૃગુઓની માતા બની ગઈ; મહાગુરુઓની કુલતારિણીની શક્તિ એનામાં આવી જણાઈ. ભૃગુઓ તેમની સ્ત્રીઓ અને સંતાનોમાં તેને અજબ જેવો રસ પેદા થયો. એ આશીર્વાદ આપવા લાગી, અને તે ફળવા પણ લાગ્યા. ભાર્ગવની શક્તિ ને કૃપાનું પાન કરાવનારી પોતે પતિતપાવની રેવા હોય એવી તેને શ્રદ્ધા પ્રગટી. પહેલાંથી જ ભાર્ગવની ઇચ્છા, આજ્ઞા કે કૃપા એની દ્વારા જ ઘણાને જણાતી; હવે તો દુર્નિરીક્ષ્ય ગુરુદેવની ઉગ્ર શક્તિનું સૌમ્ય જીવંત સ્વરૂપ બની ગઈ. ગામે ગામથી દર્શન કરવા આવતા ભકતો ભાર્ગવનાં દૂરથી જ દર્શન કરતા. એમના ચમત્કારી પ્રભાવની દંતકથા સાંભળી તેમના હૈયામાં ધાક વસતો; મોટા મોટા અલ્પતા અનુભવતા. પણ ભગવતીના દર્શનથી બધાનાં હૈયામાં ઉત્સાહ આવતો. એના કૌમુદીસમા મોહક હાસ્યથી આનંદની આંચ હૈયે હૈયે લાગતી. એમના પગની રજ માથે મૂકી

માંદાં સાજાં થતાં, દુખિયાં દુઃખ વિસરતાં, સુખિયાનાં સુખ વધતાં. ભગવતી હસતાં બોલતાં, સ્ત્રીઓ સાથે ટહૂકો કરતાં, બાળકો રમાડતાં, જાણે ભાર્ગવનું સૌમ્ય ને સુખકર સ્વરૂપ હોય તેમ.

ભાર્ગવના સ્વરૂપ અને શબ્દોમાંથી શ્રદ્ધા અને ભક્તિની ભેદી સરિતાઓ ચારે તરફ વહેતી, ને બધાને તરબોળ કરતી; અને એ જળપ્રવાહોનો પૂરેપૂરો ઉપયોગ ભગવતી, વિમદની મદદથી કરતાં. જે કોઈ નિમંત્રે તેને ત્યાં ભગવતી જતાં. ભૃગુઓનાં નયનોનું તો એ નૂર હતાં. નાનાં નાજુકડાં, સુંદર નાર. તે વળી ઘોડા પર બેસીને જન્મ્યાં હોય તેમ ઘોડે ફરે. કોઈ શસ્ત્ર એવું નહીં કે અદ્ભુત કલાથી ન વાપરી શકે. અને તે વળી ભગવતી—એમના કુલપતિની પત્ની, માતા, ઇષ્ટદેવી !

ભાર્ગવે પણ ધીમેધીમે બધો વ્યવહાર ભગવતીદ્વારા જ કરવા માંડ્યો હતો. અને ભગવતી યાદવો અને ભૃગુઓના વ્યૂહો રચવામાં તત્પર રહેતાં. જે યાદવો ને ભૃગુઓને લઈ ભાર્ગવ ગોકર્ણતીર્થથી નીકળ્યા હતા, તેની નાની મોટી ટુકડીઓ થોડે થોડે અંતરે રસ્તામાં મૂકી આવ્યા હતા. જે ગામોમાં ભૃગુ વસતા ત્યાં આ ટુકડીઓ નાનું સરખું થાણું બનાવી દેતી. એ થાણાંઓની વ્યવસ્થા ઉજ્જયંત કરતો અને તેની ખબર ભગવતીને અવારનવાર મોકલતો. જે યાદવો ને ભૃગુઓ માહિષ્મતીમાં હતા તે બધાની વ્યવસ્થા ભગવતી ને વિમદ કરતાં.

ભાર્ગવ તો એક જ સ્થળે, જાણે પશુપતિના અવતાર હોય તેમ, બેસી રહેતા. ભગવતી તેની શક્તિના આવિર્ભાવ સમાં ચારે તરફ તેમનાં તેજો પ્રસારતાં.

જ્યારે ભાર્ગવ મૃકુંડને વિદાય કરી આશ્રમ પર આવ્યા ત્યારે તેમને ખબર મળી કે ભગવતી અને વિમદ ભૃગુઓના અખાડામાં ગયાં હતાં. ભાર્ગવ તે તરફ ધીમે પગે ગયા.

થોડે દૂર નદીની રેતીમાં મોટી મેદની કુંડાળું વળીને ઊભી હતી. એમાં ભૃગુઓ, યાદવો ને બહારથી દર્શન કરવા આવેલા હૈહયો

હતા. મેદની વચ્ચે ચાર મોટી હોળીઓ ચેતાવી હતી, જેના ઉજાશમાં કુસ્તી ને શસ્ત્રના પ્રયોગોની રસાકસી ચાલતી હતી. ભાર્ગવ કિનારાની ધસ પર એક ઝાડ પાસે ઊભા રહી ચાલતા પ્રયોગો જોઈ રહ્યા. બધા વચ્ચે ભગવતી ચક્ર ફેંકવાની કલા બતાવતાં હતાં. ભાર્ગવની આંખ સ્નેહભીની થઈ. ત્યાં ઊભેલા બધા માણસોની ભક્તિ લોમા પર એકાગ્ર થયેલી તેમણે જોઈ. તે આગળ ન વધ્યા. આ ભક્તિમાં તેમને ખલેલ નહોતી પહોંચાડવી. પરોઢિયા સુધી પ્રયોગો ચાલ્યા ત્યાં સુધી તેમણે જોયાં કર્યું, અને પછી પાછા આશ્રમે આવ્યા.

ભગવતી આવ્યાં ત્યારે ભાર્ગવે તેને ગર્વભર નયનોએ આલિંગન દીધું. 'લોમા' તેમણે ધીમેથી કહ્યું. 'તું અદ્દ્ભુત છે.'

'હા, નહીં તો અદ્દ્ભુત ભાર્ગવને પામત ક્યાંથી?'

બન્ને હાથમાં હાથ રાખી પ્રાતઃકાળનો અર્ધ્ય આપવા નદીએ ગયાં.

ભાર્ગવે એકવીશ દિવસનો યજ્ઞ આરંભ્યો. મૃકુંડ ઋષિના સમયમાં આવો યજ્ઞ કોઈએ જોયો—જાણ્યો નહોતો. પશુપતિના વિશાળ સ્થાનકમાં અગ્નિકુંડની સામે ભાર્ગવ બેસતા; મૂક, સ્વસ્થ, શ્રદ્ધા વિસ્તારતા. ડાબે હાથે ભગવતી બેસતાં. જમણે હાથે મૃકુંડ ઋષિ બેસતા. એમણે જીવનમાં ગુરુપદની ખરી મહત્તાનો લ્હાવો ચાખ્યો. મૃગારાણી પણ ઘણો વખત ત્યાં આવીને બેસતી. એનાથી બધાં ડરતાં હતાં. કોઈએ તેને સ્વેચ્છાથી સન્માન આપ્યું નહોતું. અત્યારે, ભાર્ગવની છાંયમાં, તેને પણ લોકસમૂહનું સન્માન મળવા માંડયું. ભદ્રશ્રેણ્ય ગૂમ થયો હતો એટલે તેનો ડર હતો નહીં. ભાર્ગવ તરફ તેની ભક્તિ દિન પ્રતિદિન વધતી જતી હતી; અને પટરાણી જેવું માન મળવાથી તેના આનંદનો પાર નહોતો.

યજ્ઞની વાત ચારે તરફ ફેલાઈ ગઈ હતી એટલે જોજનોથી લોકો ખેંચાઈને આવતા અને ભક્તિઘેલા બની સમારંભમાં ભાગ લેતા. દિવસ ને રાત કીર્તન થતાં.

ભાર્ગવ આ મેદનીનું હૈયું પારખી શક્યા. ગુરુપૂજામાં રહેલી

અપાર્થિવ શક્તિથી જનસમાજનું હૈયું શ્રદ્ધા, ભક્તિ ને ઉત્સાહ અનુભવતું હતું. મનુષ્યો પલવાર ભયની શૃંખલા દૂર મૂકી ઉલ્લાસ અનુભવતા હતા. સહસ્રાર્જુને સ્થાપેલા ભયના સામ્રાજ્યને પડકાર દઈ પોતે વિદ્યા, તપ ને ધર્મનું સામ્રાજ્ય સ્થાપી રહ્યા હતા એવી ભાર્ગવને પ્રતીતિ થઈ. પોતે જગતના ઉદ્ધારક ગુરુ છે એ વિષે એમના હૈયામાં કદી અવિશ્વાસ હતો જ નહીં; પણ અત્યારે તો પોતાના જીવનમંત્રનો એમને સાક્ષાત્કાર થયો. જગત એમની પાસે વિદ્યા, તપ અને શક્તિની યાચના કરતું હતું. એમના હૃદયમાં પશુબળથી ત્રાસતાં માનવજન્તુઓને નિર્ભય કરી વિદ્યા ને તપને માર્ગે ઉન્નત બનાવવાની આકાંક્ષા સહસ્ર સૂર્યના તેજથી ચમકી રહી.

જેમ સમારંભના દિવસો જતા ગયા તેમ માનવોની આશા એમનામાં કેન્દ્રિત થતી ગઈ. એમના હૃદયમાં સંપૂર્ણ આત્મશ્રદ્ધા પ્રગટી. જગતનો બધો પ્રભાવ એમનામાં આવી સમાયો લાગ્યો.

યજ્ઞને બારમે દિવસે અંધારી મોડી રાત્રે યજ્ઞકુંડની પાસે તે આંખો મીંચી બેઠા હતા. દૂર, દિવસનાં થાકયાં હાર્યાં નરનારીઓ ઊંઘતાં હતાં. પાસે ભગવતી ને વિમદ પણ નિરાંતે ઊંઘતાં હતાં. એમને કાને જાણે મોટો સાપ આવતો હોય એવો સળવળાટ સંભળાયો. તેમણે આંખો ઉઘાડી.

અઘોરી વેષે જયામઘ, હાથમાં છરો લઈ ધીમે ધીમે પેટે સરતો આવતો હતો. પાંચ વામ તે દૂર હતો. યજ્ઞકુંડની પાછળ એનો કટ્ટો વેરી બેઠો બેઠો ઊંઘતો લાગતો હતો.

એકદમ બે ભયંકર નેત્રો ઉઘડયાં, અને તેમાંથી તેજની ધારા વહી. અંધકારમાંથી બે ચમકચમક થતાં તેજોબિન્દુ જોઈ જયામઘ હતો ત્યાંથી ખસી શકયો નહીં.

'કોણ જયામઘ?' ધીમેથી માર્દવભર્યો અવાજ આવ્યો.

જયામઘને શીત આવ્યાં. 'જયામઘ! તારા પિતા ને ગોત્રનું વેર લેવું છે? લે માર, હું નહીં રોકું.'

જ્યામઘ ધ્રૂજ્યો. 'મને મારીને શું મેળવશે? એના કરતાં મારી સાથે આવ. આપણે આ બધાંને અંધકારમાંથી પ્રકાશમાં લઇ લઇશું. . . . મેં તારા પિતાને મારા સ્વાર્થને ખાતર નથી માર્યો, દ્વેષને લીધે તારું ગોત્ર નથી સંહાર્યું. મારામાં વિશ્વાસ ન હોય તો આવ—માર—જલદી કર.'

'જ્યામઘ, સિંધુથી સિંહલસુધી મારે આર્યત્વ અભય કરવું છે. આર્ય જાતિઓને વિદ્યા અને તપ સેવતી કરવી છે. આવ—આવ મારી સાથે. તારું સ્થાન મારી સાથે છે. આવ ને મારામાં શ્રદ્ધા ન હોય તો માર, મારી છાતી આ રહી.'

જ્યામઘના હાથમાંથી છરો પડી ગયો. ભયંકર આંખો આકર્ષક બની. અવાજ માતાનો મૃદુ સ્પર્શ હોય તેમ તેને પંપાળી રહ્યો. તેનું ગળું આંસુથી ગૂંગળાઈ ગયું. જેમ તેમ તે ઊભો થયો અને જીવ લઈ નાઠો.

× × × ×

યજ્ઞ સમારંભ ઠાઠમાઠથી પૂરો થયો. માહિષ્મતી આનંદમાં મોજ કરવા લાગી. અને ખબર આવી પહોંચી કે સહસ્રાર્જુન વિજય મેળવી પાછા આવી લાગ્યા છે.

૬

કૃતવીર્યનો પ્રતાપી પુત્ર સહસ્રાર્જુન માહિષ્મતીના ગઢમાં આવી પહોંચ્યો ત્યારે તેની ઉગ્રતાનો પાર નહોતો.

રાવણના સૈન્યને તેણે હરાવ્યું. ચારે તરફ ડંકો વગડાવ્યો, વિજયી યોદ્ધાઓ લઈને પોતાને પાટનગર આવવા નીકળ્યો. પણ એનો વિજયોલ્લાસ ક્યારનો ખાટો થઈ ગયો હતો.

મૃગારાણી અને મૃકુંડ ઋષિના મોકલેલા સન્દેશા એને મળ્યા જતા હતા. ભદ્રશ્રેણ્યનો વધતો જતો પ્રતાપ, શાર્યાતોનો સંહાર, ગોકર્ણતીર્થનો ઉત્સવ, રામ ને લોમાનાં લગ્ન, આ બધી હકીકતની તેને જાણ થઈ હતી. જ્યારે મૃગાએ ભાર્ગવ અને ભદ્રશ્રેણ્યને માહિષ્મતી બોલાવી લીધા એ વાત તેણે સાંભળી ત્યારે એમાં રહેલું ડહાપણ એને ન છૂટકે સ્વીકારવું પડ્યું. એની ગેરહાજરીમાં અનુપ્રદેશમાં આંતરવિગ્રહ થાય એ ભયભરેલું હતું.

પણ ભાર્ગવ તરફ એનો દ્વેષ વધતો ચાલ્યો. પછી કાંઈક સારા સમાચાર આવ્યા. ભદ્રશ્રેણ્યનું ભેદી ખૂન થઈ ગયું, અને ભાર્ગવ મૃગા ને મૃકુંડને અનુકૂળ થઈ ચાલતો હતો. પણ જેમ એ માહિષ્મતીની પાસે આવતો ગયો તેમ ગુરુદેવ ભાર્ગવની ખ્યાતિ, અને યજ્ઞમાંથી આવતા માણસોની ભક્તિની એણે વાતો સાંભળી ભાર્ગવઘેલછાના તરંગો ચારે તરફ પ્રસરતા એણે જોયા. તેની જ વાતો જ્યાં ત્યાં થતી. જે ગામમાં એની છાવણી પડતી, ત્યાં ભાર્ગવના ચમત્કારો મુખે મુખે સંભળાતા. લોકો તેની બાધા રાખતા થયા.

એના સૈન્યને પણ આ ગુરુભક્તિનો સ્પર્શ થવા લાગ્યો. મહા-અથર્વણ ઋચિકનો શાપ ઊતર્યો માની એ બધાંને નિરાંત થઈ જણાઈ. જ્યાં એની હાકથી હાંજા ગગડતાં ત્યાં ભાર્ગવમાં આશા ને શ્રદ્ધા સ્થાન પામી હતી. સહસ્રાર્જુનને સ્વપ્રતાપનું તીવ્ર ભાન હતું. એ જોઈ શક્યો કે લોકહૈયામાં એ પદભ્રષ્ટ થઈ ગયો હતો.

માહિષ્મતીમાં જઈ આ ભાર્ગવને પૂરો કરવા તેનું હૈયું તલસી રહ્યું.

જ્યારે એ માહિષ્મતી પહોંચ્યો ત્યારે સત્કારોત્સવ ઉજવાયો. તેમાં પણ જોઈએ એવાં ધાક, માન કે ઉત્સાહ એને ન જણાયાં. દરેક મુખ પર અપરિચિત એવો આનંદ ને આત્મવિશ્વાસ હતો. તેને તેડવા આવેલાં સ્ત્રીપુરુષો પહેલાંથી જુદાં લાગ્યાં. મૃગા ન સમજાય એવા ગૌરવથી આવી. મૃકુંડ ઋષિના હાસ્યમાં દીનતા

નહોતી. રાજપુરુષોના માથામાં પણ ઘમંડ દેખાયો. એની રાણીઓ પણ તાનમાં હતી. આ પરિવર્તનથી એનું કાળજું બળી ગયું.

'પેલો રામ ક્યાં?' તેણે પૂછ્યું.

સાંભળનારા ચકિત થઈ જોઈ રહ્યા. એની તોછડી રીતથી તેમનાં હૈયાંમાં આઘાત થયો, તે એ જોઈ શક્યો.

'ગુરુદેવ પશુપતિના સ્થાનકમાં છે. આપ હમણાં દર્શન કરવા જશો એટલે મળશે.' મૃગાના અવાજમાં ભક્તિ હતી તે એણે પારખી. આર્યાવર્તમાં જેમ ગુરુઓ માટે માન હતું તેમ અહીંયાં પણ પ્રસર્યું દેખાયું.

'હમણાં બતાવું છું.' તે મનમાં બબડ્યો.

પરાપૂર્વથી ચાલી આવેલી પ્રણાલિકા પ્રમાણે ગઢમાં જતાં પહેલાં વિજયી રાજાએ પશુપતિના સ્થાનકમાં જવું જ રહ્યું, એટલે સહસ્રાર્જુન ત્યાં ગયો. આખું ગામ ત્યાં આવ્યું હતું. ઘણાયે પરદેશીઓ ત્યાં આવ્યા હતા. ગામડાંઓમાં ભરાઈ બેઠેલા ભૃગુઓની હાજરી પણ એણે ધ્યાનથી જોઈ.

પશુપતિના બાણની પાસે યજ્ઞકુંડ આગળ ભાર્ગવ અને ભગવતી લોમા આવાહન કરતાં બેઠાં હતાં. સહસ્રાર્જુન થોડીવાર ચકિત બની જોઈ રહ્યો અને બંધાઈથી એણે મનના ભાવો દબાવી દીધા. બધાં નયનોમાં પૂજ્યભાવ હતો. એના પાછા ફરેલા મહારથીઓ પણ આ વાતાવરણથી વશ થઈ એ જ ભાવ અનુભવતા. નવો સેનાપતિ તાલબાહુ પણ માનભેર જોઈ રહેતો એણે જોયો. એને જોઈ પળવાર સહસ્રાર્જુનના હૃદયમાં ધાકનો સંચાર થયો.

એને જોઈ ભાર્ગવ અને ભગવતી ઊભાં થઈ ગયાં, ને ભાર્ગવે આગળ આવી હાથવતી પશુપતિને પ્રણામ કરવાનું સૂચવ્યું. સહસ્રાર્જુને ઊછળતો ક્રોધ રોક્યો, પશુપતિને દંડવત્ પ્રણામ કર્યાં અને બધા જ ભાર્ગવને પ્રાણપાત કરતા હતા એટલે એને પણ નીચાવળી

નમસ્કાર કરવા પડ્યા. ભાર્ગવે હાથ લંબાવી આશીર્વચન કહ્યું ‘ રાજા કાર્તવીર્ય ! વિદ્યા, તપ ને વીર્યથી તારું રાજ્ય તપો ! ’

સહસ્રાર્જુને ક્રૂર અટ્ટહાસ્ય જેમ તેમ કરી રોકયું. લોમાને જોઈ એની આંખમાં દ્વેષનાં પૂર આવ્યાં હતાં તેને પણ રોક્યાં.

આ છોકરો એની માહિષ્મતી, મૃગા, મૃકુંડ ને હૈહયો પર કેટલી સત્તા ભોગતો હતો તેનો એને પૂરો ખ્યાલ નહોતો. જેવો એ ક્રોધી ને ક્રૂર હતો તેવો ખંધો પણ હતો. તેણે ઉગ્રતા પર મીઠાશનો પટ નાંખ્યો, અને ત્યાંથી હસતે મોઢે વિદાય થયો. ભાર્ગવ એને સ્થાનકના દરવાજા સુધી મૂકી આવ્યા. એમાંથી કોઈએ એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહીં.

સહસ્રાર્જુને આખું સ્વરૂપ બદલી નાંખ્યું. ગઢમાં જઈ તે મૃગાના આવાસમાં ગયો ને હરખથી પોતાની વિજયવાર્તા કહી સંભળાવી. બન્ને જણ આનંદથી જમ્યાં. હર્ષ ને ઉત્સાહના આવેશમાં મૃગાએ માંડી મેલીને વાત કહી. વેપાર ને પૈસો વધ્યાં હતાં. લોકોમાં અસંતોષ નહોતો. ખંડણીરાજાઓ કાબુમાં હતા.

‘ ભદ્રશ્રેણ્ય સિવાય. ’ સહસ્રાર્જુને હસીને કહ્યું.

‘ હા, પણ આનર્તરાજને સૌરાષ્ટ્રની ચોકી સોંપી છે. ભદ્રશ્રેણ્યનું કાસળ ગયું. એના બે મોટા છોકરાઓ આવ્યા હતા તે યુદ્ધમાં હણાયા. મધુ મરી ગયો. એકલો પ્રતીપ થોડા યાદવોને લઈ જંગલમાં ભટકે છે. ’

‘ —ને આ છોકરો મંદિરમાં બેઠો બેઠો માહિષ્મતીનો લાડકો થઈ ગયો છે. ’ સહસ્રાર્જુને જાળ પાથરી. મૃગા સપડાઈ ગઈ.

‘ હા ! ગુરુદેવને મેં અપનાવી લીધા છે. એમને મૃકુંડનું ગુરુપદ જોઈતું નથી. એમને લીધે લોકો પણ બદલાઈ ગયા છે. રોજ તોફાન કરતા તે ગરીબ ગાય જેવા થઈ ગયા છે. ’

‘ એમ ? ’

‘ હા ! મેં પણ એમની જોડે ખૂબ વાતો કરી છે. આપણને

મદદ કરવાનું એમણે વચન આપ્યું છે. આપણા યુવકો એ કેળવી આપશે. સરસ્વતીથી રેવા સુધી આપણું રાજ્ય કેમ સબળ થાય એનો એ વિચાર કરી રહ્યા છે.'

'પછી?' હોઠ બીડી સહસ્રાર્જુને પૂછ્યું.

'તમારા આવવાની વાર હતી. તમે માત્ર હૈહયસંઘના ચક્રવર્તી નહીં પણ સમસ્ત આર્યાવર્તના ચક્રવર્તી થાઓ એટલી જ વાર છે.'

'ને આ બધી કૃપા માટે એને શું જોઈએ છે?'

'કાંઈ નહીં.'

'એમ? ને તારે શું જોઈએ છે?' સહસ્રાર્જુને મડમાં પૂછ્યું.

'મારે શું જોઈએ? તમે મને શું ઓછું આપ્યું છે?

ખંધો સહસ્રાર્જુન હેતનો કટકો બની ગયો. 'આવે પ્રસંગે તારે કાંઈ માગવું જોઈએ. મારે માટે તું આટઆટલી મહેનત ઊઠાવે! ધનભાગ્ય મારાં, કે તારા જેવી મને મળી. માંગ. માંગ. માંગ. મૃગા, માંગ.' હેતથી સહસ્રાર્જુને મૃગાના વાળ સમાર્યા.

ચકોર મૃગા પણ ઉત્સાહના આવેશમાં ભાન ભૂલી ગઈ. 'તમે મારું સર્વસ્વ છો. તમારું રાજ્ય તપે એ સિવાય મારે શું જોઈએ? ને —'

'ને શું? ખંચા નહીં. માંગ. જે માંગશે તેની ના નહીં કહું.'

'તો —'

'તો —'

'તો અગ્નિસાન્નિધ્યે મારું પાણિગ્રહણ કરો. —'

સહસ્રાર્જુનનો સંયમ જતો રહ્યો. ક્રોધ ને દ્વેષથી એનું મોં વિકૃત ને ભયંકર થઈ ગયું, અને તેમાંથી હિંસક ઘુરઘુરાટ નીકળ્યો.

'દુષ્ટા!' ક્રોધથી ગૂંગળાતાં સહસ્રાર્જુને બરાડો માર્યો. મૃગા ગભરાટથી અવાક બની ગઈ. 'નીચ! કુલટા! ભિખારી! રસ્તામાં રઝળતી હતી ત્યાંથી ઊઠાવીને આ બધું આપ્યું તે ઓછું પડયું? આ કોણે શીખવ્યું? પેલા મારા વેરીએ? ને હવે તેની થઈ બેઠી?'

તેણે મૃગાને થાપટ મારી, પાટ પરથી ફેંકી દીધી. 'તમે, બે જણ સામંતો વશ રાખશો, જંગલો ભેદશો, નવું આર્યાવર્ત બનાવશો— ને હું તમારો ઢીંગલો બની ચક્રવર્તીપદ ભોગવીશ, એમ ? હવે આ ભાર્ગવની ભક્તિ તને કેમ થઈ આવી તે મને સમજાયું. મારી જોડે લગ્ન કરવું છે ? તારે ? રખડેલ.' અને સહસ્રાર્જુને ભોંયે પડેલી સૂજેલે મુખે રડતી મૃગાને જોરથી લાત મારી. 'મારા રાજ્યમાં — હું જીવતે છતે — તારે રાજ્ય કરવું છે ? ઊભી રહે, હમણાં બતાવી આપું છું.'

સહસ્રાર્જુનના ક્રોધનો મૃગાને આ પહેલો અનુભવ નહોતો. ગુસ્સાના આવેશમાં તેના બોલવાનું ઠેકાણું રહેતું નહીં. પણ એ રખડેલ હતી, અને તેની રાખ હતી તેનું સ્મરણ તેણે કદી કરાવ્યું નહોતું. આજે આ શબ્દો સાંભળી મૃગાને આઘાત થયો અને તે આક્રંદ કરવા લાગી.

'ચૂપ કુલટા !' તેણે ફરી લાત મારી. 'હમણાં હું તને પૂરો પડું એમ છું.' તેણે તાળી પાડી એક અનુચરને બોલાવ્યો.

'સેનાપતિ તાલબાહુને બોલાવ.'

તાલબાહુ આવ્યો, અને હાથ જોડી ઊભો.

'તાલબાહુ' સહસ્રાર્જુને ઝનૂની અવાજે કહ્યું. 'બધા નાયકોને ગઢમાં ભેગા કરો. સૈનિકોની ટુકડીઓ નગરની ચારે તરફ મોકલી આપો. મારા હુકમ વિના કોઈ પણ ગામ બહાર જાય તેનો વધ કરી નાંખો.'

તાલબાહુ ચક્રવર્તીની લોહિયાળ આંખો જોઈ વિસ્મય પામ્યો.

'જેવી આજ્ઞા.' તે બબડ્યો.

'અને તું પશુપતિને સ્થાનક જઈ પેલા ભાર્ગવને બોલાવી લાવ. કહેજે કે સહસ્રાર્જુન આપને નિમંત્રે છે, ગઢમાં આવવાની કૃપા કરો.' તેણે તિરસ્કારથી કહ્યું. 'અને અહીંયાં આવે એટલે એને

પકડીને અહીંયાં લઈ આવજે. ને પેલી એની સ્ત્રીના પર કોઈ નજર રાખે.'

શંકાશીલ હૃદયે તાલબાહુએ કહ્યુ. 'જેવી આજ્ઞા.'

'ને તું, દુષ્ટા!' ચક્રવર્તીએ મૃગાને કહ્યું. 'જો અહીંયાંથી ગઈ છે તો તારો જીવ લઇશ.' એક લાત ફરી લગાવી તે ત્યાંથી ગુસ્સાભેર ચાલી ગયો.

૭

સહસ્રાર્જુને સ્થાનક છોડયું એટલે ભાર્ગવે ભગવતીને પાસે બોલાવ્યાં 'સહસ્રાર્જુન આપણો ઘાટ ઘડી રહ્યો છે. એના હૈયામાં ખૂબ દ્વેષ છે.'

'શું ધારો છો એ કરશે?'

'આપણે શું કરવું તે મને સ્પષ્ટ દેખાય છે. તું ને વિમદ ભૃગુને અખાડે જઈ ઘોડાઓ કેળવો. એ કાંઈ પણ કરવાનું નક્કી કરે એટલે તમે અહીંયાંથી નીકળી નાસશો.'

'ને તમે? હું તમને છોડીને કેમ જાઉં?'

'તમે નહીં હશો તો હું વધારે નિર્ભય બનીશ.'

'અહીંયાં રહીને શો લાભ?' વિમદે માનથી પૂછ્યું.

'વિમદ! મારું સ્થાન તો અહીંયાં જ, હું હમણાં નહીં ખસું. મારી ચિન્તા કરશો નહીં. તમે હશો તો હું તમારાથી રક્ષાયેલો રહીશ. તમે નહીં હશો તો મારો વાળ કોઈ વાંકો કરી શકે એમ નથી.'

'ભાર્ગવ! હું તમને છોડીને કેમ જાઉં?' ભગવતીએ દયામણે અવાજે પૂછ્યું.

'ભગવતી! તારે તો ભાર્ગવો ને યાદવોને જરૂર પડે આર્યાવર્ત સહીસલામત લઈ જવાના છે. મહીપર ભદ્રશ્રેણ્ય બેઠો છે. તેને સાથે લઈ પ્રતીપને મળતાં વાર નહીં લાગે. જરૂર પડે હું આવી મળીશ.'

ભાર્ગવનો નિર્ણય બંનેએ મૂગે મોંઢે સ્વીકાર્યો, અને તેને પાર ઉતારવા વિચાર કરી રહ્યા. પછી વિમદ ભૃગુઓને અખાડે ચાલી ગયો.

થોડીવારે ગુરુ મૃકુંડ આવ્યા. તેમનું મુખ ફિક્કું હતું, અને હોઠ કાંપતા હતા. ભાર્ગવ સમજી ગયા અને ઊઠીને તેમની પાસે ગયા.

'કેમ શું છે?'

'મરી ગયા!' મૃંકડે કહ્યું.

'સહસ્રાર્જુન ગુસ્સે થયા છે?' ભાર્ગવે પૂછ્યું

'હા! હમણાં જ મૃગારાણીનો સંદેશો આવ્યો છે. સેનાપતિ તાલબાહુ આપણુ બન્નેને તેડવા આવે છે. ચક્રવર્તીના ગુસ્સાનો પાર નથી. આપ બંને ભયમાં છો. માહિષ્મતીથી નાસી છૂટો.'

'એ સંદેશાની તો હું વાટ જોઈને બેઠો હતો.' ભાગર્વે કહ્યું.

'ગુરુદેવ!' મૃકુંડે હાથ જોડયા. 'તો જતા કેમ નથી? આ ઉંમરે કુલપતિની હત્યા મારી આંખે જોવાની રહી છે?' વૃદ્ધની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં.

'મારી હત્યા કરનારો કોઈ પાકયો નથી. લોમા!' ભાર્ગવે કહ્યું 'હવે વિલંબ ન કર.'

'ભાર્ગવ!' ગદ્‌ગદ કંઠે ભગવતી બોલ્યાં.

'ભગવતી, વખત વાત કરવાનો નથી. જા!' ભાર્ગવે તેના ખભા પર હાથ રાખ્યો. પલવારમાં ભગવતી દોડી ગયાં, પાસે બાંધેલા ઘોડા પર ચઢી બેઠાં, અને સાશ્રુનયને વિદાય માંગતાં અદૃશ્ય થઈ ગયાં. ભાર્ગવે હાથ ઊંચો કરી આશિષ દીધી.

'ગુરુદેવ! મારું શું થશે?' મૃકુંડે કહ્યું.

'કાંઈ થવાનું નથી. અધર્મનો વિનાશ થશે, બીજું શું?' ભાર્ગવ હસ્યા.

મૃકુંડ બેસી ગયા. 'ગુરુદેવ! વચ્ચે મને લાવશો નહીં.'

ભાર્ગવ ખડખડ હસ્યા. 'આટલે વર્ષે પણ હજી જીવ વહાલો છે?'

એક શિષ્ય દોડતો આવ્યો. 'ગુરુદેવ, સેનાપતિ તાલબાહુ

આપના દર્શન માટે આવ્યા છે.'

'જરૂર, બોલાવ. હું મળવા ઉત્સુક છું.'

'ભલે આવ્યા. હું જાઉં છું.' માથું ધુણાવતા મૃકુંડ પોતાના આશ્રમમાં ચાલી ગયા.

ઊંચો, વિશાળવક્ષ, ભયજનક તાલબાહુ ખેદભર નયને સ્થાનકમાં આવ્યો ને ભાર્ગવને પગે લાગ્યો.

'શત શરદ જીવજો, સેનાપતિ!' ભાર્ગવે આશીર્વાદ દીધા ને સેનાપતિને ઉઠાડયો.

'ગુરુદેવ, ચક્રવર્તી આપને નિમંત્રે છે. કૃપા કરીને ગઢમાં પધારો.'

'હું નિમંત્રણની જ વાટ જોતો હતો. પણ આ કામ તમારા જેવા પાસે કરાવશે એમ મેં નહોતું ધાર્યું.' કહી ભાર્ગવે પરશુ હાથમાં લઈ ચાલવા માંડયું.

તાલબાહુ ગુરુદેવને જોઈ રહ્યો. એના ઘડાયલા હૈયામાં પણ પૂજ્યભાવભર્યા હેતનો સંચાર થયો હતો. 'આ ગુરુએ માહિષ્મતીને નવો રંગ ચઢાવ્યો હતો. શા માટે સહસ્રાર્જુન આટલો ખૂન-તરસ્યો થયો હતો? ને કેવો વીર! એક પળ પણ ખંચાયા વિના એ વાઘના મોંમાં ધસવા તૈયાર થયો. પોતે એને બચાવી ન શકે? પળવાર એને ચેતવણી આપવાનું સેનાપતિને મન થયું. પણ તે દુનિયાનો ખાધેલ હતો. ભદ્રશ્રેણ્યના અસ્તથી તે ચક્રવર્તીનો માનીતો થયો હતો. પોતાનું ભવિષ્ય એ જોખમમાં નાંખવા માગતો નહોતો. તે મૂંગે મોઢે પાછળ પાછળ સ્થાનકની બહાર આવ્યો.

'સેનાપતિ!' ભાર્ગવે કહ્યું. 'તમારાં પરાક્રમોની વાત ઘણીવાર ભદ્રશ્રેણ્ય કરતા.'

તાલબાહુની સ્વાર્થવૃત્તિ ઓસરી જવા લાગી.

'યાદવરાજના તો મારા પર ચાર હાથ હતા.' પ્રૌઢ યોદ્ધાના ગળામાં આંસુઓ સંભળાયાં. તે ઊભો રહ્યો. 'ગુરુદેવ, એક યાચના કરું?'

'શી ?'

'આશ્રમને પાછલે બારણેથી ભૃગુઓને અખાડે જવાય; ત્યાંથી અંધારા પહેલાં માહિષ્મતીથી બહાર પણ જવાય. આપનો ઘોડો ત્યાં અધીરો ઊભો દેખું છું. સ્થાનકની બહાર મારા માણસો છે. પછી કાંઈ નહીં થાય. હમણાં તો મારી આંખો બંધ સમજજો.'

ભાર્ગવે હસીને હેતથી તાલબાહુને ખભે હાથ મૂક્યો. 'વીરોમાં શ્રેષ્ઠ ! મારે તમારી આંખો બંધ નથી રાખવી, ઉઘાડવી છે. તમારા જેવા મારા બધા જ શિષ્યો મને મારવા તૈયાર થશે તો પછી મારું જીવ્યું શા કામનું ?'

'પણ ક્રોધમાં ચક્રવર્તી શું કરે તે કહેવાય નહીં.'

'એનો ક્રોધ તો મારે જીતવો જ રહ્યો.'

તાલબાહુ મૂંગો રહ્યો. ગુરુદેવ બચી જાય તો પશુપતિને સો ગાયો અર્પણ કરવાની તેણે બાધા લીધી.

સહસ્રાર્જુન પ્રચંડ ગદા લઈ આમથી તેમ ફલંગ મારતો હતો. ઝનૂનમાં એની આંખો ચકર ચકર ફરતી હતી. એના હાથની શિરાઓ કાંપી ઊઠી હતી.

એની સામે દૈવી અધિકારમાં અભેદ્ય ભાર્ગવ ઊભા હતા. એમના હાથ પાછળથી બાંધ્યા હતા. પગે પણ દોરડાં બાંધ્યાં હતાં. હાથમાં ખડ્ગ લઈ આઠ જણ એમની આસપાસ ઊભા હતા. પાસે તાલબાહુ ઊભો હતો.

'છોકરા, હવે તારું આવી બન્યું છે.' સહસ્રાર્જુને કહ્યું. 'એક વાર–બે વાર–ત્રણ વાર મેં તને જવા દીધો. ધો. મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય. હવે નહીં છોડું.' એના વિકરાળ ડોળામાં લોહી તરી આવ્યું હતું.

ભાગર્વનું એકે રૂંવાડું ફરક્યું નહોતું. માત્ર એની આંખમાંથી તેજની સરિતાઓ વહેતી હતી.

'કૃતવીર્યના પુત્ર !' તેમણે ધીમી સ્પષ્ટતાથી કહ્યું. 'તું બાંધનારને

છોડનાર કોણ? તું ગાંડો થઈ ગયો છે. ગુરુને બાંધનાર બંધો તને નાગને વિષે ડંખશે.'

'તું મારો વિનાશ કરશે?'

'તું તારે હાથે જ તારો વિનાશ કરી રહ્યો છે.'

'ચૂપ કર!' સહસ્રાર્જુને બરાડો માર્યો 'તું મારી ને લોમાની વચ્ચે આવ્યો. તેં ભદ્રશ્રેણ્યને મારો દ્રોહી બનાવ્યો. તેં મારા શાર્યાતોને માર્યા. મૃગાને મારી વેરી બનાવી. તું—તું ઝેરી નાગ જેવો છે.'

'અર્જુન! હું તો તારો ને તારા કુળનો ગુરુ છું. તને હું તારવા મથું છું. પણ તારી આંખે અંધાપો છે, હું શું કરું?'

'તું મને તારવા આવ્યો છે?'

'તને ઉદ્ધારવો એ મારો પરમ ધર્મ છે.'

'મારે તારો ઉદ્ધાર નથી જોઈતો.'

'અર્જુન! સમજ ને સંયમ રાખ. હું તને ઉદ્ધારનો પંથ બતાવવા આવ્યો છું. તું ત્રાસથી પ્રજાને વશ રાખે છે. હું તેને પ્રેમઘેલી કરી શકું છું. તું કલહ કરી શકે છે. હું તને શાંતિની શક્તિ આપી શકું છું. તું અંધકારમાં રાચે છે, હું વિદ્યા શીખવી શકું છું. આ જંગલી રાજ્યચક્ર છોડ. મારું માન. હું તને ધર્મથી સુરક્ષિત રાજ્ય અપાવું, ચાલ.'

સહસ્રાર્જુન કઠોરતાથી હસ્યો: 'તું શું મને અપાવતો હતો? હું તને કાગડા કૂતરાને મોતે મારીશ.'

'તું એક સળી ખસેડી શકે એમ નથી.' ભાર્ગવે સખ્તાઈથી કહ્યું.

'તું મરવા બેઠો છે તે તને કોણ રોકે એમ છે? તારા દાદાએ મહાઅથર્વણનો શાપ વહોર્યો હતો. આજે તું મારો વહોરી રહ્યો છે. તું તારા પાશવ મદમાં મસ્ત છે; તારી સ્વેચ્છાને ધર્મ માની બેઠો છે. કાર્તવીર્ય, હું તને શાપ આપું છું—'

હૈહયો કાંપ્યા. ગદા ઉપાડી સહસ્રાર્જુન આગળ ધસ્યો. 'તું મને શાપ આપે છે?'

ભાર્ગવ એક ડગલું આગળ આવ્યા. એમની આંખમાંથી અગ્નિની જ્વાળાઓ નીકળી ને સહસ્રાર્જુનને દઝાડી રહી. તે એકદમ પાછળ ખસ્યો ને તેની આંખમાં ભય પેઠો.

'તું મરશે—કૂતરાને મોતે: તારા હૈહયો મરશે, જંગલે જંગલે ભટકીને. તારું નામ રહેશે–કાલાન્ત સુધી મનુષ્યોમાં પિશાચરૂપે.' ભાર્ગવનો અવાજ ઉગ્રતામાં કંપાયમાન બધાના હૈયામાં ભયંકર પ્રતિશબ્દ કરી રહ્યો.

અર્જુનના મોંઢામાંથી ફીણ નીકળ્યાં. તેણે વિનાશક ઝનૂનથી બધા તરફ જોયું: હૈહયોના મુખ પર ભય હતો. એક સૈનિકના હાથમાંથી ખડ્ગ પડી જતું જોયું. તાલબાહુ વચ્ચે પડવા તત્પર ઊભો હતો. ભદ્રશ્રેણ્ય પણ આવી વખતે તેને મારવા આવ્યો હતો તેનું સ્મરણ થયું.

'જા, જા!' ભાર્ગવે ગર્જના કરી. 'હું તને ઉદ્ધારવા આવ્યો પણ તેં મારો હાથ નહીં ઝાલ્યો. જા—જા અધોગતિમાં—જ્યાં ચાંડાળ પણ ન જઈ શકે ત્યાં.'

સહસ્રાર્જુનની આંખ પર ઝાંખી વળી. ભાર્ગવની આંખો એને કોરતી હતી. નિષ્ફળતાએ એના હૈયામાં વાસ કર્યો. જ્યારે એ ભાર્ગવને મારવા જતો ત્યારે એનું કોઈ નહોતું. જે હાથે એણે ગદા સાહી હતી, તે હાથ શિથિલ થઈ ગયો.

'તાલબાહુ, એને લઈ જા. એને હમણાં ભોંયરામાં કેદ કર! જો ભાગી જાય નહીં.' અને હાંફતો હાંફતો સહસ્રાર્જુન ત્યાંથી ચાલી ગયો.

તાલબાહુ ભાર્ગવને ભોંયરામાં લઈ ગયો.

'ગુરુદેવ!' તેણે માનથી કહ્યું. 'બંધ ઢીલા કરું?'

'જેવી તારી ઇચ્છા.'

'જરૂર પડે તો હુ બહાર ઊભો છું.'

ભાર્ગવના મુખ પર મંદ હાસ્ય છવાઈ રહ્યું.

થોડીવારે મૃગારાણી ને તાલબાહુ ભોંયરામાં આવ્યાં. રાણીનું

મોં સૂજેલું હતું.

'ગુરુદેવ ! ગુરુદેવ !' મૃગા કરગરી પડી 'આ શું કર્યું ? સહસ્રાર્જુનને શાપ આપ્યો ! આવા આવેશમાં આવે છે ત્યારે એ ગાંડા થઈ જાય છે. પણ આપે શું કર્યું ? ક્ષમા કરો ! ક્ષમા કરો !'

'મૃગારાણી, જેને કાળના મોંમાં જવું છે તેને તમે કેમ બચાવી શકશો ?'

'ગુરુદેવ ! એમનો આવેશ શમશે એટલે હું સમજાવી લઈશ, હું પગે પડીશ. તાલબાહુ પગે પડશે.'

'રાણી,' ભાર્ગવે કહ્યું 'એ તો મૂર્તિમાન અધર્મ છે. એનો તો વિનાશ સર્જાયો છે.'

મૃગા રડી પડી. 'તો એક કામ તો કરો. આપ અહીંયાંથી જતા રહો. એ ક્રોધથી આંધળા બન્યા છે. કઈ વખતે શું ય કરી બેસે તે કોણ કહી શકે ? ગુરુહત્યામાંથી તો એમને ઉગારો. મારે ખાતર. એ મારા શ્વાસ અને પ્રાણ છે. એને ઉગારો. ગુરુદેવ, તમે ચાલી જાઓ. હું રસ્તો બતાવું. હું તમારે ચરણે પડું છું.' કહી મૃગા ભાર્ગવને પગે પડી.

'હું તો તમારો ગુરુ છું. તમે મને છોડી જાઓ, હું કેમ તમને છોડી જાઉં ? મને આ મારશે તો મારા લોહીનાં ટીપેટીપામાંથી હૈહયોનો ઉદ્ધારક પાકશે.'

'ભગવતી તો જતાં રહ્યાં. આપ થોડા દહાડા તો જતા રહો.'

'મને કહેવું નિરર્થક છે. સહસ્રાર્જુન પૃથ્વી ભારે કરી રહ્યો છે. એનો ઉદ્ધાર નથી—સંહાર સિવાય એને માટે રસ્તો નથી.'

'પણ એ આપને કંઈ કરી બેસશે.'

'—તો હૈહય માત્ર એનો જીવ લેશે.'

'એનો જ મને ડર છે.' મૃગાએ ભાર્ગવના પગ પકડ્યા. 'થોડા દહાડા આપ જતા રહો. એમનો ગુસ્સો શમશે, એટલે હું મનાવીશ. ગુરુદેવ ! આ પાપિણી—ને ખાતર.'

'હું ચોરની માફક નહીં જાઉં.'

'હમણાં થોડીવારમાં અંધારું થશે. હું હોડી તૈયાર રખાવું છું, તેમાં ચન્દ્રતીર્થ ચાલ્યા જાઓ. થોડા દહાડામાં એ આપને પાછા બોલાવે એવું હું કરીશ. મારામાં વિશ્વાસ રાખો. આ હૈહય-યોદ્ધાઓ પણ એ જ વિનંતિ કરી રહ્યા છે. તાલબાહુને પૂછો. આપને કંઈ થશે તો હૈહયો કાંઈનું કાંઈ કરી મૂકશે.'

'ગુરુદેવ!' તાલબાહુએ હાથ જોડી કહ્યું 'અમે નક્કી કર્યું છે કે આપનો વાળ વાંકો નહીં થવા દઈએ. પણ આ આવેશમાં ચક્રવર્તી શુંય કરે. તે પછી કોઈ હાથમાં નહીં રહે.'

'તમારી પણ ઇચ્છા હોય તો હું થોડા દહાડા ચન્દ્રતીર્થ જઇશ.'

૮

સહસ્રાર્જુને એના નાયકોને ગઢના ચોગાનમાં ભેગા કર્યા. તુંડીકેરા જાતિનો રાજકુંવર—રુરુ—રાક્ષસ જેવો બિહામણો તુંડીકેરા નાયકોને લઈ એક તરફ ઊભો હતો. સહસ્રાર્જુને હૈહય નાયકોનું મન પારખી લીધું હતું અને રુરુને પોતાનો જમણો હાથ બનાવી દીધો હતો. સેનાપતિ તાલબાહુ અને હૈહય સેનાનાયકો પણ ચક્રવર્તીનો અવિશ્વાસ પામી ગયા હતા, અને રુરુ તરફ દ્વેષથી જોતા હતા.

સહસ્રાર્જુન ઉગ્ર અને વિકરાળ લાગતો હતો. તેણે નાયકોને કહ્યું: 'આ ભૃગુઓ અહીંયાં મારું રાજ્ય લેવા ભેગા થયા છે. આ છોકરો ગુરુ નથી, આપણો વેરી છે.' તાલબાહુ ને સેનાનાયકોએ એક બીજાની સામે જોયું. 'એને હું પૂરો કરીશ. તાલબાહુ! એને બરોબર પૂર્યો છે ને?'

'હા, અન્નદાતા.'

'અંધારું થાય એટલે તમારી ટુકડીઓ લઈ ફરી વળજો. જે ભૃગુ મળે તેનો શિરચ્છેદ કરજો. એક પણ પુરુષ, સ્ત્રી કે છોકરાં છટકી ન જાય. ભાર્ગવોએ શાર્યાતોને નિર્વંશ કર્યા. હું હવે ભૃગુઓને

નિર્મૂલ કરીશ.'

કોઈ બોલ્યું નહીં.

'ગુરુ મૃકુંડ ક્યાં છે?'

'હમણાં આવે છે.' તાલબાહુએ કહ્યું.

'એને ને એના શિષ્યોને છોડશો નહીં. એ તો હું કહીશ તેમ કરશે.' ચક્રવર્તી વિનાશોત્સાહમાં હાથ ઘસવા લાગ્યો. 'કાલે સવારે ખબર પડશે કે સહસ્રાર્જુન કોણ છે!'

એટલામાં બે નાયકો મૃકુંડને તેડીને આવ્યા.

'આવો ગુરુજી!' સહસ્રાર્જુને તિરસ્કારથી આવકાર આપ્યો. 'આ ગઢની બહાર તમારે જવાનું નથી. ને પેલી લોમા ક્યાં?'

નાયકે હાથ જોડ્યા. 'સેનાપતિ ભાર્ગવને તેડવા આવ્યા ત્યારે એ ત્યાં નહોતાં. અત્યાર સુધી વાટ જોઈ, પણ હજી નથી આવ્યાં.'

સહસ્રાર્જુને પોતાના ખડ્ગની મૂઠ પેલા નાયકના મોઢામાં મારી. 'તો શું મોઢું લઈ ને પાછો આવ્યો. જો મારા હાથમાંથી એ છટક્યા છે તો હું જીવ લઈશ.'

'રુરુ! બધે ફરી વળ. લોમાને આ વખતે મારા હાથમાંથી નથી જવા દેવી.'

હૈહય નાયકો મૂંગા ઊભા, અસંતુષ્ટ ને અતડા. સહસ્રાર્જુન એકથી બીજા તરફ ઘુરક્યાં કર્યો.

આથમતાં લાલ સૂર્યનાં કિરણો સામેના કાંકરા પર પડવા લાગ્યાં. 'જો! જો! ધ્યાન રાખજો. એ રામ ભાર્ગવનું નામ કે નિશાન નહીં રહેવા દેતા.........' અને સહસ્રાર્જુન ગાંડો થઈ ગયો હોય તેમ કાંગરા તરફ ડોળા ફાડી જોઈ રહ્યો. બધાની નજર તે તરફ વળી.

કોટના કાંગરા પર આથમતાં સૂર્યનાં કિરણોએ તેજપૂંજ રચ્યો હતો. તેમાં એક પરશુ દેખાઈ. સૂર્યકિરણો તેમાંથી પાછાં તેજ મારતાં. પછી જટા દેખાઈ, પછી કદાવર શરીર. કોઈની આંખ પલક

મારતી નહીં.

ભાર્ગવ કાંગરા પર ઊભા. એમના મુખ પર સહસ્ર સૂર્યનો પ્રકાશ ઓપતો. એમની પરશુમાંથી કિરણો ચમકતાં. એમનું કદાવર શરીર આથમતાં પ્રકાશમાં ગગનને સ્પર્શતું દેખાયું.

બધા જોનારનાં હૈયાં થંભી ગયાં. સહસ્રાર્જુનના હાથમાંથી ખડ્ગ પડી ગયું.

ધીમે ડગલે અને ભભૂકતી આંખે ભાર્ગવ કાંગરા પરથી નીચે ઊતર્યા, ને મૂક નાયકોના સમૂહ વચ્ચે થઈ ગઢમાંથી બહાર પડચા.

તે ગયા એટલે બધાંએ આંખ ચોળી. ભયંકર ચમત્કારનો ધાક એમના હૈયામાં વસ્યો.

સહસ્રાર્જુન પહેલો ભાનમાં આવ્યો. તેણે બરાડો માર્યો 'શું જુઓ છો. પકડો પકડો !' કોઈ ખસ્યું નહીં.

'તાલબાહુ, જો એ ભોંયરામાં છે કે છટકી ગયો ?' તાલબાહુ ખસ્યો. ધાકથી સેવેલાં મૌનનો એકાએક ભંગ થયો. બધાં બોલવા ને દોડવા માંડ્યાં. સહસ્રાર્જુન દોડતો કાંગરાપર ચઢી ગયો. અંધારું થવા આવ્યું હતું. પશુપતિના સ્થાનકના ઝાડોની છાંય તરફ એક પડછાયો ધીમે ધીમે વિરાટ થતો જતો હતો.

સહસ્રાર્જુન જોઈ રહ્યો; જાણે ભોંય સાથે જડાઈ રહ્યો હોય તેમ.

૨. ગુરુ ડક્કનાથ અઘોરી

૧

સહસ્રાર્જુનના હૃદયમાં વસેલો ધાક થોડી વારમાં જતો રહ્યો. પોતે ધાક ખાઈ ગયો તેના પત્યાઘાતરૂપે પ્રચંડ કોપ તેને માથાથી પગ સુધી બળ્યો ઝળ્યો કરી રહ્યો. નબળો માટી બૈયર પર શૂરો થાય તેમ આ બધી મૂંઝવણ ને અપમાનનું મૂલ તેને મૃગામાં દેખાયું.

મૃગાએ ભદ્રશ્રેણ્ય ને ભાર્ગવ બન્નેને ફટવ્યા. એણે જ તેમને અહીંયા માનભેર બોલાવ્યા. ભદ્રશ્રેણ્ય મરી ગયો તેની પણ ખાત્રી નહોતી; એણે જ સંતાડ્યો હોય તો નવાઈ નહીં. ભાર્ગવની પૂજા પણ એણે જ પ્રચલિત કરી. એણે જ ભાર્ગવને ગુરુ સ્થાપી તેની પટરાણી થવાની દુષ્ટ નેમ સાધી હતી. એની જ મદદ વડે ભાર્ગવ અત્યારે છટકી ગયો. સહસ્રાર્જુનને સમજાઈ ગયું કે આ કુલટા ભાર્ગવના મોહપાશમાં પડી હતી.

મૃગાનું આખું જીવન એની નજર આગળ ખડું થયું. એ સોળ વર્ષનો હતો ત્યારે મિત્રો સાથે મોજની શોધમાં એ ગમે ત્યાં રઝળતો ને વિષયતૃપ્તિનાં અધમોધમ સાધનો શોધતો. પ્રચંડ વિષયવાસનાથી પ્રેરાયલા રાજકુંવરને હજુરિયા પાપાચારની અકલ્પ્ય બારાખડી ઘૂંટાવતા.

તે વખતે એને મૃગા મળી, બાર વર્ષની, રૂપાળી, મદમસ્ત, એ ઉમ્મરે પણ વિલાસની ઉત્કટ કલામાં પાવરધી.

અર્જુનને એ છોકરીનો મોહ લાગ્યો. એ બાલિકાના સ્વભાવમાં એની દરેક વાસનાનાં પ્રતિબિંબો ફેંકવાનું વૈવિધ્ય હતું. તે ચતુર હતી, પાકી હતી, એની નીચતા, ખંધાઈ ને દ્વેષ તે જરૂર પડે તો પોષી શકતી. તેની વિલાસભૂખ શમે એવી નહોતી. સોળ વર્ષે સહસ્રાર્જુન અતુલ શક્તિ ને મસ્તીનો ધણી હતો, છતાં આ છોકરીના કામાગ્નિ આગળ તે મીણની જેમ પીગળી ગયો.

જુવાનીમાં એના સ્વચ્છંદને કોઈ રોકી શકે એમ નહોતું—ભદ્રશ્રેણ્ય સિવાય. પણ મૃગાના વિષયમાં તેનું કાંઈ ચાલે એમ નહોતું. ઉજાડુ છોકરાઓની સોબતમાં, આ છોકરીની પ્રેરણાથી, સહસ્રાર્જુન ન કલ્પાય એવાં તોફાનો કરતો, ને મોજો ઉડાવતો. પળની ગમ્મત માટે તે લોકોનાં ઘર ફાડતો, સ્ત્રીઓને ઉપાડી જતો, નિર્દોષોનો જીવ લેતો. દિવસ ને રાત એ ને મૃગા ગમે તે કરતાં અને અણકલ્પ્ય ક્રીડાઓથી રેવાને અભડાવતાં. સહસ્રાર્જુને અનેક સ્ત્રીઓ ભ્રષ્ટ કરી, પણ મૃગાને તે છોડી શક્યો નહીં. મૃગાના પ્રકાશમાં મહાલ્યાં પછી બીજી સ્ત્રીઓનો સંગ તેને આગિયાના તેજ જેવો ચંચળ ને ક્ષુદ્ર લાગ્યો.

મૃગાની મોહિનીમાંથી બચાવવા એક વાર ભદ્રશ્રેણ્ય એને સૌરાષ્ટ્ર લઈ ગયો, અને એનાં અભિમાન ને વાસના સંતોષવા બધાં સાધન પૂરાં પાડ્યાં. છતાં અગિયારમે દહાડે બધાંને છોડીએ એકલો માહિષ્મતી આવી ગામને છેડે રહેતી મૃગાને કોટે વળગ્યો ત્યારે એના જીવમાં જીવ આવ્યો.

સહસ્રાર્જુન મૃગાને મળી ન શકતો ત્યારે શિથિલ, હતવીર્ય ને નિરુત્સાહી થઈ જતો. મૃગા અર્જુનને સહસ્રાર્જુન થવાની શ્રદ્ધા આપતી. તેની તોફાની આંખો, તેનું મોહક હાસ્ય, તેના શરીરમાંથી નીતરતી મોહિની એને દેવ જેવો બનાવી દેતાં. ઘણીવાર એ મૃગાને મારતો, તેની સાથે લડતો, ખટપટ ને કાવાદાવાના પેંતરા રચતો, અને ન માણી હોય એવી મોજો શોધતો ને કરતો. પણ આ તોફાનનો નશો ઊતરે ત્યારે તે થાકીને ઢગલો થઈ જતો. પણ થાક્યો

પાકચો તે અડધી ઊંઘમાં પાસે પડેલો તેનો ચોટલો હાથમાં લઈ તેમાં આંગળીઓ સેરવતો ત્યારે જ જગતનું સ્વામિત્વ એનું છે તેની એને પ્રતીતિ થતી.

મૃગામાં અતૃપ્ય કામવાસના હતી તે સહસ્રાર્જુન જાણતો. એ પોતે માહિષ્મતીથી દૂર જાય ત્યારે તે કોની સાંથે મોજ કરતી હશે એ વિચારે તે વિહ્વળ બનતો. મૃગાની મોજોની વાત કાને આવતી ત્યારે ઘણીવાર ખડ્ગ લઈ તેનો ને તેના પ્રણયીનો શિરચ્છેદ કરવા તે જતો. પણ દરેક વખતે તેને જોતાં, તેના શરીરની પરિચિત સુવાસ સૂંઘતાં, તેના નેત્રતેજમાં લપેટાઈ જતાં, એના હાથમાંથી ખડ્ગ પડી જતું. ગુસ્સામાં એ તેને મારતો અને મારેલા મારની વેદના તેને ચુંબનો કરી મટાડતો.

મૃગા સહસ્રાર્જુનની રાખ નહોતી, પણ તેની ગુરુ હતી. જ્યારે એ રાજકારભારમાં પડચો ત્યારે તેની ગૂંચો પણ તે ઉકેલી આપતી થઈ. અભિમાની ને ઉછાંછળા ભાણેજની મુત્સદ્દીગીરીનું મૂળ કોણ હતું તે ભદ્રશ્રેણ્યને શોધતાં વાર લાગી નહીં. મૃગામાં સહસ્રાર્જુનના વિષનો ઉતાર તેણે પારખ્યો, અને તેને સુરક્ષિત સ્થાન અપાવ્યું, અને તેનો પરિચય કેળવ્યો. એક વર્ષે એ મુત્સદ્દીએ મૃગાને સહસ્રાર્જુનની અપરિણીત પટરાણી, મિત્ર ને મહામંત્રી તરીકે સ્વીકારી અને તેની એકનિષ્ઠ બુદ્ધિ અને મહત્ત્વાકાંક્ષાને ભાણેજની ઉન્નતિ સાધવાને ઉપયોગમાં લીધાં.

આ બધું સહસ્રાર્જુન જાણતો. મૃગામાં એને સંપૂર્ણ વિશ્વાસ હતો. તેને લીધે એનું રાજ્યતંત્ર વ્યવસ્થાસર ચાલતું તે એ જાણતો હતો. અને હજી સુધી મૃગાની એકનિષ્ઠામાં એને જરાય કલંક જણાયું નહોતું. અત્યારે એનો બધો વિશ્વાસ ચળી ગયો. આ ભાર્ગવના પ્યારમાં આ સ્ત્રીએ આટલે વર્ષે એને દગો દીધો.

એની કલ્પના આગળ રામ ને મૃગાના વિલાસોનાં ચિત્ર ખડાં થયાં. મૃગાને દેહાંત શિક્ષા કરવાનો દૃઢ સંકલ્પ કરી, જોરથી હાથમાં

ખડ્ગ પકડી તે મૃગાને આવાસે ગયો.

મૃગા એના આવાસમાં સૂજેલું મોં પંપાળતી બેઠી હતી. જુવાનીમાં મૃગાના સ્વભાવમાં પ્રચંડ વિલાસની ભૂખ હતી. તલસાટથી તે તરવરતી. એના અધરને ન વછૂટે એવાં ચુંબનોની મોહિની હતી. એની નીડર આંખોમાં ધૃષ્ટ વ્યવહારની આકાંક્ષા હતી. જ્ઞાનીઓએ સદાય નિંદેલાં સ્રીત્વની એ સત્ત્વ હતી; વિષયી, ભયંકર, સર્વભક્ષી, પ્રત્યક્ષ રાક્ષસીની માફક તે ચિત્ત હરતી, ધન હરતી, વીર્ય હરતી, સર્વસ્વ હરતી. પણ આ શક્તિઓ કેટલાંય વર્ષોથી પરાધીન થઈ પડી હતી. સહસ્રાર્જુનની એ ગુલામ હતી. જંગલી પ્રાણી કોઈ સ્વામીને વશ થઈ તેને સેવે ને સંભાળે, તેમ તે સહસ્રાર્જુનને સેવતી ને સંભાળતી. એમાં એને આત્મગૌરવની મર્યાદા નહોતી. જરૂર જણાય ત્યારે તેની પાસે આકર્ષક યુવતીઓ મોકલી આપતાં ખંચાતી નહીં. એને રાજ્યખટપટ ધન કે પ્રતિષ્ઠાની પરવા નહોતી; જેટલે અંશે સહસ્રાર્જુનનો પ્રભાવ વધે તેટલે જ અંશે તે બધાંને ઝંખતી. કોઈ વાર કોઈની ચંચળ મોહિનીમાં પોતે પણ મોજ કરી લેતી. પણ એની રગેરગ તો હૈહયરાજનાં અતુલ પ્રાબલ્ય વિના સંતોષાતી નહીં.

ભાર્ગવને જોઈ પહેલાં તો એની વિલાસાકાંક્ષા ભભૂકી ઊઠી. એણે આવો મોહક યુવક કદી જોયો નહોતો—પણ પલવાર મોહવશ થઈ હતી છતાં તેને ભાર્ગવનું વ્યક્તિત્વ નિરાળું, અસ્પર્શ્ય ને અપ્રાપ્ય દેખાયું. એના શબ્દો સાંભળી આજન્મ શુદ્રતામાંથી ઉંચકાઈ તે કોઈ અપરિચિત ને ઉન્નત પ્રદેશોમાં વિહરવા લાગી. એ મુખ, એ ગૌરવ, એ નિર્ભયતા, એ તેજસ્વી શરીર એની આંખ આગળ તર્યાં કરતાં; અંધારામાં પણ તે દેખાતાં, સ્વપ્નામાં આવીને ઊભાં રહેતાં. પણ આ તલસાટમાં અવિનય કે વાસના નહોતાં. રખેને ભાર્ગવની મોહિની વાસનાથી ભ્રષ્ટ થઈ જાય એવો અપરિચિત ડર પણ તેને લાગ્યા કર્યો.

એને પળવાર એવા વિચારો પણ આવ્યા હતા કે એ ભાર્ગવ ને

સહસ્રાર્જુનનો સહચાર સાધે, અને પોતે એકની ગુરુભક્તિ અને બીજાના પ્રેમમાં અણધારી આકાંક્ષાઓ સિદ્ધ કરે. પણ આ ધારણા પહેલે પ્રયત્ને મૃગજળ નીકળી. પોતે એક રઝળતી સ્ત્રી હતી; એને વળી પરણવાના કોડ શા? એ કોડ સેવવામાં પોતે મૂર્ખાઈ કરી હતી તેની એને ખાત્રી થઈ. પણ એ પલવારની ઝંખનાએ એને આત્મ-નિરીક્ષણ શીખવ્યું: પટરાણીઓ કરતાં એ શું ઓછી પવિત્ર હતી? એણે શી કમી સેવા કરી હતી, શું ઓછું તાદાત્મ્ય સાધ્યું હતું?

સહસ્રાર્જુન તરફ તેને અણગમો નહોતો થયો. એના ક્રોધમાંથી બચવું ને એને ને બીજાને બચાવવા એ તો એનું રોજનું કામ હતું. અને એનો ક્રોધ ઊતરે એટલે એ જરૂર એની પાસે આવવાનો તેની પણ એને ખાત્રી હતી.

મૃગા સહસ્રાર્જુનને ઉતાવળે પગે ને દ્વેષભર્યા મુખે આવતો જોઈ તેને વશ કરવા તત્પર બની.

'કુલટા! વેશ્યા! રામનો વિચાર કરે છે? એની સાથે મોજો કરી તે યાદ કરે છે?'

'ના, હું તમારો વિચાર કરું છું.' તે પાટ પરથી ઊભી થઈ.

'જૂઠી! લંપટ! મારા વેરીને વશ થઈ મારું કાસળ કાઢવા તૈયાર બની હતી! ને અત્યારે એને નસાડી મૂક્યો!' સહસ્રાર્જુને તેનો ચોટલો પકડી તેને ભોંયે નાંખી.

મૃગા હવે સ્વસ્થ થઈ ગઈ હતી. તે ભોંય પર બેઠી બેઠી બોલી, 'તમારું કાસળ મારે કાઢવું હોત તો આટલી વાર બેસી રહેત?'

'તું રામની થઈ બેઠી છે. હું તારો જીવ લઈશ.'

'રાજન્' બેઠાં બેઠાં મૃગાએ કહ્યું, 'જીવ લેવામાં ક્યાં તમને મુશ્કેલી પડે એમ છે. તમારે ખાતર મેં કેટલાયનો જીવ લીધો છે. આપણે ક્યાં નવાઈ છે?'

સહસ્રાર્જુન ઇર્ષ્યાના નશામાં મૃગાને ઝેરના ઘૂંટડા પાઈ આનંદ લેવા માગતો હતો. 'બોલ, બોલ, કેટલા દહાડા એ ભાર્ગવ

સાથે મહાલી! અહીંયાં કે બીજે? જૂઠું બોલશે તો જીભ ખેંચી કાઢીશ.'

'તમે આંધળા જ રહ્યા.'

'બોલ' સહસ્રાર્જુને ચીઢાઈને લપડાક મારી. મૃગા ઊભી થઈ ગઈ. ધીમે ધીમે તેની સત્તા ફરી સ્થપાતી તે જોઈ રહી. 'તમારી આંખો ક્યાં ગઈ છે? એટલું જોતા નથી કે એ ભાર્ગવ માણસ નથી; અચળ સંગેમરમરની મૂર્તિ છે? મારી રગોની બધી આગ પણ એમાં ચેતન મૂકે એમ નથી.'

મૃગાએ કહેલું સત્ય સહસ્રાર્જુનને દેખાયું. તેને નિષ્ફલ મૃગા પર ખૂબ હસવું આવ્યું. તેણે કહ્યું, 'તેં ફાંફાં માર્યાં, પણ ફાવી નહીં.'

'જ્યાં ફાવું એમ ન હોય ત્યાં ફાંફાં મારું એવી હું છું જ નહીં. આટલે વર્ષે પણ એ ભાન તમને નથી આવ્યું?'

હાર ખાધેલી મૃગાને જોઈ તેના આવેશનું પરિવર્તન થવા માંડયું.

'તને એણે લાત ઠીક લગાવી.' તેણે ખડખડ હસીને કહ્યું.

સહસ્રાર્જુનની નજર મૃગાની દુર્નિવાર્ય મોહિની પર ચોંટવા જેટલી સ્વસ્થ થઈ, અને તેનો ક્રોધ સરી ગયો.

'તમારા સિવાય મેં કોઈની લાત ખાધી છે?' મૃગા હસી.

'રેવા માના સમ?' સહસ્રાર્જુને કહ્યું.

જવાબમાં મૃગા હસી. એ હાસ્યથી તે પરિચિત હતો. એનાથી તેને આત્મવિશ્વાસ ને ઉત્સાહ આવતાં.

'ચક્રવર્તી! તમે ક્યારે મોટા થશો? તમને સમજ ક્યારે આવશે? રેવામા તો શું—તમારા સમ! તમે મારું કર્યું કારવ્યું ભલે વિસરી જાઓ પણ એટલું યાદ રહે છે કે નહીં? ભાર્ગવ ને ભગવતીનું ઐક્ય તો તમારે જીવને જોખમે તમે પારખ્યું છે. ને ભાર્ગવ મારા જેવી કુલટા જોડે આડો વ્યવહાર રાખે? કોઈને કહેશો તો તમારી હાંસી થશે.'

'ખરેખર, મારા સમ?'

'તમારા સમ. મારું ચાલે તો હું એમને મારા મોહમાં પાડું. પણ એ પડે કેમ? તમારી ઘરડી થતી રાખના મોહમાં એ પડે કેમ?' મૃગા ખડખડ હસી.

સહસ્રાર્જુન શરમિન્દો થઈ ગયો. 'ત્યારે એ કયાં ગયો?'

'હું શું જાણું? તમે મને તો સોંપ્યા જ નહોતા.' સહસ્રાર્જુનની આંખ નિર્મલ બની.

બીજી સવારે મૃગાની પથારીમાં પડયાં પડયાં સહસ્રાર્જુને અડધી ઊંઘમાં ડાબો હાથ લંબાવ્યો. પરિચિત જગાએથી મૃગાના વાળ એણે આંગળીમાં સેરવ્યા. પોતે દુર્જય સહસ્રાર્જુન હતો એવા આત્મવિશ્વાસનો એને અનુભવ થયો.

મૃગાને સ્વપ્નું આવ્યું. ગુસ્સાભર્યો સહસ્રાર્જુન કહેતો હતો કે તે કુલટા છે. સામે ઉગ્ર ભાર્ગવ કહેતા હતા કે તે ચક્રવર્તીની પટરાણી છે. બન્ને શસ્ત્રો ઉગામી રહ્યા હતા. વચ્ચે ઘૂંટણિયે પડીને બન્નેને શાંત થવા તે પ્રાર્થી રહી હતી. બન્નેનાં શસ્ત્ર અથડાયાં. સહસ્રાર્જુને તેને ચોટલો પકડી ખેંચી. તેની આંખ ઉઘડી ગઈ. પાસે તેણે સહસ્રાર્જુનને ઘોરતો જોયો...તેનું હૈયું અજાણતાં ચન્દ્રતીર્થ ગયું... ભાર્ગવની શોધમાં...

૨

બીજે દહાડેથી સહસ્રાર્જુને કેર વર્તાવવા માંડયો. એ અને એના સુનંદા યોદ્ધાઓ મારતા, લૂંટતા, અત્યાચાર કરતા બધે ફરી વળ્યા. જ્યાં ભૃગુઓની વસ્તી હતી તેને બાળીને ભસ્મ કરી મૂકી. જ્યાં યાદવો વસતા હોય ત્યાં ભદ્રશ્રેણ્યના માણસોની શોધ કરવામાં આવતી, ને ગામોનાં ગામો પાદર થઈ જતાં.

સહસ્રાર્જુન મૃગા, તાલબાહુ અને મૃકુંડ ત્રણે પર નજર રાખતો. બહારથી તે કાંઈ જણાવા દેતો નહીં; પણ આ ત્રણેના

ઉપર એને ઊંડો અવિશ્વાસ આવ્યો હતો. એ ત્રણે પણ ઘણી જ સાવચેતીથી આ વેરની વિનાશકતા ઓછી કરવાના પ્રયત્ન કર્યાં કરતાં.

વીશ દહાડે મૃગાને ખબર આવી કે જે હોડીમાં ભાર્ગવ રાતે નીકળી ગયા હતા તે હોડી ચન્દ્રતીર્થથી થોડે આગળ ડૂબી ગઈ હતી. અને ભાર્ગવ અને એક ખલાસી ચન્દ્રતીર્થ તરફ તરી આવવાને બદલે સામે તીરે ગયા હતા.

મૃગા બેભાન થઈ ગઈ. એ તીરે કોઈ માનવી જીવતો ગયો નહોતો. ત્યાં ભયંકર મગરો વસતા. તેમાંથી બચી કોઈ કિનારે જીવતું ઊતરી શકે એમ નહોતું. એ કિનારાથી અઘોરીવન શરૂ થતું અને જો કોઈ માનવી ત્યાં પગ મૂકે તો તેને અઘોરીઓ કાચો ને કાચો ખાઈ જતા.

સદ્‌ભાગ્યે સહસ્રાર્જુન માહિષ્મતીમાં નહોતો એટલે મૃગા શા માટે બેભાન થઈ ગઈ તે વિષે કોઈને વહેમ ગયો નહીં. મૃકુંડ ને તાલબાહુ નિશ્વાસ નાખી બેસી રહ્યા. ગુરુદેવના મરણથી સારાં વાનાં થાય એમ ત્રણમાંથી કોઈને લાગતું નહોતું.

છ મહિના ચાલી ગયા. મૃગા હૃદયની વ્યથા જેમ તેમ ઢાંકી રહી. સહસ્રાર્જુનનું ઝનૂન પણ ઓછું થઈ ગયું. ભાર્ગવ ક્યાં ગયા તેની ભાળ કાઢવાને ચક્રવર્તીએ તાલબાહુને કહ્યું. તાલબાહુએ પોતે જાણતો હતો તે વાત છુપાવી શોધ કરવાના દેખીતા પ્રયત્નો કર્યા, અને તે નિષ્ફળ ગયા એમ ચક્રવર્તીને જણાવ્યું. સહસ્રાર્જુને સાથે બીજા પણ વિશ્વાસુ માણસોને ભાર્ગવની ભાળ કાઢવા મોકલ્યા, તે પણ કોઈ સફળ થયા નહીં.

પ્રતીપ યાદવો અને તેમનાં કુટુંબોને લઈ ઉત્તરના જંગલોમાં બેઠો હતો. આનર્તનગરમાં વિશાખા બેઠી હતી. મહી નદીના તટપર ભદ્રશ્રેણ્ય, લોમા, વિમદ અને બહારવટે નીકળેલા ભૃગુઓ સંતાઈને બેઠા હતા. અને અનેક વેષે ભૃગુઓ પણ રામની ભાળ કાઢવા ફરતા હતા.

સહસ્રાર્જુનની વિનાશક ઝનૂન ઓછી થઈ એટલે તે મૃગા તરફ ઓછો અવિશ્વાસ દેખાડવા લાગ્યો. પણ મૃગા હતી તે નહીં થઈ; સહસ્રાર્જુનના અવિશ્વાસથી એને નાનમ લાગતી હતી. રખેને રાજા વહેમાય એ ધાકે મૃકુંડ એની સાથે નિખાલસપણે વાત કરતો નહીં. પહેલાં જે સત્તા એ ભોગવતી હતી તે હવે નામની જ હતી, કારણકે ઘણું ખરું હવે રાજા પોતે જ બધું કરતા. એ જાણતી કે એના તેને બે જ ઉપયોગ હતા. ભાર્ગવ સિવાય બીજા વિષયમાં એની નિસ્પૃહી સલાહની સહસ્રાર્જુનને જરૂર હતી. અને એની પ્રેરણા વિના તેને આત્મશ્રદ્ધા આવતી નહીં.

મૃગાનું હૈયું રડતું ને રડતું રહેતું. ભાર્ગવ અઘોરી વન આગળ મરી ગયા એ વાત તે વિસારી શકતી નહીં. એ વિષે મૃકુંડ એક અક્ષર પણ બોલતા નહીં. તાલજાંઘ અને હૈહયોમાં તો એવી માન્યતા ચાલતી હતી કે ગુરુદેવ હજી જીવતા છે. પણ તે માન્યતા એને ગળે ઊતરતી નહીં. જાગતાં ને ઊંઘતાં એને એક જ વિચાર આવ્યા કર્યો: એને ઉદ્ધારવા ગુરુદેવ આવ્યા, પણ એણે જ તેમને મરવા દીધા. ઘણીવાર તે મધરાતે જાગતી જાગતી પડી રહેતી, ને આંસુઓ ચોધારે વહેતાં.

સહસ્રાર્જુન હવે ઘણી વસ્તુઓ એનાથી છાની રાખતો તે એ જાણતી. તે એક જુદું સૈન્ય તૈયાર કરતો હતો. તેનો સેનાપતિ તુંડિકેરા જાતિનો રાજકુમાર રુરુ હતો. એ સૈન્યના નાયકો સહસ્રાર્જુનના અંગરક્ષકો બનીને રહેતા હતા. આ વ્યવસ્થાના બે મુદ્દાઓ હતા. એક તાલજાંઘ અને હૈહયોને કાબૂમાં રાખવાનો અને બીજો પ્રતીપના યાદવો સામે આક્રમણ કરવાનો—એમ મૃગા માનતી. તાલજાંઘ લોકપ્રિય ને પ્રતિષ્ઠિત હતો. એના કાકાઓ ને ભાઈઓ હૈહય મહારથીઓમાં અગ્રગણ્ય હતા. અને સહસ્રાર્જુનના નવા વલણથી આ બધાં અસંતુષ્ટ બન્યાં હતાં.

તાલજાંઘ ઘણો સમજુ માણસ હતો. હૈહય સામ્રાજ્ય ટકાવી

રાખવામાં એનો ને એના કુલ ને જાતિનો વિજય હતો. સહસ્રાર્જુન ગમે તેવો પણ સામ્રાજ્યનો ધણી અને હૈહયસંઘનો શિરોમણિ હતો, એ તે ભૂલતો નહીં. અને તે એને કે એના કુલને છોડી શકે એમ નહોતો તે પણ એ સારી રીતે જાણતો હતો. તાલબાહુને ગુરુદેવ ગયા તે ન રુચ્યું. એ મરી ગયા છે તે એ માનતો નહોતો. સહસ્રાર્જુને રુરુને સેનાપતિ બનાવ્યો તે પણ એને ન ગમ્યું. પણ મૂંગે મોઢે તે હૈહય જાતિસંઘનો ભાર ઉપાડી રહ્યો. મૃગા આ બધું સમજતી હતી, પણ આ વિષય પર એ ને સહસ્રાર્જુન ખુલ્લે દિલે વાત કરી શકતાં નહીં.

એક દહાડો સહસ્રાર્જુન માહિષ્મતીની બહાર ગયો હતો, અને તે સાંજના હમેશના રિવાજ મુજબ પશુપતિને સ્થાનકે દર્શન કરવા ગઈ. પાછી વળતી હતી ત્યાં મૃકંડના બીજા પુત્ર દધીચિએ એને આશ્રમમાં આવવાનું નિમંત્રણ આપ્યું. છ મહિના થયા તે મૃકંડને એકલી મળી નહોતી એટલે આ નિમંત્રણથી તે અજાયબ થઈ.

દધીચિ માર્કંડેય ગંભીર ને સ્વમાનસેવી પુરુષ હતો. એને અને એના પિતાને બહુ બનતું નહોતું એ પણ બધાં જાણતાં હતાં. એને એના બાપની રીતભાત પણ ગમતી નહોતી તે જગત જાણતું. ભાર્ગવના આવ્યા પછી એ વિમદ પાસે ઘણું શીખ્યો હતો, અને ભાર્ગવનો પરમ ભક્ત હતો. મૃકંડે દધીચિને એને બોલાવવા મોકલ્યો હતો. એથી પણ મૃગાની અજાયબીમાં વધારો થયો.

ગુરુ મૃકંડ હરણના ચામડાની પથારીમાં થરથર ધ્રૂજતા પડ્યા હતા. એને તાવ આવ્યો હતો.

'હું મરવા સૂતો છું' મૃકંડે મૃગાને કહ્યું, 'મારો–મારી નાંખો —જેને મન થાય તે ગુરુ મૃકંડને મારી નાંખો.' તે બબડ્યા.

'શું છે? ગુરુજી!'

દધીચિ બારણા આગળ જઈને ઊભો.

'આમ આવ!' મૃકંડે કહ્યું અને મૃગા છેક પાસે ગઈ.

'પણ આવડું શું છે?'

મૃકુંડ ટાઢ આવી હોય તેમ ધ્રૂજી ઊઠયા ને ચારે તરફ ભયથી જોઈ ધીમે અવાજે કહ્યું, 'ભગવતી ને આચાર્ય વિમદ અહીંયાં આવ્યાં છે, મારો–મારો ગુરુને—'

'શું કહો છો? ક્યાં છે?'

'સવારે પરોઢિયે દધીચિ લઈ આવ્યો. એ પણ મારો દુશ્મન થઈ બેઠો છે. મૃગારાણીને મેળવી આપો, નહીં તો મારી નાંખીએ. બધા મને જ મારવા તૈયાર થાય છે.'

વૃદ્ધની મરવાની બીકથી મૃગાને જરા હસવું આવ્યું.

'તમને કોઈ નહીં મારે. ગભરાઓ છો શું?'

'આ મારો છોકરો પણ એમનો દાસ બની બેઠો છે.' ગુરુએ કહ્યું. 'પશુપતિ! દેવ!' પાછો ગુરુએ અવાજ છેક ધીમો કરી નાંખ્યો 'એમને ક્યારે મોકલી આપું?'

'હું મધરાતે અહીંયાં જ આવીશ.'

'ઓ મારા બાપ રે!' ડોસાએ કહ્યું.

'તમે અહીંયાં સૂઈ રહેજો, હું બહાર આંબાવાડિયામાં મળીશ. દધીચિ હશે તો ચાલશે.'

'ઓ પશુપતિ!' ગુરુએ નિસાસો નાંખ્યો, ને તે રડવા જેવા થઈ ગયા. 'ગુરુદેવ આવ્યા ત્યારથી આફત પર આફત આવે જ જાય છે.'

૩

ગઢમાં મૃગાના માણસો હતા. ત્યાંથી બહાર પડવાના માર્ગો પણ તે જાણતી તેટલા કોઈ નહીં જાણતું. અને ખાનગી રીતે ગઢ બહાર જવાની તેની હંમેશની ટેવ હતી. એટલે તે મધરાતે આંબાવાડિયામાં વખતસર આવી.

બે માણસો ઝાડ પાછળથી આગળ આવ્યા. પુરુષવેશમાં પણ

તેણે ભગવતીનું ઘાટીલું નાનું શરીર પારખ્યું.

'ભગવતી!' તે બોલી અને ગુરુદેવનું સ્મરણ થયું. આટલા દહાડા થયાં સેવેલી ચિન્તાએ ઉગ્ર સ્વરૂપ લીધું, અને તે રડી પડી.

ભગવતી ને વિમદ થોડીવાર મૂંગે મોઢે ઊભાં રહ્યાં. મૃગાએ સ્વસ્થતા મેળવી એટલે તેણે કહ્યું, 'ભગવતી, તમે અહીંયાં કેમ આવ્યાં? અહીંયાં તો બહુ ભયંકર પરિસ્થિતિ છે.'

'મને ગમે તે થાય તેની પરવા શી?' દૃઢ અવાજે ભગવતીએ કહ્યું. 'પણ ગુરુદેવનું શું? કાં તો એમને શોધી કાઢું કે પછી જ્યાં એ ગયા છે ત્યાં હું પણ જાઉં.'

મૃગા આ સ્ત્રીની નિશ્ચલ ભક્તિની અદેખાઈ કરી રહી. કોઈને માટે આવી ભક્તિ કરવાનો લહાવો એને પશુપતિએ આપ્યો જ નહોતો.

'પણ તમે અહીંયાં પકડાઈ જશો તો તમારું શું થશે?'

'ગુરુદેવ ન મળે તો હું મરેલી જ છું. અર્જુન મને શું કરશે? હું એને મારીશ ને મરીશ.'

'એને મારશો?'

'હા! એણે મારું જીવન બાળીને ભસ્મ કર્યું છે. મને એ આર્યાવર્તથી હરીને લઈ આવ્યો. અહીંયાં ગુરુદેવની પાછળ પડ્યો. એની લાલસાની મને એણે ભોગ બનાવવી ધારી છે. હું હવે છેલ્લે પાટલે બેઠી છું.'

'એટલે શું કરવા ધાર્યું છે?'

'આજે વર્ષ દહાડો મેં ગુરુદેવની શોધ કરાવી, પણ હું ફાવી નહીં. થાકીને આખરે હું શોધ કરવા નીકળી છું. એમને શોધી આપવાનું કામ તમારું ય છે, તમે એની શિષ્યા છો.'

ભાર્ગવની પત્ની ભગવતી એને શિષ્યા કહી ધર્મસંબંધ બાંધે તે જોઈ અપરિચિત હર્ષ મૃગાના હૈયામાં થયો. એ કુલટા નહોતી, ભાર્ગવની શિષ્યા હતી.

'પણ મારાથી શું થાય? હું કેદી જેવી છું. સહસ્રાર્જુનને

મારામાં વિશ્વાસ નથી. '

'તમે નહીં મદદ કરો તો પછી મારે સહસ્ત્રાર્જુન પાસે જ જવું રહ્યું.'

'પણ એ તો તમને ખાઈ જશે.'

'ના, એ પોતે ખવાઈ જશે. મારી લાલસા એને નહીં છૂટે. તે લાલસાની તૃપ્તિ કરવા જતાં એ બળીને ભસ્મ થઈ જશે.' ભગવતી લોમહર્ષિણીએ નિશ્ચયથી કહ્યું.

'ભગવતી! ભગવતી! મારું જે કંઈ સુખ રહ્યું છે તે પણ લઈ લેવું છે?'

'મારું સુખ તો એણે હરી જ લીધું છે. ગુરુદેવની પત્નીને યોગ્ય હવે મારે મરવું એટલું રહ્યું.'

મૃગા અસ્વસ્થ થઈ ગઈ. તેણે હાથ જોડચા: 'ભગવતી! ભગવતી! એ વાત જવા દો, હું બધી મદદ કરીશ.'

'પશુપતિના સમ—'

'પશુપતિના સમ — ગુરુદેવના સમ! મારે મન એમનામાં ને પશુપતિમાં ફેર નથી.' મૃગાએ કહ્યું ને હાથ જોડચા.

'તો બોલો, ગુરુદેવ કયાં છે?'

'ખરું કહું ભગવતી?' ને મૃગાનો અવાજ તૂટચો. 'ગુરુદેવની આશા છોડચા વિના છૂટકો નથી. તમે ગયાં પછી મેં એમને ભોંયરામાંથી છોડાવ્યા અને એ બધાના દેખતાં પશુપતિને સ્થાનકે ચાલી ગયા. મેં ગોઠવણ કરી રાખી હતી તે પ્રમાણે હોડીમાં બેસી એ ચન્દ્રતીર્થ જવા નીકળ્યા.'

'ગુરુદેવ નાસી ગયા?'

'ના, ચક્રવર્તીનો આવેશ ઊતરે ત્યાં સુધી ચન્દ્રતીર્થ જઈ રહેવાની મેં વિનંતી કરી હતી.'

'તો પછી એ કયાં છે?' અધીરાઈથી ભગવતીએ પૂછ્યું.

'ત્યાં એ ન પહોંચ્યા. મેં બહુ તપાસ કરાવી.' ગદ્ગદ કંઠે

મૃગાએ કહ્યું.

'ત્યાં તો મેં પણ તપાસ કરાવી હતી. ક્યાં ગયા ત્યારે ?'

મૃગા રડી પડી. ભાર્ગવના મૃત્યુની વાત એની જીભે નહીં આવી. ભગવતીએ આંખમાં આવેલું અશ્રુબિન્દુ લૂછ્યું ને પૂછ્યું, 'જે હોય તે કહી નાંખો. હું મારું કાળજું વજ્રનું કરી બેઠી છું.'

'એ નથી બચ્યા.' મૃગાએ ડૂસકાં ખાતાં કહ્યું. 'મેં બચ્યા હતા તે ખલાસીઓ પાસે બધી ખબર મેળવી.'

'તે ક્યાં છે?'

'મેં તેમને મારી નંખાવ્યા. હું બધી વાત જાણું છું.'

'શું છે? કહી દો !'

'ખલાસીઓ કહેતા હતા કે ચન્દ્રતીર્થ આવતાં પહેલાં એક ખલાસીએ હોડીમાં બાકોરું પાડી હોડી બુડાડી દીધી. ગુરુદેવને એ અઘોરવનનો કિનારો કેવો છે તેની ખબર નહોતી. બીજા ખલાસીઓ ચન્દ્રતીર્થ તરફના કિનારે તરીને નીકળ્યા. ગુરુદેવ પેલે કિનારે ગયા.' ને મૃગારાણીનો અવાજ રુંધાઈ ગયો.

'...ને શું થયું ?' હોઠ પર હોઠ બીડી સ્વસ્થ અવાજે ભગવતીએ પૂછ્યું.

'એ ખલાસીઓ કિનારે નીકળ્યા ત્યારે અઘોરવનને કિનારે અઘોરીઓની કારમી ચીસો સંભળાઈ. ગુરુદેવ એમના હાથમાં સપડાઈ ગયેલા લાગ્યા.'

'પછી ?' ભગવતીનું હૈયું થંભી ગયું.

'પછી — ડકુનાથ અઘોરી જાણે !'

બધા કાંપી ઊઠ્યા. એ ભયંકર પિશાચનું નામ સાંભળતાં પીઢ ખૂનીઓનાં હાજાં ગગડી જતાં હતાં. જાણે નજર આગળ ધરતી ફાટી ગઈ હોય એવો ત્રણે હૃદયમાં ધાક પેઠો.

'જે પિશાચ માણસનાં રુધિર પર જીવે છે તે — ?'

'હા ! જે પવન પાવડીએ ઊડે છે, શ્મશાને શ્મશાને રઝળે છે,

મનુષ્યના લોહીમાં જ રાચે છે તે — '

બહાદુર વિમદે ડૂસકું ખાધું. બન્ને સ્ત્રીઓ રુંધાતા શ્વાસે આંસુઓ સારી રહી.

ભગવતી લોમહર્ષિણીનું હૈયું હોલવાઈ જતું હતું તે પ્રદીપ્ત થયું. ભાર્ગવ મરે — એને મૂકીને ? ના–ના–ના. એના અંતરમાંથી પ્રતિશબ્દ થયો. અંધારું પ્રકાશમય થયું. એમની આંસુભર આંખો આગળ ભાર્ગવ ઊભા હતા— હાથમાં પરશુ લઈને, એને વિજયી હાસ્યથી આલિંગતા. એનાં આંસુ સુકાઈ ગયાં.

' ના–ના-ના. ' તેમણે દૃઢતાથી કહ્યું. ' ના–ના–ના ભાર્ગવને કોઈ મારી શકે એમ નથી.' ભગવતીએ શ્રદ્ધાથી કહ્યું ને પગ ઠોકયો.

મૃગાનાં આંસુઓ પણ સુકાઈ ગયાં. ભાર્ગવની ભક્તિએ આ બે સ્ત્રીઓ વચ્ચે અજબ જેવો સંબંધ બાંધી દીધો હતો, એટલે ભગવતીની શ્રદ્ધાની આંચ મૃગારાણીને પણ લાગી. તેની કલ્પનામાં ગુરુદેવનું પ્રચંડ અને સુરેખ શરીર, તેનાં ભભૂકતાં નયનો, તેનું સ્વસ્થ અને તેજોરાશિસમું મુખ દેખાયાં. જાણે વસન્તના વાયરા વાયા હોય તેમ એના હૈયામાં આશાને નવપલ્લવ આવ્યાં.

' કેમ જાણ્યું ?' તેણે પૂછ્યું.

' હું જાણું છું. એ કહેતા હતા. બાળપણથી એમને અગ્નિએ દઝાડયા નથી, પાણીએ ડૂબાડયા નથી. શસ્ત્રોએ ઘાયલ કર્યા નથી. એ તો મનુષ્યોના દ્વેષને ગળીને બેઠા છે.' જાણે સ્વપ્નમાં બોલતાં હોય તેમ ભગવતી બોલ્યાં. એ આંખો ફાડી અંધકારમાં કાંઈ જોઈ રહ્યાં હતાં.

' મારું હૈયું કહ્યું કરતું નથી. ' મૃગાએ કહ્યું ને તે ફરીથી રડી પડી.

ગૂંગળાતી નિઃશબ્દતા પ્રસરી રહી. મૃગાનું રુદન પણ થંભી ગયું. રાત્રીના શમશમાટમાં ઝાડોની ઘટામાંથી નીતરતા સુસવાટમાં તેમણે કોઈનાં પગલાં સાંભળ્યાં. અંધકારમાં ઊંડો ઘેરો લીલો પ્રકાશ

પ્રસરી રહ્યો.

તે લીલાઘેરા વર્તુલમાં ચલત્ ગિરિરાજસમા ગૌરવભર્યા ભાર્ગવ, પરશુ લઈને આવ્યા — ઊભા. — અદૃષ્ટ થયા. એમની આંખો એકાગ્ર ને ભભકભર, સ્મિતભર ને ઉદ્દીપક — કોઈની હતી નહીં એવી — ત્રણેનાં હૃદયો ગાંડાં બનાવી રહી.

વિમર્દે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. મૃગા મૂર્છાવશ બની. ભગવતીના હૈયામાં ઉમળકો આવ્યો, અને તેના કંઠમાંથી એક તલસાટભર્યો શબ્દ નીકળ્યો: 'રામ!'

થોડે દૂર સંતાઈને ઊભેલા ગુરુ મૃકુંડ ભોંયમાં માથું નાંખી મંત્ર ભણી રહ્યા હતા; ઊંચું જોવાની તેની હિંમત નહોતી.

અંધકાર પાછો પ્રસરી રહ્યો. 'ભાર્ગવ જીવે છે, મેં નહોતું કહ્યું?' હર્ષથી ભગવતી બોલ્યાં.

'હા.' મૃગાએ કહ્યું, એનું હૈયું પણ ઉલ્લાસગાન કરતું હતું.

'હવે શું કરીશું?' વિમર્દે પહેલી વાર મોં ઉઘાડ્યું.

'ભાર્ગવ ક્યાં હશે?'

'એ તો ડકુનાથ અઘોરી જાણે.' મૃગારાણીએ કહ્યું.

'એ ક્યાં મળે?'

'કોઈએ એને જોયો નથી. કહે છે સ્થાનક પાસેના માહિષ્મતીના શ્મશાનમાં દર અમાવાસ્યાએ શબપર બેસી એ આવે છે.'

'કેમ જાણ્યું?'

'વધેરેલી ખોપરી અને લોહી ચુસાયલું શબ બીજે દહાડે મળે છે એ એની એંધાણી.'

'પણ એ રહે છે ક્યાં?'

'પશુપતિ જાણે. સ્મશાનોમાં, ઝાડો પર, ખંડિયેરોમાં,—જ્યાં ભયંકર અટ્ટહાસ્ય સંભળાય ત્યાં – એમ લોકવાયકા કહે છે. પણ એનું રહેઠાણ અઘોરીવનમાં છે.'

'ત્યાં કોઈ મને નહીં લઈ જાય?' ભગવતીએ પૂછ્યું.

'ત્યાં જનાર કોઈ જાણ્યો—સાંભળ્યો નથી. પણ ગુરુ મૃકુંડ વધારે જાણતા હશે.'

થોડે દૂર ઝાડનાં પાનપર ધ્રૂજતા બેઠેલા ગુરુને વિમદ જેમ તેમ લઈ આવ્યો. ઘણી વિનવણી કર્યા પછી ધ્રૂજતા હોઠે તેમણે જવાબ વાળ્યો:

'ગુરુદેવ અઘોરવનમાં હજી જીવતા હોય એમ મારું મન કહેતું નથી.'

'પણ મારું મન કહે છે.' ભગવતીએ કહ્યું. 'મને અઘોરવનનો રસ્તો દેખાડો. એ ક્યાં આવ્યું ?'

'એ તો બધા જાણે છે. સવારે નર્મદા કિનારે ઊભા રહેશો તો પૂર્વમાં પર્વત દેખાશે. એની તળેટીમાં અઘોરવન આવ્યું છે. નદીને રસ્તે ત્યાં જવાય એમ નથી, એક હજાર મગરો તેની રક્ષા કરે છે. જમીનનો માર્ગ કોઈને જડતો નથી, એક લાખ પિશાચો તેની રક્ષા કરે છે.' અને ગુરુએ ફરીથી મંત્રો ભણવા માંડ્યાં. અઘોરી ડફનાથનું નામ સાંભળતાં તે નાસતા હતા. એક જ વાર વદ એકમની સવારે લોહી ચુસાયલું શબ એમણે જોયું ત્યારે, ડફનાથનાં પરાક્રમ નજરે જોયાં હતાં તે વખત એમને એકવીશ દહાડાનો તાવ આવ્યો હતો. ત્યારપછી ડફનાથનું નામ સાંભળતાં તે કાન બંધ કરી દેતા.

'ત્યાં મારો રામ હશે?' લોમાએ ગભરાટમાં પૂછ્યું.

'હોય તો ત્યાં હોય.' મૃગાએ કહ્યું.

'ત્યાં હોય નહીં. હોય તો કાંઈ તો સંદેશો મોકલે.' મૃકુંડે કહ્યું.

'હોવા જ જોઈએ. જંગલવાટે જવાનો રસ્તો નથી? ડફનાથ કેમ આવે છે?'

'નદીના પાણીપર ચાલીને. કેટલાક જુવાનો કહે છે કે એમણે ડફનાથને આવતો જોયો છે.'

'તો મારે ડફનાથ અઘોરીને શોધવો રહ્યો.'

'ભગવતી,' મૃકુંડે હાથ જોડી કહ્યું. 'એ ગાંડપણ છોડી દો. કોઈ એને જોઈ શક્યું નથી. કોઈ એ જોયો હોય તો જીવતું આવ્યું નથી.'

'મારે ક્યાં પાછા આવવું છે? જો મારો રામ જીવતો હશે તો જડશે. જો એનું રુધિર ડફુનાથની રગોમાં હશે તો તેમાં મારું રુધિર ભળી જાય એટલું જ મારે તો જોઈએ છે.'

૪

ડફુનાથ અઘોરીની શોધમાં જવાનો ભગવતીનો સંકલ્પ અચળ હતો. શસ્ત્રવિદ્યાનો સાગર આચાર્ય વિમદ તો હામ હારી ગયો હતો. પણ મૃગારાણીએ પૂરતી મદદ કરવા માંડી. તેણે વિશ્વાસુ માણસ ચન્દ્રતીર્થ મોકલાવ્યો પણ ઝાઝી ખબર ન મળી. એક જ વૃદ્ધ ખલાસીએ એક વાર હોડીમાંથી અઘોરવનને કિનારે બે શ્વેત અઘોરીઓ જોયા હતા, એવું ગપ્પું સાંભળવામાં આવ્યું. પણ આ વાત માનવામાં આવે એવી નહોતી.

ભગવતી ને વિમદ બેએક દહાડા ભિખારીના સ્વાંગમાં મૃકુંડના આશ્રમમાં રહ્યાં. પણ આથી ગુરુના ગભરાટનો પાર રહ્યો નહીં, એટલે મૃગાએ ગામના દૂરના ભાગમાં એક નાના ઘરમાં એમને ઉતારો આપ્યો.

ગુરુ મૃકુંડની એક વાત તો પાયાવાળી હતી. દરેક વદ એકમે સવારે પશુપતિના સ્થાનકની સામે આવેલા સ્મશાન આગળના એક ચોતરા પર તાજી ખોપરીનો ઉપહાર મળતો, અને આસપાસ કોઈ એક માણસનું માથાવગરનું ધડ પડેલું જડતું. ડફુનાથ અઘોરી અમાવાસ્યાએ પશુપતિને ખોપરી વધેરવા આવી ગયા તેનાં આ સિવાય બીજાં ચિહ્નો નહોતાં.

દઢતાથી ભગવતી પોતાનો સંકલ્પ પાર પાડવા લાગ્યાં. તાંત્રિક વિદ્યાના નિષ્ણાતોનો પરિચય દધીચિ મારફત મૃગારાણીએ એમને કરાવી આપ્યો અને ભૂતનાથની આરાધના કરવાના પ્રયોગો ભગવતીએ

શીખવા માંડયા. સોળ વર્ષના બાયલા છોકરા જેવા લાગતા શિષ્યની હિંમત જોઈ ભુવાઓ ચકિત થઈ ગયા. એ સ્ત્રી હશે એવો એમને સંશય પણ ગયો. ચંડિકાને એ વધેરવા યોગ્ય છે એમ પણ એમને મન થયું. પણ આ શિષ્ય સશસ્ત્ર ફરતો અને ગુરુ મૃકુંડ અને મૃગારાણીનો એ રક્ષિત હતો, એટલે બીજી વાત છોડી ભુવાઓ ભગવતીને મેલીવિદ્યા શીખવવા લાગ્યા. અને શીખવાને આવો ઉતાવળો ને ઉત્સુક શિષ્ય તેમણે કદી જોયો નહોતો.

સુકુમારદેહી ભગવતી મધરાતે, કાંપતી કાયાએ ને કકડતે દાંતે પુરુષવેશે સ્મશાનમાં જતાં. ત્યાં બળતા શબોની ખોપરીની પૂજા, ચિતાની રાખનું અર્ચન આદિ અઘોર તંત્રની પ્રારંભિક શિક્ષા લેવા લાગ્યાં.

આચાર્ય વિમદની હિંમત તો આવી જ રહી હતી. ડફુનાથ અઘોરી કેમ રીઝે, ભાર્ગવ જીવતા પાછા કેમ મળે એ વિષે એને ઘણી શંકા હતી. આ અધમ પ્રયોગો અપવિત્ર ને અથર્વણ આચાર્યને અણછાજતા હતા અને આર્યત્વ ભ્રષ્ટ કરનારા હતા, એમ એ માનતો. અને ભાર્ગવ જીવતા હતા એમ માનવાને પણ એનું મન તૈયાર નહોતું. તેથી આ પ્રક્રિયા છોડી દેવાની એણે ભગવતીને ઘણી વિનવણી કરી, પણ તે એકનાં બે થયાં નહીં. રોજ રાતના ભગ· વતી સ્મશાનમાં જાય ત્યારે થોડે સુધી એ સાથે આવતો, અને ત્યાં બેસી એમની પાછા આવવાની વાટ જોતો. ભાર્ગવની પત્નીને એકલી છોડવાનો વિચાર સરખો પણ નહીં આવ્યો, પણ સ્મશાનમાં મધરાતે જવાની એની ચોખ્ખી ના હતી.

ભગવતી ગાડાં જેવાં થઈ ગયાં હતાં. એ સવારે ઊઠતાં ત્યારથી એકાગ્ર નયને ‘રામ’ ‘રામ’ સિવાય બીજો શબ્દ ઉચ્ચારતાં નહીં. જાણે નરી આંખે ભાર્ગવ એમને દેખાતા હોય એવો એમનો ચાળો હતો. કોઈ વાર તો વિમદને લાગી જતું કે ભગવતી ચિત્તભ્રમ થતાં જતાં હતાં. ભગવતી સદાય ભાર્ગવના સાન્નિધ્યમાં રહેતાં. શ્વાસેશ્વાસે

એમનું મન ભાર્ગવને રટતું. એમની આંખ આગળ ભાર્ગવ દેખાયા કરતા. જ્યારે તે રાતના સ્મશાનમાં જતાં ત્યારે તેમનું તેજસ્વી દર્શન એમને આગળ ને આગળ લઈ જતું. જ્યારે કોઈ કારમી પ્રક્રિયા કરતાં ગભરાઈ જતાં ત્યારે તે પાસે ઊભા રહી એમને શાંત્ત દેતાં. આમ ધીમે ધીમે ભાર્ગવનો સાક્ષાત્કાર થતો ગયો, અને ભયભરી ક્રિયાઓ-માંથી ભય જતો રહ્યો.

વિમદ આ પરિવર્તન જોઈ ગભરાઈ ગયો. રાત પડતી એટલે ભગવતી બેભાન જેવાં થઈ જતાં. કમરે ચક્ર બાંધી, કેડે ખડ્ગ લટકાવી, હાથમાં નાની ફરસી લઈને તે જાણે ભાર્ગવ જોડે જતાં હોય એવો તેને પણ ભાસ થવા લાગ્યો. તેમને રોકવાની કોઈનામાં શક્તિ નહોતી.

અમાવાસ્યા આવી એટલે ડફનાથ અઘોરીનાં દર્શન કરવા જવાનો ઇરાદો ભગવતીએ દર્શાવ્યો. ગુરુ મૃકુંડે બહુ સમજાવ્યાં પણ તેમનો નિશ્ચય ન ફર્યો. વિમદે સાથે આવવાની ના પાડી.

રાત પડી એટલે પશુપતિના સ્થાનકથી થોડે દૂર સ્મશાન હતું, તેના ચોરાની પાસે એક ઝાડ હતું તેના પર ચઢીને તે બેઠાં. ધીમે સરતાં રેવાનાં શ્યામલ તરંગોમાં તારાઓનાં પ્રતિબિંબ આગિયાની માફક ચમકતાં, અને રાત્રીના અંધકારને હળવો કરતાં. સહસ્રાર્જુનનો ગઢ અદ્ધર ઊંચે કાળા વાદળની જેમ ઝઝૂમતો. દૂર સ્થાનકના થાંભલા અંધકારમાં ઘેરી ભાત પાડતા. રેવાનાં નીરનો અવાજ પણ ભયજનક હતો. ભગવતીના ગભરાટનો પાર નહોતો. પોતે ઝાડ પરથી પડી ન જાય તે માટે એમણે ડાળ સાથે પોતાની કમર બાંધી દીધી. ઝાડનાં પાંદડાં જરા હાલતાં એટલે તે કાંપી ઊઠતાં.

થોડીવારે રેવાનાં નીરના પટપરથી લપ–લપ–લપ અવાજ આવ્યો. તારાના આછા પ્રકાશમાં કોઈ તરી આવતું જણાયું. તરનાર કિનારે આવ્યું ને એક ચોપગું જાનવર પાણીમાંથી નીકળી સ્થાનક તરફ દોડી ગયું. ભગવતીનાં ગાત્ર શીતળ થઈ ગયાં.

પેલું જાનવર સ્થાનક આગળ ફરીને પાછું આવ્યું, ચોરાપર ચડી ગયું ને ઊભું થઈ ગયું. ભગવતીનો શ્વાસ છેક રુંધાઈ ગયો.

એ જાનવર નહોતું પણ વિશાળ છાતીનો નીચો માણસ હતો. લાંબા વાળ ને દાઢીમાં તેનું મોઢું છેક ઢંકાઈ ગયું હતું. તેના હાથમાં ખોપરી હતી તે તેણે ચોરાપર મૂકીને ત્રણ વાર ભોંયે પડી નમસ્કાર કર્યા.

એકદમ એ માણસે ચારે તરફ જોવા ને સૂંઘવા માંડયું. એને કાંઈ વહેમ પડતો લાગ્યો. ભગવતી ઝાડમાં ભરાઈ બેઠાં હતાં તે તરફ તેણે નજર નાંખી. તેણે ભયાનક અટ્ટહાસ્ય કર્યું: "હા—હા—હા—હા." તે પાછો ચોપગો થઈ ગયો, અને ચપળતાથી ચોરા પરથી કૂદી તેણે જાનવરની ઝડપે કિનારો વટાવ્યો ને પાણીમાં ઝંપલાવ્યું. ઝપાટાબંધ તે તરીને પાર જતો હતો. અટ્ટહાસ્યના ભણકારા ભગવતીના કાનમાં હજી પડતા હતા. જેમ તેમ ચીસ પાડવાની વૃત્તિ રોકી તે આખી રાત ઝાડ પર બેસી રહ્યાં. પરોઢિયું થયું અને લોકો નદી પર નાહવા આવવા લાગ્યા ત્યારે તે ઝાડ પરથી ઊતરી સ્થાનકમાં ગયાં. ત્યાં ધોળી પૂણી જેવો વિમદ થાંભલો પકડીને બેઠો હતો. થોડે દૂર એક માથા વગરનું શબ પડયું હતું.

'ભગવતી, તમે હજી જીવતાં છો ?'

'શું છે ?'

'મને તો અગ્નિદેવે બચાવી લીધો. હું થાંભલા પાસે તમારી વાટ જોતો બેઠો હતો ને એક મોટું શિયાળવું આવ્યું. તેના માથા ને મોઢા પર લાંબા વાળ હતા. તેણે પેલાની ગળચીમાં નખ મારી ગળું ચીરી નાંખ્યું, અને તેમાં મોઢું નાંખી લોહી પી ગયું. પછી તેણે નખવતી માથું જુદું કર્યું, ચામડી ને ખોપરી જુદાં કર્યાં ને ખોપરી લઈને ચાલી ગયું. પેલું રહ્યું ધડ!' વિમદ અંગેઅંગે ધ્રૂજતો હતો. લોમા પણ ગભરાતી એ ધડ તરફ જોઈ રહી.

'વિમદ!' તેણે ખોખરે અવાજે કહ્યું. 'એ જાનવર નહોતું, ડહુનાથ અઘોરી હતા. એમણે એ ખોપરી ત્યાં પશુપતિને વધેરી.'

ભગવતીની આંખે અંધારાં આવ્યાં. વિમદનો હાથ પકડી એમણે પોતાની જાતને પડતી બચાવી.

૫

ડફુનાથ અઘોરીને પ્રસન્ન કરવાનો ભગવતીનો સંકલ્પ અડગ હતો. બીજી અમાવાસ્યાની રાત્રીએ નર્મદાને પેલે તીરે સ્થાનકની બરાબર સામે ઝાડપર ભગવતી, વિમદ અને ત્રણ ભૃગુઓ એમ પાંચ જણ ભરાઈને બેઠા. ભગવતીની જીદને આધીન થઈ ચાર માણસો સાથે આવ્યાં હતાં, પણ તેમાંથી એકેના હોંશકોશ ઠેકાણે નહોતા, પણ એ પોતે સ્વસ્થ હતાં. ગુરુ ડફુનાથને મળવા, રીઝવવા ને ભાર્ગવની ભાળ કાઢવા તે એકાગ્રચિત્ત થયાં હતાં.

ઝાડ પર ચડતાં પહેલાં એમણે શીખેલી વિદ્યાનો ઉપયોગ કર્યો હતો. કિનારાની રેતીપર એમણે સિંદૂરનું અઘોરચક્ર કર્યું, વચ્ચે લાલ ફૂલનો ઢગલો કર્યો, તેના પર એક ખોપરી મૂકી. ચારે તરફ ઝાડો પવનમાં હાલતાં. દૂરથી હિંસક પ્રાણીની ચીસ સંભળાતી, રેવાનો રવ ગૂંગળાવતો. પણ પતિ મેળવવા રાજા દિવોદાસની છોકરીએ પિશાચના નાથની આરાધના કર્યા કરી. આ જોઈ ઝાડ ઉપર આચાર્ય વિમદ થરથર કાંપતો હતો.

મધરાત થવાને ચાર ઘડી રહી એટલે એક નીચો પહોળો માણસ નદીના ઓસરતા વેગપર બેઠોબેઠો આવતો જણાયો. થોડાંક પાણીમાં આવ્યો એટલે તરવા પડ્યો અને પેલે પાર ચાલી ગયો.

એક પ્રહર પછી ડફુનાથ અઘોરી પશુપતિને ખોપરી વધેરી પાછા આવ્યા. કિનારા તરફ આવતાં તેણે ચારે તરફ નજર નાંખીને સૂંઘવા માંડયું. પછી તેણે એક ભૃગુ બેઠો હતો તે ઝાડ પર નજર ઠેરવી. અંધારી રાતમાં તેની આંખો ભાર્ગવની આંખોની જેવી ચમકતી જણાઈ. પછી તેની નજર અઘોરચક્ર પર પડી અને તેનું ભયાનક અટ્ટહાસ્ય 'હા–હા–હા–હા' ગાજી રહ્યું.

ઝાડ પર બેઠેલા ભૃગુથી ચીસ પડાઈ ગઈ. તેના હાથ નિશ્ચેતન થઈ ગયા ને તે બેભાન બની ભોંયે પડ્યો. તરત ડફુનાથ ચોપગે દોડતા આવ્યા ને તેને સૂંઘવા લાગ્યા. તેને બેભાન જોઈ ડફુનાથ ઊભા થઈ ગયા, અને આજાન બાહુઓમાં તેને ઊંચકી લીધો ને પાછા જઈ અઘોરચક્ર પાસે સુવાડ્યો.

એટલામાં ભૃગુ ભાનમાં આવ્યો. કારમી ચીસો પાડી તે ઊભો થઈ દોડવા લાગ્યો. ડફુનાથનું અટ્ટહાસ્ય ફરીથી ગાજ્યું, ને તેણે બે કૂદકે ભૃગુને પકડી પાડ્યો. ભૃગુ ભોંયે પડી ગયો. લાંબા નખો તેના ગળામાં ભોંકાઈ ગયા. તેની છેલ્લી ચીસ અધૂરી રહી ગઈ, ને પલવારમાં તેનું માથું ધડથી જુદું ચીરાઈ ગબડી ગયું.

ડફુનાથ ઊભા થઈ ગયા અને પાણીની પાસે આવી વિચિત્ર ડચકારા કરવા લાગ્યા. વચ્ચે તેમણે શિયાળવાં રડે તેવો અવાજ કર્યો. ફરીથી ડચકારા કર્યા. પાણીમાંથી એકદમ એક મોટો મગર બહાર આવ્યો.

'ડચ, ડચ, ડચ' ડફુનાથે ડચકારા કર્યા, અને ભૃગુનું ધડ પગ વતે મગર તરફ હડસેલ્યું. કૂતરો રોટલી લઈ જાય તેમ મગર પેલું ધડ પકડી પાણીમાં પાછો સરકી ગયો.

બીકના માર્યા બીજા ભૃગુઓએ ચિચિયારી પાડી, અને ઝાડ પરથી ભૂસકો મારી નાસી જવા લાગ્યા. ડફુનાથની ચમકતી આંખો તેમના પર પડી એટલે તે અટ્ટહાસ્ય કરી પાછલે પગે નદી તરફ જવા લાગ્યા. એ મોઢેથી ડચકારા વગાડતા હતા.

વિમદ બેભાન થઈ ગયો; અને ઝાડની નીચે પડ્યો. ડફુનાથ બે પગલાં પાણીમાં ગયા અને પાછા પગે વહેણુ પર ઊભા ઊભા સડસડાટ અદૃશ્ય થઈ ગયા.

સવારે ભગવતી, વિમદ અને બે ભૃગુઓ હોડીમાં બેસી માહિષ્મતી પાછાં આવ્યાં. ભૃગુઓમાં એક જણુ ગાંડો થઈ ગયો હતો. વિમદને સખત તાવ ચડ્યો હતો, અને સનેપાતમાં તે લવતો હતો.

ભગવતીની બાવરી આંખો આગળ ભાર્ગવ દેખાતા અને તેની જોડે તે ગમે તેમ વાત કરવા લાગ્યાં.

દધીચિ માર્કંડેય એ બધાંને જેમ તેમ તેમને ઘેર લઈ ગયો. ગુરુ મૃકુંડ ને મૃગારાણીના ગભરાટનો પાર નહોતો. સહસ્રાર્જુન માહિષ્મતીમાં હતો, અને કઈ પળે એને ભગવતીની ખબર પડી જાય તે કહેવાય એમ નહોતું. ભૃગુઓને તો એમણે ગામ બહાર મોકલી આપ્યા, અને દધીચિ અને મૃગારાણીના વિશ્વાસુ નોકર ભગવતી ને વિમદની સારવારમાં રહ્યા.

ભગવતી સારાં થયાં ને વિમદની સારવારમાં રોકાયાં. સાથે હવે શું કરવું તેનો પણ વિચાર કરી રહ્યાં. બે વખત તે મૃગારાણીને મળી આવ્યાં, પણ બેમાંથી એકેને રસ્તો જડ્યો નહીં. ભગવતીએ કૂર્મીને સંદેશો મોકલી બોલાવી લીધો. અને માહિષ્મતીથી થોડે દૂર જ્યાં તે વિશ્વાસુ યાદવો ને ભૃગુઓને લઈ ભગવતીની કુમકે સંતાઈ બેઠો હતો, ત્યાં વિમદને મોકલી આપ્યો.

કૂર્મી આવ્યો અને બધી માહિતી મેળવવા માંડી. ઘડીમાં ભિખારી, ઘડીમાં માછીમાર, ઘડીમાં હૈહય યોદ્ધો બનીને તે બધે ફરી વળ્યો. ગામને છેડે આવેલા સ્મશાનમાં અઘોરીઓ રહેતા તેમને પ્રસાદી પણ આપી આવ્યો.

ત્રીજી અમાવાસ્યા આવી લાગી. તેને બે ત્રણ રાત રહી એટલે થરથર કાંપતાં ભગવતી એકદમ પથારીમાં બેઠાં થઈ ગયાં. એક ક્રૂર અટ્ટહાસ્ય રાત્રીની શાંતિ ભેદી રહ્યું હતું: 'હા—હા—હા—હા'

'કૂર્મી!' તેમણે શાંતિથી કહ્યું. 'કંઈ સાંભળ્યું ?'

'કોઈ ભયંકર રીતે હસ્યું.' પથારીમાં જાગતો પડેલો કૂર્મી બોલ્યો.

'એ ગુરુ ડહનાથ અઘોરી.'

સવારે કૂર્મી ચારે તરફ તપાસ કરી આવ્યો. થોડા દહાડા પર આભા નામના હૈહય નાયકે એક અઘોરીને ખૂબ માર્યો હતો, અને તે મરી ગયો હતો. ગઈ કાલે રાતે એના ઘરમાં એ સૂતો હતો. સવાર પડી

ત્યારે એનું માથું ને ધડ જૂદાં ચીરાઈ પડ્યાં હતાં, અને કોઈએ એનું લોહી ચૂસી લીધું હતું.

'ગુરુ ડફનાથ, હું નહોતી કહેતી ?' ભગવતીએ કહ્યું.

કૂર્માને યોજના સૂઝી. 'ભગવતી ! આમ દિવસ વીતાવવામાં કાંઈ સાર નથી. પાસેના સ્મશાનમાં તમે અઘોરક્રિયાઓ શીખવા જતાં હતાં ત્યાં ડફનાથ હશે. તમે એમને ખાવાનું ધરાવી આવો. હું સહસ્રાર્જુન પાસે જાઉં છું. આ બેનાં શિંગડાં અથડાવ્યાં સિવાય છૂટકો નથી. આ પાર કે પેલે પાર.'

ભગવતી, દધીચિ, મૃકુંડ અને મૃગારાણી પાસે તેમજ ગામ લોકો પાસેથી કૂર્માએ પૂરતી માહિતી મેળવી હતી. માછીવેષે તે ગઢ આગળ ગયો અને કુંવર રુરુને મળવાની ઇચ્છા બતાવી. એણે સૈનિકોને સમજાવ્યા, ડરાવ્યા, ફોસલાવ્યા. અને આખરે એને રુરુ પાસે લઈ જવામાં આવ્યો.

'કોણ છે તું ?'

'હું ચન્દ્રતીર્થનો માછીમાર છું.'

'કેમ, શું છે ?'

'મારે ચક્રવર્તીને મળવું છે.'

'ગાંડો થયો છે ? એમ ચક્રવર્તીને મળાતું હશે ? શું છે તે મને કહે.'

'ચક્રવર્તી સિવાય કોઈને કહેવાય એમ નથી. એમનો જીવ જોખમમાં છે.'

રુરુ ખડખડ હસ્યો, 'અમને બધાંને તું ગાંડો ધારે છે ?'

'તો અન્નદાતા, હું આ ચાલ્યો. આ તો હું ચક્રવર્તીની ગરીબ પ્રજા છું. તે એમને ચેતવવા—'

'સમજ્યો સમજ્યો, નીકળ અહીંયાંથી.'

'તો અન્નદાતા, આ ચાલ્યો. પણ ચક્રવર્તીને એટલું કહેજો કે અઘોરીવનમાં નવો ગુરુ આવ્યો છે. તે ગોરો છે, ઊંચો છે ને હાથમાં

ફરસી લઈ ફરે છે. વધારે જાણવું હોય તો હું ચક્રવર્તી સિવાય બીજા કોઈને નહીં કહું. હું જાઉં છું. પરમ દહાડે આવીશ, જો મારું કામ હોય તો.'

કૂર્મી ચાલી આવ્યો, પણ એણે કીમિયો કર્યો હતો. માછીમારની વાત રુરુએ સહસ્રાર્જુનને કહી, એટલે તે ફિક્કો પડી ગયો. અને માછીમારને પાછો કાઢવા માટે એણે રુરુને ઠપકો આપ્યો. ક્ષમા માગી, ત્રીજે દહાડે માછીમારને હાજર કરવાનું વચન આપી, ગભરાયલો રુરુ પોતાની મૂર્ખાઈ માટે પસ્તાવા બેઠો.

ત્રીજે દહાડે રુરુએ કૂર્મીને સત્કારી ચક્રવર્તી આગળ રજૂ કર્યો. સહસ્રાર્જુને રુરુને રજા આપી.

'કોણ છે ?' તેણે કૂર્મીને પૂછ્યું.

'ચન્દ્રતીર્થનો માછીમાર છું, અન્નદાતા.'

'શું કહેવા આવ્યો છે ?'

'આજે સામે તીરે અઘોરવનમાં નવો ગુરુ આવ્યો છે. જુવાન છે, ઊંચો છે, ગોરવર્ણો છે. પૂનમની રાતે મેં એને ફરતો જોયો છે.'

સહસ્રાર્જુને આંખ ફાડી પૂછ્યું: 'હાથમાં શું હોય છે ?'

'અન્નદાતા, ફરસી જેવું કાંઈ હોય છે.'

'એની આંખો અંધારામાં ચમકે છે ?'

'અન્નદાતા, વાઘની જ જોઈ લો.'

સહસ્રાર્જુનના પેટમાં ધ્રાસકો પડ્યો, એનો વેરી જીવતો લાગ્યો.

'તેં કેમ જાણ્યું ?'

'અન્નદાતા ! આ તીરે ગુરુ ડફનાથ અઘોરી સાથે પાણી પર ચાલીને આવે છે.'

સહસ્રાર્જુન ફિક્કો પડી ગયો. એટલે કૂર્મીએ વાગ્બાણ ફેંક્યું. 'એમ સાંભળ્યું છે કે ડફનાથે એને ગુરુ માન્યો છે ને એમણે આપનો જીવ લેવાનું નક્કી કર્યું છે.'

એકદમ ચક્રવર્તીની આંખે અંધારાં આવ્યાં. તેણે આંખે હાથ દીધો.

'અન્નદાતા, આ વાત આભાનાયક આપને કહેવા આવવાના હતા તેથી જ અઘોરીએ તેનો જીવ લીધો. મેં જાણ્યું, અન્નદાતા, કે જે થાય તે, પણ મેં આપનું લૂણ ખાધું છે તે મારે આપને ચેતવવા તો ખરા.' હાથ જોડી, નીચે માથે, કૂર્મો બોલ્યો.

સહસ્રાર્જુને હાથમાંથી સોનાનું કડું કાઢી માછીમાર તરફ ફેંક્યું.

'લે આ સરપાવ. અઘોરી ક્યાં છે તે ખબર છે?'

'અમાવાસ્યાની મધરાતે પશુપતિને ખોપરી વધેરવા આવશે.' કૂર્માએ કહ્યું.

'એ તો બધું ગામ જાણે છે.'

'તે જ વખતે આપને એ કાંઈ કરશે.'

સહસ્રાર્જુન મૂંગો થઈ ગયો. થોડીવારે તેણે પૂછ્યું, 'તું ડફ્નાથને ઓળખે છે?'

'ઘણીવાર, અન્નદાતા, મેં ગુરુને જોયા છે.'

'ત્યારે અમાવાસ્યાએ આવજે ને મારા માણસોને ઓળખાવજે.'

૬

ભગવતી રોજ સ્મશાનમાં જઈ અઘોરચક્ર બનાવી પ્રસાદ ધરાવી આવતાં, અને ચિતાઓ પાસે ભમતાં કૂતરાં અને શિયાળવાંઓ વચ્ચે બેઠેલા અઘોરીઓની સ્તુતિ કરવા માંડતાં.

અમાવસ્યા આવી. રાતના ભગવતી ચોરાપર અઘોરચક્ર બનાવી, લાલ ફૂલનો ઢગલો કરી તેના પર ખોપરી મૂકી આવ્યાં. પાસે ખાવાનો પ્રસાદ પણ મૂક્યો અને પછી ઝાડ પર ચડીને બેઠાં.

કૂર્મો સહસ્રાર્જુનને જઈ મળ્યો હતો, અને તેણે તાલબાહુના ઉછાંછળા છોકરા તાલધ્વજને ડફ્નાથને મારવાનું કામ સોંપ્યું હતું. પરિણામે મધરાત થવા આવી એટલે તાલધ્વજ ને એક રુરુનો વિશ્વાસુ નાયક થોડે દૂર એક ઝાડ પાછળ આવીને ભરાયા. કૂર્મો એથી દૂર એક સ્થાનકના થાંભલા પાછળ ઊભો રહ્યો.

ભગવતીને ગભરાટ નહોતો; અત્યારે ડફુનાથને પોતાનો જીવ સમર્પણ કરી, આ પીડામાંથી છૂટવાનો તેણે સંકલ્પ કર્યો હતો. મધરાત થવા આવી. ગુરુ ડફુનાથ આજે નદીપારથી નહીં પણ નદીને કિનારે કિનારે ચારે પગે આવ્યા ને ચોરા ઉપર ચડ્યા ને તેમણે ચારે તરફ સૂંઘ્યું. બે પગે થઈ ગયા. જે ઝાડપર ભગવતી બેઠાં હતાં તે તરફ નજર કરી ને આનંદની ડચકારીઓ મારી.

એ નીચા વળી પ્રસાદ ખાવા લાગ્યા એટલે તાલધ્વજ અને તેનો સાથી ખડ્ગ લઈ એની તરફ દોડી આવ્યા. ડફુનાથ શિયાળવા જેવી ચીસ પાડી હવામાં કૂદ્યા. ભગવતીએ ઝાડપરથી ભૂસકો માર્યો અને પાછળ દોડી ફરસીથી નાયકનું માથું કાપી નાંખ્યું. તાલધ્વજ મુઠ્ઠી-વાળી નાસી ગયો.

ભગવતીએ ચોરા તરફ દંડવત્ પ્રણામ કર્યાં, અને ભોંયમાં માથું નાંખી ડફુનાથના નખો ક્યારે પોતાના ગળામાં ભોંકાઈ જાય તેની વાટ જોવા માંડી.

ડફુનાથે પહેલાં ચારે તરફ સૂંઘ્યું અને આનંદની ડચકારી વગાડવા માંડી. તેમણે હમેશની રીતે પશુપતિને ખોપરી વધેરી અને પછી ચોપગે ભોંય સૂંઘતાં સૂંઘતાં જે રસ્તે તાલધ્વજ ગયો હતો તે રસ્તે દોડી ગયા.

સવારે સહસ્રાર્જુન ગભરાતો ગભરાતો મૃગારાણીના આવાસમાં પહોંચ્યો. મૃત્યુનો ભય તેના મુખ પર હતો.

'મૃગા! જોયાં તારા ગુરુનાં કારસ્તાન.'

'કયા ગુરુ? ને કયાં પરાક્રમ?'

'પેલો ભાર્ગવ હવે ડફુનાથ અઘોરીનો ગુરુ થયો છે.'

'અરે, એવું તે હોય!' મૃગાએ કહ્યું. પણ ગુરુદેવ જીવતા છે એ ખબર સાંભળી તેના અવાજમાં ઉત્સાહ આવ્યો.

'ચોથે દહાડે ડફુનાથ અઘોરીએ આભાનાયકને મારી નાંખ્યો.'

'હા, તે તો મેં સાંભળ્યું.'

'કાલે મારો વારો હતો.'

'જાઓ, જાઓ !'

સહસ્રાર્જુનને કંપારી આવી. 'ખરી વાત, તેથી મેં કાલે તાલધ્વજ અને મરીચિ નાયકને એને મારવા મોકલ્યા હતા.'

'અરર ! એને મરાય ? એ તો અમર છે.' મૃગાના અવાજમાં પણ ભય આવ્યો.

'મરીચિને તારા ભાર્ગવે મારી નાંખ્યો. તાલધ્વજને અઘોરીએ માર્યો.' બોલતાં સહસ્રાર્જુનનો અવાજ પણ ભયથી કંપાયમાન હતો.

'કેમ જાણ્યું કે અઘોરીએ માર્યો ?'

'કાલે રાતે એ સ્થાનકના સ્મશાન પાસે ખોપરી વઘેરવા આવ્યો હતો.'

'પણ તાલધ્વજ —'

'હમણાં તાલબાહુ બધું કહી ગયો. મધરાત પછી તાલધ્વજ ગભરાતો ઘેર આવ્યો ને સૂતો. સવારે ડહુનાથે એનો ભોગ લીધો; એનું માથું નખવતી ધડથી જુદું કરવામાં આવ્યું હતું.'

બન્ને ધ્રૂજ્યાં.

'પણ ભાર્ગવે મરીચિનો જીવ લીધો તે કેમ જાણ્યું ?'

'એનું ડોકું ફરસીથી છેદાયું.'

'ઓ – ! —' મૃગાએ મોઢું ફાડ્યું.

સહસ્રાર્જુને માથું બે હાથવતી પકડ્યું.

'ગુરુદેવને હજી મનાવો. માનશે.'

'મનાવું ? ના, કદી નહીં.'

'ત્યારે શું થશે ?'

સહસ્રાર્જુને પોતાના વાળ ખેંચ્યા.

ડહુનાથ અઘોરી ખોપરી વઘેરવા કોઈ રઝળતા કે રોગિષ્ટ માણસને મહિનામાં એક વખત મારતા; પણ છેલ્લા થોડા દિવસમાં આભા, મરીચિ ને તાલધ્વજ જેવા ત્રણ યોદ્ધાનો જીવ લીધો. તે

ખબરથી માહિષ્મતીમાં ગભરાટ પ્રસર્યો. એ વાત પણ ચર્ચાવા લાગી કે અઘોરીએ ભાર્ગવને ગુરુ માન્યા છે. પશુપતિને સ્થાનકે ગુરુ ડફનાથ ને ગુરુદેવ ભાર્ગવની આરાધના શરૂ થઈ. લોકોએ એમની બાધા લેવા માંડી.

સહસ્રાર્જુનને રાતના સ્વપ્નામાં ભાર્ગવ અને ડફનાથ એની ગળચી દાબતા દેખાયા. સવારે એ ચારે તરફ ચમકીને જોવા લાગ્યો. સાંજ પડવાની બીક એને સવારથી લાગવા માંડી.

'પેલો માછી ક્યાં ગયો?' તેણે રુરુને આજ્ઞા કરી, 'ગમે ત્યાંથી એને શોધી કાઢ!'

કૂર્મી તો આવા કંઈ નિમંત્રણની વાટ જોતો બેઠો હતો. તે તરત હાજર થયો. ચક્રવર્તીએ તેને આતુરતાથી આવકાર આપ્યો ને કાલ રાતના બનાવ વિષે પૂછ્યું.

'ડફનાથ ગુરુ જે કરે તે ખરું. અન્નદાતા, જે અંતરીક્ષમાં ઊડે તેને કોણ રોકે?'

'અઘોરી આવે છે ત્યારે ક્યાં વસે છે તેની કાંઈ ખબર છે?'

'જ્યાં શ્મશાન હોય ત્યાં અઘોરી હોય, અન્નદાતા!'

સહસ્રાર્જુને સેનાપતિ તાલબાહુને બોલાવ્યો, અને માછીને ઊભા રહેવા કહ્યું.

'તાલબાહુ, આ અઘોરીઓ બહુ ફાટચા છે. એમને જડમૂળથી ઉખેડવા છે.'

તાલબાહુ પુત્રના મરણથી દુ:ખી હતો તે ઉગ્ર થઈ ગયો.

'ચક્રવર્તી! કોઈ યોદ્ધો અઘોરીઓને મારવા નહીં જાય.'

'બધા એવા કાયર થઈ ગયા છે?'

'ના, બધા અક્કલ ખોઈ નથી બેઠા. ને મારે પણ તમારું સેનાપતિપદ નથી જોઈતું. પરમ દિવસે મેં પગે લાગીને આપને કહ્યું કે ડફનાથ અઘોરીને ન છેડો; એને કોઈ મારી શકે એમ નથી. પણ આપે ન માન્યું, ને મારો હીરા સમો છોકરો કમોતે મૂઓ.' તાલબાહુએ આંસું લૂછ્યું.

'કોઈ એને મારવા નહીં જાય?'

'ના, કોઈ નહીં. માણસ હોય એને મરાય; અમર હોય તેને કોણ છેડે?'

'પણ મને મારી નાંખશે તો?'

'આટલા દહાડા એ કાંઈ કરતો નહોતો. આભાએ પણ અઘોરીને મારી નાંખ્યો ન હોત તો ડફુનાથ એને નહીં છેડત. કોઈને નિરર્થક એણે માર્યો હોય એમ જાણમાં નથી.'

'પણ પેલો ભાર્ગવ એને ઉશ્કેરે છે.'

'ચક્રવર્તી! એ વાત તદ્દન ખોટી છે, આપને ઉશ્કેરવા કોઈએ ઊભી કરી છે. આજે દોઢ વર્ષ કેમ ભાર્ગવે કાંઈ ન કર્યું? ને ભાર્ગવ આપને મારવા ડફુનાથને ઉશ્કેરે એ મારા માન્યામાં નથી આવતું.'

'તારામાં અક્કલ નથી.'

'જરા વિચાર તો કરો. ગુરુ ડફુનાથ અઘોરી કોઈને ગુરુ કરે?'

એટલામાં ગુરુ મૃકુંડ અને મૃગારાણી આવી પહોંચ્યાં, અને ક્યાંય સુધી ચારે જણે મસલત કરી. આખરે કૂર્માને પાછો બોલાવ્યો.

'માછી,' ગુરુ મૃકુંડે કહ્યું 'તું ડફુનાથને કદી મળ્યો છે?'

'જોયા છે. મળ્યો નથી.' કૂર્માએ કહ્યું.

'ડફુનાથને સંદેશો કહી આવે એવું કોઈ ઓળખે છે?'

'મારા ગામના એક છોકરાએ ડફુનાથ અઘોરીને સાધ્યો છે. તે કહી આવે તો.'

'એને લઈ આવ!' ગુરુ મૃકુંડે કહ્યું.

'હું મારે ગામ જઈ એને લઈ આવું ત્યારે.'

'ખરેખર એણે ડફુનાથને સાધ્યો છે?' સહસ્રાર્જુને પૂછ્યું.

'એ તો કોણ જાણે. પણ બહુ જિદ્દી છોકરો છે. ન પણ આવે.'

'જા. ગમે તેમ કરી લઈ આવ!' ગુરુ મૃકુંડે કહ્યું. 'જલદી લઈ આવજે, આવતી અમાવાસ્યા પહેલાં.'

'આવતી અમાવાસ્યાએ હું જીવતો હોઉં તો.' સહસ્રાર્જુન બબડયો.

૭

ભગવતીને હવે ભય નહોતો. રોજ રાતના એ સ્મશાને જતાં, અઘોરચક્ર બનાવતાં અને પ્રસાદ મૂકી આવતાં.

સહસ્રાર્જુન જોડે થયેલી વાતો કૂર્માએ એમને કહી તે રાતે એ સ્મશાનમાં ગયાં ત્યારે મંત્ર ભણી અંધારામાં પડેલા અઘોરીઓ સાંભળે એમ બબડયાં. 'ડફુનાથ ગુરુ, અઘોરીઓના ધણી, તમારે માથે ભય છે. મને મળી જાઓ.'

બીજે દહાડે પણ એમ જ બબડી આવ્યાં.

તે જ રાતે મધરાત પછી કોઈ જાનવર એમના બારણાપર પાસું ઘસતું હોય એમ ભગવતીને લાગ્યું. એમણે ઊઠીને બારણું ઉઘાડયું એટલે એક મોટું શિયાળવું નાસી જતું દેખાયું.

ત્રીજી રાતે પણ ફરી સ્મશાનમાં પ્રાર્થના કરી આવ્યાં, અને મોડી રાતે પાછું શિયાળવું બારણાપર પાસાં ઘસવા માંડયું. ભગવતીએ ઊઠીને બારણું ઉઘાડયું. પાછળની ઓરડીમાં સૂતેલો કૂર્મો માથે ઓઢી, ટૂંટિયું વાળી, ધ્રૂજતો પડી રહ્યો.

તરત શિયાળવાની માફક ડફુનાથ અંદર આવ્યા. ભગવતીએ દંડવત્ પ્રણામ કર્યો, અને અઘોરીએ અડધી ખોપરી વચ્ચે મૂકી. તેમાંથી ઝાંખો પ્રકાશ પડતો હતો. ડફુનાથ ઠીંગણા હતા, પણ એની છાતી ઘણી જ પહોળી હતી. એના હાથ પણ ઘણા લાંબા હતા. એના મોઢાની બહાર બે દાંત નીકળતા હતા. એ પચાશેક વર્ષના દેખાતા હતા. એણે અવાજ કાઢી સૂંઘવા માંડયું.

'ત્રણ મહિના પર તું ચોરા પાસેના ઝાડ પર હતી.' તેણે ઘોઘરે અવાજે કહ્યું.

'હા, હતો.' ભગવતીએ હાથ જોડી સુધાર્યું.

ડફુનાથે ફરી સૂંઘવા માંડયું. 'ખોટી વાત; તું સ્ત્રી છે.'

'ગુરુ, ખરી વાત. હું સ્ત્રી છું.'

'બીજી અમાવાસ્યાએ પેલે પાર આવી હતી ?'

'હા'

'ગઈ અમાવાસ્યાએ પેલા માણુસને માર્યો ?'

'હા'

'તું રોજ અઘોરચક્ર કાઢે છે ?'

'હા'

'હું તારા પર પ્રસન્ન છું. માગ, માગ, શું જોઈએ છે ?' ડફનાથ તિરસ્કારથી હસ્યો. "સ્વાર્થ વગર તમે માનવીઓ કંઈ કરો છો ?—અરે હા. ઘણું કરો છો – એક બીજાને મારો છો, ભૂખે મારો છો, રંજાડો છો — સ્વાર્થ વગર.' ને ધીમેથી અઘોરી મલકાઈને હસ્યા.

'મહારાજ, મારે કાંઈ સ્વાર્થ નથી. આજે ચેતવણી આપવા બોલાવ્યા છે. આવતી અમાવાસ્યાએ ચોરા પર જશો નહીં. સહસ્રાર્જુન તમને મારી નાંખવાના છે.'

'હું જરૂર જવાનો. હું એકે અમાવાસ્યા ચૂક્યો નથી.'

'પણ આપને એ જરૂર મારી નાંખશે.'

'તમારી માનવજાત જ નીચ છે. મેં એનું શું બગાડ્યું છે ?'

'એ માને છે કે તમે એને મારવા ફરો છો.'

'શા માટે હું એને મારું ? હા, મહિનામાં એક માણુસ મારું છું, ભોગ ધરવા. કોઈ મારા અઘોરીને મારી નાંખે તો હું વેર લઉં છું. વગર કારણે તો તમારી જાત મારે છે.' ડફનાથે તિરસ્કારમાં દાંત દેખાડ્યા.

'તમે માનવી નથી ?'

'હું માનવી ! હા—હા—હા. હું અઘોરી છું. તમારી પાપી માનવજાતને અડકું પણ નહીં.'

'કોઈ સારો નથી મળ્યો ?' ભગવતીના અવાજમાં

આતુરતા હતી.

ડફનાથ હસ્યા, 'છે, એક છે.'

'કોણ છે એવો ?'

ભગવતીનું હૈયું આશા ને નિરાશા વચ્ચે અદ્ધર લટકી રહ્યું. બહાર કોઈનો પગરવ સંભળાયો ને ચીસ સંભળાઈ. પલકમાં ડફનાથ વળગંડી પર થઈ મોભને વળગ્યા ને છાપરાનાં નળિયાં કાઢી નાંખ્યાં.

'હું આવતી અમાવાસ્યાએ મળીશ.' ભગવતીએ કહ્યું.

છાપરાના બાકોરામાંથી ડફનાથ અદૃશ્ય થઈ ગયા.

રાતે સહસ્રાર્જુનની આંખ મીંચાતી નહોતી. જરા અવાજ થાય, નળિયું ખખડે કે કૂતરું ભસે એટલે તે બેઠો થઈ જતો, સૂતેલા અંગરક્ષકોને જગાડતો, ચારે બાજુ તપાસ કરાવતો. એની આંખો મીંચાતી તો એને કારમાં સ્વપ્નાં આવતાં. કદી ન માનેલી એવી બાધાઓ એણે લેવા માંડી.

એક સવારે તે પથારીમાંથી ઊઠ્યો, ભોંયપર નજર કરી ને વેદનાભર ત્રાડ નાંખી. એની પાટના પગ આગળ નાનું સિંદૂરનું અઘોરચક્ર કોઈએ કર્યું હતું!

એની ત્રાડ સાંભળી મૃગારાણી આવી પહોંચી. તેને એ વળગી પડ્યો.

'મૃગા! મારું આવી બન્યું!'

તેણે અંગરક્ષકોને ધમધમાવ્યા, કેટલાક નવા નાયકોને ચોકી કરવા નીમ્યા, તાલબાહુને બધે સૈનિકો મૂકવાની આજ્ઞા કરી, અને આવી બન્યું હોય તેમ મૃગાને કરગરીને વળગવા લાગ્યો.

સહસ્રાર્જુનનું આવી બન્યું એ વાયકા આખી માહિષ્મતીમાં ફેલાઈ ગઈ.

સહસ્રાર્જુને બધા સૈનિકોના મુખપર એના મૃત્યુની છાપ જોઈ. મૃગાનાં આશ્વાસનોથી એ ગુસ્સે થઈ ગયો. ગુરુ મૃકુંડને બોલાવ્યા ને પશુપતિની આરાધના શરૂ કરાવી. પોતે પણ સ્થાનકમાં જઈ હાથે આરતી કરી અને મૃકુંડે મંત્રીને આપેલું પશુપતિનું બાણ

ગળે બાંધ્યું. બપોર પછી તેણે ગઢના કાંગરા પર આમથી તેમ ફલંગો માર્યાં કરી.

સાંજ પડી એટલે તે મૃગાના આવાસમાં ગયો. ચારે તરફ પોતે જઈ યોદ્ધાઓને ગોઠવી આવ્યો. પોતાને સૂવાના પાટની આસપાસ પોતાનાં બધાં શસ્ત્રો ગોઠવ્યાં. બારણા આગળ મૃગાને સુવાડી, અને પોતે સૂવા ગયો. ક્યાં સુધી તેણે મોટે અવાજે મૃગા જોડે વાત કરી. પછી તેણે મંત્રેલું પશુપતિનું બાણ ગળામાંથી કાઢ્યું, પોતાના ઉશીકા પાસે મૂક્યું, તેની પૂજા કરી ને ફૂલ ચઢાવ્યાં. મધરાત પછી બન્નેની આંખો મીંચાઈ. . . .ને,

એ કાંગરાપર ફરતો હતો. વાદળ ઘેરાયલું હતું.......

વાતાવરણ ગૂંગળાવતું. માત્ર એક બિલાડી કૂદતી કૂદતી આવતી હતી. તેણે શસ્ત્ર ફેંક્યું. બિલાડી તેના પરથી ચાલી ગઈ. તે પાછળ દોડ્યો, ને બિલાડી તેની ગળચી પર કૂદી. ચીસ પાડી થરથર કાંપતો તે બેઠો થઈ ગયો. એના ગળામાંથી ગૂંગળાયલી બૂમ જેમ તેમ નીકળી. સફાળી મૃગા ઊઠીને આવી. ચારે તરફથી રક્ષકો મશાલ લઈ દોડતા આવ્યા. એના અંગેઅંગમાંથી પરસેવો ઝરતો હતો.

મશાલો લઈ સૈનિકો એના પાટની આસપાસ ઊભા ને એની આંખો ફાટી ગઈ.

'જો—જો—જો!' સહસ્રાર્જુને ભોંય તરફ આંગળી કરી; ત્યાં નાનું સિંદૂરનું અઘોરચક્ર રચાયલું પડ્યું હતું.

મૃગા ચીસ પાડી બેભાન થઈ ગઈ. ગભરાટમાં સહસ્રાર્જુન ઉશીકા પાસે મૂકેલું બાણ લેવા ગયો, અને સાપ કરડ્યો હોય તેમ બરાડા પાડવા લાગ્યો. ઉશીકા પાસે બાણ હતું જ નહીં.

......મૃત્યુની પળ......શ્વાસ રુંધાતો હોય તેમ એણે ગળે બન્ને હાથ મૂક્યા.

૮

કૂર્મા ને ભગવતી માછીને વેષે ગઢમાં આવ્યાં ત્યારે ચક્રવર્તી આમથી તેમ જોઈ રહ્યા હતા. મૃગા એની પાસે બેસી ચિન્તાથી એનું મોં જોતી હતી. તાસ્રબાહુ નિસ્તેજ હતો. ગુરુ મૃકુંડ વગર અવાજે માત્ર મંત્ર જ ભણુતા હતા.

રાજા દિવોદાસની પુત્રી ને ગુરુદેવ ભાર્ગવની પત્ની ગંદા ભેંસના ચામડાનો પહેરવેશ, ગૂંચવાયલાં વાળનાં ગૂંછળાં ને સ્મશાનની રાખમાં ઊભાં હતાં. તેમના હાથમાં ત્રિશૂળ હતું અને ગળે હાડકાંની માળા હતી.

ગુરુ મૃકુંડ અને મૃગારાણીએ એમને ઓળખ્યાં. ત્રણ મહિના થયાં ભગવતીને મળવાનો પ્રયત્ન નહોતો કર્યો તેથી એ શરમિન્દા થઈ ગયાં.

'છોકરા!' ગુરુ મૃકુંડે શરૂ કર્યું, 'તેં ડહુનાથ અઘોરીને જોયો છે?'

'મેં એમની આરાધના કરી છે.' ભગવતીએ કહ્યું.

'એ કેવો છે?'

'કોઈએ જોયો નહીં હોય એવો.'

'તું એને મળી શકે છે?'

'જો મારા પર બહુ પ્રસન્ન થાય તો!'

'ચક્રવર્તીનો એક સન્દેશો લઈ જશે?' મૃકુંડે પૂછ્યું.

'ગુરુ ડહુનાથને સંભળાવવા જેવો હશે તો.'

'એને જઈને કહેજે ચક્રવર્તી તારા પર પ્રસન્ન છે.'

'માનવીઓને એ ધિક્કારે છે. તેમની પ્રસન્નતાની એમને પરવા નથી.'

'એમને જોઈએ તે—સુવર્ણ જોઈએ તો તે—હું આપું.' સહસ્રાર્જુને કહ્યું.

'તમારા સુવર્ણથી સ્મશાનની રાખ એમને વધારે પ્રિય છે.'

ભગવતીએ જવાબ આપ્યો.

'ત્યારે એ મને કેમ પજવે છે.?' સહસ્રાર્જુને દયામણી રીતે પૂછ્યું.

'જે નિર્દોષને દમે ને ગુરુનો દ્રોહ કરે તેવા અધર્મીઓને જ એ રંજાડે છે.' ભગવતીએ કહ્યું.

'મેં એનું શું બગાડયું છે.?'

'અન્નદાતા, ક્ષમા કરો તો કહું.' ભગવતીએ સિંદૂરથી રંગેલા હાથ જોડયા.

'બોલ, બોલ, ખુશીથી બોલ!' ગુરુ મૃકુંડે આશ્વાસન આપ્યું.

સહસ્રાર્જુન ગુરુની સામે ગરવાઈને જોઈ રહ્યો.

'મેં પોતે ગુરુ ડકુનાથ પાસે સાંભળ્યું નથી, પણ એમ કહેવાય છે કે આપના ઉપર એ ઘણા કોપ્યા છે.'

'કેમ?'

'કૃપાનાથ, ગુરુ ડકુનાથ માને છે કે આપ નિર્દોષોને મારો છો, ગુરુઓને સંહારો છો ને સ્ત્રીબાળકો પર અત્યાચાર કરો છો.'

સહસ્રાર્જુનનું મોં લાલચોળ થઈ ગયું, પણ તરત તે ફિક્કો થઈ ગયો, અને માથા પર હાથ મૂકયો.

'છોકરા,' ગુરુ મૃકુંડે વાત ચાલુ રાખી. 'તું ગુરુ ડકુનાથ અઘોરીને કહેજે કે હવે ઘણું થયું. કૃપા કરે. ચક્રવર્તી હવે એવું કાંઈ નહીં કરે. હું વચન આપું છું. ચક્રવર્તી! આપ સ્વસ્થ નથી, સૂઈ જાઓ. આ છોકરાને અમે સમજાવીએ છીએ.'

સહસ્રાર્જુન ધીમેથી ઊઠયો, ને ધીમે પગલે ચાલી ગયો. સાથે તાલબાહુ પણ ગયો.

ગુરુ મૃકુંડ ને મૃગા ઊઠી ભગવતીને પગે લાગ્યાં.

'ભગવતી!' મૃગારાણીએ ચારે તરફ સાવચેતીથી જોઈ ધીમે અવાજે કહ્યું, 'આ શું કરો છો?'

'જ્યારે સહસ્રાર્જુન ધારે તે કરતા હતા ત્યારે તમે કોઈએ નહીં પૂછ્યું કે આ શું કરો છો?'

'અમે શું કરીએ? ગુરુદેવ મને સૌભાગ્યના આશીર્વાદ આપી ગયા ને તમે હરી લેવા બેઠાં છો. દિવસ ને રાત એ જંપતા નથી. આઠ દહાડામાં એ ગાંડા થઈ જશે.'

'એણે કેટલાને ગાંડા કર્યાં છે? મને પણ કરી મૂકી છે.'

'મેં ગુરુદેવને અહીંયાંથી બચાવ્યા—'

'મારે તમારું સુખ હરવું નથી—તમે ભલે મહાલ્યાં કરો. એનો મારણહાર, આવશે ત્યારે જવાબ લેશે.'

'ગુરુદેવ જડયા? જીવતા છે?'

'એનો મારનારો જન્મ્યો નથી, જન્મવાનો નથી.'

'ક્યાં છે?'

'તમારે જાણીને શું કામ? તમારાથી કાંઈ થતું તો છે નહીં. પણ સહસ્રાર્જુનને બચવું હશે તો એક વચન આપવું પડશે.—અઘોરી કે ભૃગુને રંજાડવો નહીં.'

'તો ડફ્નાથ ચક્રવર્તીને સુખે રહેવા દેશે?'

'જોઉં. ગુરુ ડફ્નાથને મનાવી જોઉં. પણ આ વચન ન મળે તો હું કાંઈ કરવાની નથી. જાઓ, એનું વચન લઈ આવો; જો કે, એના વચનમાં મને શ્રદ્ધા નથી.'

થોડીવારે ગુરુ મૃકુંડ ચક્રવર્તીનું વચન લઈ આવ્યા.

'ભગવતી,' મૃગાએ પગે પડી ચરણની રજ માથે મૂકી, 'મારા અર્જુનને કાંઈ થાય નહીં; હું તમારે ચરણે પડું છું.'

'—જો એ વચન પાળે તો.'

૯

બીજે દહાડે સહસ્રાર્જુને દાંડી પીટાવી કે, કોઈએ અઘોરીઓ કે ભૃગુઓને રંજાડવા નહીં. લોકોને જંપ વળ્યો. ગુરુ મૃકુંડે મંત્રીને

નવું બાણ આપ્યું. તે સહસ્રાર્જુને ગળે બાંધ્યું, અને એના જીવને શાતા વળવા માંડી. એ ચાર દહાડા ડફુનાથનાં કાંઈ નામનિશાન મળ્યાં નહીં, એટલે એને પાછી હિંમત આવવા માંડી.

હિંમત આવી એટલે ચક્રવર્તીનું હૈયું પોકાર કરી રહ્યું: એ, ત્રણ ભુવનનો સ્વામી, લંકાધીશને જીતનાર સહસ્રબાહુ અર્જુન નાની છોકરીની માફક થરથર કાંપ્યો હતો! મૃગા જેવીનો પાલવ પકડીને બેસી રહ્યો હતો! અને એક દુષ્ટ પિશાચથી ગભરાઈ તેને વચન આપ્યાં હતાં! એક માછીના છોકરા આગળ એણે પ્રણિપાત કરવો બાકી મૂક્યો હતો. મૃકુંડ ને મૃગા—જેને એ તિરસ્કારતો હતો—તેમને પગે પડી જીવતદાન માગી લીધું! એના અભિમાનના ચૂરેચૂરા થઈ ગયા હતા. અને જેમ એ કચ્ચરો ભેગી કરવા લાગ્યો, તેમ એનો ક્રોધ વધવા લાગ્યો.

મૃત્યુનો ભય અદશ્ય થઈ ગયો. ડફુનાથે એને ડરાવ્યો હતો. તેનું વેર લેવાની ઇચ્છા વધી. ચૌદશની રાતે ઇચ્છા ઝનૂન બની ગઈ. કાલે રાતે અઘોરી એકલો આવશે. પેલો છોકરો તેની સાથે વાત કરવા જશે. અઘોરીએ પહેલેથી તો વચન પાળવા માંડયું છે એટલે પોતે નિર્ભય હતો. અને એ છોકરો મળે તે જ વખતે જો પોતે ડફુનાથને મારી નાંખે તો ભય જાય, વેર વળે, અને પિશાચનાથને મારવાની અમર કીર્તિ મળે.

બીજે દહાડે સવારે એનો નિશ્ચય દૃઢ થયો. કોઈને કહેવાય એમ હતું નહીં. તાલબાહુ કે મૃગા આવી ઉસ્તાદીમાં સમજતાં નહીં. એની ખંધાઈ અત્યારે સોળે કળાએ તપતી હતી એમ એણે માનવા માંડયું.

રાત પડી એટલે એક વિશ્વાસુ નાયકને તેણે સાથે લીધો. ડફુનાથ જોડે સંધિ થઈ ગઈ છે, તે પ્રસન્ન છે અને સંકેત પ્રમાણે તેને મળવા જાય છે એમ ઘણું સમજાવ્યો ત્યારે તે સાથે આવવા તૈયાર થયો.

તેને કિનારા પર ઊભો રાખી સહસ્રાર્જુન પોતે સ્થાનક આગળ

ઊભો રહ્યો. ડફુનાથ કઈ તરફથી આવે છે, તે જાણવા તેણે ચારે તરફ નજર રાખી.

ડફુનાથ નદી વાટે આવ્યા, અને તેમને માણસની ગંધ આવી. પથ્થર પાછળ ભરાયલો સૈનિક ડફુનાથ આવ્યા એની ચક્રવર્તીને ખબર કરવા બહાર નીકળ્યો. ડફુનાથ ચોપગે તેની પાછળ દોડ્યા, તેના ગળા પર કૂદીને વળગ્યા. તરત એમણે તેને ભોંયે નાંખ્યો, તેનું માથું ધડથી જુદું ચીર્યું, તેનું લોહી પીધું, ને તેની ખોપરી લઈ ભોગ ધરાવવા શ્મશાનના ચોરા તરફ ગયા.

કૂર્માને દૂર ઊભો રાખી ભગવતીએ ચોરા પાસે અઘોરચક્ર રચ્યું, ફૂલ ને ખોપરી મૂક્યાં, અને ચોરા આગળ હાથ જોડી ઊભાં રહ્યાં. એમને જોઈ ડફુનાથે આનંદની ડચકારીઓ વગાડી. પછી તેમણે પ્રસાદ ખાધો ને પશુપતિને નાયકની ખોપરી વધેરી.

'બેટા! શું છે?'

'ગુરુ ડફુનાથ! ભૈરવનાથ! સહસ્રાર્જુને કહાવ્યું છે કે કૃપા કરો, મિત્ર થઈને રહીશ.'

'માનવી કોઈનો મિત્ર થયો છે?'

'જે જોઈએ તે—સુવર્ણ પણ—આપવા તૈયાર થયો છે.'

'હું માનવી નથી કે સુવર્ણ પાછળ મરી ફીટું.'

'વચન આપ્યું છે કે અઘોરીને નહીં રંજાડું.'

'એણે દાંડી પીટાવી તે મેં સાંભળી. હવે મારે એની સાથે શો ઝઘડો હોય?'

'કહે છે કે ધર્મ અને ગુરુઓનો લોપ નહીં કરું.'

'જુઠ્ઠો!' ડફુનાથ હસ્યા.

'એની મૃગારાણી ડાહી છે. એણે પણ વચન આપ્યું છે.'

'મને ને મારા અઘોરીઓને જંપીને રહેવા દે, બીજું મારે શું જોઈએ છે? એની અધમ દુનિયામાં મારે ક્યાં આવવું છે?'

'ને ભૈરવનાથ! આપે તે દહાડે મને પૂછ્યું હતું કે મારે શું

જોઈએ છે ?'

'સ્વાર્થી માનવી !' ડકુનાથ હસ્યા. 'બોલ શું જોઈએ છે ?'

'એક વાત પૂછું ?'

'પૂછ! તું માનવીસ્ત્રી નથી. અઘોરીસ્ત્રી જેવી ભલી છે.'

'અઘોરવનમાં દોઢ વર્ષમાં કોઈ એક માનવી આવ્યો છે?' ભગવતીનો અવાજ કાંપતો હતો.

'ઘણા આવે છે. મગરો ખાઈ જાય છે, કે કમોતે મરે છે.'

'ના—ના. ઘણા નહીં.' અને ભગવતીની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. 'એક સ્વરૂપવાન, તેજસ્વી,—ભય જેને સ્પર્શ્યો નથી તેવો—યુવાવસ્થામાં આવેલા પશુપતિ જેવો—આપના જેવી અંધારામાં પણ જોઈ શકતી આંખોવાળો—' ભગવતી રડી પડ્યાં.

'હા–હા–હા–હા—' ખુશ થઈ ડકુનાથે કહ્યું, 'એ માનવી નથી—માનવી નથી.'

ભગવતીએ આંખે હાથ દીધા.

'ગજની ચાલે ચાલે છે. વાઘની આંખે ડારે છે. ભાર્ગવનાથ માનવી નથી, અઘોરી છે, મારો દીકરો છે.'

'તમારો દીકરો ?'

'ડકુનાથનો એક દીકરો રેવામા લઈ ગઈ—બીજા દીકરો રેવામાએ આપ્યો, તે ભાર્ગવનાથ.'

'તે જ—તે જ—રામ ભાર્ગવ.'

'તેં કેમ જાણ્યું ?'

લોમા ધ્રૂસકાં ખાતી ડકુનાથને પગે પડી.

'ભૈરવનાથ! મને એની પાસે લઈ જાઓ. હું પગે લાગું.'

ડકુનાથ જરા ખંચાયો. 'શા માટે ? ભાર્ગવનાથ મારો દીકરો છે.'

'તો હું તમારા દીકરાની વહુ...' ને મોટા અવાજે ભગવતી રડી પડી.

'હા–હા–હા !' ડકુનાથે આનંદની ડચકારી વગાડી ને હવામાં

કૂદ્યા, ને પાછા ભોંયપર પડચા. ત્યારે તેણે કહ્યું, ' હું દશ દહાડામાં મેળવી આપીશ. તારે ઘેર લઈ આવીશ.' ને તે ખુબ હસ્યા, ' દીકરો ને દીકરાની વહુ બે મળી ગયાં. '

તે પાછા જવા ફર્યા. ' હું આપને પાણી સુધી મૂકી જાઉં. ' કહી ભગવતી તેની સાથે થયાં.

ચોરા પરથી કિનારે ઊતર્યાં ને ડહુનાથે સૂંઘવા માંડયું. ' આ બેખડ પાછળ કોઈ માણસ ભરાયું છે. '

લોમાએ પાછળ ફરીને કેડે બાંધેલું ચક્ર હાથમાં લીધું. સહસ્રાર્જુન ગદા ઉગામી ત્રાડ પાડી એકદમ ડહુનાથ પર ધસ્યો. ભગવતીએ પાછાં હટી ચક્ર ફેંક્યું તે સહસ્રાર્જુનને જમણે હાથે વાગ્યું, ને તેના હાથમાંથી ગદા પડી ગઈ. તેણે ક્રોધનો ઘુરઘુરાટ કર્યો અને ડાબે હાથે ખડ્ગ લઈ તે બન્ને તરફ આવ્યો.

ભગવતીએ ખડ્ગ કાઢયું ને તે સામે આવી. સહસ્રાર્જુન જરા ખચકચો. ડહુનાથે શિયાળવા જેવું ભયંકર આક્રંદ કર્યું, ડચકારા કર્યા ને ચોપગે થઈ ગયા.

સહસ્રાર્જુન અને ભગવતીનાં ખડ્ગ અથડાયાં. તેમાંથી તણખા ખર્યા, અને ભગવતીનું ખડ્ગ દૂર જઈને પડયું.

ડહુનાથ કૂદી સહસ્રાર્જુનની બોચી પર ચઢી બેઠા અને તેમના લાંબા નખ તેનું ગળું શોધી રહ્યા. સહસ્રાર્જુનના પ્રચંડ શરીરના સ્નાયુએ સ્નાયુ તેને પાડી નાંખવાનો પ્રયત્ન કરતા. અઘોરીની કારમી ચિચિયારી રાજાના કાન ફાડી રહી.

સહસ્રાર્જુન ભોંયે પડચો. ડહુનાથના નખ તેના ગળામાં ખૂંપાઈ જવાની તૈયારીમાં હતા ને ભગવતી દોડતાં આવ્યાં. ' ડહુનાથ ગુરુ ! એની રાણીને મેં વચન આપ્યું છે. એને મારશો નહીં. '

ડહુનાથે લૂલે હાથે સહસ્રાર્જુનના મોઢાને ઝપાટા માર્યા ને તેને બેભાન કરી મૂકચો. પછી તે ઊઠીને પાણી પાસે આવ્યા. ભગવતીને તલવારનો ઘા વાગ્યો હતો એટલે તેમને તમ્મર આવ્યાં.

ડફુનાથે તેમને પડતાં જોયાં એટલે દોડતા આવી તેમને ઊંચકી લીધાં, અને થોડા પાણીથી તેમને સચેત કરવા લાગ્યા.

સહસ્રાર્જુનની મૂર્છા જતી રહી. તે ઊઠયો, હાથમાં ખડ્ગ લીધું, અને પાણીમાં ભગવતીને લઈ ઊભેલા ડફુનાથ તરફ ધસ્યો.

તે પાણીની પાસે આવ્યો. ડફુનાથને તેણે ઊછળતા જોયા ને તેના હાથમાંથી ખડ્ગ પડી ગયું.

નર્મદાના જળ પર ઊભા ઊભા ડફુનાથ અઘોરી સડસડાટ પાછે પગે ચાલી જતા હતા. તેમના હાથમાં લોમાનો દેહ હતો.

બેભાન બની સહસ્રાર્જુન ધરણીએ ઢળ્યો.

૭ મૃગારાણીનો ઉદ્ધાર

૧

મધરાત વીતી ગઈ હતી. બે ઊંચી ભેખડો વચ્ચે નીર પર એક હોડી સરી જતી હતી. કૃષ્ણપક્ષનો ચન્દ્ર આછો પ્રકાશ પાડતો હતો. થોડાક ખલાસીઓ ઊંઘતા હતા, થોડાક ઝોકાં ખાતા હતા. ભરતીને લીધે હોડી પોતાની મેળે આગળ વધતી હતી. એ તરફ સૂતેલા ભાર્ગવની આંખ એકદમ ઊઘડી ગઈ. હોડીને પેલે છેડે કોઈ ધીમે ધીમે કોરતું હતું તેનો સ્પષ્ટ અવાજ તેમણે સાંભળ્યો. એક ખલાસી નીચું માથું રાખી કાણું પાડતો હતો.

તે બેઠા થઈ ગયા. કોરવાનો અવાજ બંધ થયો, અને બાંકોરામાંથી પાણી આવતું સંભળાયું. તેમણે જઈ ખલાસીને બોચીમાંથી પકડ્યો. 'અલ્યા! હોડી બુડાડે છે.'

બધા જાગી ઊઠ્યા. હોડીના તળિયામાં મોટું ગાબડું પડ્યું હતું, તેમાંથી ઝપાટાભેર પાણી આવતું હતું.

ભાર્ગવે ગાબડું પાડનારને ઊંચકીને નદીમાં ફેંકી દીધો. હોડી ડામાડોળ થવા લાગી. હોડીવાળાઓ ચીસેચીસ પાડી ઊઠ્યા અને બધાએ પાણીમાં ઝંપલાવ્યું. બીજા એક ખલાસીએ ભાર્ગવના માથા પર ફટકો લગાવ્યો. તેમણે ફરસી ઉગામી. હોડી આડી થઈ અને પેલો ખલાસી ને ભાર્ગવ એક બીજાના ઉપર પાણીમાં પડ્યા.

બીજા બધા ખલાસીઓ ચન્દ્રતીર્થ તરફના કિનારે આવ્યા.

દક્ષિણુ તરફનો કિનારો પાસે હતો તેથી ભાર્ગવ તે તરફ વળ્યા. પેલા ખલાસીએ ડૂબકી મારી અને પાછળથી આવી ભાર્ગવનો પગ પકડ્યો. તેમણે જોરથી લાત મારી પોતાનો પગ છોડાવ્યો, અને ઝપાટાબંધ કિનારા તરફ તરવા લાગ્યા. સાથે પરશુ પણ રાખવા તે મથતા હતા, એટલે તરવું અઘરું થઈ પડ્યું.

ભળભાંખળું થયું, અને કિનારા પર પાંચ છ મોટા મગરો પડેલા ભાર્ગવે જોયા. એમનો અવાજ સાંભળતાં તે સચેત થયા અને પાણીમાં સરી આવી ડૂબકી મારી ગયા.

થોડાં પાણી આવ્યાં એટલે ભાર્ગવ ઊભા થઈ ગયા અને હાથમાં પરશુ લીધી. એમની પાછળ આવતો ખલાસી હાંફલો ફાંફલો તરી આવતો હતો. તે કેડસમાણાં પાણીમાં ઊભો થઈ ગયો; અને તેણે કારમી ચીસ પાડી.

એક મગર મોઢું ફાડી એ ખલાસી તરફ આવતો હતો. પલકમાં તેને મગર પકડત, પણ તે પહેલાં ભાર્ગવે છલંગ મારી અને મગરના ફાટેલા મુખમાં જોરથી આડી પરશું મારી. મગર અચકાયો, ને પરશુ મોઢામાં લઈ પાણીમાં ચાલી ગયો. થોડી વારે લોહીની સેર ઉપર આવતી જણાઈ.

પેલો ખલાસી ફાટી આંખે મગર અદૃશ્ય થયો તે તરફ જોઇ રહ્યો હતો. ભાર્ગવ તેને હાથવતી ખેંચી પાણીની બહાર લઈ આવ્યા.

'જયામઘ' તેણે હેતથી કહ્યું, 'આ ત્રીજી વાર તું મને મારી ન શક્યો. હજી દ્વેષ ભુલાતો નથી ?'

સ્વપ્નામાંથી જાગ્યો હોય તેમ જયામઘે ભાર્ગવની સામે જોયું, ને તરત ભોંયે પડી એમના પગ પકડ્યા, અને ધ્રૂસકાં ખાવા લાગ્યો.

'તું આ હોડીમાં ક્યાંથી આવ્યો ?'

'ગુરુદેવ, ક્ષમા કરો. મૃગારાણીના ખાસ માણસ મારા સગા થાય છે. તમે આ હોડીમાં જવાના હતા એટલે હું આપને મારવા એમાં ચડી બેઠો. ને તમે મને બચાવ્યો—કેટલીવાર ?'

'સારું થયું. તને આ પશ્ચાત્તાપની જરૂર હતી.'

સેંકડો શિયાળવાંની ચીસો કિનારા પરના જંગલોમાં ગાજી ઊઠી.

'આ શું?' ભાર્ગવે પૂછ્યું.

'ગુરુદેવ! ક્ષમા કરો. આ તો અઘોરીઓનું વન. એમાંથી આપ ન બચો એટલા માટે તો મેં અહીંયાં હોડી બુડાડી.'

'અઘોરીઓનું વન?'

'હા, ડફુનાથ પિશાચ અહીંયાં જ રહે છે. એના હાથમાંથી કોઈ બચતું નથી. ચાલો નાસી છૂટીએ.'

'જોઈએ, શું થાય છે.' ભાર્ગવે કહ્યું.

૨

ભાર્ગવે અને જ્યામઘે અઘોરીવનમાં જ્યાં પગ મૂક્યો એટલે હાથમાં ભેંસ ને ગાયના પાંસળાનાં શસ્ત્રો લઈ અઘોરીઓ તેમને વીંટાઈ વળ્યા. જ્યામઘ ગભરાટમાં નાસવા જતો હતો તેને ભાર્ગવે રોક્યો, અને પોતે હસતે મુખે ઊભા રહ્યા.

ભાર્ગવને નિર્ભય અને હસતા ઊભો જોઈ અઘોરીઓ અચકાયા અને પછી એ બંનેને પકડવા દોરડાં કાઢ્યાં. ભાર્ગવે દોરડું માગીને લીધું, અને પોતાને હાથેપગે બાંધીને એક છેડો અઘોરીના આગેવાનને આપ્યો.

'ચાલો, ક્યાં લઈ જાઓ છો?' તેમણે હસીને કહ્યું. 'હું નાસી નથી જવાનો.'

તેમને હસતા જોઈ બીજા બેચાર અઘોરીઓ હસવા લાગ્યા.

અઘોરીઓ એમને બાંધીને વૈદાર્યપર્વતની તળેટી તરફ લઈ ગયા. ગીચ જંગલથી વીંટાયેલી ભેખડો વચ્ચે ચોગાન હતું. એની આસપાસ ભેખડોમાં ગુફાઓ હતી. ત્યાંથી તેમને જોઈ સ્ત્રીઓ અને બાળકો બહાર આવ્યાં.

ચારે તરફ ખાધેલાં જાનવરો ને પંખીઓનાં હાડકાં ને પીછાં

પડેલાં હતાં. સડેલાં માંસની દુર્ગંધ પણ આવતી. સ્ત્રીઓ ને પુરુષોએ હાડકાં, પથ્થર, છીપાણી કે પીછાંનો નામનો પહેરવેશ પહેર્યો હતો. દરેક જણુને કેડે એક ખોપરી બાંધી હતી, જે પાણી પીવાના ખપમાં પણ આવતી.

ચોગાન વચ્ચે ભાર્ગવ અને જ્યામઘને બાંધવામાં આવ્યા. દિવસ ને રાત એમને ઊભા રહેવું પડતું. ખાવાનું એમને આપવામાં આવતું, તે સૂંઘવું ગમે એવું નહોતું. જ્યામઘ આખો દહાડો બીકથી કે આત્મતિરસ્કારથી આક્રંદ કર્યા કરતો. પણ ભાર્ગવને આ ગંદાં, ગંધાતાં પણ આનંદી ને દ્વેષવિહોણાં લોકો પર મમતા થઈ આવી.

એ લોકોનો માનવી તરફનો તિરસ્કાર જીતાય એવો નહોતો. સાંજના ખાઈ બળતાં લાકડાં કે અગ્નિમાં તપાવેલાં હાડકાં લઈ તેમને ડામી ડામી દુઃખી કરવામાં આવતા. જ્યામઘ ચીસો પાડતો, ગાળો દેતો, ઘણીવાર વેદનાનો માર્યો બેભાન થઈ જતો.

ભાર્ગવે મૂંગે મોઢે ડામ સહન કરવા માંડયા તે અઘોરીઓને સમજાયું નહીં. પછી એમણે ધીમે ધીમે અઘોરીઓ સાથે વાતો કરવા માંડી. અઘોરીઓ માનવીને હિંસક માની તેનાથી ડરતા, પણ આવો હેતાળ માનવી જોઈ અજાયબ થયા, અને પછી જાણે એ એક મોટું રમકડું હોય તેમ એમની સાથે ગમ્મત કરવા લાગ્યા ને એમને ડામવાનું છોડી દીધું.

આઠ દહાડે ગુરુ ડકુનાથ આવ્યા. ભાર્ગવ ને જ્યામઘને જોઈ તેણે હોઠ પીસ્યા.

'ઘાતકી, દુષ્ટ માનવી !' તે બબડ્યો.

ભાર્ગવે હસીને કહ્યું 'ઘણાખરા છે, બધા નથી.'

'તું અહીંયાં કેમ કરીને આવ્યો ?'

'આ જ્યામઘને પૂછો.'

જ્યામઘે બધી વાત કહી. ડકુનાથ તેના પર થૂંક્યો, 'જુઠ્ઠા, દ્વેષી, ખૂની, કૃતઘ્ની માનવી.'

'તમારી ભૂલ છે. તમે પણ માનવી જ છો ને.'

'હું નથી. હું અઘોરી છું.'

'અઘોરીઓમાં દ્વેષી, જુઠ્ઠા ને ઘાતકી નથી હોતા ?'

'ના, અમે સીધા ને સરળ છીએ.'

'ઘણા માનવીઓ પણ એવા છે.'

'હં—' તિરસ્કારથી ડફ્ફનાથે કહ્યું.

'પણ ગુરુ, અમને છોડો તો ખરા. અમારા દિલપર ચાંદાં પડી ગયાં છે, ને માથામાં જૂ પડી છે. નાહવા તો દો.' ભાર્ગવે કહ્યું.

'નાસી જવું હશે ?'

'શા માટે હું નાસી જાઉં ?'

'હું કોઈનું પણ લોહી પી શકું છું.' કહી ડફ્ફનાથ હસ્યા.

'લોહી શા માટે પીઓ છો ? બીજું ઘણું ખાવાનું છે. ને તમે ગુરુ છો તો મારા બાપદાદા પણ ગુરુવંશના છે.'

'તું પણ ગુરુ છે ?'

'હા.'

'તું હવામાં ઊડી શકે છે ?'

'ના.'

'પાણી પર ચાલી શકે છે ?'

'ના.'

'અંધારી રાતે જોઈ શકે છે ?'

'હા.'

'ખોટી વાત !'

'રાત પડે આપણે પરીક્ષા કરીએ.'

'હા ! હા, બાપા. એ તમારી ને મારી માફક રાતે જોઈ શકે છે !' ડફ્ફનાથના છોકરા ભડનાથે કહ્યું.

ડફ્ફનાથ જરા મૂંઝવાયો. 'પણ તું હવામાં ન ઊડે, પાણી પર ન ચાલે ને લોહી ન પીએ. પછી તું ગુરુ શાનો ?'

'તમે જે નથી કરી શકતા તે હું કરી શકુ છું.'

'શું?' તિરસ્કારથી હસીને ડફુનાથે પૂછ્યું.

'તમે આ ખાઓ છો તેનાથી સારું ખાવાનું અપાવી શકું છું. આ તમારાં ચાંદાં ને ખરજવાં મટાડી શકું છું. તમને હું વિદ્યા શીખવી શકું છું.'

'વિદ્યા—એ શું?'

'તમારાં શસ્ત્રો છે તેનાથી સારાં કરી શકું છું. તમે વનચરો મારો છો તેનાથી વધારે સહેલાઈથી મારી શકું છું. એ એક વિદ્યા. બીજી વિદ્યાથી હું તમને તેજસ્વી ને વિશુદ્ધ બનાવી શકું છું, આર્યત્વ શીખવી શકું છું.'

ડફુનાથ ખડખડ હસી પડ્યો, અને એને હસતો જોઈ બીજા અઘોરીઓ પણ હસીને આસપાસ નાચવા માંડ્યા.

'આ છોકરાને સારો કરી શકે છે?'

'મારામાં વિશ્વાસ હોય તો.'

'માનવીમાં વિશ્વાસ?'

'રાખી જુઓ.'

'કેમ કરીને રાખું? મને તમારા લોકનો બહુ અનુભવ છે.'

'તમને મહા અથર્વણ ઋચિકના પૌત્રનો અનુભવ નથી. મને છોડી મૂકો.'

'તારે નાસી જવું હશે?'

'ગુરુ ડફુનાથ! હું મૂર્ખ છું તે નાસી જવા મથું? નદીવાટે મગરો મોઢું ફાડી બેઠા છે. વનને માર્ગે વાઘ ને વરુ ભૂખ્યા બેઠા છે. મારે નાસી જવાનો એક જ માર્ગ છે. તમારા હૈયાનું બારણું ઉઘાડું પછી ત્યાંથી જતો રહીશ.'

'તું મારી આજ્ઞા વિના નાસી નહીં જાય?'

'મારો કોલ, મારા બાપદાદાનો કોલ.' ભાર્ગવે કહ્યું.

'ડફુનાથ અઘોરીનું વચન તોડીને કોઈ જીવતો ગયો છે?'

'ભાર્ગવે આપેલું વચન દેવો પણ તોડી શકે એમ નથી.'

ડફનાથે ખુશ થઈને ભાર્ગવને છોડયા. અને તેની ઘણી વિનવણીને આધીન થઈ જ્યામઘને છોડયો. ડફનાથે તો જ્યામઘને મારી નાંખવાનો સંકલ્પ કર્યો હતો, તે કેમ કરીને ભાર્ગવે છોડાવ્યો.

આવી સુંદર નર્મદા પાસે હતી તોપણ તેમાં સ્નાન કરવું અશક્ય હતું. અહીંયાં પુષ્કળ મગરો હતા.

બીજે દહાડે ભાર્ગવ નદીકિનારે ઊભા હતા, અને ડફનાથ અને ભડનાથ ત્યાં આવ્યા. ડફનાથે ડચકારી વગાડી એટલે છ મગરો ગેલ કરતા, પૂંછડી પટપટાવતા એની આસપાસ આવ્યા. ડફનાથે તેમને પંપાળ્યા. ભડનાથે હાથમાં માંસના ટુકડા લઈ એમને ખવડાવ્યા. પછી ડફનાથે આજ્ઞા કરી: 'બેટાઓ જાઓ, હવે કાલે.' આજ્ઞાંકિત કૂતરાઓની માફક મગરો પાછા પાણીમાં જતા રહ્યા.

ડફનાથે ભાર્ગવને કહ્યું, 'જોયું? તારા માનવીઓ કરતાં આ મારા મગરો સારા. ખવાડે તેને કદી કરડે નહીં.'

'ખરી વાત.' ભાર્ગવે કબૂલ કર્યું.

'માનવી જેવું કૃતઘ્ની મેં કોઈ જાનવર જોયું નથી. અઘોરી કદી કરેલી સેવા ભૂલતો નથી. તું મગરોને ખવડાવશે?'

'મારે અહીંયાં આખી જિંદગી રહેવાનું થશે તો ખવડાવીશ.'

'તે વગર ગુરુ કેમ થવાય?'

'તમે મગરને વશ કરો. હું એનાથી યે ખરાબ માનવીને વશ કરવા મથું છું.' ભાર્ગવ હસ્યા.

થોડે દૂર એક વહેળો હતો ત્યાં ભાર્ગવે સંધ્યાસ્નાન કરવાનું રાખ્યું.

જ્યામઘની અકળામણનો પાર નહોતો. ત્રીજે દહાડે તે સખત માંદો પડયો, અને દિવસ ને રાત તેની ચાકરી કરવાનું કામ ભાર્ગવે ઉઠાવી લીધું. રાતે જ્યામઘ ગાંડા જેવો થઈ જતો. તે મરેલાં માબાપને સંભારતો ને ભાર્ગવની ક્ષમા માગ્યા કરતો. ઘણીવાર નાસી જવાના કે

આત્મઘાત કરવાના વિચાર કરતો, અને હમેશાં કલ્પાંત કરીને રડતો. ભાર્ગવે તેના જીવનમાં રસ આણવા માંડયો. જ્યારે જ્યામઘ ભગ્નાશ થઈ રડતો ત્યારે તેને છાતીસરસો ચાંપી માતાની જેમ એ આશ્વાસન આપતા. કેટલાય દિવસ મધરાત સુધી ગાંડા જેવા જ્યામઘનું દુઃખ વિસરાવવું એ એમનું મોટું કામ થઈ પડયું.

ભડનાથ ને ભાર્ગવ સવાર પડે જંગલમાં શિકાર કરવા જવા લાગ્યા. અઘોરીઓની શિકાર કરવાની રીત પ્રારંભિક હતી. લાકડાને છેડે પથ્થરનું ફલક ખોસી તેને ભાલાની માફક વાપરતા. મોટા ઝાડની ગાંઠાળી શાખાની ગદા બનાવી તેનો ઉપયોગ કરતા. એમનાં હથિયારોમાં પથ્થર, પથ્થરની હથોડી કે હાડકાંની ફરસી હતાં.

બીજે જ દહાડે જંગલમાં જઈ ભાર્ગવે લીલા વાંસ ને ભેંસનાં આંતરડાં ભેગા કર્યાં અને ઘસીને તીણાં તીર તૈયાર કર્યાં. ભાર્ગવને આવી અણજાણ ક્રિયાઓ કરતો જોઈ ભડનાથ અને એના કેટલાક મિત્રોને હસવું આવ્યું. જ્યારે ભડનાથ અને કેટલાક અઘોરીઓ સવારે શિકાર કરવા ગયા ત્યારે એ પણ સાથે થયા. જંગલમાં જઈ, ઝાડ પછાડી સંતાઈ અઘોરીઓ પંખીઓ જેવો સાદ કરી પંખીઓને લલચાવવા માંડયા. જે પંખીઓ લલચાઈને પાસે આવતાં તેમને ચપળતાથી હાથવડે પકડી લેતા.

ભાર્ગવે એમને મૂંગા રહેવાનું કહ્યું અને દૂર બે મોટા સારસ ફરતાં હતાં તેને એક બાણે વીંધી નાંખ્યાં, અને પછી મોટાં ઊડતાં પંખીઓનો ઝપઝપ શિકાર કર્યો. શિકાર કરવાની આ રીત અઘોરીઓને પસંદ ન પડી. અઘોરી વૃદ્ધો અને ડહુનાથે તેનો નિષેધ કર્યો.

'આ તો દગલબાજી કહેવાય. હાથેહાથ જાનવરને પકડી લાવીએ ત્યારે ન્યાય ગણાય. એ આપણને ખાય કે આપણે એને ખાઈએ. આમ આવી યુક્તિઓ કરવા માંડીએ એટલે પછી એક બીજા પર તેનો ઉપયોગ કરવા માંડવાના. એટલે વેર વધવાનું ને આપણે માનવી જેવા જ હિંસક થઈ જવાના.'

ભાર્ગવે બીજે દિવસે તીરકામઠું બાળી મૂકર્યાં. શસ્ત્રોનાં રહસ્ય એને નવાં સમજાયાં.

ગંદવાડને લીધે અઘોરીઓને ઘણા રોગો થતા. ભાર્ગવે અશ્વિનોની આયુર્વિદ્યાના પ્રયોગો કરવાની ઇચ્છા દર્શાવી પણ તે અઘોરીઓને ન ગમી. રહેવાનું, વેષ કે શરીર સ્વચ્છ રાખવું એ તરફ એમને ઘણો અણગમો હતો. તેનાથી અઘોરીઓની શક્તિ ક્ષીણ થઈ જતી હતી એમ લોકો માનતા. નાહવું એ પાપ મનાતું. રોજ શરીરે રાખ ચોળવામાં સુઘડતા મનાતી. દિવસમાં બે વાર ભાર્ગવ વહેળામાં નાહતા એ તેમને મન અધમ વસ્તુ હતી. માણસ ઘણું માંદું પડે એટલે તે તેને મરવા દેતા, અને તેને બાળી, તેની ખોપરી, હાડકાં, મેદો વગેરેના જુદા જુદા ઉપયોગ કરતા. અઘોરીઓને હાડકાં ઘણાં જ પ્રિય હતાં.

મનુષ્યની આવી અવગણના ભાર્ગવને ઘણી જ સાલવા લાગી. પણ આ બાબતમાં અઘોરીઓ માને એમ નહોતા. એમણે મરવા સૂતેલાંની માવજત કરવાનું માથે લીધું, પણ ડફુનાથે ના પાડી. 'જ્યારે અઘોરીઓ મરવા સૂએ ત્યારે તેનાં હાડકાં ને ખોપરીથી જ બાકીના અઘોરીઓને શક્તિ આવે.' એણે કહ્યું. 'એને પાછો જીવાડવાથી ભૈરવનાથ ક્રોધે ભરાય.' ઘાયલ થઈ બેભાન પડેલા અઘોરીઓનું પણ લોહી ચૂસી લેવામાં જ એમને પુણ્ય જણાતું.

ચાર મહિને ભાર્ગવને પ્રસંગ મળ્યો. એક દહાડો ભડનાથ ને કેટલાક જુવાન અઘોરીઓ એની સાથે જંગલમાં શિકારે ગયા હતા. મોટા અવાજો કરી ડુગડુગી વગાડી, તે દંતાળા ભૂંડો ને વાઘોને ખીજવતા અને પછી તેમની સામે પથ્થરની હથોડીઓ, ડાંગ, પથ્થરો કે લાકડાની ગદાઓથી લડતા. અને આમાં પણ હથિયાર વગર બાથમબાથીથી જાનવરને મારે તેને જ બહાદુર ગણવામાં આવતો. આમ શિકાર અઘોરીઓ ને જાનવરો વચ્ચે યુદ્ધનું સ્વરૂપ લેતો. ક્યાં તો એ આપણને ખાય કે આપણે એને ખાઈએ એ જ ન્યાયે શિકાર થતો.

એક દહાડો આવા શિકારમાં ડફુનાથના ભાઈનો વીશેક વર્ષનો

છોકરો ધવાયો ને બેભાન થઈ ગયો. શિકાર પૂરો થયો એટલે ઘવાયલા પડેલાનું લોહી પીવા શિકારીઓ તૈયાર થયા. ભાર્ગવને એ છોકરો ગમતો હતો એટલે તેને ખાંધે નાંખી તે જંગલમાં દોડી ગયા. ક્યાંય સુધી બધાએ એમનો પીછો પકડયો પણ તે પકડાયા નહીં.

અઘોરીઓ ગુસ્સે થઈ પોતાને ગામ ગયા, અને એમની વાત સાંભળી આખું ગામ ઉગ્ર થઈ ગયું. પણ ભડનાથે બધાંને શાંત કર્યાં. ભાર્ગવ નાસી જાય નહીં. ત્રીજે દહાડે ગુરુ ડફનાથ આવ્યા એટલે તેમણે ભાર્ગવને શોધવા માણસો મોકલવાની તૈયારી કરી. સવારે ડુગડુગીઓ વગાડી. શોધવા જનારાઓ તૈયાર થયા, બાકીના બધા તેમને જોવા નીકળ્યા, અને ડફનાથ ખડખડ હસી પડયો.

'ક્યાં જાઓ છો મૂર્ખાઓ ?'

એમની ગુફાની બહાર ભાર્ગવ ઊભા હતા. સાથે પેલો યુવક સ્વચ્છ અને રાખ વગરનો ઊભો હતો. ડફનાથ અને યુવકનો બાપ દોડતા આવ્યા, અને ધ્યાનથી છોકરાને જોઈ રહ્યા. માત્ર ભાર્ગવે એક બે ઠેકાણે પાટા બાંધ્યા હતા; બાકી એ અણિશુદ્ધ હતો.

'આ શું ?' હસીને ડફનાથે કહ્યું.

'મરેલા અઘોરીથી જીવતો સારોને ?' ભાર્ગવે પૂછ્યું.

અઘોરીઓ પર આ ચમત્કારની ઘણી અસર થઈ, અને ધીમે ધીમે કોઈ કોઈ રોગ મટાડવા ભાર્ગવ પાસે આવવા લાગ્યા.

૩

જ્યામઘ સારો થયો, પણ તેનો આત્મતિરસ્કાર વધ્યો. અને સાથે અઘોરીનો તિરસ્કાર પણ તેના હૃદયમાં વ્યાપી રહ્યો. એ પોતે પિતા ને કુલવિહોણો હતો. જેને એ મારવા આવ્યો હતો તેણે એની પર ઉપકારના ઢગલા કર્યા હતા. જે એનો કટ્ટો વેરી હતો તેના તરફ એનો પૂજ્યભાવ વધતો હતો. અને એ શાર્યાતકુલશિરોમણિ આજે આ ગંદા બીભત્સ અઘોરીઓમાં વસતો હતો. અને રિસાળ

છોકરાની માફક પોતાનો દ્વેષ જેમ બહાર બતાવાય તેમ એને આનંદ પડતો હતો.

ભાર્ગવ અઘોરીઓ જોડે ભળતા, બોલતા, હસતા, તે એને જરાય ગમતું નહીં. ગુરુદેવ જેવો માણસ આમ સાલસાઈથી વર્તે એમાં એનો ગર્વ ઘવાયો, ઘણીવાર તેમને એ ટોણાં પણ મારતો.

અઘોરીઓ જોડે એ ન છૂટકાનું જ બોલતો. રાખોડી ચોળેલા, હાડકામાં સજ્જ એવાં, ગંદા શરીરનાં સ્ત્રીપુરુષો રોજ જોઈ એની ઘૃણા અને અકળામણ વધ્યાં જ જતાં. ઘણીવાર ડકુનાથને કે ભડનાથને મારી નાખી, કે મગરોનો ભોગ બની જિંદગી પૂરી કરવાનું તેને મન થયાં કરતું. પણ ભાર્ગવની ભક્તિ એના હૃદયમાં પ્રગટી હતી. તેના પ્રોત્સાહક શબ્દોથી એને કળ વળતી. એટલે તેનો દ્રોહ ન કરવો ને તેની સેવા કરવી એ સંકલ્પે તે દિવસો વીતાવતો.

જ્યામઘને અઘોરી સ્ત્રીઓ જોઈ ઘણો ક્રોધ ચડતો. આ લોકોમાં પરણવાની પ્રથા જ નહોતી. જે પુરુષને જે સ્ત્રી સાથે ફાવ્યું તેની સાથે રહી ઘર માંડતો, માત્ર તેમને ડકુનાથને કહેવું પડતું. એકબીજાની પ્રીતિ છોડી દે તેમાં કોઈને દુઃખ નહોતું થતું. ને કોઈ વચ્ચે ઝઘડા થાય તો ડકુનાથ કે ભડનાથ ચૂકાદો આપે એટલે બધા હસી પડતા, અને ભૂલ્યા ત્યાંથી ફરી ગણતા. દાંપત્યભાવ એમનામાં એટલો ઓછો હતો કે, ઈર્ષ્યાથી કે સ્ત્રીના દ્વેષથી બહુ જ થોડા ઝઘડા થતા. એમની પ્રીતિ કરવાની રીતથી જ્યામઘનું માથું ફરી આવતું. સ્ત્રીઓમાં શરમ નહોતી. પુરુષો ખુલ્લે છોગે સ્ત્રીઓને રીઝવતા. દિવસ કે રાતે જ્યાં મોજ થાય ત્યાં રતિશય્યા છે એમ તે માની લેતા. જ્યામઘ એમને કૂતરાથી પણ અધમ માનતો. અને આ બધાંને આનંદી ને સરળ જોઈ એના તિરસ્કારમાં દ્વેષ ભળતો. કોઈ સ્ત્રી જ્યામઘ તરફ જોતી પણ નહીં. એ તો નીચ ને અધમ માનવી હતો, એમ તે માનતી. પણ ઘણી સ્ત્રીઓ ભાર્ગવ પાછળ ફરતી. કઈ પળે ભાર્ગવ તેની સાથે ઘરસંસાર માંડે, અને ગુરુદેવનું પતન થાય તેની એ આત્મ-

તિરસ્કારથી વાટ જોઈ રહ્યો. એક બે મહિને સ્ત્રીઓ ભાર્ગવ પાછળ ભમતી જોઈ એને ક્રોધ ચઢ્યો.

એક દહાડો એણે ભાર્ગવને પૂછ્યું. ' ગુરુદેવ ! ભગવતીને તમે ભૂલી ગયા છો ? '

' મારે સ્મરણ કરવાની જરૂર નથી. '

' આટલા દહાડામાં ? '

' મને લોમાનું સ્મરણ કરવાની જરૂર નથી. હું છું, તે તેનો અંશ છું. જ્યાં તે હશે ત્યાં મારો અંશ છે. અમે એક છીએ, બે નથી. '

જ્યામઘ મનમાં હસ્યો. એક દહાડો ગુરુદેવ અઘોરીસ્ત્રીમાં સપડાઈ જશે, પછી ?

ભાર્ગવ ઘણી સ્ત્રીઓને આકર્ષી રહ્યા છે, એ તો બધા જોઈ શકતા. એ જ્યાં જતા ત્યાં સ્ત્રીઓ કામ મૂકી એમની સામે જતી. એ નાહવા જતા ત્યારે પણ ઘણાઓને પાણી ભરવા જવાનું મન થતું. ભાર્ગવ પણ મંદમંદ હસીને તેમની જોડે કોઈ વાર વાત કરતા.

એકવાર એ ભાર્ગવ જોડે નાહવા ગયો હતો અને ત્રણ અઘોરી યુવતીઓ પાણી ભરવા આવી. બે પાણી ભરવાનું છોડી ભાર્ગવની સામે આવીને ઊભી રહી. એમાંની એક ડહુનાથની નાની બહેન હતી. જ્યામઘે અજાણતાં છીપાણી ને પથ્થરના શણગારમાંથી નીતરી આવતી શરીરરેખાઓ જોઈ અને બીજી અઘોરી સ્ત્રીની રેખાઓ જોડે સરખાવી. અઘોરી સ્ત્રીએ ભાર્ગવને હાસ્ય ને નખરાંથી રીઝવવાનો પ્રયોગ જારી રાખ્યો. મીઠા હાસ્યથી તેમણે તેની જોડે વાત કરી પણ હિમગિરિસમી શીતળ એમની આકર્ષકતા ન પીગળી. સ્ત્રીએ ઘણી ઘણી ધૃષ્ટતા દાખવી, પણ પોતે જાણે પ્રપિતામહ હોય એવા ભાવથી તેની જોડે લાડ કર્યાં કર્યાં.

' તારો પતિ ક્યાં છે. ? '

' શિકાર કરવા ગયો છે. હું સાંજે એનાથી છૂટી થઈશ. '

'શા માટે ?'

'તારી સાથે મારે પરણવું છે.'

'મારે તારી સાથે નથી પરણવું.' હસીને ભાર્ગવે કહ્યું.

'કેમ ?'

'મારે સ્ત્રી છે.'

'કોણ ?' જરા ગુસ્સામાં ડફુનાથની બહેને કહ્યું.

'અહીંયાં કોઈ નથી, માનવોમાં છે.' ભાર્ગવે આશ્વાસન આપ્યું.

'કોઈ નીચ માનવી હશે ?'

'ના, અઘોરી જેવી સરલ ને માનવીઓમાં પણ અપૂર્વ એવી છે !'

'પણ એ અહીંયાં નહીં આવે, ને તું અહીયાંથી જાય એમ નથી.'

'ભલે ! હું વાટ જોઈશ.'

'કેટલા દહાડા ?'

'અમે મળીશું ત્યાં સુધી'

'એમ તે બને ! મારો પતિ થા.'

'કેમ થાઉં ? હું તો બીજીનો પતિ છું.'

'ગુરુને કહી એની જોડે લગ્ન તોડી નાંખ.'

'માનવીઓનો હું જ ગુરુ છું. અમારાં લગ્ન તૂટે નહીં.'

'તો તું મને નહીં પરણે ?' સ્ત્રીએ રડી દીધું.

'તારો પતિ શું ખોટો છે ? હું સાંજના તમને બન્નેને મળીશ ને તમારી સાથે જમીશ.'

સાંજના સ્ત્રીએ ડફુનાથને ફરિયાદ કરી.

'ભાર્ગવનાથ ! તું પરણેલો છે ?' તેણે ભાર્ગવને બોલાવી પૂછ્યું.

'હા !'

'તું અહીંયાં કેમ કોઈને પરણતો નથી ?'

'મારી પત્ની છે. હું કેમ પરણું ?'

'આખી જિંદગી સ્ત્રી વગર રહેશે ?'

'કોઈ દહાડો તો છોડશોને ?'

'નહીં છોડું તો ?' ડફુનાથે પૂછ્યું.

'હું ને મારી પત્ની તોય એકનાં એક રહીશું. તે તો મારા હાડની હાડ છે ને ચામની ચામ છે.'

'તે પણ બીજાને નહીં પરણે ?'

'એને એ કલ્પનાય ન આવે.'

ડફુનાથ હસ્યો. માનવીઓને સમજવા બહુ અઘરા હતા.

'તને અઘોરીઓ નથી ગમતા ?'

'મને બહુ પ્રિય છે. એમનામાં રાગદ્વેષ એટલો ઓછો છે કે માનવી કરતાં એમનામાં દેવત્વ વધારે છે.'

સાંજે ભાર્ગવ ડફુનાથની બહેન ને તેના પતિ સાથે જમવા ગયા અને બન્ને વચ્ચે એવો મેળ કરી આપ્યો કે સ્ત્રીએ પતિ છોડવાનો ઈરાદો તજી દીધો.

ભાર્ગવ પરણેલા છે, બીજી પત્ની નહીં કરે, ડફુનાથની બહેનનો અસ્વીકાર કર્યો એ વાત અઘોરીઓમાં ફેલાઈ ત્યારે કેટલાક હસ્યા. ઘણા લોકો એમને પૂજ્ય માનવા લાગ્યા, અને એ બાબતમાં માનવીઓ અઘોરીથી સારા છે એવું થોડાક માનવા લાગ્યા.

પણ આ બનાવથી જ્યામઘના મન પર વિચિત્ર અસર થઇ. અઘોરી સ્ત્રીઓ તરફ એ જુદી જ નજરે જોવા લાગ્યો. માત્ર પથ્થર ને હાડકાનાં આભૂષણોમાં ઢંકાયલી સ્ત્રીઓની રેખાએ રેખા નીરખવાનો એને મોહ જાગ્યો. પોતે આર્ય છે, શાર્યાત છે, ને આ ગલીચ, અસંસ્કારી, ખોપરીનો મેદો ખાતી અઘોરી સ્ત્રીઓ છે એ ભાન એનું તીવ્ર થતું ગયું. સાથે સાથે એના અંતરમાં એમને વિષે ગાંડી લાલસા લાગી. એને કમભાગ્યે અઘોરીઓ એના તરફ તિરસ્કારની નજરે જોતા અને એ માણસ જ ન હોય એમ વર્તતાં.

આખું ગામ ભરીને નગ્ન સ્ત્રીઓ, તેમનો ઢોળાચાળો શરમથી અણઢંકાયેલા, અને છતાં પોતે તેમનાથી દૂર, અસ્પૃશ્ય—આ વેદના એને સહેવી કઠણ થઈ પડી. દિવસ ને રાત જાણે કાલ્પનિક અઘોરી

સ્ત્રીઓ એના હાથમાંથી સરકી જતી હોય એવાં સ્વપ્નાં આવવા માંડયાં. અને આ સ્વપ્નામાંથી થતી વ્યથા વશ કરવા એ એકલો જંગલમાં ફરવા લાગ્યો.

જેમ આ વ્યથા થતી ગઈ તેમ એનો આત્મતિરસ્કાર વધ્યો. પોતે આ લાલસાથી પતિત ને અધમ થયો છે એનું ભાન પણ એનું હૃદય કોરવા લાગ્યું.

એક દહાડો એ વહેલો ઊઠી દૂર ને દૂર ચાલી ગયો અને એક ગિરિશૃંગપર ચડ્યો. આ અધમતામાંથી બચવા તેણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો. જેમ શૃંગપર ચઢતો ગયો તેમ અઘોરી સ્ત્રીઓ એને દેખાયાં કરી. કલ્પનામાંથી એ દર્શન દૂર કરવા એણે પોતાને ગાલે તમાચા ચોઢી કાઢ્યા.

એ શાર્યાત, ભાર્ગવનો શિષ્ય, એને તો એક રસ્તો હતો--મરવાનો. શિખરની ધસપર ઝાડ નીચે એ આત્મઘાત કરવાની તૈયારીમાં ઊભો.

પાસે કોઈએ ખાંસી ખાધી. પાસે જ એક અઘોરીઓનું ગામડું હતું ત્યાંની એક સ્ત્રી લાકડાં વીણતી હતી. એણે સામે જોયું એટલે તે હસી, અને ઊભી થઈ ને આગળ આવી. એ આધેડ વયની, કદરૂપી, ગંદી હતી. એ બધું કોઈ બીજો જ્યામઘ જોતો હોય એવો એને ભાસ થયો. આ જ્યામઘ તે સામે હસ્યો.

આખી સૃષ્ટિ નૃત્ય કરતી લાગી.

થોડીવારે આત્મઘાતનો સંકલ્પ વિસરી મંદ હસતો જ્યામઘ પર્વત ઊતર્યો. અંતરમાં દૂર ઊભેલો કોઈ જ્યામઘ આત્મતિરસ્કાર અનુભવતો હતો તેની એને પરવા નહોતી.

એ ભાર્ગવને મળ્યો એટલે તરત એનું પરિવર્તન તેમણે પારખ્યું.

'જ્યામઘ! કોઈ પત્ની મળી?'

જ્યામઘ અચકાઈ ગયો. એને ખબર નહોતી કે ગુરુદેવ એનું ધ્યાનથી નિરીક્ષણ કર્યા કરતા હતા.

'ગુરુદેવ! ક્ષમા કરો.! મારાથી એકલા નથી રહેવાતું.'

'એમાં ક્ષમા શાની? સ્ત્રીનો સંગ એ તો મનુષ્યનો પરમ ધર્મ છે. આજે જ હું ગુરુ ડકુનાથની રજા લઈ આવીશ.'

થોડા મહિનામાં ભાર્ગવનો પરચો અઘોરીઓને જણાયો. એમનું ખાવાનું વ્યવસ્થિત થયું, રહેવાનું સુઘડ થવા લાગ્યું, એમના રોગો મટવા માંડ્યા. અઘોરીઓની રીતિમાં નવી ખૂબીઓ આવવા માંડી. ડકુનાથ કહેવા લાગ્યા: 'ડુડનાથને બે પુત્ર છે—ભડનાથ ને ભાર્ગવનાથ'

ભાર્ગવે અઘોરીઓ જોડે સંપૂર્ણ તાદાત્મ્ય સાધી તેમને શક્તિ આપવા માંડી. ડકુનાથે પણ તેને વિના સંકોચે અઘોરીની સિદ્ધિઓ શીખવી.

એક વર્ષમાં તો ભાર્ગવ અઘોરીઓના પણ ગુરુ થઈ ગયા. દર પૂર્ણિમાએ અઘોરીઓનું ઝુંડ અમરકંટક થઈ ડકુનાથનાં દર્શન કરવા આવતું. તેમના પર પણ એમની અસર થવા માંડી, અને જ્યાં અઘોરીઓ વસતા ત્યાં ગુરુ ભાર્ગવનાથનું નામસ્મરણ થવા લાગ્યું.

એક વદ બીજે ગુરુને સત્કારવા અઘોરીઓ નદી કિનારે ભેગા મળ્યા હતા. ગુરુ ડકુનાથ નદી પર બેઠા બેઠા આવતા હોય એવા સડસડાટ પાણી પર ચાલ્યા આવતા હતા. એમના હાથમાં એક માણસ હતું. બધાં ચકિત થઈ ગયા. ડકુનાથ ગુરુ જીવતો માણસ લઈ આવે!

ઘૂંટણ સમાણાં પાણી આવ્યાં એટલે ડકુનાથ ઊભા થઈ ગયા અને હાથમાં હતું તે માણસ લઈ હર્ષની ચિચિયારી પાડતા કિનારે આવ્યા. 'વહુ લાવ્યો છું, વહુ લાવ્યો છું.'

'કોને માટે?' અઘોરીઓએ બૂમ પાડી.

'ભાર્ગવનાથ માટે.'

ડકુનાથ ભેખડ તરફ ગયો. ભાર્ગવની નજર પડી ને તેણે ત્યાંથી ભૂસકો માર્યો.

'લોમા!' 'લોમા!' કહી તેણે ભગવતીને હાથમાં લઈ લીધાં.

'હું ભાર્ગવનાથની વહુ લાવ્યો, વહુ લાવ્યો.' કહી ડકુનાથ હર્ષથી કૂદ્યા. ભગવતીએ આંખ ઉઘાડી, ભાર્ગવને જોયા, અને તેને કોટે વળગી પડ્યાં. એકાગ્રતાનું બળ છૂટી ગયું. તે હર્ષથી મોટે સાદે ડૂસકાં ભરવા બેઠાં.

ડરુંનાથ મનમાં મલકાતા, એમના પ્રિય ને હેતાળ મગરોને ખાવાનું ખવડાવતા હતા.

૪

માહિષ્મતી ગામના દૂરના ઉજ્જડ પરામાં એક નાનકડું ઘર હતું. તેમાં એક નાનો દીવો બળતો હતો. બહાર બે જણ ભીંત પાછળ નાગી તલવાર લઈ લપાઈ રહ્યા હતા.

બહાર પરસાળમાં એક વૃદ્ધ પુરુષ અંધારામાં બેઠો હતો. અંદરના ખંડમાં સુંદર મૃગચર્મો પર મૃગારાણી બેઠી હતી, આભૂષણ વિનાની, ગરીબ જર્જરિત કપડું પહેરીને. એનું મુખ ચિન્તાતુર હતું. કાન માંડીને એ કોઈની વાટ જોઈ રહી હતી. એની ધીરજ ખૂટી ગઈ હતી.

આભૂષણ ને સુંદર વસ્ત્રોમાં એ સદાય દીપતી હતી. અત્યારે એ બધાની મદદ વગર એના હોઠનો મદ, એની ગરદનના મરોડનો ગર્વ, એના ખભાં ને સ્તનની પ્રૌઢ મોહિનીનાં રહસ્યો જણાઈ આવતાં.

સહસ્રાર્જુનના રાજ્યની એ અધિષ્ઠાત્રી હતી છતાં આ નાનકડું ઘર ને વિશ્વાસુ ત્રણ માણસો એણે પોતાના જુદાં રાખી મૂક્યા હતાં. ગુરુ મૃકુંડ ને પાંચ સાત બીજા વિશ્વાસુ માણસો સિવાય કોઈ એ વિષે જાણતું પણ નહીં. પ્રતાપી મૃગારાણી ઘણી જ ખાનગી મંત્રણા કરવા કે રાજખટપટનો ભાર અળગો કરવા કોઈવાર અહીંયા આવી જતી. જગત જાણતું કે બહાર બેઠેલા વૃદ્ધનું ઘર હતું;—ખરું જોતાં સહસ્રાર્જુનથી અજાણ એનો વિસામો હતો.

છેલ્લીવાર આ ઘરના પરિચિત ખૂણેખૂણાની એ વિદાય માગતી હોય તેમ તે ખેદ ને સ્નેહથી ભર્યાં નયને ચારે તરફ જોતી.

'આવશે ? નહીં આવશે ? નહીં આવે તો ?' આ પ્રશ્નો તેના ચિન્તાતુર મગજમાં થયા કરતા. ઘડીમાં ઊઠીને બારણા આગળ ઊભા રહેવાનું તેને મન થતું, પણ મન મારી એ હતી ત્યાં જ બેસી રહી.

એણે નિશ્ચય કરી લીધો હતો. તે ન આવે તો એ એની પાસે જશે. એક વાર, એક પળ માટે, છેલ્લી પળ માટે.

એના હૈયામાં ઉછાળો આવ્યો, બહાર કોઈ આવ્યું. એના મગજે કહ્યું ન કર્યું. તે ઊભી થઈ ગઈ ને તેનાં અંગો કંપવા માંડયાં.

ગુરુ મૃકુંડ આવ્યા. પાછળ એણે પરશુ જોઈ. ભાર્ગવ આવ્યા, હતા તેનાથી કાળા થઈ ગયેલા, જરા સૂકા બનેલા.

મૃગાએ ડૂસકાં સાથે પ્રણિપાત કર્યા, ને ભાર્ગવના પગની રજ માથે મૂકી.

'ગુરુદેવ! પાવન કરો' તે અસ્પષ્ટ રીતે બોલી, 'બિરાજો.'

'મૃગારાણી, શત શરદ જીવજો, પણ અહીંયા ક્યાંથી, તમે?'

'આ મારું ઘર છે, એમાં સહસ્રાર્જુનને સ્થાન નથી. એમાં હું એકલી જ પશુપતિએ ઘડી એવી જ રહી શકું છું.'

'મૃગારાણી, તમે ઘણાં અસ્વસ્થ છો.'

'હા, મેં તમને ડફુનાથને સન્દેશો કહાવી ઊભે પગે બોલાવ્યા તે ક્ષમા કરજો. પણ અત્યારે મહાભયાનક વિપત્તિ ઝઝૂમી રહી છે.'

'શી?' ભાર્ગવ મંદ હસ્યા.

'સહસ્રાર્જુન ગાંડા થઈ ગયા છે.'

'એ તો હું જાણતો જ હતો.'

'તમે માનો છો એમ નહીં. એક રાતે એ ઘવાઇને આવ્યા ત્યારથી વિનાશ પ્રસારવા સિવાય એમને બીજું કંઈ સૂઝતું જ નથી. ગુરુ મૃકુંડ ને મારી સલાહ હવે એ લેતા નથી. એ તો સૃષ્ટિ ચેતાવી દેવાની યોજનાઓ કરે છે.'

'એમ મનુષ્યની ધારણા મુજબ સૃષ્ટિ ચેતી ઊઠતી નથી.'

'પણ મોટું વાદળ ઝઝૂમે છે.'

'શું? કોનાપર?'

'સહસ્રાર્જુને યાદવ ને ભૃગુમાત્રનો સંહાર કરવાનો સંકલ્પ કર્યો છે.' મૃગાએ ધીમેથી કહ્યું.

ભાર્ગવની આંખ ભયંકર થવા લાગી.

'એણે તાલજંઘા, શાર્યાત ને તુંડિકેરાઓનું સૈન્ય એકઠું કર્યું છે. અને તુંડિકેરાઓના દુષ્ટ રાજા રુરુને—કુંવર હતો તેને—આજે પાંચ દહાડા થયાં અહીંયાં બોલાવ્યો છે.'

'કેમ?'

'એ સૈન્ય પ્રતીપની પાછળ પડવાનું છે. એની આજ્ઞા છે કે પ્રતીપના યાદવોમાંનું એક જીવતું ન રહે.'

ભાર્ગવની આંખો વિકરાલ બની ગઇ.

'આપ અહીંથી હમણાં ને હમણાં ચાલી જાઓ. મેં ઘોડાઓ તૈયાર રખાવ્યા છે. આપ જઈને પ્રતીપને ઉતાવળે આર્યાવર્ત લઇ જાઓ.'

'પ્રતીપને આ ખબર નહીં હોય?'

'મેં પાંચ દિવસ પર સન્દેશા મોકલ્યા છે. પહોંચે ત્યારે ખરા. પણ આપના ગયા વિના યાદવો હતવીર્ય થઈ કપાઈ મરશે.'

'હું સહસ્રાર્જુનને મારી શકું છું.'

મૃગાએ ડોકું ધુણાવ્યું, 'ત્રણસો વિશ્વાસુ યોદ્ધાઓ એનું રક્ષણ કરે છે. તાલબાહુને સૌરાષ્ટ્ર મોકલી એણે રુરુને સેનાપતિ નીમ્યો છે. એ મરશે તો રુરુ કોઈને છોડે એમ નથી. એ સહસ્રાર્જુનની ગાદી હાથ કરશે.'

'પ્રતીપને કોઈ રીતે બચાવવો જ જોઇએ.'

'અને ગુરુદેવ તમારે અહીંયાં રહેવામાં પણ ડહાપણ નથી.' ગુરુ મૃકુંડે કહ્યું. 'આટલાં વર્ષોમાં મેં એને આવો ભયંકર કદી જોયો નથી. ડફનાથે એનો જીવ લીધો હોત તોયે નિરાંત થાત.'

'ભગવતીએ ડફનાથને રોકયા,' ભાર્ગવે કહ્યું, 'નહીં તો એનું આવી જ બન્યું હતું.'

'ઘડીમાં એ થરથર કાંપે છે. ઘડીમાં ખડગ લઈ નાહક નિર્દોષોને મારે છે. ને આખો વખત યાદવોના વિનાશના વિચાર કર્યા કરે છે.' મૃગાએ કહ્યું.

'તમારી વાત ખરી છે. મારે પ્રતીપને જઈ મળવું જોઇએ.'

ભાર્ગવે કહ્યું. 'કોઈ વખત પાછો આવીશ ત્યારે મળીશ. મૃગારાણી ! મને તમે કાચા સૂતરને તાંતણે બાંધી લીધો છે.'

મૃગાની આંખમાં આંસુ આવ્યાં. તેણે હાથ જોડયા. 'ગુરુદેવ ! ભગવાન ! આજે દર્શન આપી મને કૃતાર્થ કરી. હું ફરી નહીં મળું. કાલનો સૂરજ હું નહીં જોઉં.'

'કેમ ?' ભાર્ગવે ચકિત થઈ ઊંચું જોયું.

'સહસ્રાર્જુનને મારામાં જરા ય વિશ્વાસ નથી.'

'કેમ ?'

'એને ખાત્રી થઈ ગઈ છે કે, મેં જ ભદ્રશ્રેણ્યને અને આપને નસાડી મૂકયા હતા.'

'અહં.'

'મેં પાંચ માણસ પ્રતીપને ચેતાવવા જુદે જુદે રસ્તે મોકલ્યા હતા. એક કાલે પકડાઈ ગયો. તેણે બધું કહી દીધું લાગે છે.'

'એમ ?'

'કાલે રાતે મને ચક્રવર્તીએ વાત કરી તે પરથી સ્પષ્ટ લાગે છે.' ગુરુ મૃકુંડે કહ્યું.

'મારું આવી બન્યું છે. સહસ્રાર્જુન જયારે ઉછાંછળો થાય ત્યારે માની જાય. પણ જયારે ખંધો થઈ હસે ત્યારે ખરેખરો ઝેરી બને છે. આજે સવારે એની મીઠાશનો પાર નહોતો.' મૃગારાણીએ કહ્યું.

'તમને મારી નાંખશે ?'

'મને એમાં કાંઈ શંકા નથી. કેમ ગુરુ ?' મૃગાએ મૃકુંડને પૂછયું.

'મને પણ નથી.'

'તો મારી સાથે ચાલો. હું નિર્ભય કરીશ.'

'ગુરુદેવ ! એ વિચાર મને ઘણીવાર આવ્યો. તમારા ભક્ત-વત્સલ હૃદયમાં મારું સ્થાન છે એ હું જાણું છું.'

'ચાલો ત્યારે.' ભાર્ગવે કહ્યું.

ખેદથી મૃગાએ ડોકું ધુણાવ્યું.

'ગુરુદેવ ! હું એને છોડી શકું એમ નથી. દુષ્ટ, કૃતઘ્ની, ક્રૂર, એ મારા જીવનમાં વણાઈ ગયો છે. ભાર્ગવ ! મેં માતપિતા જાણ્યાં નથી. બાળપણનાં સ્મરણો છે ત્યારથી પુરુષોની વાસનાના કિચ-ડમાં હું નાચતી ને કૂદતી આવી છું. વૃદ્ધો, આધેડો, જુવાનો, બાળ-કોએ પતંગિયાંની માફક મારામાં ઝંપલાવ્યું છે. પણ હું વેશ્યા નથી. જ્યાં આપું છું ત્યાં સર્વસ્વ આપું છું. હું ગુંગળાઉં છું, પણ વેલની માફક વીંટાઈને. મને છૂટવું ગમતું નથી.'

હેતભરી આંખે ભાર્ગવ જોઈ રહ્યા. 'સહસ્રાર્જુન પંદર વર્ષનો હતો ત્યારથી મેં તેને સર્વસ્વ સોંપી દીધું છે. મેં એને મારી જુવાની આપી, ઉત્સાહ ને શક્તિ આપ્યાં, એને ખાતર મેં રાજ્ય-ખટપટ કરી, લોકોને માર્યાં ને મરાવ્યા. એણે મને મારી છે—અનેક-વાર. બે વખત મને ઝેર દેવાનો પ્રયત્ન એણે કર્યો. એનો જીવ લેવો એ તો મારે મન રમત વાત હતી. આજે પણ છે. પણ એનો સ્વચ્છંદી સ્વભાવ, એની તોછડી, ક્રૂર દૃષ્ટિ, એના શરીરના સ્નાયુએ સ્નાયુ મારામાં જડાઈ ગયા છે. એના વિના હું જીવતી મરેલી છું. મેં અનેકની સોડ સેવી છે, પળની ચંચળ મોજ ખાતર. એની સોડ મારું સર્વસ્વ છે, હું એને કેમ છોડું ?'

'મૃગારાણી ! તમે કિચડમાંથી ભલે ઊગર્યાં. આવો. આજે તમે સંસ્કારી છો. એને છોડી આવો. મારી સાથે—મહર્ષિ જામદગ્નિના આશ્રમમાં. તમે કાંચન જેવાં વિશુદ્ધ થશો,"

'ના. ગુરુદેવ ! હું આપની મમતા જાણું છું. આપ મળ્યા તે દહાડે મારા હૃદયમાં ઉચ્ચાશયો પ્રગટ્યા. ન કલ્પેલી આદર્શમયતા મારામાં આવી. હું વેશ્યા છું, છૂટે મોંઢે બોલી શકું છું,' ખેદથી મૃગાએ કહ્યું 'તમારી મોહનીએ મને ગાંડી કરી મૂકી છે. તમારું નામસ્મરણ મને મારા શૂદ્ર જીવનમાંથી પર લઈ જાય છે. તમારાં દર્શન મને દિવસ ને રાત થાય છે. ને તે પળે હું નવે નિર્દોષ અવતારે આવું છું.'

'મેં પણ મૃગાને તમારી સાથે જતા રહેવાનું ઘણું કહ્યું,' ગુરુમૃકુંડે કહ્યું.

'ના—ના—ના—હું નહીં જાઉં. મારામાં એ જોર નથી. આપની સાથે જવામાં જુવાની જોઈએ, આદર્શ જોઈએ. ભગવાન્, ક્ષમા કરો. હું જ્યારે તમે પ્રેરેલા કલ્પનાજીવનમાં વિહરું છું, ત્યારે આપને પ્રણયીરૂપે જોઉં છું. પણ દેવ! મારામાં એ હામ નથી.' તે દીનવદને ભાર્ગવ સામે જોઈ રહી.

ભાર્ગવ હસ્યા, મંદ શરમાળ રીતે. એની આંખોમાં રહેલો સ્નેહ મૃગાની ઊંડી તરસ છીપાવી રહ્યો.

'મેં સહસ્રાર્જુનને સર્વસ્વ આપી દીધું છે. કોઈને માટે સહ્યું નથી તે એને માટે સહ્યું છે. પણ એવા સમર્પણ પછી હું થાકી ગઈ છું. મારી શક્તિ હવે ખપી ગઈ છે. એને સર્વસ્વ આપી, મેં અત્યારે સર્વસ્વ ખોયું છે.'

'મૃગા! તારી વ્યથા હું પૂરેપૂરી સમજું છું. પણ અર્જુન તમારો જીવ લેશે. હું તમને મોટી બહેન માની મારી સાથે રાખીશ; તમારા પાપાચારોના સંસ્કાર સાપની કાંચળીની જેમ ઊતરી જશે.'

'ના, મારા દેવ, ના. મને લોભાવો નહીં. હું મૂરખ નથી. હું મોહ ભૂલી છું, મોહાંધ નથી. એક વખત એવો પણ વિચાર આવ્યો હતો કે, આપના સહચારમાં હું નવું જોઉં, ને નવું જોવડાવું. મારી રગોની જ્વાલાઓથી પથ્થરસમી તમારી તટસ્થતા પીગળાવી દઉં. પણ તમે તો ઊગતા સૂર્ય જેવા પવિત્ર છો. હું તો ગંધાતું નર્ક છું'

ભાર્ગવ હસ્યા.

'ગુરુદેવ! હું હજી સ્વરૂપવાન છું. મારા હાથ, મારું ગળું, મારાં શરીરનાં અંગો હજી ઘાટીલાં છે. તેની મોહિની હજી કરમાઈ નથી, પણ કોઈને આકર્ષવાની મારી શક્તિ જતી રહી છે. વિલાસનાં તોફાનોથી હું જડ થઈ ગઈ છું, જેમ ધોબીઘાટ લૂગડાંનાં મારથી થઈ જાય છે તેમ. આપે મોટી બહેન માની એ આપની કૃપા.'

' મૃગા! હું ખોટું કહેતો નથી.'

' હું જાણું છું. હું મોટી બહેન બની શકું એમ નથી. હું વૃદ્ધ થઇશ. તમારા આશ્રમોની કારભારી થઈશ. તમારાં છોકરાં ઉછેરીશ. ભૃગુઓની સેવામાં જીવન વીતાડીશ. પણ મારા ભગવાન!' આક્રંદ કરતી હોય તેમ મૃગા અશ્રુભર અવાજે બોલવા લાગી. 'આવાં ટાઢાંવાસી ગૌરવ માટે હું સર્જાઇ નથી. આપના જેવા દેવાંશીની સામ્રાજ્ઞી હું થવાની નથી; આપના સંસારમાં મારું સ્થાન નથી. બીજાં મન મનામણાંનો મને હિસાબ નથી. હું અહીંયાં જ ઊગી, અહીંયાં જ મારે કરમાવું રહ્યું.'

મૃગાએ આંખે હાથ દીધા ને રડી પડી,

' બહેન ' ભાર્ગવે કહ્યું ' વિધિએ ગમે તે અનુભવો તને આપ્યા હોય, પણ તારી આંખે સત્ય વસ્યું છે.'

મૃગાએ ઊંચું જોયું ને તેના મુખપર હોંશ આવી.

' ગુરુદેવ! આજે રાતે સહસ્રાર્જુન મને જીવતી નહીં રાખે. રાખશે તો ફરી મળીશું. પણ એ દહાડો નહીં આવે. ભાર્ગવ! રુક્મિણી જેવી લોભી થવાનું મન થયું હતું. પણ એ વિચારે તમારી પવિત્ર મૂર્તિ મારે કલંકિત નહોતી કરવી. પણ તેને તમે તમારે હાથ ફટકાવી હતી—પાવન કરી હતી. હું તો પતિત છું. મારે પિતૃલોક પણ નથી. પણ તમે મને બહેન કહી છે. બહેનનું વચન પાળશો?'

' શું?'

' મને પાવન કરો. પિતૃઓવિહોણી હું—મને તમારે પિતૃલોક લઈ જાઓ.' મૃગાએ પોતાનું માથું ભાર્ગવના પગપર મૂક્યું. ભાર્ગવે ઘણાજ હેતથી એના માથાપર હાથ ફેરવ્યો.

ભક્તિના આવેશમાં મૃગા બેઠી થઈ, ને બે હાથે ભાર્ગવના હાથ પકડી આંખે લગાડ્યા. અત્યંત માર્દવથી ભાર્ગવે મૃગાના કપાળ પરથી તેના વાળ ધીમે ધીમે ઊંચા કર્યા. અર્ધમીચેલી નશાભરી આંખે મૃગા એ સ્પર્શસુખનો આનંદ માણી રહી.

'બહેન,' ભાર્ગવે ધીમે ધીમે કહ્યું 'ભૃગુઓના પિતૃલોકમાં જવા ઘણી તપશ્ચર્યા કરવી પડશે. કરશે?'

'હા.'

'સહસ્રાર્જુન તારું પાણિગ્રહણ ન કરે ત્યાં સુધી એને સ્પર્શવા નહીં દે?'

'નહીં દઉં.' મૃગાએ ભક્તિના આવેશમાં કહ્યું.

'ભગુઓના પિતૃઓનો દ્રોહ કરતી નહીં.'

'ભગવાન્, કદી નહીં કરું.'

'ગુરુ મૃકુંડ, ઇંધન છે? અગ્નિ સ્થાપવો છે' ભાર્ગવે કહ્યું.

ગુરુ મૃકુંડ ગૂંચવાયા, પણ મૂંગે મોઢે દોડતા જઈ ઇન્ધન લઈ આવ્યા.

ભાર્ગવે અગ્નિ સ્થાપ્યો, મંત્રોચ્ચાર કર્યો, આહુતિ આપી ને પિતૃયજ્ઞ આરંભ્યો. મૃગાને પાસે બેસાડી. એણે તેની શુદ્ધિ કરી. ગર્ભાધાન સંસ્કારે તેને ભૃગુ બનાવી.

'ભૃગુઓ! અંગિરસો!' ભાર્ગવે આવાહન કર્યું. 'પિતૃઓ! કવિઓમાં શ્રેષ્ઠ ઉશનસ! મહાઅથવર્ણ ઋચિક! મહર્ષિ જમદગ્નિનો પુત્ર, કવિ ચાયમાનનો શિષ્ય—હું રામ જામદગ્નેય તમારું આવાહન કરું છું. આવો! આપના કુલમાં આ મૃગાને સ્વીકારો. હું તમારો પુત્ર તમને વિનવું છું.'

તેણે મૃગાનો ડાબો હાથ હાથમાં લઈ આહુતિ આપી. અગ્નિની જ્વાલા વધી મોટી થઈ. મૃકુંડ ને મૃગા સ્તબ્ધ બની જોઈ રહ્યાં. અગ્નિજ્વાળામાં પિતૃઓને ખોળે મૃગા બેઠેલી તેમણે જોઈ.

આહુતિ પૂરી થઈ. ભાર્ગવ મૂંગે મોઢે અગ્નિમાં જોઈ રહ્યા.

'બહેન! ભાર્ગવી! મારા પિતૃઓએ તને સ્વીકારી છે.'

હસતી મૂર્ચ્છા અનુભવતી મૃગા તેમને પગે પડી.

'ગુરુ મૃકુંડ!' ભાર્ગવે કહ્યું, 'તમારી પાસે એક નાની કટાર હતી તે મૃગાને આપો. મૃગા, તારા ચોટલામાં રાખ. એ તારી રક્ષા કરશે. બહેન! સહસ્રાર્જુન તને છેડે તો હું છું. સાથે આવું?'

'ના, વિશ્વાસ રાખો. આપણા કુળની લાજ નહીં જવા દઉં. ભગવાન્! સીધાવો. કોઈ દહાડો મને યાદ કરજો.'

'બહેન!' ભાર્ગવે ફરી મૃગાને માથે હાથ મૂકચો. 'જો પાણિ-ગ્રહણ વિના અગ્નિશુદ્ધ તું દેહ છોડશે તો આપણા પિતૃઓ આપણને ભેગા રાખશે.'

મૃગાનું આખું સ્વરૂપ બદલાઈ ગયું. એના મુખ પર નવી મોહકતા આવી. એની આંખમાં નવો ગર્વ પ્રગટચો. એને ભૃગુકુળના પિતૃઓએ સ્વીકારી હતી; પ્રતાપી રામ જામદગ્નેયની એ બહેન હતી.—આ નાદ તેના કાનમાં થયા કર્યો.

તે પોતાને આવાસે ગઈ. ત્યાં સહસ્રાર્જુનનો સન્દેશો આવ્યો કે એ આવે છે. એણે જવાબ કહાવ્યો કે એ પશુપતિનાં દર્શન કરી આવે પછી ચક્રવર્તી પધારે. સખીઓ લઈને એ સ્થાનકે ગઈ.

મૃગાનું જગત જુદું થઈ ગયું હતું. પશુપતિના સ્થાનકમાં એ હવે પરાઈ નહોતી. એ ભાર્ગવી હતી, આ એના કુલપતિનો આશ્રમ હતો. અહીંયાંથી કુલપતિ ઋચિક, માહિષ્મતને શાપ આપી, આર્યાવર્ત જવા નીકળ્યા હતા, અને એના વીરે અપ્રતિરથ વીર્યના ધણી રામ જામદગ્નેયે અહીંયાં યજ્ઞ કર્યો હતો.

અત્યાર સુધી તે બધાની માફક એને ભાર્ગવ કહેતી પણ હવે એને એનું ખરું નામ યાદ આવ્યું—જામદગ્નેય. ભૃગુકુળમાં એ ભાર્ગવ નહોતો, રામ જામદગ્નેય હતો. પોતે જામદગ્નેયી હતી.

તે પાછી આવાસે આવી, ચોટલો ઠીક કરી, તેમાં કટાર બરોબર મૂકી, અને વસ્ત્રાભૂષણે સજ્જ બની. આજે એ રૂપગર્વિતા પણ થઈ ગઈ.

એની આંખેથી આજે અંધાપો જતો રહ્યો. સહસ્રાર્જુન લંપટ, ક્રૂર, નીચ હતો. પોતે નવે અવતારે આવી હતી. એણે જામદગ્નેયના પગ સ્પર્શ્યા હતા, તેનો હાથ આંખે અડાડ્યો હતો. તેના હાથનો સ્પર્શ તેને હજી ઉલ્લસિત કરી રહ્યો હતો.

સહસ્રાર્જુન એની પાસે આવ્યો, સુરામાં ચકચૂર, હસતો, ખંધાઈથી તેની તરફ જોઈ રહેતો. મૃગાને જોઈને તે અચકાયો, આવી

મોહકતા એણે વર્ષો સુધી મૃગામાં ભાળી નહોતી. આજે એનામાં શું નવું હતું? વસ્ત્ર, આભૂષણ, કુંકુમની આકૃતિ, કાળજાની ભભક? આજે ટાપટીપનું સૂચન નહોતું, મિજાજ કે ઢોંગની છાંય નહોતી. મૃગારાણી આજે રાણી સમી એને લાગી.

'પધારો!' મૃગાએ કહ્યું ને પાટ પર સહસ્રાર્જુન બેઠો. પોતે રોજની માફક સાથે પાટ પર નહીં બેઠી. એને રીઝવવા માગતી ત્યારે બેસતી, તેમ પગ આગળ પણ નહીં બેઠી. થોડે દૂર બીજી પાટ પર તે બેઠી.

'બોલો, શી આજ્ઞા છે?'

સહસ્રાર્જુન કયાં સુધી જોઈ રહ્યો. મૃગાના તેજમાં એ કહેવા આવ્યો હતો તે ભૂલી ગયો. એની આંખમાં વાસના પ્રગટી.

'મૃગા—' તેનો અવાજ અસ્થિર થઈ ગયો.

'કેમ?'

'અહીંયાં બેસ.' તેણે પોતાની પાસે જગ્યા બતાવી, મૃગા જવાબ ખાઈ ગઈ.

'આપને અત્યારે શું કામ છે?'

'અહીંયાં આવ—'

'ના—'

'ના! કેમ ના?'

'તમે મારું પાણિગ્રહણ નથી કર્યું.' મૃગાએ કહ્યું. એની આંખમાં ચમક હતી. એના મુખ પર તેજ હતું.

'પાણિગ્રહણ? જા. જા. ગાંડી થઈ છે. તારે તે વળી પાણિ-ગ્રહણ હોય? આમ આવ. અહીંયાં બેસ.'

'મેં કહ્યું હું નહીં આવું.'

'કેમ?'

'પરપુરુષનો હું સ્પર્શ નહીં કરું.'

સહસ્રાર્જુન ખડખડાટ હસી પડ્યો.

'ઓત્તારી! પોતાનો પુરુષ તને હતો ક્યારે કે પરપુરુષની સૂગ થઈ આવી. આવ!" કહીને તે ઊઠ્યો.

મૃગા ઊઠીને પાછી હઠી.

'ખબરદાર મને અડકયા છો તો.'

સહસ્રાર્જુન આ અપરિચિત શબ્દો સાંભળી ખચકાઈ ગયો. 'કેમ છે શું, આજે?' અને દાંત વચ્ચે હોઠ લાવી તે મદમસ્ત બની જોઈ રહ્યો. એનો કામ ઉદ્દીપ્ત થયો હતો.

'મૃગા! આ રમત શી માંડી છે?'

'રમત નથી. ખરી વાત'

'તું મને અડકવા નહીં દે? ઊભી રહે—' કહી તે આગળ આવ્યો.

'પાણિગ્રહણ કરો પછી વાત'

'તું ગાંડી થઈ છે.' સહસ્રાર્જુન આગળ આવ્યો.

'ના, આજે ડાહી થઈ છું.'

'મૂરખી થા માં, તારે ને પાણિગ્રહણને શું?'

'દૂર ઊભા રહો,' મૃગાએ ગુસ્સામાં કહ્યું, 'પાણિગ્રહણ વિના પાસે નહીં આવશો. હું વેશ્યા નથી.'

'ત્યારે?' ઉગ્ર થતાં સહસ્રાર્જુને કહ્યું, 'તું કોણ છે?'

'હું ભાર્ગવી છું.'

'શું કહ્યું?' બરાબર સાંભળ્યું નહીં હોય તેમ સહસ્રાર્જુને કહ્યું.

'હું ભૃગુકુલની છું. જામદગ્નેયી છું,' સામ્રાજ્ઞીના ગર્વથી મૃગાએ કહ્યું.

સહસ્રાર્જુન પાછો હઠયો. મૃગા ગાંડી થઈ ગઈ હતી. તે શાંત પડયો, 'મૃગા, મૃગા! આજે થયું છે શું? તારું માથું ભમી ગયું છે. તારે ને ભૃગુકુળને શું?'

'તમે માનો છો કે હું ગાંડી થઈ ગઈ છું. તમે ભ્રમમાં છો! આજે ભૃગુઓના પિતૃઓએ મને એમના કુલમાં સ્વીકારી.'

'તને? કેમ કરતાં?' સહસ્રાર્જુન એને ગાંડી ગણતો હતો.

'અગ્નિ સાન્નિધ્યે ભગવાન જામદગ્નેયની કૃપાથી.'

'જામદગ્નેય! કોણ રામ?'

'હા'

'ક્યાં છે? એ જીવે છે ક્યાં?'

'જાગતાજોત બેઠા છે.'

'ક્યાં!'

'તમને નહીં દેખાય.' ગર્વથી મૃગાએ કહ્યું. તેનું રૂપ દેદીપ્યમાન થયું. તેની ગુસ્સાભરી આંખોની મોહકતાએ સહસ્રાર્જુનને ઘેલો કરી મૂક્યો. તે મૃગાને પકડવા આગળ આવ્યો. મૃગા બે પગલાં પાછળ ગઈ ને ભીંતને અઢેલીને ઊભી.

'અર્જુન' મૃગાએ સત્તાથી કહ્યું, 'છો ત્યાં ઊભા રહો. મારવા આવ્યા હો તો મારી નાખો.'

સહસ્રાર્જુન ખંધાઈથી હસ્યો. 'હું તને મારવા આવું? તારા વગર મને ચાલતું નથી. આ ગાંડપણ છોડ.'

'તમે પશુવૃત્તિ છોડશો ત્યારે.'

અણુદબ વાસનાના પૂરમાં સહસ્રાર્જુને ઘુરઘુરાટ કર્યો ને તે મૃગાને પકડવા કૂદ્યો.

'ભગવાન્ જામદગ્નેય!' મૃગાએ ચીસ પાડી. સહસ્રાર્જુન પાછો હઠ્યો. રખેને રામ ક્યાંયથી આવી ચઢે એને ડરે તેણે પાટ પાસે કૂદી ત્યાંથી ખડગ લીધું.

એણે સામે મૃગા જોઈ—મોહક, તેજસ્વી, અણુભીડ્યા હોઠે ને ઉછળતી છાતીએ ને ફાટે ડોળે એક તરફ જોતી. સહસ્રાર્જુને તે તરફ જોયું. અંધારા ખૂણામાં તેજના વર્તુલમાં ભાર્ગવ જામદગ્નેય ઊભા હતા. એક ખાંધે પરશુ લઈને બીજી ખાંધે ધનુષ્ય લઈને. અને એની આંખો સહસ્રાર્જુનને ભેદી રહી હતી.

'જામદગ્નેય!' મૃગાનો અવાજ ગાજ્યો. મૃગા તે તરફ દોડી, અને સહસ્રાર્જુન તેને પકડે તે પહેલાં તેણે ચોટલામાંથી કટાર કાઢી પોતાની છાતીમાં ભોંકી દીધી.

સહસ્રાર્જુન પગથી માથા સુધી કાંપતો હતો ત્યાં ઊભો રહી ગયો.

મરતી મૃગા ભગવાન જામદગ્નેયનું રટણ કરતી હતી.

ખંડ ત્રીજો

૧. મહાભિનિષ્ક્રમણ

૧

આઠ માણસો ઊડતે ઘોડે મહી નદીને તીરે જતા હતા. આઠ જણ વચ્ચે ચાલીશ પાણીદાર ઘોડા હતા. દરેક પ્રહરે ઘોડેસવાર ઘોડો બદલતો, આથી ઘોડાઓને થાક ઓછો લાગતો અને તેમની ગતિમાં ઝડપ વધારે આવતી.

ઘોડેસવારોને થાક કે ભૂખ નહોતાં. તેમની આંખો એકાગ્ર બની દૂર ક્ષિતિજ પર ચોંટી હતી.

તે એક ટેકરી પર ચડ્યા. આગેવાને ચારે તરફ તીક્ષ્ણ દૃષ્ટિ નાંખી. એક તરફ એણે તાપણી બળતી જોઈ, અને કેડેથી શંખ લઈ ફૂંક્યો.

સાંજની શાંતિમાં તરત તેનો પ્રતિશબ્દ સંભળાયો. આગેવાન ઘોડા પરથી ઊતરી પડ્યો. પાસેનો ઘોડેસવાર પણ ઊતર્યો. આગેવાન ક્ષિતિજને આંખના અગ્નિથી પ્રજાળતો ઊભો. ઘોડાઓ ઘાસ ખાવા ઊભા.

ચારે તરફથી વીશ પચીશ ઘોડેસવારો આવી પહોંચ્યા, ને ઝપાટાબંધ ટેકરો ચડી ગયા. તેમાંથી સૌથી પહેલાં એક વૃદ્ધ આવ્યો, ઘોડા પરથી ઊછળી નીચે ઊતર્યો ને આગેવાનને પગે પડ્યો.

'ગુરુદેવ !'

'ભદ્રશ્રેણ્ય !'

બન્ને ભેટી પડ્યા. ભદ્રશ્રેણ્યે ભાર્ગવ અને ભગવતીને પ્રણામ કર્યાં.

'ભદ્રશ્રેણ્ય!' ભાર્ગવે કહ્યું, 'એક પળનો પણ વિલંબ કરાય એમ નથી. અહીં કેટલાં માણસો છે?'

'બસોએક હશે.'

'વિમદ?'

'આનર્તમાં, વિશાખાની પાસે.'

'બધા મળીને આ જંગલોમાં ભૃગુ ને યાદવો કેટલાક હશે?'

'ચારસો.'

'બૈરાંછોકરાં સાથે?'

'હજાર.'

'આનર્તમાં?'

'પુષ્કળ છે.'

'પ્રતીપ ક્યાં છે?'

'એણે તો મહીપર જ અહીંયાંથી અવંતિ જતાં જંગલોમાં મોટું ગોત્ર વસાવ્યું છે.'

'ભદ્રશ્રેણ્ય! સહસ્રાર્જુન યાદવ ને ભૃગુમાત્રનો સંહાર કરવા મોટું સૈન્ય મોકલી રહ્યો છે. મેં ચારે તરફ માણસો મોકલ્યાં છે. વિમદ ને વિશાખા સાથે પણ જે હોય તેને બોલાવી લો. એક સ્ત્રી કે બાલકને એ છોડે એમ નથી.'

'શું કહો છો?'

'મૃગા પોતાને હાથે મરી ગઈ. તાલબાહુને પદભ્રષ્ટ કરી રુરુને અર્જુને સેનાપતિ નીમ્યો છે. પાંચ હજાર તુંડિકેરા, ત્રણ હજાર હૈહયો ને ત્રણ હજાર શાર્યાતો એણે ભેગા કર્યા છે. બે હજાર માણસોને લઈ આનર્તરાજને હાજર થવાની આજ્ઞા કરી છે. રુરુ આવી લાગે તે પહેલાં આપણે અહીયાંથી યાદવો ને ભૃગુઓને લઈ નીકળી જવું જોઈએ.'

'ક્યાં?'

'આર્યાવર્ત'

'પણ આપણે તો હજારો છીએ, સ્ત્રીઓ, છોકરાં, વૃદ્ધો!'

'બધાં જ.' નિશ્ચલતાથી ભાર્ગવે કહ્યું, 'આ રસ્તેથી બધાંને યાદવ ગોત્રે આવી પહોંચવાનું મેં કહાવ્યું છે. પણ તે પહેલાં મારે અવંતીરાજને ત્યાં પહોંચવું છે.'

'સહસ્રાર્જુને અવંતીરાજને પણ આજ્ઞા કરી છે કે પ્રતીપ પર આક્રમણ કરવું.'

'અરેરે!'

'પણ અમે તો પાંચે પાંચ ઘોડે આવ્યા છીએ. એ આજ્ઞા લઈ આવનારાઓને પાંચ દહાડાની વાર લાગશે. તે પહેલાં આપણે અવંતીરાજને જોઈ લઈશું. તમારી માસીનો છોકરો થાય છે ને. લોમા! કૂર્મી! તમે આ બધું સંભાળી લો. અમે બે જઈએ છીએ.'

૨

અવંતી ગોત્રનો રાજા વિતિહોત્ર, ભદ્રશ્રેણ્યનો મસિયાઈ ભાઈ અને બાલગોઠિયો હતો. ભદ્રશ્રેણ્યે—જ્યારે રાજ્યનો અધિષ્ટાતા હતો ત્યારે—એને ઘણો અધિકાર ને મોટાઈ આપ્યાં હતાં. જ્યારે ભદ્રશ્રેણ્ય મરાયા એમ એણે સાંભળ્યું ત્યારે એણે આંસું સાર્યાં હતાં. પ્રતીપ આવીને પાસેના જંગલમાં વસ્યો તે એને ગમ્યું. પણ રખેને સહસ્રાર્જુન કોપે એ બીકે એણે એ વસે છે કે કેમ તે વિષે આંખ આડા કાન કર્યા.

એને પણ મહા અથર્વણ ઋચિકનો શાપ સાલ્યા કરતો હતો. એને છોકરો નહોતો અને જ્યારે ભદ્રશ્રેણ્ય ભાર્ગવને લઈ આવ્યા ત્યારે કોઈ દહાડો ગુરુદેવની પૂજા કરી તેની કૃપા યાચવાની પણ ઇચ્છા થઈ આવી હતી. પણ જ્યારે માહિષ્મતીમાંથી તે પણ અદશ્ય થયા, ત્યારે કપાળ કૂટી તેણે ચક્રવતીને ગાળો દીધી હતી.

એને ૭ સ્ત્રીઓ હતી. એ અને એની સ્ત્રીઓ પશુપતિ મહાકાલની દહાડામાં બે વાર પૂજા કરતી. પણ એને પુત્ર નહોતો.

જંગલમાં સિદ્ધેશ્વરીની ટેકરી પર કાપાલિકો રહેતા, તેને પણ એ પ્રસન્ન રાખતો.

આ કાપાલિકોની ગુરુ હતી એક સ્ત્રીઃ મહાદેવી. હજારો વર્ષથી રાખ ખાઈ રહેનારી—સતત સમાધિમાં મગ્ન, ત્રિકાળદર્શનની અધિકારિણી. એના આશીર્વાદ મેળવવાની વિતિહોત્રને ઘણી ઉત્કંઠા હતી. પણ તેને સમાધિમાંથી જગાડવાનું કામ અઘરું હતું. એમ કહેવાતું કે કોઈ એને સમાધિમાંથી જગાડે તો તેને શાપ દઈ બાળીને ભસ્મ કરે, અને કોઈને કાંઈ આશીર્વાદ દેવા હોય તો પોતાની મેળે સમાધિમાંથી જાગી તેને બોલાવે. વિતિહોત્ર આ નિમંત્રણની વાટ જોતાં થાકી ગયો હતો.

વિતિહોત્ર મધરાતે ઘસઘસાટ ઊંઘતો હતો. ને જાણે કોઈએ એને બોલાવ્યો, 'વિતિહોત્ર!'

તે ચમકીને જાગ્યો. સોળ વર્ષ પર એની મા મરી ગઈ ત્યાર પછી કોઈએ એને 'વિતિહોત્ર' કહી બોલાવ્યો નહોતો. તેણે આંખો ચોળી. અવાજ સ્પષ્ટ આવતો હતોઃ 'વિતિહોત્ર!'

તેણે બેબાકળા બની ચારે તરફ જોયું. 'વિતિહોત્ર!' અવાજ કાપાલિકોની ટેકરી ઉપરથી આવતો હતો. એને કોઈ આજ્ઞા કરતું હતું. એણે હાથમાં ખડ્ગ લીધું, ને એક માણસને સાથે લઈ દોડ્યો.

અવાજ એને ખેંચી જવા લાગ્યો. વિતિહોત્ર 'આવ્યો' એમ બબડ્યો ને દોડતો દોડતો ટેકરી ચઢ્યો. આ ટેકરી પર સામાન્ય મનુષ્ય ચઢવાની હિંમત કરતો નહિ. ચારે તરફ હાડપિંજર, રાખ, ખોપરીઓ વગેરે કાપાલિકોને પ્રિય વસ્તુઓ પડી હતી. એક તરફ એણે કાપાલિકોને જોયા ને તે કાંપ્યો. ત્યાંથી એને પેલો અવાજ બોલાવી રહ્યો.

પૂનમની રાત હતી. ચારે તરફ કાપાલિકો પૂજ્યભાવથી ભોંય પર માથું નાંખી પ્રાર્થના કરી રહ્યા હતા. વચમાં એક ચોરા પર ઝાડ હતું. તેની નીચે, રાખના ઢગલામાં એક હાડના કોથળા સમી,

વૃદ્ધ, જર્જરિત સ્ત્રી બેઠી હતી. માત્ર એની અંગારા જેવી બે આંખો ઉઘાડી હતી, અને તેના મોંમાંથી ધીમો સાદ નીકળતો હતો. 'વિતિહોત્ર !'

કાપાલિકો ને અઘોરીઓની મહાદેવી સમાન આ મહાદંતી સિદ્ધેશ્વરી હતી. એ હજારો વર્ષથી તપશ્ચર્યા કરે છે ને અમર છે એમ મનાતું. એના મંત્રોથી અનેક સિદ્ધિઓ મળતી. એ સમાધિમાં બેસી રહેતી, અને ત્રણ વર્ષે એક દહાડો તેમાંથી જાગતી ત્યારે અઘોરીઓનો મોટો ઉત્સવ થતો.

વિતિહોત્રના કાનમાં હર્ષટંકાર થયા. તેણે દોડતા જઈ નમસ્કાર કર્યો. મહાદન્તીએ એને માટે આજે સમાધિ છોડી હતી. મહાદંતી બબડતી હતી: ' વિતિહોત્ર !'

વિતિહોત્રે ભોંયમાં માથું નાંખ્યું ને પ્રણિપાત કર્યો. જ્યારે મહાદંતી સમાધિમાંથી જાગે ત્યારે એની સામે જોનાર બાર મહિનામાં મરી જતો.

કાપાલિકો ભયથી કાંપતા હતા. રાજા વિતિહોત્ર હર્ષથી ધ્રૂજતો હતો.

' વિતિહોત્ર ! આવે છે—આવે છે . '

' માતાજી ! કોણ આવે છે ? '

' આવે છે, જેને માટે વાટ જોઉં છું તે. ગોત્રથી અડધે જોજને છે એમને લઈ આવ '

' પણ કોણ ? '

' પૂછ નહીં. પૂછનારો ભરમાશે. એ છે, તે છે. જા. '

' પણ એને ઓળખું કેમ ?' ગૂંચવાયલા વિતિહોત્રે કહ્યું.

' હું જોઉં છું એને—જેની હું વાટ જોઉં છું, તેને. એનાં ચક્ષુમાં વહ્નિ છે. એના હાથમાં વિદ્યુત છે. એની વાણીમાં વજ્ર છે... એ આવે છે, તારા નાઠી નાંખેલા ભાઈને લઈને. જા, જલદી જા.'

વિતિહોત્ર સમજ્યો ન સમજ્યો ને આજ્ઞા ઉઠાવવા દોડ્યો. એના પગને જાણે કોઈ દોરતું હોય એમ તે સીધો જંગલને રસ્તે ઉતાવળે પગે ગયો. એનું હૈયું ધ્રૂજવા લાગ્યું હતું.

ગોત્રથી થોડે દૂર ગયો એટલે સૂકાં પાતરાં પરથી કોઈ આવતું હોય એવું એને સંભળાયું ને તે દૂર ઊભો રહી ગયો.

ઝાડોની ઘટા વચ્ચેના અંધકારમાથી બે જણ ચાંદનીમાં આવ્યા. વિતિહોત્રનાં ગાત્ર ગળી ગયાં. એકની આંખમાં અગ્નિ હતો ને હાથમાં વીજળી હતી અને એની સાથે એનો મરેલો ભાઈ ભદ્રશ્રેણ્ય હતો. વિતિહોત્ર થથરભમર આગળ ગયો.

'યાદવરાજ !' તેણે હાથ જોડી કહ્યું. ભદ્રશ્રેણ્ય પાછો ખસ્યો. ભાર્ગવે પરશુ ઉગામી.

'એ તો હું વિતિહોત્ર.' રાજાએ કહ્યું,

બન્ને ભાઈઓ ભેટયા. 'ભાઈ, આ ગુરુદેવ ભાર્ગવ.'

પોતે ગાંડો થઈ જતો હતો એમ લાગતું હતું છતાં વિતિહોત્રે પ્રણામ કર્યાં.

'રાજન! શત શરદ જીવજો !' ભાર્ગવે આશીર્વાદ દીધા.

'ગુરુદેવ ! આપનો સત્કાર કરવા આવ્યો છું. કાપાલિકોની દેવી મહાદન્તી સિદ્ધેશ્વરીએ સમાધિ છોડી આપને તેડવા મને મોકલી આપ્યો. આપને બોલાવે છે.'

ભાર્ગવ મંદ હસ્યા 'દેવી મહાદન્તી સિદ્ધેશ્વરીએ હમણાં સમાધિ છોડી ? એ તો ત્રણ વર્ષે છોડે છે ને ?'

'આપને મળવા.'

ત્રણે જણ કાપાલિકોની ટેકરી પર ચઢ્યા. ચન્દ્રિકાશાં બન્નેે ચમકતાં નયનો એકબીજાને જોઈ રહ્યાં હતાં.

'રામ ! રામ !' મહાદન્તીના મોંમાંથી નીકળ્યું.

'મહાદન્તી ! અઘોરચક્ર અધિષ્ઠાત્રી ! મારા પ્રણામ.'

'તમે આવ્યા ?'

'આપની વાત મારા પિતાતુલ્ય ડકુનાથની પાસે સાંભળી હતી. આપના મંત્રના જાપ પણ મેં કર્યા છે.'

'મેં તમને ત્યાં જોયા હતા.'

'તમે—'

'રામ! હું તમને વર્ષોથી જોતી આવી છું. તમારી વાટ જોઉં છું, આજે બસો દશ વર્ષથી.'

ભાર્ગવ હસ્ય—દયાભીની રીતે.

'સૃષ્ટિને સર્જનકાળે સ્થિતિ ને લય પર તાંડવ કરતા—રાગ, ભય ને ક્રોધના સ્વામી. . . . હું જાણુતી હતી તમે આવશો જ, તેથી તો હું આ દેહ ધારતી હતી.' ભાર્ગવના હૃદયમાં જાણે અણુવિસરાયેલા ગીતના પડઘા પડતા હોય તેમ પડ્યા.

'હું તમને જન્મતા જોઉં છું—અંબાના હાથમાં હિંચોળતા જોઉં છું. કવિ ચાયમન જોડે કુસ્તી કરતા, દસ્યુઓના હાથમાંથી છટકતા ભાળું છું; હું જોઉં છું તમને વરુઓની જોડે બાથડતા, રામ ગોમતી, વહેવડાતા, શાર્યાતોનું નિકંદન કાઢતા.'

મહાદંતીના અવાજમાં નશો ભર્યો હતો. તેની આંખો ચિત્રો જોતી હોય એમ લાગતું.

'હું જોઉં છું તમને—સહસ્રાર્જુનને કંપાવતા, ડફુનાથને વશ કરતા, મૃગારાણીને ભાર્ગવી કરતા—'

'દેવી!' રામે અજાયબ થઈ પૂછ્યું 'તમે કોણ છો?'

'હું? તમારી માફક, ભૂત—વર્તમાન—ને ભાવિ . . . . .જામદગ્નેય! હું ગાજતી જોઉં છું તમારી વિજયઘોષણા સર્વ દિશામાં. તમારાં મંદિરો ખંડેખંડે, જગતના નાથ! ભય સંહારો ને જગત ઉદ્ધારો.'

'ભાગર્વ મૂંગે મોઢે જોઈ રહ્યા.

'ભગવાન જામદગ્નેય!' મહાદન્તીએ પૂજ્યભાવે કહ્યું, 'હું વાટ જોઈ થાકી છું. મને સત્કારો.'

ભગવાન જામદગ્નેય! રામને મૃગાના શબ્દોનું સ્મરણ થયું. બસો વર્ષની આ ત્રિકાળદર્શી સિદ્ધેશ્વરીએ પણ એ જ શબ્દો કહ્યા.

ઝાડો હાલવા લાગ્યાં. ચન્દ્રિકા પણ જાણે અસ્થિર બની. ભાર્ગવની આંખની ભભક મહાદન્તીની આંખની ભભક સાથે મળી ગઈ.

'સ્વીકારો, મેં બહુ વાટ જોઈ." મહાદન્તીએ દયામણે સ્વરે કહ્યું. કાપાલિકો, ભદ્રશ્રેણ્ય ને વિતિહોત્ર આ ભયાનક સંવાદ સાંભળી ન શકયા.

'મહાદન્તી ! હું સ્વીકારું છું.' રામે માથું નમાવી કહ્યું.

મહાદન્તીએ એક ઊંડો ઉંકાર કર્યો.

ચારે દિશા ગાજી ઊઠી. તેની આંખોમાંથી અંગારા વહ્યા. વંટોળિયો થયો. ચારે તરફ ચિચિયારી સંભળાઈ. અનિમેષ નેત્રોએ ભાગર્વ જોઈ રહ્યા.

ભદ્રશ્રેણ્ય ને વિતિહોત્ર પ્રલયકાળ આવ્યો હોય એમ કાંપી રહ્યા. મહાદન્તીની આસપાસ મહા તેજનું વર્તુલ થઈ ગયું.

તેજના વર્તુલમાં તેનાં બસો વર્ષનાં સુકાયલાં ગાત્રો ને લટકતી ચામડી અદૃશ્ય થયાં. તેની મુદ્રા નવયુવતીની થઈ ગઈ. તેની શરીર રેખાઓમાં મોહિની આવી. તેની આંખોના દઝાડતા અગ્નિમાં સોળ વર્ષની નવયૌવનાની પ્રેરકતા આવી.

તેણે છટાથી સુંદર હાથો જોડી ભાર્ગવને નમસ્કાર કર્યાં.

'ભગવાન !'

ભાર્ગવે હાથ જોડી માથું નમાવ્યું.

મહાદન્તી જમીન પરથી અધ્ધર જતી દેખાઈ. એના તેજનું વર્તુલ એને અને ભાર્ગવને લપેટી રહ્યું.

એ ઊંચી ગઈ. સૂક્ષ્મ થઈ. તેજોબિન્દુ થઈ રહી. ભાર્ગવ ઊભા થઈ ગયા. એમનાં એકાગ્ર નયનો ઊંચે જતી સૂક્ષ્મ થતી સિદ્ધેશ્વરીને જોઈ રહ્યા. એના શરીરમાં અભેદ્ય તેજની ધારાઓ વહેવા લાગી. વીજળી જમીનમાં સમાઈ જાય તેમ તેજોબિન્દુ ભાર્ગવની આંખમાં સમાઈ ગયું....

સૂર્યનો પ્રકાશ થયો ત્યારે મહાદન્તીનું નામ કે નિશાન ત્યાં નહોતું. નિશ્ચલ, એકાગ્ર, ભયંકર ભાર્ગવ મૂંગા ઊભા હતા.

૩

પંદર દહાડામાં પ્રતીપે સ્થાપેલા યાદવગોત્રના થાણામાં હજારો યાદવો ને ભગુઓ ચાલી નીકળવા તૈયાર થઈ રહ્યા હતા. દિવસ ને રાત ચારે તરફથી લોકો આવ્યે જતાં હતાં. સહસ્રાર્જુનના વિનાશક ક્રોધમાંથી બચવા અજાણ્યાં જંગલો, અનુલંઘ્ય પર્વતો અને માનવ આક્રમણથી અસ્પશ્ય રણોમાં થઈને આર્યાવર્ત જવા આ માનવ-સમૂહ તૈયાર થયો હતો.

ત્રણ દહાડા પહેલાં રસ્તો શોધનાર ટુકડી આગળ નીકળી ચૂકી હતી. બીજે દહાડે સ્થાન શોધી મુકામ નક્કી કરનારાઓની ટોળી નીકળી હતી. આગલી સાંજે થોડુંક સૈન્ય લઈ પ્રતીપ રસ્તો નિર્ભય કરવા આગળ વધ્યો હતો.

યાદવો ને ભૃગુઓનો મોટો સમૂહ અત્યારે સવારે પ્રસ્થાન કરવાનો હતો. પહેલાં ગોવાળિયાઓનો સમૂહ ઢોરો લઈ રસ્તો કરવા ગયો. પછી ગાડાઓમાં વૃદ્ધો, સ્ત્રીઓ અને છોકરાંઓ વાછરડાં, કૂતરાં ને ઘોડાનાં બચ્ચાંઓ સાથે આગળ વધ્યો. બે હજાર ગાડાંઓ હતાં. આસપાસ સ્ત્રીઓ વારાફરતી ગાડાંમાંથી ઊતરીને ચાલતી. આસપાસ સૈનિકોનો વ્યૂહ ગોઠવાયો હતો. લોમા, ફૂર્મી ને વિશાખા આ વ્યૂહના નાયકો હતાં. આ ગોત્રના વ્યૂહની પાછળ એક નાનકડું સૈન્ય ધીમે ધીમે જવા લાગ્યું. ઉજ્જયંત તેનો નાયક હતો.

આની પાછળ ચુનંદા યોદ્ધાઓનું સૈન્ય અડધા દહાડાને અંતરે પ્રતીપે જ્યાં યાદવગોત્ર વસાવ્યું હતું ત્યાં પડ્યું. ભદ્રશ્રેણ્ય અને વિમદ આના અગ્રણીઓ હતા. પાછળ આવતા આક્રમક સૈન્ય સામે ધસારો કરી તેને રોકવાનું કામ આ સૈન્યનું હતું.

સહસ્રાર્જુનની આજ્ઞાને અવગણી અને તેના દૂતોને ફોસલાવી પાછા મોકલી, વિતિહોત્રે નિસ્સરક સમૂહ માટે બધી સામગ્રી તૈયાર કરી આપી હતી.

વિદાયની પળ આવી લાગી. વચ્ચે ભાર્ગવ હાથમાં પ્રચંડ પરશુ લઈ તેજના પૂંજમાં લપેટાયલા ઊભા હતા. પાસે એમનો તેજી ઘોડો હણહણતો.

એક તરફ ભદ્રશ્રેણ્ય, વિમદ ને જયામઘ ઊભા હતા.

વિતિહોત્ર અને એની રાણીઓ આંખમાં આંસુ સહિત એમને નમસ્કાર કરી રહ્યાં હતાં.

'ભગવાન!' વિતિહોત્રે કહ્યું. 'અમારા પર કૃપા રાખજો.'

'રાજન્! વિજયી થજો.'

રાણીઓ પગે લાગી. ભાર્ગવે છ રાણીમાંથી ચોથી તરફ જોયું, અને તેના માથા પર હાથ મૂક્યો.

'મહિષી! પુત્રવતી થજે.'

આશીર્વાદના ભારથી રાણી રડી પડી. ભાર્ગવ હસ્યા. 'રાજન્, રાણીને પુત્ર થાય તો મહાદન્ત નામ આપજો.'

'જેવી આજ્ઞા!' હર્ષઘેલા વિતિહોત્રે કહ્યું.

મહાદન્તી અલોપ થયાં પછી ભાર્ગવની આસપાસ એક પ્રકારનું તેજ પ્રસરી રહેલું બધાને લાગતું. એમની પોતાની શ્રદ્ધા ઉપજાવવાની શક્તિ પણ વધી ગઈ હતી.

ભાર્ગવે આંખવડે જયામઘને પાસે બોલાવ્યો. 'રાજન્! મારા જયામઘને હું તમને સોંપી જાઉં છું.''

'મને?' જયામઘે અચંબો પામી કહ્યું.

'જયામઘ! મારે ને તારે હવે છૂટા પડયા વિના છૂટકો નથી. થોડા દહાડામાં યાદવો અને શાર્યાતો વચ્ચે જીવલેણ વિગ્રહ શરૂ થશે. તું શાર્યાતરાજ છે. ભદ્રશ્રેણ્ય યાદવરાજ છે. હું એમનો છું. તું અહીંયાં રહેશે તો યાદવો વહેમાશે.'

'ગુરુદેવ! મારા પર આટલો વિશ્વાસ નથી આવતો?'

'પૂરો વિશ્વાસ છે માટે કહું છું. આ યુદ્ધમાં હવે તારું સ્થાન શાર્યાતોમાં છે.'

'હું આ યુદ્ધોથી થાકયો છું. ગુરુદેવ! ક્યાં સુધી આ કાપાકાપી ચાલશે? આ લોહી વહેતાં ક્યારે બંધ થશે? તમે એનો રસ્તો નહીં કાઢો તો કોણ કાઢશે?'

'જયામઘ, માણસના દ્વેષને માત્ર ભયની સીમા છે—બીજી નથી. પોતાની મેળે પોતાના દ્વેષને સીમા મૂકે એવા મહાત્મા તો કોઈ એક જ થાય. આ કાપાકાપી અટકાવવાનો એક જ રસ્તો છે.'

'તો તે કેમ કાઢતા નથી?' કરગરીને જયામઘે કહ્યું.

'તેજ કાઢી રહ્યો છું. દ્વેષ કેળવવા મથશે તેને માથે જામદગ્નેયનો ભય ઝઝૂમશે'

'એટલે શાર્યાતો હૈહયો—'

'હું એમનો દ્વેષ્ટા નથી. દ્વેષીઓનો દ્વેષ ભુલાવનાર મહાભય છું'

'પણ જો આમ એકબીજાને હણ્યા જ કરીએ તો દ્વેષ વધશે.'

'જો હું દ્વેષ રાખી મારું તો. મને તો બધા પ્રિય છે. પણ દ્વેષરોગીઓનો રોગ મારે મટાડવો છે. મને દ્વેષ હોત તો હું સહસ્રાર્જુનને સો વખત એના મહેલમાં સૂતો મારી શકત.'

'ગુરુદેવ! ગુરુદેવ! પણ મને શા માટે તરછોડો છો?'

'તું ઉપકારવશ બની મને ભજે છે. તું મને હજી સમજ્યો નથી. જા, શાર્યાતોનું રાજ્યપદ લે. જ્યારે તને સમજાય કે મારી વાત સારી છે ત્યારે હું તો તારો જ છું.'

'મને ક્યારે સમજાશે?'

'તારું હૈયું રુધિરના વહેણથી અત્યારે કાંપી રહ્યું છે. જેવો દ્વેષ ખોટો તેવો એ ભય. બન્ને જ્યારે તું ભૂલશે ત્યારે તને સમજાશે કે દ્વેષઘેલા માનવીને વિશુદ્ધ બનવા હજી રુધિરના ઘણા સાગરોમાં સ્નાન કરવું પડશે.'

'ભગવાન, ભગવાન! મને સમજાતું નથી.'

"જયામઘ! હું તો માત્ર ધર્મ સાચવું છું. જે ધર્મ લોપે તે મારા

જ્વાળામાં બળી મરે. રાજા વિતિહોત્ર! જયામઘને લઈ જાઓ. સિધાવો! શત શરદ જીવજો. ભદ્રશ્રેણ્ય, હું પરમ દિવસે મળીશ.' ભાર્ગવે ઘોડો પલાણ્યો.

ધૂળના ગોટામાં માત્ર કાળી જટા અને ચમકતી પરશુ એ દેખાયાં કર્યાં.

પ્રચંડ અજગરની માફક યાદવ ને ભૃગુઓનાં ગાડાંઓની હાર, જોજનો સુધી, સરતાં પૈડાંઓની ચીસો, ઢોરઘોડાના અવાજો અને મનુષ્યસમૂહના ઘાંટાઘાટથી નિર્જન જંગલોમાં વિચિત્ર પડઘા પડતા.

બધો સમૂહ તાનમાં હતો. જાણે મોટી જાત્રાએ નીકળ્યાં હોય એમ બધાને લાગતું હતું. સ્ત્રીઓ ગાતી, વૃદ્ધો કીર્તન કરતા, બાળકો કૂદતાં. સૈનિકો ચાલતા ને તડાકા મારતા.

આખું વાતાવરણ આશા ને ઉત્સાહભર્યું હતું. બધા સહસ્રાર્જુનના ભયમાં ઊછર્યાં હતા; જીવ્યા હતા. આજે એ ભય દૂર જતો હતો. સ્વતંત્રતાપ્રેરક હવા બધાને નવું ચેતન આપી રહી હતી.

પણ ભગવતીની ચિંતાનો પાર નહોતો. થોડા વખતમાં આ ઉત્સાહ જતો રહેવાનો અને આ ભયંકર પ્રયોગના પરિણામની અસર શરૂ થવાની. એમણે વિશાખા અને કૂર્મીએ મળી આ માનવ-સમૂહની વ્યવસ્થા કરવા માંડી. દશદશ ગાડાંએ એકેકો નાયક એમણે નીમ્યો અને પાંચ નાયકે એક મુખી નીમ્યો. થોડાક ઘોડેસવારો થોડે થોડે અંતરે આમથી તેમ ખબરો આપી આખું તંત્ર હાથમાં રાખવું સહેલું કરતાં.

અવંતીનાથે પુષ્કળ ખાવાનું આપ્યું હતું. એમણે આપેલા ભોમિયાઓ જંગલવાસીઓને મળી થોડી વ્યવસ્થા કરતા. પણ ઘણે ભાગે તો તાજો શિકાર કરીને ખાવું રહ્યું એટલે દરેક નાયક તેની તજ-વીજમાં ફરતો.

નદી કે વહેળાને તીરે નિસ્સરકો મધ્યાહ્ને મધરાતે વિસામો કરતા. પછી સાથે પાણી ભરી લેતા ને આગળ ચાલતા.

ગોત્રોની મુસાફરીથી પરિચિત લોકોને શરૂઆતમાં આ બધું સહેલું દેખાયું. શ્રદ્ધાની સરિતાઓ ચારે તરફ વહેતી હતી, અને બધાને ભીંજવી રહી હતી. આટલો મોટો સમૂહ કેમ કરી આર્યાવર્ત પહોંચશે તેની સામાન્ય નિસ્સરકને ચિંતા નહોતી.

જૂના યાદવો સૌરાષ્ટ્રની યાદ દેવાડી ભાર્ગવની વાત કરતા. નવા આવેલા ભાર્ગવો ને ભૃગુઓ માહિષ્મતી ને વૈદૂર્યમાં એમણે કરેલાં પરાક્રમોની આખ્યાયિકા કહેતા. ભાર્ગવની ડહુનાથને વશ કરવાની વાતો, મૃગારાણીને ભૃગુ બનાવવાની વાતો, અને મહાદન્તી સિદ્ધેશ્વરી એમનામાં કેમ સમાઈ ગયાં, તેની વાતો અને ભગવતી કેમ આકાશમાર્ગે ભાર્ગવને જઈ મળ્યાં તેની વાતો ધીમેથી ધાકથી કહેતાં, સાંભળતાં, બધાના હૈયામાં ભક્તિનાં પૂર આવ્યાં.

અભિનિસ્સરણ શરૂ થયું તેને ત્રીજે દહાડે ઘોડા દોડતા આવતા હોય તેવો અવાજ સંભળાયો. ખબરિયાઓએ દોડતે ઘોડે ખબર કહી એટલે ભગવતી ને કૂર્મી શસ્ત્રસજ્જિત સૈનિકો સાથે છેડે આવીને ઊભા.

કાળા મોટા ઘોડા પર ભાર્ગવ આવ્યા. પાછળ વીશેક સવારો સાથે ઉજ્જયંત હતો.

ભગવતી ને કૂર્મીએ એમના ચરણની રજ માથે મૂકી. બધાની ખબર પૂછતા ભાર્ગવ પગે ચાલી ગાડાંઓ પાસે ગયા. ગાડાંઓ થંભ્યાં. લોકો ઊતરી પડયા ને પગે પડયાં. ભાર્ગવ આશીર્વાદ દેતા સ્મિત વદને આગળ વધ્યા.

વિશાખા એના ગાડાં આગળ હતી. તેણે આવી પ્રણિપાત કર્યો.

'વિશાખા, તારું સૌભાગ્ય અમર તપો. કેમ છોકરાઓ કેમ છે?"

ત્રણ છોકરાઓ, પ્રતીપની નાની પ્રતિમા સરખા દોડતા આવ્યા.

'પગે લાગો ગુરુદેવને !'

છોકરાઓ બીને ઊભા રહ્યા. ગુરુદેવની વાતો રોજ થતી, પણ તેમને એમણે જોયા નહોતા.

ભાર્ગવ હસ્યા, મુખથી, આંખોથી, અવાજથી.

'અલ્યાઓ, મને જ ઓળખતા નથી! આવો!' તેમણે હાથ લંબાવ્યા. પરશુ ઉજ્જયંતને આપી દીધી. છોકરાઓ આ પ્રચંડમૂર્તિથી ખંચાઈ ને ઊભા.

'નહીં આવો?' ભાર્ગવના અવાજમાં મૃદુતા હતી ' અરે, એવું તે બને. નહીં આવો?'

ત્રણ વર્ષનો નાનો છોકરો વશ થઈ ગયો. 'ગુરુદેવ, હું આવું છું.' કહી તે ભાર્ગવના હાથમાં આવ્યો. થોડીવારે બીજા બેમાં હિંમત આવી.

ત્રણેને સાથે ઊંચકી ભાર્ગવે છાતીસરસા ચાંપ્યા.

રાત પડી એટલે ગાડાં છોડી બધાંએ જમવાની તૈયારી કરવા માંડી. આખા વિસામાની આસપાસ વનચરો દૂર રાખવા હોળીઓ પ્રગટી.

રાતના બધા મુખીઓ ગુરુદેવ પાસે આવ્યા. ભગવતી, વિશાખા, કૂર્મી ને ઉજ્જયંત તો ત્યાં હતા જ.

'ભગવતી, આપણે જાત્રાએ નથી આવ્યા. આપણે સેંકડો જોજન જવું છે. સવારે હું પ્રતીપને મળવા જાઉં છું. ચોથે દહાડે પાછો આવી મળીશ. એટલામાં દરેક સશક્ત પુરુષ, સ્ત્રી કે મોટા છોકરાનો સ્વધર્મ નક્કી થઈ જાય. પહેલો સ્વધર્મ પૂરેપૂરું ખાવાનું મેળવવું, બીજો બને તેટલી ઝડપે આગળ વધવું; ત્રીજો બને તેટલી ઝડપે લડવા તૈયાર રહેવું, પુરુષ હોય કે સ્ત્રી, છોકરો હોય કે છોકરી. ભગવતીએ ચક્રવર્તી સહસ્રાર્જુનને મહાત કર્યો હતો. તમે તો એમની શિષ્યો છો. બધાંને કહી દેજો—મારી આજ્ઞા છે. એ સ્વધર્મમાં જ મરવાનું છે. એમ મરીશું ત્યારે જ જીવતા રહીશું.'

એ ઘડી પછી બધાં ઊંઘી ગયાં. સ્થાપેલી એક વેદીની આસપાસ ભાર્ગવ ને ભગવતી વાત કરતાં પડયાં હતાં, તે ઊઠયાં.

'લોમા! ચાલ, આપણે નાહી આવીએ.'

'ચાલો.'

એક બીજાને વળગી બન્ને જણ નદીએ ગયાં અને સાથે સાથે ક્યાંય સુધી સ્નાન કર્યું. પછી મૃગચર્મો પહેરી એકબીજા હાથમાં હાથ રાખી ઊભાં રહ્યાં.

'રામ,' લોમાએ શરમાઈ જઈ કહ્યું, 'હવે હું લાંબો વખત શસ્ત્ર વાપરી શકું એમ નથી.'

'કેમ?' ભાર્ગવે આશ્ચર્ય પામી કહ્યું.

લોમા રામનેભેટી પડી અને મોઢું પતિની છાતીમાં સંતાડી દીધું.

'તમે વિતિહોત્રની રાણીને આશીર્વાદ દીધો હતો કે પુત્રવતી થજે.'

'હા—'

'તે મને લાગી ગયો.'

રામે લોમાને ઉલ્લાસના આવેગમાં ઊંચકી લીધી ને પોતાનું મોં તેની છાતીમાં દાબી દીધું.

બન્ને હસ્યાં.

અસલની માફક રામ લોમાને ઊંચકીને એ પહેલાં સૂતાં હતાં ત્યાં લઈ આવ્યા.

૪

પ્રતીપનું કામ અધરામાં અધરું હતું. અવંતીનાથે આપેલા ભોમિયાઓ રસ્તો બતાવતા. જંગલવાટે સ્ત્રીઓ જોડે વાટાઘાટ કરવી પડતી. જ્યાં કદી મનુષ્ય સંચર્યો નહોતો ત્યાં વાટ શોધવી પડતી. કેટલીય વાર યોજનો સુધી આડો રસ્તો લેવો પડતો. ગાડાં પૂરતો રસ્તો ન હોય ત્યાં ઝાડો કપાવવા પડતાં. અને પાછળ આવતા સમૂહો માટે વિસામાનાં સ્થાન તૈયાર કરાવી, બને તેટલી ખાવાની પણ સોઈ કરાવી રાખવી પડતી.

પ્રતીપ ઘડાઈને હવે મહાન યોદ્ધો ને વ્યવસ્થાપક થઈ ગયો

હતો. પણ આ નવા પ્રકારનું પરાક્રમ નવી શક્તિઓ માગી લેતું હતું. બીજે દહાડે રાતના એ ને એના સૈનિકો એક ટેકરી પર ચઢી સૂવાની તૈયારી કરતા હતા અને આસપાસના પર્વત પરથી સેંકડો ભૂંડો ઊતરી આવ્યાં. ભોમિયાઓએ ચીસાચીસ કરી મૂકી, ઘોડાઓ હણહણી ઊઠયા. કોઈએ ખડ્ગ લીધું, કોઈએ તીર તૈયાર કર્યાં. પણ અંધારી રાતે આ કારમા ભયની સામે તૈયાર થતાં બધાંની છાતી બેસી ગઈ.

તરત પ્રતીપે તાપણીમાંથી અડધું બળેલું લાકડું ખેંચી કાઢયું ને ટેકરીની ધસપર તે દોડી ગયો. તેનું જોઈ ને બીજાઓએ પણ અડધાં બળતાં લાકડાં હાથમાં લીધાં.

ભૂંડો હોંકારા કરતાં એક બીજાને મુંડણિયાં મારતાં ઉપર ધસ્યાં. જેવાં તેમના અગ્રેસરો દશ હાથ છેટે આવ્યાં, એટલે પ્રતીપે બળતું લાકડું છૂટું માર્યું. આગળ ધાઈ આવનાર ભૂંડને બળતું લાકડું વાગ્યું. તે દાઝ્યો, અટક્યો, પાછળ ફર્યો. યોદ્ધાઓએ તાકીને બળતાં લાકડાં મારવા માંડયાં. અગ્રેસરોની હાર તૂટી, અને તરત બધાં ભૂંડો પાછળ મોં કરી જીવ લઈ નાઠાં. યોદ્ધાઓએ તીર પર તીર છોડયાં.

સવાર પડી ત્યારે કેટલાંક ભૂંડ ઘવાયાં પડયાં હતાં. અને પાછળ આવતા સમૂહ માટે સારો જેવો ખોરાક પ્રતીપને મળી ગયો હતો.

જંગલમાં પંખીઓ, ભૂંડ, કુક્કર, હરણ ને સસલાંનો શિકાર તો ડગલે ને પગલે મળતો. અને માનવના ખાઉધરાપણાથી અપરિચિત આ જંગલનાં પ્રાણીઓ હજી પદસંચારથી નાસતાં શીખ્યાં નહોતાં. જંગલોમાં જંગલી ફળો તો ખાનારને અભાવે કરમાઈ જતાં પડયાં હતાં. જંગલવાસીઓ પણ બનતું સ્વાગત કરતા.

ભાર્ગવ આવી પ્રતીપને મળ્યા ને બે દહાડા સાથે રહ્યા.

'પ્રતીપ, માત્ર તને જ હું કહી શકું. વનો, વનેચરો, નદી ને વર્ષા ઋતુ, જંગલવાસીઓ ને પાછળ આવતા હૈહયો, તુંડિકેરા ને શાર્યાતો—બધાં જ આપણા વેરી છે. એમને વશ કરવામાં આપણી પરમ કસોટી છે.'

'આપના આશીર્વાદ છે, તો બધી કસોટીમાંથી પાર ઊતરીશું.'

'વર્ષા આવે તે પહેલાં તો આર્યાવર્ત પહોંચી જવું જોઈએ,' ભાર્ગવે કહ્યું.

'હમણાં જઈએ છીએ તેનાથી બેવડી ઝડપે જવું જોઈએ.'

'એ તો બહુ અઘરું છે.'

ભાર્ગવે ભોમિયા બોલાવ્યા અને ચારે તરફ તપાસ કરાવી. જંગલવાસીઓના એક મોટા રાજાનું ગામડું, અડધા દહાડાની મુસાફરીએ હતું. તેને મળવા ભાર્ગવ ગયા. પ્રતીપે સાથે આવવાનું કહ્યું.

'પ્રતીપ! મારી સાથે કોઈ પણ બીજું હોય છે તો ધાર્યું કામ થતું નથી. હું તો એકલો જ સારો.'

બે ભોમિયાઓને લઈ ભાર્ગવ આડાવેલા ડુંગરામાં વનવાસીઓના રાજાને મળવા ગયા. પર્વતની ધાર પરથી ચાલતાં, જેમ તેમ કરતાં નદી ઓળંગતાં આખરે તે વનવાસીના થાણામાં ગયા. ત્યાં એક ઝરણાંને તીરે ભાર્ગવ બેઠા.

'જાઓ,' તેમણે ભોમિયાઓને કહ્યું, 'રાજાને, એમના ગુરુ હોય તેને, અને કોઈ કાપાલિકો અહીંયાં હોય તેને જઈ કહો કે 'મહાઅથર્વણ ઋચિકનો પૌત્ર ને યાદવોનો ગુરુ, દેવી મહાદન્તી જેમાં સમાયાં છે તે, અઘોરી ડફુનાથનો દત્તકપુત્ર ભાર્ગવનાથ આપને બારણે આવ્યો છે.'

થોડી વારે ઢોલ ને શરણાઈઓ વાગ્યાં ને આખું ગામ રાજાની પાછળ ભાર્ગવના સત્કારાર્થે બહાર પડયું. સ્ત્રીઓ પણ આવી, ફૂલો લઈને. વંનવાસીઓ ને ભૂવાઓ પણ આવ્યા. ત્રણ કાપાલિકો સ્મશાનમાં હતા તે આવ્યા, એટલે બીજા જરા ખંચાઈને ઊભા.

ભાર્ગવે એમની ભાષામાં એમને ડફુનાથની ખબર આપી, અને બાજુ પર બેસવા કહ્યું. રાજાએ આવી ભાર્ગવના પગ ધોયા. સ્ત્રીઓએ ચંદન ને ફૂલથી એમને સત્કાર્યા.

'રાજન, સહસ્રાર્જુનના ત્રાસથી કાયર થયેલા મારા શિષ્યોને

હું આર્યાવર્ત લઈ જાઉં છું. તમારી મદદ માગું છું. બધા વનવાસીઓના રાજાઓ મદદ કરે, રસ્તો બતાવે ને ખાવાનું પૂરું પાડે એમ નહીં કહેવડાવો? પાછળ સહસ્રાર્જુનનું મોટું સૈન્ય આવે છે. આવશે તો અમારા જીવ લેશે ને તમારોય લેશે. હું તો ભિક્ષા માગું છું.'

રાજાએ વૃદ્ધો સામે જોયું. વૃદ્ધોએ ભૂવાઓ સામે જોયું. તેમણે કાપાલિકો સામે જોયું.

રાજા ચેતી ગયા. એના માણસોને વિશ્વાસ બેસતો નહોતો.

'આપ ગામમાં પધારો. કાલે વાત.'

'રાજન! મારી ભિક્ષા ન સ્વીકારો તો હું તમારો અતિથિ-સત્કાર કેમ સ્વીકારું? કાલે પાછા પધારજો. હું અહીંયાં જ વાટ જોઈશ.'

મોડી રાતે વનવાસીઓના રાજા રોહિલ્લ, એના મંત્રીઓ, ભૂવાઓ અને કાપાલિકો છાનામાના ભાર્ગવને જોવા આવ્યા. ઝાડ નીચે ભાર્ગવ સૂતા હતા. જેવો પગરવ સંભળાયો એટલે તે બેઠા થઈ ગયા. એમની આંખો અંધારામાં બે બળતા અંગારાની માફક ચમકી રહી. એમના હાથમાં રહેલી પરશુની ફલક પણ ચમકતી.

પર્વતપર પવન સૂસવાટા મારતો હતો. દૂરથી વનચરોનો અવાજ આવતો હતો. આવનારા ઠમકીને ઊભા. જ્યાં ભાર્ગવ બેઠા હતા તેની આસપાસ તેજ પસર્યું હોય એવું લાગતું હતું.

'રાજન,' ભાર્ગવે ધીમે રહીને કહ્યું, 'વિશ્વાસ નથી પડતો? પર્વત નીચે મારા યોદ્ધાઓ પડ્યા છે. મારી દાનત ખોટી હોત તો તમારું ગામ બાળીને ભસ્મ કરતાં મને બે ઘડી નહીં લાગત.'

પેલા બધા પરખાઈ ગયા એટલે શરમીંદા બની પાસે આવ્યા. 'કાપાલિકો, તમનેય વિશ્વાસ નથી પડતો? વિશ્વાસ ન પડતો હોય તો હું આ ચાલ્યો,' ભાર્ગવે રાજાને કહ્યું.

'ના, ના, ગુરુદેવ!' રોહિલ્લે કહ્યું.

ભાર્ગવ ઊભા થઈ ગયા ને પાસે આવી રાજાને ખભે હાથ મૂક્યો.

'હું ચાલી જઈશ, પણ આવ્યો છું તો તમારું ભલું કરતો જાઉં. તમારા રાજાઓને કહાવી દેજો કે અમારી પાછળ તુંડિકેરાઓના રાજા ને સહસ્રાર્જુનનો સેનાપતિ રુરુ આવે છે—સૈન્ય લઈને. એ વનો બાળશે, તમારાં ગામો ઉજ્જડ કરશે, બચવું હોય તો નાસવાની તૈયારી કરી રાખજો. અરુણોદય થયો. હું મદદની ભિક્ષા માંગવા આવ્યો હતો, પણ તમે મને ઠેલી કાઢ્યો. હું તો હવે ચાલી જઈશ, પણ તમે મિત્ર ખોયો.'

રાજાએ નિરાધારીથી મંત્રીઓ, ભૂવાઓ અને કાપાલિકો તરફ જોયું. કોઈ બોલ્યું નહીં.

ભોમિયાને બોલાવી ભાર્ગવ પર્વત ઊતરવા લાગ્યા.

પરોઢિયું થયું. જ્યાં ભાર્ગવ બેઠા હતા ત્યાં આગળ અણિશુદ્ધ અઘોરચક્ર દેખાયું. કાપાલિકો પાસે ગયા. એ સામાન્ય ચક્ર નહોતું પણ ગુરુચક્ર હતું. તેમણે ભોંયે પડી નમસ્કાર કર્યાં. રોહિલ્લ રાજાએ ગુસ્સાથી મંત્રીઓ ને ભૂવાઓ સામે જોયું 'શું જોયાં કરો છો? ઢોંગી છે! ઢોંગી છે! શું લેવા આવ્યા હતા? રસ્તો! ખાવાનું! તેમાં પણ તમે ના પાડી. આટલી પેઢીએ મારા કુલે આવ્યો અતિથિ પાછો ઠેલ્યો.' રાજાએ પર્વત ઉપરથી જોયું. 'મારે હાથે એમને ધકેલી કઢાવ્યા.' એણે ઊગતા સૂર્યના કિરણની બની હોય એવી છૂટી કેશાવલિ ને દાઢીમાં તેજસ્વી ભાર્ગવને ઊતરી જતા જોયા.

'ગુરુદેવ! ગુરુદેવ! પધારો.'

ભાર્ગવ પાછા ફર્યાં.

'પધારો, પધારો,' રોહિલ્લે બૂમ મારી, અને તે દોડતો નીચે ઊતરી આવ્યો.

'પધારો, આપ જે માંગો તે આપીશ. પાછા આવો.'

૫

પ્રતીપનું જ્યાં અસલ થાણું હતું ત્યાં સેનાપતિ રુરુ મોટા સૈન્ય સાથે આવી પહોંચ્યો. પ્રતીપને ખબર પડે તે પહેલાં છાપો મારી યાદવગોત્ર વિનાશવાની એની ઉત્કટ ઇચ્છા હતી.

પણ લશ્કર ભેગું કરતાં વાર લાગી અને મહીનદી આવી તે પહેલાં એને ખબર મળી કે પ્રતીપ એનું થાણું છોડી ઉત્તરમાં ભાગી ગયો છે. રુરુ ગર્વિષ્ઠ હતો. ભદ્રશ્રેણ્ય અને તેના પુત્ર પ્રતીપને ભાગી જતાં જોઈ એનો ગર્વ સંતોષાયો.

તુંડિકેરાઓ હૈહયના સંઘમાં જંગલીમાં જંગલી હતા અને નર્મદાની તીરે ચન્દ્રતીર્થની પૂર્વે રહેતા. રુરુ ગર્વિષ્ઠ હતો, નિષ્ઠુર હતો. લોહી રેડવું એને ઘણું ગમતું. ભદ્રશ્રેણ્ય અને મૃગાના અધિકાર-કાલમાં તો એ માહિષ્મતીના રાજ્યચક્રને અડી શકતો નહીં, પણ બંને ગયાં, તાલબાહુ નકામો નીવડયો, સહસ્રાર્જુનની વિનાશક ઝનૂન વધી, એટલે રુરુ હવે એનો જમણો હાથ થઈ શકયો.

રુરુએ સહેલી ધારેલી યોજનામાં થોડી મુશ્કેલીઓ આવી. નાના ગામોમાં ભૃગુઓ અને યાદવોની શોધ નિષ્ફળ ને કાળક્ષેપક બની.

યાદવો અને ભૃગુઓ કુટુંબસહિત અદૃષ્ટ થઈ ગયા હતા. રુરુએ જોયું કે આ બધામાં કંઈ ઊંડું રહસ્ય હતું.

એણે વિતિહોત્ર અવંતીનાથને સૈન્ય લઈ હાજર રહેવાનું કહેણ મોકલ્યું. જવાબ આવ્યો કે રાજા તો માંદા હતા, પણ સેનાપતિ સૈન્ય લઈને મહી પર આવી મળશે.

રુરુનું સૈન્ય આગળ વધ્યું. મહીના તટ નિર્જન હતા.

કેટલાય દિવસ પહેલાં ભદ્રશ્રેણ્ય અને પ્રતીપ નીકળી નાઠા હતા. સાથે ગુરુદેવ ભાર્ગવ પણ હતા. તેને પણ એ નસાડી શકયો તેથી રુરુને પરમ સંતોષ થયો.

રુરુ ને અવંતીઓનો સેનાપતિ ભદ્રાક્ષ બન્ને મળ્યા. સાથે જ્યામઘ પણ આવ્યો. એની મરજી આ સૈન્યની સાથે થવાની નહોતી પણ રુરુની આજ્ઞા અને બેએક હજાર છૂટાછવાયા શાર્યાતો વેર લેવા ભેગા થયા હતા તેમની વિનવણીથી તેણે સાથે થવું કબૂલ્યું.

રુરુ પ્રતીપની પાછળ પાછળ આગળ વધ્યો. જંગલમાં પડેલા નવા ચીલાઓ નિસ્સરકોનો માર્ગ બતાવી રહ્યા હતા. રુરુનું સૈન્ય રથ, ઘોડા, પાયદળ ને ગાડાંઓનું હતું. એક સાંકડાં માર્ગેથી જતાં બન્ને બાજુના કોતરોમાંથી એમના પર ભદ્રશ્રેણ્ય અને વિમદની ટુકડીઓ કૂદી પડી. અણધાર્યા છાપાથી લશ્કરમાં ભંગાણ પડયું. અવંતીઓ પોબારા ગણી ગયા. જેમ તેમ રુરુએ માણસો ભેગા કરવા માંડયાં ત્યાં તો સામેથી અસંખ્ય ઘોડેસવારો આવતા જણાયા.

ભાર્ગવ સહુથી આગળ, પાછળ ઉજ્જયંત, પાછળ ઘોડેસવારો ઝાડોની ગીચ ઘટાઓમાંથી આવ્યા. યાદવો અને ભૃગુઓએ ગુરુદેવ ભાગર્વનો જયજયકાર પોકાર્યો. પવન પર સવારી કરતા હોય તેમ કાળા ઘોડાપર બેસી ભાર્ગવને આવતા હૈહય સૈન્યે જોયા. એમાંના ઘણા ખરાના હૃદયોમાં તો એમને માટે પૂજ્યભાવ હતો. એમની ને ડહુનાથની ચમત્કારી વાતો પણ એમણે સાંભળી હતી. અવંતીના સૈનિકો પાસે મહાદન્તી સિદ્ધેશ્વરીએ એમને તેજ આપ્યું તેની દંતકથા એમણે સાંભળી હતી. એ મનુષ્યબળથી અસ્પશ્ય એવા ગુરુદેવ જોડે લડવા તૈયાર નહોતા.

ભાર્ગવ વજ્રની માફક સૈન્યપર પડયા. એમની પ્રચંડ ફરશી માણસોને, ઘોડાઓને ધડોધડ ભોંયે પાડતી વિદ્યુતની માફક ચમકતી. એમની ભયંકર આંખો જાણે અગ્ન્યાસ્ત્ર છોડતી હોય એવો ભાસ થયો. હૈહય સૈનિકો ત્યાંથી મૂઠી વાળી, એકબીજાને કચરતા, પાછા નાઠા, અને જયારે પ્રતીપને જૂના થાણે પહોંચ્યા ત્યારે તે ઊભા રહ્યા.

યાદવ અને ભૃગુ યોદ્ધાઓ દેખાવ પૂરતા જ પાછળ પડયા. તરત પાછા વળી હૈહય સૈન્યે પાછળ મૂકેલા ઘોડા ને બળદો સાથે

લીધા અને ઝપાટાબંધ ગોત્રની પાછળ તેના સંરક્ષણાર્થે જતા રહ્યા.

રોહિલ્લ રાજાની હદ પૂરી થઈ ગઈ હતી. હવે વનવાસીઓ ને આતિથ્ય આપતાં જંગલોને બદલે રણો ને ખારા પાણીના ખરાબા દેખાતા. શિકાર મળતો નહીં, ઝરણામાં પાણી નહોતાં. તાપ અંગારા વર્ષાવતો. તરસ ને ભૂખ એ હવે નિસ્સરકોનાં નિત્ય સહચારી થઈ બેઠાં હતાં.

પાંચ મહિનામાં યુદ્ધ, ભૂખ, થાક, તાપ કે રોગથી હજારો માણસો મરી ફીટયાં હતાં. રોગિષ્ઠ વૃદ્ધોએ ઘણી વાર સમૂહ માટે ખાવાનું ને પાણી બચાવવા ભાર્ગવની આજ્ઞા લઈ જંગલમાં પાછળ રહી જવાનું કબૂલ કર્યું હતું. સ્ત્રીઓ અને બાળકો તો કરમાયેલાં ફૂલની માફક ખરી પડતાં. એ બધાંનો અગ્નિદાહ કરવાનો છોડી નિરસ-રકોનો સમૂહ ઝપાટાબંધ આગળ વધવા લાગ્યો.

રોહિલ્લ રાજાના મિત્રોની સરહદ પૂરી થઈ હતી. વનો ઓછાં થયાં તેમ વનવાસીઓનાં થાણાં પણ કમી થયાં. હવે જે થાણાં મળતાં તે દ્વેષી ને લોહીતરસ્યાં હતાં. પ્રતીપનાં ઘોડા ને ગાયબળદ ચોરી જવાની તેમની નિરન્તર તૈયારી હતી.

પ્રતીપ, સૂકાયલો, અડધો ભૂખ્યો પણ અથાક, વિસામાનાં સ્થાન શોધતો, આગળ વધતો. જરૂર પડે તે દ્વેષી વનવાસીઓનો વિનાશ કરતો અને તેમનાં ખાવાનાં સાધન જોરથી પડાવતો.

સહુથી પાછળ રાજા ભદ્રશ્રેણ્ય આવતા હતા. તે ખરેખર ઘરડા થઈ ગયેલા લાગતા હતા. એમની આંખો બહાર નીકળી આવી હતી. એમના હાથ સુકાયેલા વાંસ જેવા થઈ ગયા હતા.

રુરુનું સૈન્ય ક્ષીણ થતું ગયું હતું. તે પણ ભૂખે મરતું પણ થોડે થોડે દહાડે માહિષ્મતી, અવંતી ને આનર્તથી એને થોડો દાણો મળતો. કોઈવાર નવા યોદ્ધાઓ પણ આવી મળતા. એની પાછળ મિત્રભૂમિ હતી. નિસ્સરકોને તો આગળ ને પાછળ બન્ને આગ લાગી હતી.

રુરુ સેનાપતિ હતો, પણ ખરો સેનાનાયક તો જયામઘ થઈ

પડચો. રોજરોજ ભદ્રશ્રેણ્યની પાછળ પડતાં ને તેને હંફાવતાં એના હૃદયમાં રહેલો વેરનો દાવાનળ ફરીથી પ્રગટયો. જે રાતે એણે બાપ, મા ને ભાઈઓને ઊંઘતા છોડયા હતા તે એ ભૂલ્યો નહોતો. ભદ્રશ્રેણ્યે બીજે સવારે, એના બાપ ભાઈઓ ને સ્વજનોનો વિનાશ કર્યો. એની મા તેની રાણી થઈ હતી. એની ભાભીઓ તેના કુટુંબમાં પરણી હતી. શાર્યાતોનું નામ કે નિશાન નહોતું રહ્યું. આખરે એ દિવસનું વેર લેવાનો પ્રસંગ આવી પહોંચ્યો, એમ એ ખ્યાલે એને ઉત્સાહ આવ્યો.

એણે યુદ્ધપદ્ધતિ બદલી નાંખી. યાદવ ને ભૃગુ યોદ્ધાઓ ખપી જતા હતા તે એ જોઈ શકયો. ઉજ્જયંતની જુદી ટુકડી યોદ્ધાઓને અભાવે હવે ભદ્રશ્રેણ્યની ટુકડીમાં ભળી ગઈ હતી. રોજ રોજ રાત ને દિન જ્યામઘ ભદ્રશ્રેણ્યની ટુકડીને છંછેડતો અને એના યોદ્ધાઓનો ભોગ લેતો. એ આક્રમણ કરતો નહીં પણ ભયંકર દ્વેષથી ભર્યો એ, પજવણીથી ભદ્રશ્રેણ્યની શકિતનાં ટીપેટીપાં ચૂસી લેવા લાગ્યો.

થોડા દહાડામાં ભદ્રશ્રેણ્યનું સૈન્ય ખપી જવાનું, પછી એક જ ફટકે યાદવો ને ભૃગુઓનો સંહાર થઈ શકશે—આ એની યુકિત હતી. ભદ્રશ્રેણ્ય ને જ્યામઘ વચ્ચે દ્વેષ પરાકાષ્ટાએ પહોંચ્યો હતો એટલું જ નહીં પણ આ દિવસોના યાદવ શાર્યાત વચ્ચેનું પેઢીધરનું વેર વિષનું સત્ત્વ બની રહ્યું હતું.

નિસ્સરકોના સમૂહમાં હવે ઉત્સાહ કે આનંદ નહોતો. શિકારી આગળ હરણું દોડે ને તેની હોય એવી ત્રાસભરી નાસવાની અધીરાઈ તેમનામાં હતી. ઘોડે બેસી શકે એવી ભગવતીની સ્થિતિ નહોતી. વિશાખા હાડપિંજર જેવી દોડાદોડ કરતી. ઘણી વાર પુરુષો દિવસમાં એક જ વાર ખાતા. સ્ત્રીઓ કોઈ વાર બે દહાડામાં એક વાર ખાતી. છોકરાંઓ પેટ પૂરતું ન મળવાથી આખો વખત રડતાં. માતાઓનાં ને ગાયોનાં દૂધ પણ સૂકાવાં લાગ્યાં. ઊનો ખારો, રેતીવાળો પવન આંખો લાલ કરતો, મોં સૂકવી નાંખતો અને ગાત્રોને શિથિલ કરતો.

ગોત્રમાં ઉત્સાહ રહે ને જલદીથી મુસાફરી થાય એની જ દર-

કાર ભાર્ગવ કરતા. એમણે વૃદ્ધો ને છોકરાંઓની ટુકડીઓ તૈયાર કરી ભદ્રશ્રેણ્ય ને ગોત્ર વચ્ચે રાખી. ગોત્ર દિવસ ને રાત આગળ વધતું. અંધારી રાતની પણ એમને પરવા નહોતી. ઉતાવળમાં બળદ કે ઘોડા મરે તેની પણ એને ચિંતા નહોતી. એમને તો આ રણ વટાવી સરસ્વતીને કિનારે પહોંચવું હતું.

વિમદ થોડા ઘોડાસવારો લઈ ભૃગુને આશ્રમેથી મદદ લેવા આગળ નીકળી ગયો હતો.

ભૂખ્યા, તરસ્યા, પ્રાણ બચાવવા નાસતા નિસ્સરકોની નજર એકલા ભાર્ગવ પર ઠરી રહેતી. એ જ્યાં દેખાતા ત્યાં વિશ્વાસ પ્રગટતો. બહાદુર યોદ્ધાઓ રણમાં ભોંયે પડતા, 'જય ગુરુદેવ' બોલી પ્રાણ છોડતા. સ્ત્રીઓ છોકરાંને પય પાવાને અશક્ત છેલ્લે શ્વાસે ગુરુદેવનો પગ સ્પર્શી મોક્ષ માનતી. નાનાં છોકરાં ભૂખથી આક્રંદ કરતાં ને તાપે ફફડતાં ભાર્ગવને જોતાં, ને એમના હાથનો સ્પર્શ અનુભવતાં મંદ હસીને સદાને માટે આંખો મીંચી દેતાં. ઘોડાઓ ને ગાયો પણ એમનો પગરવ સંભળાતાં ભૂખે પેટે ઉત્સાહઘેલી ગતિથી દોડવાનો પ્રયત્ન કરતાં.

ભાર્ગવ સૂતા નહીં, નામનું જ ખાતા. એમનું પ્રચંડ શરીર પણ હાડપિંજર જેવું લાગવા માંડયું. એમની આંખોનાં એકાગ્ર તેજ પહેલાંથી પણ વધારે દઝાડતાં. એમના હાથમાં પરશુ હમેશની જેમ અડગ હતી, અને એમના હોઠ પર હતી દૈવની નિશ્ચલતા.

જયામઘની યુક્તિ સફળ થવા લાગી. ભદ્રશ્રેણ્યની ટુકડી ખલાસ થવા આવી હતી. તેમાં ભાગ્યે પચાશ માણસ રહ્યાં હતાં. સવારે એ પૂરા થઈ જશે ને સાંજે રુરુ ને જયામઘ ગોત્ર સુધી લશ્કર લઈ આવશે.

સરસ્વતીનો તીર હજી બે દહાડાની મજલે હતો. છેલ્લા યુદ્ધ માટે ભદ્રશ્રેણ્ય અને એના અડગ યોદ્ધાઓ તૈયાર થઈ રહ્યા. એમની બધી આશા સમાપ્ત થઈ ગઈ હતી. તાપણીની આસપાસ બેસી તે

મૂંગે મોઢે શસ્ત્રો સાફ કરતા હતા. અંધારી રાત હતી. નિસ્સરકોના વિસામા તરફથી ઘોડાનો અવાજ આવ્યો. થાક્યા ભદ્રશ્રેણ્યે ઊંચું જોયું. 'ગુરુદેવનો સંદેશો હશે?'

ઘોડો તાપણીના અજવાળામાં આવ્યો. ગુરુદેવ પોતે આવ્યા હતા. ભદ્રશ્રેણ્ય ઊઠીને પગે લાગ્યો ને પગની રજ માથા પર મૂકી.

'ભદ્રશ્રેણ્ય! કેટલા દહાડા થયાં નથી ખાધું?'

'ત્રણ.'

'આ થોડું લાવ્યો છું, ખાઓ.'

'આપ લાવ્યા? પણ ત્યાં કોઈ ભૂખે મરશે.'

'કોઈ નહીં મરે. આ તો મારું ખાવાનું છે.'

'પણ આપ? આપે કેટલા દહાડા થયા નથી ખાધું?'

'પાંચ.'

'પછી?'

ભાર્ગવ હસ્યા: 'હું અઘોરીઓનો પણ ગુરુ છું. હું રાખ ખાઈ શકું છું. અઘોરી વૃદ્ધોની સરસાઈમાં મેં બે મહિનાના અપવાસ કર્યા છે.'

ભદ્રશ્રેણ્યે ખાધું ને પાણી પીધું.

'રાજન! તમે અને આ યોદ્ધાઓ છાનામાના ગોત્રને વિસામે ચાલ્યા જાઓ,' ભાર્ગવે કહ્યું.

'શું કહો છો? તો કાલે બપોરે રુરુ ગોત્રને પકડી પાડશે.'

'પકડી કેમ પાડે? હું છું ને?'

'એટલે આપ અહીંયાં રહો ને હું જાઉં?' ભદ્રશ્રેણ્યે દૃઢતાથી ડોકું ધુણાવ્યું, 'કદી નહીં.'

'ભદ્રશ્રેણ્ય! તમને આ સ્થિતમાં મેં મૂક્યા છે. અને એમાંથી જો ઊગરી શકો તો મારે જ લીધે.'

'એ વિષે મને શંકા નથી.'

'પરમ દહાડે કે ચોથે દહાડે ગોત્ર સરસ્વતીને કિનારે આવી લાગશે. વિમદ પેલે તીરે મદદ લઈ આવ્યો હશે.'

'પણ પરમ દહાડો દેખીએ તો ને?'

'તેથી જ હું આવ્યો છું. તમે અહીંયાં હશો તો કાલે ખપી જવાના. સાંજના આપણો સંહાર થઈ જવાનો.'

'ને તમે હશો તો?

'મને મારનાર કોણ છે? બે જણે તો મને ભગવાન માન્યો છે. તમે જાણો છો?'

'હું પણ ક્યાં નથી માનતો?'

'ભદ્રશ્રેણ્ય! હું કહું છું તે ઠીક છે. કાં તો તમને સરસ્વતી પહોંચાડું કે કાં તો તમારા બધાના ખપતાં પહેલાં હું ખપી જાઉં. એ સિવાય ત્રીજી રીતે હું ગુરુપદ ન રાખી શકું. જાઓ.'

ભદ્રશ્રેણ્યની આંખમાં પાણી આવ્યાં.

'આપ ન આવો તો—'

પળવાર ભાર્ગવ થોભ્યા.

'મેં ભગવતીને કહી રાખ્યું છે. જે જામદગ્નેયના શિષ્ય હોય તેને માટે એક જ ધર્મ છે.'

'શો?'

ભાર્ગવ મૂંગા રહ્યા. એમની આંખો ભયંકર થઈ ગઈ. તેમના મુખની આસપાસ તેજનું આછું વર્તુલ થઈ રહ્યું.

'અડગતામાં મરવું એ જ જીવન,' ભાર્ગવે સ્પષ્ટતાથી કહ્યું.

'હું સમજ્યો નહીં.'

'સ્ત્રીમાત્ર છોકરાં સહિત પોતાના ગાડામાં બળી મરે. પુરુષ માત્ર ઊભો હોય ત્યાં લડતાં મરે.'

ભદ્રશ્રેણ્ય અવાક થઈ ગયો, ને ગુરુદેવની ભયંકર મુખમુદ્રા જોઈ રહ્યો.

'પણ ભગવતી! એ તો ગર્ભવતી છે.'

'હું ન આવું તો ને?' ભાર્ગવે હસીને કહ્યું, 'એ તો મારું અંગ છે. જ્યારે હું મરીશ ત્યારે એ ક્યાં જીવવા બેઠી હશે?'

૬

શાર્યાતોની પચીશેક યોદ્ધાઓની ટુકડી પરોઢિયામાં ભદ્રશ્રેણ્યને રંજાડવા આવી પહોંચી. કોઈ રડ્યોખડ્યો યાદવ પકડાય તેની શોધમાં ઝાડની ઘટામાં લપાઈ તે આગળ વધતી.

જ્યાં રાતના ભદ્રશ્રેણ્યનો વિસામો હતો તે સ્થળ નિર્જન હતું. માત્ર તાપણીની રાખોડી ને ઘોડાઓની લાદ પડી હતી. એમણે તો પાંચસો માણસો ધાર્યાં હતાં. ભદ્રશ્રેણ્યની ટુકડી કેટલી ક્ષીણ થઈ ગઈ હતી તેનો ચોક્કસ ખ્યાલ કોઈને નહોતો.

શાર્યાતો ઝાડીમાંથી બહાર આવ્યા અને ભદ્રશ્રેણ્ય ભાગી ગયો એ જાણી એમનો નાયક ખુશ થઈ ગયો. ક્યાંય સુધી ચારે તરફ એ ફરી વળ્યો, પણ કોઈ દેખાયું નહીં. એટલે આટલાં થોડાં માણસો હશે એમ ધારી એ અજાયબ થયો. તેણે ત્યાંથી પાછા જઈ થોડે દૂર બીજી ટુકડી હતી તેના નાયકને ખબર કહી. આખરે જોજનેક દૂર જ્યાં રુરુ ને જ્યામઘનો પડાવ હતો ત્યાં ખબર પહોંચી.

આ છાવણીમાં પણ ભૂખ ને તરસનાં ચિહ્નો હતાં. પણ જેમ ખાવાનું ખૂટતું ગયું તેમ રુરુએ માણસો ઓછાં કર્યાં હતાં. અત્યારે અહીંયાં ત્રણેક હજારથી વધારે માણસો નહોતાં. સાત હજાર મરી ગયાં હતાં, બાકીનાં નાસી ગયાં હતાં.

જે હતા તે સૈનિકો પણ કંટાળી ગયા હતા, અને ભદ્રશ્રેણ્ય ભાગી ગયો એ સાંભળી ખુશ થઈ ગયા.

રુરુ ને જ્યામઘે સંતલસ કરી ને નિર્ણય કર્યો. પડાવ ઉપાડી કૂચ શરૂ કરી. છૂટીછવાઈ ટુકડીઓ બોલાવી લેવા ઘોડેસવારો મોકલ્યા. નાયકને પંદર ઘોડેસવાર લઇ ભદ્રશ્રેણ્ય ક્યાં સુધી ગયો છે તેની તપાસ કરવા મોકલ્યો.

નાયક એના માણસો સહિત ભદ્રશ્રેણ્યની જૂની છાવણી આગળ આવ્યો. ત્યાં કોઈ નહોતું. થોડી વાર સાવચેતીથી તે આગળ

વધ્યો. માર્ગની બન્ને તરફ ગીચ ઝાડો આવ્યાં હતાં.

થોડી વારે ઝાડની પેલી તરફ એક ખુલ્લું ચોગાન દેખાયું. તે તરફ એ જવા લાગ્યા ને થંભી ગયા.

ઊંચા કાળા ઘોડા પર પ્રચંડ ભાર્ગવ વ્યાઘ્રચર્મ પહેરીને ધીમે ધીમે જંગલની પગથી પરથી ચોગાનમાં આવ્યા. એમની દઝાડતી આંખો સામી તરફના ઝાડમાંથી આવતા સૈનિકો તરફ ઠરી હતી.

નાયક ને એના માણસો થંભી ગયા. ભાર્ગવની આસપાસ તેજનું વર્તુલ હતું, તે એમને આંજી રહ્યું.

'આવ! આવ!' ભાર્ગવે આજ્ઞા કરી.

સૈનિકો યાદવો સામે જવા ખુશી હતા, પણ એકલા ભાર્ગવ પાસે જવા તૈયાર નહોતા.

ભાર્ગવનું દુર્નિરીક્ષ્ય સ્વરૂપ જોઈ નાયક ને એના માણસો ગભરાઈ ઘોડા ફેરવી નાસી ગયા ને રુરુ ને જ્યામઘને જઈ કહ્યું કે ભદ્રશ્રેણ્યને બદલે ગુરુદેવ ઊભા છે. બધા સૈનિકો એક બીજાનાં મોં સામે જોવા લાગ્યા. ગુરુદેવ ભાર્ગવ સામે જવાની તેમની હિંમત ઝાઝી નહોતી એટલે રુરુ ને જ્યામઘ પડાવ ઉપાડવાનું મોકૂફ રાખી, સજ્જ થઈ ભાર્ગવની વાટ જોતા બેઠા.

મધ્યાહ્ન થયા, બપોર પડી, સાંજ થવા આવી પણ ભાર્ગવ આવ્યા નહીં. સાંજે આખા લશ્કરે કૂચ કરવા માંડી અને રાત્રે ભદ્રશ્રેણ્યના જૂના વિસામા સુધી તે પહોંચી ગયું. આખી રાત દુશ્મનની વાટ જોઈ પણ દુશ્મન ન જણાયો.

યાદવ ગોત્રને એક દહાડો મળી ગયો. સવારે એક ઘોડો હણહણ્યો. નાની શી કોઈ ટુકડી હશે એમ ધારી તેને ઘેરવા જ્યામઘે માણસો મોકલી આપ્યાં ને એ અને રુરુ આગળ વધ્યા.

ઝાડની ઘટામાંથી નીકળીને એકલા ભાર્ગવ ઊભા હતા. કોઈ એમની સાથે નહોતું. ઝાડમાં સો માણસો તીર સાંધી તૈયાર ઊભા ઊભા રુરુ કે જ્યામઘની આજ્ઞાની વાટ જોતાં હતાં. ગુરુદેવ એકલાને જોઈ

તેમણે તીર નીચાં કર્યાં. ભાર્ગવ પાસે આવ્યા ને ઘોડા પરથી ઊતર્યો અને એમની રીત પ્રમાણે પરશુનો દાંડો ફલક પાસેથી ડાંગની માફક પકડી આગળ આવ્યા.

'રુરુ!' ભાર્ગવે હસીને કહ્યું, 'મને મારવા શરસંધાન કરે છે?' અવાજમાં ઠેકડી હતી. જયામઘે રુરુને તીર ચઢાવતાં જોયો ને તરત તેનો હાથ ખેંચી લીધો.

'ના,' તેણે આજ્ઞા કરી.

'જયામઘ! વત્સ!' હાથ પહોળા કરી ભાર્ગવે કહ્યું, 'હું લડવા નથી આવ્યો. તને મળવા આવ્યો છું.'

જયામઘની આંખમાં પાણી આવ્યાં. ઘોડા પરથી ઊતરી તે દોડતો તેમને પગે પડવા ગયો, પણ તે પડે તે પહેલાં ભાર્ગવે તેને ગળે વળગાડ્યો.

સૈનિકોએ સાંધેલાં શરો પાછાં લઈ લીધાં.

'ગુરુદેવ! ગુરુદેવ!' જયામઘે કહ્યું, 'અત્યારે તમે ક્યાંથી એકલા?'

'મને ક્યાં કોઈનો સાથ જોઈએ છે?'

ગુરુદેવ, રુરુ ને જયામઘની આસપાસ પાંચસોએક સૈનિકો વીંટળાઈ વળ્યા.

'આપ ક્યાં રહો છો?'

'પેલા ઝાડ નીચે'

'ઝાડ નીચે કેટલા દહાડા થયા?'

'બે દહાડા થયા'

'કેમ?'

'તને મળવા'

'ત્યારે પધારો!' જયામઘે કહ્યું. રુરુને આ ગમ્યું નહીં, પણ ગુરુ ભાર્ગવને શું થાય? અને જયામઘને શું થાય?

'અમારું આતિથ્ય સ્વીકારો.'

'છ દહાડા થયાં મેં ખાધું નથી,' મંદ હસીને ભાર્ગવે કહ્યું.

બધા પાછા ગયા અને ગુરુદેવની આગતાસ્વાગતા કરી. ખાઈને ભાર્ગવ જયામઘની જોડે વાત કરવા નીકળ્યા. ચાલતાં ચાલતાં એ દૂર ગયા.

'જયામઘ!' ભાર્ગવે કહ્યું, 'અહીંયાં શાર્યાતશ્રેષ્ઠો કેટલા છે?'

'ત્રણ.'

'તેમને બોલાવી લે. મારે તેમની સાથે પણ વાત કરવી છે.'

ત્રણે શાર્યાતશ્રેષ્ઠો આવ્યા.

'જયામઘ, શાર્યાતો! હું અત્યારે એક માગણી કરવા આવ્યો છું.'

'શી?'

'કાલે કે પરમ દહાડે તમે યાદવોનો સંહાર કરી શકશો. હવે લાંબો વખત નથી.'

'અમે તેની જ વાટ જોઈએ છીએ,' એક શાર્યાતે કહ્યું.

'પણ મારાથી એ જોવાય એમ નથી. મેં શાર્યાતરાજને માર્યો, શાર્યાતોનું નિકંદન કાઢ્યું, મેં શાર્યાતની સ્ત્રીઓ યાદવોમાં પરણાવી દીધી. તમારા દ્વેષનું મૂળ હું છું.'

કોઈ બોલ્યું નહીં.

'જયામઘ! હું તારે હાથે મારો શિરચ્છેદ માગી લઉં છું. મેં તને પરશુ ફેરવતાં શીખવી. તેનો ઉપયોગ હવે મારા પર કર એ માગું છું.' ભાર્ગવે ફરસી જયામઘના હાથમાં આપી.

જયામઘ અવાક્ થઈ ગયો. એના હાથમાંથી પરશુ ભોંયપર પડી ગઈ.

'નિર્બલ નહીં થા. તે ભયંકર રાતે—જેનાં સ્વપ્નાં તને હજી આવે છે—પ્રતીપને હું લઈ આવ્યો હતો. કૂર્મો ને ઉજ્જયંત એમને તો મેં પ્રેર્યા હતા. શાર્યાતોનું નિકંદન કાઢવું એ મારો નિર્ણય હતો. મને પહેલાં માર—પછી કાલે એમની વાત.'

કોઈ બોલ્યું નહીં.

ભાર્ગવ હસ્યા, મીઠાશથી. 'તમે યાદવોને સંહારો તે પહેલાં મારે તો મરવું જ જોઈએ. જો મને હમણાં નહીં મારો તો પછી કાલે તમારો રસ્તો શોધી મારે મરવું જ રહ્યું.'

'ગુરુદેવ ! ગુરુદેવ ! મેં આટઆટલું સહ્યું. હવે મારે હાથે આપને મારવાના રહ્યા ?' જ્યામઘે આક્રંદ કર્યું.

'કેમ નહીં ? જો યાદવોના સંહારમાં ધર્મ હોય તો મારા સંહારમાં પરમ ધર્મ હોવો જોઈએ. જો મને નહીં સંહારાય તો જેણે માત્ર મારી આજ્ઞા માની છે તેને મરાય કેમ ?'

જ્યામઘ આંસુભરી આંખે પગે પડ્યો, 'ગુરુદેવ ! ભગવતી માર્યા ને તમે મને તમારો કર્યો. પશુપતિના સ્થાનકમાં હું મારવા આવ્યો ને આપે ક્ષમા કરી. આપે જીવને જોખમે મને મગરના મોંમાંથી બચાવ્યો. અઘોરીઓ મને કાપી નાંખતા તે આપે રોક્યા. બે વર્ષમાં હું માથું પટકી મરી જાત તે તમારે બળે જીવ્યો. આપે મને પાછો શાર્યાતો પાસે મોકલ્યો. હું આપને કેમ મારું ? એના કરતાં હું કેમ ન મરું ?'

'તો એના કરતાં તારો દ્વેષ કેમ નથી મરતો ? ભદ્રશ્રેણ્ય પિતા થવા તૈયાર છે. તારી જ મા તો એના ઘરમાં છે. મેં તારી માતાને વચન આપ્યું છે કે પિતા અને પુત્ર બન્નેને હું જીવતા મરવા નહીં દઉં.'

'મારી મા—'

'હા. એ રોજ ભદ્રશ્રેણ્ય અને તારો પરસ્પરનો દ્વેષ જોઈ આંસુ સારે છે. શાર્યાતો ! તમે દશ સહસ્ર હતા. આજે હજાર છો. યાદવો પણ દશ સહસ્ર હતા. આજે પાંચ હજાર પણ નથી. તમે હજી પણ વેર નહીં ભૂલી જાઓ ? મને જરા તો તમારા હૃદયમાં વસવા દો. હું તમને બન્નેને હતા તેનાથી વધારે સમૃદ્ધ કરીશ.'

'આપે તો અમને કૂતરાને મોતે માર્યા છે' એક શાર્યાત-

શ્રેષ્ઠે કહ્યું.

'ખોટી વાત. મેં માર્યા તો માત્ર આઠસો શાર્યાતો. તમે આજે છ મહિના થયાં કેટલા કપાઈ મૂઆ. શાર્યાતો અને તેની કન્યાઓ તો યાદવોને ત્યાં છે, દત્તક પુત્રરૂપે કે વહુરૂપે. તમે યાદવોનો સંહાર કરશો તો તમારાં જ દીકરાદીકરી ને જમાઈ મરાશે. તેના કરતાં મને મારી નાંખો. મારું માથું જઈ સહસ્રાર્જુનને ચરણે ધરો. એ ખુશખુશ થઈ જશે ને તમને વધાવશે. જો એ કોઈથી ડરતો હોય તો મારાથી.'

બધા મૂંગે મોઢે ગુરુદેવનાં વચન સાંભળી રહ્યા.

'જ્યામઘ! શું કામ વિલંબ કરે છે? ચાલ મારી સાથે, ત્યાં તારાં જ ભાંડુ તારી વાટ જુએ છે, નહીં તો મને માર. તારા કુલનું વેર પૂરું કર. અર્જુનની હોંશ પણ પૂરી કર.'

'ગુરુદેવ! ગુરુદેવ! મને સૂઝતું નથી. કહો હું શું કરું?'

'ચાલ મારી સાથે!' ભાર્ગવે આજ્ઞા કરી. જ્યામઘ નીચું જોઈ રહ્યો.

'તમે શું કહો છો?' ભાર્ગવે શાર્યાતશ્રેષ્ઠોને કહ્યું. 'તમે અમારી સાથે કે રુરુ સાથે?'

થોડીવાર શાર્યાતો એક બીજા સામે જોઈ રહ્યા.

'શાર્યાતવર્યો!' જ્યામઘે કહ્યું. 'ગુરુદેવ મારા સર્વસ્વ છે. હું એમની પડખે પ્રાણાંત સુધી રહીશ. તમે આવો છો?'

'હા.' શ્રેષ્ઠોએ નછૂટકે હા કહી.

બધા ફર્યા. તરત જ્યામઘ ઊભો રહી ગયો.

'ના—ના—ના.' એણે આક્રંદ કર્યું.

'શાની ના?' ભાર્ગવે પૂછ્યું?

'હું નહીં આવું. હું કેમ આવી શકું, ગુરુદેવ?' તેણે કાંપતે સ્વરે કહ્યું. 'હું શાર્યાત નથી. હું વીર નથી. હું તો નિર્બળ છું. પ્રવાહોમાં તરતું તણખલું છું. આપ મહાન છો. ભગવાન! તમારી આંચ

મને પણ લામવા દો. તમે મને રુરુ પાસે જવાની આજ્ઞા કરી. હું હવે એને કેમ છોડું ? ના, ના–ના. મારે તો અહીંયાં જ રહી મરવું રહ્યું. એ જ મારો સ્વધર્મ '

ભાર્ગવે રડતા જ્યામઘને ખભે હાથ મૂક્યો. ' જ્યામઘ, સ્વસ્થ થા. '

' ગુરુદેવ, મને અહીંયા રહેવા દો. હું પગે લાગું છું ને કાલે જ્યારે યુદ્ધ થાય ત્યારે એક માગી લઉં છું. મને તમારે હાથે મારી નાંખજો. મારે મા નથી, બાપ નથી, સ્વજન નથી. જે છો તે તમે છો. મને શિષ્ય ગણો, પુત્ર ગણો, ભક્ત ગણો પણ હું તમારો છું. હું તમારે ખોળે માથું મૂકી રડ્યો છું. તમે દિન ને રાત મારાં આંસુઓ ખાળ્યાં છે. હવે હું થાકી ગયો છું. હવે મારે જીવવું નથી. હું કાલે આપની આગળ પહેલો ધસી આવીશ. મારું માથું વાઢી નાંખજો એક જ કૃપા–એક જ પ્રેમાળ કૃત્ય, અને મા બાળકને ઉંઘાડે તેમ મને તમારે હાથે ઉંઘાડી દેજો–સદાને માટે. ' જ્યામઘ રડવા લાગ્યો.

' જ્યામઘ ! પ્રિય વત્સ ! રડ નહીં. તું દુઃખી છે. તારું દુઃખ વિદારવું એ મારું કામ છે. હું તારી ઇચ્છાને વશ થઈશ, પછી છે ? '

એમના એક ઘોડાની ખરીના ડાબલા વનની શાંતિમાં ભયંકર પડઘા પાડતા દૂર ચાલી ગયા.

૭

જ્યારે ભાર્ગવ ગોત્રે પહોંચ્યા ત્યારે એમની આંખો વધારે એકાગ્ર ને ભયંકર થઈ ગઈ.

પરમ દિવસે અક્ષય તૃતીયા ગઈ—એમની જન્મતિથિ. તે દહાડે સરસ્વતીમાં જુવાળ આવ્યો હતો. પરિણામે નદીના તટથી ક્યાંય સુધી પાણી ફરી વળ્યું હતું. હવે પાણી ઓસરી ગયું હતું, પણ કેટલેય સુધી કલાણ ને કાંપ ઠરી ગયાં હતાં. તેમાંથી કોઈ માણસ કે ઢોર નદી પાસે જઈ શકે એમ નહોતું.

આખો નિસ્સરકોનો સમૂહ કાંપ આગળ ભૂખ્યોતરસ્યો કીચડ સુકાવાની વાટ જોઈ બેઠો હતો. કીચડમાં જે ગાડાં પહેલાં જવા ગયાં તે તડફડતા બળદો સાથે પડયાં હતાં.

બે દહાડા મળ્યા તેમાં જીવલેણ ત્વરાથી આખો સમૂહ નાસી આવ્યો. તે જ બે દહાડા અહીંયાં બેસી રહેવાનું સર્જાયું.

સરસ્વતી સામે હતી, પણ ન પમાય એવી. પળે પળે રુરુનું સૈન્ય પાસે આવતું હતું. દેવો એમની વિરુદ્ધ હતા. દરેક મુખ પર મોતના ઓળા પડવા લાગ્યા હતા.

મોતના ત્રાસથી ભાગતા યાદવો ને ભૃગુઓ સ્ત્રીઓ, છોકરાંઓ ને ઢોર સાથે ઘર છોડી નીકળી નાઠાં હતાં—માત્ર નિર્ભય થવા. દરેક વિપત્તિ એમણે વેઠી હતી. હવે મૃત્યુનો ભય નહોતો. મૃત્યુ મોં વિકાસી પોતે સામે આવ્યું હતું.

જ્યારે મહીકાંઠેથી નીકળ્યા ત્યારે નિસ્સરકો ત્રીશ હજાર હતા. પાંચ મહિનાની એ વાત. આજે ઘણે ભાગે એ ખપી ગયા હતા. પચીશ હજાર માણસો, પંદર હજાર ઢોર ને ઘોડાઓનાં હાડકાંથી એમનો નિઃસ્સરણ માર્ગ પથરાઈ ગયો હતો.

પુરુષો, સ્ત્રીઓ, છોકરાંઓ, ટાઢથી તાપથી, ભૂખથી, રોગથી મૂઆં હતાં. હજારો રણક્ષેત્રમાં પડયા હતા. સેંકડો માત્ર અશક્તિથી રસ્તા પર પડી મૃત્યુ પામ્યા હતા. પણ રુરુના ક્રોધથી માત્ર નાસી છૂટવાની આશા તેમને આગળ ને આગળ ખેંચી જતી હતી.

હવે આગળ નસાય એવું નહોતું. પા જોજનનો કાંપ સ્વતંત્ર-તાની વચ્ચે પડ્યો હતો. એમાં કેટલો કલ્લાણ હતો તે કોઈ પણ કહી શકે એમ નહોતું.

સરસ્વતીને પેલે તીર કીચડ બહાર સો ઘોડેસવારો ઊભા હતા. ત્યાંથી ધુમાડો નીકળતો હતો. એ વિમદ હતો–ખાવાનું લઇને તૈયાર –મોક્ષબિન્દુ સમો. નિસ્સરકો આગળ જઈ શકે એમ નહોતું. પાછળ જવાય એમ પણ નહોતું. મોક્ષ સામે ઊભો હતો, પણ તેને પમાય

એમ નહોતું. નિરાધાર, નિરુપાય, હતાશ, અહીંયા બેસી રુરુને હાથે મર્યા સિવાય એમને માર્ગ નહોતો. હતાશની અવધી થઈ હતી. જેના દર્શને તેમનામાં ચેતન આવતું તે ગુરુદેવ કેદ પકડાયા હતા કે તેમનો સંહાર થઈ ગયો હતો. મોઢે મોઢે એમના ભવ્ય આત્મ-સમર્પણની વાતો થતી. હવે એ ગયા; હવે નિસ્સરકોમાં જીવવાની હોંશ ઊડી ગઈ હતી.

આશા ઊડી ગઈ. યમરાજ વાટ જોતા ઊભા. જ્યારે ઘોડાના ડાબલા સંભળાયા ત્યારે કોઈએ જોવાની તસ્દી પણ લીધી નહીં. કાળો ઘોડો ક્ષિતિજ પર આવ્યો. પરશુ સૂર્યકિરણોમાં ચમકી. મરતો માણસ બ્રહ્મદર્શન પામી ઉલ્લાસ અનુભવે તેમ મરતા નિસ્સરકોનો સમૂહ તેમના પ્રાણસમા ગુરુદેવને જોઈ ઉલ્લાસ પામ્યો. એમનો સંહાર નહોતો થયો. એ હતા તેવા જ હતા. બધી નિસ્તેજ બાવરી આંખોમાં શ્રદ્ધા ને ભક્તિ હતી.

ભાર્ગવે આવીને પૂછ્યું, 'કેમ અહીંયાં બેઠા છો?'

ભદ્રશ્રેણ્યે કપાળ કૂટ્યું, 'બે દહાડાથી અહીંયાં બેઠા છીએ. માણસ-પૂર કાંપ છે."

ભાર્ગવે કીચડમાં ફસાઈ પડેલાં ગાડાં ને ગુંગળાતા બળદો જોયા.

'સૂર્ય તપવા લાગ્યો છે. સાંજ સુધીમાં કે કાલે કાદવ સુકાઇ જશે.' ભદ્રશ્રેણ્યે કહ્યું.

'રુરુ સાંજના કે કાલે આવી લાગશે.' ભાર્ગવે કહ્યું.

બધાં હૈયાં ધબકતાં અટકી ગયાં. ભાર્ગવના નેત્રોના અગ્નિ સિવાય એ બીજું કાંઈ જોઈ શકયા નહીં.

મૂંગે મોઢે ભાર્ગવે એક ગાડું જોડયું ને બળદની નાથ હાથમાં લઈ તેમણે કાદવમાં હાંકયું. કોઈની બોલવાની હામ નહોતી.

એમણે બળદને પરોણી મારી, સાટકા માર્યા. બળદો થોડે ગયા ને કાંપમાં ગરકી જવા લાગ્યા. ગાડું ને બળદ ધીમેધીમે કાંપમાં ફસાઈ પડયા. બળદોના તડફડાટ આંખે જોવાતા નહોતા.

ભાર્ગવ ગાડામાંથી લાંબો અઘોરી કૂદકો મારી પાછા આવ્યા. ત્રીજું ગાડું જેમ તેમ કરી બે ગાડાંની વચ્ચે તેમણે હાંક્યું. તે પણ બળદ સાથે કાંપમાં ગરકવા માંડ્યું.

કાંપ ચાર હાથથી ઊંડો નહોતો.

ગરકતા ગાડાં ઉપર ગાડાં ચઢાવી તેને આગળ ધકેલી ગરકાવવાનો ભગીરથ પ્રયત્ન શરૂ થયો. બબ્બે ગાડાં સાથે રાખી ગરકાવવા માંડ્યાં કે જેના પરથી ત્રીજું ગાડું જઇ શકે. સૂર્ય મધ્યાન્હે ચઢ્યો. નીચેથી કાંપ સુકાતો ચાલ્યો. બે દહાડા ને બે રાત સુધી ગાડાંઓ ધકેલાયાં; જરૂર પડી ત્યાં બળદોના ભોગ અપાયા. કેટલાય માણસ આ મહેનતમાં મૂઆ.

ત્રીજે દિવસે પરોઢિયું થયું ત્યારે હાથપૂર કાંપ રહ્યો. જ્યાં ગાડાં બળદ દટાયાં હતાં ત્યાં પુલ થઈ રહ્યો. લોકોએ ઉષાને હર્ષનાદથી વધાવી લીધી. આ ગરકાયલાં ગાડાંઓ ને મરેલા તરફડતા બળદોના ભયંકર પૂલ પરથી બધો નિસ્સરકોનો સમૂહ સરસ્વતીને તટ પહોંચવા દોડતો નીકળ્યો. વૃદ્ધ, સ્ત્રી ને બાલ, પાણીતરસ્યાં, ગાંડાં થઈ સરસ્વતીનાં જલ પીવા અધીરાં થઈ ગયાં. યોદ્ધાઓ ઘોડાપર બેસી છેલ્લા રહ્યા. ક્યારે રુરુ આવી પહોંચે તે નક્કી નહોતું.

મધ્યાહ્ન થયો. કાંપ સુકાવા લાગ્યો. લોકો જેમ બને તેમ જલદીથી પૂલ ઓળંગી ગયા. પછી ઘોડાઓ ને સૈનિકો પૂલપરથી ગયા. છેલ્લા ભાર્ગવ ને બીજા અગ્રેસરો ગયા.

બધાના જીવ ઉલ્લાસમાં હતા. સરસ્વતી એટલે મા. મીઠાં પાણી, માછલીઓ, સુભગ સ્નાન, ને પેલે તીર અભય—મુક્તિ! દિવસો સુધી ઘણાએ પૂરતું પાણી પણ પીધું નહોતું. ઘોડાઓએ ભાગ્યે જ કંઈ પીધું હતું. દિવસ તપતો જતો હતો. કાંપમાં થઈ આવતા સમૂહનો સંયમ જતો રહ્યો. વગર વિચારે બધા માણસો ને જાનવરો સરસ્વતીના જળમાં પડ્યા. ભાર્ગવ આદિ અગ્રેસરો કોઈને રોકી ન શક્યા. આ ગાંડપણમાંથી બચી જઈ પાસેના ઝાડોની એક ઘટા હતી

ત્યાં એ બધા ગયા. ભગવતી ને વિશાખા પણ ત્યાં જ હતા, ત્યાં બધા પાણી પીતાં બેઠા. કાંપને પેલે કાંઠે રુરુ ને જ્યામઘની સેના દોડતે ઘોડે આવી. પલવાર તે કાંપ આગળ અટક્યા. કાંપ માત્ર અડધો હાથ રહ્યો હતો.

વિનાશક, ઝનૂનભર્યું, ભૂખ્યું, તરસ્યું રુરુનું દળ પણ નદી તરફ ધસી રહ્યું.

જે કાંપ ઓળગંતા નિસ્સરકોને યુગો જેવા દિવસો ગયા હતા તે જોતજોતામાં રુરુએ ઓળંગ્યો.

એના માણસો ને ઘોડાઓએ પણ દિવસો સુધી પાણી જોયું નહોતું, તેથી એ સૈન્ય પણ નિસ્સરકોના સમૂહ વચ્ચે પાણીમાં ધસી આવ્યું. બન્ને સમૂહો ભેળસેળ થઈ ગયા. એ પળે પાણી પીધા સિવાય કોઈને બીજી વૃત્તિ નહોતી.

પણ રુરુની તરસ છીપી એટલે એનો વેરવન્હિ પ્રજ્વળી ઊઠ્યો. શાર્યાતોએ યાદવોને નિહાળ્યા. જ્યાં પાણી પી ઠરવાની એકતા હતી ત્યાં દ્વેષનો દાવાનળ સળગી ઊઠ્યો.

જેનાથી બન્યું તેટલાઓએ ખડગ કાઢ્યાં ને ન બન્યું તેમણે હાથથી એકબીજાને મારવા ને ડૂબાડવા માંડ્યાં.

માથાં ધડાધડ નીરમાં પડતાં ગયાં. ચીસોથી ગગન ગાજી રહ્યું. પુણ્યસ્મરણ સરસ્વતીમાંનો પટ વેરે ઉકળેલા ભયાનક ચરુની જેમ ઊકળી ઊઠ્યો.

પુરુષ, સ્ત્રી, બાળક, ઢોર, ઘોડા, બધા તેમાં કપાયલા ખદબદી ઊઠ્યા હતા. માથાઓ વિકૃત, લોહી ઝરતાં ઉપર નીચે થતાં. મૃત્યુનો ભય બધાના મોં પર હતો. વેર લેવાની ઝનૂન બધાની આંખમાં હતી.

ભાર્ગવ , ભદ્રશ્રેણ્ય, પ્રતીપ, વગેરે જેમણે સંયમ રાખ્યો હતો, તે આ જલમંથન જોઈ અવાક્ થઈ ગયા.

કોણ જીવે કોણ મરે તેનો સવાલ નહોતો. કોઈ કોઈને રોકી શકે એમ નહોતું.

ભાર્ગવ ઊઠીને નદીતીરે આવ્યા. અગાધ ખેદ એમની આંખોમાં હતો. તેમણે ખભા પરથી ધનુષ લીધું. એક, બે, ત્રણ. એમ ત્રણ તીર એમણે છોડયાં, ને હૈહયોનો નાનકડો સમૂહ રુરુની આસપાસ ઊભો રહીને લડતો, તેમાંથી ત્રણ જણ ઘવાઈ ને પડયા.

રુરુ ગૂંચવાયલો, શરવૃષ્ટિ કયાંથી આવે છે તે જાણવા ચારે જોવા લાગ્યો.

ચોથું બાણ છૂટયું ને રુરુ ચીસ પાડી ઊછળી, પાણીમાં પડયો. ભદ્રશ્રેણ્ય, પ્રતીપ, કૂર્મી, ઉજ્જયંત, આદિ અગ્રેસરોનાં બાણની વૃષ્ટિ થવા લાગી. ભાર્ગવે શંખ ફૂંકયો.

સામે તીર વિમદ ભૃગુઓ સાથે ઊતરી આવ્યો હતો. તેણે પ્રતિશબ્દ કર્યો.

સામે તીરેથી હોડીઓ છૂટી હતી, તે ઝપાટાભેર આ તરફ આવવા લાગી.

ભાર્ગવ ને તેના સહચરોએ ઘોડા પલાણ્યા અને તે પાણીમાં ઊતર્યા. ગભરાયલા હૈહયો ને શાર્યાતોમાં ભંગાણ પડયું. કેટલાકોએ તરીને પેલે પાર જવા માંડયું. યાદવો ને ભૃગુઓએ તેમને ડુબાવવાનું ચાલુ રાખ્યું.

એક જણ તરતો ભાર્ગવના ઘોડા આગળ આવ્યો. તેની આંખો ગુરુદેવ પર દયામણી રીતે ઠરી હતી.

'ગુરુદેવ! રુરુને માટે બાણ મળ્યું. મારે માટે તમને નહીં મળ્યું? મને માગી ભીખ પણ ન આપી?'

'વત્સ!' ભાર્ગવે કહ્યું, 'મારે તને ઉગારવો છે.'

'ઉગરવાની અધમતા મારે જોઈતી નથી.' કહી જયામઘે હેતથી, ખેદથી, ગુરુદેવને આંખો વડે ઠપકો આપ્યો. ને એણે પાણીમાં ડૂબકી મારી દીધી.

પાણીપર પરપોટા થયા. થોડે દૂર, એક વાર, બે વાર, ત્રણ વાર એનું માથું ઉપર આવતું દેખાયું.

જયામઘ પર પાણી ફરી વળ્યાં.

૮

બે ભૃગુશ્રેષ્ઠોની મુદ્રા ખેદયુક્ત હતી. ભાર્ગવની સામે જોવાની તેમની હિંમત નહોતી. આચાર્ય વિમદ અસ્વસ્થ હતા. એમની આંખમાં આવતા આંસુઓના ઓળા પડતા હતા.

ભાર્ગવે પૂછ્યું, 'કેમ શી નવાજૂની છે?'

ભૃગુશ્રેષ્ઠો બોલ્યા નહીં. વિમદે ખોંખારો ખાધો અને પછી કંઈક સ્વસ્થતા મેળવી.

'ગુરુદેવ! ઘણાખરા દાશરાજ્ઞમાં લડવા ગયા છે.'

'ને વૃદ્ધ કેમ છે?'

વિમદની આંખમાંથી આંસુ પડ્યાં. 'બે મહિના પર પિતાજી પિતૃલોકમાં સાંચર્યા—રણક્ષેત્રમાં હણાયા.'

પલવાર નીચી આંખે ભાર્ગવે માતા, સખા, ને પરમગુરુ એવા શસ્ત્રવિદ્યાના એ મહાનિષ્ણાતને મૂક અંજલિ આપી.

'બીજાં બધાં?'

ફરીથી બધાંએ મૌન સેવ્યું. ભાર્ગવની આંખો સ્થિર થઈ ગઈ.

'ગુરુ વિદન્વંત હમણાં જ યુદ્ધમાં જવાની તૈયારી કરે છે. આપના બીજા બે ભાઈઓ પણ પિતૃલોકમાં સંચર્યા.'

'શ્રેષ્ઠો, પિતાજી કેમ છે?'

વૃદ્ધ ભૃગુઓ નીચું જોઈ રહ્યા. વિમદ વધારે ખિન્ન થયો. ભાર્ગવે પૂછ્યું.

'કેમ શું છે?'

વિમદે હાથ જોડ્યા.

'બોલ શું છે કહી દે!'

'ગુરુદેવ! ભૃગુશ્રેષ્ઠ છે એકલા. સરસ્વતીને તીરે આંટા મારે છે. કોઈ જોડે બોલતા નથી. માત્ર હાડપિંજર ધારી ફરે છે.'

'કેમ શા માટે?' ભાર્ગવના પ્રૌઢ અવાજમાં ગડગડાટ સંભ-

ળાયો. શરમિંદો અધમતા અનુભવતો વિમદ નીચું જોઈ રહ્યો. પેલા વૃદ્ધ ભાર્ગવો નીચેથી ઊંચે જોઈ શકતા નહોતા.

'ને અમ્બા?' તેમણે ત્રાડ પાડી પ્રશ્ન કર્યો.

વિમદ રડી પડ્યો. ત્રણે ભાર્ગવો આંસુ લૂછવા માંડ્યા.

'અમ્બા ક્યાં છે. બોલ?'

વિમદ ધ્રૂસકાં ખાવા લાગ્યો. આ કઠણ હૈયાવાળા વીરના મોઢામાંથી, શબ્દ બહાર પડ્યો નહીં.

'બોલ.'

વિમદના ધ્રૂસકાં વચ્ચે એનો ગૂંગળાતો અવાજ આવ્યો.

'આશ્રમ છોડી ...... ગાંધર્વરાજને ત્યાં જઈ રહ્યાં છે.'

ભાર્ગવમાં ભયાનક ફેરફાર થયો. એમની આંખોમાંથી અગ્નિની સરિતાઓ વહી, એટલું જ નહીં પણ એમનાં સદાય શાંત કપાળ પર ધનુષ્ય ખેંચાયાં હોય એવા ભ્રૂભંગો થયા. તે ઊભા થઈ ગયા. તે એક પળ મૂંગા ઊભા. પૃથ્વી જાણે કાંપતી લાગી. એમણે દૃઢતાથી હાથમાં પરશુ પકડી, ને ફાળ ભરી બહાર આવ્યા. તેમણે વ્યવસ્થામાં રોકાયલી ભગવતીને કહ્યું:

'હું જાઉં છું. તું બધાને આશ્રમે લઈ આવજે.'

બધાનું આશ્ચર્ય શમે તે પહેલાં ભાર્ગવ ઘોડાપર બેસી અદૃશ્ય થઈ ગયા.

૨. આર્યાવર્ત

એક પ્રચંડ ઘોડો, ખરીથી ગર્જના કરતો, ભૃગુઓના આશ્રમમાં આવ્યો. તેના ઉપર ઉગ્ર, જ્વલંત ભાર્ગવ ત્રિલોચન ઉઘાડી આવેલા શંકર સમા બેઠા હતા.

ભૃગુશ્રેષ્ઠનો આશ્રમ નિર્જન ને નિસ્તેજ હતો. કોઈક ઠેકાણે સ્ત્રીઓ કામ કરતી હતી તેમણે ખિન્નવદને ઊંચું જોયું. ગભરાયેલાં છોકરાંઓ ઝૂંપડી આગળ ઊભા રહી આ વાવાઝોડાની માફક આવતા ઘોડાને જોઈ રહ્યા હતા. કોઈ ઠેકાણે કોઈ વૃદ્ધ યજ્ઞ કરતો હતો, ધીમે ધીમે ને ઉત્સાહવિહોણો, આવતા વિનાશની વાટ જોતો હોય એમ આશ્રમ સૂનો પડ્યો હતો.

ભાર્ગવ એમના પિતા ભૃગુશ્રેષ્ઠની ઝૂંપડી આગળ ગયા. ત્યાં એક સ્ત્રી ઝાડૂ કાઢતી હતી તે ચમકીને ઊભી રહી. ભયંકર સ્વપ્નામાં જોયો હોય એવો પુરુષ જોઇને તે આભી બની ગઈ. ભાર્ગવ ઘોડાપરથી ઊતર્યા.

'ભગુશ્રેષ્ઠ ક્યાં છે? પિતાજી ક્યાં છે?'

સ્ત્રી રડી પડી. એક ફલંગે એ પાસે ગયા ને તેને હચમચાવી, 'પિતાજી ક્યાં?'

'કોણ રામ?' સ્ત્રીને કંઈક ઓળખાણ પડી.

'પિતાજી ક્યાં છે?'

'પેલી તરફ નદી પર.' તેણે છેડા વતી આંસુ લૂછ્યાં ને કહ્યું.

ફલંગો મારતા ભાર્ગવ નદીકિનારે ગયા. આશ્રમ પૂરો થઈ જ્યાં વન શરૂ થતું હતું ત્યાં એ પહોંચ્યા ત્યારે એમણે એક જણને આવતા જોયા અને તે હતા ત્યાં ઠરી ગયા.

એક વૃદ્ધ એમના તરફ આવતો હતો. તેમના શરીરપર હાડકાં ગણાતાં હતાં. મુખપર ચામડીઓ લટકતી, ને હાડકાનાં ઢેકા નીકળ્યા હતા. કપાળ તરી આવ્યું હતું. ઊંડી ગયેલી આંખો ગુફામાંથી દીપક દેખાય તેમ દેખાતી. તેમની દાઢી પીળી ને ગૂંચવાયલી હતી.

તે વૃદ્ધ નીચું જોઈ, હાથમાં દંડ રાખ્યો હતો તેનો આધાર લઈ ચાલતા હતા. ભવ્ય મુખ ને કદાવર શરીર, સૌમ્યતા ને શક્તિના અવતાર સમા મહર્ષિ જમદગ્નિની આ કરુણાજનક સ્થિતિ ભાર્ગવે જોઈ અને કદી ન અનુભવેલો કંપ તેમના હૃદયે અનુભવ્યો.

એમણે પરશુ ફેંકી દીધી ને દોડતા જઈ પિતાને પ્રણામ કરી તેમના પગ પકડ્યા. જન્મીને જેની આંખ ભય કે દુઃખથી ફરકી નહોતી તે રડતા હતા.

'પિતાજી ! ભૃગુશ્રેષ્ઠ !'

વૃદ્ધ ચાલતા અટક્યા. બેભાન આંખોમાં ભાન આવ્યું. તેમણે મંદ ને કંપતા અવાજે જવાબ દીધો.

'જા, ભાઈ, ચાલ્યો જા. હું ભૃગુશ્રેષ્ઠ નથી.'

'પિતાજી! પિતાજી!' રામે હાથ જોડી કહ્યું, 'આ શું કહો છો ? પિતાજી ! હું તમારો પુત્રક, રામ ! પિતાજી ! મને ભૂલી ગયા ?' ને રામનો અવાજ પણ રડતો હતો. 'હું રામ.'

જાણે મહામહેનતે કોઈક વસ્તુ પરથી ધ્યાન પાછું આણ્યું હોય તેમ વૃદ્ધ મહર્ષિ પુત્રની સામે જોઈ રહ્યા. હજી એમની દૃષ્ટિમાં પરિચય નહોતો દેખાતો.

ધીમેથી વૃદ્ધે જવાબ વાળ્યો, 'હું પિતા નથી. મને પુત્ર નથી. તું કોણ છે હું જાણતો નથી.'

ભાર્ગવ ઊભા થઈ હાથ જોડી રહ્યા, 'પિતાજી ! હું રામ—

તમારો નાનો છોકરો—સહસ્રાર્જુન ઉપાડી ગયો હતો તે. મને ઓળખતા નથી ?' રામ હજુ પણ આંસુ ખાળી શકયા નહીં. 'મહર્ષિ જમદગ્નિ ! મહાઅથવર્ણના પુત્ર !'

વૃદ્ધે મહામહેનતે ધ્યાન પાછું ખેંચીને આણ્યું.

'વત્સ !' તેમણે ધીમેથી કહ્યું, 'એક હતો જમદગ્નિ. મહા અથર્વણનો પુત્ર. એ મરી ગયો—પિતૃલોકમાં યે નહીં ને નહીં યમલોકમાં, એ ગયો અધોગતિને તળીએ. ભૃગુઓના મહાપ્રતાપના એ વારસે એના પૂર્વજોના સંસ્કારનો દ્રોહ કર્યો. એ ગયો, એને ભૂલી જા. એના સ્મરણો તને કલંકિત કરશે.'

'શું કહો છો ? પિતાજી ! પિતાજી !'

'ભૂલી જા' જાણે સ્વપ્નામાં બોલતા હોય એમ જમદગ્નિ બોલ્યા. 'એની પાસે પ્રતાપ હતો—અથર્વણોની વિદ્યા હતી—શિષ્યો હતા. પુત્રો હતા. પણ એ બધાને લાયક નહોતો. આર્યોનો પરસ્પર વિનાશ તે અટકાવી ન શકયો. વિશ્વામિત્રને વિજય અપાવી ન શકયો. ભૃગુઓનાં તેજ ને વીર્ય ને શુદ્ધિ સાચવી ન શકયો.'

'પિતાજી ! આમ શું કહો છો ? હું તમારો પુત્ર બધું લઈ આવ્યો છું, શિષ્યો ને સામર્થ્ય. હું ભૃગુઓની કીર્તિ પલમાં ઉજ્જ્વલ કરીશ.'

'મૂર્ખ ! મૂર્ખ !' સ્વપ્નામાં બોલતા હોય તેમ જમદગ્નિ બોલ્યે ગયા. 'જમદગ્નિ માનતો કે એને શિષ્ય હતા ને પુત્ર હતા. એ મહર્ષિ કહેવડાતો. આર્યત્વની સિદ્ધિ માટે એ જીવવાનો દાવો કરતો. અધમ એ ભૃગુકલંકને ઝાંઝવા જોવાની ટેવ હતી.' એમણે ધીમેથી ભાર્ગવને કહ્યું. વૃદ્ધ થોડીવાર અટકયા ને પાછું બોલવા માંડયું.

'એ વિદ્યાની મૂર્તિ નહોતો. આંધળો મૂર્ખ હતો. એના શિષ્યોમાં વિદ્યા નહોતી, ને શૌર્ય નહોતું. ન એ જીતી શકયો ન એ સંહાર અટકાવી શકયો. એમનાં હાડકાં આજે શિયાળવાં ને વરુ ખાય છે...

એની શક્તિ હણાઈ ગઈ. રણમાં મરવાનો એને લહાવો પણ ન મળ્યો. એને પુત્રો નહોતા.'

'પિતાજી! હું છું, ગુરુ વિદ્વન્વન્ત છે.'

'જમદગ્નિને પુત્રો નહોતા.'

'શું કહો છો?'

'એમના પુત્રોની માતાએ પતિની આજ્ઞાવિરુદ્ધ ગાંધર્વરાજ જોડે રહી પત્નીવ્રત લોપ્યું.'

ભાર્ગવનું મગજ ફરવા લાગ્યું. અમ્મા, એની અમ્મા ગાંધર્વ-રાજ જોડે! ને એ ન આર્યત્વ રાખી શક્યો ન રખાવી શક્યો.

જમદગ્નિનો અવાજ તૂટી ગયો.

'પિતાજી! પિતાજી! ખોટી વાત, અમ્મા,—આર્યત્વની જનેતા—કલ્યાણી!

જમદગ્નિએ દયામણે મોંએ રામની તરફ જોયું.

'છોકરા, જતો રહે. હું પિતા નથી, તું પુત્ર નથી. મારો એક પુત્ર એવો આર્ય નથી કે રેણુકાનો વધ કરી પિતાનું ગૌરવ ને માની શુદ્ધિ સંભાળે......પૂર્વજોમાં ભળવાને નાલાયક જમદગ્નિને પિતૃલોક ને દેવલોકનાં બારણાં બંધ થઈ ગયાં છે. છોકરા! ચાલ્યો જા, જ્યાંથી આવ્યો હોય ત્યાં. ભૃગુઓનો વેળો હિમાઈ ગયો...' અને એને છોડી જમદગ્નિ થરથરતે હાથે દંડ ટેકવતા, હતાશ ને ભાવનાભ્રષ્ટની દયા-મણી મૂર્તિ સમા ચાલી ગયા.

થરથરતા પગે દૂર જતા પિતાને ભાર્ગવ જોઈ રહ્યા. મહાદંતીના તેજને શરમાવનારી આંખોમાંથી અશ્રુબિન્દુ પડ્યું. તેમણે ભોંયે પડેલી ફરસી હાથમાં લીધી, અને દોડતે પગે આશ્રમમાં ગયા. ત્યાં એમના મોટા ભાઈ વિદ્વન્વન્ત મળ્યા. ભાઈને ભાર્ગવે છાતીસરસા ચાંપ્યા.

'ભાઈ, અમ્મા ક્યાં?' ભાગર્વે પૂછ્યું.

'ગાંધર્વ રાજને ત્યાં.'

'ત્યાં કેમ?'

'તું નિરાતે બેસ, બધું કહું.'

'મારે નથી સાંભળવું. પરપુરુષસેવિની આર્યાએ તો મરવું-એ જ ધર્મ!'

'પણ—'

ભાર્ગવે મોટાભાઈનો હાથ છોડાવી નાંખ્યો ને ત્યાંથી તે ચાલી નીકળ્યા.

૩

દૂર આવેલું હિમાલયનું શૃંગ ઊગતા સૂર્યમાં સુવર્ણરસે ઝબકતું. વચ્ચે ઊતરતી ચઢતી ટેકરીઓ છેક સપાટી સુધી આવી લાગતી. જ્યાં નાનામાં નાની ટેકરી પૂરી થતી ત્યાં એક નાનું ગામ હતું. ત્યાંથી થોડે દૂર ઝાડ નીચે ભાર્ગવ એકલા બેઠા હતા. પાસે એમનો ઘોડો ચરતો હતો.

ત્રણસોએક વનવાસીઓ તીર લઈને ઊભા હતા. એમને આ પ્રચંડ ને શસ્ત્રસજ્જ માનવી પસંદ નહોતો પડયો, એ અમ્બાનો પુત્ર હતો એમ એ કહેતો એટલે એને આવવા દીધો હતો; નહીં તો એને વીંધી નાખવા એ તૈયાર હતા. આ બધા અમ્બાના ભક્તો હતા. જેમ મહર્ષિ વિશ્વામિત્ર વરુણદેવની વાત કરતા તેવા જ પૂજ્યભાવથી આ જંગલી પુરુષો અમ્બાની વાત કરતા.

મુખીની પાસે અમ્બાની ઝૂંપડી હતી. બપોર પછી તે અહીંયાં આવતાં. સવારે ગંધર્વરાજને ત્યાં પર્વતમાં જતાં. ત્યાં કોઈ એમની સાથે જતું નહીં. અમ્બાની આજ્ઞા હતી.

બપોર પછી જ્યારે અંબા ઊતરી આવતાં ત્યારે દૂરદૂરથી વનવાસીઓ એમની પૂજા કરવા આવતાં. અમ્બા બધાને ખવાડતી; અમ્બાને આશીર્વાદે ધાન્ય પાકતું; અમ્બાની બાધાથી છોકરાં થતાં. અમ્બાની ઝૂંપડી આગળના ઝાડની નિત્ય પૂજા થતી. ભાર્ગવ આ ભક્તિ જોઈ ચકિત થયા. એમણે તો અંબાને ગાંધર્વરાજના મહેલમાં

મહાલતી ધારી હતી. આ લોકોની અમ્બા—કલ્યાણી—તે પરપુરુષ-સેવિની ?

ભાર્ગવની આંખનાં ઊંડાણ ગંભીર હતાં. અધર્મ ઉચ્છેદવા એમણે જે જે વિકટ અનુભવો કર્યા હતા તેમાં આ પરમ વિકટ હતો. પરપુરુષ સેવતી આર્યાનો તો મૃત્યુ સિવાય બીજો રસ્તો જ નહોતો;—પછી તે કલ્યાણી હોય કે અમ્બા.

બપોર પછી પોતાની માને ભાર્ગવે ટેકરી પરથી નીચે ઊતરી આવતી જોઈ. પળવાર એમને ઉમળકો આવ્યો. એમની અમ્બા, પ્રેમાળ, ભોળી, પતિપરાયણામાં શ્રેષ્ઠ, સહુને દુઃખે દુઃખી થતી કલ્યાણી, પુત્રોમાં એમને જ પોતાનો ગણતી !

આટલાં વર્ષોમાં રેણુકામાં ઘણો ફેર પડ્યો હતો, તે ભાર્ગવે જોયો. એના વાળ સફેદ થઈ ગયા હતા. એનું ઘાટીલું શરીર હતું તેનાથી સુંવાળું થયું હતું. એના મુખ પર જગજ્જનની સમો સદ્‌ભાવ નીતરતો હતો. પણ તેના મુખ પર, શરીર પર, ચાલમાં અનિવાર્ય ખેદ હતો. જાણે રડતાનાં આંસુઓ ઠેરવી એમને ઘડયા હોય એવાં તે લાગતાં. 'આ અમ્બા કુલટા ? પરપુરુષસ્પર્શિની ? ગાંધર્વ જોડે નાસી ગયેલી પતિત આર્યા !' ભાર્ગવ માની શકયા નહીં.

રેણુકા આવી ને અપરિચિત નયને આ પડછંદ ને તેજસ્વી પુરુષને જોઈ રહી. પછી તેને ઓળખાણ પડયું.

તેની આંખો હસી. તેનાં મોં પર રતાશ આવી. તે ઉતાવળું પગલું ભરીને પાસે આવી, 'રામ પુત્રક.'

રામ ઊભા થયા, સખ્ત ને ક્રૂર.

રેણુકા સમજી ને ખંચાઈને ઊભી રહી. તેનું મુખ ફિક્કું બેભાન મનુષ્યના જેવું થઈ ગયું.

'પિતાજીએ મને મોકલ્યો છે.' રામના અવાજમાં જરાય ઊર્મિ નહોતી. રેણુકા પાછી ખસી.

'જેમ તારા મોટાભાઈઓને મોકલ્યા તેમ, મને મારવા તને

મોકલ્યો છે ?' તેણે વર્ષોના દબાયલા ખેદથી પૂછયું.

'એમણે મારવાનું નથી કહ્યું. હું જાતે મારવા આવ્યો છું. ભૃગુશ્રેષ્ઠની પત્ની તેની આજ્ઞા લોપે ને પરપુરુષ સેવે તે ધરતીને ભારે મારે છે.'

'હું જાણું છું. મેં અનેક આર્ય ને આર્યાઓને એ શીખવ્યું છે.' રેણુકાએ દુઃખી અવાજે કહ્યું.

'તો તું અહીંયાં શા માટે ભરાઈ બેઠી છે?'

'ભૃગુશ્રેષ્ઠ મોટા છે; વિદ્યા ને તપના સ્વામી છે. મેં ધર્મ લોપ્યો એ ખરી વાત. પણ મેં શા કારણે લોપ્યો તે જાણવાની પણ એમને પરવા નથી. તું મારો લાડકવાયો છે છતાં તને પણ નથી. મને મરવાનો તો ભય જ નથી. જ્યારથી પતિની આજ્ઞા લોપ્યાનો અધર્મ હું આચરી ચૂકી ત્યારથી હું મારે સંકલ્પે મરી જ ચૂકી છું. હું ક્યારની યમની વાટ જોતી બેઠી છું. સેંકડો માટે યમરાજ આવ્યા પણ મારા પર નથી પ્રસન્ન થયા. તું યમરાજ રૂપે આવ્યો છે. આવ પ્રિય પુત્રક ને મને માર. મેં જાતે વહોરેલા પાપમાંથી છોડાવ!'

આ હૃદયવેધક શબ્દો સાંભળી ભાર્ગવ ચકિત થયા.

'તો આશ્રમે ચાલો.'

'ના,' ખેદથી પણ દૃઢતાથી રેણુકાએ કહ્યું. 'પુત્રક, ભૃગુઓ સુખી છે, સમૃદ્ધ છે. એમની એ સુખસમૃદ્ધિમાં હું ભાગિયેણ ન થઈ શકું. થાઉં તો મારો અધર્મ એમનું આર્યત્વ ભ્રષ્ટ કરે. પણ અહીંયાં હું કલ્યાણી છું. યમરાજ લઈ જાય ત્યાં સુધી મારે તો અહીંયાં જ રહેવું રહ્યું.'

'અમ્મા! અમ્મા! તારું સ્થાન અહીંયાં!' ભાર્ગવના મુખમાંથી આક્રન્દ નીકળ્યું.

'હા,' ત્યાગમૂર્તિ હોય તેમ રેણુકાએ કહ્યું. 'તેથી જ કહું છું કે માર, દીકરા, માર! તારા બાપે ત્રણ દીકરા મને મારવા મોકલ્યા હતા, પણ તેમની હિંમત નહીં ચાલી. તું તો મારો લાડકવાયો છે.

બેટા, મારે મારા દેવથીયે પૂજ્ય એવા પતિની આજ્ઞા લોપ્યાની શિક્ષા સહેવી છે. મને મુક્તિ દે, માર!'

ક્રૂર, ઘાતક અવાજે, પણ રડતે નયને રામે કહ્યું, 'અમ્બા! અમ્બા! આ ભાન હતું તો પૂર્વજોને કલંકિત શા માટે કર્યા? પિતાનું તેજ શા માટે હણ્યું ભૃગુકુલનું નિકંદન શેં કાઢયું?'

'રામ, મેં ત્રીશ વર્ષ તારા બાપની અને તારા કુલની અનિમેષ સેવા કરી, તને ને તારા ભાઈઓને કુલદીપક બનાવવા સર્વસ્વ આપ્યું. પિતૃલોકમાં મારું સ્થાન નથી. યમના ભયંકર કૂતરાઓ મને એ લોકમાં નહીં જવા દે. હું જાણું છું, બધું જાણું છું. મને માર—મેં તને બહુ લાડથી ઉછેર્યો છે, દીકરા. તો તને જન્મ દેનારની એક ઇચ્છા પૂરી કર.'

'અમ્બા!' ભાર્ગવે કહ્યું. 'તું તો ભૃગુકુલમહર્ષિની કુલ-પત્ની છે. તેં ધર્મ લોપ્યો. તારો શિરચ્છેદ થાય નહીં ત્યાં સુધી પિતૃઋણ ચૂકવાય નહીં.'

'હું જાણું છું કે હું કુલકલંકિની છું—પતિની આજ્ઞા લોપ્યાનો અધર્મ મેં, મહર્ષિ જમદગ્નિની અર્ધાંગનાએ કર્યો છે.' ઘણા દિવસની હૃદયવેદના રેણુકાએ મુક્તકંઠે વ્યકત કરી. 'પણ એ અધર્મ મેં મદમાં નથી કર્યો, અજ્ઞાનમાં નથી કર્યો. હું વૃદ્ધ છું. તારા પિતાને ચરણે સદા રહી છું. પતિપરાયણતા સેવી છે, શીખવી છે ને સેવડાવી છે. મેં ધર્મ લોપ્યો, બીજો ધર્મ જણાયો તેમાં; પણ તે તો મારો જ દોષ. મારા ધર્મલોપથી મારો તો શિરચ્છેદ જ હોય.' રેણુકાએ હાથ જોડયા. 'બસ, માર ત્યારે!' અમ્બાએ ડોક ધરી. 'ભાઈ, હું તૈયાર છું.'

ભાર્ગવે ફરસી ઊંચકી.

'અમ્બા! મૃત્યુ સિવાય તારો બીજો રસ્તો નથી. પણ હું મારું તે પહેલાં એક વાત કહે—સત્ય—તારા પૂર્વજોના શપથે.'

'શી દીકરા?'

'એવો તે કયો ધર્મ જોયો કે તું—અંબા—કલ્યાણી—ચળી?'

'દીકરા, તો પળવાર વિલંબ કર. ચાલ મારી સાથે—ગંધર્વોના ગામમાં.'

'ત્યાં ?'

'હા ! આ ડુંગર દેખાય છે તેની પાછળ—જ્યાં હું ગંધર્વરાજ જોડે નાસી આવી છું ને પરપુરુષ સેવું છું ત્યાં.'

૪

ભાર્ગવે પરશુ ભોંયપર મૂકી ને મૂંગે મોઢે રેણુકાની પાછળ પાછળ ચાલ્યો. જ્યાં ટેકરી પર અંબાની બીજી ઝૂંપડી હતી તે વટાવી પર્વત પર થઈ ને નાનકડી પગથી જતી હતી તે વાટે બન્ને ગયાં. જ્યારે આગલા ડુંગરની ટોચ ઓળંગી બન્ને ગયાં ત્યારે નીચે બિસ્માર હાલતમાં પથ્થરનાં ઘર ને થોડી ઝૂંપડીઓ ઉજ્જડ જેવા ગામમાં દેખાયાં. આગળ રેણુકા ને પાછળ ભાર્ગવ પગથીએ થઈ નીચે ઊતર્યાં. ગામમાં પેઠાં એટલે ત્રણ રક્તપિત્તિયા માણસો બેઠેલા હતા તે રેણુકાને જોઈ ગાંડાઘેલાં થઈ ગયાં.

'અમ્મા ! અમ્મા !' તેમણે ભક્તિભર આક્રંદ કર્યું.

'બેટા, આવું છું, હમણાં આવી હો.'

'અમ્મા !' બાજુથી એક રક્તપિત્તથી ભયંકર બની ગયેલી છોકરી દોડતી આવી. તે પાંચ છ વર્ષની હતી. રેણુકાને તે હેતથી વળગી પડી. 'અમ્મા ! અમ્મા !'

'હા બેટા, તું સૂઈ રહે. હું આવું છું. લે આ પાણી.' રેણુકાએ પાસે પડેલા માટલામાંથી તેને પાણી પાયું.

'અંબા, મને બોર આણી આપશો ?'

'હા, બેટા ! કાલે સવારે.'

નિર્જન શેરીમાંથી મા-દીકરો આગળ ચાલ્યાં. રસ્તામાં, ઓટલા પર, જુદી જુદી દશામાં રક્તપિત્તિયાં પડ્યાં હતાં. જેવાં તે રેણુકાને જોતાં કે તેમનાં મુખ પર સુખ ને આશા પ્રસરી રહેતાં.

તે હેતથી 'અમ્બા' 'અમ્બા' પોકારતાં.

એક મોટું જેવું પથ્થરનું ઘર આવ્યું ને રેણુકા તેમાં ગઈ. ત્યાં પાંચ છ રક્તપિત્તિયાંને આશ્વાસન આપી તે અંદરના ખંડમાં ગઈ.

ખાટલા પર હાથપગ જેનાં ખરી ગયાં હતાં એવો એક માણસ પડ્યો હતો. તેના તૂટેલા હાથપગમાંથી પરૂ વહેતું હતું.

રેણુકાને જોઈ તે હર્ષના આવેશમાં આવી ગયો. 'અમ્બા! અમ્બા! આજે ફરીથી આવ્યાં. આજે બપોરે તમે સ્વપ્નામાં આવ્યાં એટલે મેં જાણ્યું જ કે તમે ફરી આવશો. અમ્બા! અમ્બા!' તેણે બે ઠુંઠિયાં ભેગાં કરી કહ્યું.

'ગંધર્વરાજ! આ મારો છોકરો મને મળવા આવ્યો હતો, તેને તમને મળવા લઈ આવી છું.'

સદાય દુર્ધર્ષ એવા ભાર્ગવનું હૈયું ભરાઈ આવ્યું. તેમણે પરશુ ફેંકી દીધી ને હાથવતી આંખો ઢાંકી દીધી. 'અમ્બા! કલ્યાણી! ક્ષમા કરો, ક્ષમા કરો.'

'મારા પુત્રક! સાંભળ,' રેણુકાએ તેને છાતીસરસો ચાંપ્યો. 'દોઢ વર્ષ પર હું પિતાને ત્યાંથી પાછી આવતી હતી, ત્યારે ગંધર્વરાજ એમના માણસો સાથે રસ્તામાં મળ્યા. વિદન્વન્ત મારી સાથે હતો. ત્યાંથી બે દહાડા માટે અમે બધાં ગંધર્વગામ ઉત્સવ હતો તે તરફ નીકળ્યાં. રસ્તામાં નીચે તું જ્યાં મને મળ્યો ત્યાં વિસામો ખાધો. ત્રીજે દિવસે તુગ્રાનો કોપ થયો ને રોગચાળો ફાટી નીકળ્યો, અને રક્તપિત્તથી કેટલાંક પીડાવા માંડયાં.'

'અમ્બા! અમ્બા!' ગંધર્વરાજે ઠુંઠિયાંવતી આંસુ લૂછ્યાં.

'રોગીઓને એમની નગરીએ લઈ જવા મેં અમારી સાથેના માણસોને આજ્ઞા કરી. બધાએ ના પાડી. એકદમ રોગ ફાટી નીકળવાથી સવારે લગભગ સાથેનાં બધાં માણસો નાસી ગયાં. વિદન્વન્તને મેં જતા રહેવા આજ્ઞા કરી, પણ આ બધાંને રસ્તામાં રઝળતા હું રાખી શકી નહીં. વનવાસીઓ પાસે આ લોકોને ઊંચકાવી હું અહીંયાં આવી.'

'પછી ?'

'અમ્બા ! અમ્બા !' આનંદના આવેશમાં ગંધર્વરાજે અમ્બાને સંબોધી.

'ઊંચકનારા પણ કેટલાક રોગમાં સપડાઈ ગયા અને આ રોગ ફાટી નીકળેલો જોઈ અહીંયાંના ઘણા ગાંધર્વો જીવ લઈ નાસી ગયા, હું એકલી બચી ગઈ. એમને પાણી પાનાર કોઈ નહોતું. મને આ બધાં દેવી માનવા લાગ્યાં. મારા આશીર્વાદે એ સારાં થશે એવી શ્રદ્ધા એમનામાં પ્રગટી.'

રેણુકા થોડીવાર થોભ્યાં, સદ્‌ભાવથી ગંધર્વરાજ સામે હસ્યાં ને પાછાં વળ્યાં. પાછા આવતાં એમણે પોતાની વાત આગળ ચલાવી.

'તારા પિતા ઉગ્ર થઈ ગયા. મેં અહીંયાંની હકીકત જણાવી પણ તેમને સંતોષ ન થયો. હું ગંધર્વરાજ જોડે રહું છું એ વાતે આખા આર્યાવર્તમાં પુણ્યપ્રકોપ પ્રગટી રહ્યો. અપમાનિત ભૃગુઓને પણ ઝેરના ઘુંટડા પીવા પડચા. ભૃગુઓની કીર્તિ પર કલંક લાગ્યું. આખરે મહર્ષિએ આજ્ઞા કરી કે મારે ચાલી આવવું. પણ હું અહીંયાંથી કેમ જાઉં ? તારા પિતા પાસે બધું છે. આમની પાસે મારા સિવાય કોઈ નથી. હું જરા જવાનો વિચાર કરું તો આ બધાં આક્રન્દ કરી મૂકે.

'એંશી હતા—બધા મળીને ગંધર્વો. તેમાં આજે ત્રીશ રહ્યા છે. ગંધર્વરાજે મારી પાસે વચન લીધું છે કે અંહીયાંથી મારે ન જવું. મેં આવવાની ના પાડી. હું ગાંડી નહોતી. હું પતિની આજ્ઞા લોપતી હતી, હું પરઘેર વાસ કરતી હતી. પરપુરુષની સેવા કરતી હતી. પતિનો ત્યાગ કરતી હતી. પવિત્ર ને ઉન્નત એવા ભૃગુકુલના કલંકરૂપ હતી. મારો શિરચ્છેદ એ જ મારે યોગ્ય શિક્ષા હોઈ શકે, તે પણ મેં આનંદથી વહોરી લીધી. આ દુઃખીઓને હું છોડી શકી નહીં. ત્યાં તો તારા પિતા, કુલ, પૂર્વજો, ગોત્ર, સંસ્કાર, દેવ ને સ્વર્ગની તાંતે તમે ઝૂલો છો. આ બધાની આશાતાંત તો હું એકલી જ છું. હું એમને કેમ છોડું ?'

શરમિન્દા બની ભાર્ગવ નીચું જોઈ રહ્યા.

'એક પછી એક તારા ભાઈઓને મહર્ષિએ મને મારવા મોકલ્યા. જે મેં તને કહ્યું તે મેં એમને કહ્યું. જે તેં જોયું તે એમણે જોયું, અને એમનો હાથ ઊપડયો નહીં. દુઃખી દુઃખી થઈ તે ચાલી ગયા.'

'ન કુલનું કલંક ફીટયું કે ન કુલની શકિત વધી. ન ધર્મ સંરક્ષાયો ને ન અધર્મ વિનાશાયો. ને બન્ને મારા ભાઈઓ યુદ્ધમાં હણાયા. ન પિતાજી સ્વસ્થ થયા ને ન તું પાપમાંથી મુક્ત થઈ.'

રેણુકાએ આંસુ સાર્યાં. 'અરરર' પુત્રોના મરણથી અંબાને આઘાત થયો.

મૂંગે મોંએ માદીકરો પર્વત ઊતર્યાં.

જ્યારે ઝૂંપડી આવી ત્યારે રેણુકાએ કહ્યું, 'પુત્રક, હવે તું સમજ્યો કે હું કેમ મૃત્યુ ઝંખતી બેઠી છું. મારા મૃત્યુ વિના ભૃગુકુલનું કલંક ધોવાય ને આર્યત્વનો વિજય થાય એમ નથી. મારનારને અભાવે હું જીવું છું. આ ત્રીશ જણ મરશે એટલે મારે અગ્નિપ્રવેશ તો કરવાનો જ રહ્યો. હવે તારું કર્તવ્ય પૂરું કર.' હેતથી રેણુકાએ પુત્રની પરશુ તરફ જોયું.

'અમ્બા! હવે સવારે વાત.' કહી ભાગર્વ મુખીની ઝૂંપડીમાં સૂવા ગયા.

'સવારે હું ગંધર્વોને ખવડાવીને આવીશ ને પછી મરીશ.' અમ્બાએ કહ્યું.

૫

સવારે રેણુકા ઊઠી, સ્નાન કર્યું ને સવિતાને અર્ઘ્ય આપ્યો. પછી કેટલાક વનવાસીઓ ખાવાનું લાવ્યા હતા તે લેવડાવી ગાંધર્વોને ખવરાવા જવા નીકળ્યાં. થોડેક ઉપર જતાં પગથી પર ભાર્ગવ બેઠા બેઠા પાસે વહી જતા વહેળામાં પોતાનું પરશુ સાફ કરતા હતા.

'અરે ! તું ક્યાંથી ?' ચકિત થઈ રેણુકાએ પૂછ્યું.

'તું ગંધર્વો પાસે જાય તે પહેલાં મારે વાત કરવી હતી.'

'ચાલ ત્યારે. એટલી ઉતાવળ આવી ગઈ છે ? મને મારવી છે ?'

'મારું યે ખરો કેમ નહીં ?' તેણે હેતથી માની સાથે ચાલવા માંડયું.

'અમ્બા ! મને પુત્રક ગણે છે એ બહુ ખોટું છે. હું હૈહયોનો ગુરુદેવ થયો છું, અઘોરીઓનો પણ ગુરુ છું. હું હવામાં ઊડી શકું છું. પાણી પર ચાલી શકું છું. ખબર છે ?'

'ખરેખર !'

'હું મજાક નથી કરતો. માહિષ્મતીમાં બધા મને પશુપતિ જેવો માને છે.'

'તું જન્મ્યો ત્યારથી દેવ જ છે. હું તને બટુકદેવ કહેતી હતી.'

'મારે એક વહુ છે. તેની વાત કરવી કાલે રહી ગઈ.'

'વહુ !'

'હું લોમાને પરણી ગયો.'

'હાય મોઈ ! તું નાનો હતો ત્યારથી જ તારા પર ગાંડી હતી.' રેણુકા હસી પડયાં.

'સરસ્વતી તીરે એના સસરા મહર્ષિ જમદગ્નિ છે. ઠેઠ રેવાતીરે જ્યાં અઘોરીઓ વસે છે ત્યાં એના સસરા ગુરુ ડડુનાથ અઘોરી છે. ડડુનાથે મને દીકરો ગણ્યો છે.'

'એમ !'

'અમ્બા ! તેં કહ્યું હતું કે આર્યોમાં તારું સ્થાન નથી એ ખોટી વાત છે.'

'ખરી વાત, આર્યો મને કદી નહીં સ્વીકારે.'

'અમ્બા !' મંદ હસી ભાર્ગવે કહ્યું, 'તો જ્યાં હું ગુરુપુત્ર છું ત્યાં કોઈ આવે એમ નથી. ભયંકર મગરો નદીનો માર્ગ રોકી રહે છે. વરૂઓ અને અજગરો જમીનનો માર્ગ રોકે છે. ત્યાં ડડુનાથ અઘોરીના

લોકોને માનવીઓનો રાગદ્વેષ સ્પર્શ્યો નથી. અમ્મા, હું તને ત્યાં લઇ જઇશ. હું તને મગર પર બેસાડી નર્મદા પર વિહાર કરાવીશ, મા, મારી જોડે આવશે ત્યાં ?'

'એવી ગાંડી ગાંડી વાત નહીં કર.'

'ગાંડી વાત નથી. પિતાજી અવિશ્વાસે ગાંડા થઈ ગયા છે. પુત્રોને એ પિતૃદ્રોહી માને છે. ભૃગુઓ ઘણા કપાઈ ગયા છે. તારા કૃત્યથી કુળની ટેક ને પ્રતિષ્ઠા સમાપ્ત થઈ ગયાં છે. નીચેથી ઊંચું જોઈ શકાતું નથી. તારાથી હવે આર્યાવર્ત નહીં રહેવાય. ભૃગુઓને તો ત્યાગવા જ.'

'એવી ગાંડી વાત ન કર. ભૃગુકુલની શક્તિ ને પવિત્રતા હું ને તારા પિતા સાચવી શક્યાં નહીં. તારા બે ભાઈઓ હણાયા. હવે એ કર્તવ્ય તારું છે. તું આર્યોમાં શ્રેષ્ઠ એવા જમદગ્નિનો પુત્ર. દેવ છે. ભૃગુઓનો ને આર્યોનો ઉદ્ધાર-કરવા સર્જાયો છે.'

'તું નહીં આવે ?'

'ના. તારું સ્થાન આર્યાવર્તમાં. આર્યાવર્તને તાર ને મારી ચિન્તા નહીં કર. મારું કોઈ બેલી નથી.'

'આ રહ્યો મારો ઘોડો. તને હું ફૂલની માફક ઉપાડી જઈશ. અમ્મા, લોમા તારા ચરણની દાસી થઈ રહેશે. ચાલ ! ચાલ !'

'તારે ગળે ઘંટીનું પડ થઈ મારે વળગવું નથી. મરજી હોય તો માર. હિંમત ન ચાલતી હોય તો મને તો આખરે અગ્નિપ્રવેશ છે જ. પણ તારા કુલનું કલંક નહીં ફીટે.'

'અમ્મા ! તારી ભૂલ થાય છે' ભાર્ગવે ગંભીર અવાજે કહ્યું. 'હું ધર્મનું પ્રતિપાદન કરવા આવ્યો છું, લોપ નહીં. તને મારું તો હું ધર્મ લોપું.'

'એવી ગાંડી વાત નહીં કર.'

'અમ્મા !' ભાર્ગવે કહ્યું, 'પિતાજી ધર્મ ભૂલ્યા છે. ભૃગુઓ ભૂલ્યા છે. સમસ્ત આર્યાવર્ત ધર્મ ભૂલ્યો છે. તું મને મારવાનું કર્તવ્ય

શીખવે છે તેમાં પણ ધર્મ ભૂલે છે. તેં જે પરપુરુષોની સેવા કરી છે એ તો તું જ કરી શકે. ને તું કરી શકે કારણ કે તું પતિપરાયણા છે—મહર્ષિ જમદગ્નિની પરમ વિશુદ્ધિની ભાગિયણ. વિશુદ્ધિ હોય ત્યાં અધર્મ હોય નહીં. ચાલ. હું પિતાજીને સમજાવીશ. ભૃગુઓનું તેજ પાછું આણીશ.'

'ના, હું નહીં આવું. તારું કોઈ માનવાનું નથી. ને ઉલટી અપકીર્તિ તને ઊગતી ડામી દેશે. તું આપણા લોકોને હજુ ઓળખતો નથી.' રેણુકાએ કહ્યું ને તરત તે ખચકાઈ.

ભાર્ગવનું સ્વરૂપ બદલાઈ ગયું. મંદ હસતો હેતાળ એનો પુત્ર નહોતો—દૂર આવેલા ગૌરીશંકર જેવો અડગ ને સનાતન—અસ્પૃશ્ય ને અમેય એનો પ્રતાપ હતો. એના અવાજમાં રણકાર બદલાઈ ગયો.

'હું ધર્મ ઉચ્ચારીશ. જગત માનશે. માન્યા વિના એનો છૂટકો નથી'

રેણુકાના હૃદયમાં જરાક ધાક વછૂટચો.

'ચાલ!' ભાર્ગવે આજ્ઞા કરી.

'ના' દૃઢતાથી રેણુકાએ કહ્યું. 'મારા ગાંધર્વોનો વિચાર કર્યો?"

'મેં ક્યારનો વિચાર કર્યો છે. એકે જીવતો નથી. સવારે જઈ હૂં બધાનો શિરચ્છેદ કરી આવ્યો છું.'

રેણુકાએ ચીસ પાડી. ટંડે પેટે ત્રીશ માણસને મારી આવનાર પુત્ર સામે ક્રોધથી જોયું.

'ઘાતકી! તેં ત્રીશ બિચારા નિરાધારનો જીવ લીધો.'

'હા, જે જીવી ન શકે તે મૂએલોજ સારો.'

'પાપી, તેં આ શું કર્યું?' રેણુકાએ આંખે હાથ દઈ રડી દીધું.

'અમ્બા! કલ્યાણી!' ગુરુઓના ગુરુ ભાર્ગવે પ્રોત્સાહક અવાજે કહ્યું, 'તારાં આંસુઓ સબળને સામર્થ્ય આપવા માટે છે, મરતાંની મૃત્યુ ઘડી લંબાવવા માટે નથી.'

રેણુકાએ ચીસ પાડી. તેની અવગણના કરી ભાર્ગવે તેને પગે ઉપાડીને દોડતે પગે તેને પર્વતની નીચે લઈ આવ્યો. રેણુકા રડતી રડતી ક્રોધમાં દીકરાની છાતીમાં મુક્કીઓ મારતી હતી. ભાર્ગવે એક હાથે હૃદયસરસી ચાંપી કહ્યું, 'રડ, રડ, તેં ઘણું સહ્યું છે.'

૬

પણીઓની પોઠ જતી હતી. આ પોઠ સો સવાસો માણસો, ત્રીશ બળદો, સીત્તેર ગાયો, ચાર ઘોડા ને ત્રણ ગાડાંની બની હતી. બળદો પર અનાજ ભર્યું હતું. વૃદ્ધ ને માંદાં ગાડામાં બેસતાં. બાકીનાં બધાં પગે ચાલતાં. દશેક જણ પાસે ભાલા ને તીર હતાં.

આ પોઠ ઉત્તર તરફથી શતદ્રૂને કિનારે કિનારે દક્ષિણ તરફ ચાલી આવતી હતી. રાત પડે ત્યારે પોઠ કોઈ ઠેકાણે મુકામ કરતી, ત્યારે સ્ત્રીઓ રાસડા લેતી. પુરુષો તાપણીની આસપાસ બેસી ગપ્પાં મારતા.

નદીતીરે ધોરી માર્ગે આ પોઠ ધીમે ધીમે આગળ વધતી. દર વર્ષે વૃશ્ચિક પણી પોતાની પોઠ લઈ વસ્તીવાળા પ્રદેશમાં આવતો અને અનાજ તથા વધારાનાં ઢોર વેચી જોઈતી વસ્તુ લઈ જતો. આ માર્ગ પર આવેલી બધી વસ્તીના લોકો એને ઓળખતા અને એની પોઠ આવતાં તે નવો માલ લેવા કે વેચવા એને વીંટાઈ વળતાં.

વૃશ્ચિક હસમુખો વૃદ્ધ હતો. એનું ને એનાં માણસોનું કુટુંબ પણ મોજીલું હતું. છ મહિના પોઠ ફરતી ને છ મહિના એ પોતાને ગામ જઈ ખેતી કરતો ને ઢોર ઉછેરતો.

વૃશ્ચિક પણીની પોઠ એક બપોરે ઝાડ નીચે વિશ્રાંતિ લેતી હતી, અને જંગલમાંથી આવતા એક રસ્તા પરથી ઘોડાનો ખોંખારો સંભળાયો. તે ચોંકીને બેઠો થઈ ગયો. એના પહેરેગીરો પણ શસ્ત્ર લઈ સાવધાન થઈ ગયા.

પગથી પરથી એક ઘોડો આવતો હતો. તેના પર એક મોટી

વયની સ્વરૂપવાન ને સૌમ્ય મુદ્રાની સ્ત્રી બેઠી હતી. એક પડછંદ યુવાન ઘોડાને લગામથી દોરતો હતો. જુવાનને ખભે મોટું તીર હતું. તેના જમણા હાથમાં એક મોટી પરશુ હતી.

આ જુવાન એકલો જ હતો એટલે એનો ભય જતો રહ્યો, ને એક સબળ શસ્ત્રધારી સાથે થયો એ પણ તેને ગમ્યું. ઘોડે બેસીને આવતી સ્ત્રીનું મુખ પણ કોઈ મોટા કુલનું ભાન કરાવતું. કોઈ ઠેકાણે એ જોયું પણ હોય એવું સ્મરણ થયું.

ભાર્ગવ ઘોડો દોરીને આગળ લઈ આવ્યા. રેણુકાને ઊંચકીને ઉતારીને ઘોડાને નદીમાં નવડાવવા ને પાણી પાવા લઈ ગયા. વૃશ્ચિકે ઓળખાણ કરવા માંડયું.

'માજી આવો. બહુ થાકયાં લાગો છો? કિરણી!' તેણે મોટી દીકરીને પાસે બોલાવી 'કયાં ગઈ? આ માજી થાકયાં છે.'

ઊંચી પહોળી, મોટા હોઠ ને મોટા ડોળાની કિરણી આવીને રેણુકાનો સત્કાર કરી રહી.

ભાર્ગવે ઘોડો નવાડયો, પોતે સ્નાન કર્યું અને અર્ધ્ય આપ્યો. તે પાછા આવ્યા ત્યારે તેમણે વેદી કરી અગ્નિ સ્થાપ્યો ને આહુતિ આપી.

વૃશ્ચિક જઈને પગે લાગી આવ્યો, અને ભાર્ગવને સાથે જમવા-નું નિમંત્રણ આપ્યું.

ભાર્ગવ ને અમ્બા પોઠની સાથે ચાલ્યાં. વૃશ્ચિકે એ બે કોણ છે તે જાણવા ઘણાં ફાંફાં માર્યાં પણ પોતે ભૃગુ છે અને આને લઈને સરસ્વતી કિનારે જાય છે એ સિવાય વધારે ભાર્ગવે કંઈ પણ કહ્યું નહીં. એ કે અમ્બા બેમાંથી એકેને વાત કરવાની રુચિ નહોતી. પણ આ કોઈ મહાપુરુષ છે એમ વૃશ્ચિકને લાગ્યું એટલે તેણે ભાર્ગવની સેવા કરવી શરૂ કરી. એની માન્યતા હતી કે જેમ મહા પુરુષની સેવા કરીએ તેમ વધારે ધન મળે. અને આ થોડાબોલો ઋષિ બહુ

ચમત્કારી છે એમ તેને લાગવા માંડ્યું. એટલે ભાર્ગવ આગળ દુઃખ રડવા માંડ્યું.

ગયે વર્ષે અનાજ બરાબર પાક્યું નહીં. એક છોકરો મરી ગયો. વાવેતરમાં તીડ પડ્યાં. રસ્તે આવતાં ગાયો મરી ગઈ. કોઈ ઋષિવરના આશીર્વાદ વગર એનો ઉદ્ધાર નહોતો.

ભાર્ગવે આ બધું સાંભળ્યાં કર્યું.

રેણુકાએ વર્ષો સુધી ગુમાવેલા પુત્રકને નવે સ્વરૂપે જોયો. એનું અંગે અંગ સુશ્લિષ્ટ અને સુંદર હતું. એ કેસરીની માફક ડગ ભરતો. એનાં શસ્ત્રો એણે કોઈનાં નહીં જોયાં હોય એવાં મોટાં હતાં. એની આંખોમાં કદી શિશિરના સૂર્યની આહ્લાદકતા હતી, કવચિદ્ હિમવાન પર્વત પર પડતાં કિરણોની તેજસ્વી તટસ્થતા હતી. કવચિદ્ એમાં ઉનાળાનો મધ્યાન્હ તપતો, કવચિદ્ વીજળી ચમકતી ને કોઈવાર નીસરતી વન્હિની સરિતા. એના થોડા બોલો રીઝવતા, હૃદય ભેદતા, વિનાશકતા, ભક્તિ ને શ્રદ્ધા પ્રગટાવતાં. કોઈવાર જાણે ખૂબ દૂર જઈ વિરાટ સ્વરૂપ ધારતો હોય એવો લાગતો, ત્યારે એની પ્રશાંત ને એકાગ્ર ઉગ્રતામાં એ લપેટાઈ જતો. અને એની આસપાસ તેજનું વર્તુલ થઈ જતું લાગતું. રેણુકા થાક, અપયશ, એકલતા, પતિ ને પુત્રના વિયોગનું દુઃખ, આ શક્તિના અવતાર સરખા પુત્રના સાન્નિધ્યમાં વિસરી ગઈ.

ધીમે ધીમે પોઠ દિવસો સુધી આગળ વધી અને સપાટ વસ્તીવાળા પ્રદેશમાં આવી પહોંચી.

એક સવારે ગીધોનાં ટોળાં જતાં જોવામાં આવ્યાં. વૃશ્ચિકે તેને અપશુકન માન્યાં ને ભાર્ગવ પાસે આશીર્વાદ લેવા આવ્યો. ભાર્ગવે તે આપ્યા. બપોરે પોઠ રસ્તામાં ઊભી રહી ગઈ. રસ્તા વચ્ચે ભોંયપર એક માણસ બેસી ગયો હતો. બીજો પાસે બેભાન પડ્યો હતો. ત્રીજો થોડે દૂર મરેલો પડ્યો હતો. વૃશ્ચિકે બેઠેલા માણસોને ખાવાનું ને પાણી આપ્યાં, ને બેભાન માણસને ભાનમાં આણ્યો.

જ્યારે ઝાડો નીચે પોઠ થાક ખાવા પડી ત્યારે વૃશ્ચિકે પેલા બે માણસોને વાત પૂછવા માંડી. મહાસંગ્રામ ચાલી રહ્યો હતો. મહર્ષિ વસિષ્ઠ અને સુદાસ એક તરફ હતા; વિશ્વામિત્ર ને પુરુકુત્સ ને બીજા નવ રાજાઓ સામે હતા. ભેદ રાજાના ગ્રામ આગળ ભીષણ સંગ્રામ ચાલતો હતો અને આ ત્રણ જણ તેમાંથી નાસી છૂટ્યા હતા.

આ વાત કરતા હતાં. અને થોડે દૂર પેલા સૈનિકોએ અંબાને જતાં જોયાં. તે વાત કરતા અટકી ગયા.

'કેમ શું છે?' વૃશ્ચિકે પૂછ્યું.

અપશુકન થયા હોય તેમ પેલા બે સૈનિકોને કમકમાં આવ્યાં.

'આ ક્યાંથી?'

'કોણ આ?' વૃશ્ચિકે પૂછ્યું 'કોઈ વટેમાર્ગુ છે.'

'એ તો નેસપગી છે.' એક સૈનિકે કહ્યું: 'ઋષિ જમદગ્નિની પત્ની રેણુકા જે નાસી જઈ ગંધર્વોની જોડે રહેતી હતી તે. એને ક્યાં સાથે લીધી? તમારો કાળ આવી લાગ્યો છે. એને કૃત્યે તો ભૃગુઓનું નિકંદન નીકળી ગયું.'

સાંભળનારાઓ અવાક થઈ ગયા. આર્યાવર્તની શાપરૂપ મનાતી-જેને માટે જમદગ્નિની આણ હતી-તે એમની સાથે ક્યાં લીધી?

'પણ એની સાથે ઋષિ છે તે તો કહે છે કે એની મા છે.'

'ઋષિ હોય ને તે રેણુકા સાથે ફરે! ખોટી વાત. આ રેણુકાનો છોકરો? હોય નહીં. એના ત્રણ છોકરા તો યુદ્ધમાં મરી ગયા. કાલે ગુરુ વિદન્વન્ત-એનો મોટો છોકરો હણાયો.'

'એને ત્રણ જ છોકરા હતા?' વૃશ્ચિકે પૂછ્યું.

'ચોથો હતો એ તો કેટલાંય વર્ષ પર અનૂપદેશમાં મરી ગયો, કે સહસ્રાર્જુને મારી નાંખ્યો.'

આ ભયંકર વાત તરત મોંઢે મોંઢે આખી પોઠમાં પહોંચી ગઈ. અમ્બાએ બધાની આંખો એના પર ઠરેલી જોઈ ને તે ચેતી ગઈ, ધીમે ધીમે બધા વાત કરતા હતા તેનો મુદ્દો પારખ્યો. એનું મોં લાલચોળ થઈ ગયું. એની આંખમાંથી દડદડ આંસુ પડતાં હતાં.

'પુત્રક !' ઘોડાને માલીશ કરતા ભાર્ગવને અમ્બાએ કહ્યું, ને રડી પડી.

'શું છે, અમ્બા ?'

'મેં તને નહોતું કહ્યું કે મને મરવા દે. પેલા બે જણ કોઈ આવ્યા છે. જટા પરથી એક ભૃગુ લાગે છે. તેણે મને ઓળખી. આખી પોઠ મને પતિત માની, મારા પર દ્વેષ ભરી નજરે જુએ છે. હું અધમ છું, અધમ જ રહેવાની. હું આમ અપમાન પામું તેના કરતાં તો મને લઈ જઈ મારી નાંખ. તારા બાપની વાત ખરી છે. મોત સિવાય મને બીજો આશરો નથી.' રેણુકા કલ્પાંત કરતાં માથે હાથ દઈ બેસી ગયાં.

ભાર્ગવ મંદ હસ્યાઃ 'અમ્બા, ગભરાય છે શું ? તું બેસ. તને કોઈ અમ્બા ન માને તો હું તો છું ને ? તને મારામાં ક્યારે વિશ્વાસ આવશે ? હું જોઉં છું કોણ છે તે ?'

ભાર્ગવ વૃશ્ચિક અને પેલા સૈનિકો બેઠા હતા તે તરફ ગયા. એમની જટા તો છૂટી હતી એટલે એમનું ગોત્ર કોઈ જાણે એમ નહોતું. એ પાસે ગયા એટલે બધાંની આંખમાં એમને માટે તિરસ્કાર હતો તે એમણે પારખ્યો. અમ્બાની વાત ખરી હતી. આ પળે આ પોઠમાં તો શું પણ આર્યોની વસ્તીમાં એનું કે એની માનું સ્થાન નહોતું. પોતે અણજાણ, મા પતિત, આમ જગતના નિર્જીવ ક્ષુદ્રોમાંનાં એ હતાં.

એમને હસવું આવ્યું. હજારોએ એને પશુપતિ માની પૂજ્યો હતો, ભજ્યો હતો, એને સર્વ સમર્પણ કર્યું હતું. એના પગની રજ માથે મૂકવામાં દેવોને દુર્લભ એવું સુખ માન્યું હતું. અત્યારે આ નીચ, સ્વાર્થી, વૃશ્ચિક પણ એને સહન પણ નથી કરતો. મનુષ્યો કેવા મૂર્ખ છે, ને એમને એમની મૂર્ખાઈમાંથી બચાવી લેવાનું કેવું અઘરું કામ છે ?

એ વૃશ્ચિકની પાસે ગયા. બધાના મોં પર સ્પષ્ટ અપમાનકારક અતડાપણું હતું.

'ભૃગુ!' તેમણે પેલા સૈનિકને કહ્યું, 'તું રણક્ષેત્રમાંથી નાસી આવે છે?' સવારે ગીધો જોયાં ત્યારથી અમને ખાતરી થઈ હતી, કે પાસે રણક્ષેત્ર હોવું જ જોઈએ, સત્તાવાહી અવાજ ને તેજસ્વી નયનો જોઈ ભૃગુ ભોંઠો પડયો. 'કેટલે દૂર રણક્ષેત્ર છે?'

'બે જોજન દૂર હશે.'

'કોની વચ્ચે યુદ્ધ ચાલે છે?'

'વશિષ્ઠ ને વિશ્વામિત્ર વચ્ચે.' ભૃગુએ તિરસ્કારથી કહ્યું.

'મુનિવર વશિષ્ઠ અને મહર્ષિ વિશ્વામિત્ર વચ્ચે,' સખ્તાઇથી ભાર્ગવે કહ્યું. 'ભૃગુ થઈને એટલો પણ શિષ્ટાચાર ભૂલી ગયો?'

ભૃગુ ગુસ્સામાં ઊભો થઈ ગયો ને સામે આવીને ઊભો.

'તું મને શિષ્ટાચાર શીખવનાર કોણ?'

ભાર્ગવ હસ્યા 'હું? હું નહીં શીખવું ત્યારે તને કોણ શીખવશે?'

રમતમાં હોય તેમ એમણે ભૃગુને ઊંચકી લીધો ને નાનું છોકરું હોય એમ ભોંએ પટક્યો.

'બોલ, યુદ્ધમાં શું ચાલે છે?' ભૃગુને એમણે પૂછયું

થોડી વારે ભૃગુએ જવાબ દીધોઃ 'વશિષ્ટ મુનિવર જીત્યા. કાલે રાતે મહર્ષિ વિશ્વામિત્ર હણાયા એવી વાત આવી. યુદ્ધ થોડું ઘણું આખી રાત ચાલ્યું.'

'રાજા ભેદ?'

'સવારે અમે નાસી જવા નીકળ્યા ત્યારે ગઢને આગ લગાડી હતી. રાજા ભેદ કાલે બપોરે હણાયો.'

'બીજું કોણ?'

'પુરુકુત્સ રાજા પણ હણાયા—મહર્ષિ શક્તિ–મુનિવરના પુત્ર પણ મરાયા ને અમારા ગુરુ વિદન્વન્ત ઋષિ પણ.'

પલવાર ભાર્ગવ થંભ્યા. 'એ ક્યારે યુદ્ધમાં આવ્યા?'

'પાંચ દહાડા પર આવ્યા. કાલે હણાયા.'

ભાગર્વ પેલા ભૃગુને ભયભીત છોડી ત્યાંથી ચાલી ગયા.

ભાગર્વ ને રેણુકા થોડી વારમાં જ પોઠ છોડી ચાલી ગયાં. એક ઘડી સુધી મા ને દીકરો એક અક્ષરે બોલ્યાં નહીં. માતાનું હૈયું ભગ્નાશ થઈ ગયું હતું. એના લાડકા દીકરાને માથે જે વિપત્તિઓ ઝઝૂમતી હતી તે જોઈ તે તો થરથરી ઊઠી હતી.

એક વહેળા આગળ ઘોડો ઊભો રાખ્યો. બન્નેએ હાથ પગ ધોયા, પાણી પીધું અને થોડી વાર બેઠાં.

ભાર્ગવની આંખ ગીધો ઊડતાં ગયાં હતાં ત્યાં ઠરી ગઈ હતી. એમના મોંઢા પર નિશ્ચલ સ્વસ્થતા હતી. એમના મનમાં શા વિચારો ચાલતા હતા તે રેણુકા કલ્પી શકી નહીં. એણે પાસે આવી તેમના માથાના વાળ સરખા કર્યા.

'પુત્રક ! શું વિચાર કરે છે ?'

'અમ્બા ! મને જરાય વિચાર નથી આવતો.'

'ત્યારે કેમ મૂંગો બેઠો છે ?'

'મને દેખાય છે તે હું તને કહીશ તો તારા દુઃખનો પાર નહીં રહે.'

'બેટા ! મારા દુઃખનો તો હવે પાર છે જ નહીં. હું તો હવે વજ્રહૈયાની બની ગઈ છું. કહે.'

'અમ્બા ! તને મારામાં વિશ્વાસ છે ?' ભાર્ગવ પૂછ્યું.

'પુત્રક ! મારા સર્વસ્વમાં તું જ માત્ર છે. તું મારા જીવનની તાંત છે.'

'તું રડશે નહીં ?

'નહીં રડું.'

'તો તને કહું,' ભાગર્વે કહ્યું. પલવાર કોઈ બોલ્યું નહીં.

'અમ્બા ! સમસ્ત આર્યાવર્ત પડી ભાંગ્યું,' ભાર્ગવે ધીમે રહીને કહ્યું 'મહર્ષિ વિશ્વામિત્ર હણાયા, ઋષિવર વિદ્દન્વન્ત હણાયા.'

'શું કહે છે ?' દુઃખના આવેશથી ગુંગળાઈ જતાં અમ્બાએ કહ્યું.

'મોટા પુત્રના મૃત્યુની ખબર સાંભળી તેને કલ્પાંત કરવાની વૃત્તિ થઈ, પણ ભાગર્વની ગંભીર મુદ્રા જોઈ રડવાની પણ એની છાતી ચાલી નહીં.

'હા! તારા પુત્રોમાં હવે માત્ર હું રહ્યો છું. ભૃગુશ્રેષ્ઠ ચિત્ત-ભ્રમ થઈ ગયા છે. ભૃગુઓની ભગવતીને બધા પતિત તિરસ્કરણીય માની બેઠા છે.'

અમ્બા રડી પડી.

'રડ! અમ્બા રડ! એ વિના તને આશ્વાસન નહીં મળે. કવિ ચાયમાન ગયા. ભૃગુઓનું તેજ પરવારી ગયું. ભરતોમાંથી પ્રતાપ ગયો. મહર્ષિશ્રેષ્ઠ વિશ્વામિત્ર ઋષિ ગયા—દેવદત્ત ભરતશ્રેષ્ઠ ગયો—જયંત એમનો સેનાપતિ ગયો.'

અમ્બા માત્ર ધ્રૂસકાં ખાઈ રહી.

'મુનિવર વસિષ્ઠે—વિદ્યાનિધિએ—સ્વહસ્તે આ બધું કર્યું. વસિષ્ઠના ઉત્તરાધિકારી મહર્ષિ શક્તિ હણાયા. રાજા પુરુકુત્સ હણાયા. રાજા ભેદ હણાયો. આર્યાવર્તનાં તેજ ને ગૌરવ આપણે જઈએ છીએ એ રણક્ષેત્રમાં દટાઈ ગયાં.'

'પુત્રક! પુત્રક! શું થશે?'

'આ તો હજુ આજની વાત. મારી પાછળ વિકરાળ સહસ્રાર્જુન વાઘોથીયે ભયંકર યોદ્ધાઓ લઈ આવ્યા વિના રહેવાનો નથી.'

'બેટા, તારું શું થશે?'

'મારું?' ને શરમાઈ જઈ ભાર્ગવ હસ્યા, 'અમ્બા, આ કાચલાંમાંથી હવે નવી સૃષ્ટિ રચવાની રહી.'

'કેમ કરશે બેટા?' નિરાશામાં અમ્બાએ પૂછ્યું. 'તું તો એકલો છે, બાપ નથી, ભાઈ નથી, ભૃગુઓ નથી.'

ભાર્ગવ હસ્યા, 'અમ્બા! કલ્યાણી! પાછી શ્રદ્ધા ખોઈ બેઠી! પહેલાં આપણે આ ભાંગેલી સૃષ્ટિનાં કાચલાં વિસર્જન કરીએ, પહેલાં

મામા ને ભાઈના શબને અત્યારે શોધી અગ્નિસંસ્કાર કરીએ. પછી બીજી વાત. અમ્બા ! તું પણ મારામાં શ્રદ્ધા ખોશે ?'

રેણુકા આ પ્રભાવમૂર્તિ પુત્રની મુખરેખા જોઈ રહી.

'પુત્રક ! પુત્રક ! હું ફરી શ્રદ્ધા નહીં ખોઉં.' તે પુત્રને વળગી પડી. ભાર્ગવનાં નેત્રોમાંથી વહેતી શક્તિ એને તરબોળ કરી રહી.

એ ઊઠવા જતાં હતાં ને દોડતે ઘોડે વૃશ્ચિક આવી લાગ્યો. તેણે ઘોડા પરથી ઊતરી ભાર્ગવના પગ આગળ લંબાવ્યું.

'ઋષિવર ! બચાવો બચાવો ! આ ગરીબ પ્રાણીને મરતો બચાવો !'

ભાગર્વ કાંઈ બોલ્યા નહીં.

'આપ ગયા ને રખડતા સૈનિકોનાં ટોળાં આવવા લાગ્યાં. ગરીબ બિચારા વૃશ્ચિકની પોઠમાંથી અનાજ ખાવા લાગ્યાં. બે જણ વગર પૂછ્યે ઘોડા ઉઠાવી ચાલતા થયા. એક જણ એક છોકરી ઉઠાવી ગયો. હું મરી ગયો રે મારા બાપ. નાઠેલા સૈનિકોનાં ધાડાં પર ધાડાં આવ્યે જાય છે. મારા પર દેવકોપ ઊતર્યો છે. ભગવતી ! પેલા ગુરુઓને કહે મેં આપની અવગણના કરી. મને ક્ષમા કરો. મને બચાવો. કહો તે પ્રાયશ્ચિત્ત કરું.'

'શા માટે બચાવું ?'

'હું તમારો આશ્રિત છું.' તેણે ભાર્ગવનાં પરશુ ને તીર સામે જોયું. 'સવાર પહેલાં હું લૂંટાઈ જવાનો ને મારા પોઠની છોકરીઓ પર અત્યાચાર થવાનો.'

'હું તને કેમ કરી બચાવવાનો ? હું એકલો છું. હું કોણ છું તે પણ તું જાણતો નથી.'

'તમે મહર્ષિ છો, સદેહે ઊતરી આવેલા ઇન્દ્ર છો; તમારા સિવાય મારો કોઈ આધાર નથી.'

'તારી પોઠ ક્યાં છે ?'

'હું આપ આવ્યા એ રસ્તે લઈ આવ્યો છું. પેલા સૈનિકો

પોઠને આગળ ખસવા દેતા નથી. એ તો મોજમાં બધા જમવા બેઠા છે, એટલે હું નાસી આવ્યો.'

'વૃશ્ચિક, હું એક જ વચને તારું રક્ષણ કરું.'

'શું? આપને કહો તે વચન આપું.'

'તારી આખી પોઠ મને ગુરુ તરીકે સ્વીકારે તો. આ યુદ્ધકાલ છે, મારા શિષ્યો સિવાય બીજાને હું રક્ષી ન શકું'

'જરૂર ગુરુદેવ! મને બચાવો. હું મરતાં સુધી નહીં ભૂલું. મારાં છોકરાઓ તમારું નામ સ્મરણ કરી જીવન કાઢશે.'

'ઠીક તો પાછો જા. હું હમણાં આવું છું.'

'ના—ના—ગુરુદેવ, આપ આવો નહીં ત્યાં સુધી હું નહીં જાઉં,' આ માણસની ભયત્રસ્ત દશા જોઈ ભાર્ગવને દયા આવી. તેમણે વૃશ્ચિકનો વાંસો થાબડયો.' ગભરા નહીં, હું આ ચાલ્યો. તું અમ્બાને લઈને આવ.'

દોડતે ઘોડે ભાર્ગવ પોઠ પડી હતી ત્યાં આવ્યા.

પચીશેક સૈનિકો ત્યાં મોજ કરતા હતા. બે ચાર જણ સ્ત્રીઓના હાથ ખેંચતા હતા. એક જણ ગાયને દોહી દૂધ પીતો હતો. ચારેક જણ નિરાંતે પડયા પડયા ઊંઘતા હતા. કેટલાક બેસી ખાતા હતા. પોઠના થોડા માણસો સૈનિકોની પરિચર્યા કરતા હતા, બાકીના જંગલમાં નાસી ગયા હતા કે પાસેના ઝાડપર ચડી ગયા હતા. પોઠની સ્ત્રીઓ જે નાસી નહોતી ગઈ તે એકબીજીને વળગી ચિચિયારી પાડતી હતી.

ભાર્ગવે શરસંધાન કર્યું અને એક તીરે, વૃશ્ચિકની પુત્રી કિરણીનો હાથ ખેંચી તેને ચુંબન કરવા જતા સૈનિકને ભોંએ પાડયો. સૈનિકો ચોંકયા, દોડીને તેમણે શસ્ત્રો લીધાં. અને આ નવા દુશ્મનની સામે થવા ગયા.

ઘોડા પરથી ઊતરી, હાથમાં પરશુ લઈ, ભાર્ગવ આગળ ગયા. એમની આંખમાં વિનાશકતા હતી. એક સૈનિકે એમને તીર માર્યું.

ભાર્ગવે પરશુ ફેરવી એટલે તીર પરશુ પર અથડાઈ આડું થઈ નીચે જઈ પડયું.

આવડી મોટી પરશુ આર્યાવર્તના સૈનિકોને અપરિચિત હતી. અને અદ્દભુત કૌશલ્યથી તેને વિદ્યુતની માફક માથા પર પડતી જોઈ સૈનિકો જીવ લઈને નાઠા. ધીમે ધીમે ગભરાઈને નાસી ગયેલાં સ્રીપુરુષો પાછાં આવ્યાં. એટલામાં વૃશ્ચિક પણ આવી લાગ્યો અને ગુરુદેવને પગે પડયો.

'વૃશ્ચિક, હજી તારે મારું ગુરુપદ સ્વીકારવું છે ?'

'હું તમારો છું, ગુરુદેવ !'

'તો પોઠ તૈયાર કર, ને દોડતે પગે મારી પાછળ આવ.'

'પણ કયાં ?'

'ગુરુમાં એટલી શ્રદ્ધા નહીં રાખશે તો કામ કેમ ચાલશે ?'

૬

એક પ્રહર પછી ગીધો ને સમડીઓના વ્યૂહો આકાશમાં ચકર ચકર ફરતા દેખાયા. બળતા સ્તંભો ને ધુમાડીની સેરો પણ ગગન ભણી જતી દેખાઈ. રસ્તે ઠેકઠેકાણે મરેલાં માણુસો પણ પડયાં દેખાયાં.

પ્રહરમાં તો પોઠની બધી વ્યવસ્થા ભાર્ગવે હાથમાં લઈ લીધી. રક્ષકો હતા તેમને સૈનિકોનાં નવાં શસ્ત્રો આપ્યાં. પોઠના ઘોડા પર અને સૈનિકો જે ઘોડા મૂકી ગયા હતા તેના પર, પોઠના સારા બેસનારાઓને બેસાડી દીધા.

સહુની પાછળ ગાડાંઓમાં સ્રીઓ ને બાળકો આવતાં હતાં. અમ્મા વૃશ્ચિકની સ્રી સાથે પાછળ ગાડામાં બેઠાં હતાં. સહુની પાછળ વૃશ્ચિક હાથમાં ભાલો લઈ ઘોડા પર બેસી આવતો હતો.

સામેથી પચાશેક સૈનિકોનું ટોળું નાસી આવતું જણાયું. આ બધા દસ્યુઓ હતા અને પાણીદાર ઘોડા પર દોડતા આવતા હતા.

ભાર્ગવે શંખ ફૂંકયો. ભૃગુશ્રેષ્ઠનો શંખનાદ ગગનમાં ગાજી રહ્યો. આવતા ઘોડેસવારોએ એકદમ ખંચાઇ ઘોડા રોકયા. મિત્રભૃગુઓનો વિજયી શંખનાદ તો આ જીવ લઈ નાસતા દસ્યુઓને તરસે મરતા ચાતકને સ્વાતિબિન્દુ સમાન લાગ્યો. સામેથી પોઠ આવતી પણ જોઈ. બે દહાડાના અન્ન વિનાના યોદ્ધાઓ ભાર્ગવ તરફ આવ્યા.

બે યોદ્ધા આગળ આવ્યા. " ભૃગુશ્રેષ્ઠ ! અમને ખાવાનું આપો, કે અમે જલદી નાસી જઇએ.' બોલનારે ભયવ્યાકુલ બની ચારે તરફ જોયું. ' હમણાં પાછળ તુત્સુઓ આવી પહોંચશે.'

ભાર્ગવ હસ્યા. ' તમને કાંઈ નહીં થાય. ગભરાઓ નહીં. કયાં જાઓ છો ? '

' અમારે નાસીને પર્વતોમાં જઈ ભરાવું છે. દસ્યુમાત્રને સુદાસ પકડી, દાસ બનાવી, તુત્સુગ્રામ લઈ જાય છે. '

' રાજા ભેદ હણાયા ? ખરી વાત ? '

' હા. સવારે રાજા ભેદની મહિષી શશિયસીને પકડીને સુદાસ લઈ ગયો. '

' તમે પહેલાં ખાવાનું બાંધી લો. પછી વાત કરીએ. વૃશ્ચિક ! આમને ખાવાનું હોય તે આપી દે. '

' નાસીને કયાં જશો ? ' ભાર્ગવે પૂછયું.

' દૂર પર્વતોમાં ભરાઈ બેસીશું. '

' ને પકડાઈ જશો તો ? '

' અમે મરી ફીટીશું. દાસત્વ નહીં સ્વીકારીએ. '

ભાર્ગવ હસ્યા ' ખરેખર ! '

' રાજા ભેદ ગયા. અમારું સ્વાતંત્ર્ય ગયું. કોઈ દહાડો અમે જીવતા હોઇશું તો દિવોદાસનું રાજ્ય પાછું મેળવીશું. આજે અમારું કોઈ નથી.'

' હું તમારો થાઉં તો ? ' ભાર્ગવે પૂછયું.

આ પ્રશ્ન સાંભળી તેના પૂછનારનું મગજ ઠેકાણે છે કે નહીં એ વિષે યોદ્ધાને સંશય ગયો. ' મહર્ષિ વિશ્વામિત્ર અને મહર્ષિ

વિદન્વંત પણ મરાયા એ તો આપે જાણ્યું હશે. આપ કોણ છો ઋષિવર ?' સભ્યતાથી યોદ્ધાએ પૂછ્યું.

'મારી સાથે આવો તો કહું.' મંદ હસીને ભાર્ગવે કહ્યું.

'ના, અમે તો ચાલી જઈશું. આપ ક્યાં જાઓ છો ?'

'રણક્ષેત્ર પર.'

'ત્યાં મુડદાં ને ગીધો છે.'

'ત્યાં મહર્ષિ વિશ્વામિત્ર ને વિદન્વંત, રાજા પુરુકુત્સ ને રાજા ભેદ પડચા છે. હું તેમની ઉત્તરક્રિયા કરવા જાઉં છું.'

'ઉત્તરક્રિયા ?'

'હા. મારું માની મારી જોડે ચાલો. એ રીતે તમે નિર્ભય થશો, નહીં તો અટવી અટવી ને ગુફા ગુફાઓમાં મરશો.'

યોદ્ધાઓ આ વિચિત્ર માણસને જોઈ રહ્યા. એમની શંકાઓ ડોલવા લાગી.

'મારી સાથે આવો—મારા શિષ્ય તરીકે. કોઈ તમારો વાળ વાંકો નહીં કરે, હું જીવતો છું ત્યાં સુધી. પણ તમને શ્રદ્ધા નથી. તમારે કર્મે રખડવાનું સર્જ્યું છે. જાઓ.'

યોદ્ધાઓ ઘોડા દોડાવી ચાલી ગયા. પોઠ ઝપાટાબંધ આગળ ચાલી. ડગલે ને પગલે સૈનિકોનાં મુડદાં દેખાતાં કે જંગલમાં નાસી જતા સૈનિકોનો પગરવ સંભળાતો.

થોડીવારે ગયેલા દસ્યુ યોદ્ધામાંથી આઠ જણ પાછા આવ્યા.

'આપની સાથે આવવા અમે ખુશી છીએ, ઋવિષર ! અમે વૃદ્ધ થયા છીએ, અમારામાં સંતાતા ફરવાની શકિત નથી. આપ અમને લઈ જાઓ."

"તમારાં શસ્ત્રો ક્યાં મૂકી આવ્યા ?'

'અમે તો શસ્ત્ર છોડી આપના શિષ્યોની પોઠમાં ભળી જઈશું'

'પણ મારે તમારાં શસ્ત્ર જોઇએ છે. એક જણ લઈ આવો. તમારે શસ્ત્રો ધારવાની જરૂર નથી. હું એકલો જ શસ્ત્રધારણ કરવાનો

છું. જલદી લઈ આવો '

'આપ ક્યાં હશો ?' એક યોદ્ધાએ પૂછ્યું.

'જ્યાં પોઠ પડી હશે ત્યાં, મોટી તાપણી બળશે. જાઓ રાતે ત્યાં આવી મળજો.'

નમતે પહોરે જંગલમાંથી પોઠ બહાર પડી ત્યારે, ભયાનક દર્શન એમની સામે ઊભું હતું. રાજા ભેદના ગઢની આસપાસ ક્યાંય સુધી મરેલાં માણસો પડયાં હતાં. ઠેકઠેકાણે ઘોડાઓ મોતના મોંમાં તરફડતા હતા. ભાંગેલા રથો પડયા હતા. મોટી ચિતા હોય એવો ગઢ દેખાતો હતો, તેમાંથી આગના ભડકા નીકળતા હતા. તડફડતા સૈનિકોની વેદનાભરી ચીસોથી આખું વાતાવરણ ભયંકર થતું હતું. પણ રાજા સુદાસ અને વશિષ્ઠના સૈન્યની છેલ્લી ટુકડી અન્ન-જળ ને વિસામો લેવા પોતાને પડાવે જતી હતી. ભાર્ગવે દસ્યુ યોદ્ધાને બોલાવ્યો.

'પાણી ક્યાં છે ?'

'આ તરફ નદી છે.'

'વૃશ્ચિક ! નદીકિનારે પડાવ નાંખ. સ્ત્રીઓ ખાવાની તૈયારી કરે. આપણે બધાં રણક્ષેત્ર પર જઈ ને જે જીવતા હોય તેને લઈ આવીએ. અને જેટલાં સોનારૂપાનાં કંકણ મળે એ તારાં.'

વૃશ્ચિકે આંખ ફાડી. હજારો સોનાંરૂપાનાં કંકણ એને મળે, જો આ ગુરુવચન પાળે તો. એના પગમાં જોર આવ્યું.

'પણ કાલે સુદાસના સૈનિકો લૂંટવા આવશે તો ?'

'તે પહેલાં મળે તે તારું.'

'પણ લઈ લે તો–'

'પાછો શ્રદ્ધા ખોઈ બેઠો ? હું છતાં કોણ લેવાનું છે ?'

વૃશ્ચિકને થોડોક વહેમ તો હતો કે આ જુવાન ઋષિમાં જરા ગાંડપણ હતું, પણ એનાં વચન ફળીભૂત કરવામાં તે એવો ચમત્કાર કરતો હતો કે તેને લાગ્યું કે આ ઋષિને પ્રતાપે તેનો દી ફરી

ગયો હતો.

પહેલાં તો પોઠના માણસોની રણક્ષેત્રમાં જવાની હિંમત નહીં ચાલી, પણ ભાગર્વની આજ્ઞા ઉથાપાય એમ નહોતું. એણે એક વજ્ર જેવા દૃષ્ટિપાતે કહી દીધું હતું કે "મારી આજ્ઞા ઉલ્લંઘશે તેને તો મરવું જ રહ્યું."

ગીધ ને સમડીઓના વ્યૂહ નીચે હજારો મરેલાં ને મરણતોલ માણસો વચ્ચે થઈ કારમા રણક્ષેત્રમાં ભાર્ગવ ને વૃશ્ચિકના માણસો જીવતાં માણસો શોધવા લાગ્યા. અમ્બા સુંવાળાપણું વિસરી કિરણી ને બીજી કેટલીક સ્ત્રીઓ સાથે આવ્યાં.

અંધારું થવા આવ્યું એટલે લાકડાં ચેતાવી મશાલો કરી. એક ભાંગેલા સુંદર રથની નીચેથી કોઈની ચીસો આવતી હતી. ભાર્ગવે જઈ રથ નીચે ખભું ટેકવ્યું અને કચરાયલો માણસ જેમ તેમ સરકીને બહાર આવ્યો. ઘવાયલો યોદ્ધો ચીસો પાડતો હતો,

'અમ્બા!' ભાર્ગવે કહ્યું, 'આને ઉંચકાવીને લઈ જા. આ કોઈ વાશિષ્ટ છે. મહર્ષિ શક્તિને શોધી કાઢું છું.'

અમ્બાએ ઘાયલ યોદ્ધાને પાણી પાયું.

'ઓ! ઓ! મહર્ષિવર —'

'લે ભાઈ લે!' અમ્બાએ ખોબાવતી પાણી પાયું.

'અમ્બા!' ભાર્ગવે કહ્યું.....

ઘવાયલા માણસે આંખો ઉઘાડી. તેને ભાન આવ્યું, 'અમ્બા! ભગવતી અમ્બા!' તે બબડયો.

'હા બેટા, હા,' અમ્બાએ કહ્યું

ભાર્ગવે મશાલ લાવી ધરી ને રેણુકાએ તેને ઓળખ્યો. 'કોણ પરાશર? બેટા હું જ છું.' અમ્બાએ પરાશરના માથા પર હાથ ફેરવ્યો.

'અમ્બા! અમ્બા!' મુનિ પરાશર રડી પડયા ને બેભાન થઈ ગયા. અમ્બા મુનિવર વસિષ્ઠના પૌત્ર પરાશર મુનિને ઉંચકાવીને પડાવ પાસે લઈ ગયાં.

મહાવીરોનાં શબો શોધવાં સહેલાં થઇ પડયાં. આસપાસ સામાન્ય સૈનિકોના શબોના ઢગલા તેમના અપ્રતિમ વીર્યની સાક્ષી પૂરતાં હતાં.

ત્યાં પડયા હતા મુનિ વસિષ્ઠના પુત્ર વીર ને તપસ્વી મહર્ષિ શક્તિ; વીરોના પણ વીર એવા અનુઓનો રાજવી પ્રચંડ; ને દશ રાજાઓના સમૂહમાં પ્રમુખ એવા વૃદ્ધ પુરુકુત્સ, તુત્સુ સેનાપતિ હર્યાશ્વ.

પછી વિદન્વન્ત ઋષિનું શબ હાથ લાગ્યું. ભાર્ગવે મોટભાઇના અવશેષને પ્રણિપાત કર્યો, અને તેને જાતે ઊંચકી રડતી માતાને તે સોંપી આવ્યા.

ગઢ ભડભડ બળતો હતો. તેના ભડકાના અસ્થિર તેજમાં આખું રણક્ષેત્ર એક અનંત શ્મશાન હોય એવું ભાસવા લાગ્યું.

સો માણસો હાથમાં મશાલ લઇ મુડદાં શોધતા ફરતા હતા. તે ભુતાવળના ભાસ કરાવતા હતા. સાંજ પડી એટલે હિંસક પ્રાણીઓ આવવા માંડયાં, અને તેમાંથી મુડદાંઓ બચાવવા એ અઘરું કામ થઇ પડયું.

મધરાત થઇ એટલે આઘથી મસાલો લઈ સો દોડતા સૈનિકો આ તરફ આવ્યા. તૃત્સુ સૈન્ય એટલું થાકી ગયું હતું કે તરત કોઇને રણક્ષેત્ર પર મોકલી શકાય એમ નહોતું. પણ જેવી એક ટુકડી ખાઇને તૈયાર થઈ એટલે વરૂ, શિયાળવાં ને ચોરોથી રણક્ષેત્રને સાચવવા તેને મોકલી દીધી. સવારે બીજાં માણસો આવવાનાં હતાં.

અંધારી રાત એ તો સદાય ભયની જનેતા હતી. અને દિવસોના શ્રમ પછી મધરાતે અઘોર શ્મશાન ભૂમિનું સંરક્ષણ કરવાની આ સૈનિકોની વૃત્તિ ઘણીજ થોડી હતી. પણ જ્યારે તે રણક્ષેત્ર આગળ આવ્યા ત્યારે તે અટકીને ઊભા. શાંત થયેલા ગઢમાં કવચિત થતા ભડકાના પ્રકાશમાં તેમણે આ ભયંકર સ્થળમાં ભૂતો ને પિશાચો ફરતાં જોયાં. એમના હાજાં ગગડી ગયાં. તેમણે હોંકારો કરી ભૂતોને નસાડી મૂકવા કે છાતીમાં હામ લાવવા મહેનત કરી. તેમણે

પોતાની મશાલો પણ તેજ કરી.

એકદમ પ્રચંડ પડછાયો તેમની તરફ આવતો જણાયો. એ આંખો વાઘની જેની ચમકતી અંધકાર ભેદી રહી હતી. એ પડછાયાના માથાની પાસે, ઉપર, કાંઈ વર્તુલાકાર હોય એવું ચમકર્યાં કરતું. જંગલમાંથી શિયાળવાંની બૂમો ને કૂતરાનાં ભસવાના અવાજ સૈનિકોના હૃદયમાં ભયાનક પડધા પાડવા લાગ્યા.

પડછાયો પાસે આવ્યો. 'કોણ છો?' તેણે ભયંકર અવાજે પૂછ્યું. બધા સૈનિકો ગભરાઈ ગયા.

એક જણે ખભેથી ધનુષ ઉતારી ધ્રૂજતે હાથે તીર ખેંચ્યું.

'ખબરદાર!' ભાર્ગવે કહ્યું.

એમની વિલક્ષણ આંખો અંધારી રાતે પણ શરસંધાન ને તીરની દિશા જોઈ શકી. ડફુનાથ અઘોરી પાસે શીખેલી કલાથી તે ઊંચા કૂદ્યા, મનુષ્ય કૂદી ન શકે એટલે ઊંચે. તીર એમની નીચેથી પસાર થઈ ગયું.

આ ચમત્કારથી ગભરાઇ સૈનિકો મશાલો નાંખી દઈ પોબારા ગણી ગયા.

'જાઓ, જઈ ને રાજા સુદાસને કહેજો કે એણે મારેલાં ને મરવા સૂતેલાં હવે બધાં મારાં છે.'

શ્મશાનથી યે ભયંકર રણક્ષેત્ર પિશાચના અટ્ટહાસ્ય સમી 'હા—હા—હા'ની હાસ્યગર્જનાથી ગાજી રહ્યું.

ગઢના મુખ્ય આગળ ઘણી મહેનતે રાજા ભેદનું શબ મળ્યું. સેંકડો તીરે વીંધાયલું, ઘોડાના પગ નીચે કચરાયલું શબ મહામહેનતે દસ્યૂ યોદ્ધાઓએ ઓળખ્યું. ભાર્ગવે આ બહાદુર નરના શબને બાંધ આપી.

ઘણી તપાસ કરી પણ મહર્ષિ વિશ્વામિત્રના શબનો પત્તો ન ખાધો. એમનો રથ ભાંગલો પડ્યો હતો. એક ઘોડો પણ ઘવાઈ ને તડફડતો હતો, પણ મહર્ષિનાં કાંઈ ચિન્હ નહોતાં.

દસ્યૂઓના એક અગ્રગણ્યે પોતે મહર્ષિને રથમાં ઘવાઈને પડેલા જોયા હતા.

શું વસિષ્ઠે એમને પકડી લીધા? શું સેંકડો ભરતો નાસી ગયા? તે એમને સાથે લઈ ગયા? ગઢમાં એ બળી મૂઆ?

છેક અરુણોદય થયો ત્યારે પડાવ નાંખ્યો હતો ત્યાં ભાર્ગવ ગયા. એમણે ઘવાયેલા બચાવી લીધા હતા અને મરેલા મહાપુરુષોના શબોને અગ્નિદાહ માટે તૈયાર કર્યાં હતાં.

પોતાનું દુઃખ વિસરી ઘવાયલાંની સારવાર કરી રહેલી માતાને તેમણે કહ્યું; ' અમ્મા ! દુઃખીઓનાં દુઃખ હરનારી રેણુકા માતાનાં તો ખંડેખંડે મંદિરો થશે. '

' પુત્રક ! મારે તો તારી માતા જ થવું છે. બીજું કાંઈ નહીં.'

૨. બીજે દહાડે સવારે.

૧

બીજે દહાડે સવારે તુત્સુઓના રાજા સુદાસે પોતાના પડાવમાંથી વિજયપ્રસ્થાન કર્યું. હજાર ઘોડેસવારો, બે હજાર પગપાળા, ચારસો રથો, બે હજાર કેદીઓ, હજાર બીજાં સ્ત્રીપુરુષો પડાવમાંથી નીકળી વિજયઘોષણા કરતાં તુત્સુગ્રામ તરફ જવા નીકળ્યાં. વિજયના ઉત્સાહમાં બધાં ઘેલા થઈ ગયાં હતાં. વર્ષો થયાં આદરેલા આ મહાયુદ્ધનો અંત આવ્યો હતો. પુરાકુત્સાદિ દશ રાજાઓનો સમૂહ ધૂળ ચાટતો થયો હતો. વિશ્વામિત્ર જેણે આ સમૂહને પ્રેર્યો અને દોર્યો હતો તે હણાયા હતા. ભરત ને પુરુ, ભૃગુ, અનુ, દ્રુહ્યુ ને તુર્વસુ ને દસ્યૂઓ છિન્નભિન્ન થઈ નાસી છૂટયા હતા કે મરી ફીટયા હતા.

રાજા ભેદ દસ્યૂઓનો રાજા, શંબરનો પુત્ર અને મહર્ષિ વિશ્વામિત્રનો સાળો હતો. તેનો દેહ રણક્ષેત્ર પર પડયો હતો. એ દસ્યૂએ સુદાસ રાજાના કાકાના છોકરા ને સેનાપતિ હર્યશ્વની પુત્રવધુ શશિયસી જેવી આર્યશ્રેષ્ટાનું હરણ કરી અક્ષમ્ય અપરાધ વહોર્યો હતો. આ અધર્મ્યથી આર્યાવર્તને મુક્ત કરવાની પ્રેરણા મુનિવર વસિષ્ઠે કરી હતી. વર્ષો થયાં આર્યાવર્તે લોહીની નદીઓ વહેવડાવી ઉગ્ર તપશ્ચર્યા કરી હતી, આજે એ તપશ્ચર્યા ફળી હતી. રાજા સુદાસની પાલખીની પાછળની પાલખીમાં રાજા ભેદની સ્ત્રી શશિયસી રડી રડી

બેભાન બનેલી, સ્ત્રી પહેરેગીરોથી સંવૃત્ત પાછી તુત્સુગ્રામ લઈ જવામાં આવતી હતી.

રાજા સુદાસ પરમ આનન્દ અનુભવતા. એમના જીવનનાં બે ધ્યેય હતાં: એક બધાથી શ્રેષ્ઠ રાજા થવાનું, બીજું એમના બાલસહાધ્યાયી વિશ્વામિત્રનો પ્રાણ લેવાનું. દેવોએ આજે એમને બન્ને ધ્યેયો સાધી આપ્યાં. આર્યાવર્તમાં એ આજે ચક્રવર્તી હતા. વિશ્વામિત્ર ગઈ કાલે મરાયા હતા. એના પિતાએ તો દસ્યૂઓના રાજા શંબરને જીત્યા, એણે તો ભરત, પુરુ આદિ દશજાતિના રાજાઓને જીત્યા હતા.

રાજા સુદાસ ને તેની સેના વાજતી ગાજતી પડાવથી બહાર પડી. મુનિવર વસિષ્ઠ રણમાં પડેલા મહારથીઓની ઉત્તરક્રિયા માટે પાછળ રહ્યા.

ભાર્ગવ દૂર એક ઝાડ પાસે ઊભા ઊભા આ જયઘોષ કરતી સેનાને ધ્યાનથી જોતા હતા. તે ગઈ એટલે તે ધીમે ડગલે પડાવ આગળ આવ્યા, અને મુનિને મળવાની ઇચ્છા દેખાડી.

થોડીવારે સૈનિક એમને પડાવની અંદર થઈ પાછળ લઈ ગયો. આર્યાવર્તનું ઝંખેલું વાતાવરણ ત્યાં પ્રસરી રહેલું હતું. એમની આસપાસ નહોતાં યુદ્ધનાં ચિહ્નો કે નહોતું અશાંતિનું વાતાવરણ. ત્યાં વિજયનો ઉત્સાહ નહોતો, દ્વેષીઓના પરાજયથી થતો સંતોષ નહોતો. ચારે તરફ પૂજ્યભાવથી તરબોળ સૌમ્ય ને શાંત વાતાવરણ હતું.

વસિષ્ઠ વેદીની પાસે બેઠા હતા. સૂકા, ઊંચા, સ્વસ્થ, શ્વેત દાઢી ને જટામાં દેદીપ્યમાન. એમના પ્રશાંત મુખમાંથી મધુરે સ્વરે એ મંત્રોચ્ચાર કરતા.

ભાર્ગવને વસિષ્ઠ મુનિનાં સ્મરણો આછાં હતાં. એમણે સૌરાષ્ટ્રોનાં ને આનર્તોનાં જંગલમાં આર્યાવર્તની વિશુદ્ધિનાં સ્વપ્નાં સેવ્યાં હતાં, અત્યારે તે નજર આગળ હતાં–કલ્પ્યાં હતાં તેનાથીયે સરસ. આખી રાત મહેનત કરી એ વૃદ્ધ મુનિને નમ્રતાનો પાઠ પઢાવવા આવ્યા હતા, પણ તેમને નવું દર્શન થયું. મુનિવર વસિષ્ઠ એમણે

ધાર્યો હતા તેવા મહાત્ત્વાકાંક્ષી તપોનિધિ નહોતા; પોતાની મહત્તાના લોભમાં ભૃગુઓ અને ભરતોને બાળી મૂકતા અગ્નિ નહોતા. સૈન્યો પ્રેરતા ને વિનાશતા પ્રતાપી રાજપુરોહિત નહોતા. અત્યારે વિદ્યા ને તપમાંથી નીસરતી વિશુદ્ધિની સ્થિર ને સમાન જ્વાલા હોય એમ લાગતા હતા.

અગ્નિશાળાની બહાર ભાર્ગવે પરશુ ને ધનુષ્યબાણુ એક ઝાડને ટેકવીને મૂક્યાં ને વેદી પાસે જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યો.

'કોણુ ?' વસિષ્ઠનો મીઠો હેતાળ અવાજ પૂછી રહ્યો.

'મને નહીં ઓળખ્યો ? હું રામ જામદગ્ન્ય.'

'વત્સ, તું ક્યાંથી અત્યારે ? અહીંયાં ?'

વસિષ્ઠ ઊભા થઈ ગયા, ને ભાર્ગવને ભેટી પડ્યા. 'મેં થોડા દહાડા પર જ સાંભળ્યું કે તું આનર્તથી આવી પહોંચ્યો છે. બેસ.' તેમણે કહ્યું. 'કેમ અત્યારે આવ્યો ?'

'હું એક યાચના કરવા આવ્યો છું.' ભાર્ગવની ચકોર આંખ એક નિમિષ, એક શબ્દથી વસિષ્ઠનું અંતર પારખવા અધીરી થઈ હતી.

'શી ?'

'આપ મારી સાથે આવી મહર્ષિ શક્તિ ને મહર્ષિ વિદન્વન્ત, રાજા પુરુકુત્સ અને સેનાપતિ હર્યશ્વ, રાજા ભેદ અને રાજા પ્રચંડની ઉત્તરક્રિયા કરાવો.'

'ઉત્તરક્રિયા !'

'હા કાલે યુદ્ધ પુરું થયું, ને હું રણુક્ષેત્ર આગળ મારા શિષ્યો સાથે આવી પહોંચ્યો. આખી રાત શોધ કરીને આ બધાના દેહ મેં મેળવ્યા છે. મધ્યાન્હે આપને જ હાથે એ મહાત્માઓને પિતૃલોકને પંથે વિદાય દો એ જ યોગ્ય છે.'

'હું હમણાં જ બધું કરવા આવતો હતો. અને મારા માણસો ત્યાં મોકલ્યા હતા, તેનું શું થયું ?'

'રાતે મને જોઈ ભાગી ગયા. હું આ બધાના દેહોને લઈ

આવ્યો પછી સવારના આવી એ રણક્ષેત્રમાં ફાંફાં મારી રહ્યા છે, પણ કંઈ મળતું નથી.'

'ભાર્ગવ! પરાશરનો દેહ ન મળ્યો?' વૃદ્ધ મુનિનો અવાજ જરાક અશાંત હતો. 'મુનિ જીવે છે?'

'રથ નીચે કચડાઈ પડ્યા હતા. મેં રથ ઊંચકી એમને બહાર કાઢ્યા. અમ્બા એમની સારવાર કરે છે.'

અમ્બાનું નામ સાંભળતાં મુનિવરના મુખ પર જરાક વાદળ આવ્યું, પણ આવ્યું તેવું જ અદૃશ્ય થયું. 'રેણુકા તારી સાથે છે?'

'હા. અમ્બાને હું લઈ આવ્યો છું.'

'મહર્ષિ?' મુનિએ પૂછ્યું.

'મહર્ષિનો દેહ હાથ નથી આવ્યો ને પત્તો યે નથી.'

'અરરર, એ શું થયું. કોઈ વનેચરને એમનો દેહ ન સાંપડે એટલા માટે તો મેં ખાસ માણસો મોકલ્યાં છે.'

મુનિવર ભાર્ગવને એમના તરફ એકાગ્ર દૃષ્ટિએ જોતા જોઈને હસ્યા.

'વત્સ! તું મારી કસોટી કરી રહ્યો છે કેમ? મને આર્યોમાં પોતાનાં ને પારકાં નથી. તેથી મેં રાજા સુદાસને વિદાય કર્યો ને આ છેલ્લું સમેટવાનું કામ મારે માથે રાખ્યું.'

ભાર્ગવ બોલ્યા નહીં.

'ભાર્ગવ! મારે મન આર્યાવર્ત એ હતા નહીં; એ થઈ શકે નહીં'.

'તેમાં જ હું આપને બોલાવવા આવ્યો છું. શક્તિ ને વિદન્વન્ત ભેદ ને હર્યશ્વની સાથે સાથે યમલોકમાં જાય એમાં જ આપનું ગૌરવ છે.'

વસિષ્ઠની નિર્મલ આંખો ભાર્ગવ પર ઠરી.

'વત્સ! આ યુદ્ધમાં તારાં સંબંધીઓ ને મિત્રકુલોનો બહુ સંહાર થયો છે, એટલે તું ક્ષમા નહીં આપે. પણ ઘણે વર્ષે આવ્યો છે. તું મને ઓળખતો નથી. પણ એક વાત મારી માનજે અને જોઈએ તો ગમે તે કસોટીએ તેને ચઢાવજે. આ યુદ્ધ મેં આર્યત્વ ઉદ્ધારવા

આદર્યું હતું. એનાથી આર્યત્વ આજે ઉદ્ધર્યું છે. એ આર્યત્વ આપણને એક તાંતે બાંધે એ માટે હું જીવું છું. મહર્ષિ વિશ્વામિત્ર જીવતા હોય તો મારે એમની કોટે વળગી મારામાં વિશ્વાસ રાખવાને યાચના કરવી છે. ન હોય તો મારે હાથે એમનો અગ્નિદાહ કરવો છે. ચાલ આપણે જઈએ.'

વૃદ્ધ ને યુવક બન્ને એકબીજાના અપ્રતિમ વ્યક્તિત્વથી આકર્ષાઈ સાથે સાથે રણક્ષેત્રે ગયા.

'રામ!' વસિષ્ઠે કહ્યું: 'શું કર્યું તે તો કહે.'

૨

નદીને તીરે શક્તિ ને વિદન્વન્તની, રાજા પુરાકુત્સ, રાજા ભેદ, પ્રચંડ ને તુત્સુ સેનાપતિ હર્યશ્વની છ ચિતાઓ ખડકાઈ હતી. થોડે દૂર બીજાઓની ચિતાઓ તૈયાર કરવામાં આવી હતી.

શક્તિની ચિતાને મુનિ વશિષ્ઠે આગ મૂકી. મૂકતાં પહેલાં એમણે દેવને અંજલિ આપી.

'દેવો! ઇન્દ્ર, વરુણ, અગ્નિ, અશ્વિનો અને મરુતો! મારી આ આહુતિ સ્વીકારો. તમારાથી પ્રેરાઈ આર્યાવર્તના ઉદ્ધારાર્થે મેં રણયજ્ઞ આરંભ્યો હતો. વાસિષ્ઠોના કુળપતિપદના મારા ઉત્તરાધિકારીને તમે એ યજ્ઞમાં આહુતિરૂપે લઈ મને કૃતાર્થ કર્યો. પુત્ર–પિતાને અગ્નિસંસ્કાર કરે એ નિયમ પલટી મને જ આ ધર્મકાર્યમાં મારા પુત્રને અગ્નિ-સંસ્કાર કરવા દીધો. દેવો, હું તમારો ઋણી છું.'

ભાર્ગવે બીજા બધાને અગ્નિસંસ્કાર કર્યો.

જે મહારથીઓએ ગઈકાલે એકબીજાના પ્રાણ લીધા હતા તેમના દેહોના ધુમાડા સાથે ભળી ગગનમાં જવા લાગ્યા.

'આપણે હવે મહર્ષિની તપાસ કરવી જોઈએ.' મુનિવરે કહ્યું.

'પહેલાં આપ મુનિ પરાશરને મળી લો.'

'ઘવાયેલા, પેલા આંબાવાડિયામાં સુવાડ્યા છે?'

'હા.'

'હું ત્યાં નહીં આવું. ત્યાં રેણુકા હશે. મને જોઈ એ શરમની મારી વ્યાકુળ બનશે. એ બિચારી પર ઘણી વિપત્તિ આવી પડી છે. એના દુઃખમાં મારે દુઃખ વધારવું નથી.'

'મુનિવર,' ભાર્ગવે કહ્યું, 'આપને તેડવા આવ્યો ત્યારે મેં પણ અમ્બાને એજ પૂછ્યું હતું. તેણે જવાબ દીધો કે જો આપને એના જેવી પતિત પાસે આવવાને વાંધો ન હોય તો એને જરાય વાંધો નથી.'

વશિષ્ઠે સૌમ્ય દૃષ્ટિએ, ભાર્ગવ તરફ જોયું. 'ભાર્ગવ, રેણુકા તો આર્યાઓમાં શ્રેષ્ઠ છે. હું તો એ બાલક હતી ત્યારની એને ઓળખું છું. એ તો વિશુદ્ધિનું સત્ત્વ છે. સદાય મેં એને પતિપરાયણતાની મૂર્તિ જાણી છે. એના જેવી આર્દ્રહૃદયી કલ્યાણી આખા આર્યાવર્તમાં નથી. એણે આમ કેમ કર્યું, મહર્ષિની આણ કેમ વહોરી, આ આળ એને માથે કેમ આવ્યું એ મને તો સમજાતું નથી. હું યુદ્ધમાં રોકાયો ન હોત તો આ થવા દેત નહીં.'

ભાર્ગવે રેણુકાની બધી હકીકત કહી. બધી વાત સાંભળી એટલે મુનિ વિચારમાં પડ્યા.

'વત્સ, તેં શું કર્યું તે તું સમજતો જ હશે.'

'હા,' ભાર્ગવ મંદ હસ્યા. 'મારા પિતાની આજ્ઞા લોપી? પતિત માતાને સાથે લઈ આવ્યો? ના, મુનિવર, મારા પિતાને હું પૂજું છું. એમની આણ મારા માથા પર છે. અમ્બાને પણ છે, એમણે મને મૃત્યુદંડ દીધો છે, તે મને પણ માન્ય છે. અમ્બા પણ ખુશી છે.'

'પણ તું તો આજ્ઞા ને આણ બન્નેને ઓળંગ્યો જાય છે.'

'ના, હું અમ્બાને પિતાજી પાસે લઈ જાઉં છું—એ આજ્ઞાને આધીન થઈને; અને એમની આણ સાર્થક કરવા અમ્બાનો વધ કરીશ.'

'પણ તારે હાથે તારી માને મારશે ? એ કેમ બનશે ?

'મારા પિતાની આજ્ઞા — એ જ મારું શાસન. પણ હું મારી માતાનો જ પુત્ર છું — આવી આજ્ઞા પાળી હું જીવવાનો નથી.'

વસિષ્ઠ ચકિત થયા, 'તું શું કરશે ?'

'હું પણ મારી માતાની ગોદમાં જ પડયો હોઈશ; જેમ બાલપણમાં, તેમજ મૃત્યુમાં.'

'તું અજબ છોકરો છે. ચાલ હું આવું. રેણુકાને મળું. તું તો એને આણુની સિદ્ધિ અર્થે લઈ જાય છે. એટલે એમાં કંઈ અધર્મ્ય નથી; પણ તે તો ભયંકર વ્રત છે.'

'હું વ્રત લેતો જ નથી. હું જે કહું છું તે તો પ્રાણ સાટે કરવા માટે જ મોંમાંથી કાઢું છું.'

વસિષ્ઠ આ વિચિત્ર યુવકને સાંભળી મુગ્ધ થઈ ગયા.

'જોઉં, મારાથી શું થાય છે. પણ હમણાં તો પરાશરને મળી લઉં.'

બન્ને જણ આંબાવાડિયાં તરફ જવા નીકળ્યા, અને ઘોડાઓના પગરવ સંભળાયા ને ધૂળના ગોટા દેખાયા. શંખનાદ થયો, ભૃગુઓનો— પણ એમાં અપરિચિત ફેરફાર વસિષ્ઠને કાને સંભળાયો 'આ કોનો શંખનાદ !' તેમને વિચાર આવ્યો. ભૃગુઓની કઈ નવી શાખાનો શંખનાદ. વસિષ્ઠનો અચંબો વધ્યો. આ મોહક નિશ્ચયાત્મક ને બહાદુર જમદગ્નિનો પુત્ર ક્ષીણ ભૃગુકુલનો અવશેષ હતો એમ એમની જાણમાં હતું, પણ એ આ નવી શાખાનો છે તેની એમને ખબર નહોતી. શંખનાદના જવાબમાં ભાર્ગવે તેવો જ પ્રતિશબ્દ કર્યો. આ કઈ શાખા જે મુનિવરને પણ અણજાણ હતી !

'ક્ષમા કરો !' કહી ભાર્ગવ આવતા ઘોડાઓ તરફ ગયો.

દોઢસોએક ઘોડેસવારો આવ્યા. સુંદર ઘોડાઓ, ચમકતાં સ્નાણો, પ્રચંડ પરશુઓ, આ સૈન્ય ભેદની મદદે આવતું હતું ? યોદ્ધાઓ પર જુદું તેજ, જુદી શિસ્ત, જુદી શક્તિ મુનિવરે જોઈ. આ કોણ !

ઘોડેસવારોના નાયકો ઘોડા પરથી ઊતરી ભાર્ગવને પગે લાગી રહ્યા. ‘ ગુરુદેવ ! ’

‘ આ યુવક ગુરુદેવ ? ’ વસિષ્ઠ વિચારમાં પડ્યા.

‘ વિમદ, કૂર્મી, ઉજ્જયંત, પહેલાં પગે લાગો મુનિઓમાં શ્રેષ્ઠ વસિષ્ઠને, ગુરુઓના પણ ગુરુ ને. ’

વસિષ્ઠની આંખ ખૂલી ગઈ. આ યુવકને હતાશ ભૃગુકુલના દુઃખી કુલપતિનો એક માત્ર પુત્ર ગણી એમણે સ્નેહથી આવકાર આપ્યો હતો. એનાં વ્યક્તિત્વ, ચાપલ્ય ને દીર્ઘદૃષ્ટિ પર તે મુગ્ધ થયા હતા. એણે પોતાની થોડી કાંઈક વાત શરમાળપણાથી કહી હતી એ ઉપરથી એમને માન ઉપજ્યું હતું. પણ શક્તિમાં ફાટી પડતા યોદ્ધાઓના વંદન સ્વીકારતો સાક્ષાત્ ઈન્દ્ર સમો એને ઊભેલો જોઈ એમને અણધાર્યાં ઇતિહાસોના ભણકારા વાગ્યા. શું દાશરાજ્ઞનો ઉત્તરાર્ધ શરૂ થયો ?

‘ વિમદાચાર્ય ! વિદ્વન્વન્ત ને મહર્ષિ શક્તિ, અને રાજા પુરાકુત્સની આ ચિતાઓ બળે છે, એને નમસ્કાર કરી આવો. ગઈ કાલે રાજા સુદાસ જીત્યા; ભરતો, ભૃગુઓ ને દસ્યુઓ હાર્યા. દાશરાજ્ઞ પૂરો થયો. આપણે જોયું ને માણ્યું હતું તે આર્યાવર્ત સંકેલાઈ ગયું. ’

‘ હું હજી છું. ’ હસીને મુનિવરે કહ્યું.

‘ આપ તો આજના આર્યાવર્તના નથી. આપ તો એના ભૂત, વર્તમાન ને ભાવિ ત્રણેના છો. ચાલો આપણે પરાશર મુનિને મળી આવીએ. આચાર્ય ! પેલા નિશસ્ત્ર દસ્યૂ યોદ્ધાઓને તેં અપનાવ્યા લાગે છે. મને એ રસ્તામાં મળ્યા હતા. એ આ સ્થળના ભોમિયા છે. એમને લઈને ફરી વળો. મહર્ષિ વિશ્વામિત્રનો પત્તો શોધી કાઢો. એમનો દેહ હજી મળ્યો નથી. ’

પોતે પિતૃલોકમાં હોય—પ્રેરણાવાહક ને સદાય પૂજાયલા અને છતાં ય સંસારને ઘડવાને અશક્ત—એવો મુનિને ખ્યાલ આવ્યો. જો આ યુવક જ આર્યાવર્તનું ભાવિ હોય તો એની જ સાથે તાદાત્મ્ય

સાધવાથી આર્યત્વનો વિજય થાય એવો વિચાર તેમના હૃદયમાં ઉદ્‌ભવ્યો.

આંબાવાડિયામાં સેંકડો ઘવાયલાં માણસો પડયાં હતાં. પોઢના સ્ત્રીપુરુષો તેમની સારવાર કરી રહ્યાં હતાં. અંબા અહીંયાંથી ત્યાં ફરતી ને યોગ્ય ઉપચારો કરતી કે કરાવતી. જયાં એ જતી ત્યાં દુઃખીઆઓ દુઃખ વિસરી જતા.

રસ્તે જતા એકલા વટેમાર્ગુએ એક દહાડામાં ઊભા કરેલા નવા કાયદાઓ ને વ્યવસ્થાસર સાચવેલાં જીવનો જોઈ વસિષ્ઠને નવા પ્રકારના પ્રભાવની ઝાંખી થઈ. એણે મૂક હૃદયે દેવોનો આભાર માન્યો. છ મહિના પર આ છોકરો આર્યાવર્ત આવ્યો હોત તો !

રેણુકા આવી અને પતિતની માફક દૂરથી પગે પડી. વસિષ્ઠ મુનિ ઊંડી સમજથી હસ્યા ને હેતથી પાસે આવ્યા.

'રેણુકા ! તું પતિત નથી. વત્સે મને કહ્યું છે કે મહર્ષિની આજ્ઞા સ્વીકારી તું પોતે જ અગ્નિપ્રવેશ કરવાનો સંકલ્પ કરી બેઠી છે. તારો સંકલ્પ જ તને હમણાં તો વિશુદ્ધ કરી રહ્યો છે. તારું કલ્યાણ થાઓ.' મુનિવરે આશીર્વચન કહ્યા ને રેણુકાને માથે હાથ મૂકયો. રેણુકાની આંખમાં આસું આવ્યાં. આ મહાત્માની દૃષ્ટિએ તે પાપાચારી નહોતી.

'રેણુકા,' મુનિવરે કહ્યું 'ઋષિ વિદન્વન્તે અદ્‌ભુત પરાક્રમ કર્યું, તારી કૂખ ઉજાળી.'

રેણુકાની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

'મુનિવર ! આપે પરાક્રમ કરાવ્યાં ને આ છોકરાઓએ કર્યાં, પણ એમાં અમારો વિચાર કર્યો ? અમે નવ મહિના ગર્ભ ધારીએ, આખો અવતાર દુઃખ વેઠી છોકરાંઓ ઉછેરીએ; તે તમે ગીધ ને શિયાળને ખવડાવો માટે ? જે મેં ચાર છોકરા જણ્યા, તેમાંથી ત્રણ તમારા ક્રોધાગ્નિમાં મરી મૂઆં. આ દેવોની કૃપા !' રેણુકાએ આંસુ લૂછયાં.

'રેણુકા !' જાણે નાના બાળકને સમજાવતા હોય તેમ સ્નેહાળતાથી વસિષ્ઠે કહ્યું, 'મારા મિત્રો, શિષ્યો, મારું આખું કુલ એ બધું હોમી દેતાં મને વિચાર નહીં આવ્યો હોય ? હું તો દેવોનો ઋણી છું કે મારા પુત્રનો અર્ધ્ય સ્વીકાર્યો.'

'આ બધાએ એક બીજાનું શું બગાડયું હતું ? તમે આ યુદ્ધ ઊભું ન કર્યું હોત તો ? આ બધા આજે સ્વજનો બની મોજ માણતા હોત. આજે એમની અભાગી સ્ત્રીઓનું શું ? એમનાં કકળતાં છોકરાંઓનું શું ?'

'રેણુકા, તું તો સમજુ છે. અધર્મના વિનાશાર્થે જેને ન મરતાં આવડે તે જીવ્યો શું ને ન જીવ્યો શું ?'

'અધર્મ !' રેણુકા ગુસ્સે થયાં હતાં. "શશિયસીને રાજા ભેદ લઈ ગયો તે અધર્મ ! આજે કેટલા આર્યો ને દસ્યૂઓ એકબીજાનાં થઈને રહ્યાં છે ? તમારાં સૈન્યોમાં આર્ય–અનાર્યનો ક્યાં ભેદ રહ્યો છે ? તમે શું મેળવ્યું ?' ઘણા વખતનો દબાયલો ઉકળાટ અમ્બાએ કાઢ્યો.

'હું આંધળો નથી. આર્યો ને દસ્યૂઓ પહેલાં માત્ર સાથે રહેતા હતા. વર્ષોનાં યુદ્ધને લીધે એકાકાર થવા લાગ્યા છે.' વસિષ્ઠે સાથે ચાલતા ભાર્ગવ સામે જોયું અને જાણે સ્પષ્ટ કરતા હોય તેમ જવાબ આપ્યો.

'રેણુકા, હું જોઉં છું કે આ લાંબા યુદ્ધને પરિણામે આર્યો અને દસ્યૂઓ એકાકાર થવા લાગ્યા છે. પણ એ એકાકારતા જુદી જાતની. ધર્મનાં બંધન શિથિલ કરીને આણેલો શંકર નથી. અસંસ્કારી ધર્મ સ્વીકારાતો જાય તેમ સમાનતા અનુભવતો જાય ને એકબીજાનું એને ભાન આવતું જાય, એવી એકાકારતા છે. આંખમીંચામણે અધર્મ ચલાવી ન લેવાય. આર્યો એ શીખે તો ધર્મવૃત્તિ ઘસાઈ જાય ને મનુષ્ય પશુ બની જાય.'

'તમે આ યુદ્ધ નહીં શરૂ કર્યું હોત તો આપણે બધા પશુ બની જવાનાં હતાં ?' ઘવાયલાંઓને વચ્ચે મળતાં, સંબોધતાં રેણુકાએ

વાત ચલાવી. હરિશ્ચન્દ્રના નરમેધ પછી એ મુનિને મળી નહોતી. જે હૃદયમાં વમળો ઊઠયાં હતાં તે એણે દર્શાવવા માંડયાં.

'રેણુકા ! મેં યુદ્ધ નહીં આદર્યું હોત તો શશિયસી પર, બધા આર્યોપર કરેલા અત્યાચાર શિષ્ટ ગણાત. આર્યોની રીતિ વીસારે પડી દસ્યૂઓના સ્વચ્છંદ સર્વમાન્ય થાત. તેથી ધર્મ માટે મેં આર્યોને મરતાં શીખવ્યું. દાશરાજ્ઞમાં રેડાયલાં રુધિર આર્યત્વની વિશુદ્ધિ અભેદ્ય રાખશે. મારે શશિયસીઓ તો શું–દસ્યૂ કન્યાને પણ અમ્બાઓ બનાવવી છે. અમ્બાઓ શશિયસી થાય તેનો વિરોધ તો પ્રાણાર્પણે કરવાનો જ રહ્યો.' ધીમેથી, હેતથી, મધુર અવાજે વસિષ્ઠે સૂત્રો ઉચ્ચાર્યાં.

'રેણુકા, તારા જેવી સાધ્વીઓ ધર્મ કરવા જતાં પણ શિષ્ટાચારમાંથી જરા અલગ થાય તેનાં પરિણામ તેં કયાં નથી જોયાં ? સ્ત્રી એ સ્વચ્છંદનું સાધન એ તો અનાર્ય દૃષ્ટિ. એ તો પિશાચોને પાલવે. એના પતિના હાડની હાડ ને રુધિરની રુધિર, ને પુત્રોની માતા એ આર્યદૃષ્ટિ. એ નિયમ તૂટે છે એ તો રોજ જોઈએ છીએ. પણ એ નિયમ તૂટતાં આપણે પુણ્યપ્રકોપ ન અનુભવીએ તો આપણું આર્યત્વ ટકવાનું નથી.'

અમ્બાએ આંખો મીંચી નેકહ્યું, 'હા. બધો ભાર સ્ત્રીને જ માથે'

'હા ! સ્ત્રી એ જ વિશુદ્ધિની ખાણ છે. પુરુષ પતિત થાય તો એકલો જ. સ્ત્રી પડે તો એની આખી સૃષ્ટિ લઈ ને.'

ભાર્ગવ મૂંગે મોઢે આ ભવ્ય વૃદ્ધનાં સૂત્રો સાંભળી રહ્યા. જે સત્ય એમને માત્ર દેખાતું હતું તેને મુનિવર શબ્દદેહ આપી શકતા હતા. પોતે ધર્મ આચરાવી શકતો, મુનિ તેને સામાના હૃદયમાં ઉતારી શકતા.

પરાશરનો એક પગ કચરાઈ ગયો હોવાથી તેને અસહ્ય વેદના થતી હતી. આંખો મીંચી, ચિત્ત એકાગ્ર કરી મુંગે મોઢે તે દુઃખ સહતા હતા.

'પરાશર!' 'રેણુકાએ કહ્યું,' પિતામહ પધાર્યા છે.'

પરાશરે આંખો ઉઘાડીને નેત્રો વડે જ દાદાને વન્દન કર્યું. તેના મુખ પર જેમ તેમ કરી તેણે મંદ હાસ્ય આણ્યું.

'બહુ વેદના થાય છે?' વસિષ્ઠે પૂછ્યું.

પરાશરે નેત્રવડે હા કહી.

'અહીંઆ જ રહેવું છે કે મારી સાથે આવવું છે?'

પરાશરે ઈશારાથી અમ્બાનો નિર્દેશ કર્યો.

'મારો એક પુત્ર તમે માર્યો હવે તમારા પુત્રને મેં મારો કર્યો છે.' દીનવદને રેણુકાએ કહ્યું.

'રેણુકા! તારાથી વધારે સારી માતા મળવાનું સદ્‌ભાગ્ય કોને મળે?' વસિષ્ઠે હસીને કહ્યું.

ભાર્ગવ હજી સુધી આવા માણસને મળ્યા નહોતા. એમનો પૂજ્યભાવ વધ્યો. પ્રેમાળ માતા એકના એક પુત્રને તેના સ્વાસ્થ્ય માટે ઠંડા પાણીમાં સ્નાન કરાવે તેમ એમણે વિશુદ્ધિના સંરક્ષણાર્થે આર્યાવર્તને રુધિરનું સ્નાન કરાવ્યું હતું.

આખરે ભાર્ગવ મુનિવરને એમને પડાવે મૂકી આવ્યા.

૩

ત્રણે ભવનમાં જો સુખીમાં સુખી કોઈ હોય તો ઋક્ષ ઋષિ હતા. એ ઘણા માણસો કરતાં ટૂંકા હતા, અને બધા કરતાં વિશાળ હતા. એમના ગાલ બે મોટા અર્ધ ગોળાર્ધો બાંધ્યા હોય તેમ લટકતા હતા, અને વિશાળ, ખુલ્લા દિલનું હાસ્ય એ બે ગોળાર્ધોને બને તેટલું દૂર રાખતું.

ચિન્તા કે વિષાદ એમને સ્પર્શતાં નહીં. એમને જેટલું જોઈતું એટલું ખાવાનું મળી રહેતું; એમની સ્ત્રી એમના માથાપરનો બધો ભાર લઈ લેતી. અને એમના વિસ્તારવાળો વેલો એમના જ

જેવી જાડી, ઠુમસી, ફૂલપાંખડીઓથી એમનું જીવન વસન્તના જેવું પ્રફુલ્લ કરી મૂકતી.

પોતે ભરતજાતિના ઋષિ હતા; રાજપુરોહિત હતા—દસ્યુરાજા દિવોદાસના પુત્ર રાજા ભેદના. પણ દેવકૃપાથી સારું ખાવું, સારું પીવું, બૈરી-છોકરાં જોડે આનંદ કરવો એ સિવાય એ બીજું કર્તવ્ય મહત્ત્વનું ગણતા નહીં. કોઇક વાર રાજાના ગઢમાં જઈ યજ્ઞ કરવા કરાવવા સિવાય એમણે પોતાનું બીજું બધું કર્તવ્ય વિશ્વામિત્ર ઋષિને સોંપી દીધું હતું. રાજા ભેદ તુત્સુગ્રામ રહેતા અને વર્ષે બે વર્ષે બે ચાર દહાડા દસ્યુગ્રામમાં આવતા. એટલે એમના નિરાંતના જીવનમાં એમનો રાજા પણ ખલેલ પહોંચાડી શકતો નહીં. એમના શિષ્યોને એ કદી કોઈ જાતનું દુ:ખ દેતા નહીં. એક આચાર્ય તેમને શીખવતો, અને જેને ભણવાની મરજી હોય તે ભણતા.

પણ આ તો જૂનીજૂની વાતો. એ જમાનામાં એ સાંજે એમના ગોઠિયા વિશ્વરથની વાતો એમના શિષ્યોને કરતા. નાનપણથી એમણે તેને કેમ ખાંધ પર બેસાડયા ને કેડ પર કુદાવ્યા; બન્ને કેમ અગત્સ્યને ત્યાં ભણ્યા ને કેમ શંબર એમને લઈ ગયો; શંબરના ગઢમાં પોતે ગુરુ તરીકે કેમ સ્વીકારાયા; વિશ્વરથ કેમ વિશ્વામિત્ર થયા; વિશ્વામિત્રમાં કેટલા ગુણ હતા ને કેટલા દેવો તેમના આવાહને આવતા; અને વિશ્વામિત્ર અને એમનાં શરીર જુદાં હતાં પણ પ્રાણ કેમ એક હતો; અગત્સ્યની પુત્રી રોહિણી જોડે એમણે વિશ્વામિત્રનાં કેમ લગ્ન કરી આપ્યાં; શંબર રાજાની કન્યા કેવી સુંદર હતી. ને તે વિશ્વામિત્રને કેમ પરણી—આ બધી જૂની વાતો રોજ રોજ નવા નવા સુધારાવધારા સાથે તે દસ્યૂ શિષ્યોને કહેતા અને બધા આ મહાપુરુષનું પાદવંદન કરતા.

દસ્યૂઓ પર એમની પ્રીતિ હતી. તે એમને પ્રીત કરતા. ગરીબ દાસના એ બેલી હતા. કોઈ ભૂખ્યો દેખ્યો કે જ્યાં સુધી તે જમે નહીં ત્યાં સુધી એ જમે નહીં. એમનો આશ્રમ નિરાધાર, ભૂખ્યાં કે ઢોંગી દાસોનું સ્વર્ગ હતો; ત્યાં તેમને મોં માગ્યું મળતું. ઋષિ

પોતે દુઃખી દાસોના કબીરવડ હતા. વગર માગ્યે ને વગર સંકોચે આવે તેના છત્ર થઈ જતા. કોઈ જરા દુઃખની કહાણી માંડે કે એમના વિપુલ ગોલાર્ધો પરથી અશ્રુઓના ધોધ વહેવા માંડતા.

એમના આ સંતોષી જીવનમાં રણદુંદુભિએ ખળભળાટ મચાવી મૂક્યો. આર્યો અને દસ્યૂનાં વેર વધ્યાં. વિશ્વામિત્રે ભરત તુત્સુઓનું પુરોહિત પદ છોડયું. રાજા ભેદ યુદ્ધમાં પડયા. ચિન્તામાં ઋક્ષ ઋષિના વિશાળ શરીર પર કરચલીઓ પડવા માંડી.

વર્ષો ગયાં ને યુદ્ધ વર-આંગણે આવ્યું. આ ગઢ આગળ મહર્ષિ વિશ્વામિત્રે મહાવ્યૂહ રચ્યો. એકબીજાને કોટે વળગવાને બદલે મનુષ્યો એકબીજાની ગળચી કેમ દાબી રહ્યા હતા, તે ઋક્ષ ઋષિને સમજાતું નહોતું. પણ વિશ્વામિત્ર કહે કે કરે એ વાત ખરી જ હોય એ માન્યતા એમના જીવનનો ધ્રુવનો તારો હતી.

છેલ્લો દહાડો આવ્યો. રાજપુરોહિત તરીકે એમણે રાજા ભેદને છેલ્લીવાર આશીર્વચન કહ્યાં. છેલ્વીવાર એ વિશ્વામિત્રને પગે પડયા; તેમણે એમને આલિંગન દીધું. ઋક્ષની આંખોમાંથી તો આંસુ ટપકતાં હતાં.

એમણે ગઢપર ચઢીને સાથે ઉછરેલા, સાથે ભણેલા, સંબંધીઓ એક બીજાનો કેમ સંહાર કરતા હતા તે જોયું. ' મનુષ્ય એ ઝેરી પ્રાણી છે. ' એમણે દેવોને ખાનગીમાં કહ્યું.

પછી એમનાં આંસુ સૂકાઈ ગયાં. એમનું હૈયું અટકી ગયું. મહર્ષિ વિશ્વામિત્ર અને મહર્ષિ શક્તિ વચ્ચે ભયંકર દ્વંદ્વ ચાલતું હતું. વિશ્વામિત્ર—વિશ્વરથ—સૂર્યસમ તેજસ્વી પ્રિય વયસ્ય—ના શરીરોમાં બાણ ભોંકાયાં હતાં. તેનાં પ્રફુલ્લ નયનોમાં એમણે વેદના જોઈ. કોઈનો આશરો શોધતો એમનો હાથ એમણે ફાંફાં મારતો જોયો.

ઋક્ષ ઋષિને સમરાંગણો અકારા હતા. જ્યાં વીરગર્જના થાય એટલે તે ન સંભળાય એટલે દૂર જઈ બેસવું એ એમણે જીવનનું

પરમ સત્ય લેખ્યું હતું. જ્યારે શબ્દટંકાર થતો ત્યારે એમના સાગરસમા પેટને તળિયે પંખીઓ ફડફડાટ કરતાં એમને સંભળાતાં. આજે આ બધું હતું—પણ આશરો શોધતા એમના પ્રિય મિત્રનો નિષ્ફળ હાથ એમની આંખ આગળ તરી રહ્યો. એ ગઢના કાંગરા પરથી ઊતર્યા, ને એક પાછળની બારીથી બહાર પડ્યા, ને લપાતા, ચારે પગે થતા તે રણક્ષેત્રમાં આવ્યા. રથો પાછળ ભરાતા, લઢતા માણસોના ઝૂમખાંથી દૂર નાસતા, એ જ્યાં મહર્ષિ વિશ્વામિત્ર લડી રહ્યા હતા ત્યાં પહોંચ્યા. એમણે ભોંયે પડેલા મરેલા એક સૈનિકની ઢાલ હાથમાં લીધી.

એમણે વિશ્વામિત્રનાં એકાગ્ર નયનો જોયાં. તેમણે ચાપ ચઢાવ્યું હતું તે જોયું. તેમાંથી બાણ છૂટયું હતું તે એમણે જોયું. અને એમના મિત્રને—એમના પ્રાણને—શિથિલ હાથમાંથી ચાપબાણ ત્યાગી રથમાં પડતા જોયા.

ઋક્ષના પગમાં જોર આવ્યું. એમણે એમનું મહાશરીર રથ પર ચઢાવ્યું, ને તેની વિશાળ ઢાલ તેમણે દુશ્મનને ધરી. એમને વાંસે તીરો ભોંકાયાં ને એમના મોઢામાંથી વેદનાની બૂમો નીકળી ગઈ.

એકદમ હૂલકું પડયું. મહર્ષિ શક્તિ ઘાયલ થઈ રણમાં પડયા. દુશ્મન સૈનિકો તેમના તરફ ધાયા.

ઋક્ષે ઊંચું જોયું. એમના શરીરમાંથી રુધિરની સરિતા વહેતી હતી. એમણે ચારેક ભરત દસ્યૂ સૈનિકો પાસે ઊભા હતા તેમને મદદમાં બોલાવ્યા, અને જન્મધરીને કદી ન અનુભવેલા ચાપલ્યથી વિશ્વામિત્રને રથમાંથી લઈ ઊતરી પડયા. હાંકનારને ને સૈનિકોને જ્યાં યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યાં ખાલી રથને લઈ જવા એમણે કહ્યું.

એટલામાં ગઢનું આગલું બારણું તૂટયું. બધાનું ધ્યાન ગઢમાં પેસવા કે દુશ્મનને તેમાં પેસતા અટકાવવામાં ગયું. ઋક્ષના વિશાળ ને ગોળમટોળ શરીરમાં અનહદ શક્તિ હતી. એમણે મહાપ્રયત્ને વિશ્વામિત્રને વાંસા પર લીધા. અને ગઢની પાછલી ભીંત પાસેથી સંતાતા સંતાતા તે પોતાના આશ્રમ તરફ વળ્યા.

ઋક્ષને ઘણા ઘા પડ્યા હતા. લોહી પણ છૂટથી વહેતું. એમની આંખ આગળ લોહિયાળ પડદો પડ્યો હતો. પણ બેભાન મિત્રને વેરીઓના પંજામાંથી બચાવવા સિવાય એમને બીજો ખ્યાલ નહોતો. વિશ્વામિત્ર ભારે શરીર હતા. એમનું વજન ઋક્ષને બેવડ વાળતું ને તેથી ડગલે ને પગલે એમનો પગ લથડાતો. પણ તે પોતાને આશ્રમે બનતી ત્વરાએ જવા લાગ્યા. એમણે નાસી જતા દસ્યૂઓ જોયા, પણ એમના વિશ્વરથને બીજું કોઈ ઊંચકી લઈ જાય એ કલ્પના પણ એમને ન આવી. મન ચાળીશ પચાશ વર્ષની વાત વિસરી ગયું......

અગત્સ્યનો આશ્રમ......એ વિશ્વરથને ખભે લઈ ને ફરતા. એ રૂપાળો. નાનો, સુવર્ણકેશી બાલક હતો—પોતે તો ઋક્ષ હતા—રીંછ હતા. પણ એ બાલકનો આજે ભાર બહુ લાગતો હતો......

બન્ને પરમ મિત્ર હતા. જ્યારે વિશ્વરથ ને અગત્સ્યની પુત્રી રોહિણી કુરકુરિયાં સાથે રમતાં ત્યારે એ ઊભો ઊભો જોયાં કરતો, મોઢામાં આંગળી ઘાલીને........પણ આજે મોઢામાંથી લોહી પડતું હતું ને હાથ વિશ્વરથના શરીર પર હતો.

વિશ્વરથ—દૈવી વિશ્વરથ—દેવોનો લાડીલો 'તો એનો વિશ્વરથ હતો. સ્ત્રીઓ, છોકરાં, મિત્રો, એ બધાં દૂરનાં હતાં; એ ને વિશ્વરથ તો એક હતા. બન્ને એકબીજાના હતા......વિશ્વરથ નાનકડો હતો. એને રખે કાંઈ થાય એ ચિન્તા તેમને હમેશાં રહેતી, આજે પણ થતી.

એમની આંખ આગળના લાલ પટ પર એમણે રોહિણી, શંબરકન્યા, અગત્સ્ય, લોપામુદ્રા, બધાનાં અલપઝલપ આવતાં મુખ જોયાં. પણ એ તો બધાં ખોટાં હતાં. વિશ્વરથ એમના ખભા પર બેઠો હતો......પણ રસ્તામાં ખાડો આવ્યો ને બન્ને પડ્યા.......અગત્સ્યના આશ્રમમાં પડ્યા હતા તેમ......

કેટલીય વારે ઋક્ષ ઋષિ ભાનમાં આવ્યા. ગીચ જંગલમાં એ પડ્યા હતા. તેમણે બેબાકળા બની આંખો ઉઘાડી. વિશ્વરથ ભોંયે

પડચા હતા—લોહીલુહાણ. એમના પોતાના શરીર પર પણ લોહીના રેલા ચાલતા હતા.

વિશ્વામિત્રે આંખ ઉઘાડી. 'ઋક્ષ! ચાલ તારે આશ્રમે જ જઈએ.'

એમના કાનમાં અજબ જેવો અવાજ થતો હતો. હાથ ટેકવી એ ઊઠયા—પડયા—પાછા પડયા. હા. આશ્રમે લઈ જવા હતા. વેરીઓના હાથમાં વિશ્વરથ આવે કેમ? તે જેમ તેમ કરી ઊઠયા. બન્ને મિત્રોએ એકબીજાનો હાથ ઝાલ્યો......

ક્યાં સુધી કોણ કહે? એમની આંખ ઊઘડતી નહોતી. પણ વિશ્વામિત્ર પડી ગયા ને ચાલતા નહોતા. એમણે જમીન પર હાથ લંબાવી શોધ્યા—તે ભોંયે પડચા હતા. એમને આશ્રમે લઈ જવા જ રહ્યા. ત્યાં તેમની સારવાર કરવી હતી. એમનાં છતાં તે રસ્તામાં કેમ પડી રહે?

ઋક્ષે પ્રયત્ન કર્યો, પણ વિશ્વામિત્ર ઊંચકાયા નહીં. ફરી પ્રયત્ન કર્યો. થોડાક ઊંચકાયા ને પાછા પડી ગયા. ફરી મહેનત કરી ને એમના મોઢામાં ખારાં ખારાં પૂર આવ્યાં. એ ઓકયા. પોતે લોહી ઓકતા હતા! પણ વિશ્વરથને—પ્રિય મિત્રને—આશ્રમ લઈ જવા હતા. એમણે વિશ્વમિત્રને ઉપાડચા. બન્યું એટલું જોર ભેગું કરીને...એ તો એમનો પરમમિત્ર—પ્રાણાધાર......એમને ખભે તો તે હમેશાં બેસે...

એ આગળ ચાલ્યા. એકદમ એમણે ગોથડિયું ખાધું...એ ને વિશ્વરથ નીચે ને નીચે જતા લાગ્યા...આશ્રમ...એમનો અગત્સ્યનો... વિશ્વરથ ખભા પર કેમ નથી બેસતો?...વિશ્વરથ...ગળામાંથી અવાજને બદલે જાનવર જેવો અવાજ નીકળતો હતો. એમનાથી હવે વિશ્વરથ નહીં ઉઠાવાય...શું થશે?...ઋક્ષ ઋષિના મગજમાં અંધકાર છવાઈ ગયો.

૪

ભાર્ગવ ને દસ્યૂ યોદ્ધો ગૃધ્ર ઋક્ષઋષિના આશ્રમમાં ગયા. ભયાનક નિર્જનતા હતી. માત્ર હૃદયવેધક કલ્પાંત સ્પષ્ટ સંભળાવા લાગ્યું. આશ્રમમાં માણસો સંતાઈ પડ્યાં હતાં, પણ કોઈની સામે આવવાની હિંમત નહોતી.

આખરે જ્યાંથી કલ્પાંત આવતું હતું તે ચોગાનમાં એ પહોંચ્યા. એક ઘણા જ જાડા માણસનું શબ ઝાડના થાળા પર ફૂલના ઢગલા નીચે સુવાડ્યું હતું. પાસે એક દસ્યૂ સ્ત્રી માથું કૂટતી, રડતી હતી. પાસે પથારી પર એક માણસ સૂતો હતો.

ગૃધ્રે ઓળખી, 'ઋક્ષ ઋષિની પત્ની છે.'

'ભગવતી ! ભગવતી !' ગૃધ્રે કહ્યું.

સ્ત્રીએ રડવાનું ચાલુ રાખ્યું. સૂર્યાસ્તનાં કિરણોનું તેજ શબ પર ને પાસે સૂનાર પર પડતું હતું.

ગૃધ્રનો અવાજ સાંભળી પેલા સૂતેલા માણસે માથું ઊંચું કર્યું.

સૂર્યકિરણોની સુવર્ણરંગી ભભકમાં ભાર્ગવે મુખ જોયું, ઓળખ્યું. સુંદર મુખ, વિશાળ નેત્રો, ભવ્ય કપાળ, અભેદ્ય ગૌરવ, સર્વને આલિંગતી મમતા, જગતની વેદના જાણે ભરી હોય એવાં નયનતેજ. સ્વસ્થતા જેની કદી સરતી નહીં એવા ભાર્ગવને ઉમળકો થઈ આવ્યો. તે દોડ્યા ને પગે પડ્યા. 'મામા ! મામા !'

વેદના કાબૂમાં લાવી મહર્ષિ વિશ્વામિત્રે આંખો ઠેરવી, 'કોણ ભાઈ ?'

'હું રામ—ભૃગુશ્રેષ્ઠનો પુત્ર—રામ. અનૂપદેશથી પાછો આવ્યો છું.'

હોઠ પીસી વેદના દબાવી વિશ્વામિત્ર બેઠા થયા. ઋષિપત્નીએ વાંસે ટેકો દીધો.

'પુત્રક ! તું આવ્યો ? શતશરદ જીવજે. સારું થયું. સવિતાદેવે જ તને મોકલી આપ્યો. યુદ્ધનું શું થયું ?' તેમણે પૂછ્યું.

'રાજા ભેદ હણાયા. રાણી શશિયસીને રાજા સુદાસ લઈ ગયો. રાજા પુરુકુત્સ ને પ્રચંડ મરાયા. મારા મોટાભાઈ પણ મરાયા. સામે પક્ષે મહર્ષિ વિદન્વન્ત ને હર્યશ્વ મરાયા. પરાશર મરતાં બચી ગયા. ભરતો ને ભૃગુઓની હાર થઈ.'

ફિક્કા સુંદર મુખ પર વેદનાના ઓળા દૂર થયા.

'રામ, વત્સ! અમારો પરાજય નથી થયો. અમે જીત્યા છીએ. વત્સ! મને હવે બેચાર ઘડી છે. મૃગા ઊગશે એટલે હું દેહ છોડીશ. દેવ કોઈને મોકલી આપે તેની હું વાટ જોતો બેઠો હતો. સાંભળ!'

'જેવી આજ્ઞા.'

'આ મારો બાલસ્નેહી ઋક્ષ. એણે ભેદનું પુરોહિતપદ લીધું હતું, એની સ્ત્રી ને છોકરાં છે. અહીંયાં ત્રણસોએક ભેદના સૈનિકો સંતાયા છે. એ બધાનું રક્ષણ કરજે.'

'જેવી આજ્ઞા.'

'જોઈએ તો આ તારો આશ્રમ કરજે, પણ ઋક્ષનાં છોકરાં રઝળે નહીં એ જોજે. અરુંધતી! રડ નહીં. રામ તને નહીં રઝળાવે. મારો ભાણેજ છે.'

'ને રામ! પાસે આવ. શશિયસીને સુદાસ લઈ ગયો છે. એની શુદ્ધિ કરી સુદાસ એને કૃશાશ્વ જોડે પરણાવશે.'

'એ તો ભેદની પરમ સતી છે. પૂર્વે વસિષ્ઠ ને અરુંધતી હતાં, અત્રિ ને અનસૂયા હતાં, તેવી એને બનાવજો. ભેદના છોકરા શિબિને પણ એ લઈ ગયા હશે. તારું ચાલે તો એને ઉછેરજે, કેળવજે ને રાજ્યપદ પર સ્થાપજે.' બોલતાં બોલતાં વિશ્વામિત્ર હાંફી ગયા, અને એમને લોહીની ઊલટી થઈ.

'મામા! ગભરાશો નહીં, હું આપનો અક્ષરેઅક્ષર માથે ચઢાવીશ.'

'રામ, મારો રાજ્યવંશ પૂરો થઈ ગયો. દેવદત્ત ગયો, એના ભાઈઓ ગયા, રડતી કકળતી રોહિણી ગઈ તેની મને ચિન્તા નથી...

આજે મારો વિજય છે. સંયમ ને તપ મહાન છે, પણ તેથીય મહાન છે આત્મસમર્પણનું પરાક્રમ. એ પરાક્રમ. કરવાનો યશ દેવાએ મને આપ્યો છે. હું હાર્યો નથી. આ ભગ્ન થઈ જતા આર્યાવર્ત પર એકતાનો ધ્વજદંડ રોપ્યો છે. મારા મરણથી એના પર સુવર્ણ-કળશ ચઢશે. મૃત્યુમાં આજે મારો વિજય છે. આટલાં વર્ષોના યુદ્ધની ભરતો, પુરુઓ, અનુઓ દ્રુહ્યુઓ, તુત્સુઓ ને દસ્યુઓ એક થઈ ગયા છે — સંસ્કારે ને સંબંધે.'' ફરી વિશ્વામિત્રને ખાંસી આવી ને તેમણે લોહી થૂંકી કાઢયું, અરુંધતીએ તેમને પાણી પાયું.

'આર્યો એક થઈ ગયા છે. રંગ, જાતિ, ને ગોત્રના ભેદોથી પર થઈને — સંસ્કારે સંબંધે, કરેલા પરાક્રમના ગર્વે; ને હવે એક રહેશે મારાં સંસ્મરણોમાંથી પ્રગટેલી જ્યોતથી.'

ફરી મહર્ષિએ શ્વાસ ખાધો.

'મારી વિદ્યા શુનઃશેપ સાચવશે. તારો એ ભક્ત છે, મારાં સંતાન બધાં મરી પરવાર્યાં. પણ ભરતોનું રાજ્યસિંહાસન ખાલી નહીં રહે. જોજે.'

'કોને બેસાડવો છે?'

'રામ! હું હરિશ્ચન્દ્રના નરમેધમાંથી નીકળ્યો ત્યારે નિર્જન વનમાં મને મેનકા મળી. અમારી પુત્રી કણ્વે ઉછેરી, રાજા દુષ્યન્ત જોડે એને વરાવી છે. તેનો પુત્ર ભરત છે. ઋષિ કવષ એલૂષ બધું જાણે છે. તેને ભરતોને સિંહાસને સ્થાપજે... મેં કર્યું તેનો જરાય શોક નથી. અમારાં રુધિરનાં વહેણો વહેવડાવી અમે આખા ખંડની એકતા સર્જી છે. ભરત મોટો થાય ત્યારે મારો સન્દેશો કહેજે. આ ભરતોનો ખંડ દેવખંડથીયે દીપતો કરજો.'

'બીજી કંઈ આજ્ઞા છે?'

'કાંઈ નહીં, હજુ મૃગા ઊગતાં ઘણીવાર છે. જમદગ્નિને કહેજે કે હું ને ઋક્ષ બાળપણમાં સાથે સૂતા; આજે પણ સાથે સૂઈએ છીએ.''

'એમને શું થયું?' ભાર્ગવે પૂછ્યું.

'મારું શબ વસિષ્ઠના હાથમાં ન જાય એ માટે મારા રથમાંથી મને ઉપાડી ગયો, ઉપાડતાં એને તીરો વાગ્યાં...' ફરી વિશ્વામિત્રને ખાંસી આવી, ને મોઢે લોહીનાં ફીણ આવ્યાં.

'આ સ્નેહમૂર્તિ પોતાને જીવને જોખમે મને અહીંયાં ઊંચકી લાવ્યોઃ પડતો, આથડતો, પોતાને અને મને જેમ તેમ ઘસડતો. મારા ગૌરવ માટે એણે પ્રાણ આપ્યો.'

'ધન્ય છે!'

'બાળપણનો એ મારો સાથી — મને સાથે મરવાનો લહાવો તો એના જેવો મિત્ર જ આપી શકે.'

'મામા! આપ બધું કહી રહ્યા હો તો હું મુનિ વસિષ્ઠને બોલાવી લાવું. આપને મળવાને ઉત્સુક છે.'

'મુનિવર! દેવોની કૃપાનો પાર નથી. બોલાવી લાવ.'

વિશ્વામિત્રના અવાજમાં વિજયનાદ ગાજ્યો. એમની પ્રફુલ્લ આંખો ચમકી ઊઠી.

'અરુ, મને આ ઝાડ પર ટેકવીને બેસાડ. ગૃધ્ર, અગ્નિકુંડમાં ઇંધન નાંખ. જ્વાલાઓ નીકળવા દે ખૂબ!' તેમણે ખાંસી ખાધી અને ક્ષિતિજ પર નજર ઠારી, તે બબડ્યા 'ૐ ભૂર્ભુવઃ સ્વઃ। ૐ तत्सवितुर्वरेण्यम् भर्गो देवस्य धीमहि धीयो योनः प्रचोदयात्।'

ભાર્ગવ વસિષ્ઠ મુનિને લઈને આવ્યા.

'મુનિવર!' વિશ્વામિત્રે કહ્યું. 'મારા પ્રણામ શબ્દો વડે જ આપી શકું છું. ક્ષમા કરજો.'

'મહર્ષિ વિશ્વામિત્ર! મારા આશીર્વાદ.' વસિષ્ઠે પાસે આવી હેતથી વિશ્વામિત્રના વાળ ઊંચા કર્યા, ને એમને માથે હાથ મૂક્યા.

'મુનિવર! મૃગા હમણાં ઊઠશે, હું પિતૃલોકમાં જાઉં છું. તે પહેલાં આપનાં દર્શન કરી કૃતાર્થ થયો. હું આપનું ઋણ સ્વીકારું છું.'

'મારું ઋણ!' વસિષ્ઠે કહ્યું, 'વિશ્વામિત્ર, હું વૃદ્ધ છું છતાં તમારી ક્ષમા માગી લઉં છું, તમારા કાર્યમાં મેં બહુ અંતરાયો નાંખ્યા છે.'

'મુનિવર, આપે અન્તરાય નથી નાંખ્યા — આપ વડે હું છું. વસિષ્ઠ ન હોત તો હું આજે માત્ર વિશ્વરથ હોત. તમારી સ્પર્ધામાં મેં વિદ્યા ને તપ મેળવ્યાં. તમારા પુરોહિતપદના અનુકરણમાં હું રાજ્ય છોડી પુરોહિત થયો. તમારી મંત્રવિદ્યાની સ્પર્ધામાં મેં યજ્ઞવિધિ સ્થાપ્યો. તમારા વર્ણભેદની દૃષ્ટિનાં વિષ ઉતારવા મેં દાશરાજ્ઞનો પડકાર ઝીલ્યો. તમે ગગનચુંબી ગિરિરાજ છો. તમારા પરાક્રમોનાં શિખર ઉલ્લંઘતાં હું સબળ બન્યો છું.'

'ઋષિઓમાં શ્રેષ્ઠ, દેવોએ આપણને આંખો આપી છે, પણ જુદાં સત્યો જોવાની. કોણ જાણે એમાં શું ય રહસ્ય રહ્યું છે. તમારા સત્યનો વિરોધ કર્યો ન હોત તો હું પણ શું હોત? પણ મને એક જ ખેદ થાય છે. હું તમારાથી ઘણો મોટો છું. મારે પિતૃલોકમાં જવું જોઈએ તેને બદલે આજે તમે જઈ રહ્યા છો.'

'મુનિવર, મને ખેદ નથી. હું કૃતકૃત્ય થઈ ચૂક્યો છું. દેવોએ મને વણમાગી સિદ્ધિ આપી છે.' વિશ્વામિત્રને ફરી ખાંસી આવી. તેમણે તેજસ્વી થતાં જતાં નયનો વસિષ્ઠ પર ઠેરવ્યાં.

'વરુણના પુત્ર, મુનિઓમાં શ્રેષ્ઠ! ભગવાન સવિતાએ મારી એકે ઇચ્છા વણપૂરી નથી રાખી. એમની કૃપાથી મેં આર્ય–દસ્યૂઓનો ભેદ ટાળ્યો, શંબર કન્યાને આર્યા કરી, માનવી માત્રને આર્યત્વ સુગમ કરી આપ્યું. વસિષ્ઠોની વિદ્યા હતી તેવી મેં વિશ્વામિત્રોની વિદ્યા સ્થાપી. શંબરીનો પુત્ર શુનઃશેપ, મારી વિદ્યાનો વારસ, એનો વિસ્તાર કરી રહ્યો છે. જ્યાં ગાયત્રી બોલાશે ત્યાં વિશ્વામિત્રનો આત્મા મૂર્તિમાન થશે...'

વિશ્વામિત્રની આંખો નિસ્તેજ થઈ ગઈ ને તે થોડી વાર મૂંગા રહ્યા. થોડીવારે પ્રયત્ન કરી તેમણે ઉમેર્યું.

'દેવોએ મારે હાથે માનવીઓનું દેવત્વ સિદ્ધ કરાવ્યું. એમની કૃપામાં કસર નથી દેખી. માનવી માત્રને માટે મારાં આંસુ વહ્યાં છે. ને મારી આંસુની સરિતામાંથી મને સત્યો દેખાયાં છે. માનવી માનવીના ભેદ મેં ટાળ્યા છે. આર્યત્વ નથી રંગમાં—નથી કુળમાં—જ્યાં દેવને શરણ જવાની શક્તિ છે ત્યાં આર્યત્વ છે.

'દેવે મને નિમિત્તે બનાવી યજ્ઞનો માર્ગ શીખવ્યો. નરમેધ અટકાવ્યો, નવું આર્યત્વ સર્જ્યું.

'મુનિવર ! હું નાનો હતો ત્યારે આર્યોની પાંચ જાતિ હતી——દસ્યૂઓનો સમૂહ હતો. આજે યદુ, પુરુ, અનુ, દ્રુહ્યુ, ને ભરત તુત્સુ એક થઈ ગયા છે. મુનિવર ! આપે માની લીધું કે હું ભેદના અત્યાચારની પડખે ઊભો રહી અધર્મ સંરક્ષી રહ્યો હતો ? ના . . . ના.' કોઈ બોલ્યું નહીં. વિશ્વામિત્ર મહા પ્રયત્ને પાછા બોલી શકયા.

'ના. ના. મારે આર્ય–અનાર્યનો ભેદ ટાળવો હતો. આજે દાશરાજ્ઞને પરિણામે આર્ય ને દસ્યૂરાજાઓ એકબીજાઓ વહેવાઈ થયા છે. હજારો આર્યો ને દસ્યૂઓ સાથે રહ્યા છે, સૂતા છે, વિદ્યા શીખ્યા છે, યમલોકમાં ગયા છે, હજારો આર્યાઓ દસ્યૂઓની પત્નીઓ થઈ છે. હજારો દસ્યૂ સ્ત્રીઓએ આર્યો જણ્યા છે. આજે મને જેણે ગુરુ માન્યો તે ભરત . . .

'માનવી માનવીના ભેદ તો આર્યત્વને કલંકિત કરે છે. જ્યાં સંસ્કાર ત્યાં આર્યત્વ. મુનિવર ! એ તો આપે શીખવેલું. લોહી તો બધાનાં એક જ. સ્ત્રી ને પુરુષ માત્રમાંથી સંતાન પ્રગટે.

'આપ માનો છો કે મેં ભ્રષ્ટાચાર કરાવ્યો છે. આર્ય ને દસ્યૂઓના વર્ણભેદ પર રચાયલી સૃષ્ટિ એ તો મહાન અસત્ય છે. મેં વર્ણભેદ ભુલાવ્યો—સંસ્કારભેદ શીખવ્યો. આર્ય જે તપ ને વિદ્યા મેળવે તે. આ દેહે ફરી જન્મે તે આર્ય. આ દેહે સંસ્કારજન્મ ન મેળવે તે અનાર્ય.'

'મુનિવર ! દૂર દૂર જંગલોમાં માનવીઓ વિદ્યા ને તપ વિના પશુ સમાન રઝળે છે.'

વિશ્વામિત્રની આંખો પ્રફુલ્લ ને તેજસ્વી થઈ ગઈ. અગ્નિની જ્વાલામાં એમનું સુંદર મુખ મોહક ભવ્યતા પ્રાપ્ત કરી રહ્યું.

'માનવી એ તો આર્યત્વને પંથે દેવત્વ પામવા સર્જાયો છે.... ....મને ચારે દિશામાં એની પ્રેરણા પહોંચતી દેખાય છે...' એપમાં પશુઓ વિદ્યા ને તપથી પુનર્જન્મ પામતાં જણાય છે. ભરત વિશ્વામિત્રે પેખેલો મંત્ર દશ દિશામાં સંભળાય છે.' અવાજ શિથિલ થયો. કમલપત્રશી આંખો બીડાઈ ગઈ...' દશલક્ષ જોજનો સુધી— કાળના અન્ત સુધી. યજ્ઞની વેદી સમો આ ખંડ મનુજોને દેવત્વ અપાવી સૃષ્ટિને ઉદ્ધારી રહ્યો છે....આવો હું આંસુ લૂછું...હું હૈયા-સરસા ચાંપું. દેવપદની પ્રાપ્તિના દિવ્યપંથે લઈ જાઉં...રાગદ્વેષથી પર...કોઈ રડો નહીં...વરુણદેવ વ્યોમનાં દ્વાર ખોલી રહ્યા છે.

'...આવો...ઊંચે ને ઊંચે...' અવાજ મંદ થયો.

શ્વાસ ઘુંટાવા લાગ્યો. વિશ્વામિત્ર બબડ્યા. 'જમદગ્નિ! ભાઈ મૃગા ઊગી...'

વિશ્વામિત્રે માથું નાંખી દીધું.

ભાર્ગવે પડતા ઋષિનું શરીર ઝીલી લીધું.

મુનિઓમાં શ્રેષ્ઠ એવા વસિષ્ઠની આંખમાંથી આંસુ પડતાં હતાં.

૫

આર્યાવર્ત પર વીજળી પડી. ઋષિઓના આશ્રમોનાં, રાજાઓના ગ્રામોનાં, ખેડૂતોના વિશોનાં, દસ્યુઓની વસ્તીઓનાં હૈયાં બેસી ગયાં. મહર્ષિઓનાં મંત્રદર્શનો અધૂરાં રહી ગયાં. વનોમાં વનવાસીઓની સ્ત્રીઓ ઘંટી પીસતી અટકી ગઈ.

ભયજનક, અકલ્પ્ય વસ્તુ થવાની હતી, તેની ચિંતામાં ઊંચે જીવે બધા એકમેકની સામે જોઈ રહ્યા.

રામ ભાર્ગવ પિતાની આજ્ઞા માન્ય રાખી પતિત માતાને મારી નાંખવાને લઈ આવતા હતા. અને માને મારીને, એ અધર્મ માટે તરત જ પોતાનો પ્રાણ છોડવાની રામે ભીષણ પ્રતિજ્ઞા લીધી હતી.

આર્યાવર્તની સામુદાયિક કલ્પનાનો ભાગવે કબજો લઈ લીધો હતો. દંતકથાઓ મોઢે મોઢે અભિવૃદ્ધિ પામતી વસ્તીએ વસ્તીએ ફરી વળી. રામ જન્મ્યા ત્યારે પર્વત ફાટયો હતો. નાનપણથી તે દેવ હતા. દસ્યૂઓથી ન મરાઇ શક્યા—પાણિઓ ન એમને વેચી શક્યા. આઠ વર્ષે એમણે એકલે હાથે વરુ માર્યાં. શુનશેપને વરુણનાં દર્શન કરાવ્યાં, લોમા માટે એમણે સહસ્રાર્જુનની ગળચી દાબી, સૌરાષ્ટ્રમાં એમને પ્રતાપે નદી વહી. એમણે નાગો ઉદ્ધાર્યા—શાર્યાતો સંહાર્યા—માહિષ્મતીમાં એમણે સહસ્રાર્જુન ડાર્યો, તેની રાણીને શિષ્ય કરી, અઘોરીઓના ગુરુને વશ કર્યા. એ હવામાં ઊડયા, પાણી પર ચાલ્યા, મહાદન્તી સિદ્ધેશ્વરી એમનામાં પ્રવેશી ગઈ. ત્રીશ હજાર યાદવોને એ આર્યાવર્ત લઈ આવ્યા. માને ઊંચકી લાવ્યા, રક્તપિત્તિયા ગંધર્વો સંહાર્યા, એકલે હાથે એક રાતમાં વીરોને અગ્નિદાહ એમણે દીધો. વિશ્વામિત્રે એમને વારસ નીમ્યા એ ઘવાયલા યોદ્ધાઓને ધીમેધીમે ભૃગુને આશ્રમ મોકલતા હતા. પછી એ આવશે—ને પછી બલિદાન આપશે પોતાની માતાનું–પોતાનું !'

અકલ્પ્ય, ભયંકર, હૈયા કંપાવતું પરાક્રમ !

ને કેવા પિતા ? વિદ્વાન, તપસ્વી, એકનિષ્ઠ. અને કેવી માતા ? અમ્બા, કલ્યાણી, એકલે હાથે રક્તપિત્તિયાની સેવા કરતી, હજારો મરતાંને યમના પાશમાંથી પાછી લાવતી. એણે પણ પતિની આજ્ઞા માથે ચઢાવી હતી. મરતા ગાંધર્વોની પરિચર્યા કરવા એણે પતિની આજ્ઞા તોડી હતી. હવે તેની શિક્ષા મળી રહી હતી. મરવાનો એનો ધર્મ હતો. એને મારવી એ પુત્રનો ધર્મ હતો. કેવી પત્ની ને કેવી માતા ?

અકલ્પ્ય, ભયંકર, હૈયાં કંપાવતું ધર્મસંકટ

મુનિવર વસિષ્ઠે ઉચ્ચાર્યું હતું, 'જમદગ્નિની આણ નિષ્ફળ જાય તો મહર્ષિનું વચન લોપાય. રેણુકા જેવી કલ્યાણીનો વધ તેનો પુત્ર કરે તો અધર્મની પરાકાષ્ટા થાય. જો ભીષ્મ કર્તવ્ય કરી જામદગ્ન્ય આર્યધર્મનો ગોપ્તા, દેહત્યાગ કરે તો આર્યવર્તનું ભાવિ નષ્ટ થઈ જાય. આર્યત્વ ડૂબવા બેઠું હતું. એને બચાવવા કૃપા યાચવાની હતી. 'આશ્રમે આશ્રમે યજ્ઞોથી દેવો આરાધજો, ને બીજું જેનાથી જે બને તે કરે.' આ સન્દેશ લઈ વાસિષ્ઠો આશ્રમે આશ્રમે ફરી વળ્યા હતા અને તપોવને તપોવને હૃદય ચીરાઈ રહ્યાં હતાં.

મહર્ષિમાં શ્રેષ્ઠ એવા વસિષ્ઠ, મહર્ષિ કણ્વ, અગત્સ્યોમાં અગ્રણિ શ્વેતપાદ, વિશ્વામિત્રોમાં શ્રેષ્ઠ શુનઃશેપ, ઋષિ કવષ ઐલુષ, આંગીરસોમાં પ્રમુખ દીર્ઘતમસ બધાએ ભૃગુને આશ્રમે મળી આ વિપત્તિમાંથી આર્યાવર્તને ઉગારવાનો સંકલ્પ કર્યો

હજારો માણસો આંસુ સારતાં, આ હૃદયદ્રાવક નાટકની ઝડપથી આવી પહોંચતી ભયંકર પરાકાષ્ઠા જોવા આશ્રમ તરફ ચાલી નીકળ્યાં. આ વ્યથામાં બધાનાં હૈયાં રેણુકાને પૂજવા ને રામને અંતરનો અર્ધ્ય આપવા લાગ્યાં. બે મહિનામાં એ બે આર્યોના શ્વાસ ને પ્રાણ બની ગયાં.

૬

ભૃગુઓમાં શ્રેષ્ઠ એવા જમદગ્નિનું મગજ ગૂંગળાયલું જ રહેતું. તે નીચું જોઈ સરસ્વતીને તીરે આમથી તેમ આંટા માર્યા કરતા.

એમના આદર્શોના ભગ્ન ને ક્ષુદ્ર અવશેષો એમની કલ્પના સામે પડેલા દેખાતા. એમની આત્મશ્રદ્ધા કચરાઈ ગઈ હતી, એટલું જ નહીં પણ એમણે સમગ્ર સૃષ્ટિનો દ્રોહ કર્યો, એ તીવ્ર ભાન એમને દિવસ ને રાત બાળી મૂકતું.

જે ભગવતી અમ્બા આર્ય સ્ત્રીનો પરમ આદર્શ એમણે માન્યો હતો, તે પરાઈ થઈ ગઈ હતી. જે પુત્રો કુલતારકો માન્યા હતા તે કુલકલંક બની ગયા હતા. કવિ ચાયમાન મરી પરવાર્યો હતા. અથર્વ વિદ્યા કોઈ ઉદ્ધારનાર નહોતું. ભૃગુઓ છિન્નભિન્ન થઈ ગયા હતા. અનુઓ, દ્રુહ્યુઓ ને તુર્વસુઓ કપાઈ મરતા હતા.

આખી સૃષ્ટિના ચૂરેચૂરા થઈ ગયા હતા. એ માત્ર યમને ઝંખી રહ્યા હતા, પણ તે આવતો નહીં. આશા ને ઉત્સાહ વિનાના જીવનમાં એ શ્વાસ લઈ શકતા નહીં.

આઠ મહિના પર રામ આવી ગયો હતો. એ પણ બીજા પુત્રો જેવો કાયર, આદર્શભ્રષ્ટ હતો. હજુ પાછો આવ્યો નહોતો. પાછો કયાંથી આવે ? એનો વેલો મહર્ષિઓનો નહોતો, કુલકલંકોનો હતો. પરિચિત ભૃગુ અગ્રણીઓ મરી ફીટયા હતા. પરિચિત અવાજો વણસંભળાયલા રહેતા. ચાર છોકરાઓમાંથી ત્રણ ગયા. ચોથો અદૃષ્ટ થયો, એમની આજ્ઞા પાળવાનો કાયર બનીને. એ હજી પાછો આવ્યો નહોતો.

આશ્રમમાં અજબ જેવું કંઈ થઈ રહ્યું હતું. અપરિચિત માણસો, અણજાણ શસ્ત્રો લઈ આવતા ને જતા. આસપાસનાં જગલો ઝપાટા-બંધ કપાતાં અને ઝૂંપડાં ઊભાં થતાં. નદીને પાર પણ ઝૂપડાં ઊભાં થતાં હતાં. સ્વપ્નવશ માણુસ કોઈ અચળ સૃષ્ટિ ઊંધીચતી થતી જુએ ને વિસરે તેમ જમદગ્નિ આ નવા ફેરફારો જોતા પણ તેમને વિસરી જતા. એમને તેની સાથે કંઈ સંબંધ નહોતો. એમને યમલોક જવું હતું. હજી યમરાજ આવતા નહોતા.

એક વૃદ્ધ માણુસ આવી એમને પગે લાગતો, એક કોઈ પ્રતીપ આવતો, લોમા—હા, સુદાસની બહેન—ને કોઈ વિશાખા એમને માટે ખાવાનું લઈ આવતી. આ સ્વપ્નાનાં પાત્રો તેમને અકારાં લાગતાં.

એમને આ બધાથી દૂર જવું હતું.—યમલોકમાં; પણ હજી નિમંત્રણ આવ્યું નહોતું. પોતે ભૃગુઓના ક્ષુદ્ર અવશેષ હતા, પ્રતાપી કુલના કુહાડારૂપ.

વિમદ આવ્યો. રામ રેણુકાને ઉપાડી લાવે છે. રામે કહાવ્યું હતું કે 'પિતાજીના પગ આગળ હું અમ્બાનો શિરચ્છેદ કરીશ.' ક્ષીણ જમદગ્નિની નિસ્તેજ આંખમાં તેજ આવ્યું. એક પુત્ર હતો કે જે કુલનું ગૌરવ ને પિતાની આજ્ઞા ઉઠાવવા તૈયાર હતો. બળતાં જંગલો પર થોડીક વૃષ્ટિ થાય તેમ હૈયાની જ્વાલાઓનો સર્વભક્ષી ભડભડાટ પલવાર ઓછો થયો.

વિમદ ને લોમા કોઈવાર રામનાં પરાક્રમોની વાત છેડતાં. જમદગ્નિને તેમાં રસ ન હતો.

આશ્રમમાં રામની ભીષ્મ પ્રતિજ્ઞાએ હાહાકાર વર્તાવી દીધો હતો. 'પિતાજીની આજ્ઞા છે એટલે અમ્બાનો શિરચ્છેદ કરીશ, ને માતાનો વધ કરી મારે જીવવું નથી.' રાજા ભદ્રશ્રેણ્ય, પ્રતીપ, વિમદ વગેરેનાં હૈયાં ઉચાટમાં આવી ગયાં. અંબાની પરમ પવિત્ર સેવાઓની વાતો સાંભળી જમદગ્નિનાં હૈયાંને સ્પર્શવાની એમણે ઘણીય મહેનત કરી, પણ કોઈ ફાવ્યું નહીં.

દાશરાજ્ઞ પૂરો થયો. ભૃગુઓ, ભરતો, અનુઓ, દ્રુહ્યુઓ, નાસીને આવવા લાગ્યા હતા. અનૂદેશથી આવેલાં સ્ત્રીપુરુષો ભાર્ગવના શિષ્ય હોવાથી બધા જન્મે ભૃગુ નહોતા છતાં ભાર્ગવ નામે ઓળખતા.

લોમા ને પ્રતીપ ભાર્ગવની શિક્ષાથી વ્યવસ્થામાં પ્રવીણ થઈ ગયાં હતાં. આશ્રમમાં વ્યવસ્થા આવી હતી. મંત્રોચ્ચાર ને શિક્ષા, શાસ્ત્રવિદ્યા ને અસ્ત્રવિદ્યાનો અભ્યાસ થવા લાગ્યો હતો. ઘોડા ને ગાયોની ઉસ્તેવારી થવા લાગી હતી. ભાર્ગવની પદ્ધતિથી નવા યોદ્ધાઓનાં શતકો તૈયાર થવા લાગ્યાં હતાં.

વિમદની સાથે અને ત્યારપછી દિને દિને, સાજાં થયેલાં ઘવાયલાં, લંગડાં લૂલાંઓ આશ્રમમાં ધીમે આવવા લાગ્યાં. સાથે સાથે દસ્યૂ યોદ્ધાઓ, જે રણમાંથી નાસી સંતાઈ ગયા હતા તે, ભાર્ગવનું શિષ્યપદ સ્વીકારી આવી પહોંચ્યા. દરેકના મુખમાં અમ્બાની પ્રશંસા ને ભાર્ગવની ભક્તિ હતી. દરેક જણે એમની પરિચર્યા ને

પ્રેરણાથી પરાજય ભૂલી પાછું મનુષ્યત્વ પ્રાપ્ત કર્યું હતું.

પ્રહરે પ્રહરે નવા આવતા સમૂહને અપનાવવા ને આશ્રમ વ્યવસ્થામાં શમાવવાનું કામ લોમા, પ્રતીપ ને વિશાખા કરતાં.

પણ કોઈના જીવને નિરાંત નહોતી. ભાર્ગવની ભીષ્મપ્રતિજ્ઞા એમનાં હૃદયને આઠે પહોર કોરી નાંખતી. ઘણા વૃદ્ધો જમદગ્નિ તરફ ક્રોધની દૃષ્ટિ નાંખતા. બધા નિશ્વાસ મૂકી ' અમ્બા ! અમ્બા ! ' નો જાપ કરતા.

ભૃગુઓ જે અમ્બાને કુલકલંકિની માનતા હતા તે પણ ભક્તિથી તેના આવવાની વાટ જોતા હતા. બીજાઓ જે એનું નામ દેતાં અભડાઈ જતા તે એના વાત્સલ્યનાં કીર્તન કરવા લાગ્યા.

લોમા, ભદ્રશ્રેણ્ય અને વિમદે સફાઈથી અમ્બાની વાત જમદગ્નિને કરવા માંડી. પણ એનું નામ કાને પડતાં જમદગ્નિ કાંપી ઊઠતા, અને એક જ પ્રશ્ન પૂછતા, ' રામ ક્યારે આવે છે ? '

જમદગ્નિની જીભે કદી પણ રેણુકાનું નામ આવતું નહીં. એમના મનમાંથી તે કદી પણ ખસતી નહીં.

અમ્બાનો ભોગ આપ્યા વિના જમદગ્નિ રીઝે એમ ન હતું. ને અમ્બાનો ભોગ આપી ભાર્ગવે જીવવાની ના પાડી હતી. અને વૃદ્ધ જમદગ્નિ હિમાલયસમા નિશ્ચલ પડ્યા હતા.

ધીમે ધીમે રણક્ષેત્ર પરથી બધા આવી પહોંચ્યા. ડોળીમાં બેસી પરાશર મુનિ આવ્યા. રણક્ષેત્ર પર ભેગાં કરેલાં કંકણ ને કુંડળથી ધનાઢ્ય બનેલો વૃશ્ચિક ને તેનું કુટુંબ આવ્યું. બધાની આંખ આગળ આવતી પળોના કારમા ઓળા પડતા.

પછી ધીમેધીમે આખું આર્યાવર્ત જાત્રાએ આવતું હોય તેમ આવી લાગ્યું. છેલ્લી વારે મહર્ષિવૃન્દ ચિન્તાતુર વદને આવી લાગ્યું. આ માત્ર એક મહર્ષિનો, એક કુલનો સવાલ નહોતો. આખા આર્યત્વની એમાં અંતિમ કસોટી હતી. મહર્ષિઓને વિશ્વામિત્રના પુત્ર શુનઃશેપે સત્કાર્યા. લાંબી મંત્રણા પછી મહર્ષિઓ વસિષ્ઠપ્રમુખ

જમદગ્નિ પાસે ગયા.

'ભૃગુશ્રેષ્ઠ, શતંજીવ!' વસિષ્ઠે આશીર્વાદ દીધા. જમદગ્નિની આંખ નિશ્ચેતન રહી. એમને ઓળખાણુ પડી નહીં.

'હું વસિષ્ઠ, મહર્ષિ જમદગ્નિ. મને નહીં ઓળખ્યો ?'

જમદગ્નિ કાંપી ઊઠયા ને પગે પડયા.

'મહર્ષિ, મારી વિડંબના કરવા આવ્યા છો ? સિધાવો, હું મહર્ષિ નથી.'

'રેણુકા બપોર પછી આવી પહોંચશે.' વસિષ્ઠે કહ્યું, જમદગ્નિના હોઠ ધ્રૂજ્યા. એમણે મહર્ષિઓ તરફ પૂઠ ફેરવી ને ત્યાંથી ચાલ્યા ગયા. અત્યંત વેદનામાં હોય તેમ એમનું માથું હાલતું હતું.

મુનિવર વસિષ્ઠના હૃદયમાં નિરાશા પ્રસરી, જમદગ્નિ આણ પાછી ખેંચી શકે એમ નહોતું. ને મહર્ષિઓની આણ તોડાય કેમ ?

દરેક આંખમાં આંસું હતાં.

આશ્રમ આવવાને માર્ગે આશ્રમમાં ભેગો થયેલો સમૂહ ધ્રૂસકાંભર સામે ગયો. એમના પ્રાણ, ભાર્ગવ આવતા હતા. પણ તેમની સામે જોવાની, તેમને સત્કારવાની કોઈનામાં હામ નહોતી.

ભયંકર પળ — કદી કોઈએ કલ્પી નહોતી એવી — પાસે આવતી હતી. દેવાધિદેવ જેવા ગુરુદેવ પિતાની આજ્ઞા પાળવા પરમ કલ્યાણી અમ્બાનો શિરચ્છેદ કરવાના હતા, અને પછી — પછી — પોતે પણ નહીં જીવે. ભગવતી લોમહર્ષિણીની આંખો પણ ફાટકી ગઈ હતી.

ગર્જન કરતા મસ્ત ઘોડાના ડાબડા પાસે આવતા સંભળાતા હતા, — યમના મહિષના પગરવથીયે વધારે ભયંકર.

બધાં રડી પડયાં. સ્ત્રીઓ માથાં કૂટવા લાગી.

ભાર્ગવ પ્રતિજ્ઞા તોડે એમ નહોતા. ભૃગુશ્રેષ્ઠ એમની એક માત્ર ઇચ્છા ત્યાગે તેમ નહોતું.

ગર્જન કરતા ઘોડાના ડાબલા પાસે આવ્યા, હૈયાંઓ ફાટી ગયાં.

વાવાઝોડું હોય તેમ ઊડતી ધૂળના ગોટા આવ્યા. કાળા વાદળશો પ્રચંડ ઘોડો ને પરશુની વીજચમક ધૂળના ગોટામાં દેખાતાં. આંધિના વેગથી ઘોડો આશ્રમમાં પેઠો. લોકો આક્રંદ કરી રહ્યાં. ભાર્ગવના હાથમાં ફૂલનો દડો હોય તેમ અમ્બા હતી. રસ્તા પર આશ્રમમાં, હજારો પુરુષો, સ્ત્રીઓ, બાળકો આક્રંદ કરતાં જોઈ રહ્યાં.

'અમ્બા! અમ્બા!' બધાનાં આર્ત હૃદયોમાંથી બહાર પડ્યું. પર્ણકુટી આગળ વિમદે ઘોડો સહાયો ને ભાર્ગવ ઊતર્યા. એમની વિકરાળ આંખો જોઈ વિમદના બોલ ગળામાં સુકાઈ ગયા.

ભાર્ગવ અમ્બાને બે હાથમાં લઈ ફલંગ મારતા આશ્રમની પાછળ, જ્યાં જમદગ્નિ ફરતા હતા ત્યાં, ગયા. પાછળ વિમદ, ભદ્રશ્રેણ્ય, પ્રતીપ, કૂર્મી ને ઉજ્જયંત વગેરે આવ્યા, લોમા ને વિશાખા રડતાં ત્યાં ઊભાં હતાં. મહર્ષિઓ ત્યાં ચિંતાતુર બેઠા હતા. વસિષ્ઠ મુનિ ઊભા થઈ ગયા.

ભાર્ગવ આવ્યા ને અમ્બાને પિતાના પગ આગળ મૂકી. અમ્બા ઊભી થઈ ગઈ ને જમદગ્નિને પગે પડી.

જમદગ્નિ બહાવરા બની ગાંડાં તેજ ભરી આંખે જોઈ રહ્યા. અમ્બાથી ભાર્ગવ તરફ, ભાર્ગવથી અમ્બા તરફ.

'પિતાજી! પિતાજી! આ અમ્બાને લઈ આવ્યો.' ગંભીર અવાજે ભાર્ગવે કહ્યું.

જમદગ્નિ બોલ્યા, 'રામ! તું આવ્યો?' એમની આંખો નિસ્તેજ થઈ. થરથર કાંપતાં એમણે આંખો મીંચી દીધી.

'પિતાજી! પિતાજી! હું રામ, અમ્બાને લઈ આવ્યો, ભગવતી અમ્બાને!'

જમદગ્નિએ આંખો ઉઘાડી, પહેલાં તો એમનો શ્વાસ ગૂંગળાતો હોય એમ એમણે ચારે તરફ જોયું.

આખો સમૂહ નિઃશબ્દ, અનિમેષ જોઈ રહ્યો.

જમદગ્નિની આંખમાં તેજ આવ્યું. ઊંચા ગિરિશૃંગની જેમ

રામ પિતા ને માતા પર ઝઝૂમી રહ્યા હતા. એમના મુખ પર વાદળ અંધારાયું હતું. બે આંખોમાંથી વહ્નિની સરિતા નીકળતી હતી.

'પિતાજી ! હું, રામ, અમ્બાને લઈ આવ્યો. તમારી આજ્ઞા પાળી છે.'

જમદગ્નિની આંખમાં ભાન આવ્યું. એમણે પગ આગળ હાથ જોડી ઘૂંટણીએ પડેલી રેણુકાને જોઈ, ને ચીતરી ચઢી હોય તેમ તે પાછા હઠ્યા.

'રામ! રામ! તું મારો દીકરો છે?' તેમના અવાજમાં વેદના હતી.

'હા. પિતાજી.' રામે સંયમ રાખી જવાબ દીધો.

'મારી આજ્ઞા ઉઠાવશેને?'

'હા. પિતાજી'

'આ અનાર્યાનો શિરચ્છેદ કર.' જમદગ્નિએ ઉચ્ચાર્યું.

મેદની કાંપી: ડૂસકાં નિઃશબ્દતાને થથરાવી રહ્યાં.

'હા. પિતાજી,' રામે પરશું ઊંચકી. 'અમ્બા! અમ્બા! કલ્યાણી, પિતાજીની આજ્ઞા તારે ને મારે શિર, ડોકું ધર...' ભાર્ગવના અવાજમાં માદર્વ હતું, અનહદ પ્રેમથી તરવરતું.

'બેટા! આ રહ્યું. તારે હાથે મૃત્યુ થાય એ જ હું માગી રહી છું.'

વસિષ્ઠ મુનિ પાસે આવ્યા. 'ભૃગુશ્રેષ્ઠ જમદગ્નિ!' તેમણે કહ્યું.

જમદગ્નિ ભાનમાં આવવા લાગ્યા હતા, અને રેણુકા, વસિષ્ઠ મુનિ અને રામની તરફ વારાફરતી જોવા લાગ્યા.

'રામ!' જમદગ્નિએ કહ્યું. 'કુલપતિની અર્ધાંગના પરપુરુષ સેવે એ સર્જનકાળથી આર્ષજીવનમાં કોઈએ જોયું, સાંભળ્યું નથી. એ મેં જોયું, મારા જ કુળમાં, મારા જ ઘરમાં. આર્યજીવનની શુદ્ધિ રાખવાનો મારો ધર્મ હું આચરી લઉં — છેલ્લી વાર. મેં અનેક કુલટાઓનો

શિરચ્છેદ કર્યો છે ને કરાવ્યો છે. આજે મારો ધર્મ — છેલ્લી વખત આચરી લઉં.'

રેણુકાએ, ધ્રૂસકાંભર, આંખે હાથ દીધા. ભાર્ગવનું મુખ રાતુંચોળ થઈ ગયું. તેણે કાંપતે અવાજે કહ્યું 'પિતાજી! હું પણ પુત્રધર્મ આચરી લઉં — છેલ્લીવાર. પણ —'

જમદગ્નિ ચકિત થઈ સાંભળી રહ્યા.

'હું અમ્બાને મારીશ. પિતાની આજ્ઞાને માથે ચઢાવીશ. પણ પછી તમારી સાથે મારે તમારા પિતૃઓમાં નથી ભળવું. અંબા પાછળ જઈશ. પિતાની આજ્ઞા લોપી, કે માતાની હત્યા કરી હું આર્યત્વ ઉદ્ધારી શકું નહીં. ને એમ કરી શકું તો ય મારે જીવવું નથી.'

'તું મરવા માંગે છે?' ધીમેથી, પુત્રના બોલવાનો અર્થ સમજતાં, જમદગ્નિએ કહ્યું.

'ભૃગુશ્રેષ્ઠ! અત્યાર સુધી તમારો પુત્ર થવામાં હું મસ્ત હતો. હવે, તમારે કહ્યે હું ભલે આર્ય થઈશ, મારી નજરે હું ચાંડાળથી યે અધમ બનીશ. જીવનભર તમે આર્યત્વનો ગર્વ ધર્યો છે. પણ એના સામર્થ્યથી સદાય નાસી છૂટયા છો. તમે ધારત તો મહર્ષિ ને મુનિવરનો કલહ અટકાવત. તમે ધારત તો આંખની પલકવડે આર્યાવર્ત એક કરી શકત. તમે ધારત તો જે અમ્બાએ જગત ઉજાળ્યું તેને બળે, તેણે સત્કારેલો પરમ ધર્મ સમજી, બધાને બચાવી શકત. આર્યગૌરવના કાષ્ટપિંજરને તમે આર્યત્વ માન્યું છે. તેમાં રહેલો પ્રાણ તમે પારખ્યો નથી. તમે બીજાની આશા પર જીવન રચ્યું છે — તમે કોઈની આશા પૂરી નથી.'

આ તેજસ્વીસ્વરૂપ અને નીતરતી વાગ્સરિતાથી મુગ્ધ વસિષ્ઠ વચ્ચે બોલ્યા નહીં.

'રામ! રામ!' અમ્બા ઊભી થઈ રામને વળગી. 'આ શું કહે છે?'

'સત્ય! તમે કોઈએ સાંભળ્યું નથી તે. હું તારો શિરચ્છેદ

કરું છું — પિતાની આજ્ઞા છે. પછી હું તમારો નથી. ભૃગુવંશમાં મારે દેહ નથી ધારવો.' ભાર્ગવના પ્રૌઢ અવાજના પડઘા ચોમેર પ્રસરી રહ્યા. જાણે એનો પ્રતિઘોષ હોય તેમ આકાશમાં આછી ગર્જના થઈ.

'...તમે' તેમણે પ્રૌઢતર અવાજે પિતાને સંબોધ્યા, 'તમે અમ્બા જેવી સતીને કુલટા કહી. ચચ્ચાર દીકરા તેને મારવા મોકલ્યા. પણ તમે પગે ચાલીને કેવા ગંધર્વરાજના એ ચરણ સેવતી હતી તે જોવા ન ગયા.'

'રામ, ચૂપ કર!' રેણુકાએ વચ્ચે આવી ઉગ્ર સ્વરે કહ્યું.

'હું નહીં ચૂપ રહું. મારે આંખો છે; તમે બધા આંધળા છો. નહીં તો મરણપથારીએ પડેલા રક્તપિતિયાની અમ્બા પરમ કલ્યાણીને પાપાચારી માની બેસત નહીં. અધર્મ, આચારમાં નથી, એમાં રહેલી દૃષ્ટિમાં છે. એ તમને કોઈ આંધળાઓને ન દેખાયું.' તેમણે પરશુ ઊંચકી.

રેણુકા રડતી આંખે વચ્ચે પડી, 'છાનો રહે, રામ! શું બકે છે?'

'હું છાનો કેમ રહું? આર્યત્વના મિથ્યા અભિમાનમાં તમે આર્યત્વનું નખ્ખોદ કાઢી નાંખ્યું, ને હજી કાઢી નાંખવા બેઠા છો.' રામે પિતાને ભયંકર અવાજે કહ્યું.

જમદગ્નિના હોઠ કાંપી ઊઠ્યા. રેણુકાની મીઠી આંખો ઉગ્ર બની. તેણે રામને તમાચો ચોઢી કાઢ્યો. સખત અવાજે તેણે પૂછ્યું, 'રામ, મારી કૂખ લજવે છે?'

રામની અંગારા જેવી આંખ બધાને દઝાડતી, છતાં રેણુકા અડગ આંખે તેને પડકાર કરી રહી. પલવારમાં તે શાંત થઈ ગઈ.

'બેટા! પિતાની આમન્યા લોપે છે? પગે પડ, ક્ષમા માગ.'

ભાર્ગવ સિંહની માફક ગર્વભર, ઉગ્રતાથી, જોઈ રહ્યા.

'રામ! છોડ તારું અભિમાન.' મમતાનો અપ્રતિરોધ્ય અધિકાર તેમાં હતો.

ભાર્ગવની આંખ નિર્મળ બની.

'બેટા, મારી આજ્ઞા છે—છેલ્લી. પછી મારો શિરચ્છેદ કર.'

ભાર્ગવ પિતાને ચરણે પડ્યા—ઉગ્રતાથી, ન છૂટકે.

રેણુકા સમજી ગઈ. તેણે હેતથી એમને વાંસે હાથ મૂક્યો. 'આમ ગર્વમાં નહીં. તું તો ધર્મનો ત્રાતા છે. પુત્રનું માથું તો પિતાના ચરણમાં જ હોય.' તેણે કહ્યું.

ભાર્ગવની ઉગ્રતા ઓગળી ગઈ. તેણે પિતાને ચરણે માથું મૂક્યું ને ગદ્દગદ કંઠે કહ્યું, 'પિતાજી! ક્ષમા કરો.'

જમદગ્નિ પૂરેપૂરા ભાનમાં આવતા હતા. તેમની આંખમાંથી આંસુ પડતાં હતાં.

તે નીચા વળ્યા, દીકરાને છાતીસરસો ચાંપ્યો.

'બેટા! શત શરદ જીવજે.'

'પિતાજી! આપની આજ્ઞા પાળું છું.' કહી તે રેણુકા તરફ વળ્યા.

'રામ'! જમદગ્નિએ ધીમે અવાજે કહ્યું. 'તારી વાત ખરી છે. મિથ્યા અભિમાનથી નહીં, સામર્થ્યથી જ આર્યત્વ સચવાય છે.'

ભાર્ગવે પરશુ ઊંચી કરી.

'પુત્ર! શું કરે છે?' જાણે ઊંઘમાંથી જાગ્યા હોય એમ જમદગ્નિએ પૂછ્યું.

'આપની આજ્ઞા માથે ચઢાવું છું. અમ્બાનો વધ કરું છું.!

'રેણુકા; રેણુકા,' રડતે રાગે જમદગ્નિએ કહ્યું, "મેં તારો વધ કરાવ્યો. તારા પુત્રે તને સજીવન કરી. રામ, પરશુ ફેંકી દે. મારી આણ હું પાછી ખેંચી લઉં છું. રેણુકા—'

પગે પડતી રેણુકાને તેમણે ઉઠાડી.

દરેક આંખમાંથી આંસુઓ ટપક્યાં.

૪. વસિષ્ઠમુનિને અર્ઘ્ય

૧

સૂની સાંજ હતી. ભૃગુના આશ્રમમાં પ્રવૃત્તિ ઉભરાતી હતી. સરસ્વતીના તીર પર ભાર્ગવ બેઠા હતા. એમની સામે શુનઃશેપ ઋષિ, વિશ્વામિત્રની મંત્રવિદ્યાના અધિકારી, વિદ્યાનિધિઓમાં શ્રેષ્ઠ; સૌમ્ય, સુંદર, તેજસ્વી. તેમની પાસે કવષ ઐલુષ બેઠા હતા. આધેડ વયના, મોટી આંખ, મોટું નાક ને મોટા કાનના, નિખાલસ, બટકબોલા, વિશ્વામિત્રના પ્રિય શિષ્ય. તેમની પાસે આધેડ વયના રાજા દુષ્યન્ત બેઠા હતા; વિશ્વામિત્રની પુત્રી, માધુર્યના સત્ત્વ સરખી શકુંતલાના પતિ અને તેમના દૌહિત્ર બાલક ભરતના પિતા. એ યદુકુલના રાજા અત્યારે વિચારમાં હતા.

લાંબી ગંભીર વાતોમાં ચારે જણ મશગૂલ બેઠા હતા. આખરે શુનઃશેપ ઋષિએ કહ્યું, 'બધો વિચાર કરતાં પણ મને તો લાગે છે કે ભરતને ભરતોના રાજ્યપદ પર સ્થાપી દેવો જોઈએ. જેટલો વિલંબ થાય છે એટલી આપણી શક્તિ ક્ષીણ થાય છે.'

'મહર્ષિની છેલ્લી આજ્ઞા માથે ચઢાવવી એ મારો ધર્મ છે,' દુષ્યન્તે કહ્યું. 'પણ મારું મન નથી માનતું. ભરતો અત્યારે હતવીર્ય છે. એમની ખટપટો ને એમના દ્વેષોમાં મારે અત્યારે ગૂંચવાઈ પડવું નથી.'

'રાજા સુદાસ હવે ચક્રવર્તી થયા છે. ભરતજાતિસંઘના કેટલાક રાજા તો એમના સામંત થવા તૈયાર છે. ભરતને હમણાં રાજ્યપદે સ્થાપીશું તો બધા આપણા પર તૂટી પડવાના.' કવષ ઐલૂષે ઉમેર્યું. 'ને ભરતો આજે ભૂરાયા થઈ ફરે છે. જ્યાં વીરતાની જ્વાલા હતી ત્યાં હતાશાની રાખ રહી છે.'

'હું એ જાણતો નથી?' શુનઃશેપે એમના મીઠા સ્વરે ને અપૂર્વ ઉચ્ચારણે પ્રશ્ન કર્યો, 'પણ પરાજયમાંથી પણ ઉદ્ધરવાનો માર્ગ હોય કે નહીં?'

'ઋષિવર!' દુષ્યન્તે કહ્યું. 'આપને હજી આપણા પરાજયનો પૂરો ખ્યાલ નથી. હું તો યોદ્ધાઓમાં રોજ ફરું છું; ને એમની મનોદશા જાણું છું. બધાને થાક લાગ્યો છે, શરીરનો, મનનો ને પરાક્રમોનો. ઉત્સાહમાં કોઈ ને અર્થ જણાતો નથી. કાલે જેને વીરતા કહેતા તેમાં આજે બધાને મૂર્ખાઈ દેખાય છે. સહચાર કોઈને ગમતો નથી. દરેક પોતાનો લાભ શોધી રહ્યો છે.'

'રાજન્' શુનઃશેપે કહ્યું. 'આપણે આ વાત કરીએ છીએ એ પણ પરાજયના જ પ્રતાપ છે. આપણે હારી ગયા છીએ—છેક હારી ગયા છીએ. એમાં તો કોઈ સંશય છે જ નહીં. પરાજય છાતી પર ચઢી આપણી આત્મશ્રદ્ધા ગૂંગળાવી રહ્યા છે. તમે તમારા પુત્રને ચક્રવર્તી પદ આપતાં ડરો છો. કવષ ઋષિને પણ સંશયો થાય છે.'

'ખરી વાત છે' ખેદથી શુનઃશેપે કહ્યું. 'સંશય આપણા ધ્યેયે ધ્યેયને ચીરી રહ્યો છે, મારા મંત્રગાન પણ ગૂંગળાઈ જાય છે. ભરતોના હૈયામાં જયઘોષના પ્રતિશબ્દ પડતા નથી. એનું જ નામ પરાજય! પણ એમાંથી છૂટવાનો રસ્તો શો?'

'તમારા જેવા વીરોની આ કસોટી છે.' ભાર્ગવે મંદ હસીને પહેલીવાર મોં ઉઘાડ્યું.

'અત્યારે વીરોનાં ક્યાં ઠેકાણાં છે? ગુરુદેવ! અત્યારે આ વિચાર માંડી વાળ્યા વિના છૂટકો નથી.' દુષ્યન્તે કહ્યું.

'પરમ દહાડે અહીંયાંથી મહર્ષિઓ ગયા એમને પણ આ શિથિલતામાંથી નીકળવાનો રસ્તો નહોતો સૂઝ્યો.' કવષ ઋષિએ કહ્યું.

'વસિષ્ઠ મુનિ પોતે પણ કહેતા હતા કે તુત્સુઓમાં હવે ઉત્સાહ ને આત્મશ્રદ્ધા નથી રહ્યાં. એમણે આર્યત્વ સાચવ્યું, પણ એ ટકવવા એમનામાં શક્તિ નથી રહી. દાશરાજ્ઞ તો જીતેલા ને હારેલા બન્નેને હરાવી રહ્યો છે.'

'તો પછી તમારી બધાની જ ઇચ્છા હોય તો હમણાં માંડી વાળીએ. જોઈએ. વખત વખતનું કામ કરશે.' શુનઃશેપે આખરે કબૂલ કર્યું.

'નિષ્કર્મ બેસી રહેવું એ પણ કર્મ તો છે જ.' ઋષિ ઐલૂષે કહ્યું. 'એની પણ કોઈવાર જરૂર પડે છે."

'ત્યારે ભરતોનો ચક્રવર્તી હાલ ન સ્થાપવો એવો તમારો બધાનો મત છે." ભાર્ગવે નિર્ણય જાહેર કર્યો.

'બીજું શું થાય ગુરુદેવ!' દુષ્યન્તે પૂછ્યું.

'ઠીક ત્યારે,' કહી ભાર્ગવ ઊઠ્યા.

'પણ આપે તો કંઈ કહ્યું જ નહીં.' કવષ ઋષિએ કહ્યું.

'મરણ ઘડીએ મહર્ષિએ મને સન્દેશો સોંપ્યો હતો તે મેં તમને કહ્યો. તમારો નિર્ણય એ ભરતોને માન્ય કરવો રહ્યો.' ભાર્ગવે તટસ્થતાથી કહ્યું.

'પણ આપની એમાં સંમતિ નથી?' દુષ્યન્તે પૂછ્યું.

'મારી સંમતિની તમારે પરવા ન કરવી. હું તો મારે પંથે જવાનો જ.'

'પણ આપનો મત શો તે તો કહો,' કવષ ઋષિએ કહ્યું, 'અમે જાણીએ તો ખરા.'

'મારું મંતવ્ય તમારે ગળે ઓછું ઊતરવાનું છે? તમારાથી ન જીરવાય એ ઘૂંટડા તમને પાઈને શો અર્થ? ભરતને ચક્રવર્તી હમણાં તમારે ન સ્થાપવો હોય તો પણ મારે મારો રસ્તો શોધવો રહ્યો.'

'શો?'

'હું વખત આવે કહીશ'

ઋષિ કવષ ઐલૂષે ને રાજા દુષ્યન્તે રજા લીધી. ભાર્ગવે શુનઃશેપના ખભા પર હાથ મૂક્યો. 'શુનઃશેપ! ભાઈ, આ કોઈનામાં શિથિલતા સામે ઝઝૂમવાનું જોર નથી રહ્યું.'

'એ શિથિલતા મને પણ ગૂંગળાવી રહી છે. મારું મંત્રદર્શન રોધાઈ ગયું છે. પરાજય આવી ભયંકર વસ્તુ છે એ મેં કદી નહોતું જાણ્યું.'

'પરાજય તો મહાન છે. હું તો એને સદા સામે ભેટતો આવ્યો છું' ભાર્ગવે કહ્યું. "એ વિપત્તિ વીરોને તાવે છે, તેમનું કાંચન પ્રગટાવે છે. એમાથી જ સામાન્યો છૂટા પડે છે, ને અધોગામી બને છે, અને શૂરો અલગ થઈ ઉન્નત માર્ગે વિહરે છે.'

'આપણે હારી ગયા એ તો ખરું જ ને?'

'હાર શું? જીત શું? કાયરોની શબ્દજાળ ભેદીએ. હારજીત મૃત્યુ પામેલા વીરોની સંખ્યામાં છે? વિનાશ થયેલી સમૃદ્ધિની ગણુનામાં ના—ના જે જીવન ઉન્નત કરે તે વિજય—જે ન કરે તે પરાજય.'

'પણ જીવન ઉન્નત કેમ રહે? તમે તો એ કોયડો હજાર વાર ઉકેલ્યો છે.'

'જ્યાં શ્રદ્ધાભર ઉત્સાહ નથી ત્યાં પરાજય. જ્યાં શ્રદ્ધા ને ઉત્સાહ છે ત્યાં પરાજય કદી હોય નહીં.'

'એમ કહો, પણ આજે તો શ્રદ્ધાયે નથી ને ઉત્સાહે નથી. રાજા દુષ્યન્ત ને કવષ ઐલૂષમાં નથી તો પછી કોનામાં હોય?' શુનઃશેપ ઋષિએ કહ્યું. 'મને પણ એ બધા મહાત કરી રહ્યા છે. દેવો! શું વિશ્વામિત્ર ને ભરતોનો પ્રતાપ હતો ને આજે શું થઈ રહ્યો છે!'

'ભાઈ, તમારા મોંમા આ શબ્દો શોભતા નથી. તમે જય-પરાજયના ભોગ બનો તો કોની ધીરજ રહે? વિજય? વિજય તો ક્ષણુ-જીવી ફૂલ છે. આ પળે વિકસે, પેલી પળે કરમાય. એનાથી પર—ચિરંજીવ—તો છે આત્મશ્રદ્ધા, અણુનમ શક્તિની જનેતા, સમય-બળ ને પશુબળથી પર. જ્યારે આત્મશ્રદ્ધા ચળે ત્યારે પરાજય આવે.'

શુનઃશેપ, જેણે તેને બાલપણુથી વરુણુ દેવ માન્યો હતો તે મિત્રના મોંમાથી સરતા વન્હિ જેવા જ્વલંત શબ્દો સાંભળી રહ્યો.

'ભાર્ગવ, મારામાં પણુ આત્મશ્રદ્ધા ચળી છે. હમણું એવું શું પ્રાપ્ય છે કે આત્મશ્રદ્ધા આવે?'

'પ્રાપ્ય-અપ્રાપ્યની ચિન્તા કરીને આપણે આત્મશ્રદ્ધા ખોઇએ છીએ. પ્રાપ્ય માટે લડે એ માનવી. અપ્રાપ્ય માટે જે મથે તે મહાત્મા. પ્રાપ્યતાની મર્યાદા શોધવામાં જ પરાજયના પાયા ચણાય છે.' ભાર્ગવે દૂર સરસ્વતીના નીરપર નજર ઠેરવી કહ્યું: 'શુનઃશેપ! ભાઈ! હું તો અપ્રાપ્ય ઉપર જ મરણીયો થયો છું. વિશ્વામિત્રનો આશ્રમ ફરી મંત્રે ગાજતો તમે કરો—હજારો શિષ્ય તમારી વિદ્યાનો વારસો લઈ સિંધુથી સિંહલ સુધી ફરી વળે—એ મારે જોઈએ છે.'

શુનઃશેપે આંખો ફાડી, 'શું કહો છો?'

'શુનઃશેપ! તમને અપ્રાપ્ય લાગે છે એ તો હું નજર આગળ આવી રહ્યું જોઈ રહ્યો છું. તમે મારી સાથે વિહરો છો—અણુજાણુ નદીઓ ને ગિરિવરોની પાર—હજાર આશ્રમો સ્થાપતા. સિંધુથી સિંહલ સુધી વિદ્યા, તપ ને સંયમથી આર્યાવર્તના સીમા વિસ્તારતા. વિશ્વામિત્ર ઋષિએ ગાયત્રીનાં દર્શન કર્યાં હતાં, તમારે ને મારે માટે નહીં—પણુ કંઠે કંઠે ગાજવા, દશે દિશામાં આર્યત્વ પ્રસારવા.'

'શુનઃશેપ,' ભાર્ગવ થોડીવાર થોભી હેતથી તેમની તરફ ફર્યો. 'હું તો અપ્રાપ્યનો મંત્રદ્રષ્ટા છું તેમાં જ વિધિથીય વીર્યવાન બન્યો છું. હું મરી જઈશ તોયે મૃત્યુનો સ્વામી બનીને. મારા મરણમાંથી

ઉત્સાહ ને શ્રદ્ધાની છોળો ઊડશે. તેની આંચ આજના નહીં તો આવતી કાલના વીરોને લાગશે. આર્યત્વનો ધ્વજ તે ફરી સહાશે, ફરકાવશે ને—અનંત કાલ સુધી આગળ ધપતો લઈ જશે.'

ભાર્ગવની પાસે શુનઃશેપે આવી તેમના હાથ પર હાથ મૂક્યો. 'ભાર્ગવ, વીરમૂર્તિ, હું તમારો છું—જીવતાં સુધી કહો, કહો શું જોઈએ છે કહો.'

'મારે શ્રદ્ધાનો મહાસ્રોત વહેવડાવવો છે. ઉત્સાહનો દાવાનળ માનવશૃંગે શૃંગે પ્રગટાવવો છે. મારે હૈયામાં શાન્તિ નથી જોઈતી. તેમાં શ્રદ્ધા ને શક્તિનાં તોફાનો ઉછાળી મારે જડ જગતને ગગને લઈ જવું છે. મારી સાથે તું રહેશે?'

બન્ને સરસ્વતીની સાક્ષીમાં ઊભા રહ્યા. જેમ બાળપણમાં હોડીમાં ઊભા હતા તેમ. તેવા જ પૂજ્યભાવથી શુનઃશેપે દેવ સમાન મિત્રને જોયો ને અર્ધ્ય આપ્યો.

'રામ! હું તારો જ છું. તું તો જય ને પરાજય બન્નેનો સ્વામી છે.'

૨

નિસ્તેજપણામાં વધારે આકર્ષક લાગતી એક સુંદરી તુત્સુ-ગ્રામમાં વિજયી સુદાસ રાજાના મહાલયના એક વાડામાં પથ્થર પર બેઠી હતી. એના અંગેઅંગમાં લાલિત્ય હતું, પણ તેના આખા શરીર પર ભગ્નાશાની ન ભૂંસાય એવી છાપ હતી.

તે શ્વેત હતી, કુંદના પુષ્પ સમી. એક જરાક શ્યામવર્ણો ને છએક વર્ષનો છોકરો દોડતો આવ્યો, તે ક્રોધથી રડતો હતો. 'બા! બા! મારે અહીંયાં નથી રહેવું, બાપા પાસે લઈ જા.'

'શિબિ!' સુંદરીએ મહા મહેનતે આંસુ ખાળી કહ્યું, 'લઈ જઈશ, બેટા, લઈ જઈશ.'

'ક્યારે ? અહીંયાં બધાં મારું અપમાન કરે છે.' કોઈએ રાજા ભેદના પુત્રનું અપમાન કર્યું હતું.

'કાલે લઈ જઈશ, બેટા, કાલે.' ને તે સ્ત્રીની આંખમાંથી આંસું ટપક્યાં.

'જરૂર.'

'હા, બેટા !'

'તું રડ નહીં બા, હું કાલે ડાહ્યો થઈ જઈશ.'

સોમકરાજાની પુત્રી, ચક્રવર્તી સુદાસ રાજાના યુવરાજ કૃશાશ્વની પૂર્વાશ્રમની પત્ની ને રાજા ભેદની વિધવા પોતાના પુત્ર શિબિને ઠાલું આશ્વાસન દઈ રહી. એ જાણતી હતી કે કાલે જ્યારે સત્રનો પ્રારંભ થશે ત્યાર પછી એની શુદ્ધિ થશે—ત્યારે કૃશાશ્વ જોડે ફરી પરણવાની મુનિ વસિષ્ઠ અને ચક્રવર્તી સુદાસ એને આજ્ઞા કરશે. એનું ચાલત તો એ મરી જાત, પણ પછી આ શિબિનું—ભેદના એકના એક પુત્રનું કોણ ? એના બાપની રાજ્યલક્ષ્મી લૂંટાઈ ગઈ હતી. એની પ્રજા છિન્નભિન્ન થઈ ગઈ હતી. એના ગઢો જમીનદોસ્ત થઈ ગયા હતા. એ ન હોય તો એના પુત્રનું શું થાય ?

મહાલયમાં ને આખા તુત્સુગ્રામમાં આનંદોત્સવ થઈ રહ્યો હતો, તે જોઈ તેના હૈયામાં ભડકા બળતા હતા. આ બધામાં એ નિરાધાર હતી.

ગામેગામથી રાજાઓ આવ્યા હતા. દુશ્મનો હતા તે તેનો અને તેના પતિનો પરાજય ઉજવવા; મિત્રોમાં જે રહ્યા હતા તે ચક્રવર્તીની આજ્ઞા ઉઠાવીને સુરક્ષિત બનવા.

સુદાસના વિજયને વસિષ્ઠે આર્યાવર્તનો વિજય બનાવી દીધો હતો. એણે સાથે સાથે વર્ષદહાડાનો મહાસત્ર યોજ્યો હતો. આશ્રમે આશ્રમથી ઋષિઓ શિષ્યોસહિત આવતા હતા. બાર મહિના બધા સાથે બેસી મંત્ર ને વિધિની પુનર્ઘટના કરવાના હતા, અને એના

પતિની અને તેના મિત્રોની લૂંટેલી સમૃદ્ધિનો શિરપાવ પામવાના હતા. કાલે એ સત્ર શરૂ થશે.

દરવાજે ચોકી હતી. વાડાની ભીંતોની પેલી તરફ ચોકી હતી. ચોકી હોય કે ન હોય પણ જગતમાં તેનું કોઈ નહોતું—કોઈ પણ એને સંઘરે એમ નહોતું.

પ્રણયવિહ્વલતામાં શશિયસીએ તુત્સુઓના મહિષીપદને ઠોકરે મારી, રાજા ભેદની પ્રણયિની થવાનું જ પસંદ કર્યું હતું. એણે ભેદનું અને એની પ્રજા બન્નેનું જીવન ઉજ્જવળ કર્યું હતું. એની પ્રજાના હૃદયમાં એ સ્થાન પામી હતી.

એને તે દિવસ યાદ આવ્યો. મહર્ષિ વિશ્વામિત્ર એકલા તેને બારણે આવ્યા હતા—તેને સમજાવી પાછી લઈ જવા. રાજા ભેદ ગઢમાં નહોતા. વિશ્વામિત્રે એને બહુ સમજાવી. વસિષ્ઠ ઘેર ઘેર આગ લગાડશે તેની ચેતવણી આપી. એ પોતે મહર્ષિ આગળ રડી પડી હતી.

'ગુરુવર્ય ! હું ભેદની છું. મારું સ્થાન અહીંયાં છે. મને મારી નાંખો, એનાથી વિખૂટી ન કરો.'

'આખરે તેણે એ ઉદારચરિત મહાત્માને વીનવ્યા. 'એક મહિનો અમારું આતિથ્ય સ્વીકારો. પછી ઠીક લાગે તો મને વછૂટી કરજો.'

મહર્ષિ એની ને ભેદની સાથે એક મહિનો રહ્યા, ને બન્નેની એકબીજામાં તન્મયતા પારખી. દસ્યૂઓની માતા થવાની એની આકાંક્ષા જોઈ. એક મહિને મહર્ષિ સંતોષાયા. એમણે એને અને ભેદને વિખૂટાં કરવાનો આગ્રહ છોડી દીધો. એમણે વિધિસર બન્નેનાં લગ્ન કરાવ્યાં, ને પડખે રહેવાનું વચન આપ્યું. ને સર્વસ્વ સાટે વચન પાળ્યું.

હવે રાજા ભેદ પિતૃલોકમાં સાંચર્યો હતો. ગઢના બાકોરામાંથી એણે એના પતિને અપ્રતિમ શૌર્યથી લડતો જોયો હતો. સેંકડો તીરોથી ઘવાયલો તેને પડતો જોયો હતો. એના શરીર પરથી ચાલી ગયેલા ઘોડાના હણહણાટના કારમા ભણકારા હજી તેને વાગતા હતા.

હરિણી પકડાય તેમ એ પકડાઈ ગઈ હતી. કેદી બનાવી એને અહીંયાં લઈ આવ્યા હતા. હવે એ કાલે શુદ્ધ થશે, અને કૃશાશ્વ ફરી તેની જોડે લગ્ન કરશે. તેના હૈયામાં કડવાશ ઊછળી આવી. દેવોને ન્યાય તો પ્રિય નહોતો પણ તેમને દયા પણ નહોતી.

એણે એના ખોળા પર માથું મૂકી ઊંઘી ગયેલા શિબિ તરફ જોયું. ઊંઘમાં પણ તે નિસાસા નાંખતો હતો. શંબરના પૌત્રનું સન્માન અહીંયાં ડગલે ને પગલે ઘવાતું. તે જરા જરામાં ગુસ્સે થઈ રડતો. આમ પ્રાણ ધારવા કરતાં પ્રાણ ખોવો એને પ્રિય થઈ પડત. ભેદની આ મટી જવું—ભ્રષ્ટ થવું—અકારા કૃશાશ્વનો હાથ ઝાલવો—તેની પત્ની બની તુત્સુઓની યુવરાણી થવું, આથી બૂરી અધમતા તેણે કલ્પી નહોતી. શશિયસીને જીવવું નહોતું—માત્ર આ પુત્રને કારણે પ્રાણ ધારવો હતો.

કોઈ આવ્યું. શશિયસીને કોઈનું મોઢું નહોતું જોવું. આ પરિચિત મહાલય એને નર્કની માફક બળ્યોઝળ્યો કરી મૂકતો.

કૃશાશ્વ આવ્યો. વસિષ્ઠ મુનિએ આજ્ઞા કરી હતી કે શશિયસીનું દુઃખ ઓછું કરવું એ એનો ધર્મ હતો. હમણાં એ રોજ સાંજના આવતો. એ આવતો એટલી પળો શશિયસીને ઝેર જેવી લાગતી.

યુવરાજ કૃશાશ્વ સામે ઊભો રહ્યો.

'શશિયસી! કેમ છે?'

'સારી છું.'

'શિબિ સૂઈ ગયો છે?'

'હા.'

કોઈ બોલ્યું નહીં. કૃશાશ્વ ગૂંચવાઈને ઊભો, સંવનન કરવાની એની શક્તિ પરિમિત હતી.

'કાલે આપણાં લગ્ન થશે.'

શશિયસીએ જવાબ ન દીધો.

'આપણો મહાલય મેં સજાવ્યો છે. પાછલો ભાગ મેં ફરી બંધાવ્યો. નદીતીરે મોટું ઉપવન કરાવ્યું છે.'

શશિયસીને એ જગ્યા યાદ હતી, જ્યાં મધરાત પછી એ રાજા ભેદને મળતી. જૂનાં સ્મરણોએ એનું હૈયું કાંપી ઊઠયું.

'તું શોક નહીં કર. ભૂલ્યા ત્યાંથી ફરી ગણીશું.' દયામણા કૃશાશ્વે આશ્વાસન આપ્યું. એના ને શશિયસીના લગ્ન પર આખું આર્યાવર્ત મીટ માંડી બેઠું હતું તેની એને ખબર હતી.

'તુત્સુરાજ.' શશિયસીએ કહ્યું, 'તમને કેટલીવાર કહું ? ગયો વખત પાછો આવતો નથી.'

'આવશે, આવશે.'

'તમારી ને મારી વચ્ચે તો રાજા ભેદના લોહીની સરિતા આડી પડી છે. રાજા ને મુનિવરની આજ્ઞા છે, એટલે તમે મને પરણવા તૈયાર થયા છો. મારાથી ના કહેવાય એમ નથી, હું પરાધીન પડી છું. પણ તમારાં ને મારાં લગ્ન થવાનાં નથી.'

'આમ શું કહે છે ?'

'યુવરાજ ?' શશિયસીએ હતાશ અવાજે કહ્યું, 'તમારી સાથે સાથે સંસાર નીભાવી શકત તો હું તમને છોડીને કેમ જાત ? ને હવે ? મારો પતિ હણાયો, મારી પ્રજા નાશ પામી, મારા મિત્રો ઝબ્બે થયા—હવે હું તમારા ઘરમાં ! એ તો મારે લલાટે આ અધોગતિ લખી છે તે કોણ મિથ્યા કરશે ? યુવરાજ ! તમે આર્યાવર્તના ચક્રવર્તી થવાના છો. દાશરાજ્ઞ જીતી તમે રાજા સોમકની પુત્રી પાછી લાવવાનું પરાક્રમ કર્યું છે. જગતને તમારે શિર મારા પાણિગ્રહણનો મુગટ મુકાતો જોવો છે. તમે ને હું તો માત્ર ઢીંગલાં છીએ. એ સિવાય એમાં બીજું કાંઇ વધારે જોશો નહીં.'

'મુનિવર કહે છે કે સમય સમયનું કામ કરશે.'

'મુનિવરને હજી જાણવું રહ્યું છે કે કેટલાક સંબંધ તો સ્થળ-કાળની ય પર છે.'

'હું મારાથી બનતું કરીશ.'

'મારે કાંઈ બીજું જોઈતું નથી. જેમ ગાયનું હરણ થાય તેમ હું તો હરી આણેલી છું. કોડમાં થોડો ઘાસચારો નાંખજો, હું બીજું નહીં માગું. મારા આટલા પુત્રને મને ઉછેરવા દેજો. ને દયા આવે તો એ મોટો થાય ત્યારે એને નાનકડું ગામ કાઢી આપજો. એટલો તમારો ઉપકાર નહીં ભૂલું. પણ તમારી આશાઓથી મારો ભવ બાળી નહીં મૂકતા.' દયામણી રીતે શશિયસીએ કહ્યું. આ ગર્વિષ્ઠ સ્ત્રીનો ગર્વ અત્યારે ચૂરેચૂરા થઈ ગયો હતો.

કૃશાશ્વને શું બોલવું તે સૂઝયું નહીં—તે ધીમે પગલે ચાલી ગયો. એનું દાંપત્ય જીવન આખા આર્યાવર્તની માલમત્તા થઈ પડી હતી. એના પર નહોતી એની માલિકી કે નહોતો વિસર્જન કરવાનો એને અધિકાર. અંધકાર થવા આવ્યો. શશિયસીએ નિસાસા પર નિસાસા નાંખ્યા. આખા જગતમાં કોઈ એનું નહોતું. ચારે તરફ અંધકાર હતો. તે બીધી. વાડાની પર આવેલા ઝાડની ડાળી પરથી એક બિલાડી કૂદીને મહાલયના છાપરા પર આવી. ધીમે રહીને શિબિને ઊંચકી તે અંદર જવા જતી હતી ને તેનું ધ્યાન બિલાડી પર ગયું. તે ધીમે પગે છાપરા પર એના તરફ આવતી હતી.

આવી મોટી બિલાડી તેણે જોઈ નહોતી. તેણે કેડે કાંઈ બાંધેલું હતું. તે પાસે આવી ને છાપરાં પરથી જમીનપર પડી ઊભી રહી.

શશિયસી ગભરાઈને ઊભી. એ બિલાડી નહોતી એવી તેને ખાત્રી થઈ. તેને ચીસ પાડવાનું મન થયું.

એકદમ બિલાડી ચાર પગે દોડતી આવી, એની સામે ઊભી થઈ ગઈ ને તેને મોઢે હાથ મૂકયો. એની ચીસ ગૂંગળાઈ ગઇ.

ગુરુ ડકુનાથને ત્યાંથી ભગવતી લોમહર્ષિણી વગર શીખ્યે આવ્યાં નહોતાં. 'હું લોમા, બોલતી નહીં.'

'લોમા!'

પુરોહિતનો ધર્મ આચરવાને બદલે આર્યાવર્તની વિદ્યા ને તપ વ્યવસ્થિત કરવામાં રોકાયા હતા, તે એમને રુચ્યું નહોતું. અને આ ઋષિપુત્ર ભાર્ગવ નવું બળ એકઠું કરતો હતો; તેને માટે પણ વસિષ્ઠને એટલી પ્રીતિ હતી કે એની વિરુદ્ધ એ કાંઈ પણ સાંભળવા તૈયાર નહોતા.

'ને આપે ને મેં કેટલીયવાર નિમંત્રણ મોકલ્યાં પણ ભાર્ગવ નહીં આવ્યા તે નહીં જ આવ્યા.'

'રાજન્! એ જો અહીંયા આવત તો હું પગે ચાલીને સામે લેવા જાત, પણ એણે મને ના પાડી.'

'આપે પોતે એને કહ્યું ને માન્યું નહીં?'

'ભાર્ગવ કોઈનું માને એવો નથી.'

'એ કોણ છે? કેવો છે?'

'પરાશરને પૂછી જુઓ, એને એનો પૂરો પરિચય છે.'

'પણ તમે બધા એમને ઋષિ ગણો છો. એની પાસે રાજાઓથી મોટું સૈન્ય છે—અને તે પણ ઋષિ શિષ્યોનું કહેવાય છે. થોડા વખતમાં આખા આર્યાવર્તમાં એનો ભય પેસવા લાગ્યો છે.'

'રાજન્! આટલા મહિનામાં ભાર્ગવના શિષ્યોએ અત્યાચાર અટકાવ્યા છે. તપોવનને નિર્ભય કર્યો છે. ગાયોની લૂંટ અટકાવી, સ્ત્રીઓનાં અપહરણ બંધ કર્યાં છે. કોઈએ એકે અન્યાય કર્યો છે? આર્યાવર્તમાં ભાર્ગવનો ભય નથી પેઠો. એને લીધે જ્યાં અત્યાચારનો ભય હતો તે અદૃષ્ટ થયો છે.'

'અને રાજાઓ એને પગે પડવા લાગ્યા છે.'

'જે ધર્મગોપ્તા હોય તેને પગે પડે એ સ્વાભાવિક છે.'

'મેં સાંભળ્યું છે કે સિન્ધુ ને પારસિકના ચક્રવર્તી માંધાતાને ત્યાં એણે શિષ્ય મોકલ્યો છે.'

'જો ભાર્ગવ એને વશ કરવા માગશે તો એ વશ થઈ જશે.' વસિષ્ઠે કહ્યું.

ચક્રવર્તી સુદાસ ઘણા જ કચવાયા.

કૃશાશ્વ ને સેનાપતિ દોડતા આવ્યા, પણ મુનિવરને જોઈ અચકાયા. બન્ને ગભરાયલા હતા.

'આવો યુવરાજ! આવો સેનાપતિ! શું છે?'

'શશિયસીને અને શિબિને કોઈ ઉપાડી ગયું.'

'હેં!' સુદાસે કહ્યું.

'આખા ગામમાં શોધ કરી. કાંઈ નામ કે નિશાન નથી.' સેનાપતિએ કહ્યું.

કોઈને શું બોલવું તે સૂઝયું નહીં. મુનિવર અગ્નિકુંડમાં જોઈ રહ્યા. 'રાજન્!' પછી એમણે ધીમેથી કહ્યું, 'દેવોને રાજા ભેદ અને શશિયસીનો લગ્નવિચ્છેદ ગમતો નથી.'

મુનિવરના આ વિચિત્ર ઉત્તરથી બધા વિમાસણમાં પડ્યા. 'કેમ જાણ્યુ? હું આખું આર્યાવર્ત ઢૂંઢી એને પાછી લઈ આવીશ.'

'એવું કાંઈ કરવું નથી.' વસિષ્ઠ મુનિએ કહ્યું. 'એ તો રાજા ભેદની જ પત્ની થવા સર્જાઈ છે. મહર્ષિ વિશ્વામિત્રે તેથી જ એનાં લગ્ન કરાવ્યાં.'

'આપ! મુનિવર! આપ આમ કહો છો?' વસિષ્ઠના પરિવર્તનથી અજાયબ થઈ સુદાસે કહ્યું.

'રાજન્! સાંભળો. દેવોએ તમને વિજય અપાવ્યો. એ જ વિજયથી સંતોષ પામો. દેવોની ઇચ્છા હવે બીજી છે. મેં તે સાંભળી ને જોઈ છે.'

'આપે?' સુદાસે ગુંચવાઈને પૂછ્યું.

'કેવી રીતે?'

'જેની તમે વાત કરતા હતા તેને—તમારા બનેવીને મળ્યો હતો ત્યારે—?'

'ભાર્ગવ?'

'હા.'

'આ શશિયસીને પણ એજ ઉપાડી ગયો. હું જઈને એની પાસેથી શશિયસીને પાછી લઈ આવીશ.'

'તમે પાછી લઈ આવી શકો એમ નથી, ભાર્ગવ જોડે તમે યુદ્ધમાં ઊતરી શકો એમ નથી. હું એમાં જોડાઈ શકું એમ નથી. શંબરના બાલક પૌત્ર પર વેર વાળવામાં કોઈ તમને પીઠ આપે એમ નથી. આ કડવો ઘૂંટડો તો ગળવો રહ્યો.'

'મુનિવર! તમે આજે આમ હતાશ કેમ થઈ ગયા છો? આપણે દાશરાજ્ઞ જીત્યા તે આવાં અપમાન સહેવા માટે?'

'રાજન્! દેવોએ દાશરાજ્ઞમાં વિજય અપાવ્યો કેમકે એ ધર્મ-યુદ્ધ હતું. પણ એ વિજયનો ઉપયોગ દ્વેષ અને અભિમાન પોષવામાં કરીએ તે દેવો કેમ કરવા દે? તમે ને હું હવે વૃદ્ધ થયા. આપણે તો ધર્મ સચવાય એવી વ્યવસ્થા કરવી જોઈએ, એટલું જ દેવો માગે છે.'

'પણ તેમાં આ ભાર્ગવને આડે શા માટે આવવા દઈએ?'

'કારણ તમે ને હું ગઈ કાલના છીએ—એ આજનો ને આવતી કાલનો.'

'એવો તે કેવોક છે?'

'જોજો. એની ઇચ્છા વગર આર્યાવર્તમાં સળી હલવાની નથી. રાજન્! અમારા બધાનો પુરોહિત યુગ સંકેલાઈ ગયો. જે એને ગુરુ સ્વીકારશે તે બચશે. મારું માનો તો એને જઈ સત્રમાં લઈ આવો ને મારી જગ્યાએ સ્થાપો. હવે વસિષ્ઠ તમને કાંઈ નહીં અપાવી શકે. વિદ્યા ને તપ મારી બધી શક્તિ માગી રહ્યાં છે.'

૪

જેની આંખો સદાય નિર્મલ હતી, એવા મુનિવર વસિષ્ઠ વિમાસણમાં પડ્યા. દાશરાજ્ઞની છાર છાંટવાની શક્તિ એમનામાં આવી નહોતી. અભિમાન ત્યાગ્યા વિના ભાર્ગવ જીતાય એમ નહોતા.

એમણે રાજા સુદાસને વીનવ્યા, અને શશિયસીની વાત બધાએ વિસારે પાડી. યુવરાજ કૃશાશ્વને શશિયસી ન મળી તે ન જ મળી.

સત્ર શરૂ થયો, બીજે દહાડે મૌન જેને પ્રિય છે એવા મુનિ પરાશર તુત્સુ સેનાપતિને લઈ ભરતના રાજ્યાભિષેકમાં ગયા. સત્રની પૂર્ણાહુતિ સમયે બધાને સાથે લઈ આવવાની વિનંતિ પણ કરવાની એમને વસિષ્ઠે આજ્ઞા કરી.

ભૃગુના આશ્રમમાં એમણે અજબ પરિવર્તન જોયું. વિશ્વામિત્ર ને જમદગ્નિના આશ્રમો એક થઈ ગયા હતા. અને જોજન સુધી એક વિશાળ ગ્રામ બંધાઈ રહ્યું હતું. નદીને પેલે તીરે જંગલો કપાઈ રહ્યાં હતાં, અને ત્યાં પણ આશ્રમનો વિસ્તાર વધ્યો હતો.

પરાશર મુનિ આ પ્રવૃત્તિથી ચકિત થઈ ગયા. અહીંયા થાક નહોતો, દિવસ ને રાત નહોતાં, પરાજયના નિશ્વાસો નહોતા, અહીંયા ઋષિ શુનઃશેપ, વિશ્વામિત્રોમાં શ્રેષ્ઠ, કોકિલકંઠે મંત્રોચ્ચાર કરતા અને હજારો શિષ્યોને વિદ્યા ને તપની અભિવૃદ્ધિ કરતા હતા. અથર્વણોમાં શ્રેષ્ઠ ઋષિ વિમદ મંત્રવિદ્યા ને શસ્ત્રવિદ્યાની શક્તિ બધાને આપી રહ્યા હતા. અહીંયા દુષ્યન્ત રાજાનો પુત્ર ભરત અને રાજા ભેદનો પુત્ર શિબિ બન્નેના રાજ્યાભિષેકની તૈયારી ચાલતી હતી.

ગૌશાળામાં ગાયો ઉભરાતી. સિંધુ પ્રદેશથી નવા આવેલા ઘોડાઓથી અશ્વશાળાઓ વધતી જતી.

મહર્ષિ જમદગ્નિ સૌમ્ય અને શાંત હવે તપશ્ચર્યામાં સમય વીતાવતા. કૌમુદી સમી આલ્હાદક ને અમીવર્ષતી રેણુકા પૌત્ર–પૌત્રીઓ માટે સુતર કાંતતી બધાંને દર્શન આપતી. પરાશરે એને સગી માથી વધારે માની હતી. ડાંગનો ટેકો લઈ એક પગે જરા ખોડંગતા મુનિ સદાય આચરેલા ચિંતનથી સૂક્કા ને ફિક્કા, અમ્બાના પગની રજ માથે ચડાવી કૃતાર્થ થયા.

'અમ્બા, તારે તો આવવું જ પડશે. પિતામહે ઘણું ઘણું કહ્યું છે. ને હું પણ કહું છું.'

'ભૃગુશ્રેષ્ઠ આવશે તો હું આવીશ.'

'હું તારો દીકરો નહીં ?'

'તો પછી બાપની આજ્ઞા માને જ છૂટકો.'

ગંધર્વો ને ઘવાયલાંને આપેલું જીવતદાન ને ભાર્ગવે એમને આપેલું જીવિતદાનની દંતકથાએ અમ્બાને દેવી બનાવી દીધી હતી. લોકો દર્શને આવતા, નિઃસંતાન એની બાધા રાખતા. દુઃખિયાના આંસુ વિસરાવતું એમનું હેત માતાના પયથી પ્રાણદાયી મનાતું હતું.

રામને એક પુત્ર થયો હતો, તે દાદીમાના ખોળામાંથી ઊતરતો નહીં.

આખા આશ્રમના વાતાવરણમાં વેગ ને વ્યવસ્થા હતાં. દરેક ક્ષેત્રમાં મહામોટી તૈયારીઓ થઈ રહી હતી. શસ્ત્રવિદ્યા, મલ્લકુસ્તી ને અશ્વવિદ્યામાં તો અદ્ભુત વિકાસ સધાતો જોઈ પરાશર મુનિને ઉચાટ થયો. બીજા મહાયુદ્ધની તૈયારીઓ ચાલી રહી હતી કે શું ? દાશરાજ્ઞ પછી યુદ્ધ એમને અકારું થઈ પડ્યું. માનવીઓના નિરર્થક વિનાશનો વિચાર કરતાં એ કાંપી ઊઠતા.

ભાર્ગવના શિષ્યો જે શીખી તૈયાર થતા તે જુદીજુદી વસ્તીઓમાં વહેંચાઈ જતા. ધોરી માર્ગોનું રક્ષણ, વિદ્યા વ્યાસંગીઓનું રક્ષણ ને ગાય–ઘોડાની ઉછેર એ એમનું કર્તવ્ય થઈ પડયું હતું. 'ગાય ને વિદ્યા રંજાડે તે મરે' એ ભાર્ગવની આજ્ઞાનું એ પાલન કરતા. ને જોજનો સુધી નિરાધારોના આ આધાર ફરી વળતા.

ભાર્ગવ આવ્યા. ભગવતી, પ્રતીપ, કૂર્મી ને ઉજ્જયંતને લઈને સરસ્વતીને દક્ષિણતીરે શિબિને માટે નવું ગ્રામ તૈયાર કરાવવા ગયા હતા.

પરાશર ભાર્ગવને ભેટયા. રાજ્યાભિષેકમાં મુનિ ને તુત્સુ સેનાપતિ આવ્યા; તેથી ભાર્ગવે વસિષ્ઠ મુનિનો આભાર માન્યો પછી પરાશરે નિમંત્રણ આપ્યું.

'મુનિવરની આજ્ઞા હું બને તેટલી માથે ચઢાવીશ. મહર્ષિ

આવે કે નહીં તે મારાથી ન કહેવાય. ઋષિ શુનઃશેપ જરૂર આવશે. વસિષ્ઠ-વિશ્વામિત્રનાં વેર હવે વિસારે પાડવાં જ રહ્યાં. ભદ્રશ્રેણ્ય આવશે. વિમદ અથર્વણુ વિદ્યાનો સ્વામી છે એ પણ શિષ્યો સહિત આવશે.'

'ભરત?'

'રાજા દુષ્યન્ત આવશે. ભરત ને શિબિ નહીં આવે.'

'પણ આપ?'

'મુનિવર્ય મારું સ્થાન ત્યાં દેખાતું નથી. વસિષ્ઠ મુનિ સુદાસના પુરોહિત છે.'

'પણ આપની ઇચ્છા હોય તો સુદાસ તેડવા આવે. આપના આવ્યા વિના આર્યાવર્તની એકતા નહીં જળવાય.'

'હું જાણું છું. હું આવીશ–જ્યારે આ વિદ્યાનો સત્ર સમસ્ત આર્યાવર્તનો છે એમ ખાત્રી થશે ત્યારે.'

'પણ એ ખાત્રી કેમ થાય?'

'પહેલાં મુનિવર પુરોહિતપદ છોડી દે. એ એક રાજાના નથી, એ તો તપોનિધિ છે—રાગદ્વેષથી પર એવા આર્યત્વની મૂર્તિ છે. રાજાઓનો ગર્વ પોષવાનાં એ સાધન નથી.'

'એ તો પદ છોડવા ક્યારનાય તૈયાર થઈ બેઠા છે; કોઈ ઉત્તરાધિકારી મળે તો. મેં પણ એ પદ લેવાની ના પાડી.'

'કેમ?'

'પુરોહિતપદને માટે હું યોગ્ય નથી. મારું સ્થાન તપોવનોમાં, ગિરિશૃંગોમાં, એકાન્તમાં. મને સંસારની સૂગ આવતી જાય છે.'

'ધન્ય છે!' ભાર્ગવે કહ્યું. 'એ તો હું જાણતો જ હતો. વસિષ્ઠનો વેલો તો અદ્ભુત છે'

'પણ આપને બીજી ખાત્રી શી જોઈએ છે?'

'મુનિવર તો આર્યત્વની જીવતી જાગતી જ્યોત છે. એમને ચરણે તો બધા ચક્રવર્તી જોઈએ. સિંધુને પેલે તીર માંધાતા ગાજે

છે. એ આર્યાવર્ત પર મીટ માંડી બેઠો છે. એને અપનાવશો નહીં તો તમે ઉખડી જશો. એ બહુ સબળ થતો જાય છે. ચાર ચક્રવર્તીના પાયાપર મુનિવર વસિષ્ઠનો મંચ સ્થપાશે.'

'ચાર?'

'ભરત દૌષ્યંતી ત્રીજો. ચોથો રાજા ભેદનો પુત્ર શિબિ. આ સત્ર પૂરો થશે તે પહેલાં તો આ જંગલોમાં એ એકચક્રે રાજ્ય કરતો હશે.'

'આપ એમને લઈને આવશો?'

'હા! ચારે ચક્રવર્તી આવશે એટલે હું ને લોમા આવીશું, ને આર્યોમાં શ્રેષ્ઠ એવા મુનિને મારે હાથે અર્ધ્ય આપીશ. એ આજના નથી, સનાતન છે. માનવોની વિશુદ્ધિની સેર સમા એ આપણને ભગને લઈ જવા જીવે છે.'

સદાના પ્રશંસામુગ્ધ પરાશર પૂજ્યભાવથી જોઈ રહ્યા.

'પરાશર, માંધાતાને તમે અને કૃશાશ્વ જઈને બોલાવી લાવજો. પણ એ આવવો સહેલો નથી. એને કહેજો કે ભાર્ગવ એ આવે તો જ આવશે, નહીં તો નહીં આવે—એટલે આવશે.'

રાજ્યાભિષેકો થઈ ગયા. કવષ ઐલૂષે ભરતને અભિષેક કર્યો. ઋષિ વિમદે શિબિને કર્યો. શશિયસી રાજમાતા થઈ.

પરાશર મુનિ પાછા જવા નીકળ્યા. ભાગવ ને લોમા ક્યાંય સુધી મૂકવા આવ્યાં.

'ભાર્ગવ!' પરાશરે ભેટીને ખેદથી કહ્યું: 'મને આ યુદ્ધની તૈયારીઓ નથી ગમતી. મારે ફરી યુદ્ધ નથી જોવું.'

'મારે પણ નથી જોવું. પણ એ આપણા હાથમાં નથી.'

'જો બધા જ વેર વિસરે તો પછી લોહી રેડાતાં અટકે.'

'પણ વિસરે તો ને—' ભાર્ગવ હસ્યા.

મુનિ ડોળીમાં બેસીને દૂર ગયા ત્યાં સુધી માનવતાના પરિપાકરૂપ આ એકબીજામાં સમાઈ ઊભેલાં અર્ધનારીશ્વરને પૂજ્યભાવ ભર્યાં નેત્રોએ જોઈ રહ્યા.

૫

જેમ વરુણની દૃષ્ટિ પંખીઓનાં પંથને પણ જાણતી તેમ ભાર્ગવની દૃષ્ટિ સિન્ધુથી સિંહલ સુધી જતી.

વિદ્યા ને તપની અભિવૃદ્ધિ, તેને સંરક્ષવાની ને વિસ્તારવાની શક્તિ: આ બે એમના ધર્મના નિશ્ચલ પાયા હતા. સૌરાષ્ટ્રમાં શરૂ કરેલી પદ્ધતિ સુધારીવધારી તેમણે સચોટ કરી મૂકી હતી. વસ્તીએ વસ્તીએ ભાર્ગવોનાં થાણાં થતાં હતાં. તે ધોરી માર્ગને સુરક્ષિત રાખતા. ગાયઘોડાને ઉછેરતા, શસ્ત્રવિદ્યાનો પ્રચાર કરતા. વિદ્યાની રક્ષા કરતા, અધર્મનું આચરણ અટકાવતા. રસ્તાઓ ભયવિનાના થયા. વ્યાપાર વધ્યો. આશ્રમોમાં વિદ્યાનો પ્રચાર થવા લાગ્યો. પાંચસો શિષ્યો સહિત ભાર્ગવ એક રાજ્યેથી બીજે રાજ્ય જતા, રાજાઓની મૂંઝવણ દૂર કરતા કે સ્વચ્છંદ કાબૂમાં લાવતા. આર્યાવર્તમાં નવું જીવન ભયવિહોણું થવા લાગ્યું. ભાર્ગવનાં શાસનો પણ વરુણ જેવાં હતાં, તે દેખાતાં નહીં પણ તેમનો પ્રભાવ બધાને નિયમમાં રાખતો.

મહિનાઓ થયાં મુનિ વસિષ્ઠે આરંભેલા સત્રમાં વિદ્યાનું નવું સર્જન થયા કર્યું. મંત્રો ઉચ્ચારાતા, રચાતા, સંશોધાતા. યજ્ઞ-વિધિઓની સરખામણી થતી. મહર્ષિઓ જ્ઞાન અને તપે મેળવેલી સમૃદ્ધિની આપ-લે કરતા. હજારો શિષ્યો મહાત્માઓનાં દર્શન કરી પ્રેરણા પામતા. મહાનુભાવ વસિષ્ઠ મુનિના છત્ર નીચે જીવનકલહ નહોતો, પણ આત્મવિશુદ્ધિનો અતૂટ પ્રયોગ હતો.

વાસિષ્ઠોની પરમ વિદ્યાના ધણી મુનિવરે સુમધુર કંઠે શબ્દબ્રહ્મની પૂજા શીખવી. સબળ શબ્દો વડે એમણે રાગદ્વેષ ને ક્રોધનો વિનાશ ઉપદેશ્યો.

દરેક પ્રાતઃકાળે એ ઉપદેશ કરતા. જીવન એ વિશુદ્ધિ. વિશુદ્ધિની ઉત્તરોત્તર વધતી ઉત્કંઠા તે આર્યત્વ. આર્યત્વ તે માનવતાનું ધ્યેય

ને સફળતા ને એ વિશુદ્ધિને સદેહ મૂર્તિમાન કરી એમણે તેનો સાક્ષાત્કાર કરાવ્યો.

ભાર્ગવ ને ભગવતી લોમહર્ષિણી શિષ્યો સહિત આવ્યાં અને મુનિ તેમજ રાજા સુદાસ એમને સત્કારવા તુત્સુ ગ્રામથી બહાર આવ્યા.

ભાર્ગવ આવ્યા હતા, શસ્ત્રવિદ્યાના મહાગુરુ રૂપે, સહસ્ર ભાર્ગવનાં પરશુનાં વનથી વીંટાયલા. પણ શસ્ત્રો ત્યાગી તેમણે મુનિને પ્રણિપાત કર્યાં. કેટલેય વર્ષે લોમા એમને મળી. ભાર્ગવની અર્ધાંગના રૂપે— શસ્ત્રોથી સજ્જ. ભાગર્વની સાથે ચક્રવર્તી ભરત અને શિબિ, મહિષી શશિયસી, રાજા ભદ્રશ્રેણ્ય, પ્રતીપ ને વિશાખા, કૂર્મી ને ઉજ્જયંત પણ આવ્યા હતા.

સિંધુતટનો સ્વામી ચક્રવર્તી માંધાતા પણ ભાર્ગવનો સાક્ષાત્કાર કરવા આવ્યો. ઊંચો, ભાર્ગવથી પણ ઊંચો, વિશાળ બાહુ! આ રાજાની સિંધુ પ્રદેશોથી પારસિક પ્રદેશ સુધી આણ ફરતી. કેટલાંય વર્ષથી એની મહત્ત્વાકાંક્ષા આર્યાવર્ત વશ કરવાની હતી. દાશરાજ્ઞ પૂરો થયે લોકો થાકયા હોય ત્યારે આક્રમણ કરવાનો એનો ઈરાદો હતો, પણ ભાર્ગવની દંતકથાઓ એણે સાંભળી હતી. ભાર્ગવનો શિષ્ય ઉજ્જયંત એમને ત્યાં ઘોડા લેવા આવ્યો હતો, એટલે ઘોડાઓની ભેટો મોકલાવી એણે ભાર્ગવની મૈત્રી કેળવવા માંડી. તેમાં આ નિમંત્રણ મળ્યું. જાતે જઈ એને આર્યાવર્તની શક્તિનું માપ કાઢવું હતું.

એ આવ્યો ત્યારથી એને ભાર્ગવના પ્રભાવના પડઘા સંભળાયા કરતા. અત્યારે તેજસ્વી મુખ ને ભભૂકતી આંખોમાં એ પ્રભાવનાં એણે દર્શન કર્યાં.

'ગુરુદેવ! હું આપને માટે બસો ઘોડા લાવ્યો છું.'

'અત્યારે તો એ ભેટ મુનિવરને જ ચરણે ધરાય.' ભાર્ગવે જવાબ આપ્યો.

પૂર્ણાહુતિ થઈ. હજાર યજ્ઞકુંડમાં છેલ્લી આહુતિ અપાઈ. દશ-સહસ્ર કંઠે સ્વસ્તિવાંચન થયું.

શ્વેત વસ્ત્રમાં સજ્જ, શ્વેત શરીર ને તેથીય શ્વેત જટા ને દાઢીમાં વિશુદ્ધિના અવતાર મુનિવર વસિષ્ઠને ભાર્ગવે અર્ધ્ય આપ્યો.

કાળી દાઢી ને જટા, પથ્થરમાં કોતરાયાં હોય એવાં ઘટ્ટ ને સુરેખ સ્નાયુઓ, ભભકતાં નયનો, દુર્ધર્ષતામાં અભેદ્ય એવું ગૌરવ અને તેથીય વધારે ધાક પ્રસારતાં પરાક્રમો—આ બધાંનો સ્વામી વસિષ્ઠને અર્ધ્ય આપી રહ્યો.

શક્તિએ સંસ્કારનું સામ્રાજ્ય સ્થાપ્યું. આખા ગ્રામમાં વિજય-ઘોષણા થઈ રહી.

'મુનિવર!' ભાર્ગવે નમ્રતાથી કહ્યું, 'આપ તો મૂર્તિમાન આર્યત્વ છો. આપની પાસે અમારે આર્યત્વની પ્રેરણા લેવાની છે, આ ચાર ચક્રવર્તીઓ છે, એમને આજ્ઞા કરો. આર્યત્વનું રક્ષણ ને પ્રતિસ્થાપન એજ એમનો ધર્મ, એજ એમની જીવનપ્રતિજ્ઞા.'

માંધાતા ખંચાયો. અહીંયાં બોલાવી આ પ્રતિજ્ઞા લેવડાવવી હતી? પણ યજ્ઞમંડપનું વાતાવરણ એના સંસ્કાર ઘડી રહ્યું હતું. ભાર્ગવનો પ્રતાપ જોઈ એનો ક્રોધ વહોરવાની ઇચ્છા ઊગતી દબાઈ ગઈ. તે આગળ આવ્યો.

સુદાસ, માંધાતા, ભરત ને શિબિ એ ચારેએ મુનિવરના પગ ધોયા.

'રાજન્યો! ધર્મ સંરક્ષો ને પ્રવર્તાવો. એમાં જ તમારા ચક્રવર્તી-પદનું સાર્થક છે. ને ગુરુ ભાર્ગવ—આપને શા આશીર્વાદ આપું?' ને કૈલાસ પર ચન્દ્રિકાનો આહ્લાદ પ્રસરે તેમ વસિષ્ઠના મુખ પર હાસ્ય પ્રસર્યું.

'મારે તો એક જ આશીર્વાદ જોઈએ. સિંધુથી સિંહલ સુધી આર્યાવર્ત પ્રસરે—'

'તથાસ્તુ.'

મુનિવર ભાર્ગવને ભેટી પડ્યા.

× × × ×

રાતની ચાંદનીમાં ભાર્ગવને ઉતારે મુનિવર આવી પહોંચ્યા.

'ભાર્ગવ ! આ શું માંડ્યું છે ? પરાશર કહેતો હતો કે તમે યુદ્ધની તૈયારી માંડી છે ?'

'એ તૈયારી ન હોત તો આજે માંધાતા મહાત થાત ? આપે નહીં જોયું કે પ્રતિજ્ઞા લેતાં પહેલાં એ ખંચાયો.'

'હા. ભાર્ગવ ! તમારાં ચક્ષુઓ તો દિવ્ય છે. મને હવે સમજાયું કે તમે માંધાતાને કેમ બોલાવ્યો.'

'મુનિવર !' ભાર્ગવ હસ્યા: 'તમે વિશુદ્ધિ પ્રેરતા શબ્દ છો. હું વિશુદ્ધિ આચરાવતો ભય છું.'

'ભય હોય ત્યાં વિશુદ્ધિ હોય ?' મુનિએ પૂછ્યું.

"આર્યત્વ જેણે સિદ્ધ કર્યું હોય તેને તો સ્વયંભૂ વિશુદ્ધિ પ્રાપ્ત થાય. પણ સામાન્યોમાં આર્યત્વ એકલી પ્રેરણાથી નહીં આવે. એમનો રાગદ્વેષ તો ભયથી જ જીતાય.'

'એમ તો માનવી કાયર થાય.'

'મુનિવર, ક્ષમા કરો. મેં રાગદ્વેષના ઉછાળા જોયા છે, એવા આર્યાવર્તમાં કલ્પાતા નથી. ગુરુ ડડુનાથ કહેતા હતા કે હિંસકમાં હિંસક પ્રાણી માનવી છે. ભય—અદૃષ્ટ ને સર્વવ્યાપી હોય નહીં તો નરપિશાચો ધર્મ સ્વીકારે નહીં, ને આપના જેવાને કોઈ જીવવા નહીં.'

'આ ચક્રવર્તીઓ પ્રતિજ્ઞા પાળશે ? ભાર્ગવ ! આર્યો ને દસ્યુઓનો ભેદ અદૃષ્ટ થઈ ગયો. આર્યોની વિશુદ્ધિ આ રાજાઓ સાચવશે ?'

'જ્યાં સુધી એ ધર્મના ચક્રમાં ફરતા હશે ત્યાં સુધી પાળશે.'

'તો એક વિનંતિ કરું ?'

'આપ વિનંતિ કરો—એ તે બને મુનિવર ?'

'ભાર્ગવ, પુરોહિતપદ છોડવાનું વચન આપ્યું હતું તે મેં આજે પાળ્યું છે. પરાશરને તે જોઈતું નથી. મારી વિનંતિ છે કે તમે એ સ્વીકારો. રાજા સુદાસને એ સ્વીકાર્ય છે. ઋષિ કવષ ઐલૂષ તો

ભરતોનું પુરોહિતપદ છોડી દેવા તૈયાર છે. તમે તે લો. વિમદઋષિનું સ્થાન, એ તો તમારું જ છે. મેં આજે માંધાતા જોડે પણ ઘણી વાત કરી, મહર્ષિઓની પણ સલાહ લીધી, બધાની ઇચ્છા છે કે ચારે ચક્રવર્તીઓનું પુરોહિતપદ તમે લો. આવું કદી બન્યું નથી. તમારામાં આખા આર્યાવર્તની એકતા ને શક્તિ એકત્ર થશે.'

ભાર્ગવ શરમાઈ ને મંદ હસ્યા,

'મુનિઓમાં શ્રેષ્ઠ! તમે મને અહીંયાં બોલાવ્યો તે આને માટે? પણ મને ક્ષમા કરો. આ ચતુષ્કોણ પદ મારાથી લેવાય નહીં.'

'ભાર્ગવ! ભાર્ગવ! આર્યાવર્તને સશક્ત કરવાનો કોઈને દેવે આવો પ્રસંગ નથી આપ્યો.'

'મુનિવર! મારો માર્ગ તો બધાથી નિરાળો છે.' ધીમેથી ભાર્ગવે કહ્યું. 'આર્યત્વ ક્ષીણ બને તેનો તમને ડર છે. તેને વિશુદ્ધ રાખવાનો એક જ માર્ગ છે. વિદ્યા, તપ ને સંયમ સેવતા હોય તેને નિર્ભય કરવા, રાજ્યશક્તિ ને વૈશ્યવૃત્તિ ન સ્પર્શે ત્યાં તેમને રાખવા.'

'તેથી જ આ ચાર ચક્રવર્તીનું પુરોહિતપદ મેં યોજ્યું છે.'

'ના એમાં તો ભય વધે. આર્યત્વ રાજ્યાશ્રય પર અવલંબતું થઈ જાય.'

'ત્યારે?'

'હું તો રાજાઓ ને પુરોહિતોથી અલગ જ ઊભો રહીશ. વિદ્યા, તપ, ને સંયમ—આર્યત્વ—જે તમારામાં પરાકાષ્ટા પામ્યું છે—તેના પાયા ઉખડે એવા મારે નથી રાખવા.

'તે કેવી રીતે?'

'તેને સંરક્ષવા મરવાને તત્પર રહે એવું સામર્થ્ય બ્રાહ્મણ ને રાજન્યોને મળે ત્યારે.'

મુનિ વસિષ્ઠે માથું નમાવ્યું.

'ભાર્ગવ! હું તો એ દહાડો નહીં જોઉં. જ્યાં તમારી દૃષ્ટિ જાય છે, ત્યાં મારી કલ્પના પણ નથી જતી.'

'હું બધાથી જરા જુદો છું ખરો.' હસીને ભાર્ગવે કહ્યું.

૫. તાંડવ

આસન્દિવત્માં સાંજ પડવા આવી હતી. આખા ગામમાં યુદ્ધની તૈયારી થઈ રહી હતી. લોકો ઉત્સાહમાં આવતા અને જતા, ધાંટાધાટ કરતા, શસ્ત્રો ઘસતા, બડાશો મારતા ને લડેલા યુદ્ધનાં સ્મરણો તાજાં કરતા.

રાજા પુરુકુત્સના પૌત્ર ત્રૈય્યારુણ રાજાના મહાલયમાં ધાંધલ મચી રહી હતી. ઘોડેસવારો જતા ને આવતા. બહાર ઘોડાઓ હણહણતા. ગાડાઓમાં સામગ્રીઓ ભરવામાં આવતી.

મધપૂડામાં કોઈએ મશાલ ધરી હોય ને મધમાખીઓ ગણગણી ઊભરાઈ ઊઠે તેમ માણસો ગામમાં ઊભરાઈ ઊઠયા હતા.

'ખબર આવી હતી કે, અનૂપદેશનો ચક્રવર્તી સહસ્રાર્જુન આર્યવર્ત પર ચઢી આવતો હતો. એની સેના અણગણ હતી, કોઈ એને રોકે એમ ન હતું. પુરુઓના રાજા ત્રૈય્યારુણ ગુસ્સામાં આવી ગયા. 'આર્યાવર્ત પર આક્રમણ કરવાની હામ ધરનારો એ કોણ? પુરુષોમાં શ્રેષ્ઠની આણ ઓળંગવાની મગદૂર શું?' એમણે ગામેગામ સન્દેશા મોકલાવ્યા. ગામેગામથી રાજન્યો ને યોદ્ધાઓ આવી રહ્યા. વીરતાનાં પૂર ઉછળ્યાં. સહસ્રાર્જુનને તો આમ સીધો કરી દઈશું—ઊભી પૂંછડીએ એને અનૂપદેશ પાછો ભગાડી દઈશું.

મહાલયની સામેના ચોક આગળ ગ્રામની યજ્ઞશાળા હતી. ત્યાં લોકોની મેદની ભરાઈ હતી.

'વીર પુરુષોને પહોંચે કોણ?' 'એ જંગલનો હૈહય સમજે શું?' 'એને સ્વાદ ચખાડવો રહ્યો.' 'એને ધૂળ ચાટતો કરવો એ તો પલકનું કામ હતું.' આમ છાતીની ઠોકાઠોક ચાલી રહી હતી.

જનસમૂહમાં જ્યારે બહાદુરીનો પવન વાય ત્યારે જરા પણ વિચાર કરનારો કાયરમાં ખપે છે ને મૂર્ખો મનાય છે. છતી જીભે તેને મૂંગો કરી દેવામાં આવે છે. ત્યારે જેમ બણગાં મોટાં હોય તેમ તેના ફૂંકનારાને મોટું માન મળે છે.

એક માણસે ધૃષ્ટતા કરી, 'સહસ્રાર્જુન ઘણો જબરો છે.'

'હં!' પાંચ જણ બોલી ઊઠયા 'તારી છાતી તો અત્યારથી બેસી ગઈ.'

'ગુરુદેવ ભાર્ગવ માંડમાંડ યાદવોને એના ક્રોધમાંથી બચાવી લાવ્યા.' તે માણસે જરા હિંમત બતાવી.

'તું સાથે નાસી આવ્યો હશે?' એક જણે પૂછ્યું.

'એનું સૈન્ય ઘણું મોટું છે.'

'બાયલા! કાયર! જા, તું જઈને એને મળી જા. દ્રોહી! નપુંસક!' ચારે તરફથી શબ્દ નીકળ્યા.

'ભાઈ!' પેલો માણસ કરગરી પડયો. 'હું તો આ લડવા ચાલ્યો. જે ખરી વાત છે તે હું કહું છું.'

'તું ઘેર બેસ.' એક જણે કહ્યું.

'તું ઘાઘરી પહેર' બીજાએ કહ્યું.

'તારી સ્ત્રીને લડવા મોકલ!' ત્રીજાએ કહ્યું.

સેંકડો ધુત્કારથી ગભરાયેલો પેલો માણસ ત્યાંથી જેમ તેમ છૂટયો. એટલામાં કોઈએ કહ્યું કે પરાશર મુનિ પોતાની ઝૂંપડીની એકલતા છોડી રાજાને મળવા નગરમાં આવે છે. પહેલાં કોઈએ માન્યું નહીં. અત્યારે એ શા માટે આવે?

એક વર્ષ થયાં મુનિવર પરાશર અહીંથી થોડે દૂર આવેલા જંગલમાં એક ટેકરી પર ઝૂંપડી બાંધી તપશ્ચર્યા કરતા હતા.

વર્ષ દિવસ સુધી પરાશરે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહોતો. નિરંતર મૌન સેવતા એ મુનિ નીચું જોઈ જમનામાં નાહવા જતા, નીચું જોઈ પાછા આવતા. કોઈ શ્રદ્ધાળુ દૂધ મૂકી આવે તો પીતા, નહીં તો મળે તે ફળનો આહાર કરતા. રાત્રે ઝૂંપડી આગળ એક ઝાડ નીચે તે બેસતા, એકાગ્ર ધ્યાન કરીને. હરણાંઓ, પંખીઓ, સર્પો પણ એમની પાસે જતાં ને નિર્ભય બની બેસતાં.

એમણે તુત્સુઓનું પુરોહિતપદ છોડયું હતું. વિદ્યાના કેન્દ્રસમો પિતામહનો આશ્રમ ત્યાગ્યો હતો. સેંકડો શિષ્યોની સેવા ત્યાગી હતી. રાજા ત્રૈય્યારુણના નિમંત્રણોની અવગણના કરી હતી. એકલા એકલા તે અંતરનાં ઉંડાણોમાં જગતનાં દુઃખ વિદારવાના ઉપાયો શોધતા હતા. આજે મુનિવર પોતાની મેળે ગામમાં આવતા હતા. અજબ જેવી વાત હતી. જે કોઈની સામે નહીં જોતા તે માણસોને મળવા આવતા હતા. સહુ વિસ્મય પામ્યા. જરૂર મુનિવર યોદ્ધાઓને આશીર્વાદ આપવા આવ્યા હશે.

પરાશર મુનિ ધીમેધીમે દંડ પર ટેકો દેતા, એક પગે ખોડંગતા, યજ્ઞશાળા તરફ આવ્યા. એમનું મુખ સૂકું ને ચિન્તનશીલ હતું. એમની આછી દાઢી એમના મુખને વધારે કૃશ બનાવતી. એમની આંખોમાં ઊંડું દુઃખ હતું, એમના કપાળ પર કરચલીઓ હતી. એમણે લોકોનો ઉત્સાહ જોયો ને એમની આંખ ભીની થઈ.

'મુનિ મહાલયમાં જાય છે!' 'જગ્યા કરો!' 'જગ્યા કરો!' 'રાજાને આશીર્વચન આપવા જાય છે!' 'એ હૈહયને શાપ આપી બાળીને ભસ્મ કરશે.' એવાં વાકયો લોકોની ઠઠમાંથી સંભળાયાં. કેટલાકોએ રસ્તો મોકળો કરી આપ્યો. કેટલાક રાજાને ખબર આપવા દોડયા.

લોકો ઉત્સાહમાં સામે ધસ્યા, ને પગે લાગ્યા, 'મુનિવર! આશીર્વાદ આપો,' એક જણે કહ્યું.

'મુનિવર!' બીજાએ ઉમેર્યું, 'અમે સહસ્ત્રાર્જુનનો ભૂકો કરીશું. અમારા બાહુને વીર્યવાન કરો.'

'આપ જેવાનો એક શબ્દ એને બાળીને ભસ્મ કરશે.'

'પધારો પધારો આ તરફ.' લોકોએ સત્કાર કર્યો.

મુનિએ મૂંગે મોઢે હાથ લંબાવી આશીર્વાદ દીધો. અને ખોડંગતા આગળ ચાલ્યા. લોકોએ એમનો જયજયકાર કર્યો. મુનિએ ઊંડો નિસાસો નાંખ્યો.

'પરાશર મુનિ આવે છે!' 'મુનિ આવે છે!' 'મુનિ આવ્યા!' રાજમહાલયમાં મુખે મુખે ઉચ્ચારાયું. ત્રૈય્યારુણ પુરુરાજ સફાળા ઊઠ્યા. પોતે મુનિને ત્રણવાર મળવા ગયા હતા તોયે તે બોલ્યા નહોતા, આજે તે પોતાની મેળે આવે છે કેમ? શા માટે? બધા વિસ્મય પામ્યા.

રાજા બહાર નીકળ્યા. તેમણે મુનિના પગ ધોયા. એમને સત્કારી અંદર આણ્યા, બેસાડ્યા, અને ગંધ ને માલ્યથી તેમની પૂજા કરી.

'મુનિવર, આપે ઘણી કૃપા કરી. આ અણીએ જ આપના આશીર્વાદની જરૂર છે.' રાજા ત્રૈય્યારુણે કહ્યું.

મુનિએ બાર મહિને મૌન મૂક્યું.

'રાજન્! હું આશીર્વાદ આપવા નથી આવ્યો.' તેમણે ધીમેથી, દયાભીને, કાંપતે સ્વરે કહ્યું.

રાજસભા ચકિત થઈ. 'હું ચેતવવા આવ્યો છું, ચેતવવા!' રાજા ચકિત થયા.

'રાજન, આઠ દહાડાથી મને કારમાં દૃશ્યો દેખાય છે. તમને ચેતવવાની મને અહોરાત્રી પ્રેરણા થાય છે. તેથી હું આવ્યો.'

બધા મૂંગા રહ્યા.

'મને આસિન્દિવત બળતું દેખાય છે, એની શેરીઓમાં લોહીની નદી વહેતી દેખાય છે. રાજન્! ક્ષમા કરજો, મને આપ દેખાઓ છો—'

'હા?'

'રણક્ષેત્રમાં રોળાયલા—' સાશ્રુનયને મુનિવરે કહ્યું. 'તમારું ધડ ને માથું મને છૂટાં પડેલાં દેખાય છે.' સભા સ્તબ્ધ થઈ ગઈ. કેટલાકના મુખ પર ક્રોધનો આવેશ આવ્યો. ઘણાનાં હૈયાં હામ હારી ગયાં.

આ પરાજયના મંત્રદ્રષ્ટાને સાંભળી એમના તરફ બધાનો પૂજ્યભાવ ઓછો થયો. એ આટલી વાર મૂંગા રહ્યા તો હવે મૂંગા કેમ મરી ન રહ્યા.

'મુનિવર, આપ અસ્વસ્થ છો. આપ નિરાંતે બેસો. કોઈની મગદૂર નથી કે હું છતાં આર્યાવર્તમાં પગ મૂકે.'

મુનિએ ડોકું ધુણાવ્યું. 'મને આવતો દેખાય છે—હિંસાનો સાગર—ઉછળતો, ઘૂઘવતો, આર્યાવર્તનો વિનાશ સાધતો.'

'કદી નહીં, કદી નહીં. હું ને મારા વીરો આડે ઊભા છીએ' રાજાએ કચવાઈને કહ્યું.

'હિંસાથી કાંઈ વળે એમ નથી, માત્ર હિંસા વધશે.' મુનિવરે કહ્યું.

'એટલે શું કરીએ? હાથ જોડી બેસી રહીએ?' કંટાળીને સેનાપતિએ પૂછ્યું.

'તૈયારી કરવી છોડી દો.' મુનિએ કહ્યું.

'એટલે હું કાયર થઈ શરણે જાઉં—કે નાસી જાઉં?' જરા ગુસ્સે થઈ ત્રૈય્યારુણે પૂછ્યું.

'શું પુરુશ્રેષ્ઠ પાછી પાની કરે?' સેનાપતિએ પૂછ્યું.

'દેવોની પુરુશ્રેષ્ટ પર કૃપા છે.' પુરોહિત ઋષિ મેધાતિથિએ કહ્યું. 'વિજય એમનો જ છે.'

પરાશર મુનિએ વેદનાથી હોય તેમ પોતાના બે હાથ મેળવી આમળ્યાઃ 'રાજન્! તમને હું કેમ સમજાવું? મને જે દેખાય છે તે કેમ વર્ણવું? હિંસા કદી જીતી નથી, કદી જીતવાની નથી. દેવોએ મને વાગ્બળ નથી આપ્યું કે હું તમારે ગળે આ બધું ઉતારું.'

'હૈહય આર્યાવર્ત પર આક્રમણ કરે તેની આડે કોઈ ઊભો રહે નહીં એ બને જ કેમ? મુનિવર! આ તમારી ચિન્તા છોડી દો.'

'ના. એને શરણે જાઓ. એની હિંસાને તમારી અહિંસાથી જીતી લો. નહીં તો આર્યાવર્ત છોડી જતા રહો—જંગલોમાં—જ્યાં એ દાવાનળની આંચ ન પહોંચે ત્યાં.'

'તમે મને કાયર થવાનું કહી રહ્યા છો?' તિરસ્કારથી રાજાએ કહ્યું.

'ના. હું તમને સમૂહ-ઘેલછામાંથી બચવાને વિનવી રહ્યો છું. દ્વેષ સળગે ત્યારે દ્વેષી થવામાં વીર્ય નથી—ત્યારે તો દ્વેષ જીતવામાં સામર્થ્ય છે.'

'હું હૈહયને શરણે જાઉં—નહીં તો નાસી જાઉં? મુનિવર! આપ જાઓ. નિર્ભય રહો. આપનાં સ્વપ્નાંઓએ આપને મહાત કર્યા છે.'

'રાજન્! હું કહું છું તેમાં તમને કાયરતા લાગે છે. હું તો મરેલો છું. મારે કશુંયે સાચવવાનું નથી કે મને તે ખોવાનો ડર હોય: પણ મારી વાત તમારે ગળે કેમ ઉતારું?'

'એ કદી નથી ઊતરવાની. મેં દેવો પૂજ્યા છે. મારા પૂર્વજો ઋતને માર્ગે સદાય ગયા છે. મેં હૈહયનાથને દુભવ્યો નથી. શા માટે મને વિજય નહીં મળે?' રાજાએ કહ્યું. 'મારા હૈયામાં ઉત્સાહ ઉછળે છે. દિશાઓને હું હૈહયવિહોણી કરીશ.' તેણે ગર્વથી ઉમેર્યું.

પરાશર મુનિએ માથું ધુણાવ્યું.

'મુનિવર!' જાણે ગાંડા જોડે સહિષ્ણુતાથી વાત કરતા હોય તેમ ઋષિ મેધાતિથિએ કહ્યું, 'આપ નિશ્ચિન્ત રહો. દેવોએ કદી પુરુશ્રેષ્ઠોને છોડ્યા નથી.'

'ઋષિવર!' મુનિએ ખેદથી કહ્યું, 'તમે સમરાંગણે ગયા નથી. હું તો ગયો છું. મેં યોદ્ધાઓના જીવ લીધા છે. 'હું જરામાં મરતો

બચી ગયો છું. મેં મહર્ષિ શક્તિને, પુરુઓમાં શ્રેષ્ઠ પુરુકુત્સને મરતા દીઠા છે. સમરાંગણે શું એક બીજા પર ઝેર ઉછળે છે? શું એક બીજાને વિનાશવાની ઝનૂન પ્રસરે છે? આ દેવકૃપા? આ દેવોની આજ્ઞા?' નિરાશાથી મુનિએ કહ્યું, 'ક્યારે તમે બધા આ વિનાશકતાની નિરર્થકતા સમજશો?'

રાજા ત્રૈય્યારુણની ધીરજ ખૂટી ગઈ.

'મુનિવર! આપે ચેતવણી આપી તેથી કૃપા થઈ. પણ મારો ધર્મ હૈહયની સામે થવાનો છે—એનો માર્ગ રોકવાનો છે. મારું મૃત્યુ આ પળે હોય તોય મારું કર્તવ્ય તો યુદ્ધ જ છે.'

'કોઈ જોશો નહીં? કોઈ સાંભળશો નહીં?' મુનિએ પોતાનો દંડ હાથમાં લીધો ને ખેદથી એમણે માથું ધુણાવ્યું. 'દાવાનળ ચારે તરફ પ્રગટે છે. આર્યાવર્તને ભસ્મીભૂત થતો જોઉં છું. દેવ! દેવ! મારું કોઈ નહીં સાંભળે? માનવ–પશુ એના દ્વેષને નહીં છોડે?'

આ પરાજયના પયગંબરના આક્રંદને બધા તિરસ્કારથી સાંભળી રહ્યા.

મુનિ એકલા ખોડંગતા ખોડંગતા મહાલયમાંથી બહાર નીકળ્યા. બહાર ઉત્સાહી યોદ્ધાઓનો સમૂહ એકઠો થયો હતો.

'મુનિવર, આશિષ આપો!' એકે કહ્યું.

'દેવો તમને સદ્બુદ્ધિ આપે.'

'અમને વિજય મળે એવી આશિષ આપો!' એક જણે કહ્યું.

'હું કેમ આપું? એ ફળવાની નથી.' મુનિએ નિરાશાથી કહ્યું.

મહાલયમાંથી એક યોદ્ધાએ આવી બીજાને વાત કરી. ઉત્સાહના પૂરમાં તણાયલા યોદ્ધાઓ ક્રોધમાં આવી ગયા.

'આશીર્વાદ નહીં આપો?'

એટલે મહાલયમાંથી આવેલા એક યોદ્ધાએ કહ્યું, 'મુનિ તો ગભરાઈ ગયા છે. એમને તો આસિન્દિવતનો નાશ નજરે દેખાય છે. શરણે જાઓ કે નાસી જાઓ એમ એ રાજાને કહેવા ગયા હતા.'

'શરણે જઇએ? નાસીએ જઇએ! ભાગી જઇએ? શું શસ્ત્ર છોડીએ? બાયલા છીએ?' એમ મુખે મુખે ક્રોધના ઉદ્ગારો નીકળ્યા.

મૂંગે મોઢે વેદનામાં માથું નીચું રાખી મુનિ પરાશર આ ગુસ્સે થયેલી મેદનીમાં થઈ આગળ વધ્યા. જેમ એમણે રાજાને કહેલો સન્દેશો લોકોમાં પ્રસરવા લાગ્યો તેમ ખળભળાટ મચી રહ્યો.

'આપણો તો વિજય છે.' એકે કહ્યું.

'પાપી હૈહયનું મોત આવ્યું છે.' બીજાએ કહ્યું.

'શું આપણે રણમાંથી પાછાં પગલાં ભરીએ?' ત્રીજાએ કહ્યું.

'આ અપશુકનિયાળ વચનો કહેનાર કોણ?' પહેલાએ કહ્યું.

'આ વસિષ્ઠ મુનિનો પૌત્ર! એનું મોઢું તો જુઓ!' ચોથાએ કહ્યું.

'અરે, આ તો મુનિ છે કે મૂષક?' પાંચમાએ કહ્યું.

'મૂષકમુનિ, નાસી જાઓ. આ તમારું કામ નથી.' પહેલા યોદ્ધાએ મુનિ પાસે જઇ બધા સાંભળે એમ કહ્યું.

'પૂંછડી પટપટાવો, મુષકમુનિ!' પાંચમાએ પરાશર મુનિને આજ્ઞા કરી.

'અરે, એના કરતાં સહસ્ત્રાર્જુન પાસે જાઓની!' પહેલાએ કહ્યું ને બધા હસી પડ્યા.

'અરે હા! તમને પુરોહિત સ્થાપશે.' ચોથાએ કહ્યું.

'હેં, શું આપણે શરણે જઇએ?' એક યોદ્ધાએ કહ્યું.

'પુરુષોએ કદી પીઠ બતાવી છે?' છઠ્ઠા યોદ્ધાએ કહ્યું.

'કદી નહીં કદી નહીં.' બધા બોલી ઊઠ્યા.

'વિજય તો પુરુષોનો જ છે' પહેલા યોદ્ધાએ કહ્યું. ને તે મુનિવર પર થૂંક્યો.

'મુષકમુનિ આવજો—આવજો!' બધાએ ઠેકડી કરી કહ્યું. મૂંગે મોઢે મુનિ આગળ વધ્યા. એમની આંખો ભીંજાઇ. પાછળ ઠેકડી કરતા યુવકો આવતા હતા.

અંધારું થવા આવ્યું. એક જુવાને પથ્થર લઈ માર્યો. તે મુનિને વાગ્યો, ને તે પડી ગયા. ટોળીઓ ખડખડ હસી જતા રહ્યા.

ગામમાં યુદ્ધોત્સાહ પ્રસરી રહ્યો. મશાલ લઈને લોકો આમથી તેમ તૈયારી કરી રહ્યા હતા.

પરાશર મુનિ ઊઠયા. ડાંગ હાથમાં પકડીને ખોડંગતા ખોડંગતા ત્યાંથી તે ધીમે ધીમે ચાલી ગયા.

૨

વીશ દહાડા વહી ગયા.

યમુનાને તીરે પરાશર મુનિ ઊભા હતા. એમની આંખો અશ્રુપૂર્ણ હતી. એમના મુખ પર અવર્ણનીય ખેદ હતો.

આસિન્દિવત એક મોટી ચિતા સમાન થઈ પડયું હતું. તેમાંથી ધૂમાડા નીકળતા હતા. ક્વચિદ્ ચીસો સંભળાતી. અવારનવાર આક્રંદ સંભળાતું. મુનિ ઊભા હતા ત્યાંથી ઠેકઠેકાણે પડેલાં મુડદાં દેખાતાં.

એમનાં સ્વપ્નાં ભયાનક રીતે ખરા પડયાં હતાં. ચાર જોજન દૂર રાજા ત્રૈય્યારુણ અને તેમના બહાદુર યોદ્ધાઓ રસ્તામાં મરેલા પડયા હતા; ગીધ, કાગડા અને શિયાળવાનાં આહાર બનીને. આસિન્દિવતની ગલીઓમાં લોહીનાં વહેણ વહેતાં હતાં. એના મહાલયની રાખ બની ગઈ હતી. પુરુષો મરી ફીટયા હતા, એમની સ્ત્રીઓ પશુવૃત્તિની ભોગ બની લોહીલુહાણ પડી હતી. એમનાં આક્રંદ કરતાં સંતાનોને ભયંકર મુદ્રાના હૈહયો ભાલા ને પરશુ પર ચઢાવી ફેરવતા હતા.

જેમનાથી નસાયું તે નાસી ગયા હતા. બે પગા પશુઓ ફરતા હતા. તેમના નિર્દય હાસ્યના પડઘા નિર્જન રસ્તાઓ પર પડતા હતા.

'હું કેમ સમજાવું? મારું માન્યું હોત તો? શું થવા બેઠું છે? દેવ! દેવ! મનુષ્યના દ્વેષને પાર છે કે નહીં? દેવ! આ બધું પહેલેથી જોવાની મને શકિત દીધી, તો એ અટકાવવાની શક્તિ કેમ

નહીં દીધી ?' મુનિની આંખોમાંથી આંસુ પડ્યાં. તેમણે નિસાસો મૂક્યો, નદીમાંથી પોતાનો ઘડો ભર્યો, અને તેને ખભે મૂકી ઝૂંપડી તરફ જવા ફર્યા.

નદીની રેતમાં ગોટા થઈ આવ્યા, અને સોએક ઘોડેસવારો આવતા દેખાયા. તે બિહામણા ને સશક્ત હતા. તેમના હોકારાથી નદીનું સંગીત ભેદાઈ જતું. એ ઘોડેસવારોની આગળ બે જણ ચાલતા. એક પ્રચંડ ને બિહામણો હતો. બધાંથી મોટાં શસ્ત્રોથી એ સજ્જ હતો. તેની વિકરાળ આંખોમાં આનંદ હતો. તેને એક બીજો યોદ્ધો આસિન્દિવતની ભસ્મીભૂત ભૂમિ ગર્વથી બતાવતો હતો.

મુનિને તરત ઓળખાણ પડી. એજ બિહામણા માણસને એમણે સ્વપ્નામાં જોયો હતો. એ જ માણસને વર્ષો પર પિતામહના આશ્રમમાં જોયો હતો. એ જ સહસ્રાર્જુન પોતે હતો. આ હિંસામૂર્તિને જોઈ મુનિને કમકમાં આવ્યાં. કેટલાં માણસો એ સંહારશે, કેટલી સ્ત્રીઓને એ ભ્રષ્ટ કરશે, કેટલી વસ્તી એ ભસ્મ કરશે ત્યારે આ ભૂખ્યો દાવાનળ ઝંપશે ?

મુનિએ ઘડો મૂકી દીધો ને તેમણે આગળ આવી સહસ્રાર્જુનના ઘોડાની લગામ પકડી. સહસ્રાર્જુને એના ઘોડાની લગામ ઝાલનાર ધૃષ્ટ માણસ તરફ કરડી નજર કરી. તેના સાથીએ ખડગ ઉગામ્યું.

'શું જોઈએ છે, જોગટા ?' સહસ્રાર્જુને અધીરાઈથી પૂછ્યું.

'હૈહયરાજ ! હું તમને વિનવું છું—પાછા જાઓ. શું કરો છો તેનું તમને ભાન નથી. હિંસાનાં બી વાવે ઝેરનાં વન ઊગશે. દરેક રુધિરનાં ટીપામાંથી રુધિર રેડનારા પેદા થશે. હૈહયરાજ ! જગતના તમે ધણી છો—પણ ક્યાં સુધી આ નિરર્થક વિનાશ કરશો ? દ્વેષે કોઈને તાર્યો નથી—ને તમને તારશે નહીં. તમને બાળીને ભસ્મ કરશે. જરા થોભો, વિચાર કરો. પાછા જાઓ.'

આ ગાંડા માણસનાં વાક્યો સહસ્રાર્જુને તિરસ્કારપૂર્વક

સાંભળ્યાં, અને પછી ક્રૂર હસીને ખડ્ગનો આડો ફટકો મુનિ પરાશરના મોં પર માર્યો.

યોદ્ધાઓનો સમૂહ ખડખડ હસી પડ્યો. મુનિના મોંમાંથી લોહી નીકળ્યું ને તે બેભાન થઈને ધરણીએ ઢળ્યા. સહસ્રાર્જુન ને તેના નાયકો આ ગાંડા તરફ જોયા વિના ઘોડા દોડાવી અદૃષ્ટ થઈ ગયા.

તે રાતે સેંકડો નિરાધાર સ્ત્રીઓના શિયળની આહુતિ હૈહયોની પાશવતામાં અપાઈ. સવાર સુધી વિજયી યોદ્ધાઓએ મોજ કરી.

મુનિ પરાશર બેભાન પડી રહ્યા.

ચન્દ્ર ઊગ્યો.

એક માછીમારની હોડી ઝપાટાબંધ આવી ને આ કિનારે થોભી. તેમાંથી બે માછીમારો ટોપલા લઈ આસિન્દિવતમાં માછલી વેચવા ઊતર્યો. આ ગામમાં તેમના જૂના ઘરાકો હતા.

હોડીમાંથી તેર વર્ષની એક કન્યા પણ નીચે ઊતરી. એણે માત્ર એક નાનકડો કાછડો વાળ્યો હતો. તેને હાથે ને પગે રૂપાનાં આભૂષણો હતાં.

ચન્દ્રિકામાં તે અદ્ભુત લાગતી. તે શામળી હતી ને ચન્દ્રના પ્રકાશમાં તપ્ત તામ્રની હોય એવી લાગતી. તેના ઘાટીલા ગાલ પર આનંદ હતો. પુષ્પોની કળીઓ સમાન તેનાં નાનકડાં નવાં સ્તન એને મોહક બનાવતાં.

તે હોડીમાંથી પાણીમાં ઊતરી, ત્યાંથી કૂદતી કૂદતી કિનારે આવી. અકેક પગે તે કૂદતી. તેના હાથ તે તાલમાં ઊંચા–નીચા કરતી; જાણે ચન્દ્રકિરણો પર હીંચવાનો પ્રયત્ન કરતી હોય એમ લાગતું હતું.

તેણે થોડે દૂર ભોંયે પડેલો માણસ જોયો, ને તે દોડીને એના તરફ ગઈ. મુનિ પરાશર બેભાન પડ્યા હતા. એમના મોઢામાંથી લોહી વહેતું હતું. બાલિકાએ ચીસ પાડી.

તે એકદમ નીચી વળી ને તેને મુનિની ઓળખાણ પડી. જ્યારે તેમની હોડી અહીંયાં આવતી ત્યારે તેનાં પિતા ને માતા તેને લઈ

પાસે જંગલમાં આવેલી ટેકરી પર મુનિની ઝૂંપડીએ જતાં. ત્યાં ખોડંગતા મુનિને એ દૂધ ધરાવી આવતાં. એ મુનિ બોલતા નહીં, માત્ર તેમને હાથ વતી આશીર્વાદ દેતા.

આ છોકરીને મુનિ બહુ ગમતા. તેમના મુખ પર અનહદ પ્રેમ હતો. તેમની આંખોમાં દયા હતી. આ મુનિની છોકરીને બીક નહોતી લાગતી. એ તેની પાસે જઈ બેસતી ને રૂપાળા હાથમાં મોઢું મૂકી મૂંગા મુનિની હેતાળ આંખોમાં જોયા કરતી.

આજે એ મુનિને બેભાન પડેલા જોઈ છોકરીના હૈયામાં આઘાત લાગ્યો. 'મુનિ મરી ગયા !' તે એકદમ પાસે ગઈ ને લોહી વહેતું જોઈ રડી દીધું.

'મુનિ ! મુનિ ! મુનિ !' તેણે પાસે જઈ બૂમ પાડી.

મુનિ નિશ્ચેષ્ટ પડી રહ્યા. છોકરીની છાતી બેસી ગઈ. મુનિની છાતી પર માથું મૂકી રડવા લાગી. તેની માએ સાંભળ્યું, એટલે તે સફાળી બહાર આવી. 'મારી મત્સ્યગંધાને શું થયું ?' તે કિનારે આવી. 'મત્સ્યગંધા ! શું થયું ?' તેણે બૂમ મારી.

'બા, બા, મુનિ મરી ગયા.' મત્સ્યગંધાએ રડતાં રડતાં કહ્યું. માએ છોકરીને મુનિની છાતી પરથી ઉઠાડી ને મુનિની આંખ પર હાથ મૂક્યા. મુનિએ આંખ ઉઘાડી ને પાછી મીંચી દીધી.

'જીવે છે—જીવે છે—'

એકદમ પેલા માછીમાર દોડતા આવ્યા ને સ્ત્રીને તથા બાલિકાને હોડી પર જવા કહી રહ્યા.

'ચાલો, ચાલો, આસિન્દિવત તો અડધું બળીને રાખ થઈ ગયું. અહીંયાં તો રાક્ષસો વસે છે. આખો મારો ટોપલો ખૂંચવી લીધો ને મને માર માર્યો, ચાલો !' મત્સ્યગંધાના બાપે કહ્યું.

'બાપા, આ મુનિ મરવા પડ્યા છે.' મત્સ્યગંધાએ કહ્યું.

'કોણ મુનિજી,' તેના બાપે નીચું જોયું. 'આ રાક્ષસોએ જ માર્યા હતા.'

'ઊંચકી લો એમને. પછી એમની સારવાર કરીશું.' માછીના ભાઈએ કહ્યું.

બંને પરાશર મુનિને ઊંચકી હોડી પર લઈ ગયા, ને એક તરફ સુવાડયા. મત્સ્યગંધાની માએ પાણીવતી તેમનું મોં ધોયું.

હોડી સડસડાટ ત્યાંથી ચાલી નીકળી. મધરાત થઈ. બધા માછીઓ ઊંઘવા સૂતા. નિશ્વાંત મુનિ, અડધા ભાનમાં પડયા હતા. કૌમુદી એમના ફિક્કા, ખેદયુક્ત, સ્વરૂપવાન મુખને અપરિચિત એવી કુમાશ આપી રહી હતી.

મત્સ્યગંધા ક્યાં સુધી મુનિના મુખ સામે જોઈ રહી. પછી તે આગળ ખસી ને તેમનું માથું લઈ ખોળામાં મૂકયું ને ધીમે અવાજે હાલરડાં ગાવા લાગી.

દુનિયાના દ્વેષથી ઘવાયલા આ મુનિના હૃદયમાં આ હાલરડાંના સૂરથી શાંતિ વળી.

૩

ભૃગુના આશ્રમમાં સહસ્રાર્જુનના આવતા આક્રમણની ખબર આવી, ત્યારે ભદ્રશ્રેણ્ય અને વિમદ ઋષિ બન્ને હાજર હતા. ભાર્ગવ ને ભગવતી ચક્રવર્તી માંધાતાને ત્યાં ગયાં હતાં. તેમની સાથે ચક્રવર્તીઓ ભરત ને શિબિ ને પ્રતીપ ગયા હતા. કૂર્મી ને ઉજ્જયંત થાણાઓની ચોકી કરવા ગયા હતા.

ભદ્રશ્રેણ્ય સહસ્રાર્જુનને સારી રીતે ઓળખતા હતા. પ્રલય-સમુદ્ર સરખી તેની સેનાને કોઈ છૂટુંછવાયું બળ રોકી શકે તેમ નહોતું. આ સમજી તેમણે નિર્ણય કર્યો, અને તે બધાને કહાવી દીધો. ઋષિઓ, સ્ત્રીઓ, છોકરાંઓ બધાંએ એકદમ જંગલમાં, પર્વત પર ને બને તો સિંધુને તીરે જતા રહેવું; યોદ્ધાઓએ સિંધુતીરે ભાર્ગવને મળવું; એમને મળ્યા પહેલાં કોઈએ નકામી શક્તિનો અપવ્યય કરવો નહીં.

જ્યારે ભદ્રશ્રેણ્યે જમદગ્નિ ઋષિને સાથે આવવાનું કહ્યું ત્યારે એમણે ડોકું ધૂણાવ્યું.

'ના, ભદ્રશ્રેણ્ય, હું તો ઋષિ છું. એનો પરાપૂર્વનો ગુરુ છું. હું તો અહીંયાં જ રહીશ.'

'પણ મહર્ષિ, એ તો સર્વભક્ષી છે. એને તપસ્વી કે શિયળવતી સ્ત્રી કોઈની પડી નથી.'

'એ બળવાન છે પણ એવા બળીઆની શક્તિ પરિમિત છે. એ મારી શકે છે, તપસ્વીઓના તપ છોડાવી શકતો નથી. તમે બધા જતા રહો. કોઈ શસ્ત્રધારી આશ્રમમાં ન જોઈએ. કોઈ શસ્ત્રધારી હશે તો એના પશુબળને પાનો ચઢશે. હું એકલો અહીંયા હોઈશ તો એનાથી આંગળી ઊંચી નથી થવાની.'

'મહર્ષિવર, એ દુષ્ટની ક્રૂરતાને સીમા નથી.'

'તો એના પ્રભાવની સીમા છે, તે તો કોઈએ એને બતાવવું જોઈએ. હું વૃદ્ધ છું. વર્ષ બે વર્ષ જીવ્યો તો શું ને મૂઓ તોય શું? પણ જમદગ્નિ એના શાપિત શિષ્યથી નાસી જાય એ બને જ નહીં.' મહર્ષિએ મક્કમતાથી કહ્યું.

'હું મહર્ષિની સાથે જ રહીશ.' રેણુકાએ કહ્યું.

મહર્ષિ એકના બે ન થયા. અને ભદ્રશ્રેણ્ય ને ઋષિ વિમદ પાંચ વૃદ્ધો સિવાય બીજા બધાને લઈ આશ્રમ છોડી ચાલ્યા ગયા. ભદ્રશ્રેણ્યે ચારે તરફ ખબર મોકલી અને ભાર્ગવો અને બીજા રાજવીઓને સૈન્ય લઈ સિંધુને કિનારે આવી મળવા કહ્યું. ઋષિઓ, સ્ત્રીઓ, છોકરાંઓ, ગાયો સહિત ધીમે ધીમે રવાના થયાં. કેટલાક શસ્ત્રસજ્જિત ભાર્ગવો થાણાઓને ખબર પહોંચાડવા ગયા.

ભદ્રશ્રેણ્યની આજ્ઞા ભરતોએ તો તરત માન્ય કરી ને એના યોદ્ધાઓ પણ સાથે થયા. રાજા સુદાસ પિતૃલોકમાં ગયા હતા એટલે રાજા કૃશાશ્વ હવે તુત્સુઓ પર રાજ્ય કરતા હતા. તેમણે પોતાનું ગ્રામ છોડવાની ના પાડી, અને મોટું સૈન્ય એકઠું કરી સહસ્રાર્જુનની

સામે થવાને તૈયાર થયા.

વસિષ્ઠ મુનિ પુરોહિતપદથી નિવૃત્ત થઈ આશ્રમવાસી થયા હતા. એમનો આશ્રમ વિદ્યાનું પરમ ધામ હતું. હજારો શિષ્યો ત્યાં ભણતા હતા.

આ પરમ ધામમાં રાજા ભદ્રશ્રેણ્યનો સંદેશો આવ્યો ત્યારે પહેલાં શિષ્યોએ હાંસી કરી. મુનિઓમાં શ્રેષ્ઠ એવા વસિષ્ઠના પવિત્ર આશ્રમને કયો મૂર્ખ સ્પર્શે ? પણ પછી તો ત્રૈય્યારુણના મરણની ખબર આવી, ઋષિ મેધાતિથિનો આશ્રમ બળીને ભસ્મ થઈ ગયો તેની ખબર આવી, આસિન્દિવત ભસ્મીભૂત થઈ ગયું તેની ખબર આવી. ચારે તરફથી માણસો નાસતાં આવતાં હતાં. સહસ્રાર્જુનનું વિનાશક સૈન્ય યમુના તીરેથી સરસ્વતી તરફ વળતું હતું એ સમાચાર મળ્યા, એટલે વસિષ્ઠ મુનિના આશ્રમના તપસ્વીઓ ગભરાઈ ઊઠયા.

વસિષ્ઠ મુનિએ બધા શિષ્યોને બોલાવ્યા, ‘ તપસ્વીઓ ! આર્યાવર્તમાં દાવાનળ લાગ્યો છે. એને ભાર્ગવ સિવાય કોઈ રોકી શકે એમ નથી, અને એમને આવતાં વાર લાગશે. જેનાથી નસાય તે નાસી જાઓ, બને તો હિમાલયને કોઈ ગિરિશૃંગે ભરાઈ બેસો. પણ વસિષ્ઠોની વિદ્યા સાચવજો. ’ વસિષ્ઠ મુનિએ કહ્યું.

‘ પણ ગુરુદેવ ! આપનું ?’

‘ હું આ આશ્રમ નહીં છોડું ?’

‘ તો પછી અમે—’

‘ વત્સો ! આપત્કાળ આવ્યો છે, તો આપદ્ધર્મ પણ સ્વીકારવો જોઈએ. હું આજ્ઞા કરું છું કે તમે બધા ચાલી જાઓ.’

‘ પણ આપને મૂકીને ?’

‘ વત્સો ! મારી ચિન્તા કરશો નહીં. રાજા દિવોદાસ ને ગાધી રાજાના સમયથી મેં આર્યાવર્તની વિદ્યા, શૌર્ય ને સમૃદ્ધિ વિકાસ પામતી જોઈ છે. એ વિકાસ માટે હું અહોરાત અવિશ્રાંત રહ્યો છું. અત્યારે એ આર્યાવર્તને બાળીને ભસ્મ કરનારો આવ્યો છે. મારો

હવે બીજો ઉપયોગ નથી. હું એને પલાળું ને આર્યાવર્ત બચાવી લઉં: નહીં તો હું એ પ્રયત્નમાં મરી ફીટું, ને અવિસ્મરણીય એવી કીર્તિકથાનો વારસો તમારા માટે મૂકતો જાઉં.' મુનિએ કહ્યું. 'મને છોડી જાઓ ને વસિષ્ઠોની વિદ્યા સંઘરી રાખવી એ તમારો ધર્મ છે.'

મુનિદેવનો નિશ્ચય ફરે એવો નહોતો. રડતો કકળતો શિષ્ય-સમૂહ ગુરુદેવની પગની રજ માથે મૂકી એમની આજ્ઞા પાળવા આશ્રમ છોડી ચાલ્યો ગયો. મુનિવર ને થોડા વૃદ્ધ શિષ્યો રહ્યા.

દશમે દહાડે સહસ્રાર્જુનનું સૈન્ય, સરસ્વતી તીરે આગળ વધતું, વસિષ્ઠ મુનિના આશ્રમ સુધી આવી લાગ્યું. હૈહય સેના વિજયના તાનમાં હતી. આસિન્દિવત ભસ્મીભૂત થઈ ગયું. ત્યાં કેટલાય પુરુષો મરી ફીટયા, કેટલાંય નાસી ગયા.

પુષ્કળ ગાયો ને ઘોડાઓ હૈહયોના હાથમાં આવ્યા હતા, કેટલાક આર્યોને દોરડે બાંધી એમના ગાડાઓની પાછળ ઘસડી આણ્યા હતા. સેંકડો સ્ત્રીઓએ અત્યાચાર સહ્યો હતો. સેંકડોએ નદીમાં પડી કે જીભ કરડી પ્રાણ આપ્યો. સેંકડો સાથે બળજોરીથી ઘસડાઇ આવી હતી, તે સૈનિકોની ગમ્મતમાં વધારો કરતી.

સરસ્વતી તટપર અપરિચિત પડઘા પડતા. હોંકારાના, અપશબ્દોના, ઢોર ને માણુસ પર પડતા સાટકાના, વેદનાની ચીસોના, હૃદયવેધક આક્રંદના, વર્ષો સુધી લીલાછમ તપોવનોની સમૃદ્ધિના આગે જલતા ભડભડાટના; અને છતાં અહીંયાં આવી આ વિજયી સેના વિસ્મય પામી. કોઈ રાજા સામે લડવા આવતો હોય એવી ખબર નહોતી આવતી. જ્યાં જતા ત્યાં નિર્જન વસ્તી ને આશ્રમો જડતા. લોકો ગાયો ને ઘોડા પણ સાથે લઈ જતા રહ્યા હતા. સેનાની પ્રગતિ કોઈ રોધતું નહીં, એટલે એનો લડવાનો ઉત્સાહ ઓસરી જવા લાગ્યો.

ભૃગુના આશ્રમે જઈ તેનો કબજો કરવો એ સહસ્રાર્જુનની નેમ હતી. એના વેરી ભાર્ગવને મારવો એ એનું પહેલું લક્ષ્યબિંદુ હતું. એને ખાત્રી હતી કે તે છૂપાઇ નહીં જાય, તે નાસી પણ નહીં જાય.

પણ તેનાં કાંઈ એને ચિન્હ મળ્યાં નહીં એટલે એ વિચારમાં પડયો.

વસિષ્ઠ મુનિના આશ્રમ આગળ સહસ્રાર્જુને સરસ્વતી ઓળંગી. સામે વિશાળ આશ્રમની વિકસેલી વનરાજિ વર્ષોની સમૃદ્ધિ ને શાંતિની સાક્ષી આપતી. સહસ્રાર્જુનને વસિષ્ઠ પર દાઢ હતી, વર્ષો પર એ ડાહ્યલાએ એને ઘણી વાર ઠપકો આપ્યો હતો. હવે તે એના હાથમાં આવ્યો હતો. હવે એ તેને રીતભાતના પાઠ શીખવશે.

નદી ઓળંગી સહસ્રાર્જુન આશ્રમ પાસે આવ્યો, ત્યાં નિર્જનતા પ્રસરેલી જોઈ. કિનારા પર કોઈ માણસ નહોતું. ક્યાંય એક ગાય પણ ચરતી દેખાતી નહોતી. માત્ર આશ્રમમાંથી ધુમાડાની સેર ઉપર આવતી દેખાતી.

વસિષ્ઠનો આશ્રમ નિર્જન જોઇ સહસ્રાર્જુન જરા અસંતુષ્ટ થયો. શિષ્યોસન્મુખ મુનિ વસિષ્ટને સીધા કરવાનો એનો ઈરાદો ફળીભૂત ન થયો. એ ને એનું સૈન્ય આશ્રમમાં પેઠું.

એના યોદ્ધાઓએ ધીમે ધીમે આવી ઝાડ નીચે વિસામો લેવાની તૈયારી કરવા માંડી. સહસ્રાર્જુન આગળ વધ્યો પણ કોઈ સામે આવ્યું નહીં.

ચોગાનમાં મુનિની ઝૂંપડી સામે મુનિ વસિષ્ઠ પોતે અને પાંચ બીજા વૃદ્ધો અગ્નિને આહુતિ આપતા હતા. પળવાર સહસ્રાર્જુન ખંચાયો. વૃદ્ધ ને ગૌરવભર્યા વૃદ્ધો એને ઠપકો દેતા હોય એવો ભાસ થયો. બીજી પળે સંકોચ ટાળી, મૂછ મરડી તે આગળ વધ્યો.

'વસિષ્ઠ મુનિ!' તેણે તોછડે અવાજે મુનિવરને બોલાવ્યા.

મુનિવરે એકાગ્રચિત્તે આહુતિ આપ્યા કરી. છયે વૃદ્ધોમાંથી કોઇએ ઊંચું જોયું નહીં. સહસ્રાર્જુનને શું કરવું તે સૂઝ્યું નહીં; એટલે એ થોડીવાર મૂંગો ઊભો. પછી એની ધીરજ નહીં રહી.

'વસિષ્ઠ મુનિ—એ—'

વસિષ્ઠ મુનિએ ઊંચું જોયું ને હાથવતી તેને મૂંગા રહેવા સૂચવ્યું.

સહસ્રાર્જુનના નાયકો આવી પહોંચ્યા હતા, એટલે એ પોતાની

પ્રતિષ્ઠા ખોવા નહોતો માગતો.

'બહુ થયું હવે. મને ઓળખ્યોને?'

વસિષ્ઠ મુનિએ દર્ભવતી આહુતિ આપી ને ઊંચું જોયું.

'હું તને નાનપણથી ઓળખું છું.' તેમણે શાંતિથી કહ્યું.

'એમ નહીં. હવે હું આર્યાવર્તનો કાળ થઈને આવ્યો છું.'

મુનિએ જવાબ ન આપ્યો.

'તમે મને આર્યાવર્તની રીત શીખવવા આવ્યા હતા, હવે તમારે મારી રીતે રહેવું પડશે.'

'વસિષ્ઠ એક જ રીતે રહે છે—દેવોની આજ્ઞા પ્રમાણે.'

'હા, હા, હા, હા.' સહસ્રાર્જુન ખડખડ હસી પડ્યો. 'દેવોની આજ્ઞા છે કે તમારે મારી આજ્ઞા પાળવી. હું આર્યાવર્ત બાળીને ભસ્મ કરવા આવ્યો છું, ખબર છે?'

'કૃતવીર્યના પુત્ર!' મુનિવરે કહ્યું. 'તું તો નાનો છાલકાપેટો રહ્યો. લૂંટવું, વિનાશવું, ભસ્મીભૂત કરવું એ તો કોઈ પણ કરી શકે.'

'તમારું બધું બળીને રાખ થશે પછી ખબર પડશે.'

'દેવોની કૃપાથી અમે જે વાવ્યું છે તેનો તું વિનાશ કરી શકે એમ નથી. જેમ તેને બાળશે તેમ તેમાંથી નવી કુંપળો ફૂટશે.'

'આ બધાં બણગાં ફૂંકવાનાં હવે જવા દો, વસિષ્ઠમુનિ! ઊઠો ને તમારા શિષ્યોને કહો કે અમારું આતિથ્ય કરે.'

'વસિષ્ઠના આશ્રમમાં કોઈ પણ આતતાયીનું આતિથ્ય થતું નથી.' સખત અવાજે વસિષ્ઠે કહ્યું.

સહસ્રાર્જુન ગુસ્સે થયો. તે ખડગ લઈ આગળ વધ્યો.

'અર્જુન શું કરે છે? બ્રહ્મહત્યા વહોરે છે?'

'મને કોઈ રોકી શકે એમ નથી.'

'મારી વિશુદ્ધિ તો દેવોના હાથમાં છે.' મુનિએ ઉત્તર આપ્યો.

સહસ્રાર્જુન હસ્યો ને મુનિની દાઢી પકડવા ગયો.

મુનિએ આંખો મીંચી દીધી. સહસ્રાર્જુને હાથ લંબાવ્યો, પણ

તે સ્પર્શે તે પહેલાં મુનિ હતા ત્યાં પડી ગયા. સહસ્રાર્જુન પાછો હઠયો. વસિષ્ઠનું અપમાન કરવાની એની હોંશ વણપૂરી રહી ગઈ.

મૃગારાણી એના પગ આગળ મરી ગઈ ત્યાર પછી સહસ્રાર્જુન મારી શકતો, પણ મુએલાંનું મોં જોઈ શકતો નહીં. અત્યારે નિશ્ચેત મુનિવરનું સફેદપુણી જેવું મોં તે જોઈ શક્યો નહીં. તેણે આંખ આગળ હાથ ધર્યો ને પાછો હઠયો.

'તાલજંઘ! આ આશ્રમને બાળી મૂક. એનો આશ્રમ એ જ એની ચિતા કરી મૂક.'

૪

ભૃગુશ્રેષ્ઠ જમદગ્નિના મનમાં અત્યારે જરાય અસ્વસ્થતા નહોતી, એ સહસ્રાર્જુનની વાટ જોતા બેઠા હતા. અમ્બા એમની પાસે બેઠાં હતાં. જે થોડા ભૃગુઓ પાછળ રહ્યા હતા, તે પણ ત્યાં જ બેઠા હતા.

રેલ આવે તેમ સહસ્રાર્જુનનું સૈન્ય વસિષ્ઠનો આશ્રમ બાળીને ભૃગુના આશ્રમ તરફ આગળ વધતું હતું. તેમનો અવાજ પાણીના ઘૂઘવાટ જેવો પાસે ને પાસે આવતો સંભળાતો. થોડીવારમાં કેટલાક સૈનિકો હોકારા કરતા આગળ આવ્યા ને ઝૂંપડીઓ ખોલી તેનો કબજો લેવા બેઠા.

સહસ્રાર્જુનનો બધો દ્વેષ આ આશ્રમ પર કેન્દ્રિત થયો હતો. ભાર્ગવ પર વેર લેવું—મૃગાનું, રુરુકનું, હજારો મરેલા યોદ્ધાનું—એ એનો મુખ્ય હેતુ હતો. પણ એના મનમાં ઉચાટ પેઠો હતો. ભાર્ગવને સામે મોઢે મળી એને મારવા તે તૈયાર હતો, પણ તે દેખાય નહીં ને તેની વાટ જોવી પડે એ કઢંગી સ્થિતિથી તે કચવાયો.

આશ્રમમાં દાખલ થતા સૈનિકોના હૈયામાં સ્વાસ્થ્ય નહોતું. ડફુનાથ અઘોરીનો શિષ્ય, ને મહાદન્તી સિદ્ધેશ્વરીનો ઉત્તારાધિકારી ક્યાંથી ય નીકળી પડે તેનો એમને ઘણો ડર હતો. ભૃગુના આશ્રમમાં કોઈ દેખાયું નહોતું. થોડી ગાયો હતી, બે એક આવી રહેલા ઘોડા હતા.

ભાગર્વનું નામ ને નિશાન નહોતું.

ગર્વભર હસતો સહસ્રાર્જુન યોદ્ધાઓ સહિત દાખલ થયો. 'અહીંયાં જ પડાવ નાંખવો છે.' તેણે આજ્ઞા કરી.

આ એકધારી નિર્જનતા તેને ગમી નહીં. એ તો ધાંધલ ને તોફાનનો કીડો હતો. મનુષ્યો ને જાનવરો સામે લડી શકતો. ઉજ્જડ વેરાન સામે કેમ ક્રોધ કાઢવો તે એને સમજાતું નહીં.

એ આશ્રમમાં ગયો. વચ્ચે ચોગાનમાં જમદગ્નિ બેઠા હતા. સાથે રેણુકા હતાં. સહસ્રાર્જુને વાર્ધક્યમાં શોભતું યુગલ ઓળખી કાઢ્યું. તેના મનમાં પ્રશ્ન ઊઠ્યોઃ 'આ ડોસો પણ વસિષ્ઠની માફક મરી જશે?' હજી મુનિવરનું ફિક્કું મુખ તેની આંખ આગળ દેખાયા કરતું.

'કોણ ભૃગુશ્રેષ્ઠ? મહર્ષિ જમદગ્નિ?' સહસ્રાર્જુને ઠેકડી કરતાં કહ્યું, 'હું સહસ્રાર્જુન,—કૃતવીર્યનો પુત્ર. આપને પ્રણામ કરું છું.'

'જો તું શાપ પામેલા કૃતવીર્યનો પુત્ર હોય,' જમદગ્નિએ સખ્તાઈથી હૈહયરાજ સામે જોતાં કહ્યું; 'તો આ આશ્રમ તેં ભ્રષ્ટ કર્યો. મહા અથર્વણ ઋચિકનો શાપ હજી તારા કુળ પરથી ઊતર્યો નથી.'

'તેમાં તો હું અહીંયાં આવ્યો છું.' ખડખડ હસીને મજાકમાં સહસ્રાર્જુને કહ્યુંઃ 'તમારા પિતાએ મારા દાદાને શાપ આપ્યો હતો. તેનો ઉતાર માંગવા હું તમારી પાસે આવ્યો છું.'

'તું ખોટો આવ્યો.' જમદગ્નિએ કહ્યું. 'ભૃગુઓનો શાપ તો સહસ્રજિહ્વા સર્પ થઈને ડંખશે.'

'હમણાં તો હું બધાનો કાળ છું. ક્યાં ગયા તમારા શિષ્યો? ધેનુઓ? ને પેલો તમારો પુત્ર?' સહસ્રાર્જુને ઠેકડી કરી.

'તારો વખત આવશે ત્યારે મળશે.' મહર્ષિએ જવાબ આપ્યો.

'ભૃગુશ્રેષ્ઠ!' સહસ્રાર્જુન ગંભીર થઈ ગયો. 'એવી વાત છોડી દો. મેં પુરુઓના રાજા ત્રૈય્યારુણને રણમાં રોળ્યો, ને આસિન્દિવત બાળી મૂક્યું. વસિષ્ઠના આશ્રમની રાખ કરી. હમણાં

હવે ભરતગ્રામ કબજે લઉં છું. જોતજોતામાં અડધું આર્યાવર્ત સર કરીશ. તમે પેઢીધરના મારા ગુરુ છો. તમે મારા પુરોહિત થાઓ. હું તમારા શિષ્યોને કે ધેનુઓને કાંઈ નહીં કરું. જોઇએ તો વધારે ધેનુઓ આપીશ.'

'તું તો પ્રચંડ અભિમાનનો ધણી છે. તારે વળી પુરોહિત શા માટે જોઈએ?' જમદગ્નિ જરા હસ્યા.

'તમે પુરોહિત થાઓ તો મારા હૈહયોને ચેન પડે ને મારી પ્રતિષ્ઠા વધે.' સહસ્રાર્જુને કહ્યું.

'ને હું તારો પુરોહિત થઈશ એવી તું આશા રાખે છે?'

'એમાં આશાની વાત નથી. તમારે શાપ પાછો ખેંચી લેવો પડશે.'

'મારી વિદ્યા ને મારું તપ અત્યાચારીઓ માટે નથી.' જમદગ્નિએ નિશ્ચળતાથી કહ્યું.

સહસ્રાર્જુન ને એના નાયકો જરાક ક્ષુબ્ધ થયા. આ ભૃગુકુલના ગુરુઓનો ધાક એમના હૃદયમાં ઊંડો હતો.

સહસ્રાર્જુન જ્યારે ક્ષુબ્ધ થતો ત્યારે ક્રૂરતાનો ઉભરાટ એના સ્વભાવમાં થઈ આવતો.

'ભૃગુશ્રેષ્ઠ, તમે મારી માગણી નથી સ્વીકારતા? મારા ગુરુ નહીં થાઓ?' તેણે ડોળા કાઢીને ધમકીભર્યા અવાજે પૂછ્યું.

'જેનો ઉદ્ધાર નથી તેનો ગુરુ કોણ થાય?'

'મારી આજ્ઞા નહીં માનો, એમ?'

'કોઈ માનવીએ મને આજ્ઞા કરવાની ધૃષ્ટતા નથી કરી. પિતા ને ગુરુ સિવાય બીજાની આજ્ઞા મેં માની નથી.'

'જાણો છો? શું થશે તે? હું તમારો જીવ લઈશ.'

'બસ.' મહર્ષિએ તરત જવાબ દીધો.' એ તો વાઘ, વરુ ને સાપો પણ લઈ શકે છે.'

'હું તમારો આશ્રમ જલાવી દઈશ. તમારા શિષ્યોનો વધ કરીશ, તમારી ગાયો લૂંટી લઈશ.'

'એ ન કરે તો તું નરપિશાચ કેમ કહેવાય?'

'ઓ હો,' ઉગ્ર થઈ સહસ્રાર્જુને કહ્યું, 'તમારે પણ વસિષ્ઠની માફક મારા હાથમાંથી છટકી જવું છે?'

'મુનિવર કેમ છટકી ગયા તે હું જાણતો નથી, પણ હું તો તારા હાથમાં કદી હતો જ નહીં. તું મારા પિતાના શાપમાં ગૂંગળાઈ રહ્યો છે.'

'એમ! એમ!' સહસ્રાર્જુને બરાડો માર્યો. 'તાલજંઘ! એને પકડીને પેલા ઝાડ સાથે બાંધ. બોલો! શાપ પાછો ખેંચી લઈ, મારું પુરોહિતપદ સ્વીકારો છો કે નહીં?'

'ભય પ્રેરીને કે લોભથી લલચાવીને તું મારો આશીર્વાદ માગે છે? પતિત! એમ જમદગ્નિનો આશીર્વાદ મળે એમ નથી.'

જમદગ્નિ ઊભા થયા ને સહસ્રાર્જુને બતાવેલા ઝાડ પાસે ઊભા રહ્યા.

'બોલ, મને કેમ બાંધવો છે?'

સહસ્રાર્જુન આ શાંત પ્રતિરોધથી વધારે ને વધારે ક્રોધાવિષ્ટ થતો ગયો.

'બાંધ એને.' તેણે હુકમ કર્યો.

તાલજંઘે મહર્ષિ જમદગ્નિને ઝાડ સાથે બાંધ્યા.

'બોલ! શાપ ઉતારે છે કે નહીં?'

જમદગ્નિ મૂંગે મોઢે શાંતિથી ઊભા રહ્યા. એમનું ભવ્ય મુખ, એમની સફેદ દાઢી, એમની સ્થિર આંખોમાં કિંચિતમાત્ર પણ ફેર ન પડ્યો.

સહસ્રાર્જુને ભાથામાંથી એક તીર કાઢ્યું.

'કેમ?' તેણે બરાડો માર્યો.

જમદગ્નિની આંખ પણ ફરકી નહીં.

સહસ્રાર્જુને તાકીને એક તીર હાથવતી માર્યું, તે જમદગ્નિના ખભામાં ભોંકાઈ ગયું. મૂકવેદનાના ગૌરવમાં જમદગ્નિ સ્વસ્થ રહ્યા.

'કેમ ? નથી વિચાર ?' સહસ્રાર્જુને પૂછ્યું, 'ઠીક તાલજંઘ, તું એની ચોકી કર. ડોસી, તું તારા પતિની સેવા કરજે.' કહી તે નફટાઈથી હસ્યો ને ઘોડે બેસી ભરતગ્રામ કબજે કરવા ચાલી નીકળ્યો.

અમ્બાએ સાશ્રુનયને ઘામાંથી નીકળતું લોહી સાફ કર્યું, અને મહર્ષિને પાણી પાયું. આ પરિચર્યા જમદગ્નિએ મંદ ને હેતાળ સ્મિતથી સત્કારી.

રાતે ખાલી ભરતગ્રામની રહી સહી સમૃદ્ધિ લૂંટી સહસ્રાર્જુન પાછો આવ્યો. હૈહય સેનાએ ભૃગુ ને વિશ્વામિત્રના આશ્રમો અને ભરતગ્રામનો કબજો લઈ લીધો હતો. આખી રાત મહર્ષિ જમદગ્નિ ઝાડ સાથે બંધાયલા રહ્યા. રેણુકા તેમનાં ચરણ આગળ બેસી રહ્યાં. ઘામાંથી હજી લોહી ઝરતું હતું.

'મહર્ષિ, બહુ વેદના થાય છે ?'

'ના. રેણુકા.'

'રામ ક્યારે આવશે ?' રેણુકાએ કહ્યું.

'આવશે, આનું મોત તો હું આવી રહ્યું જોઉં છું.'

સવારે સહસ્રાર્જુન મહર્ષિ પાસે પાછો આવ્યો.

'કેમ ? શાપ ઉતારવો છે કે નહીં ?' તેણે મજાકમાં પૂછ્યું.

મહર્ષિએ જવાબ દીધો નહીં.

સહસ્રાર્જુને ફરી એક તીર લીધું ને હાથવતી તાકીને માર્યું. મહર્ષિના બીજા ખભામાં તે ભોંકાઈ ગયું. વિપલવાર એમણે આંખ મીંચી દીધી. એક શબ્દ એમના મોંમાંથી નીકળ્યો નહીં. ઘામાંથી રુધિરનું વહેણ નીકળ્યું ને શ્વેત પુણીશી દાઢી પર લોહીનાં છાંટણાં છંટાયાં.

'મહર્ષિવર, આ વેદના ક્યાં સુધી ?' અમ્બાએ પાણી પાતાં પાતાં ગદગદ કંઠે પૂછ્યું.

'આ વેદના નથી. આ તો પશુ ને આર્ય વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. એમાં તો આર્યત્વનો વિજય જ છે.'

'આપનું શું થશે?'

'એનું ધાર્યું એ કદી નહીં કરાવી શકે. એ તો આખરે હાથ ઘસતો જ મરવાનો.'

સહસ્રાર્જુન ચાલી ગયો. આખો દહાડો અને રાત મહર્ષિએ મૂંગે મોઢે વેદના સહી. અમ્બાએ સજળ નયને બીજા દહાડાની વાટ જોઈ, 'રામ! રામ! તું ક્યારે આવશે?' તેને રોમે રોમે અવાજ થતો, 'મહર્ષિ આમ ધીમે ધીમે ક્યાં સુધી રહેંસાયા કરશે?'

સવારે પાછો સહસ્રાર્જુન મહર્ષિ પાસે આવ્યો.

'કેમ મહર્ષિ, શો વિચાર?'

મહર્ષિએ ઉત્તર નહીં વાળ્યો.

'એમ?'

સહસ્રાર્જુને ત્રણ તીર લીધાં ને માર્યાં. મહાષના શરીર પર ત્રણ નવાં વહેણ વહેવા લાગ્યાં. વિપલવારની વેદના અદૃષ્ટ થઈ, ને એમના ફિક્કા મુખ પર ગૌરવ છવાયું. એમની આંખો દેવની મૂક આરાધના કરતાં, તેજસ્વી ને દયામણી થઈ.

મહર્ષિએ જરાય ચીસ ન પાડી, ને ન નમતું આપ્યું. તેથી ચીડાઈ સહસ્રાર્જુને ચોથું તીર ફેંકી દીધું.

'તાલજંઘ! તીરો કાઢી નાંખ ને એમને ખાવાનું આપ. રખે એ વહેલા સટકી જાય.'

અમ્બાનાં આંસુ ખાળ્યાં ખળાય એમ નહોતાં. મહર્ષિને એક એક ઘા થતો ને એના હૈયામાં હજાર આઘાત થતા. એના અંતરમાંથી એક જ પ્રાર્થના શ્વાસે શ્વાસે નીકળતી.. 'મારા રામ! તું ક્યારે આવશે?' એની આંખ ક્ષિતિજ શોધી વળતી. એના કાન ઘોડાના પરિચિત પગરવની વાટ જોતા. 'ક્યારે આવશે, ક્યારે?' રામની વાટ જોવી પણ અસહ્ય થઈ પડી.

બપોરે સહસ્રાર્જુન સૈન્ય લઈ રાજા કૃશાશ્વને યુદ્ધ આપવા ત્રુત્સુગ્રામ તરફ ચાલી નીકળ્યો.

મધરાતે તાલજંઘ મહર્ષિ પાસે આવ્યો. ' મહર્ષિ, ગુરુદેવ! ચક્રવર્તી આપને માર્યા વગર નહીં રહે. '

જમદગ્નિએ સૂજેલી આંખો ઉઘાડી,

' હું જાણું છું,' તેમણે કહ્યું.

' આપની આજ્ઞા હોય તો હું આપને દુઃખથી મુક્ત કરું. '

' કેવી રીતે ? ' અમ્બાએ પૂછ્યું.

' હું છોડી તો શકું એમ નથી. તમે અહીંયાંથી નાસી જઈ શકો એમ નથી. આપની આજ્ઞા હોય તો એક તીરે આપના પ્રાણ લઉં, ને આ વેદનાનો અંત આણું. '

' વત્સ ! જમદગ્નિ વેદનાથી ડરતો નથી. મારે તો જોવું છે કે સહસ્રાર્જુનમાં કેટલી પાશવતા ભરી છે. ' અને મહર્ષિએ આંખો મીંચી દીધી, અને અશક્તિથી એમનું માથું એક તરફ લચેલા ખભા પર પડ્યું.

' રેણુકા ! ' થોડીવારે જમદગ્નિએ ફરી આંખો ઉઘાડી.

' નાથ ! '

' જો રામ મળે તો એક જ સંદેશો કહેજે '

' શો ? '

' આ ક્ષણે ક્ષણે હું અનુભવું છું તે આર્યત્વ એ પશુબળથી, મૃત્યુથી યે વીર્યવાન છે. એને પરાજય નથી. એનો વિજય સ્વયંસિદ્ધ છે. '—ને મહર્ષિને મૂર્છા આવી.

આઠ દહાડે પાછા વળતાં હૈહયદળના હોકારા ને પગરવથી ધરણી ધ્રૂજી ઊઠી. એણે તુત્સુઓ પર વિજય મેળવ્યો હતો.

કૃશાશ્વને હરાવી ને હણી, તુત્સુગ્રામની સમૃદ્ધિ લૂંટી લઈ હજારો કેદીઓ લઈ સહસ્રાર્જુન પાછો આવ્યો. બીજે દહાડે હસતો, ગર્વમાં મૂછ મરડતો સહસ્રાર્જુન મહર્ષિ પાસે આવ્યો.

' મહર્ષિ ! " તેણે તોછડાઈથી કહ્યું. " આર્યાવર્તનો ચક્રવર્તી ધૂળ ચાટતો થઈ ગયો. તૃત્સુગ્રામ બાળી મૂક્યું. મેં આર્યાવર્તનો વિનાશ

કર્યો. હું બે હજાર પુરુષો ને પાંચ હજાર સ્ત્રીઓને પકડી લાવ્યો છું. તુત્સુઓની ધેનુઓ લઈ આવ્યો છું. કેમ હવે વિચાર છે? શાપ ઉતારવો છે? મારું પુરોહિત પદ લેવું છે?'

જરા પ્રયત્ને મહર્ષિએ આવતી મૂર્છા વશ કરી ને સ્થિરતાથી સહસ્રાર્જુન સામે જોયાં કર્યું. એમાં નિશ્ચલતા હતી. એ દૃષ્ટિ સ્પષ્ટ રીતે સહસ્રાર્જુનને કહેતી હતી કે શક્તિની સરસાઈમાં તો તે હારી ગયો હતો.

તેની બડાશ મારવાની વૃત્તિ જતી રહી. તેનો હાથ ખડગ ખેંચવા ગયો, પણ તેણે પાછો લઈ લીધો. તેણે ચાર તીર ભાથામાંથી ખેંચ્યાં.

'કેમ.?' તેણે પૂછ્યું.

ઉત્તર મળ્યો નહીં. હોઠ પર હોઠ પીસી તેણે ચારે તીર ફેંક્યાં. ચારે મહર્ષિના શરીરમાં ભોંકાઈ ગયાં. ચારે વખત જમદગ્નિએ આંખ મીંચી. અમ્બાએ ડૂસકું ખાધું. મહર્ષિએ એક તિરસ્કારભરી દૃષ્ટિ હૈહયરાજ પર નાંખી, ને તે બેભાન થઈ ગયા.

'તાલજંઘ! એ જીવતો રહે તે જોજે, મને આ બહુ ગમે છે.' પણ સહસ્રાર્જુનના કચવાટનો પાર નહોતો. આર્યાવર્તને એણે રાખમાં રોળ્યું હતું, પણ જમદગ્નિએ નમતું આપ્યું નહોતું.

૫

સિંધુ નદીને તીરે ભાર્ગવનો પડાવ હતો. ચક્રવર્તી માંધાતાનો પુત્ર હરિત પોતાના ચુનંદા યોદ્ધાઓ સાથે હાજર હતો. અઢાર વર્ષનો ચક્રવર્તી ભરત, ભરત, યદુ, તુર્વસુ, અનુ, અને દ્રુહ્યુ યોદ્ધાઓ સાથે ત્યાં આવી પહોંચ્યો હતો. ભદ્રશ્રેણ્ય ને વિમદ ઋષિ ભાર્ગવ

યોદ્ધાઓ સાથે આવી પહોંચ્યા હતા. ભાર્ગવોનાં થાણામાંથી આવેલા યોદ્ધાઓ ઉજ્જયંતની સરદારી નીચે લડવાને તત્પર ઊભા હતા, પાળાઓ, રથો, ઘોડાઓ ઉભરાતા હતા. પરશુ, ખડગ, ગદા ને ધનુષ્યનાં વનનાં વન ત્યાં વિસ્તરતાં હતાં. ચારે તરફથી નાસી આવેલાં ને નાસી આવતાં વૃદ્ધો અને સ્ત્રીઓને સિન્ધુની પાર લઈ જવામાં આવતાં હતાં. એમની વ્યવસ્થા કૂર્મો કર્યે જતો હતો.

એક ટેકરા પર ભાર્ગવ ઊભા હતા. પાસે ભગવતી ને પ્રતીપ હતાં. આસપાસ બીજા મહારથીઓ તૈયાર ઊભા હતા.

ચારે તરફ ધાંટાધાંટ ને દોડાદોડ થતી હતી. ભાર્ગવ એકલા પ્રશાંત ઉગ્રતામાં મૂંગા હતા. એમનાં ભવાં વિકરાળ આંખ પર જરા નમ્યાં હતાં. એમની દૃષ્ટિ વિદ્યુતની માફક એકથી બીજી તરફ ચમકતી. એમનું મૌન વાણીથી વધારે ભયંકર હતું. એમની આસપાસ અસહ્ય તેજનું વર્તુલ થયું હતું. જેમણે એમને રાત ને દિવસ ઓળખ્યા હતા તેમને એ ન જોવાય ને ન સહેવાય એવા થઈ પડયા હતા. એમણે ચાર ચક્રવર્તીનું પુરોહિતપદ છોડયું હતું ત્યારથી ચક્રવર્તીઓના પણ એ પૂજ્ય બન્યા હતા. મુનિશ્રેષ્ઠ વસિષ્ઠ જેવા પણ એમને અનુકૂલ થવામાં આનંદ માનતા. મહર્ષિ શુનઃશેપ તો એમને દેવ માનતા. આશ્રમો ને ધોરી માર્ગોમાં નિર્ભય બનેલા સ્ત્રીપુરુષો એમનું નામ દેતાં વંદન કરતાં.

જેમ એમની શક્તિ વધતી ને એમના તરફ પૂજ્યભાવ વધતો તેમ નિઃસીમ પ્રભાવની સરિતાના દુર્ગમ મૂળની માફક તે દૂરસ્થ, ગગનચુંબી, અભેદ્ય વતાવરણથી સંવૃત્ત બન્યા હતા. નિર્મળ હાસ્યે ઉલ્લાસ પ્રેરતા, પ્રખર નયનતેજે આંજતા, ભયંકર ભ્રૂભંગે હૈયા કંપાવતા, એ, ન ઉલ્લંઘાય એવા અંતરે રહી, બધાની ભક્તિ આકર્ષતા. અણજાણ પળોમાં એમના હૈયાની પ્રસાદી ઝીલી, ભગવતી લોમહર્ષિણી

શક્તિનાં સ્રોત સરખાં બન્યાં હતાં અને બધાંને એમની મહત્તાની પ્રેરણા પાતાં.

પછી ભગવાન જામદગ્ન્ય બોલ્યા. અને એમનો અવાજ ગહ્વરોમાં ગર્જનાના પડઘા પડે તેવા પડઘા પાડી રહ્યો.

'હરિત ! તું સિન્ધુ તીરે તીરે આગળ વધ. ભરત ને સેનાપતિ ગૃધ્ર, તમે પર્વતની પડખે પડખે, શતદ્રૂ સુધી ધીમે ધીમે આગળ વધો. જ્યાં આગળ વધો ત્યાં થાણાંઓને અભેદ્ય કરો. ઋષિઓ, સ્ત્રીઓ, વૃદ્ધો ને બાલકોને સુરક્ષિત કરો. આજથી પચીશમે દિવસે ભૃગુ–આશ્રમે ભેગા મળજો. હું ત્યાં આવીશ, જેણે આર્યાવર્ત ભસ્મીભૂત કર્યું તેનો એક અવશેષ પણ પાછો ન જાય.

'ઉજ્જયંત, તું તારા યોદ્ધાઓને લઈ થાણાંઓનો કબજો કર. ધીમે જજે, પણ જ્યાં જાય ત્યાં શક્તિ અભેદ્ય કરજે.

'તમે બધા જાઓ તો ચારે તરફ ખબર કરજો કે ભાર્ગવ આવે છે.'

ભાર્ગવની આંખની આજ્ઞા માથે ચડાવી હરિત, ભરત, શિબિ, ગૃધ્ર ને ઉજ્જયંત ગુરુદેવને પગે લાગી ત્યાંથી વિદાય થયા.

'પ્રતીપ !' ભાર્ગવે કહ્યું, 'પરશુધર ભાર્ગવોનાં સાઠ શતકો છે. ત્રણ દહાડામાં બધાં સજ્જ બની જાય. ચોથે દહાડે બ્રાહ્મ મુહૂર્તે આપણે નીકળશું.'

વાતાવરણમાં જેટલો ઉત્સાહ હતો તેટલી જ ઉગ્રતા હતી.

ચોથે દહાડે સવારે ભાર્ગવે પ્રસ્થાન કર્યું. બીજાં સૈન્યની માફક એમના સૈન્યમાં રથ નહોતા, ટટ્ટુ નહોતા, પાળા નહોતા ! છ હજાર સુંદર ઘોડાઓ, છ હજાર કસાયલા ભાર્ગવ યોદ્ધાઓ, છ હજાર પ્રચંડ પરશુઓ, છ હજાર મહા ચાપો—આ બધા એક પ્રચંડ આત્માની

પ્રેરણા ને ભક્તિથી અભેદ્ય બની જાણે પર્વતપરથી ગાજવીજ સાથે તોફાન ઊતરી આવે તેમ આર્યાવર્ત પર ઊતરી આવ્યા.

'ભાર્ગવ આવે છે!' નાસી જતાં સ્ત્રી–બાળકોના હૃદયમાં આશ્વાસન આવ્યું.

'ભાર્ગવ આવે છે!' પર્વત ને ગુફાઓમાં સંતાયલા ઋષિઓએ એક-બીજાને મંગળવચન કહેવા માંડ્યાં.

'ભાર્ગવ! આવે છે!' થાણાંએ થાણાંએ કહેતી ઊડવા લાગી.

'ભાર્ગવ આવે છે!' 'ત્રસ્ત' 'મરેલાં' 'ઘવાયલાં,' અત્યાચારના ભોગ બનેલાઓએ આશાથી કહેવા માંડ્યું.

'ભાર્ગવ આવે છે!' તુત્સુગ્રામમાં પડાવ પાડી રહેલા હૈહય સેનાપતિએ સાંભળ્યું. 'ભાર્ગવ આવે છે' ઊડતે ઘોડે હૈહય સૈનિક સહસ્રાર્જુનને સન્દેશો કહેવા ગયો. 'ભાર્ગવ આવે છે!' હૈહય યોદ્ધાઓને મુખે મુખે વાણી નીકળી ને તેમના હૈયામાં ધાક પેઠો.

'ભાર્ગવ આવે છે!' સહસ્રાર્જુને બરાડો માર્યો. 'સેના સજ્જ કરો!'

'ભાર્ગવ આવે છે! સિન્ધુ નદી તરફથી આવતા સમાચાર મળ્યા 'ભાર્ગવ આવે છે!' પર્વતો તરફથી આવતી ખબર મળી. 'ભાર્ગવ આવે છે!' ઉત્તરમાં તપાસ કરતાં મોકલી આપેલી ટુકડીના નાયકે સહસ્રાર્જુનને ખબર મોકલી.

'ભાર્ગવ આવે છે!' તાલજંઘે રેણુકાને કહ્યું ને તેના હૈયામાં હર્ષનાં પૂર આવ્યાં.

'રામ આવે છે!' તેણે મહર્ષિને કહ્યું.

'હું જાણતો હતો.' મહર્ષિએ મન્દ અવાજે શ્રદ્ધા પ્રગટ કરી.

ભાર્ગવ આવે છે પણ ક્યાંથી ને કેટલા સૈન્ય સાથે તેનો કોઈ જવાબ દઈ શકતું નહીં. ચારે તરફથી ભાર્ગવ આવે છે, એજ શબ્દો સંભળાતા. ઝાડોમાંથી, નદીમાંથી, મરુતોને મુખે ભાર્ગવ આવે છે એજ શબ્દો સંભળાવા લાગ્યા.

સહસ્રાર્જુને સેના સજ્જ કરી; બધી દિશામાં તપાસ કરાવી. ક્યાંથી ભાર્ગવ આવે છે તે એને સમજાયું નહીં. હવા જાણે ભાર્ગવને લઈ આવતી હોય એવો ભાસ સામાન્ય સૈનિકોને થવા લાગ્યો. સાંભળેલી દંતકથાઓએ તેમનો કબજો લીધો. આ મહાપ્રતાપી ગુરુઓના ઉત્તરાધિકારી શાપિત હૈહય જાતિના કાલ, ડફુનાથ અઘોરીના સમોવડિયા ને મહાદન્તી સિદ્ધેશ્વરીની શક્તિના સ્વામી, અકલ્પ્ય પ્રભાવમૂર્તિ એમના તરફ ધસી આવતા હતા. હૈહયો નર્મદાતીરથી સરસ્વતી તટ સુધી જયઘોષણા કરતા એમને શોધવા આવ્યા હતા. હવે એ આવતા હતા; એમના નામના પડઘા પડતા હતા.

ટુકડીઓ તપાસ કરીને આવી. ત્રણે દિશામાંથી ભાર્ગવ આવતા હતા એમ સંભળાયું. સહસ્રાર્જુને ભૃગુ આશ્રમ આગળ જ બધું સૈન્ય એકઠું કરીને એના વેરીને યુદ્ધ આપવાનું નક્કી કર્યું. મહર્ષિ જમદગ્નિ હજી ઝાડે બંધાયેલા હતા. હજી ધૂન થાય ત્યારે સહસ્રાર્જુન જઈ એમને તીર મારી આવતો. અમ્બામાં હવે આંસુ સારવાની શક્તિ નહોતી. એ ઝાડ પાસે બેસી પતિના ઘા પરથી માંખીઓ ઉડાડતાં. પાસે તાલજંઘ હાથમાં ખડગ લઈ ચોકી કરતો.

'ભાર્ગવ આવે છે!' એ સર્વવ્યાપી ધ્વનિનો પ્રતિશબ્દ સહસ્રાર્જુનના હૈયામાં પડતો. જાગતાં તે ભય કબૂલ કરતો નહીં. તેને રાત્રે ભયંકર સ્વપ્નાં આવતાં.

એક સવારે એ મહર્ષિ પાસે ગયો.

'કેમ મહર્ષિ! હજી શાપ ઉતારવો છે કે નહીં?' હવે એ અવાજમાં ઠેકડીનો ધ્વનિ નહોતો.

મહર્ષિએ વેદના કાબૂમાં લાવવા હોઠ પર હોઠ બીડયા. તેમણે મહામહેનતે આંખ ઉઘાડી, ને સ્થિર નજરે વિપલવાર સહસ્રાર્જુન સામે જોયું. એમણે ઉત્તર ન આપ્યો.

હૈહયરાજે ચાર તીર કાઢયાં ને જમદગ્નિને માર્યાં. ચાર રુધિરના વહેણ વહ્યાં. મહર્ષિને મોઢે ફીણ આવ્યાં ને વેદનાનો એક નિશ્વાસ નીકળ્યો.

'તમારો છોકરો આવે છે!' સહસ્રાર્જુને મજાકમાં કહ્યું. 'હવે બાપ ને દીકરા બન્નેને અહીંયા સાથે બાંધીશ.'

મહર્ષિની આંખમાં તેજ આવ્યું. તેમણે ઉપકારવશ બની નયનોથી દેવોને અર્ધ્ય આપ્યો, ને તેમને મૂર્છા આવી.

હરિતનું સૈન્ય સરસ્વતીને તીરે પહેલું આવી પહોંચ્યું. ને સહસ્રાર્જુન તેના પર તૂટી પડયો. તૃત્સુગ્રામથી હૈહય સેનાપતિ પણ લશ્કર લઈને આવ્યો. બન્ને વચ્ચે હરિત ભીડાઈ પડયો. હજાર માણસોનો સંહાર થયો. સરસ્વતી લોહીની વહેવા માંડી. હૈહયસેના વિજયી થઈ.

હરિતે પ્રાણ ખોયો પણ સહસ્રાર્જુન પૂરેપૂરી વ્યવસ્થા કરે તે પહેલાં ભરતોનું સૈન્ય આવી લાગ્યું. સહસ્રાર્જુનનું સૈન્ય થાકેલું હતું છતાં વિજયના નશામાં ચકચૂર હતું. ઝનૂનથી તેણે ભરતો સાથે બાથ ભીડી.

હૈહયદળે પહેલાં માન્યું હતું કે હરિતના સૈન્યમાં ભાર્ગવ હશે. પછી તેણે ધાર્યું કે ભરતના સૈન્યમાં હશે. પણ બહુ ઝંખેલા પણ

જેને જોવાનો ધાક બધાને હૈયે વસ્યો હતો એવા ભાર્ગવ તેમાં પણ સાંપડયા નહીં. સૂર્યોદયથી યુદ્ધ શરૂ થયું. ક્યાં સુધી એમાંથી એકે સૈન્યે મચક આપી નહીં. પણ હૈહય સૈન્ય સંખ્યામાં મોટું હતું. વિજયનાં ઉત્સાહમાં તે આગળ ધપતું આવ્યું હતું. જીત પર એમનું જીવન ટક્યું હતું એટલે એમની ઝનૂન કમી થઈ નહોતી.

ચક્રવર્તી ભરત તો ભાર્ગવ પાસે યુદ્ધવિદ્યા શીખ્યા હતા. ધીમેથી, દૃઢતાથી, સચોટતાથી એ જંગ ખેલી રહ્યા.

ભાર્ગવની સચોટ ને સ્વસ્થ યુદ્ધકૌશલ્યની શિક્ષા લીધેલાની આ કસોટી હતી.

૬

મધ્યાન્હ સુધી એમાંથી એકે સૈન્યે મચક નહીં આપી. મધ્યાહ્ન સૂર્યનો ઝળહળંત પ્રકાશ હતો. છતાં એક ટેકરા પરથી રસ્તો આવતો હતો ત્યાં જાણે વીજળી ચમકી. એક નહીં અનેક ભરતસૈન્યે ઘોષણા કરી: 'ગુરુદેવની જય!' દરેક મુખે ભગવાન જામદગ્નેયનું નામ હતું.

જાણે કોઈ એનું મુખ પાછળથી ખેંચતું હોય તેમ સહસ્રાર્જુને ટેકરી તરફ જોયું.

ટેકરી પર ઘોડાઓ થનગનતા. અણુગણુ પરશુનાં વનો ઊભાં હતાં. બધાની વચ્ચે, બધાથી આગળ એક કાળો ઘોડો હતો, જાણે અગ્નિજ્વાળાઓનો શ્વાસનિશ્વાસ લેતો. તેના પર એ જ શરીર—એ જ મુખ,—એજ કાળી જટા ને દાઢી, પણ જરા વધારે ભરાવદાર,—એ જ પરશુ પણ જરા વધારે મોટી—એ જ આંખો, એને કોરતી, દઝાડતી!

વન ઝંઝાવાતથી વીંઝાઈ જાય, તેમ આ સૈન્યે હૈહયદળને વીંઝી નાખ્યું. અપ્રતિહતવીર્ય તેમના દારુણ અથડાટથી હૈહયસમૂહ થરથર્યો, વળ્યો, તૂટ્યો ને ભાગ્યો. કુહાડાઓના ઘાથી શિરો છેદાયાં ને ધડો

ભોંયે પડ્યાં. ઘોડાઓએ માણસો છૂંદી નાંખ્યાં, રથો ઉથલાવી પાડ્યા, ભાર્ગવોના ઘોડા અડોઅડ, જાણે એકબીજા સાથે જોડાયા હોય તેમ ધૂંધવાતો રેલનો ઘોડો વધે તેમ—વેગભર્યો આગળ વધ્યા.

હજારો હૈહયો હણાયા. હજારો છૂંદાઈ ગયા. હજારો નદીમાં પડી ડૂબી ગયા. હજારો નાસી ગયા, પગે દોડીને, નદીને તરીને.

ભરતોને શૂર ચઢ્યું. તેમણે પણ તાંડવનૃત્ય ખેલ્યું. હૈહયોએ પણ બહાદુરીની અવધિ કરી. સહસ્રાર્જુને અતુલ પરાક્રમ કર્યું. એણે ગદાથી કેટલાય ઘોડાઓ હણ્યા, કેટલાય યોદ્ધાઓનાં માથાં ફોડ્યાં. જ્યાં જ્યાં એ દેખાતો ત્યાં ત્યાં મરેલા વેરીઓના ઢગ સીંચાતા.

સહસ્રાર્જુનનું થોડું સૈન્ય પાછું હઠતું ભૃગુના આશ્રમમાં પેસી ગયું. પાછળ ભાર્ગવો ને ભરતો પડ્યા. આ સંહાર તાંડવમાં સહસ્રાર્જુન ને ભાર્ગવ એકબીજાને શોધી રહ્યા હતા. આખરે બન્ને એકબીજાની સામે આવ્યા. ભાર્ગવે પરશુ ઉગામી. અર્જુને ગદા ઉગામી. બે પ્રચંડ શસ્ત્રો અથડાયાં. તણખા ઝર્યા. અર્જુનની ગદાનો હાથો ભાંગી ગયો ને તેણે તેને ફેંકી દીધી. ભાર્ગવની પરશુ ગદાના સંઘર્ષથી નેમ ચૂકી ગઈ ને અર્જુનના ઘોડાની ડોક કાપી નાંખી.

અર્જુન પડતા ઘોડા પરથી કૂદ્યો ને ત્રાડ પાડી. તેણે ખડગ કાઢ્યું, ને તે ભાર્ગવ પર ધસ્યો.

પચાશ પરશુઓ તેને મારવા તત્પર બની. ભાર્ગવે હાથ ઊંચો કર્યો, ને આજ્ઞા કરી. બધા પાછા હઠ્યા.

બધા યોદ્ધાઓ સ્તબ્ધ થઈ ગયા. ચક્રવર્તી સહસ્રાર્જુન અને ભગવાન જામદગ્નેયનો વિરોધ ભયંકર પરિણામ તરફ અસ્ખલિત વેગથી ધસતો હતો. તેમનાં શસ્ત્રો અદ્ધર રહી ગયાં.

ભાર્ગવ હતા ત્યાં ઊભા રહ્યા, અને ધસી આવતા અર્જુનના હાથમાંથી પરશુ વડે ખડગ ઉડાવી દીધું. અર્જુન આ શસ્ત્રોના અથડાટના જોરથી પાછળ હઠ્યો.

ભાર્ગવ સ્વસ્થ ને શાંત ઊભા રહ્યા. એમની આંખો વિફરેલા અર્જુનને પડકાર કરી રહી.

અર્જુનની આંખોમાંથી શોણિતની જાણે શેરો ફૂટતી. દ્વેષની અવધિ અનુભવતાં એનું મુખ ઝનૂની, વિકૃત, ભયંકર થઈ ગયું. હાથનાં આંગળા વંકોડી તે ધસતો ભાર્ગવ તરફ આવ્યો. ઊછળીને તે એમની ગળચી પર આવવા ગયો, અધવચ્ચે અટક્યો, ને પાછે પગે ખસ્યો.

એની લોહિયાળ આંખોએ ભગવાન જામદગ્નેયને વિરાટ થઈ ગયા જોયા. એમનું માથું ગગનને અડકતું. એમની પરશુ મધ્યાહ્ન સૂર્ય જેવી પ્રખર તપતી. એમની આંખોમાંથી અગ્નિની સરિતાઓ વહેતી.

ક્યાં એ સ્વરૂપ જોયું હતું? યાદ હતું. ક્યાં? મૃગા મરી ગઈ ત્યારે?

શું આ ગગનચુંબી પરશુથી એનો એ શિરચ્છેદ કરશે?

મંદ હસીને ભાર્ગવે પરશુ ફેંકી દીધી ને તે એક પગલું આગળ આવ્યા. પળવારનો ભય સહસ્રાર્જુને વશ કર્યો અને ઉછળીને ભાર્ગવ પર આવી પડ્યો. ભાર્ગવે પાછા હઠી, સંઘર્ષનું બળ ઝીલી લીધું, ને તેને પકડવા હાથ લંબાવ્યા. અર્જુન છટકી ગયો. પાછળ હઠ્યો, ને પાછો કૂદી આવ્યો. રામે તેને બાથ ભીડી.

બન્ને પ્રચંડ હતા. અર્જુન વધારે ભારે, ભાર્ગવ વધારે સ્વસ્થ. બન્ને એકબીજાના બાથમાં જકડાયા. અર્જુને પોતાનું હતું તેટલું બળ

એકઠું કરી ભાર્ગવને પાડવાનો પ્રયત્ન કર્યો. પણ જેમ મરુતો પર્વત-શૃંગ પર નિષ્ફળ તોફાનનાં ઝપાટા લગાવે તેમ અર્જુનના ઝપાટા નિષ્ફળ ગયા.

અર્જુન બધું બળ ભેગું કરી ભાર્ગવ પર તૂટી પડ્યો. ને તેના હાથ ભાર્ગવની ગળચી શોધી રહ્યા. ચપળતાથી ભાર્ગવ ખસી ગયા, ને તરત તેને વળગી પડી, ડોકથી, હાથથી, શરીરના ભારથી, પગના ચાપલ્યથી, અર્જુનના શરીર સાથે એક થઈ ગયા. સ્નાયુઓના કડાકા બોલ્યા, ને અર્જુન લાંબો છડ થઈને ભોંયે પડ્યો.

ભાર્ગવ એની છાતી પર ચઢી બેઠા ને તેના મોઢા પર મુક્કી માર્યે ગયા. અર્જુને મરતા પ્રાણીની માફક ત્રાડ પાડી, ભાર્ગવના પગના પાશમાંથી છટકવાને ફાંફાં માર્યાં. આખરે એના પ્રયત્નો શિથિલ થયા......મંદ પડયા.........ને અર્જુન બેભાન થઈ ગયો.

'વિમદ, એને બાંધી લે.'

ભાર્ગવ અર્જુનના શરીર પરથી ઊભા થઈ ગયા. ઊભા થતાં એમની દૃષ્ટિ પિતા પર પડી.

મહર્ષિ જમદગ્નિ, ઝાડે બંધાયલા, નજર ઠારી આ દ્વંદ્વ જોતા હતા. તેમના અંગેઅંગ પર દોરડાના બંધ હતા. અનેક ઘામાંથી લોહી નીકળતું હતું. અનેક ચાંદામાંથી રસી નીકળતી. ચાર તીરો એમના શરીરમાં ખૂંપાઈ રહ્યાં હતાં.

મહર્ષિ છેક નિર્ગત થઈ ગયા હતા. એમની ડોક ને માથાની નસો વેદનાથી તરી આવી હતી. એમની ઘણી મોટી થઈ ગયેલી આંખોમાં અપાર્થિવ ને ચંચળ તેજ હતાં.

પાસે અમ્મા ઊભી હતી.

મહર્ષિઓમાં શ્રેષ્ઠ એવા પૂજ્ય પિતાની આ દશા જોઈ ભાર્ગવના મોંમાંથી ભયંકર ગર્જના નીકળી ગઈ.

'પિતાજી! પિતાજી!' તે પિતા પાસે દોડ્યા.

તરત સ્તબ્ધ થયેલા યોદ્ધાઓ ભાનમાં આવ્યા ને ભાર્ગવો ને ભરતો હૈહયોને મારવા કે પકડવા દોડ્યા.

આ ધાંધલમાં ઋષિ વિમદ ને પ્રતીપે અર્જુનને બાંધવા માંડયો.

ભાગર્વ પિતા પાસે પહોંચી ગયા.

સહસ્રાર્જુન ભાનમાં આવ્યો હતો, પણ બેભાન હોવાનો ડોળ કરતો હતો. તેણે એક આંચકે ઋષિ વિમદ ને પ્રતીપને આઘા ઠેલ્યા, પાસે પડેલાં બે તીર હાથમાં લીધાં, ને એક હાથ ટેકવી તે અડધો બેઠો થયો.

એક હાથે બે તીરવડે બે જુદાં માણસોને મારવાનું કૌશલ્ય અર્જુનનું હતું. તેણે બન્ને તીરો એક હાથે ફેંક્યાં.

પાસે ઊભેલાં ભગવતી લોમહર્ષિણી, પ્રતીપ ને વિમદ ઋષિના મુખમાંથી ચીસો નીકળી. ઝાડ પાસે ઊભેલાં અમ્બાએ આંખે હાથ દઈ ગગનભેદી ચીસ પાડી.

અમ્બાની બીજી ચીસ સંભળાઈ. એક તીર મહર્ષિ જમદગ્નિની છાતીમાં ભોંકાઈ ગયું.

ભાર્ગવે સૂસવાતાં તીર જોયાં અને એમના મુખમાંથી ભયંકર શબ્દ નીકળ્યો—જે કદી કોઈએ સાંભળ્યો નહોતો—શિયાળવાના આક્રંદ જેવો.

કોઈને સમજ ન પડી કે આ શું થાય છે. એકદમ બધા અવાક્ થઈ ગયા. જેવું તીર ઊડતું આવ્યું એટલે ભગવાન જામદગ્નેયને

હવામાં, અદ્ધર વૃક્ષોની ટોચ ઉપર તેમણે ઊડતા જોયા. એમના પર તાકેલું તીર ભોંય પર પડયું.

ભાર્ગવના ચમત્કારની વાતો બધાએ સાંભળી હતી; પણ એ ચમત્કાર ભગવતી સિવાય કોઇએ જોયો નહોતો.


ભાર્ગવ ગગનમાં ઊંચે ઊડયા ને એમના મુખમાંથી ભયંકર અટ્ટહાસ્ય નીકળ્યું. બધાં હૈયાં ધબકતાં અટકી ગયાં.


વચલું અંતર માપી કૂદીને તે સહસ્રાર્જુન વિમદને પકડી રહ્યો હતો ત્યાં આવી પડયા. તે કયારે ભોંયને સ્પર્શ્યા ને કયારે ફરી કૂદ્યા તે કોઇએ જોયું નહીં. એમના હાથ લૂલા કરી તે વડે એમણે અર્જુનના મુખ પર ઝાપટા માર્યા.


અર્જુનની આંખો ભયમાં ફાટી ગઈ. ભાર્ગવના નખ અર્જુનની ગળચીમાં ભોંકાઈ ગયા.

રુધિરના ફૂવારા ફૂટયા.

અર્જુનનું માથું ધડથી જુદું ચીરાઈ ગયું ને દૂર ફેંકાઈ ગયું.


ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા
ગાંધીરસ્તા : અમદાવાદ.


ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા
ગાંધીરસ્તા: અમદાવાદ.



ગુજરાતી સાહિત્ય પરિષદ્

નાં પ્રકાશનો

૧ ઐતિહાસિક સંશોધન ૫-૦

લેખક : શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી

૨ પરિષદ-પ્રમુખોનાં ભાષણો ૪-૦

ગુજરાતી સાહિત્ય પરિષદ્સંમેલનના પ્રથમથી તેરમા અધિવેશન સુધીના પ્રમુખોનાં ભાષણો

૩ અહેવાલ અને નિબંધસંગ્રહ ૩-૦

ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન

તેરમું અધિવેશન - કરાંચી

૪ અહેવાલ અને નિબંધસંગ્રહ ૪-૦

શ્રીહૈમ સારસ્વત સત્ર

ગુજરાતી સાહિત્ય પરિષદનું ખાસ સંમેલન

૫ પિરામિડની છાયામાં ૨-૦

(મિસરનું પ્રાચીન સાહિત્ય)

લેખક : શ્રી ચંદ્રશંકર શુક્લ

૬ મારી બિનજવાબદાર કહાણી ૨-૮

(યુરોપના પ્રવાસનાં સંસ્મરણો)

લેખક : કનૈયાલાલ મુનશી

૭ ગુજરાત : એક સંસ્કારિક વ્યક્તિ ને આદિવચનો ૨-૮

૮ આદિવચનો અને બીજાં વ્યાખ્યાનો ૩-૮

શ્રી કનૈયાલાલ મુનશી

શ્રી મુનશીની અન્ય કૃતિઓ

નવલકથાઓ

જય સોમનાથ	૪-૮-૦
વેરની વસુલાત	છપાય છે
પાટણની પ્રભુતા	૪-૦-૦
ગુજરાતનો નાથ	૫-૦-૦
રાજાધિરાજ	૭-૦-૦
ભગવાન કૌટિલ્ય	૪-૦-૦
પૃથિવીવલ્લભ	૨-૮-૦
કોનો વાંક?	૨-૮-૦
સ્વપ્નદ્રષ્ટા	૪-૦-૦
લોમહર્ષિણી	૪-૦-૦
ભગવાન પરશુરામ	૫-૮-૦

નાટકો

પૌરાણિક નાટકો	૨-૮-૦
સામાજિક નાટકો	છપાય છે
ધ્રુવસ્વામિની દેવી	૧-૮-૦
કાકાની શશી	૧-૪-૦
બ્રહ્મચર્યાશ્રમ	૧-૪-૦
લોપામુદ્રા ૧ થી ૪	૪-૮-૦